
Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

શ્રી વીતરાગાય નમઃ

# પ્રવચન સુધા

(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનસાર ઉપરના પ્રવચનો)

(ભાગ-૧)

(ગાથા ૧ થી ૨૦)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રાપ્તિ સ્થાન

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

**શ્રી પંકજભાઈ પ્રાણભાઈ કામદાર**
૩૨, કહાનનગર
૨૭૧/૨૯૧ એન. સી. કેલકર રોડ
દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૨૮
ફોન : (૦૨૨) ૨૪૩૦૭૪૮૯

**શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર,**
**ગુરુ ગૌરવ, સોનગઢ**
**ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧**
**ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭**
**અમી અગ્રવાલ (અમદાવાદ) : (૦૭૯) R-૨૫૪૫૦૪૯૨, ૯૩૭૭૧૪૮૯૬૩**
**શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ**
'વિમલાંચલ' હરિનગર, અલીગઢ.
ફોન : (૦૫૭૧) ૪૧૦૦૧૦/૧૧/૧૨

પ્રથમાવૃત્તિ : પ્રત–૧૦૦૦, ૦૬-૧૧-૨૦૦૨, (સોનગઢ માનસ્તંભજી અભિષેક પ્રસંગે)
દ્વિતીયાવૃત્તિ : પ્રત–૩૦૦, (ફાગણ વદ ૧૦, પૂજ્ય બહેનશ્રીની ૭૨મી સમ્યક્ જયંતી પ્રસંગે)
તૃતીય આવૃત્તિ : પ્રત–૪૦૦, (તા. ૧-૬-૦૬, શ્રુતપંચમી)
પૃષ્ઠ સંખ્યા : ૮ + ૧૯૬ = ૨૦૪
પડતર કિંમત : ૫૫/-
મૂલ્ય : ૨૦/-

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઇમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૯૨૪/B
૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૬૧૭૪૯

મુદ્રક :
**ભગવતી ઑફસેટ**
૧૫/C, બંસીધર મિલ કંપાઉન્ડ
બારડોલપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૪
ફોન : ૯૮૨૫૩૨૬૨૦૨

# Thanks & Our Request

This shastra has been donated in by Vitraag Sat Sahitya Prasarak Trust, Bhavnagar who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Pravachan Sudha – Part 1 (Gujarati) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 02 Sept 2011 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રસ્તાવના

## (તૃતીયાવૃત્તિ)

શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ પ્રણીત પંચ પરમાગમોમાં 'પ્રવચનસાર' શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ' નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે. ભગવાન કુંદકુંદઆચાર્યના મહિમા દર્શાવતાં અનેક શીલાલેખો આજે પણ મોજૂદ છે. તેમનાં લખેલાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે.

મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમ દેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની પ્રત્યક્ષ દિવ્ય દેશના સાંભળી ભરતમાં આવીને ભગવાન કુંદકુંદઆચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી છે. જિનશાસનના અનેક મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ 'પ્રવચનસાર' શાસ્ત્રમાં રહેલાં છે. પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ શાસ્ત્રના પ્રવચનોમાં ફરમાવે છે – 'પ્ર + વચન + સાર. પ્ર નામ દિવ્યવચનો. જે દિવ્યધ્વનિ - ત્રણલોકના નાથ પરમાત્માની દિવ્યધ્વનિ - જે ૐ ધ્વનિ - તે અહીંયા કહે છે.' અતઃ આ 'પ્રવચનસાર' ગ્રંથ છે એ ભગવાન શ્રી સીમંધરસ્વામીના દિવ્ય સંદેશા જ છે. ત્રણ વિભાગમાં વિભાજીત થયેલ આ ગ્રંથમાં વસ્તુ સ્વરૂપને સમજાવતાં મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન થયેલ છે. જે મુમુક્ષુજીવને મહા મિથ્યાત્વ રૂપી અંધકારને નષ્ટ કરવા માટે દિવ્ય પ્રકાશ સમાન જ છે.

મહા મિથ્યાત્વથી પ્રભાવિત આ દુષમકાળમાં આવા સર્વોત્કૃષ્ટ પરમાગમોનાં સિદ્ધાંતો સમજવાનું અજ્ઞાનીજીવોનું ક્યાં સામર્થ્ય હતું ? પરંતુ ભરતક્ષેત્રના અહોભાગ્યે તથા ભવ્યજીવોને તારવા, આ મિથ્યાત્વના ઘોર તિમિરને નષ્ટ કરવા એક દિવ્ય પ્રકાશ થયો ! એ છે કહાન ગુરુદેવ !! પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનાં એક અજોડ રત્ન છે ! જેમણે સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા ગૂઢ પરમાગમોના રહસ્યોને ઉકેલ્યા. જેમનાં ઘરમાં આગમો ઉપલબ્ધ હતાં તેમને પણ આગમો ઉકેલવાની શક્તિ નહોતી, એવા આ દુષમકાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રભાવના યોગે ઘરે-ઘરે મૂળભૂત પરમાગમોનાં સ્વાધ્યાયની પ્રણાલિકા શરૂ થઈ. દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત ઇત્યાદિ અનેકાનેક વસ્તુસ્વરૂપને સ્પષ્ટ કરતાં સિદ્ધાંતોનો પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશ કર્યો.

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં વચનાનુસાર 'પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનો એક અચંબો જ છે. પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. પંચમકાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.' ઇત્યાદિ અનેકાનેક બહુમાનસૂચક વાક્યો પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ પ્રતિભાને વ્યક્ત કરે છે.

એવાં ભવોદધિતારણહાર, નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક મૂળ પરમાગમો ઉપર પ્રવચનો આપી દિવ્ય અમૃતધારા વરસાવી છે. તે અનેક શાસ્ત્રોમાંના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એક 'પ્રવચનસાર' જેવાં ગૂઢ પરમાગમ ઉપરનાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો પ્રકાશિત કરવાનુ મહાન સૌભાગ્ય 'વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ' ને સંપ્રાપ્ત થયું છે. 'પ્રવચનસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં કુલ ૨૭૪ પ્રવચનો થયાં છે. મૂળ પરમાગમ ત્રણ અધિકારમાં વિભાજીત છે. તેની અંદર બીજાં અધિકારોના વિભાગ કરવામાં આવેલ છે. જે 'પ્રવચનસાર' શાસ્ત્રની અનુક્રમણિકામાં આપવામાં આવેલ છે. તદ્અનુસાર ૨૭૪ પ્રવચનોને આવરી લેવા અર્થે કુલ ૧૧ ભાગમાં આ પ્રવચનોને પ્રકાશિત કરવામાં આવશે. પ્રથમ ભાગના આ પ્રવચનોમાં કુલ ૧૬ પ્રવચનો છે. જેમાં એકથી વીસ ગાથાઓનો સમાવેશ થાય છે. ગાથા ૧૩ થી ૨૦ 'શુદ્ધોપયોગ અધિકાર'ના મથાળા નીચે લેવામાં આવેલ છે.

પ્રસ્તુત ગ્રંથના સ્વાધ્યાયમાં સરળતા રહે તે અર્થે મૂળ સૂત્રકાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ, સૂત્ર ટીકાકાર આચાર્ય ભગવાન શ્રીમદ્ ભગવત્ અમૃતચંદ્રઆચાર્યદેવની 'તત્ત્વદીપિકા' ટીકા તથા શ્રીમદ્ ભગવત્ જયસેનઆચાર્યદેવની 'તાત્પર્યવૃતિ' ટીકા સંસ્કૃતમાં આપવામાં આવેલ છે. તદ્ઉપરાંત ગુજરાતી હરિગીત તથા ટીકા પણ આપવામાં આવેલ છે.

સમાદરણીય, સિદ્ધાંતનિષ્ઠ, જિનવાણી રહસ્યજ્ઞ પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના માર્ગદર્શન નીચે આ પહેલાં 'પ્રવચન નવનીત' (ભાગ ૧ થી ૪) પ્રકાશિત કરવામાં આવ્યા છે. તે જ પ્રમાણે આ પ્રવચનોનાં સંકલનમાં પણ પૂર્ણ ચીવટ રાખી પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી અક્ષરશઃ જળવાઈ રહે તથા ભાવોનો પ્રવાહ પણ યથાવત જળવાઈ રહે તેનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીના બધા જ પ્રવચનો પ્રકાશિત થાય તેવી તેઓશ્રીની ભાવના હતી. તદર્થ બધા જ પ્રવચનો કમ્પ્યુટરમાં પુસ્તકાકારરૂપે આવી જાય તેવી પણ તેઓશ્રીની શોધ ચાલતી હતી. આ વાત તેઓશ્રીની પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની ભક્તિભાવનાને પ્રદર્શિત કરે છે. માટે આ ભાવનાને અનુસરીને આ કાર્ય કરવામાં આવી રહ્યું છે. અતઃ આ પ્રસંગે તેમના ઉપકારને સ્મરણમાં લઈ તેઓશ્રીના ચરણોમાં વંદન કરીએ છીએ.

'વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ'ની નીતિ અનુસાર આ પ્રવચનોને સી.ડી.માંથી સાંભળતા-સાંભળતા સંપાદન કરવામાં આવે છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે કૌંસ પણ ભરવામાં આવેલ છે. **જ્યાં-જ્યાં વ્યક્તિગ સંબોધન કરવામાં આવેલ છે અથવા વ્યક્તિગત વાત કરવામાં આવી છે તે લેવામાં નથી આવી**. પૂર્ણરૂપે પ્રવચનો તૈયાર થયાં બાદ ફરી એકવાર અન્ય મુમુક્ષુ દ્વારા તેને કેસેટ સાથે મેળવી લેવામાં આવે છે. જેથી કોઈપણ પ્રકારની ભૂલ રહી જવા ન પામે.

પ્રસ્તુત ગ્રંથની તૃતીયાવૃત્તિ પ્રકાશન કરવા અર્થે આવેલ દાનરાશિનું સાભાર વિવરણ અન્યત્ર આપવામાં આવેલ છે. આ ગ્રંથના કુલ તેર પ્રવચનો શ્રી હેમંતભાઈ ગાંધી, સોનગઢ તરફથી સંપાદન કરેલાં તૈયાર મળેલ છે. તદ્અર્થ તેમનો આભાર માનવામાં આવે છે. તથા આ પ્રવચનોના

પ્રકાશનાર્થે અન્ય જે જે મુમુક્ષુઓનો સહકાર મળેલ છે તેમનો પણ અત્ર આભાર માનવામાં આવે છે. ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઇમ્પ્રેશન્સ' નો તથા સુંદર મુદ્રણ કાર્ય કરી આપવા બદલ મે. 'ભગવતી ઑફસેટ' નો આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનોનાં પ્રકાશનમાં પ્રમાદવશ અથવા અજાગૃતિવશ કાંઈ ક્ષતિ રહી જવા પામી હોય તો સર્વ જિનેન્દ્રભગવાનની, આચાર્યભગવંતોની, જિનવાણી માતાની તથા સર્વ સત્પુરુષોની શુદ્ધ અંતઃકરણ પૂર્વક ક્ષમા યાચીએ છીએ.

અંતતઃ આ પ્રવચનોની દિવ્ય દેશનાને અંતરંગમાં ગ્રહણ કરી સર્વ જીવો આત્મહિતને શીઘ્ર પ્રાપ્ત થાય, એવી ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

**વૈશાખ સુદ-૨, તા. ૨૯-૦૪-૨૦૦૬**
**(પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૭મી જન્મજયંતી)**

**ટ્રસ્ટીગણ**
**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
**ભાવનગર**

**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનોનો મુમુક્ષુસમાજ અધિક લાભ લે તે હેતુથી એક મુમુક્ષુ પરિવાર, મુંબઈ તરફથી વિશેષ આર્થિક સહયોગ પ્રાપ્ત થવાથી આ પુસ્તકની કીંમત ઓછી રાખવામાં આવેલ છે.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# હું જ્ઞાનમાત્ર છું.

સુખધામ અનંત સુસંત ચહી,
દિનરાત્ર રહે તદ્ધ્યાન મહી;
પ્રશાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વરતે જય તે.

❁ ❁

પાવન મધુર અદ્ભુત અહો ! ગુરુવદનથી અમૃત ઝર્યાં,
શ્રવણો મળ્યાં સદ્ભાગ્યથી નિત્યે અહો ! ચિદ્રસ ભર્યાં.
ગુરુદેવ તારણહારથી આત્માર્થી ભવસાગર તર્યાં,
ગુણમૂર્તિના ગુણગણતણાં સ્મરણો હૃદયમાં રમી રહ્યાં.

❁ ❁

હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી, પરમાણુમાત્ર નથી અરે.

❁ ❁

**સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



श्री सर्वज्ञवीतरागाय नमः

# શાસ્ત્ર સ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः। ।१।।
कामदं मोक्षदं चैव ॐकाराय नमोनमः।
अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलकलङ्का। ।२।।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान्।
अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।३।।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रुगुरुवे नमः।

## ।। श्रीपरमगुरुवे नमः, परम्पराचार्यगुरवे नमः।।

सकलकलुषविध्वंसकं, श्रेयसां परिवर्धकं, धर्मसम्बन्धकं, भव्यजीवमनःप्रतिबोधकारकं, पुण्यप्रकाशकं, पापप्रणाशकमिदं शास्त्रं श्री समयसारनामधेयं, अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवास्तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः प्रतिगणधरदेवास्तेषां वचनानुसारमासाद्य आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं, श्रोतारः सावधानतया श्रृणवन्तु।।

मंगलं भगवान वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।१।।
सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारकं
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम्।।२।।


Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેના અંતરમાં ભેદજ્ઞાનરૂપી કળા જાગી છે, ચૈતન્યના આનંદનું વેદન થયું છે એવા જ્ઞાની ધર્માત્મા સહજ વૈરાગી છે. તે જ્ઞાની વિષયકષાયનોમાં મગ્ન હોય એવું વિપરીતપણું સંભવતું નથી. જેને વિષયોમાં સુખબુદ્ધિ છે તે જીવ જ્ઞાની જ નથી. અંતરના ચૈતન્યસુખ સિવાય બધાં વિષયસુખ પ્રત્યે જ્ઞાનીને ઉદાસીનતા હોય છે. હજી અંતરમાં આત્માનું ભાન ન હોય, તત્ત્વનો કાંઈ વિવેક ન હોય, વૈરાગ્ય ન હોય અને ધ્યાનમાં બેસીને પોતાને જ્ઞાની માને છે તે તો સ્વછંદ સેવે છે, જ્ઞાન-વૈરાગ્યશક્તિ વિના તે પાપી જ છે. આત્મા અને અનાત્માનું ભેદજ્ઞાન જ તેને નથી. જો સ્વ-પરનું ભેદજ્ઞાન હોય તો પરદ્રવ્ય પ્રત્યે વૈરાગ્ય થયા વિના રહે નહિ.

– પૂજ્ય ગુરુદેવશ્રી (પરમાગમસાર–૯૦૫).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

ॐ

**नमः श्रीसिद्धेभ्यः।**

**नमोऽनेकान्ताय।**

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

શ્રી

# પ્રવચનસાર

૧

**જ્ઞાનતત્ત્વ–પ્રજ્ઞાપન**

## श्रीमदमृतचन्द्रसूरिकृततत्त्वप्रदीपिकावृत्तिः।

(अनुष्टुभ्)

**सर्वव्याप्येकचिद्रूपस्वरूपाय परात्मने।**
**स्वोपलब्धिप्रसिद्धाय ज्ञानानन्दात्मने नमः।।१।।**

## श्रीजयसेनाचार्यकृततात्पर्यवृत्तिः।

**नमः परमचैतन्यस्वात्मोत्थसुखसम्पदे।**
**परमागमसाराय सिद्धाय परमेष्ठिने।।**

મૂળ ગાથાઓનો અને તત્ત્વપ્રદીપિકા નામની ટીકાનો

## ગુજરાતી અનુવાદ

(પ્રથમ, ગ્રંથના આદિમાં શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવવિરચિત પ્રાકૃતગાથાબદ્ધ આ 'પ્રવચનસાર' નામના શાસ્ત્રની 'તત્ત્વપ્રદીપિકા' નામની સંસ્કૃત ટીકા રચનાર શ્રીઅમૃતચંદ્રાચાર્યદેવ શ્લોકદ્વારા મંગળાચરણ કરતાં જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્માને નમસ્કાર કરે છે :)

(અર્થ :-) સર્વવ્યાપી (અર્થાત્ સર્વને દેખનાર-જાણનાર) એક ચૈતન્યરૂપ (માત્ર ચૈતન્ય જ) જેનું સ્વરૂપ છે અને જે સ્વાનુભવપ્રસિદ્ધ છે (અર્થાત્ શુદ્ધ આત્માના અનુભવથી પ્રકૃષ્ટપણે સિદ્ધ છે) તે જ્ઞાનાનંદાત્મક (જ્ઞાન ને આનંદસ્વરૂપ) ઉત્કૃષ્ટ આત્માને નમસ્કાર.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

**हेलोल्लुप्तमहामोहतमस्तोमं जयत्यदः**
**प्रकाशयज्जगत्तत्त्वमनेकान्तमयं महः।।२।।**

(आर्या)

**परमानन्दसुधारसपिपासितानां हिताय भव्यानाम्।**
**क्रियते प्रकटिततत्त्वा प्रवचनसारस्य वृत्तिरियम्।।३।।**

---

अथ प्रवचनसारव्याख्यायां मध्यमरुचिशिष्यप्रतिबोधनार्थायां मुख्यगौणरूपेणान्तस्तत्त्वबहिस्तत्त्वप्ररूपणसमर्थायां च प्रथमत एकोत्तरशतगाथाभिर्ज्ञानाधिकारः, तदनन्तरं त्रयोदशाधिकशतगाथाभिर्दर्शनाधिकारः, ततश्च सप्तनवतिगाथाभिश्चारित्राधिकारश्चेति समुदायेनैकादशाधिकत्रिशतप्रमितसूत्रैः सम्यग्ज्ञानदर्शनचारित्ररूपेण महाधिकारत्रयं भवति। अथवा टीकाभिप्रायेण तु सम्यग्ज्ञानज्ञेयचारित्राधिकारचूलिकारूपेणाधिकारत्रयम्। तत्राधिकारत्रये प्रथमतस्तावज्ज्ञानाभिधानमहाधिकारमध्ये द्वासप्ततिगाथापर्यन्तं शुद्धोपयोगाधिकारः कथ्यते। तासु द्वासप्ततिगाथासु मध्ये 'एस सुरासुर-' इमां गाथामादिं कृत्वा पाठक्रमेण चतुर्दशगाथापर्यन्तं पीठिका, तदनन्तरं सप्तगाथापर्यन्तं सामान्येन सर्वज्ञसिद्धिः, तदनन्तरं त्रयस्त्रिंशद्गाथापर्यन्तं ज्ञानप्रपञ्चः, ततश्चाष्टादशगाथापर्यन्तं सुखप्रपञ्चश्चेत्यन्तराधिकारचतुष्टयेन शुद्धोपयोगाधिकारो भवति। अथ पञ्चविंशतिगाथापर्यन्तं ज्ञानकण्डिकाचतुष्टयप्रतिपादकनामा द्वितीयोऽधिकारश्चेत्यधिकारद्वयेन, तदनन्तरं स्वतन्त्रगाथाचतुष्टयेन चकोत्तरशतगाथाभिः प्रथममहाधिकारे समुदायपातनिका ज्ञातव्या।

इदानीं प्रथमपातनिकाभिप्रायेण प्रथमतः पीठिकाव्याख्यानं क्रियते, तत्र पञ्चस्थलानि भवन्ति; तेष्वादौ नमस्कारमुख्यत्वेन गाथापञ्चकं, तदनन्तरं चारित्रसूचनमुख्यत्वेन 'संपज्जइ णिव्वाणं' इति प्रभृति गाथात्रयमथ शुभाशुभशुद्धोपयोगत्रयसूचनमुख्यत्वेन 'जीवो परिणमदि' इत्यादिगाथासूत्रद्वयमथ तत्फलकथनमुख्यतया 'धम्मेण परिणदप्पा' इति प्रभृति सूत्रद्वयम्। अथ शुद्धोपयोगध्यातुः पुरुषस्य प्रोत्साहनाथ शुद्धोपयोगफलदर्शनार्थं च प्रथमगाथा, शुद्धोपयोगिपुरुषलक्षणकथनेन द्वितीया चेति 'अइसयमादसमुत्थं' इत्यादि गाथाद्वयम्। एवं पीठिकाभिधानप्रथमान्तराधिकारे स्थलपञ्चकेन चतुर्दशगाथाभिस्समुदायपातनिका। तद्यथा -

---

(હવે અનેકાન્તમય જ્ઞાનની મંગળ અર્થે શ્લોકદ્વારા સ્તુતિ કરે છે :)

(અર્થ :-) મહા મોહરૂપી અંધકારના સમૂહને જે લીલામાત્રમાં નષ્ટ કરે છે અને જગતના સ્વરૂપને પ્રકાશે છે એવું અનેકાન્તમય તેજ સદા જયવંત વર્તે છે.

(હવે શ્લોકદ્વારા શ્રીઅમૃતચંદ્રાચાર્યદેવ અનેકાન્તમય જિનપ્રવચનના સારભૂત આ 'પ્રવચનસાર' શાસ્ત્રની ટીકા કરવાની પ્રતિજ્ઞા કરે છે :)

(અર્થ :-) પરમાનંદરૂપી સુધારસના પિપાસુ ભવ્ય જીવોના હિતને માટે, તત્ત્વને (વસ્તુસ્વરૂપને) જે પ્રગટ કરે છે એવી પ્રવચનસારની આ ટીકા કરવામાં આવે છે.

(આ રીતે મંગળાચરણ અને ટીકા કરવાની પ્રતિજ્ઞા કરીને, ભગવાન કુંદકુંદાચાર્યદેવવિરચિત પ્રવચનસારની પહેલી પાંચ ગાથાઓના પ્રારંભમાં શ્રીઅમૃતચંદ્રાચાર્યદેવ તે ગાથાઓની ઉત્થાનિકા કરે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ खलु कश्चिदासन्नसंसारपारावारपारः समुन्मीलितसातिशयविवेकज्योतिरस्तमितसमस्तैकान्तवादाविद्याभिनिवेशः पारमेश्वरीमनेकान्तवादविद्यामुपगम्य मुक्तसमस्तपक्षपरिग्रहतयात्यन्तमध्यस्थो भूत्वा सकलपुरुषार्थसारतया नितान्तमात्मनो हिततमां भगवत्पञ्चपरमेष्ठिप्रसादोपजन्यां परमार्थसत्यां मोक्षलक्ष्मीमक्षयामुपादेयत्वेन निश्चिन्वन् प्रवर्तमानतीर्थनायकपुरःसरान् भगवतः पञ्चपरमेष्ठिनः प्रणमनवन्दनोपजनितनमस्करणेन सम्भाव्य सर्वारम्भेण मोक्षमार्गं संप्रतिपद्यमानः प्रतिजानीते -

---

अत कश्चिदासन्नभव्यः शिवकुमारनामा स्वसंवित्तिसमुत्पन्नपरमानन्दैकलक्षणसुखामृतविपरीतचतुर्गतिसंसारदुःखभयभीतः, समुत्पन्नपरमभेदविज्ञानप्रकाशातिशयः, समस्तदुर्नयैकान्तनिराकृतदुराग्रहः, परित्यक्तसमस्तशत्रुमित्रादिपक्षपातेनात्यन्तमध्यस्थो भूत्वा धर्मार्थकाभेभ्यः सारभूतामत्यन्तात्महितामविनश्वरां पंचपरमेष्ठिप्रसादोत्पन्नां मुक्तिश्रियमुपादेयत्वेन स्वीकुर्वाणः, श्रीवर्धमानस्वामितीर्थंकरपरमदेवप्रमुखान् भगवतः पंचपरमेष्ठिनो द्रव्यभावनमस्काराभ्यां प्रणम्य परमचारित्रमाश्रयामीति प्रतिज्ञां करोति -

---

છે :

હવે, સંસારસમુદ્રનો કિનારો જેમને નિકટ છે એવા કોઈ (આસન્નભવ્ય મહાત્મા શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ), સાતિશય (ઉત્તમ) વિવેકજ્યોતિ જેમને પ્રગટ થઈ છે (અર્થાત્ પરમ ભેદવિજ્ઞાનનો પ્રકાશ જેમને ઉત્પન્ન થયો છે) અને સમસ્ત એકાન્તવાદરૂપ અવિદ્યાનો અભિનિવેશ જેમને અસ્ત થયો છે એવા, પારમેશ્વરી (પરમેશ્વર જિનભગવાનની) અનેકાન્તવાદવિદ્યાને પામીને, સમસ્ત પક્ષનો પરિગ્રહ (શત્રુમિત્રાદિનો સમસ્ત પક્ષપાત) છોડ્યો હોવાથી અત્યંત મધ્યસ્થ થઈને, સર્વ પુરુષાર્થમાં સારભૂત હોવાથી જે આત્માને અત્યંત હિતતમ છે એવી, ભગવન્ત પંચપરમેષ્ઠીના પ્રસાદથી ઊપજવાયોગ્ય, પરમાર્થસત્ય (પારમાર્થિક રીતે સાચી), અક્ષય (અવિનાશી) મોક્ષલક્ષ્મીને ઉપાદેયપણે નક્કી કરતા થકા, પ્રવર્તમાન તીર્થના નાયક શ્રીમહાવીરસ્વામીપૂર્વક ભગવંત પંચપરમેષ્ઠીને પ્રણમન અને વંદનથી થતા નમસ્કાર વડે સંભાવીને (સન્માનીને) સર્વ આરંભથી (ઉદ્યમથી) મોક્ષમાર્ગનો આશ્રય કરતા થકા, પ્રતિજ્ઞા કરે છે :-

હવે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવવિરચિત) ગાથાસૂત્રોનું અવતરણ કરવામાં આવે છે :-

(હરિગીત)

સુર-અસુર-નરપતિવંદ્યને, પ્રવિનષ્ટઘાતિકર્મને,
પ્રણમન કરું હું ધર્મકર્તા તીર્થ શ્રીમહાવીરને; ૧
વળી શેષ તીર્થંકર અને સૌ સિદ્ધ શુદ્ધાસ્તિત્વને,
મુનિ જ્ઞાન-દ્રગ-ચારિત્ર-તપ-વીર્યાચરણસંયુક્તને. ૨
તે સર્વને સાથે તથા પ્રત્યેકને પ્રત્યેકને,
વંદું વળી હું મનુષ્યક્ષેત્રે વર્તતા અર્હંતને. ૩
અર્હંતને, શ્રીસિદ્ધનેય નમસ્કરણ કરી એ રીતે,
ગણધર અને અધ્યાપકોને, સર્વસાધુસમૂહને; ૪
તસુ શુદ્ધદર્શનજ્ઞાનમુખ્ય પવિત્ર આશ્રમ પામીને,
પ્રાપ્તિ કરું હું સામ્યની, જેનાથી શિવપ્રાપ્તિ બને. ૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

अथ सूत्रावतार :-

**एस सुरासुरमणुसिंदवंदिदं धोदघाइकम्ममलं।**
**पणमामि वड्ढमाणं तित्थं धम्मस्स कत्तारं।।१।।**
**सेसे पुण तित्थयरे ससव्वसिद्धे विसुद्धसब्भावे।**
**समणे य णाणदंसणचरित्ततववीरियायारे।।२।।**
**ते ते सव्वे समगं समगं पत्तेगमेव पत्तेगं।**
**वंदामि य वट्टंते अरहंते माणुसे खेत्ते ।।३।।**
**किच्चा अरहंताणं सिद्धाणं तह णमो गणहराणं।**
**अज्झावयवग्गाणं साहूणं चेवि सव्वेसिं।।४।।**

---

**पणमामी**त्यादिपदखण्डनारूपेण व्याख्यानं क्रियते-**पणमामि** प्रणमामि। स कः। कर्ता **एस** एषोऽहं ग्रन्थकरणोद्यतमनाः स्वसंवेदनप्रत्यक्षः। क। वड्ढमाणं अवसमन्ताद्वद्धं वृद्धं मानं प्रमाणं ज्ञानं यस्य स भवति वर्धमानः, `अवाप्योरलोपः' इति लक्षणेन भवत्यकारलोपोऽवशब्दस्यात्र, तं रत्नत्रयात्मकप्रवर्तमानधर्मतीर्थोपदेशक श्रीवर्धमानतीर्थंकरपरमदेवम्। क्व प्रणमामि। प्रथमत एव। किंविशिष्टं। **सुरासुरमणुसिंदवंदिदं** त्रिभुवनाराध्यानन्तज्ञानादिगुणाधारपदाधिष्ठितत्वात्तत्पदाभिलाषिभिस्त्रिभुवनाधीशैः सम्यगाराध्यपादारविन्दत्वाच्च सुरासुरमनुष्येन्द्रवन्दितम्। पुनरपि किंविशिष्टं। **धोदघाइकम्ममलं** परमसमाधि-

---

**અન્વયાર્થ :-** **[एषः]** આ હું **[सुरासुरमनुष्येन्द्रवन्दितं]** સુરેન્દ્રો, અસુરેન્દ્રો અને નરેન્દ્રોથી જે વંદિત છે અને **[धौतघातिकर्ममलं]** ઘાતિકર્મમળ જેમણે ધોઈ નાખેલ છે એવા **[तीर्थं]** તીર્થરૂપ અને **[धर्मस्य कर्तारं]** ધર્મના કર્તા **[वर्धमानं]** શ્રીવર્ધમાનસ્વામીને **[प्रणमामि]** પ્રણમું છું.

**[पुनः]** વળી **[विशुद्धसद्भावान्]** વિશુદ્ધ સત્તાવાળા **[शेषान् तीर्थकरान्]**શેષ તીર્થંકરોને **[ससर्वसिद्धान्]** સર્વ સિદ્ધભગવંતો સાથે, [च] અને **[ज्ञानदर्शनचारित्रतपोवीर्याचारान्]** જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર તથા વીર્યાચારવાળા **[श्रमणान्]** શ્રમણોને પ્રણમું છું.

**[तान् तान् सर्वान्]** તે તે સર્વને **[च]** તથા **[मानुषे क्षेत्रे वर्तमानान्]** મનુષ્યક્ષેત્રમાં વર્તતા **[अर्हतः]** અર્હન્તોને **[समकं समकं]** સાથે સાથે - સમુદાયરૂપે અને **[प्रत्येकं एव प्रत्येकं]** પ્રત્યેક પ્રત્યેકને - વ્યક્તિગત **[वन्दे]** વંદું છું.

**[अर्हद्भयः]** એ રીતે અર્હન્તોને અને **[सिद्धेभ्यः]** સિદ્ધોને, **[तथा गणधरेभ्यः]** આચાર્યોને, **[अध्यापकवर्गेभ्यः]** ઉપાધ્યાયવર્ગને **[च एव]** અને **[सर्वेभ्यः साधुभ्यः]** સર્વ સાધુઓને **[नमः कृत्वा]** નમસ્કાર કરીને, [तेषां] તેમના **[विशुद्धदर्शनज्ञानप्रधानाश्रमं]** વિશુદ્ધદર્શનજ્ઞાનપ્રધાન આશ્રમને **[समासाद्य]** પામીને **[साम्यं उपसम्पद्ये]** હું સામ્યને પ્રાપ્ત કરું છું **[यत]** કે જેનાથી **[निर्वाणसम्प्राप्तिः]** નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

**ટીકા :-** આ સ્વસંવેદનપ્રત્યક્ષ દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ હું, જે સુરેન્દ્રો, અસુરેન્દ્રો અને નરેન્દ્રોથી વંદિત હોવાથી ત્રિલોકના એક (અનન્ય, સર્વોત્કૃષ્ટ) ગુરુ છે, ઘાતિકર્મમળ ધોઈ નાખેલ હોવાથી જેમને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


**तेसिं विसुद्धदंसणणाणपहाणासमं समासेज्ज।**
**उवसंपयामि सम्मं जत्तो णिव्वाणसंपत्ती ।।५।। [पणगं]**

एष सुरासुरमनुष्येन्द्रवन्दितं धौतघातिकर्ममलम्।
प्रणमाणि वर्धमानं तीर्थं धर्मस्य कर्तारम् ।।१।।
शेषान् पुनस्तीर्थकरान् ससर्वसिद्धान् विशुद्धसद्भावान्।
श्रमणांश्च ज्ञानदर्शनचारित्रतपोवीर्याचारान् ।।२।।
तांस्तान् सर्वान् समकं समकं प्रत्येकमेव प्रत्येकम्।
वन्दे च वर्तमानानर्हतो मानुषे क्षेत्रे ।।३।।

---

समुत्पन्नरागादिमलरहितपारमार्थिकसुखामृतरूपनिर्मलनीरप्रक्षालितघातिकर्ममलत्वादन्येषां पापमलप्रक्षालनहेतुत्वाच्च धौतघातिकर्ममलम्। पुनश्च किंलक्षणम्। **तित्थं** दृष्टश्रुतानुभूतविषयसुखाभिलाषरूपनीरप्रवेशरहितेन परमसमाधिपोतेनोत्तीर्णसंसारसमुद्रत्वात् अन्येषां तरणोपायभूतत्वाच्च तीर्थम्। पुनश्च किंरूपम्। **धम्मस्स कत्तारं** निरुपरागात्मतत्त्वपरिणतिरूपनिश्चयधर्मस्योपादानकारणत्वात् अन्येषामुत्तमक्षमादिबहुविध-

---

જગત પર અનુગ્રહ કરવામાં સમર્થ એવી અનંતશક્તિરૂપ પરમેશ્વરતા છે, તીર્થપણાને લીધે જે યોગીઓને તારવાને સમર્થ છે, ધર્મના કર્તા હોવાથી જે શુદ્ધસ્વરૂપપરિણતિના કરનાર છે, તે પરમ ભટ્ટારક, મહાદેવાધિદેવ, પરમેશ્વર, પરમ પૂજ્ય, જેમનું નામગ્રહણ પણ સારું છે એવા શ્રીવર્ધમાનદેવને, પ્રવર્તમાન તીર્થના નાયકપણાને લીધે પ્રથમ જ, પ્રણમું છું.

ત્યારપછી જેઓ વિશુદ્ધસત્તાવાળા હોવાથી તાપથી ઉત્તીર્ણ થયેલા (છેલ્લો તાપ દેવાઈને અગ્નિમાંથી બહાર નીકળેલા) ઉત્તમ સુવર્ણ સમાન શુદ્ધ દર્શનજ્ઞાનસ્વભાવને પામ્યા છે એવા શેષ અતીત તીર્થંકરોને અને સર્વ સિદ્ધોને, તથા જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર સહિત હોવાથી જેમણે પરમ શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે એવા શ્રમણોને - કે જેઓ આચાર્યત્વ, ઉપાધ્યાયત્વ અને સાધુત્વરૂપ વિશેષોથી વિશિષ્ટ (– ભેદવાળા) છે તેમને – પ્રણમું છું.

ત્યારપછી આ જ પંચપરમેષ્ઠીને, તે તે વ્યક્તિમાં (પર્યાયમાં) વ્યાપનારા બધાયને, હાલમાં આ ક્ષેત્રે ઉત્પન્ન તીર્થંકરોનો અભાવ હોવાથી અને મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરોનો સદ્ભાવ હોવાથી મનુષ્યક્ષેત્રમાં પ્રવર્તતા તીર્થનાયકો સહિત વર્તમાનકાળગોચર કરીને, (-મહાવિદેહક્ષેત્રમાં વર્તતા શ્રીસીમંધરાદિ તીર્થંકરોની જેમ જાણે બધાય પંચપરમેષ્ઠી ભગવંતો વર્તમાનકાળમાં જ વર્તતા હોય એમ અત્યંત ભક્તિને લીધે ભાવીને-ચિંતવીને, તેમને) યુગપદ્ યુગપદ્ અર્થાત્ સમુદાયરૂપે અને પ્રત્યેક પ્રત્યેકને અર્થાત્ વ્યક્તિગતરૂપે સંભાવું છું. કઈ રીતે સંભાવું છું ? મોક્ષલક્ષ્મીના સ્વયંવર સમાન જે પરમ નિર્ગ્રંથતાની દીક્ષાનો ઉત્સવ (– આનંદમય પ્રસંગ) તેને ઉચિત મંગળાચરણભૂત જે કૃતિકર્મશાસ્ત્રોપદિષ્ટ વંદનોચ્ચાર (કૃતિકર્મશાસ્ત્રે ઉપદેશેલાં સ્તુતિવચન) તે વડે સંભાવું છું.

હવે એ રીતે અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય તથા સર્વ સાધુને, પ્રણામ અને વંદનોચ્ચાર વડે પ્રવર્તતા દ્વૈત દ્વારા, ભાવ્યભાવકપણાને લીધે ઉપજેલા અતિ ગાઢ ઇતરેતર મિલનના કારણે સમસ્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

कृत्वार्हद्भ्यः सिद्धेभ्यस्तथा नमो गणधरेभ्यः।
अध्यापकवर्गेभ्यः साधुभ्यश्चैव सर्वेभ्यः ।।४।।
तेषां विशुद्धदर्शनज्ञानप्रधानाश्रमं समासाद्य।
उपसम्पद्ये साम्यं यतो निर्वाणसम्प्राप्तिः ।।५।। [पंचकम्]

एष स्वसंवेदनप्रत्यक्षदर्शनज्ञानसामान्यात्माहं सुरासुरमनुष्येन्द्रवन्दितत्वात्त्रिलोकैकगुरुं, धौतघातिकर्ममलत्वाज्जगदनुग्रहसमर्थानन्तशक्तिपारमैश्वर्यं, योगिनां तीर्थत्वात्तारणसमर्थं, धर्मकर्तृत्वाच्छुद्धस्वरूपवृत्तिविधातारं, प्रवर्तमानतीर्थनायकत्वेन प्रथमत एव परमभट्टारकमहादेवाधिदेवपरमेश्वरपरमपूज्यसुगृहीतनामश्रीवर्धमानदेव प्रणमामि।।१।। तदनु विशुद्धसद्भावत्वादुपात्तपाकोत्तीर्णजात्यकार्तस्वरस्थानीयशुद्धदर्शनज्ञानस्वभावान् शेषानतीततीर्थनायकान्, सर्वान् सिद्धांश्च, ज्ञानदर्शनचारित्रतपोवीर्याचारयुक्तत्वात्संभावितपरमशुद्धोपयोग-

---

धर्मोपदेशकत्वाच्च धर्मस्य कर्तारम्। इति क्रियाकारकसम्बन्धः। एवमन्तिमतीर्थकरनमस्कारमुख्यत्वेन गाथा गता ।।१।। तदनन्तरं प्रणमामि। कान्। **सेसे पुण तित्थयरे ससव्वसिद्धे** शेषतीर्थकरान्, पुनः ससर्वसिद्धान् **वृषभादि**पार्श्वपर्यन्तान् शुद्धात्मोपलब्धिलक्षणसर्वसिद्धसहितानेतान् सर्वानपि। कथंभूतान्। **विसुद्धसब्भावे** निर्मलात्मोपलब्धिबलेन विश्लेषिताखिलावरणत्वात्केवलज्ञानदर्शनस्वभावत्वाच्च विशुद्धसद्भावान्। **समणे य** श्रमणशब्दवाच्यानाचार्योपाध्यायसाधूंश्च। किंलक्षणान्। **णाणदंसणचरित्ततववीरियायारे** सर्वविशुद्धद्रव्यगुणपर्यायात्मके चिद्वस्तुनि यासौ रागादिविकल्परहितनिश्चलचित्तवृत्तिस्तदन्तर्भूतेन व्यवहारपञ्चाचारसहकारिकारणोत्पन्नेन निश्चयपञ्चाचारेण परिणतत्वात् सम्यग्ज्ञानदर्शनचारित्रतपोवीर्याचारोपेतानिति। एवं शेषत्रयोविंशतितीर्थकरनमस्कारमुख्यत्वेन गाथा गता ।।२।। अथ **ते ते सव्वे** तांस्तान्पूर्वोक्तानेवपञ्चपरमेष्ठिनः सर्वान् **वंदामि य वन्दे,** अहं कर्ता। कथं। **समगं समगं** समुदायवन्दनापेक्षयायुगपद्यगपत्। पुनरपि कथं। **पत्तेगमेव पत्तेगं** प्रत्येकवन्दनापेक्षया प्रत्येकं प्रत्येकम्। न केवलमेतान् वन्दे। **अरहंते अहतः।** किंविशिष्टान्। **वट्टंते माणुसे खेत्ते** वर्तमानान्। क्व। मानुषे क्षेत्रे। तथा हि - साम्प्रतमत्र भरतक्षेत्रे तीर्थकराभावात् पञ्चमहाविदेहस्थितश्रीसीमन्धरस्वामितीर्थकरपरमदेवप्रभृतितीर्थकरैः सह तानेव पञ्चपरमेष्ठिनो नमस्करोमि। क्या। करणभूतया मोक्षलक्ष्मीस्वयंवरमण्डपभूतजिनदीक्षाक्षणे मङ्गलाचारभूतया अनन्तज्ञानादिसिद्धगुणभावनारूपया सिद्धभक्तया, तथैव निर्मलसमाधिपरिणतपरमयोगिगुणभावनालक्षणया योगभकत्या चेति। एवं पूर्वविदेहतीर्थकरनमस्कारमुख्यत्वेन गाथा गतेत्यभिप्रायः ।।३।। अथ **किच्चा** कृत्वा। कम्। **णमो** नमस्कारम्। केभ्यः। **अरहंताणं सिद्धाणं तह णमो गणहराणं अज्झावयवग्गाणं साहूणं चेव** अर्हत्सिद्धगणधरोपाध्यायसाधुभ्यश्चैव। कतिसंख्योपेतेभ्यः। **सव्वेसिं** सर्वेभ्यः। इति पूर्वगाथात्रयेण कृतपञ्चपरमेष्ठिनमस्कारोपसंहारोऽयम् ।।४।। एवं पञ्चपरमेष्ठिनमस्कारं कृत्वा किं

---

સ્વપરનો વિભાગ વિલીન થઈ જવાથી જેમાં અદ્વૈત પ્રવર્તે છે એવો નમસ્કાર કરીને, તે જ અર્હંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સર્વસાધુના આશ્રમને - કે જે (આશ્રમ) વિશુદ્ધજ્ઞાનદર્શનપ્રધાન હોવાથી સહજશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવવાળા આત્મતત્ત્વનાં શ્રદ્ધાન ને જ્ઞાન જેમનાં લક્ષણ છે એવાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનનો સંપાદક છે તેને - પામીને, સમ્યગ્દર્શનજ્ઞાનસંપન્ન થઈને, જેમાં કષાયકણ વિદ્યમાન હોવાથી જીવને જે પુણ્યબંધની પ્રાપ્તિનું કારણ છે એવા સરાગચારિત્રને - તે (સરાગચારિત્ર) ક્રમે આવી પડ્યું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भूमिकानाचार्योपाध्यायसाधुत्वविशिष्टान् श्रमणांश्च प्रणमामि ।।२।। तदन्वेतानेव पञ्चपरमेष्ठिनस्तत्तद्व्यक्तिव्यापिनः सर्वानेव सांप्रतमेतत्क्षेत्रसंभवतीर्थकरासंभवान्महाविदेहभूमिसंभवत्वे सति मनुष्यक्षेत्रप्रवर्तिभिस्तीर्थनायकैः सह वर्तमानकालं गोचरीकृत्य युगपद्युगपत्प्रत्येकं प्रत्येकं च मोक्षलक्ष्मीस्वयंवरायमाणपरमनैर्ग्रन्थ्यदीक्षाक्षणोचितमङ्गलाचारभूतकृतिकर्मशास्त्रोपदिष्टवन्दनाभिधानेन सम्भावयामि ।।३।। अथवमर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधूनां प्रणतिवन्दनाभिधानप्रवृत्तद्वैतद्वारेण भाव्यभावकभावविजृम्भितातिनिर्भरेतरेतरसंवलनबलविलीननिखिलस्वपरविभागतया प्रवृत्ताद्वैतं नमस्कारं कृत्वा ।।४।। तेषामेवार्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधूनां विशुद्धज्ञानदर्शनप्रधानत्वेन सहजशुद्धदर्शनज्ञानस्वभावात्मतत्त्वश्रद्धानावबोधलक्षणसम्यग्दर्शनज्ञानसंपादकमाश्रम समासाद्य सम्यग्दर्शनज्ञानसंपन्नो भूत्वा, जीवत्कषायकणतया पुण्यबन्धसंप्राप्तिहेतुभूतं सरागचारित्रं क्रमापतितमपि दूरमुत्क्रम्य सकलकषायकलिकलङ्कविविक्ततया निर्वाणसंप्राप्तिहेतुभूतं वीतरागचारित्राख्यं साम्यमुपसंपद्ये। सम्यग्दर्शनज्ञानचारित्रैक्यात्मकैकाग्र्यं गतोऽस्मीति प्रतिज्ञार्थः। एवं तावदयं साक्षान्मोक्षमार्गं संप्रतिपन्नः ।।५।।

---

करोमि। **उवसंपयामि** उपसंपद्ये समाश्रयामि। किम्। **सम्म** साम्यं चारित्रम्। यस्मात् किं भवति। **जत्तो णिव्वाणसंपत्ती** यस्मान्निर्वाणसंप्राप्तिः। किं कृत्वा पूर्वं। **समासिज्ज** समासाद्य प्राप्य। कम्। **विसुद्धणाणदंसणपहाणासमं** विशुद्धज्ञानदर्शनलक्षणप्रधानाश्रमम्। **केषां** सम्बंधित्वेन। **तेसिं** तेषां पूर्वोक्तपञ्चपरमेष्ठिनामिति। तथाहि - अहमाराधकः, एते चार्हदादय आराध्या, इत्याराध्याराधकविकल्परूपो द्वैतनमस्कारो भण्यते। रागाद्युपाधिविकल्परहितपरमसमाधिबलेनात्मन्येवाराध्याराधकभावः पुनरद्वैतनमस्कारो भण्यते। इत्येवंलक्षणं पूर्वोक्तगाथात्रयकथितप्रकारेण पञ्चपरमेष्ठिसम्बंधिनं द्वैताद्वैतनमस्कारं कृत्वा। ततः किं करोमि। रागादिभ्यो भिन्नोऽयं स्वात्मोत्थसुखस्वभावः परमात्मेति भेदज्ञानं, तथा स एव सर्वप्रकारोपादेय इति रुचिरूपं सम्यकत्वमित्युक्तलक्षणज्ञानदर्शनस्वभावं, मठचैत्यालयादिलक्षणव्यवहाराश्रमाद्विलक्षणं, भावाश्रमरूपं प्रधानाश्रमं प्राप्य, तत्पूर्वकं क्रमायातमपि सरागचारित्रं पुण्यबन्धकारणमिति ज्ञात्वा परिहृत्य निश्चलशुद्धात्मानुभूतिस्वरूपं वीतरागचारित्रमहामाश्रयामीति भावार्थः। एवं प्रथमस्थले नमस्कारमुख्यत्वेन गाथापञ्चकंगतम् ।।५।।

---

હોવા છતાં (ગુણસ્થાનઆરોહણના ક્રમમાં જબરજસ્તીથી અર્થાત્ ચારિત્રમોહના મંદ ઉદયથી આવી પડેલું હોવા છતાં) - દૂર ઓળંગી જઈને, જે સમસ્ત કષાયકલેશરૂપ કલંકથી ભિન્ન હોવાથી નિર્વાણની પ્રાપ્તિનું કારણ છે એવા વીતરાગચારિત્ર નામના સામ્યને પ્રાપ્ત કરું છું. સમ્યગ્દર્શન, સગ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રના ઐક્યસ્વરૂપ એકાગ્રતાને હું અવલંબ્યો છું એવો (આ) પ્રતિજ્ઞાનો અર્થ છે. આ રીતે ત્યારે આમણે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવે) સાક્ષાત્ મોક્ષમાર્ગને અંગીકાર કર્યો. ૧-૫.

---

## (તા. ૭-૧-૧૯૭૯ – પ્રવચન નંબર-૧)

ૐ નમઃ શ્રીસિદ્ધેભ્યઃ નમોઽનેકાન્તાય, શ્રીમદભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી પ્રવચનસાર. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. પહેલો અધિકાર (છે). શ્રીમદમૃતચન્દ્રસૂરિકૃતતત્ત્વપ્રદીપિકાવૃત્તિઃ એનો આ અર્થ છે. નીચે :

(પ્રથમ, ગ્રંથના આદિમાં શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યવિરચિત પ્રાકૃતગાથાબદ્ધ આ 'પ્રવચનસાર' નામના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શાસ્ત્રની 'તત્ત્વપ્રદીપિકા' નામની સંસ્કૃત ટીકા રચનાર શ્રીઅમૃતચંદ્રાચાર્યદેવ શ્લોકદ્વારા મંગળાચરણ કરતાં જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્માને નમસ્કાર કરે છે:)

શ્લોક :

**सर्वव्याप्येकचिद्रूपस्वरूपाय परात्मने।**
**स्वोपलब्धिप्रसिद्धाय ज्ञानानन्दात्मने नमः।।१।।**

કેવો છે પૂર્ણ ભગવાન આત્મા ? (કે) '**સર્વવ્યાપી. (અર્થાત્) સર્વને દેખનાર - જાણનાર (છે)**' (સર્વ) વ્યાપી એટલે (આ) વેદાંત કહે છે સર્વવ્યાપક એમ નહીં. (પણ) સર્વને દેખનાર અને જાણનાર (છે). - એક વાત. (હવે કહે છે કે) કેવું છે સ્વરૂપ ? કે એ તો '**એક ચૈતન્યરૂપ...**' છે. આહાહા ! ભગવાન આત્માનું તો ચૈતન્યરૂપ છે - એક ચૈતન્યરૂપ (છે). (અર્થાત્) ભેદ પણ નહીં, આહાહા ! '**(માત્ર ચૈતન્ય જ) જેનું સ્વરૂપ છે અને જે સ્વાનુભવપ્રસિદ્ધ છે.**' છે ને (અંદર) ? '**स्वोपलब्धिप्रसिद्धाय**' સ્વ-ઉપલબ્ધિનો અર્થ કર્યો (કે) ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે અને સ્વ અનુભવ પ્રસિદ્ધ છે. (એટલે કે) પોતે પોતાનો અનુભવ કરી શકે છે, એવું તે પ્રસિદ્ધ તત્ત્વ છે. આહાહા !

'**સ્વાનુભવપ્રસિદ્ધ છે (અર્થાત્ શુદ્ધ આત્માના અનુભવથી પ્રકૃષ્ટપણે સિદ્ધ છે)**' આહાહા ! ચિદાનંદ ભગવાન આત્મા પોતાના સ્વઅનુભવથી પ્રત્યક્ષ-પ્રકૃષ્ટપણે સિદ્ધ છે, આહાહા ! (એટલેકે) અનુભવથી (તે) પ્રત્યક્ષ સિદ્ધ થઈ શકે એવો છે. 'થઈ શકે એવો છે' - એમ નહિ. એવો (સિદ્ધ જ) છે -(એવો) થઈ શકે છે. આહાહા ! છે ? જેનું સ્વરૂપ ચૈતન્ય છે કે જે સ્વાનુભવપ્રસિદ્ધ છે. આહાહા ! અંતરના જ્ઞાનમાં સ્વઅનુભવથી તે પ્રસિદ્ધ છે. આહાહા ! પણ તે રાગની ક્રિયા કે દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ આદિના રાગથી સ્વાનુભવ પ્રસિદ્ધ નહિ થાય. આહાહા ! (કેમકે) એ તો સ્વાનુભવપ્રસિદ્ધ છે. પોતે - પરમાનંદમૂર્તિ પ્રભુ ભગવાન (આત્મા) ! સ્વઅનુભવથી પ્રકૃષ્ટપણે પ્રસિદ્ધ છે, સિદ્ધ છે. આહાહા !

'**તે જ્ઞાનાનંદાત્મક (જ્ઞાન ને આનંદસ્વરૂપ)...**' જ્ઞાનાનંદાત્મક - આત્મક એટલે સ્વરૂપ. જ્ઞાન અને આનંદસ્વરૂપ પ્રભુ આત્મા ! '**परात्मने**' શબ્દ છે ને ? એ પરાત્મનો અર્થ આમ કર્યો છે (કે) - ઉત્કૃષ્ટ (આત્મા). આહાહા ! સર્વજ્ઞ પરમાત્મા પોતે. ઉત્કૃષ્ટ જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. એવા '**ઉત્કૃષ્ટ આત્માને નમસ્કાર...**' આહાહા ! મૂળ તો પોતાની સ્થિતિને નમસ્કાર કરે છે. ભગવાન આત્મા સ્વાનુભવપ્રસિદ્ધ - પ્રકૃષ્ટ(પણે) પ્રસિદ્ધ છે. અને તે જ્ઞાન અને આનંદ જેનું સર્વોત્કૃષ્ટ સ્વરૂપ છે. એવો જે ભગવાન આત્મા એને નમસ્કાર કરે છે. આહાહા ! (એ) પહેલો શ્લોક (થયો).

(હવે બીજો શ્લોક) :

**हेलोल्लुप्तमहामोहतमस्तोमं जयत्यदः।**
**प्रकाशयज्जगत्तत्त्वमनेकान्तमयं महः।।२।।**

આહાહા ! '**મહામોહરૂપી અંધકારના સમૂહને...**' છે ને ? '**महामोहतम**' - '**મહામોહરૂપી અંધકારના સમૂહને જે લીલામાત્રમાં નષ્ટ કરે છે.**' આહાહા ! આનંદની રમતમાં નષ્ટ કરે છે, એમ કહે છે. આહાહા ! **हेलो**= રમતમાં (અને) **उल्लुप्त** = નષ્ટ કરી નાખે છે. - એ પાઠ છે. **हेलोल्लुप्त** છે ને ? (રમતમાં) એનો નાશ કરે છે (તે એનો અર્થ છે). આહાહા ! ભગવાન આત્મા ! અતીન્દ્રિય આનંદસ્વરૂપ (છે). અને તે **हेलो** નામ લીલામાત્રમાં - આનંદની રમતમાં - આનંદમાં રમતા રમતા - કર્મનો નાશ કરે છે. આહાહા ! આવું છે !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'અને જગતના સ્વરૂપને પ્રકાશે છે.'** (પોતે) જ્ઞાયક છે તેથી, પોતે તો પોતાને પ્રકાશે છે, એ તો પહેલા (કળશમાં) આવી ગયું. (પણ) આ તો (હવે) જગતના સ્વરૂપને - બધું - પ્રકાશે છે, એવો તેનો સ્વભાવ છે (તેમ કહે છે). આહાહા ! **'જગતના સ્વરૂપને પ્રકાશે છે એવું અનેકાંતમય તેજ' महः** છે ને ? આહાહા ! અનેકાંતમય તેજ ! સ્વરૂપથી છે અને પરથી નથી, દ્રવ્યે છે અને પર્યાયે દ્રવ્ય નથી. કલશટીકામાં અનેકાંતનો અર્થ કર્યો છે ને ? (કે) સત્તા છે - આત્મા સત્તાસ્વરૂપ છે, એવો ભેદ. (એટલે કે સત્તા અને સ્વરૂપનો) ભેદ કરવો તે અનેકાન્ત છે. બીજા શ્લોકમાં અનેકાન્તનો અર્થ કર્યો છે કે 'અનેકાન્ત તો સંશયનો દૂરીકરણશીલ છે' (સંસ્કૃતમાં) અનેકાન્તમયી છે ને ? (એનો અર્થ કરે છે). **'અને વસ્તુસ્વરૂપનો સાધનશીલ છે. તેનું વિવરણ - જે કોઈ સત્તાસ્વરૂપ વસ્તુ છે તે દ્રવ્ય-ગુણાત્મક છે, તેમાં જે સત્તા અભેદપણે દ્રવ્યરૂપ કહેવાય છે તે જ સત્તા ભેદપણે ગુણરૂપ કહેવાય છે; આનું નામ અનેકાન્ત છે.'** આહાહા ! શું કહ્યું ? જે કોઈ સત્તાસ્વરૂપ વસ્તુ છે તે દ્રવ્ય-ગુણસ્વરૂપ છે. તેમાં જે સત્તા અભેદપણે દ્રવ્યરૂપ કહેવાય છે - સત્તા અભેદરૂપ દ્રવ્ય કહેવાય છે - તે જ સત્તા ભેદપણે ગુણરૂપ કહેવાય છે. (તે અનેકાન્ત છે). (જે) સત્તા અભેદપણે દ્રવ્યરૂપ કહેવાય છે તે જ સત્તાને ભેદથી ગુણરૂપ કહેવાય છે. આહાહા ! સમજાય છે ? ઝીણી વાત છે, બાપુ ! જે કોઈ સત્તાસ્વરૂપ વસ્તુ છે તે સત્તા અભેદપણે દ્રવ્યરૂપ કહેવાય - સત્તા અભેદરૂપ દ્રવ્ય કહેવાય. (અને) તે જ સત્તા ભેદપણે ગુણરૂપ કહેવાય - આને અનેકાંત (કહેવાય) છે. આહાહા ! આમાં (કલશટીકામાં) - એ બીજો શ્લોક છે. अनेकान्तमयी मूर्ति - અને (તે જ) અહીં કહે છે. જુઓ !

**'અનેકાન્તમય તેજ સદા જયવંત વર્તે છે.'** જ્ઞાનસ્વરૂપ દ્રવ્ય છે તે દ્રવ્યથી અભેદ (છે) અને જ્ઞાનગુણ છે તે ભેદ (છે). એનું (નામ) અનેકાન્ત (છે). આહાહા ! જ્ઞાન તે દ્રવ્ય છે - તે અભેદ (છે) અને જ્ઞાન તે ગુણ છે - તે ભેદ (છે). આહાહા ! આ અનેકાન્ત (છે). (પણ) અનેકાન્ત એવું નથી કે, વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી (પણ) થાય - એમ અનેકાન્ત નથી. નિશ્ચયથી થાય અને વ્યવહારથી ન થાય, એ જ અનેકાન્ત છે. આહાહા ! આવું ઝીણું છે.

એ અહીં કહે છે (કે), એવું અનેકાંતમય **'महः'** (અર્થાત્) ચૈતન્ય તેજ... આહાહા ! ચૈતન્ય તેજ એ દ્રવ્ય છે અને ચૈતન્ય તેજ તે ગુણ છે - આનું નામ અનેકાંત (છે). બાપુ ! આ તો વીતરાગની વાણી છે. ભાઈ ! એ કાંઈ કથા વાર્તા નથી. આહાહા ! (કહે છે કે) **'એવું (અનેકાન્તમય) તેજ સદા જયવંત વર્તે છે.'** આહાહા ! સર્વજ્ઞ તે આત્મા અને સર્વજ્ઞ તે ગુણ - એવું અનેકાન્ત(મય) તેજ જયવંત વર્તે છે, જગતમાં જયવંત વર્તે છે. (અર્થાત્) જગત તેના અનેકાન્તમય જ્ઞાનગુણથી - પૂર્ણ ગુણથી - કોઈ દિ' રહિત નથી. આહાહા ! જગતમાં એવા જયવંત જ્ઞાન વર્તે છે... આહાહા !

**'હવે શ્લોક દ્વારા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ અનેકાન્તમય જિનપ્રવચનના સારભૂત...'** (આ) પ્રવચનસાર છે ખરું ને ? પ્ર + વચન = દિવ્યધ્વનિનો સાર, એમ. જિનવચન - પ્રવચન એટલે દિવ્યધ્વનિ અને તેનાં સારભૂત **'આ `પ્રવચનસાર' શાસ્ત્રની ટીકા કરવાની પ્રતિજ્ઞા કરે છે.'** - આહાહા !

**परमानन्दसुधारसपिपासितानां हिताय भव्यानाम्।**
**क्रियते प्रकटिततत्त्वा प्रवचनसारस्य वृत्तिरियम्।।३।।**

શ્રી જયસેનાચાર્યની ટીકામાં 'મધ્યમ રુચિવાળો' એમ લીધું છે. સમજાણું ? જુઓ ! સંસ્કૃતમાં પહેલો શબ્દ છે - **'प्रवचनसारव्याख्यायां मध्यमरुचिशिष्यप्रतिबोधनार्थायां'** છે ? જેને રુચિ છે (તેવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શિષ્ય). (પણ) તદ્દન એકલો જિજ્ઞાસુ છે એમ નહિ. (અહીં કહે છે કે) '**પરમાનંદરૂપી સુધારસના પિપાસુ**' આહાહા ! (અર્થાત્) જેને પરમાનંદરૂપી અમૃતરસ પીવાની - અનુભવવાની પિપાસા છે. આહાહા ! કોઈ રાગ કરવાની કે પુણ્ય કરવાની (પિપાસા છે) એમ ન લીધું. આહાહા ! ભગવાન-દેવ-ગુરુની ભક્તિ કરવાનો પિપાસુ છે એમ (પણ) ન લીધું. આહાહા ! કારણકે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ છે એ તો રાગ છે. આવી આકરી વાત છે પ્રભુ ! શું થાય ? પોતે વસ્તુ જ એ છે.

(અહીં કહે છે કે) '**પરમાનંદરૂપી સુધારસના પિપાસુ...**' અહાહા ! પરમ અતીન્દ્રિય આનંદરૂપી અમૃતરસની જેને પિપાસા છે એવા '**ભવ્ય જીવોના હિતને માટે...**' અહાહા ! પુણ્યના અર્થી ને સ્વર્ગના અર્થી ને રાગના અર્થી માટે આ પ્રવચનસાર નથી. આહાહા ! (પણ) જેને પરમાનંદમય પ્રભુ આત્માના અમૃતના રસને પીવાની તૃષા લાગી છે - પિપાસા છે - (તેના માટે છે). આહાહા ! '**પિપાસુ**' કહ્યો ને ? આહાહા ! (અર્થાત્) પરમાનંદરૂપી સુધારસની જેને તૃષા છે - પિપાસા છે આહાહા ! એવા '**ભવ્ય જીવોના હિતને માટે, તત્ત્વને (વસ્તુસ્વરૂપને) જે પ્રગટ કરે છે...**' આહાહા ! (ભવ્ય જીવોના) હિતને માટે આ ટીકા છે. ટીકા કેવી (છે) ? કે જે (તત્ત્વને) પ્રગટ કરે છે - વસ્તુસ્વરૂપને જે પ્રગટ કરે છે - એવી આ પ્રવચનસારની ટીકા (છે). - આ ટીકાની વ્યાખ્યા છે. આહાહા ! વસ્તુસ્વરૂપને જે પ્રગટ કરે છે એવી આ ટીકા છે. અને (તે ટીકા) આનંદના અભિલાષી - પિપાસુ ભવ્ય જીવને માટે (અર્થાત્) તેના હિતને માટે (છે). જે ટીકા (તત્ત્વને) પ્રગટ કરે છે. આહાહા ! (એટલે કે) વસ્તુના સ્વરૂપને પ્રગટ કરે છે. આહાહા !

પ્ર + વચન + સાર. પ્ર નામ દિવ્યવચનો. જે દિવ્યધ્વનિ - ત્રણલોકના નાથ પરમાત્માની દિવ્યધ્વનિ - જે ૐ ધ્વનિ - (છે તે) 'મુખ ૐ કાર ધુનિ સુનિ અર્થ ગણધર વિચારૈ, રચિ આગમ ઉપદેશૈ ભવિક જીવ સંશય નિવારૈ' - (બનારસીદાસ) - એવી જે વાણી (છે) તે અહીંયા પ્રગટ કરે છે. કોના માટે ? (કે ભવ્ય જીવ માટે), આહાહા ! સમયસારમાં એમ આવે છે ને ? કે આવો (જિજ્ઞાસુ) જીવ છે તે પ્રશ્ન કરે છે. તેને ઉત્તર (દેવાય છે). આહાહા ! એમ ને એમ સાંભળવા આવ્યો છે, એમ નહીં. આહાહા ! જેને આવી પિપાસા થઈ છે કે પ્રભુ ! આ આત્મા આસ્ત્રવથી કેમ નિવૃત્તે ? (ગાથા-૭૩)

આપણે સવારમાં સમયસારમાં ચાલ્યું કે, જ્ઞાનીના લક્ષણ શું ? (ગાથા-૭૫) એવું પૂછયું છે. એવું પૂછનારની જિજ્ઞાસા છે તેને આ કહેવાય છે. આહાહા ! સમજાય છે કાંઈ ? - આવાને ઉત્તર દેવાય છે. એવી શ્રી અમૃતચંદ્રાચાર્યે શૈલી લીધી છે. લોકો 'પુણ્યફલા અરહંતા' કહે છે ને ? પણ એનો અર્થ છે કે અરિહંતને પુણ્ય અકિંચિત્કર છે. હવે એનો અર્થ એ કરે છે કે, પુણ્યના ફળરૂપે અરિહંત પદ પામશે. અરે ભાઈ ! તને (અર્થની) ખબર નથી. બાપુ ! આહાહા ! અર્થ તો ઉપર લખ્યો છે. શ્રી અમૃતચંદ્રાચાર્ય તો તેની ઉપર એમ કહે છે કે પુણ્યફળ તીર્થંકરને અકિંચિત્કર છે, તેના આત્માને કાંઈ કરનારું નથી. એ તો અતિશય અને વાણી આદિ બધું છે તે પુણ્યનું ફળ છે, ભાઈ ! આહાહા !

મુમુક્ષુ :- પુણ્યનું ફળ અરિહંતદશા નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- નહિ, ઘણા (એવો) અર્થ કરે છે - પુણ્યના ફળરૂપે અરિહંતપણું પ્રાપ્ત થાય. અરે પ્રભુ ! એમ નથી. પુણ્યનું ફળ તો તેમનો અતિશય છે. સમવસરણ મળે, વાણી નીકળે તે પુણ્યનું ફળ છે. તીર્થંકરના આત્માને પુણ્યફળ અકિંચિત્કર છે - કાંઈ કરતું નથી. આહાહા ! આવું મથાળું બાંધીને પછી (તો પ્રવચનસાર ગાથા - ૪૫ કરી છે). સમજાણું કાંઈ ? આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અને ત્યાં (પ્રવચનસાર - ૭૭મી ગાથામાં) કહ્યું છે કે (જે કોઈ) પુણ્ય નામ શુભભાવ અને (પાપ નામ) અશુભભાવ બેમાં - કાંઈ ફેર માને (એટલે કે) શુભભાવ ઠીક છે અને અશુભભાવ અઠીક છે તે, મોહ-મિથ્યાત્વથી ઢંકાયેલો ઘોર સંસારમાં રખડવાનો છે. ૭૭મી ગાથા છે ને ? છે ને આમાં ? જુઓ ! '**ण हि मण्णहि जो एवं णत्थि विसेसो**' - ૭૭ ગાથા છે. શુભભાવ અને અશુભભાવમાં કાંઈ ફેર નથી. બન્ને બંધનના કારણ છે. આહાહા ! ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય એમ કહે (છે) કે અમારી ભક્તિ કરનારને શુભ(ભાવ) થાય અને બીજાને અશુભ(ભાવ) થાય, (તે) બેમાં (જે) ફેર માનશે કે શુભ તે ઠીક છે (તે, સંસારમાં રખડવાનો છે). '**ण हि मण्णहि जो एवं णत्थि विसेसो**' (પુણ્ય-પાપ એ બેમાં) વિશેષ કાંઈ નથી. કાંઈ ફેર નથી. (છતાં જે) એમ નથી માનતા અને વિશેષ - ફેર માને છે તે, '**हिंडदि घोरमपारं संसारं**' - એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે (છે). આહાહા ! ગજબ (વાતુ છે) પ્રભુ !

(કહે છે કે) અમારી ભક્તિ કરે તેને શુભભાવ થશે અને સંસારના પાપ કરશે તેમાં અશુભ(ભાવ) થશે. (હવે) તે બેમાં કાંઈક ફેર માને કે આ શુભ તે ઠીક છે અને અશુભ (તે) અઠીક છે. (પણ એ) બેમાં વિશેષ કાંઈ નથી, બન્ને એક સરખા બંધના કારણ છે એમ ન માને તો, '**हिंडदि घोरमपारं संसारं**' આહાહા ! - આ શ્રી અમૃતચંદ્રાચાર્યે તેની ટીકા કરી છે. '**मोहसंछण्णो**' - મિથ્યાત્વથી ઢંકાયેલો પ્રાણી શુભ ઠીક અને અશુભ અઠીક (એમ માને છે) (અર્થાત્) શુભ કરતાં કરતાં કલ્યાણ થાય (છે) અને અશુભ કરતાં (કલ્યાણ) ન થાય, એવો જે ફેર માને છે તે મિથ્યાદૃષ્ટિ ઘોર સંસારમાં રખડવાનો છે. આહાહા ! આ વીતરાગ વાણી ! તે અહીંયા કહે છે. તેના હિતને માટે - પરમાનંદ પ્રાપ્ત થાય તે માટે - આ કહેવાય છે. (પણ) તેને પુણ્ય પ્રાપ્ત થાય (તે માટે કહેવાતી નથી). આહાહા ! સમજાણું કાંઈ ?

(અહીંયા કહે છે કે) તત્ત્વના સ્વરૂપને જે પ્રગટ કરે છે. કોણ ? (કે) '**એવી પ્રવચનસારની આ ટીકા કરવામાં આવે છે.**' આહાહા ! વસ્તુના સ્વરૂપને (જે) પ્રગટ કરે છે એવી આ ટીકા કરવામાં આવે છે - એમ શ્રી અમૃતચંદ્રાચાર્યે પ્રતિજ્ઞા કરી.

આહાહા ! (તેઓ તો મુનિ છે). મહા શુદ્ધોપયોગને પ્રાપ્ત છે. ભલે (અત્યારે) વિકલ્પ આવ્યો (છે) પણ પછી (તેને) તોડીને શુદ્ધોપયોગમાં જ જાય છે. (એ વાત) આગળ કહેશે. એ પંચ મહાવ્રતાદિનો વિકલ્પ આવે (છે) પણ તે બધો દોષ છે. આહાહા ! જે રાગ છે તે હેય છે. ભલે ટીકા વખતે વિકલ્પ ઉઠયો છે. પરંતુ તે વિકલ્પ પણ હેય છે. આહાહા ! આવી વાત (અજ્ઞાનીને) ક્યાં બેસે ? આહાહા ! (અહીં તો) એ ટીકા કરનાર કહે છે કે વિકલ્પ છે તે હેય છે. પણ આવ્યા વિના રહેતો નથી. (અત્યારે) આવ્યો છે (છતાં) પણ હું તેનો જાણનાર છું. (હું તો) રાગનું જ્ઞાન કરનારો છું. પણ રાગ મારો છે કે રાગથી મને લાભ થાય એ હું નથી. આહાહા ! આ રીતે મંગલાચરણ કર્યું.

''**આ રીતે મંગળાચરણ અને ટીકા કરવાની પ્રતિજ્ઞા કરીને, ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિરચિત પ્રવચનસારની પહેલી પાંચ ગાથાઓના પ્રારંભમાં શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ તે ગાથાઓની ઉત્થાનિકા કરે છે :**'' આ ટીકા કરનાર મહાસંત શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે કે આ ગાથા કરનાર છે કોણ ? શાસ્ત્ર કરનાર એ છે કોણ ? (કે) શ્રી કુંદકુંદાચાર્ય.

'**હવે, સંસારસમુદ્રનો કિનારો જેમને નિકટ છે,...**' આહાહા ! અરે ! પણ તમે હજાર વર્ષ પહેલા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયા (અને) શ્રી કુંદકુંદાચાર્ય તો સંવત ૪૯માં થયા અને પછી હજાર વરસે તો શ્રી અમૃતચંદ્રાચાર્ય થયા - (છતાં) તમને આવી ખબર પડી ગઈ ? પણ અમે (શ્રી અમૃતચંદ્રાચાર્ય) કહીએ છીએને ! જુઓ ! અમે મહાવ્રતધારી છીએ. આહાહા ! જેમને સંસારસમુદ્રનો કિનારો નિકટ છે (અર્થાત્) એકાદ ભવ કરીને (જેઓ) મોક્ષ જનારા છે, એમ કહે છે. આહાહા સમજાણું કાંઈ ? આહાહા ! **'એવા કોઈ (આસન્નભવ્ય)'** (અર્થાત્) જેને હવે મોક્ષ થોડા કાળમાં નજીક છે એવા. **'મહાત્મા શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ) સાતિશય (ઉત્તમ) વિવેકજ્યોતિ જેમને પ્રગટ થઈ છે.'** આહાહા ! **'સાતિશય (ઉત્તમ) વિવેકજ્યોતિ જેમને પ્રગટ થઈ છે.'** એમ કહેવાનો આશય પાછો એવો છે કે જે ભેદજ્ઞાન થયું છે તે હવે પડવાનું નથી. આહાહા ! ૯૨ ગાથામાં આવ્યું છે ને ? કે અમે આગમ કુશળથી અને આત્મજ્ઞાનથી (જે) દર્શનમોહનો નાશ કર્યો છે અને (જે) સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું છે (તે) દર્શનમોહ હવે ફરીને ઉત્પન્ન થાય એ અમને નથી. અમે (અમૃતચંદ્રાચાર્ય) ભગવાન પાસે ગયા નથી છતાં અમે કહીએ છીએ. આહાહા ! કુંદકુંદાચાર્ય તો ભગવાન પાસે ગયા હતા. પણ ટીકા કરનાર અમૃતચંદ્રાચાર્ય (કે જેઓ ભગવાન પાસે ગયા નહોતા તે) એમ કહે છે. આહાહા ! સમયસારજીની ૩૮મી ગાથામાં એ આવે છે અને આમાં (પ્રવચનસારની) ૯૨મી ગાથામાં પણ આવશે કે અમને જે મોક્ષમાર્ગ પ્રગટ થયો છે - અંતર આનંદનો નાથ જાગીને જે અમને અનુભવ થયો છે - તે હવે પડવાનો નથી. ૯૨મી (ગાથામાં) છે. જુઓ ! આ બાજુ છે, **'આ આત્મા સ્વયં (- પોતે) ધર્મ થાય તે ખરેખર મનોરથ છે. તેને વિઘ્ન કરનારી તો એક બહિર્મોહદૃષ્ટિ જ છે અને તે (બહિર્મોહદૃષ્ટિ) તો આગમકૌશલ્ય તથા આત્મજ્ઞાન વડે હણાઈ ગઈ હોવાથી હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી.'** આહાહા ! એ તો ઠીક.

પણ સમયસારની ૩૮મી ગાથામાં તો એવું કહ્યું છે કે અપ્રતિબુદ્ધ શ્રોતા છે તેને સંત-ગુરુ-ધર્માત્મા ઉપદેશ આપે છે અને તે સમ્યગ્દર્શન પામે છે. તો, તે એમ કહે છે - પાંચમા આરાનો અપ્રતિબુદ્ધ શ્રોતા હતો તેને મુનિએ સમજાવ્યો તો તે એમ કહે છે કે - અમને જે દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થયા છે તે પડવાના નથી. આહાહા ! શું કહ્યું સમજાણું ? કે આ તો (૯૨મી ગાથામાં તો) શ્રી અમૃતચંદ્રાચાર્ય પોતાનું કહે છે. પણ ત્યાં તો (૩૮મી ગાથામાં તો) એ લીધું કે (પ્રતિબુદ્ધ થયેલો શિષ્ય કહે છે) આહાહા ! કેમકે જીવનો અધિકાર પૂરો થાય છે ને ? આહાહા ! તેમ શ્રીમદ્ રાજચંદ્રજીએ પોતે કહ્યું ને ? કે -

'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે;

તેથી દેહ એકધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે..' (ધન્ય રે દિવસ... કાવ્ય) કોલકરાર છે. એમાં કાંઈ - એક અક્ષર પણ ફરે એવું નથી. આહાહા ! કાંઈક થોડો રાગ દેખાય છે. હજી નાશ થયો નથી. પણ અમે એક ભવ કરીને આ (રાગનો) નાશ કરીને સ્વરૂપને પૂર્ણ પ્રાપ્ત કરશું. આહાહા ! (શ્રીમદ્ રાજચંદ્રજી એમ કહે છે).

એમ અહીંયા ૩૮મી ગાથામાં જીવનું પૂરું સ્વરૂપ બતાવીને કહે છે કે જે શ્રોતા અપ્રતિબુદ્ધ હતો તેને (ગુરુએ) સમજાવ્યો. આ પાંચમા આરાના સાધુ અને પાંચમા આરાનો શ્રોતા ! આહાહા ! કોઈક એમ કહે છે, પાંચમા આરામાં અત્યારે તો શુભ જોગ (ઉપયોગ) જ હોય અરર ! પ્રભુ ! પ્રભુ ! પ્રભુ ! શું કરે છે તું આ ? આહાહા ! અહીંયા તો શ્રોતાને એવો લીધો છે કે (તે એમ કહે છે કે) અમને જે દર્શન-જ્ઞાન પ્રગટ્યા છે તે હવે પડે નહીં. - એમ (એવા) અમને પ્રગટ્યા છે. અમે અપ્રતિહત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સમ્યગ્દૃષ્ટિ છીએ. આહાહા! ૩૮ ગાથામાં છે તે શ્રોતાની વાત છે. પણ આ તો (૯૨મી ગાથામાં તો) પોતાની વાત છે.

આહાહા ! (જે) અનાદિનો અપ્રતિબુદ્ધ હતો (તેને) ગુરુએ વારંવાર સમજાવ્યો. એમ છે ને ? આહાહા ! ૩૮ ગાથા - એક-એક શબ્દ - અલૌકિક છે. બાપુ ! એ વ્યાખ્યા કાંઈ (સામાન્ય નથી). આહાહા ! (તેમાં કહે છે કે) અમે અમારા પરમેશ્વરને ભૂલી ગયા હતા. આવે છે ને એમાં ? તે પરમેશ્વરને અમે યાદ કર્યા અને અનુભવમાં આવ્યા. આહાહા ! (તેથી અમને) દર્શન-જ્ઞાન પ્રાપ્ત થયા, આત્મા (પ્રાપ્ત થયો). (હવે) અમને વીતરાગના વિરહ છે, પંચમ આરામાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ નથી થતી છતાં કોલકરાર કરીએ છીએ (કે અમે પડવાના નથી). આહાહા ! આવું છે ! (આવી) શ્રોતાની વાત છે. આહાહા ! ભગવાન આત્મા જ્યાં અંદરથી જાગ્યો અને સમ્યક્ અનુભવ થયો (તો) કહે છે કે તે હવે અમને પડવાનો નથી. અમે ભગવાન પાસે ગયા નથી. પણ આ (અંદરના) ભગવાન પાસે ગયા છીએ. આહાહા ! વગેરે ઘણી વાતું છે. આહાહા ! અહીં તો (૯૨ ગાથામાં તો) આ આવ્યું ને ? કે (બહિર્મોહદૃષ્ટિ) ફરીને ઉત્પન્ન થવાની નથી. એટલે આ લીધું. (૩૮મી ગાથા લીધી).

આહાહા ! અહીં તો '**સાતિશય**' શબ્દ આવ્યોને ? (એટલે તે ઉપરથી ૯૨મી ગાથા લીધી). સાતિશય વિવેકજ્યોતિ જેમને - કુંદકુંદાચાર્યદેવને - પ્રગટ થઈ છે - એમ અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે. આહાહા બાપુ ! આ તો ભગવંતસ્વરૂપની વાત છે. ભાઈ ! આહાહા ! 'એ દ્રવ્ય પડે તો દ્રવ્યની દૃષ્ટિ પડે.' આહાહા ! અહીં કહે છે કે '**સાતિશય (ઉત્તમ) વિવેકજ્યોતિ જેમને પ્રગટ થઈ છે (અર્થાત્ પરમ ભેદવિજ્ઞાનનો પ્રકાશ જેમને ઉત્પન્ન થયો છે). અને સમસ્ત એકાંતવાદરૂપ અવિદ્યાનો અભિનિવેશ જેમને અસ્ત થયો છે.**' અનેકાન્ત પ્રગટ થતાં એકાન્તપણું - અજ્ઞાન - (જેનું નાશ થયું છે). પર્યાય ન માને અને દ્રવ્ય માને, દ્રવ્ય ન માને અને પર્યાય માને; વ્યવહાર માને અને નિશ્ચય ન માને, (તથા) વ્યવહારથી પણ નિશ્ચય થાય એમ માને તે એકાન્તવાદ છે. આહાહા ! સમસ્ત એકાન્તવાદની અવિદ્યાનો અભિનિવેશ - અભિપ્રાય, નિશ્ચય, આગ્રહ - જેમને અસ્ત થઈ ગયો છે. આહાહા ! કોણ કહે છે આ ? અમૃતચંદ્રાચાર્ય - (આજથી હજાર વર્ષ પહેલા) અને ભગવાન પછી પંદરસો વરસે (થયેલા) પંચમ આરાના સાધુ ! આહાહા ! તે એમ પોકારે છે કે અમે એમ કહીએ છીએ કે કુંદકુંદાચાર્યદેવને ઉત્તમ વિવેકજ્યોતિ પ્રગટ થઈ છે. અને સમસ્ત એકાંતવાદની અવિદ્યાનો અભિનિવેશ જેમને અસ્ત થયો છે, આથમી ગયો છે, નાશ થઈ ગયો છે.

'**એવા, પારમેશ્વરી (પરમેશ્વર જિનભગવાનની) અનેકાન્તવાદવિદ્યાને પામીને....**' આહાહા ! અનેકાન્તની વ્યાખ્યા કરી હતી, કે સત્તાને અભેદથી દ્રવ્ય કહેવી અને ભેદથી ગુણ કહેવી (તે અનેકાન્ત). એમ બધે લેવું. નિશ્ચયથી સ્વભાવ પમાય છે (પણ) વ્યવહારથી પમાતો નથી, એમ તે અનેકાન્ત છે. વ્યવહારથી પણ પમાય અને નિશ્ચયથી પણ પમાય એ એકાન્ત છે. આહાહા ! (અહીં કહે છે કે) '**પારમેશ્વરી (પરમેશ્વર જિનભગવાનની) અનેકાન્તવાદવિદ્યાને પામીને સમસ્ત પક્ષનો પરિગ્રહ (શત્રુમિત્રાદિનો સમસ્ત પક્ષપાત)...**' અર્થાત્ આ મારો ભગત છે અને આ મારો વેરી છે - એ પણ જેમને નથી. આહાહા ! તેમણે આ ગાથાઓ રચી છે એમ કહેવું છે. માટે (તે) પ્રમાણભૂત છે. આહાહા !

'**(શત્રુમિત્રાદિનો સમસ્ત પક્ષપાત) છોડ્યો હોવાથી અત્યંત મધ્યસ્થ થઈને...**' (એટલે કે) વીતરાગ થઈને એમ કહેવું છે. આહાહા ! શત્રુ-મિત્ર પ્રત્યેનો ભેદ ટળી ગયો છે (તો) એકલા વીતરાગ (થયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે). આહાહા ! ચાહે તો નિંદા કરનાર હો કે ચાહે તો પ્રશંસા કરનાર હો - બન્નેમાં વીતરાગ છે, મધ્યસ્થ છે. આહાહા ! રાગ-દ્વેષથી ભિન્ન મધ્યસ્થ (છે). (અર્થાત્) વીતરાગભાવમાં છે એ મધ્યસ્થ છે. આહાહા !

(હવે કહે છે કે) '**સર્વ પુરુષાર્થમાં સારભૂત...**' (અર્થાત્) છે નીચે ? ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારે પુરુષ - અર્થોમાં (પુરુષ - પ્રયોજનોમાં) મોક્ષ જ સારભૂત (શ્રેષ્ઠ, તાત્ત્વિક) પુરુષ - અર્થ છે. તે પુણ્ય પણ સારભૂત નથી, એમ કહે છે. ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે પૈસા, કામ એટલે ભોગ (તથા મોક્ષ - એ ચારમાં) જે મોક્ષ છે તે (જ) યથાર્થ છે. આહાહા ! (પરંતુ) ધર્મ (કે) જે પુણ્ય (શુભભાવ) છે તે પણ યથાર્થ નથી તેમ કહે છે. આહાહા ! છે (અંદર) ? કે '**સર્વ પુરુષાર્થ...**' સર્વ પુરુષાર્થ એટલે (આ) ચાર (કહ્યાં તે). (ધર્મ, અર્થ, કામ ને મોક્ષ), તેમાં '**સારભૂત હોવાથી જે આત્માને અત્યંત હિતતમ છે.**' આહાહા ! (અર્થાત્) ઉત્કૃષ્ટ હિતસ્વરૂપ છે. (બીજા કળશમાં) 'ભવ્યોના હિતને માટે' - (એમ) કહ્યું હતું ને ? તો આ ટીકા હિતસ્વરૂપ છે, મોક્ષ હિતસ્વરૂપ છે. (એમ કહે છે).

'**એવી ભગવંત પંચ પરમેષ્ઠીના પ્રસાદથી...**' આહાહા ! પ્રસાદ (એટલે) પ્રસન્નતા, કૃપા - એનો અર્થ એ (છે). શ્રીમદ્ કહે છે ને ? કે 'કરુણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી...' (યમનિયમ કાવ્ય). એનો અર્થ એવો છે (કે) ભગવાન ! આપના જ્ઞાનમાં મારો મોક્ષ અને મારી દશા આપને ખ્યાલમાં છે (તો) તે જ્ઞાન એ જ આપની કરુણા છે. ઝીણી વાત છે, બાપા ! આહાહા ! નિયમસારમાં આવે છે ને ? નિયમસારમાં શ્લોકમાં આવે છે કે શાસ્ત્રની ઉત્પત્તિ અરિહંતોથી થઈ. શાસ્ત્ર તે જ્ઞાન છે (અને) તે મોક્ષનું કારણ છે. પરંતુ તેની ઉત્પત્તિ તો ભગવંતથી થઈ (છે). તેથી તે ભગવંતનો ઉપકાર (છે). છે ને (તેમાં) ? (ગાથા ૬ પછી આધાર શ્લોક) આહાહા ! એ જાતનો વિકલ્પ હોય છે.

અહીં કહે છે કે '**પંચ પરમેષ્ઠીના પ્રસાદથી.**' - અરિહંત અને સિદ્ધના પ્રસાદથી - (તેમની) કૃપાથી. એમને કૃપા છે ? પાંચ પદની કૃપા છે (એમ કહ્યું) તો કેવળી-સિદ્ધને કૃપા હશે ? મહેરબાની છે ? પણ તેમના જ્ઞાનમાં અમે જ્ઞાની છીએ કે મોક્ષને પ્રાપ્ત થયા છીએ એવું તેમના જ્ઞાનમાં આવ્યું છે તે જ અમારે (માટે તો) અમારા ઉપર તેઓનો પ્રસાદ, કૃપા છે. આહાહા ! આ વાત છે, ભાઈ ! પણ સિદ્ધના જ્ઞાનમાં - પ્રભુ ! આપના જ્ઞાનમાં - જણાયું તે પ્રમાણે અમે છીએ એ (જ) આપની કૃપા છે. આહાહા ! શ્રીમદ્ રાજચંદ્રમાં પણ છે. પોતે - શ્રીમદ્ - ગજબ કામ કર્યું છે ! (તેમણે કહ્યું કે) 'કરુણા હમ પાવત હૈ.' હે નાથ ! આપના અકષાયી જ્ઞાનમાં અમે ભાસ્યા છીએ એ આપની કરુણા છે. આહાહા ! બાપુ ! વાતુ બહુ આકરી છે. આહાહા !

'**પંચ પરમેષ્ઠીના પ્રસાદથી**' (એમ કહ્યું) તો શું સિદ્ધને પ્રસાદી-કૃપા હશે ? અરિહંતને (શું) કૃપા હશે ? શું અરિહંત-(સિદ્ધ)ને રાગ છે ? (ના). છતાં ધવલમાં (આવે) છે કે પરમેષ્ઠીની કરુણા છે - એવો શબ્દ આવે (વાપર્યો) છે. (તો) તે કરુણા કાંઈ કષાય નથી. આહાહા ! (તેનો અર્થ એ છે કે) હે પ્રભુ ! આપના જ્ઞાનમાં અમે ભાસ્યા તે આપની કરુણા છે. (કેમકે) આપ તો વીતરાગ છો. (આપને) ક્યાં રાગ છે ? આહાહા !

'**પંચપરમેષ્ઠીના પ્રસાદથી**' અરિહંત અને સિદ્ધના પ્રસાદથી (તેમ કહ્યું). હવે ત્રણ તો (આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ તો) છદ્મસ્થ છે. (તેથી) ભલે (તેમનો પ્રસાદ હોય.) (પણ અરિહંત અને સિદ્ધનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પ્રસાદ શું ?) (તેઓ) નિમિત્ત છે ને ! અને તેમના જ્ઞાનમાં એ આવ્યું છે ને ! (તે જ તેમનો પ્રસાદ છે). આહાહા ! તેમના પ્રસાદથી - છે નીચે ? (પ્રસાદ એટલે) પ્રસન્નતા, કૃપા. સિદ્ધની પ્રસન્નતા - કૃપા, અરિહંતની પ્રસન્નતા -કૃપાનો અર્થ આ (છે). આહાહા ! પ્રભુ ! અમે ધર્મ પામ્યા અને અમારો મોક્ષ થશે એ આપના જ્ઞાનમાં છે. આહાહા ! એ આપની કૃપા - આપની પ્રસન્નતા - અમે કહીએ (છીએ) નાથ ! (અર્થાત્) અમારી પ્રસન્નતા છે તે તમારી પ્રસન્નતા છે. (એમ કહે છે).

શ્રોતા : આપની પ્રસન્નતા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : અહીં તો આ જ પ્રસન્નતા છે - મોક્ષના માર્ગની પ્રસન્નતા (છે) તે આપની પ્રસન્નતા છે, એમ અમે કહીએ છીએ. આહાહા ! અરેરે ! વીતરાગ કેવળજ્ઞાનીના વિરહ પડ્યા, કેવળીઓ સ્થાયી રહ્યાં નહીં. અને લોકોએ ઘરના બધાં અર્થો કર્યા. આહાહા ! આ તો સિદ્ધની કૃપા અને પ્રસન્નતા એટલે શું ?

(તે અર્થ કર્યો). (હવે કહે છે કે) '**પ્રસાદથી ઊપજવાયોગ્ય, પરમાર્થસત્ય (પારમાર્થિક રીતે સાચી)**' શું ? (કે) '**અક્ષય (અવિનાશી) મોક્ષલક્ષ્મીને...**' આહાહા ! (અર્થાત્) જે લક્ષ્મી નાશ ન પામે એવી મોક્ષલક્ષ્મીને '**ઉપાદેયપણે નક્કી કરતા થકાં...**' આહાહા ! (ઉપાદેય એટલે) ગ્રહણ કરવા યોગ્ય (મોક્ષરૂપી લક્ષ્મી હિતતમ, સાચી અને અવિનાશી હોવાથી ઉપાદેય છે). એમ શ્રી કુંદકુંદાચાર્ય આ પ્રમાણે (નક્કી કરે છે) એમ શ્રી અમૃતચંદ્રાચાર્ય કહે છે. આહાહા ! આ તે વાતુ બાપુ ! માર્ગ (બહુ ઝીણો છે). આ તો સિદ્ધની કૃપાથી મળે છે (તેમ કહ્યું).

નિયમસારમાં પણ તે છે. જુઓ ! આ નિયમસાર છે ને ? તેની છઠ્ઠી ગાથા પછી કહ્યું છે કે '**ઈષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે (અર્થાત્ મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે), સુબોધ સુશાસ્ત્રથી થાય છે, સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે; માટે તેમના પ્રસાદને લીધે...**' (અહીં પણ પ્રસાદ કહ્યો !) આહાહા ! પદ્મમલધારિદેવ આધાર આપીને કહે છે. આધાર તો છે વિદ્યાનંદીસ્વામીનો. પણ આધાર એમણે આપ્યો છે. આહાહા ! '**માટે તેમના પ્રસાદને લીધે આપ્ત પુરુષ બુધજનો વડે પૂજવા યોગ્ય છે.**' છે (અંદર) ? '**માટે તેમના પ્રસાદને લીધે આપ્ત પુરુષ બુધજનો વડે પૂજવા યોગ્ય છે. (અર્થાત્ મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે, કેમ કે કરેલા ઉપકારને સાધુ પુરુષો (સજ્જનો) ભૂલતા નથી.)**' આહાહા ! અહીં (નિયમસારમાં) પણ 'પ્રસાદ' શબ્દ વાપર્યો છે. છે ને ? તેનો અર્થ જ એ (છે કે) તેમના જ્ઞાનમાં આવ્યું છે તે (તેમની) કૃપા (છે). આવી વાત છે, ભાઈ !

(અહીં કહે છે કે) '**મોક્ષલક્ષ્મીને ઉપાદેયપણે નક્કી કરતા...**' કોણ ? (કે) શ્રી કુંદકુંદાચાર્ય. આહાહા ! (તેઓ) '**પ્રવર્તમાન તીર્થના નાયક શ્રીમહાવીરસ્વામીપૂર્વક ભગવંત પંચપરમેષ્ઠીને...**' (અર્થાત્) બધાને. મહાવીરસ્વામીપૂર્વક અને પંચપરમેષ્ઠી (એટલે) બધા આવ્યા. '**પ્રણમન અને વંદનથી...**' (પ્રણમન એટલે) દેહથી નમવું તે. અને વંદન (એટલે) વચનથી સ્તુતિ કરવી તે. (નમસ્કારમાં પ્રણમન અને વંદન બંને સમાય છે). છે ને ? આહાહા ! '**પ્રણમન અને વંદનથી થતા નમસ્કાર વડે...**' દ્વૈત અને અદ્વૈત (નમસ્કાર) આગળ (૧ થી ૫ ગાથામાં) કહેશે. વિકલ્પ ઉઠે છે એ તો દ્વૈત નમસ્કાર છે. અને અંદર નિર્વિકલ્પ થઈ જાય છે તે અદ્વૈત નમસ્કાર છે. આહાહા ! આવી વાતુ છે.

'**પ્રણમન અને વંદનથી થતા નમસ્કાર વડે સંભાવીને...**' લ્યો ! સંભાવીને આવ્યું આમાં ! અહીંયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંભાવીને એટલે સન્માનીને. **'સર્વ આરંભથી (ઉદ્યમથી) મોક્ષમાર્ગનો આશ્રય કરતા થકા...'** શ્રી કુંદકુંદાચાર્ય મહારાજ **'મોક્ષમાર્ગનો આશ્રય કરતા થકા, પ્રતિજ્ઞા કરે છે.'** આહાહા ! જુઓ ! (શાસ્ત્ર રચવાનો શુભ) વિકલ્પ ઉઠ્યો છે. પણ તે (વાત ન કરી). (તે વાત) દ્વૈત નમસ્કારમાં નાખશે અને અહીં તો **'મોક્ષમાર્ગનો આશ્રય કરતા થકા...'** (તેમ કહ્યું). રાગનો આશ્રય કરતા થકા અને નિમિત્તનો આશ્રય (કરતા થકા), એમ નહીં. આહાહા ! લ્યો ! જુઓ ! આ મંગલીક !

હવે (શ્રીમદ્ ભગવતકુંદકુંદાચાર્યદેવ વિરચિત) ગાથાસૂત્રોનું અવતરણ કરવામાં આવે છે :-

सूत्रावतार :-

**एस सुरासुरमणुसिंदवंदिदं धोदघाइकम्ममलं।**
**पणमामि वड्ढमाणं तित्थं धम्मस्स कत्तारं।।१।।**
**सेसे पुण तित्थयरे ससव्वसिद्धे विसुद्धसब्भावे।**
**समणे य णाणदंसणचरित्ततववीरियायारे।।२।।**
**ते ते सव्वे समगं समगं पत्तेगमेव पत्तेगं।**
**वंदामि य वट्टंते अरहंते माणुसे खेत्ते ।।३।।**
**किच्चा अरहंताणं सिद्धाणं तह णमो गणहराणं।**
**अज्झावयवग्गाणं साहूणं चेवि सव्वेसिं।।४।।**
**तेसिं विसुद्धदंसणणाणपहाणासमं समासेज्ज।**
**उवसंपयामि सम्मं जत्तो णिव्वाणसंपत्ती ।।५।। [पणगं]**

(હરિગીત)

સુર-અસુર-નરપતિવંદ્યને, પ્રવિનષ્ટઘાતિકર્મને,
પ્રણમન કરું હું ધર્મકર્તા તીર્થ શ્રીમહાવીરને; ૧
વળી શેષ તીર્થંકર અને સૌ સિદ્ધ શુદ્ધાસ્તિત્વને,
મુનિ જ્ઞાન-દ્ગ-ચારિત્ર-તપ-વીર્યાચરણસંયુક્તને. ૨
તે સર્વને સાથે તથા પ્રત્યેકને પ્રત્યેકને,
વંદું વળી હું મનુષ્યક્ષેત્રે વર્તતા અર્હંતને. ૩
અર્હંતને, શ્રીસિદ્ધનેય નમસ્કરણ કરી એ રીતે,
ગણધર અને અધ્યાપકોને, સર્વસાધુસમૂહને; ૪
તસુ શુદ્ધદર્શનજ્ઞાનમુખ્ય પવિત્ર આશ્રમ પામીને,
પ્રાપ્તિ કરું હું સામ્યની, જેનાથી શિવપ્રાપ્તિ બને. ૫

'**पणमामि वड्ढमाणं**' - પહેલાં 'શ્રીમહાવીરસ્વામીપૂર્વક' કહ્યું હતું ને ? '**समणे य णाणदंसणचरित्ततववीरियायारे**' - લ્યો ! આ પાઠમાં આવ્યું અને ટીકામાં પણ આવશે કે શુદ્ધોપયોગને પ્રાપ્ત (શ્રમણો). પરંતુ આ તો શ્રીકુંદકુંદાચાર્ય કહે છે. આ પાંચ (જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર) છે તે નિર્વિકલ્પ છે. '**वंदामि य वट्टंते अरहंते माणुसे खेत्ते**' – આહાહા ! જે ભગવાન બિરાજે છે તેમને (વંદુ છું). (જ્યારે) બીજા બધાં તીર્થંકરો તો મોક્ષ પધાર્યા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


**ટીકા :-** હું પંચપરમેષ્ઠીને વંદન કરનાર (છું). (તો) હું એટલે કોણ ? (કે) **'આ સ્વસંવેદનપ્રત્યક્ષ'** આહાહા ! હું વંદન કરનાર કોણ છું ? કે હું તો **'સ્વસંવેદનપ્રત્યક્ષ દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ'** (છું). આહાહા ! (જે) વિકલ્પ છે તે હું નહિ અને એક સમયની પર્યાય જેટલો (પણ) હું નહિ. આહાહા ! (પરંતુ હું તો) **'આ - સ્વસંવેદનપ્રત્યક્ષ'** (છું). નીચે (તેનો) અર્થ છે. (સ્વસંવેદનપ્રત્યક્ષ એટલે) સ્વાનુભવથી પ્રત્યક્ષ. દર્શનજ્ઞાનસામાન્ય સ્વાનુભવથી પ્રત્યક્ષ છે. એ તો પહેલા (૧લા કલશમાં) આવી ગયું કે **'स्वोपलब्धि'** સ્વાનુભવથી પ્રત્યક્ષ - પ્રગટ - પ્રસિદ્ધ છે. આહાહા ! સ્વઅનુભવથી પ્રસિદ્ધ એવો હું (છું). આહાહા (પણ) અહીં એમ નથી કહ્યું કે હું પાંચ મહાવ્રતનો પાળનાર, હું નગ્ન અને હું ક્ષયોપશમભાવની પર્યાયવાળો. આહાહા ! આમ જાણે છે (તો) પર્યાય. પણ તે પર્યાય એમ જાણે છે કે હું તો 'સ્વસંવેદનપ્રત્યક્ષ દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ છું.' આહાહા !

૩૨૦ ગાથા (સમયસારની - જયસેનાચાર્યકૃત ટીકા) માં આવે છે ને ? (કે), પર્યાય એમ જાણે છે કે 'જે સકલનિરાવરણ - અખંડ - એક પ્રત્યક્ષપ્રતિભાસમય - અવિનશ્વર - શુદ્ધ - પારિણામિકપરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું' આહાહા ! 'જે' એમ કરીને લીધું હતું ને ? (તો) 'નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું.' આહાહા ! (તેમ કહ્યું). અહીં પોતે (આચાર્ય) કહે છે કે પણ હું કોણ (છું) ? (કે) હું સ્વસંવેદનપ્રત્યક્ષ દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ (છું). આહાહા ! હવે જેને વંદન કરું છું તે કોણ છે, તે વિશેષ કહેશે.

## (તા. ૮-૧-૧૯૭૯ – પ્રવચન નંબર-૨)

પ્રવચનસાર, પ્રથમ પાંચ ગાથાઓની ટીકા છે. **'एष'** શબ્દ પહેલો પડ્યો છે ને ? **'एष'** શ્રી કુંદકુંદાચાર્ય એમ કહે છે કે - **'एष'** તેનો અર્થ 'આ' છે. શ્રી કુંદકુંદાચાર્ય ભગવાન પાસે - સીમંધરપ્રભુ પાસે ગયા હતા અને આઠ દિવસ ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ સમયસારાદિ શાસ્ત્ર બનાવ્યા છે. તે પોતે ભગવાન કુંદકુંદાચાર્ય એમ કહે છે કે, આ હું કોણ છું ? કે **'स्वसंवेदनप्रत्यक्ष'** છું. આહાહા ! (અર્થાત્) મારા સ્વ-જ્ઞાનના સ્વભાવથી વેદનમાં પ્રત્યક્ષ છું. આહાહા ! જુઓ ! આ છદ્મસ્થ આચાર્ય ! (કહે છે કે) હું **'આ સ્વસંવેદનપ્રત્યક્ષ...'** સ્વાનુભવથી પ્રત્યક્ષ - **'દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ...'** (છું). છે ? (અર્થાત્) દર્શનજ્ઞાનસામાન્ય સ્વાનુભવથી પ્રત્યક્ષ છે. દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ એટલે ચૈતન્ય એમ પછી કહેશે. દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ એવું જે ચૈતન્ય (છે) તે સ્વસંવેદન પ્રત્યક્ષ (છે). આહાહા ! મારા જ્ઞાનમાં સ્વભાવથી - સ્વ નામ પોતાનું વેદન - સ્વસંવેદન પ્રત્યક્ષ છું. આહાહા ! જુઓ ! વંદન કરનાર એમ કહે છે કે હું તો (સ્વસંવેદનથી પ્રત્યક્ષ છું). મારો દર્શનજ્ઞાન સ્વભાવ એવો જે ચૈતન્ય (છે) તે સ્વસંવેદનથી હું પ્રત્યક્ષ છું. આહાહા ! એક વાત. હવે, હું વંદન કરનાર આ છું. (જો કે) છે (આ) વિકલ્પ (તો) પણ વંદન કરનાર હું આ (સ્વસંવેદનપ્રત્યક્ષ દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ) છું. આહાહા ! વંદવું અને પ્રણમવું - (એ) બે શબ્દ પડ્યા છે ને પાઠમાં ? વંદવું અને પ્રણમવું - બન્ને છે. પ્રણમન એટલે દેહથી નમન અને વંદવું એટલે વચનથી (સ્તુતિ). છે (તે) વિકલ્પ - દ્વૈત. (અહીં દ્વૈત અને અદ્વૈત) બન્ને ભેગા કરશે. આહાહા ! હું આ સ્વસંવેદનપ્રત્યક્ષ દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ ચૈતન્ય (છું).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે હું વંદન જેને કરું છું તે કોણ છે ? તે વાત કરે છે.

છે તો આ વિકલ્પ. આહાહા ! તે આવે છે - વિકલ્પ વચ્ચે આવ્યો છે. છતાં પણ છું તો હું આ - (સ્વસંવેદનપ્રત્યક્ષ દર્શનજ્ઞાનસામાન્ય સ્વરૂપ). આહાહા ! વિકલ્પ દ્વૈતપણે આવ્યો છે. (તો) પણ છું તો હું આ. આહાહા ! (આમ કહીને તેની સાથે એમ પણ કહી દીધું કે) તેને (વિકલ્પને) પણ જાણનારો એવો હું દર્શનજ્ઞાનસામાન્ય ચૈતન્યસ્વરૂપ છું. આહાહા ! આવું છે !

વંદવું અને પ્રણમવું બે શબ્દ છે ને ? (તો) પ્રણમવું એટલે કે અંદર ભાવ તો છે. પણ કાયાથી નમું છું અને વચનથી સ્તવન કરું છું (તે) વંદું છું. આહાહા !

હવે ભાવપાહુડની ૮૩મી ગાથામાં એમ આવ્યું કે - ભગવાન કુંદકુંદાચાર્ય પોતે એમ કહે છે કે - પૂજા, ભક્તિ, વંદન અને વૈયાવૃત ઇત્યાદિ તે રાગ છે. તે જૈનધર્મ નથી. સમજાય છે કાંઈ ? અને વ્રતનો વિકલ્પ છે તે પણ કાંઈ જૈનધર્મ નથી. આહાહા ! આવી વાત છે ! છતાં (તે વિકલ્પ) આવ્યો છે. આહાહા !

(અહીં કહે છે કે) એવો હું, '**જે સુરેન્દ્રો...**' આહાહા ! છે ને સુરેન્દ્રો ? (સુરેન્દ્રોનો અન્વયાર્થમાં અર્થ છે) - ઊર્ધ્વલોકવાસી દેવોના ઇન્દ્રો. એ સુરેન્દ્રો (અને) '**અસુરેન્દ્રો...**' (એ) અધોલોકવાસી દેવોના ઇન્દ્રો. (તથા) '**નરેન્દ્રો**' - એ મધ્યલોકવાસી મનુષ્યોના અધિપતિઓ - રાજાઓ. '**સુરેન્દ્રો, અસુરેન્દ્રો અને નરેન્દ્રોથી વંદિત હોવાથી...**' પહેલા સુરેન્દ્રો લીધા. ભગવાન અરિહંત પરમાત્મા - વર્ધમાન પરમાત્માને પહેલા યાદ કરે છે. (કેમ કે) તેમનું શાસન છે (તો) પ્રથમ ભગવાન વર્ધમાનને હું વંદન કરું છું, આહાહા !

'**સુરેન્દ્રો, અસુરેન્દ્રો અને નરેન્દ્રોથી વંદિત હોવાથી ત્રિલોકના એક (અનન્ય, સર્વોત્કૃષ્ટ) ગુરુ છે,...**' આહાહા ! સર્વજ્ઞદેવ પરમગુરુ (છે). આ ત્રિલોકના ગુરુ છે (એમ કહે છે). આહાહા ! '**ત્રિલોકના એક...**' (એમાં) એક છે ને ? (તો) એનો અર્થ (કર્યો) કે, અનન્ય, સર્વોત્કૃષ્ટ. આહાહા ! તેના જેવા કોઈ ગુરુ નથી, તે સર્વોત્કૃષ્ટ ગુરુ છે. આહાહા !

(હવે કહે છે કે) કેવા છે તે ? કે '**ઘાતિકર્મમળ ધોઈ નાખેલ હોવાથી...**' અહીં તો ઘાતિકર્મમળ, (એમ કહ્યું). (અર્થાત્) ભાવઘાતિ અને દ્રવ્યઘાતિને ધોઈ નાખેલ હોવાથી. એટલે કે તે પહેલા હતા એમ સિદ્ધ થયું ને ? તેને ધોઈ નાખેલ હોવાથી, '**જેમને જગત પર અનુગ્રહ કરવામાં સમર્થ...**' આહાહા ! દુનિયા ઉપર અનુગ્રહ કરવાને સમર્થ... આહાહા ! સમયસારની પાંચમી ગાથામાં આવે છે ને ? કે મારા ઉપર ગુરુએ અનુગ્રહ કર્યો. એ (ગુરુ) તો છદ્મસ્થ છે. અહીં તો તીર્થંકર - કેવળી (છે). આહાહા ! '**જગત પર અનુગ્રહ કરવામાં સમર્થ એવી અનંતશક્તિરૂપ પરમેશ્વરતા છે.**' આહાહા ! વર્ધમાન ભગવાન મહાવીર પરમાત્માની - પહેલા વાત કહે છે કે, (તેઓને) અનંતશક્તિરૂપ પરમેશ્વરતા છે - એકવાત. (તથા) '**તીર્થપણાને લીધે જે યોગીઓને તારવાને સમર્થ છે.**' (અર્થાત્) જે કોઈ સ્વરૂપમાં જોડાણ કરનારા યોગીઓ છે તેને નિમિત્ત તરીકે તારવા, સમર્થ છે. આહાહા ! 'તિન્નાણં, તારયાણં' - આવે છે ને ? 'નમોત્થુણં' માં આવે છે. '**યોગીઓને તારવાને સમર્થ છે,**' આહાહા ! '**ધર્મના કર્તા હોવાથી...**' (તેઓ) ધર્મના કર્તા છે (પણ) વાણીના કર્તા નથી. આહાહા ! '**ધર્મના કર્તા હોવાથી જે શુદ્ધસ્વરૂપપરિણતિના કરનાર છે...**' આહાહા !(અર્થાત્) ભગવાન મહાવીર - વર્ધમાન શુદ્ધસ્વરૂપ પરિણતિના કરનાર છે. આહાહા ! વર્ધમાનનો અર્થ કર્યો છે ને ? જયસેનાચાર્યની સંસ્કૃત ટીકામાં અર્થ કર્યો છે. જુઓ ! '**वड्ढमाणं अवसमन्ताद्‌द्धं वृद्धं मानं प्रमाणं ज्ञानं यस्य स भवति वर्धमानः**'- જેનું જ્ઞાન વર્ધમાન -

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પૂર્ણ થઈ ગયું છે (તે વર્ધમાન છે). આહાહા ! '**वड्ढमाणं प्रमाणं ज्ञानं यस्य स भवति वर्धमानः**' આહાહા !

એવા ભગવાન '**ધર્મના કર્તા હોવાથી...**' ધર્મ એટલે કે શુદ્ધ પરિણતિના કરનાર હોવાથી - (આ) ધર્મની વ્યાખ્યા. આહાહા ! પોતાની જે વીતરાગી કેવળજ્ઞાનની શુદ્ધ પરિણતિ છે તેના કર્તા હોવાથી ધર્મના કર્તા છે. આહાહા ! એ વાણીના કર્તા નથી. પણ અહીંયા તો ભગવાન - દ્રવ્ય - શુદ્ધ પરિણતિના કર્તા છે, (તેમ સિદ્ધ કર્યુ) નહીંતર (તો) (જે) શુદ્ધ પરિણતિ છે (તે) પોતાના ષટ્‌કારકપણે પરિણમતી સ્વતંત્ર છે. પરંતુ અહીં તો પરથી ભિન્ન બતાવીને (કહ્યું છે). આહાહા ! શુદ્ધ પરિણતિ(રૂપ) એવો જે ધર્મ (છે તે) '**ધર્મના કર્તા હોવાથી જે શુદ્ધસ્વરૂપપરિણતિના કરનાર છે.**' આહાહા ! આ સિદ્ધાંત ! આ પ્રવચનસાર !

(અહીંયા કહે છે કે) '**તે પરમ ભટ્ટારક**' ભટ્ટારક (અર્થાત્) પૂજનીય. '**પરમ ભટ્ટારક**' આ બધા અત્યારના જે ભટ્ટારક નામ ધરાવે છે તે નહિ (પણ) પરમ ભટ્ટારક. એક વાત. '**મહાદેવાધિદેવ...**' મહાદેવાધિદેવ (એટલે કે) ગણધરોના પણ દેવ. જે ગણધરદેવ (છે) તેના પણ દેવાધિદેવ. આહાહા ! મહાદેવાધિદેવ '**પરમેશ્વર**' - (એ) ત્રીજું વિશેષણ (આપ્યું). આહાહા ! '**પરમ પૂજ્ય**' (અર્થાત્) પરમ પૂજવાને લાયક છે. આહાહા ! (જે) હું પૂજનાર છું (તે) હું ચૈતન્યસ્વરૂપ છું અને તે પૂજનાર છે. અને આ (ભગવાન) પૂજવાલાયક છે - એવો અંદર વિકલ્પ ઊઠ્યો છે. આહાહા ! સમજાણું કાંઈ ?

બે વાત થઈને ? કે હું પૂજનાર છું અને આ પૂજ્ય છે. (તો કહે છે કે) '**પરમ પૂજ્ય, જેમનું નામગ્રહણ પણ સારું છે એવા શ્રીવર્ધમાનદેવને,...**' આહાહા ! વર્ધમાન (અર્થાત્) વૃદ્ધિગત થયેલો પૂર્ણ સ્વભાવ. એવું જ્યાં નામ પણ આવે છે (ત્યાં) વર્ધમાન - અંદર જ્ઞાન પૂર્ણ પ્રાપ્ત છે એવું અંતર સ્મરણ થઈ જાય (છે). આહાહા ! આવી વાત છે ! આ તો સંતોની વાણી છે.

'**જેમનું નામ ગ્રહણ પણ સારું છે...**' 'નામ ગ્રહણ પણ સારું છે.' - (તેમ કહ્યું). (કારણકે) એવો વિકલ્પ છે ને ? '**એવા શ્રીવર્ધમાનદેવને....**' આહાહા ! '**એવા શ્રીવર્ધમાનદેવને, પ્રવર્તમાન તીર્થના નાયકપણાને લીધે...**' કહે છે કે તેમને કેમ નમું છું ? કે પ્રવર્તમાન તીર્થ જે છે તેના નાયકપણાને લીધે '**પ્રથમ જ, પ્રણમું છું.**' પ્રથમ જ તેમને દેહથી નમું છું, એમ કહે છે. આહાહા ! પ્રણમું (છું) ને વંદું (છું) - બન્ને (છે) (તો) પ્રણમું છું (તે) દેહથી આમ નમું છું અને વંદું છું તે વચનથી - વચન ઉચ્ચારથી - વંદું છું. છે તો બન્ને દ્વૈત - વિકલ્પ. (અહીં) પછી દ્વૈત અને અદ્વૈત બન્ને લેશે. આહાહા !

(હવે કહે છે કે) '**ત્યારપછી જેઓ વિશુદ્ધસત્તાવાળા હોવાથી...**' આહાહા ! જેઓ વિશુદ્ધ - નિર્મળ હોવાવાળા હોવાથી (અર્થાત્) તીર્થંકરો અને સિદ્ધ (જે) ભૂતકાળમાં થઈ ગયા (છે તેઓ બધા) વિશુદ્ધ સત્તાવાળા હોવાથી - આવા કારણે - '**તાપથી ઉત્તીર્ણ થયેલા (છેલ્લો તાપ દેવાઈને અગ્નિમાંથી બહાર નીકળેલા) ઉત્તમ સુવર્ણ સમાન...**' આહાહા ! ધ્યાન (રૂપી) અગ્નિ કરીને છેલ્લા તાપથી (જે) છેલ્લે સર્વજ્ઞ અને સર્વદર્શી પરમાત્મા થયા (છે તેઓ) તાપથી ઉત્તીર્ણ થયેલા - બહાર નીકળેલા - '**ઉત્તમ સુવર્ણ સમાન શુદ્ધ દર્શનજ્ઞાનસ્વભાવને પામ્યા છે...**' આહાહા ! પહેલું કહ્યું હતું ને ? કે હું શુદ્ધ દર્શનજ્ઞાનસામાન્ય ચૈતન્યસ્વરૂપ છું. તો તેઓ પણ શુદ્ધ દર્શનજ્ઞાનસ્વરૂપ - ચૈતન્યસ્વરૂપને પામ્યા છે. આહાહા !

'**શુદ્ધ દર્શનજ્ઞાનસ્વભાવને પામ્યા છે એવા શેષ અતીત તીર્થંકરોને...**' (અર્થાત્) ભૂતકાળના અનંત તીર્થંકરોને... આહાહા ! વર્તમાનમાં પણ (તેમના) તીર્થના નાયકપણાને લીધે પ્રથમ વંદું - પ્રણમું છું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહાહા ! (પણ હવે) આ અતીતના તીર્થંકરોને - ગત - ભૂતકાળમાં થઈ ગયેલા (તીર્થંકરોને) '**અને સર્વ સિદ્ધોને**' પ્રણમું છું તે લેશે. '**તથા જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર...**' આહાહા ! (આ નિશ્ચયની વાત છે.) જ્ઞાનનું નિશ્ચય આચરણ, દર્શનનું નિશ્ચય આચરણ, ચારિત્રનું (નિશ્ચય) આચરણ, તપાચરણ (અર્થાત્) ઇચ્છા નિરોધરૂપી તપાચરણ અને '**વીર્યાચાર સહિત હોવાથી જેમણે પરમ શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે...**' જુઓ ! આ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ! આહાહા ! અને (પં. ટોડરમલ્લજીએ મોક્ષમાર્ગ પ્રકાશકના પહેલા અધ્યાયમાં) એમ લીધું છે. પહેલા અરિહંત ને સિદ્ધનું સ્વરૂપ બતાવ્યા પછી શુદ્ધોપયોગરૂપ મુનિધર્મને પ્રાપ્ત આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ એમ ત્રણ નામ લીધા.

(કહે છે કે) જૈનના આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ કેવા હોય ? આહાહા ! અન્યમાં તો તે (આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ) હોય શકે જ નહીં. (પણ) જૈનના આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ (કેવા હોય છે ?) કે '**જેમણે પરમ શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે.**' આહાહા ! વંદન કરવા વખતે તો વિકલ્પ છે. છતાં પરમ શુદ્ધ ઉપયોગભૂમિકાને અમે પ્રાપ્ત કરી છે (એમ કહે છે). આહાહા ! આ તો સમુચ્ચય વાત કરે છે ને ? '**જેમણે પરમ શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે...**' આહાહા ! તીર્થંકરો તો ઉત્તમ સુવર્ણ સમાન (સંસારથી) બહાર પૂર્ણ નીકળી ગયા છે. આ (આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ) શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત થયા છે. (પણ) સર્વજ્ઞગુરુ - પરમગુરુ હજી નથી થયા આહાહા ! અને તેથી કહ્યું હતું ને ? કે ભગવાન શુદ્ધ પરિણતિરૂપી ધર્મના કરનાર છે. આહાહા ! (જ્યારે) આ - આચાર્ય, ઉપાધ્યાય ને સાધુએ - પરમ શુદ્ધ ઉપયોગદશાને પ્રાપ્ત કરી છે. આહાહા !

અત્યારે એમ કહે છે કે પંચમકાળમાં - શુભ ઉપયોગ જ હોય. અરે પ્રભુ ! શું કહે છે ? ભાઈ ! આગળ ભલે ન વધી શકે પણ છે એમ કબૂલ તો કર કે માર્ગ તો આ છે. આહાહા ! આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ તેને કહીએ કે જેમણે પરમ ઉત્કૃષ્ટ શુદ્ધ ઉપયોગ(દશાને) પ્રાપ્ત કરી છે. આહાહા ! તેનો અર્થ એ (થયો) કે ચોથે અને પાંચમે (ગુણસ્થાને) પણ જરી શુદ્ધ ઉપયોગ કોઈ વખતે હોય છે. ભાઈ ! આહાહા ! પણ આ મુનિએ (તો) - આચાર્ય, ઉપાધ્યાય ને સાધુએ (તો) - પરમ શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે. આહાહા ! શું શૈલી ! સમ્યગ્દર્શન પામે છે ત્યારે પણ શુદ્ધ ઉપયોગ જ હોય છે. પણ તે પરમ શુદ્ધ ઉપયોગ - આ આચાર્ય (ઉપાધ્યાય ને સાધુને) હોય છે એવો નહિ. આહાહા ! આવી વાત છે !

'**જેમણે પરમ શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે.**' આહાહા ! (અર્થાત્) જેમણે પુરુષાર્થથી પરમ શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે એમ કહે છે. '**એવા શ્રમણોને...**' છે ને (અંદર) ? શ્રમણ એટલે ? કે આચાર્યત્વ - આચાર્યપણું, ઉપાધ્યાયપણું (અને) સાધુપણું. '**શ્રમણોને - કે જેઓ આચાર્યત્વ, ઉપાધ્યાયત્વ અને સાધુત્વરૂપ વિશેષોથી વિશિષ્ટ (- ભેદવાળા) છે તેમને - પ્રણમું છું.**' (અર્થાત્) એવા વિશેષોથી ખાસ ભેદવાળા છે તેમને પ્રણમું છું. તેમને પણ હજી દેહથી નમું છું. આહાહા ! આ તો શાંતિનો માર્ગ છે. બહુ ધીરેથી પકડે (તો) સમજાય એવું છે, બાપુ ! આહાહા !

ભૂતકાળના અનંત તીર્થંકરો તો જો કે સિદ્ધ થઈ ગયા છે. (છતાં પણ) તે ભૂતકાળના અનંત તીર્થંકરો અને સર્વ સિદ્ધો એમ લીધું ને ? આહાહા ! નહીંતર (તો જે) તીર્થંકર ભૂતકાળના છે એ તો સિદ્ધ થઈ ગયા છે. પરંતુ તેમણે આ રીતે પ્રાપ્ત કર્યું છે અને પછી સિદ્ધ થયા છે (એમ બતાવવું છે). આહાહા ! તથા પરમ શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે એવા શ્રમણો (છે). આહાહા ! આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત ને સાધુ ભગવંત. આહાહા ! બાપુ ! જેમની બાહ્ય તો નગ્નદશા હોય છે (અને) જેમને વસ્ત્રનો એક ટુકડો પણ હોય નહિ (તથા જેમણે) અભ્યંતરમાં શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે. તેમાં વચ્ચે સ્થિર ન રહે અને વિકલ્પ આવે (તો) પણ તેમણે શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે. - તે સાધુ છે, તે ઉપાધ્યાય છે અને તે આચાર્ય છે. આહાહા ! સમજાણું કાંઈ ? એવા તેમને પ્રણમું છું - તેમને શિરસા નમું છું. દેહથી એટલે કે શિરસા (નમું છું). આહાહા !

(હવે કહે છે કે) '**ત્યાર પછી આ જ પંચપરમેષ્ઠીને,...**' - પાંચેય પરમેષ્ઠી આવી ગયા ને ? '**તે તે વ્યક્તિમાં (પર્યાયમાં) વ્યાપનારા બધાયને**' (એટલે કે) તે તે પર્યાયમાં વ્યાપનારા બધાયને... આહાહા ! અને '**હાલમાં આ ક્ષેત્રે ઉત્પન્ન તીર્થંકરોનો અભાવ હોવાથી...**' આહાહા ! (પહેલા તો) મહાવીરભગવાન લીધા. અને પછી ભૂતકાળના અનંત તીર્થંકરો અને સિદ્ધ લીધા. (અને હવે) આ વર્તમાન તીર્થંકર છે (તેની વાત કરે છે). આહાહા ! સમજાણું કાંઈ ? (પહેલા) વર્ધમાન મહાવીર (ભગવાન) લીધા - પ્રણમન (કર્યું). (કેમ કે) તેમનું શાસન ચાલે છે. માટે પ્રવર્તમાન તીર્થના નાયકપણાને લીધે (પ્રણમન કર્યું) અને પછી ભૂતકાળના અનંત તીર્થંકરો થઈ ગયા, સિદ્ધ થઈ ગયા તેમને (પ્રણમન કર્યું) અને હવે વર્તમાનમાં મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે (તેમને પ્રણમન કરે છે). આહાહા !

(અહીં કહે છે કે) '**આ ક્ષેત્રે ઉત્પન્ન તીર્થંકરોનો અભાવ હોવાથી...**' આ ક્ષેત્રમાં ઉત્પન્ન તીર્થંકરોનો અભાવ હોવાથી. પણ મહાવિદેહક્ષેત્રમાં.... હવે વર્તમાન લેવું છે ને ? (તો કહે છે કે) વર્તમાનમાં.... આહાહા ! આ ક્ષેત્રે ઉત્પન્ન તીર્થંકરોનો અભાવ છે. પહેલા વર્ધમાન પ્રભુ લીધા. અને પછી ભૂતકાળ લીધો. હવે વર્તમાન (લે છે). વર્તમાનમાં આ ક્ષેત્રે (તીર્થંકર) ઉત્પન્ન થવાનો અભાવ છે. આહાહા ! '**મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરોનો સદ્‌ભાવ હોવાથી...**' આહાહા ! વર્તમાનમાં અહીંયા (તીર્થંકર) નથી. ભૂતકાળમાં થઈ ગયેલા મહાવીરભગવાનને વંદન કર્યું, પ્રણમન કર્યું. (હવે) વર્તમાનમાં અહીંયા (તીર્થંકર) નથી. પણ વર્તમાનમાં મહાવિદેહમાં છે. આહાહા ! '**મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરોનો સદ્‌ભાવ હોવાથી મનુષ્યક્ષેત્રમાં પ્રવર્તતા...**' એ મનુષ્યક્ષેત્રમાં છે ને ? (તો) '**મનુષ્યક્ષેત્રમાં પ્રવર્તતા તીર્થનાયકો સહિત...**' જે બધાં વર્તમાનમાં છે એ તીર્થનાયકો સહિત '**વર્તમાનકાળગોચર કરીને...**' (અર્થાત્) બધા ભૂતકાળના તીર્થંકરોને પણ વર્તમાનમાં ગમ્ય કરીને (સંભાવું છું, તેમ કહે છે). આહાહા ! સમજાણું કાંઈ ?

મનુષ્યક્ષેત્રે (પ્રવર્તતા) તીર્થનાયકો સહિત વર્તમાનકાળગોચર કરીને (એટલે કે) વર્તમાનમાં જેમ ભગવાન બિરાજે છે એમ જ ભૂતકાળના તીર્થંકરોને પણ વર્તમાનમાં ગમ્ય કરીને.. આહાહા ! વર્તમાનકાળ ગમ્ય કરીને (અર્થાત્) '**મહાવિદેહક્ષેત્રમાં વર્તતા શ્રીસીમંધરાદિ તીર્થંકરોની જેમ જાણે બધાય પંચપરમેષ્ઠી ભગવંતો વર્તમાનકાળમાં જ વર્તતા હોય એમ અત્યંત ભક્તિને લીધે ભાવીને - ચિંતવીને, તેમને) યુગપદ્ યુગપદ્**' (અર્થાત્) બધાને '**અર્થાત સમુદાયરૂપે અને પ્રત્યેક પ્રત્યેકને**' (એટલે કે) એક એકને, ભિન્ન-ભિન્ન આહાહા ! '**અર્થાત્ વ્યક્તિગતરૂપે સંભાવું છું.**' (સંભાવવું એટલે) સન્માન કરવું, આરાધવું. આહાહા ! ટીકા ઘણી ગંભીર છે ! આહાહા !

શ્રોતા :- અહીંયા ભાવિની વાત ન આવી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- અત્યારે તો થઈ ગયા અને વર્તમાન છે (એટલે કે) થઈ ગયા ને વર્તે છે (એટલા લીધા છે). શ્રીવર્ધમાનભગવાન થઈ ગયા અને (શ્રીસીમંધરભગવાન) વર્તે છે. (તો) એટલા લીધા. આહાહા ! (તેઓને) વ્યક્તિગતરૂપે સંભાવું છું. દરેકને - (પ્રત્યેકને અર્થાત્) વર્તમાન વર્તતા અને ભૂતકાળના બધાને વર્તમાનવત્ સન્માન આપું છું. આહાહા ! (હવે) '**કઈ રીતે સંભાવું છું ?**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કઈ રીતે સન્માન આપું છું ? આહાહા ! (તે કહે છે).

'**મોક્ષલક્ષ્મીના સ્વયંવર સમાન જે પરમ નિર્ગ્રંથતાની દીક્ષાનો ઉત્સવ...**' આહાહા ! તેમને (આચાર્યને) તો દીક્ષાનો ઉત્સવ થઈ ગયો છે. પણ (જાણે કે) અત્યારે જ (દીક્ષાનો ઉત્સવ હોય તે રીતે વાત કરે છે). આહાહા ! મોક્ષલક્ષ્મી (અર્થાત્) સિદ્ધની અનંત જ્ઞાન, દર્શન આદિ લક્ષ્મી (અને) તેના સ્વયંવર સમાન એવી મારી દીક્ષા છે (તેમ કહે છે). (સ્વયંવર એટલે કે) તેને સ્વયં - હું પોતે વરું છું. આહાહા ! આ સ્વયંવર નથી થતો ? (જેમ) કન્યાઓ માટે સ્વયંવર થાય છે તેમ આ મારી દીક્ષા (મોક્ષલક્ષ્મીનો) સ્વયંવર છે - (હું પોતે તેને વરું છું).

મારે સ્વયંવર સમાન પરમ નિર્ગ્રંથતાની દીક્ષાનો ઉત્સવ છે, આહાહા ! આનંદમય પ્રસંગ છે. આહાહા ! પરમ નિર્ગ્રંથતાની દીક્ષાનો અમારે પ્રસંગ છે. આહાહા ! '**તેને ઉચિત મંગળાચરણભૂત**' - (અર્થાત્) મંગળના આચરણભૂત... આહાહા ! હજી આ વ્યવહારથી વાત છે હોં ! વિકલ્પની (વાત છે). '**મંગળાચરણભૂત જે કૃતિકર્મશાસ્ત્રોપદિષ્ટ વંદનોચ્ચાર (કૃતિકર્મશાસ્ત્રે ઉપદેશેલાં સ્તુતિવચન) તે વડે સંભાવું છું.**' કૃતિકર્મશાસ્ત્રોપદિષ્ટ એટલે અંગબાહ્ય ૧૪ પ્રકીર્ણકોમાં છઠ્ઠું પ્રકીર્ણક 'કૃતિકર્મ' છે. જેમાં નિત્ય-નૈમિત્તિક ક્રિયાનું વર્ણન છે. પહેલા પ્રણમું હતું હવે વંદન કહ્યું. પ્રણમું છું એટલે દેહથી નમું (છું). વંદનોચ્ચાર (એટલે) વાણીથી (સ્તુતિ). '**...વંદનોચ્ચાર (કૃતિકર્મશાસ્ત્રે ઉપદેશેલાં સ્તુતિવચન) તે વડે સંભાવું છું.**' આહાહા !

જોયું ? સ્તુતિ વચનનો વિકલ્પ છે, ભેદ (છે). (કેમકે) નમસ્કાર કર્યો છે. (તેમાં) હું અને પરમ એમ બે (છે). હું આરાધક (અને) આ આરાધ્ય એવા ભેદથી તેમનું સન્માન કરું છું. આહાહા ! છે આ વિકલ્પ, વ્યવહાર. આહાહા ! (અહીં તો) બીજું કહેવું છે કે તે (વિકલ્પ) છે તેનું જ્ઞાન કરેલું છે, એમાં હું છું, એમ. આહાહા ! હું સંવેદનમાં છું એમ આવ્યું છે ને ? જે (વિકલ્પ) છે તેનું અહીં જ્ઞાન થાય છે (અને) તે જ્ઞાનમાં - સ્વસંવેદનમાં હું છું, દર્શનજ્ઞાનના ચૈતન્યસ્વરૂપમાં હું છું. આહાહા ! શું એની શૈલી ! આહાહા !

શ્રોતા :- પરમ નિર્ગ્રંથતામાં શ્રેણી ગણવી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- મુનિપણું, મુનિપણું. (મુનિપણું એ) પરમ નિર્ગ્રંથતાની દીક્ષાનો ઉત્સવ છે. આહાહા ! પરમ નિર્ગ્રંથ (મુનિ છે) (અને) સમકિતીને પણ એક ન્યાયે નિર્ગ્રંથ તો કહેવાય. (કેમ કે) રાગની ગાંઠથી (તે) નીકળી ગયો છે. પણ આ (મુનિને) તો પરમ નિર્ગ્રંથતા (છે). આહાહા ! પરમ નિર્ગ્રંથ મુનિ છે. આહાહા ! આ તો આચાર્ય છે. (તેમને) પરમ નિર્ગ્રંથતાની દીક્ષાનો ઉત્સવ છે. આહાહા ! આનંદમય ઉત્સવ છે. આહાહા ! '**તેને ઉચિત મંગળાચરણભૂત જે કૃતિકર્મશાસ્ત્રોપદિષ્ટ વંદનોચ્ચાર (કૃતિકર્મશાસ્ત્રે ઉપદેશેલાં સ્તુતિવચન) તે વડે સંભાવું છું.**' વિકલ્પથી (સંભાવું છું). આહાહા !

'**હવે એ રીતે અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય તથા સર્વ સાધુને, પ્રણામ અને વંદનોચ્ચાર**' બે થયા ને ? શિરસા અને વચન ઉચ્ચાર (એટલે કે) દેહનમન અને વચનોચ્ચાર આહાહા ! '**વડે પ્રવર્તતા દ્વૈત દ્વારા...**' આહાહા ! આ દ્વૈત છે. (કેમ કે) હું અને આ (એમ બે છે ને ?) પ્રણમું છું અને વચન ઉચ્ચારથી (વંદું છું તો તે પણ) દ્વૈત છે, વિકલ્પ છે, રાગ છે. આહાહા !

હવે અદ્વૈત કહે છે, '**ભાવ્યભાવકપણાને લીધે...**' ભાવ્ય (એટલે) ભાવવા યોગ્ય, ચિંતવવાયોગ્ય, ધ્યાન કરવા યોગ્ય અર્થાત્ ધ્યેય (અને ભાવક એટલે) ભાવનાર, ચિંતવનાર, ધ્યાન કરનાર અર્થાત્ ધ્યાતા. ધ્યાતા અને ધ્યેય. ભાવ્ય-ધ્યેય (છે) અને ભાવક-ધ્યાતા (છે). તે પણાને લીધે '**ઊપજેલા અતિ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ગાઢ ઇતરેતર મિલનના કારણે...**' આહાહા ! હું આરાધક અને હું આરાધ્ય એમ અભેદ થઈ ગયો. (જે) વિકલ્પ છે તે તો છે. પરંતુ તે પછી પણ અને તે કાળે પણ એક ન્યાયે અદ્વૈત નમસ્કાર થયો છે. આહાહા !

નમસ્કારના બે પ્રકાર (છે). દ્વૈત અને અદ્વૈત. દ્વૈતમાં પ્રણમન અને વંદન (છે). (પણ) અદ્વૈતમાં (તે) બે નહીં. નમસ્કારના બે પ્રકાર !! સમજાણું કાંઈ ? આહાહા ! છે ને (અંદર) ? '**અતિ ગાઢ ઇતરેતર મિલનના કારણે...**' છે ? (ઇતરેતર મિલને એટલે) એકબીજાનું - પરસ્પર - મળી જવું અર્થાત્ મિશ્રિત થઈ જવું. એટલે કે ભિન્નપણું ન રહેવું. આહાહા ! '**સમસ્ત સ્વપરનો વિભાગ વિલીન થઈ જવાથી...**' (પહેલા) દ્વૈત કહ્યું અને હવે અદ્વૈત કહે છે. આહાહા ! '**જેમાં અદ્વૈત પ્રવર્તે છે...**' છે ? આહાહા ! (અદ્વૈતનો અર્થ નીચે છે કે) 'પંચપરમેષ્ઠી પ્રત્યે અત્યંત આરાધ્યભાવને લીધે આરાધ્ય એવા પંચપરમેષ્ઠી ભગવંતોનો અને આરાધક એવા પોતાનો ભેદ વિલય પામે છે.' આહાહા ! 'આ રીતે નમસ્કારમાં અદ્વૈત પ્રવર્તે છે.' આહાહા ! નમસ્કારમાં દ્વૈત પણ છે અને આ રીતે અદ્વૈત પણ છે. આહાહા ! નમસ્કારમાં પ્રણમન અને વંદન એ ભેદ પણ છે અને નમસ્કારમાં ભાવ્યભાવકનું ભિન્નપણું છૂટીને અંદર અભેદપણે નમે છે (તો એવું અભેદપણું પણ છે). એવો (અભેદ) નમસ્કાર (પણ છે). (આમ) નમસ્કારના બે પ્રકાર (છે). આહાહા !

પ્રશ્ન :- અમારે બેમાંથી ક્યો નમસ્કાર કરવો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- જાણવાના બે છે. (પણ) કરવાની (અહીં વાત નથી). આ તો વિકલ્પ આવે છે કે હું વંદન કરનાર અને આ વંદનને યોગ્ય. હું વંદન કરનાર એટલે કે વચન ઉચ્ચારથી (સ્તુતિ) અને હું પ્રણમન કરનાર એટલે દેહથી (નમન). એવો જે નમસ્કાર (છે) તે દ્વૈત નમસ્કાર છે અને અંદરમાં વિકલ્પ રહિત આરાધ્ય અને આરાધક હું જ છું. (તે અદ્વૈત નમસ્કાર છે). આરાધક હું અને આરાધ્ય ભગવાન એ (ભેદ) છૂટીને, આરાધક ને આરાધ્ય - ધ્યેય ને ધ્યાતા - બેય એક જ, હું, છું. (અર્થાત્) વ્યવહારમાં નિમિત્ત જે પર હતું તે છૂટીને કહે છે કે ધ્યેય પણ હું ને ધ્યાતા પણ હું (તે અદ્વૈત નમસ્કાર છે) આહાહા ! આવું જીણું છે, પ્રભુ !

પ્રશ્ન :- દ્વૈત-અદ્વૈત નમસ્કારમાં પછી અને અત્યારે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- તે બધું (દ્વૈત-અદ્વૈત) સાથે જ છે. જેટલો અંતર એકાગ્ર થયો છે તેટલો અદ્વૈત નમસ્કાર (છે) (અને) જેટલો વિકલ્પ છે એટલો દ્વૈત (નમસ્કાર છે). આહાહા ! જ્ઞાન પ્રધાન કથન છે ને ? એટલે તેમાં જ્ઞાન છે. આહાહા ! વિકલ્પ છૂટી જાય છે ત્યારે પણ આમ હોય છે અને વિકલ્પ કાળે (પણ) જે દ્વૈતપણું છે તેનું જ્યાં અંદર અભેદપણું થઈ જાય છે ત્યારે અદ્વૈત નમસ્કાર (થાય) છે. 'નમઃ સમયસારાય' આહાહા ! આ પ્રવચનસાર ! આહાહા ! (કહે છે કે) '**જેમાં અદ્વૈત પ્રવર્તે છે એવો નમસ્કાર કરીને...**' જોયું ? આહાહા ! બે થયા ને ? કે '**પ્રણામ અને વંદનોચ્ચાર વડે પ્રવર્તતા દ્વૈત દ્વારા...**' એ પણ નમસ્કાર (છે) અને ભાવ્યભાવકપણાનો વિભાગ વિલીન થઈ જવાથી જેમાં અદ્વૈત પ્રવર્તે છે એવો (પણ) નમસ્કાર (છે). (એમ) બે થયાને ? ભાઈ ! આહાહા ! સમજાણું કાંઈ ?

(હવે કહે છે કે) '**તે જ અર્હંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સર્વસાધુના આશ્રમને...**' આહાહા ! અર્હંત-સિદ્ધ-આચાર્યનું સ્થાન શું છે ? પંચ પરમેષ્ઠીનો આશ્રમ શું છે ? કે અંદર વિશુદ્ધ જ્ઞાનદર્શનપ્રધાન તેમનો આશ્રમ છે. - ભાવ આશ્રમ (છે). આ બહારનો આશ્રમ (તે તેમનો આશ્રમ) નથી. આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(તો કહે છે કે) **'આશ્રમને - કે જે (આશ્રમ) વિશુદ્ધજ્ઞાનદર્શનપ્રધાન હોવાથી...'** જેના આશ્રમમાં - (જેની) અંદરમાં - જેમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન મુખ્ય (છે). (તે) પંચ પરમેષ્ઠીનો આશ્રમ છે. (એટલે કે) પોતે જ અંદર આશ્રમ છે તે વિશુદ્ધજ્ઞાનદર્શન સંપન્ન (છે). છે (અંદર) ? **'વિશુદ્ધજ્ઞાનદર્શનપ્રધાન હોવાથી સહજશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવવાળા'** (અર્થાત્) સહજ શુદ્ધ દર્શન ને જ્ઞાન જેનો સ્વભાવ છે એવા. **'સહજશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવવાળા આત્મતત્ત્વનાં...'** આ આત્મતત્ત્વ કેવું છે ? (કે) સ્વભાવિક શુદ્ધ (જે) દર્શન છે અને સ્વભાવિક શુદ્ધ (જે) જ્ઞાન છે (તેના) સ્વભાવવાળો (છે) એવા **'આત્મતત્ત્વનાં શ્રદ્ધાન ને જ્ઞાન જેમનાં લક્ષણ છે...'** આ આશ્રમ-ભાવ આશ્રમ (છે). **'એવા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો સંપાદક છે તેને - પામીને...'** આહાહા ! (સંપાદક એટલે) પ્રાપ્ત કરાવનારા. આશ્રમ (તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને) પ્રાપ્ત કરાવનાર છે (તેમ કહે છે).

અહીં કહે છે કે તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને પ્રાપ્ત થયેલ (એવો) હું હવે ચારિત્ર અંગીકાર કરું છું.

પ્રશ્ન :- ચારિત્ર તો છે જ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો અહીં સમજાવવું છે ને ? કે આ રીતે ચારિત્ર અંગીકાર કર્યું છે અને આ રીતે ચારિત્ર અંગીકાર (થાય છે). - એમ બતાવવું છે ને ? આહાહા ! (તો કહે છે કે) **'તેને - પામીને, સમ્યગ્દર્શનજ્ઞાનસંપન્ન થઈને...'** જોયું ? આહાહા ! ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ છે તેના દર્શનને પામીને (અને) તેના જ્ઞાનને પામીને (અર્થાત્) નિશ્ચય દર્શન, જ્ઞાન પામીને... આહાહા !

કોઈ કહે છે કે નિશ્ચય સમ્યગ્દર્શનની ખબર ન પડે ! અરે પ્રભુ ! શું કહે છે, ભાઈ ? આહાહા ! અહીં તો કહે છે કે વિશુદ્ધ - સહજ વિશુદ્ધ - **'સહજ શુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવવાળા આત્મતત્ત્વનાં શ્રદ્ધાન ને જ્ઞાન જેમનાં લક્ષણ છે એવા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો સંપાદક છે...'** તે આશ્રમ - ભાવઆશ્રમ (છે) **'તેને-પામીને સમ્યગ્દર્શનજ્ઞાનસંપન્ન થઈને, જેમાં કષાયકણ વિદ્યમાન હોવાથી...'** હવે ચારિત્રની વ્યાખ્યા આવે છે. આહાહા !

કહે છે કે **'જેમાં કષાયકણ'** (અર્થાત્) કષાયનો નાનો અંશ **'વિદ્યમાન હોવાથી જીવને જે પુણ્ય બંધની પ્રાપ્તિનું કારણ છે.'** આહાહા ! (એટલે કે) છઠ્ઠે ગુણસ્થાને હજી રાગનો કણ ઊભો છે. આહાહા ! સમ્યગ્દર્શન અને જ્ઞાનને પ્રાપ્ત કરીને હવે હું સામ્યભાવને, વીતરાગભાવને (પ્રાપ્ત કરું છું) કે જેમાં છઠ્ઠે ગુણસ્થાને કષાયનો કણ ઊભો છે. આહાહા !

**'પુણ્યબંધની પ્રાપ્તિનું કારણ છે એવા સરાગચારિત્રને - તે (સરાગચારિત્ર) ક્રમે આવી પડ્યું હોવા છતાં..'** (અહીં) આમ (છઠ્ઠા ગુણસ્થાનને પહેલા) લીધું છે. નહીંતર તો પહેલાં સાતમું (ગુણસ્થાન) આવે છે. ભાઈ ! પણ અહીં તો દર્શન-જ્ઞાન પામીને હવે ચારિત્રને - વીતરાગ ચારિત્રને - અંગીકાર કરું છું. તે પહેલા આવો એક વિકલ્પ, રાગ, સરાગ(ચારિત્ર) આવે છે (એમ બતાવવું છે). (પણ) તે ચારિત્ર સરાગ છે અને બંધનનું કારણ છે. આહાહા !

(કહે છે કે) **'(સરાગચારિત્ર) ક્રમે આવી પડ્યું હોવા છતાં...'** એટલે પાછું (એમ લીધું કે) છઠ્ઠે ગુણસ્થાને કષાયનો કણ આવ્યો છે (તે, તેના ક્રમે આવ્યો છે). **'ગુણસ્થાન આરોહણના ક્રમમાં જબરજસ્તીથી અર્થાત્ ચારિત્રમોહના મંદ ઉદયથી આવી પડેલું હોવા છતાં) દૂર ઓળંગી જઈને...'** આહાહા ! પંચ મહાવ્રતાદિનો વિકલ્પ ઊઠયો છે તે કષાયનો કણ છે, આહાહા ! **'દૂર ઓળંગી જઈને...'** એમ પાછી ભાષા (જોઈ) ? 'ઓળંગી જઈને' એમ પણ નહીં. આહાહા ! (પણ) **'(દૂરથી ઓળંગી જઈને)'** (એટલે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


દૂરથી તેને ઉત્પન્ન થવા ન દીધું. '**જે સમસ્ત કષાયકલેશરૂપ કલંકથી ભિન્ન હોવાથી નિર્વાણની પ્રાપ્તિનું કારણ છે એવા વીતરાગચારિત્ર...**' જુઓ ! આ ચારિત્ર ! વીતરાગ ચારિત્ર ! આહાહા ! મુનિનું વીતરાગ ચારિત્ર હોં ! કેવળીની વાત જુદી છે. આહાહા ! '**સમસ્ત કષાયકલેશ**' એ રાગ હતો એ ક્લેશ હતો. આહાહા ! (તેને ઓળંગી જઈને) અહીંયા સમસ્ત કષાયકલેશ છે એ કલંક છે, આહાહા ! '**જે સમસ્ત કષાયકલેશરૂપ કલંકથી ભિન્ન હોવાથી નિર્વાણની પ્રાપ્તિનું કારણ છે એવા વીતરાગચારિત્ર નામના સામ્યને પ્રાપ્ત કરું છું.**' સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રાપ્ત થઈને - ક્રમે રાગનો કણ સરાગપણે આવે છે, તેને ઓળંગી જઈને હું, '**વીતરાગચારિત્ર નામના સામ્યને પ્રાપ્ત કરું છું.**' આ પંચમ આરાના આચાર્ય મુનિ પોતે કહે છે. આહાહા !

અરે ભગવાન ! (આચાર્ય પોતે કહે છે કે) જ્ઞાયકભાવ છે તેનું દર્શન-જ્ઞાન થયું છે. (છતાં કહે છે કે) હજી ચારિત્રમાં રાગનો કણ આવે છે. આહાહા ! (છતાં પણ) તેને ઓળંગી જઈને વીતરાગ ચારિત્ર નામના સામ્યને પ્રાપ્ત કરું છું. ઓહો...હો ! આ કુંદકુંદાચાર્ય આમ કહે છે, તેમ તેના ટીકાકાર કહે છે. આહાહા !

(કહે છે કે) '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રના ઐક્યસ્વરૂપ એકાગ્રતાને હું અવલંબ્યો છું.**' આહાહા ! ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે હું પંચ પરમેષ્ઠીનું સ્થાન - આશ્રમ - જે ઘર (છે) એવા સમ્યગ્દર્શન-જ્ઞાનને પામીને હવે ચારિત્રને - વર્તમાનમાં વિકલ્પ આવે છે તોપણ તેને છોડીને વીતરાગ ચારિત્રને - અવલંબ્યો છું. આહાહા ! તે જ (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર) એ ત્રણનું એકસ્વરૂપ એવા એકાગ્રતાને હું અવલંબ્યો છું. આહાહા ! શું વાણી ! ને શું તત્ત્વ ! આહાહા ! અલૌકિક છે ! '**એવો (આ) પ્રતિજ્ઞાનો અર્થ છે.**' આહાહા !

'**આ રીતે ત્યારે આમણે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવે) સાક્ષાત્ મોક્ષમાર્ગને અંગીકાર કર્યો.**' આહાહા ! કહો, પંચમ આરાના સંત - આચાર્ય એમ કહે છે કે હું સમ્યગ્દર્શન-જ્ઞાનને પ્રાપ્ત થયેલો છું. હવે રાગનો કણ આવ્યો (છે) તેને ઓળંગીને વીતરાગ ચારિત્રને પ્રાપ્ત થાવ છું. તેથી, ત્રણની (એકતારૂપ) એકાગ્રતાને હું અવલંબ્યો છું - એવો આ પ્રતિજ્ઞાનો અર્થ છે. આહાહા ! શું ટીકા ! ગજબ વાત છે ! ઓહોહો ! એક-એક અક્ષર ને એક-એક શબ્દમાં ઘણી ગંભીરતા (છે). આહાહા ! આ કાંઈ કથા નથી. આહાહા !

'**સાક્ષાત મોક્ષમાર્ગને અંગીકાર કર્યો.**' છે (અંદર) ? આહાહા ! છે ને ? એ તો ટીકામાં છે ને ? '**एवं तावदयं साक्षान्मोक्षमार्ग संप्रतिपन्नः**' આહાહા ! જ્ઞાયકસ્વભાવ (કે) જે દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ - ચૈતન્યસ્વરૂપ (છે) તેના હું દર્શન અને જ્ઞાનને પામીને હવે, વચમાં (જે) રાગ આવ્યો છે તેને ઓળંગી જઈને આહાહા ! વીતરાગ ચારિત્રને અંગીકાર કરું (છું). કે જે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકાગ્રતાને - એકસ્વરૂપની એકાગ્રતાને - ત્રણના એકસ્વરૂપની એકાગ્રતાને - હું અવલંબ્યો છું. (એટલે કે) એવા સાક્ષાત્ માર્ગને અંગીકાર કર્યો. આહાહા ! ધન્ય કાળ ! ધન્ય દિવસ ! જુઓ ! આ આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ. પ્રભુ ! આચાર્ય-ઉપાધ્યાય-સાધુ કેવા હોય ! અહીં તો જેમણે પરમ શુદ્ધ ઉપયોગ ભૂમિકાને પ્રાપ્ત કરી છે (તે આચાર્ય - ઉપાધ્યાય ને સાધુ છે તેમ કહે છે). આહાહા ! તે (પરમ શુદ્ધ ઉપયોગ ભૂમિકાને અમે પ્રાપ્ત કરી છે તે) અમને ખબર છે, અમને તેનું જ્ઞાન છે, એમ કહે છે. આહાહા ! ખબર નથી એમ નહિ.

આહાહા ! ભગવાન જ્ઞાયકસ્વરૂપની અનુભવમાં પ્રતીતિ તે સમ્યગ્દર્શન, ભગવાન જ્ઞાયકસ્વરૂપનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथायमेव वीतरागसरागचारित्रयोरिष्टानिष्टफलत्वेनोपादेयहेयत्वं विवेचयति -

**संपज्जदि णिव्वाणं देवासुरमणुयरायविहवेहिं।**
**जीवस्स चरित्तादो दंसणणाणप्पहाणादो।।६।।**

संपद्यते निर्वाणं देवासुरमनुजराजविभवैः।
जीवस्य चरित्राद्दर्शनज्ञानप्रधानात्।।६।।

संपद्यते हि दर्शनज्ञानप्रधानच्चारित्राद्वीतरागान्मोक्षः। तत एव च सरागाद्देवासुरमनुजराजविभवक्लेशरूपो बन्धः। अतो मुमुक्षुणेष्टफलत्वाद्वीतरागचारित्रमुपादेयमनिष्टफलत्वात्सरागचारित्रं हेयम्।।६।।

---

अथोपादेयभूतस्यातींद्रियसुखस्य कारणत्वाद्वीतरागचारित्रमुपादेयम्। अतींद्रियसुखापेक्षयाहेयस्येन्द्रियसुखस्य कारणत्वात्सरागचारित्रं हेयमित्युपदिशति - **संपज्जदि** संपद्यते। किम्। **णिव्वाणं** निर्वाणम्। कथम्। सह। कैः। **देवासुरमणुयरायविहवेहिं** देवासुरमनुष्यराजविभवैः। कस्य। **जीवस्स** जीवस्य। कस्मात्। **चरित्तादो** चारित्रात्। कथंभूतात्। **दंसणणाणप्पहाणादो** सम्यग्दर्शनज्ञानप्रधानादिति। तद्यथा-आत्माधीनज्ञानसुखस्वभावे शुद्धात्मद्रव्ये यन्निश्चलनिर्विकारानुभूतिरूपमवस्थानं तल्लक्षणनिश्चयचारित्राज्जीवस्य समुत्पद्यते। किम्। पराधीनेन्द्रियजनितज्ञानसुखविलक्षणं, स्वाधीनातीन्द्रियरूपपरमज्ञानसुखलक्षणं निर्वाणम्। सरागचारित्रात्पुनर्देवासुरमनुष्यराजविभूतिजनको मुख्यवृत्त्या विशिष्टपुण्यबन्धो भवति, परम्परया निर्वाणं चेति। असुरेषु मध्ये सम्यग्दृष्टिः कथमुत्पद्यते इति चेत्निदानबन्धेन सम्यक्त्वविराधनां कृत्वा तत्रोत्पद्यत इति ज्ञातव्यम्। अत्र निश्चयेन वीतरागचारित्रमुपादेयं सरागं हेयमिति भावार्थः।।६।।

---

જ્ઞાન (તે સમ્યગ્જ્ઞાન) અને તે (ભગવાન જ્ઞાયકસ્વરૂપમાં) રાગરહિતની રમણતા તે વીતરાગ (સમ્યક્) ચારિત્ર (છે). તે દર્શન-જ્ઞાન-ચારિત્રની એકાગ્રતાની એકતાને - એક સ્વરૂપની એકાગ્રતાને - હું અવલંબ્યો છું. (એમ કહે છે). આહાહા ! (અહીં) પર્યાયો કીધી - ત્રણ પર્યાયને અવલંબ્યો (એમ કહ્યું). (કેમ કે) જ્ઞાનપ્રધાન કથન છે ને ? આહાહા !

(કહે છે કે) **'સાક્ષાત્ મોક્ષમાર્ગને અંગીકાર કર્યો.'** અરે ! પંચમ આરાના સંત આહાહા ! દર્શન-જ્ઞાનની તો ખબર પડી પણ મેં ચારિત્રને અંગીકાર (કર્યું) - સામ્યભાવને અંગીકાર કરું છું. (અને) એકની એકાગ્રતાને પણ હું અવલંબ્યો છું એ મને ખબર છે (એમ કહે છે) આહાહા ! વાણી જુદી બાપા ! એ દિગંબર સંતોની વાણી જુદી ! આહાહા ! વીતરાગપણું એ જ ચારિત્ર છે અને સકળ ચારિત્ર (પણ) એ જ છે. આહાહા ! પંચ પરમેષ્ઠીની પાંચ ગાથા બહુ (ગંભીર છે). હવે છઠ્ઠી ગાથા.

**'હવે આ જ (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) વીતરાગચારિત્ર ઇષ્ટફળવાળું હોવાથી...'** આહાહા ! રાગ રહિત જે વીતરાગ ચારિત્ર (છે) તે ઇષ્ટફળવાળું છે. (કેમ કે) તેનું ફળ મોક્ષ છે. એટલે તે ઇષ્ટ છે, **'તેનું ઉપાદેયપણું'** (છે), આહાહા ! વીતરાગ ચારિત્ર તે ઇષ્ટ નામ મોક્ષનું દેનાર હોવાથી તેનું ઉપાદેયપણું (છે). (અર્થાત્) આદરવાલાયક (છે). **'અને સરાગચારિત્ર અનિષ્ટફળવાળું હોવાથી...'** આહાહા ! (એ) રાગનો કણ છે. (પણ) એકલો રાગ નહીં. (કેમ કે) મુનિ છે તેથી (સમ્યક્) ચારિત્રનો અંશ છે. છતાંપણ હજી રાગનો અંશ જોડે છે (તો) એવું સરાગચારિત્ર અનિષ્ટફળવાળું હોવાથી... ગજબ છે !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


હવે આજ (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) વીતરાગચારિત્ર ઇષ્ટ ફળવાળું હોવાથી તેનું ઉપાદેયપણું અને સરાગચારિત્ર અનિષ્ટ ફળવાળું હોવાથી તેનું હેયપણું વિવેચે છે :-

**સુર-અસુર-મનુજેન્દ્રો તણા વિભવો સહિત નિર્વાણની**
**પ્રાપ્તિ કરે ચારિત્રથી જીવ જ્ઞાનદર્શનમુખ્યથી. ૬.**

**અન્વયાર્થ** :- (**जीवस्य**) જીવને (**दर्शनज्ञानप्रधानात्**) દર્શનજ્ઞાનપ્રધાન (**चरित्रात्**) ચારિત્રથી (**देवासुरमनुजराजविभवैः**) દેવેન્દ્ર, અસુરેન્દ્ર ને નરેન્દ્રના વૈભવો સહિત (**निर्वाणं**) નિર્વાણ (**संपद्यते**) પ્રાપ્ત થાય છે. (જીવને સરાગચારિત્રથી દેવેન્દ્ર વગેરેના વૈભવની અને વીતરાગ ચારિત્રથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે.)

**ટીકા** :- દર્શનજ્ઞાનપ્રધાન ચારિત્રથી, જો તે (ચારિત્ર) વીતરાગ હોય તો, મોક્ષ પ્રાપ્ત થાય છે; અને તેનાથી જ, જો તે સરાગ હોય તો, દેવેંદ્ર-અસુરેંદ્ર-નરેંદ્રના વૈભવક્લેશરૂપ બંધ પ્રાપ્ત થાય છે. આથી મુમુક્ષુએ ઇષ્ટ ફળવાળું હોવાથી વીતરાગચારિત્ર ગ્રહણ કરવાયોગ્ય (ઉપાદેય) છે, અને અનિષ્ટ ફળવાળું હોવાથી સરાગચારિત્ર છોડવાયોગ્ય (હેય) છે. ૬.

---

આહાહા ! સાધુના પાંચ મહાવ્રતના પરિણામ અને ૨૮ મૂળગુણ સરાગચારિત્ર (છે). અને તે અનિષ્ટ ફળવાળું હોવાથી '**તેનું હેયપણું વિવેચે છે.**' (અર્થાત્) તે છોડવાલાયક છે, એમ કહે છે. આહાહા ! (આચાર્ય ભગવાને) દ્વૈત નમસ્કાર કર્યો છે - પ્રણમન ને વંદન (કર્યો છે) - (છતાં) પણ કહે છે કે તે બધું હેય છે... આહાહા !

આહાહા ! એવા (જીવ) લીધા (છે) કે જે સમકિતથી ભ્રષ્ટ થયા છે અને અસુરેન્દ્રનું આયુષ્ય બંધાય ગયું છે. (છતાં, તે નિર્વાણ પ્રાપ્તિ કરશે તેમ કહે છે).

ટીકા :- '**દર્શનજ્ઞાનપ્રધાન ચારિત્રથી...**' જેમાં સમ્યગ્દર્શન અને જ્ઞાન મુખ્ય છે... નિશ્ચય હોં ! વ્યવહાર તો રાગ છે. (જેમાં) દર્શનજ્ઞાન મુખ્ય છે એવા ચારિત્રથી '**જો તે (ચારિત્ર) વીતરાગ હોય તો, મોક્ષ પ્રાપ્ત થાય છે.**' આહાહા !

પ્રભુ ! આપ એમ કહો છો પણ અત્યારે મોક્ષ તો નથી ? છતાં, 'અમે તો વીતરાગ ચારિત્ર અંગીકાર કર્યું છે' - (એમ કહો છો) ? એ એટલો મોક્ષ જ છે. અને છેલ્લે (૨૭૪ ગાથામાં) કહેશે ને ? (કે) મોક્ષમાર્ગ છે તે મોક્ષ જ છે. આહાહા ! ભગવાન (આત્મા) મુક્ત સ્વરૂપ છે. પ્રભુ ! તેના દર્શન-જ્ઞાન થયા ત્યાં એટલો મુક્ત થઈ ગયો. અને ચારિત્ર થયું ત્યારે (તો) ઘણો મુક્ત થઈ ગયો. આહાહા !

(અહીં) કહે છે કે મુક્તસ્વરૂપનું દર્શન, મુક્તસ્વરૂપનું જ્ઞાન અને મુક્તસ્વરૂપમાં વીતરાગી રમણતા હોય તો મોક્ષ પ્રાપ્ત થાય. '**અને તેનાથી જ, જો તે સરાગ હોય તો, દેવેન્દ્ર...**' એ તો ઠીક કે વૈમાનિક દેવ થાય. પણ 'અસુરેન્દ્ર' - એ વાત જરી... (સૂક્ષ્મ છે). આહાહા ! કોઈ વખતે કહે છે કે તેને નિદાન આદિ થઈ જાય ને સમકિતથી ભ્રષ્ટ થઈ જાય. એવો અત્યારે જરી કાળ છે. છતાંપણ પાછા ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષ જશે. વિશેષ વાત કહેવાશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## (તા. ૯-૧-૧૯૭૯ – પ્રવચન નંબર-૩)

પ્રવચનસાર, છઠ્ઠી ગાથા (ચાલે છે). (અહીં કહે છે કે) '**દર્શનજ્ઞાનપ્રધાન ચારિત્રથી...**' કુંદકુંદાચાર્ય મહારાજ એમ કહે છે કે હું સામ્ય અંગીકાર કરું (છું). સમ્યગ્દર્શન-જ્ઞાન(રૂપ જે) ભાવાશ્રમ છે તેને પામીને (હવે) હું વીતરાગ સામ્યભાવરૂપી ધર્મને અંગીકાર કરું છું. સમ્યગ્દર્શન-જ્ઞાન વિના ચારિત્ર હોય નહિ.

દર્શનજ્ઞાનપ્રધાન (એટલે) મુખ્ય. આત્મદૃષ્ટિ - દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ એ મુખ્ય (હોય છે). અને તે જ્ઞાયક સ્વભાવનું જ્ઞાન એ (પણ) પહેલા મુખ્ય (હોય છે). આહાહા ! (પછી) ચારિત્રથી (અર્થાત્) સમ્યગ્દર્શનજ્ઞાનપ્રધાન ચારિત્રથી '**જો તે (ચારિત્ર) વીતરાગ હોય તો...**' રાગના કણ વિનાની વીતરાગી રમણતા (હોય તો) (અર્થાત્) સ્વરૂપમાં રમણતારૂપ વીતરાગ ચારિત્ર (હોય તો) '**મોક્ષ પ્રાપ્ત થાય છે.**' (અને) તેની દશા બાહ્યમાં નગ્ન (જ) હોય છે.

અંતરમાં એની દશા વીતરાગ ચારિત્રની હોય તો તે મોક્ષને પ્રાપ્ત થાય છે. '**અને તેનાથી જ, જો તે સરાગ હોય તો...**' તેનાથી જ એટલે દર્શન-જ્ઞાન તો છે. પણ ચારિત્રની વીતરાગતા ન હોય અને છઠ્ઠા ગુણસ્થાનમાં રાગનો વિકલ્પ હોય (તો) આહાહા ! તેનાથી જ જો તે સરાગ હોય (તો) (અર્થાત્) છઠ્ઠા ગુણસ્થાનમાં જે પંચમહાવ્રતાદિના રાગનો ભાગ રહે છે તે જો હોય તો, તે રાગથી 'દેવેન્દ્ર' - વૈમાનિક દેવનો ઈન્દ્ર આદિ થાય (છે) અને 'અસુરેન્દ્ર' - અસુરનો ઈન્દ્ર થાય (છે).

તો (પ્રશ્ન થાય) છે કે દર્શનજ્ઞાનપ્રધાનથી જો સરાગ હોય તો અસુર(દેવ) કેમ થાય ?

(શ્રી જયસેનાચાર્યે) તેનો ખુલાસો કર્યો છે કે દર્શનથી ભ્રષ્ટ થઈ જાય (તો અસુરદેવ થાય) આહાહા ! જયસેનાચાર્યની ટીકામાં છે ને ? '**निदानबन्धेन**' । '**असुरेषु मध्ये सम्यग्दृष्टिः कथमुत्पद्यते इति चेत्**' સંસ્કૃતમાં ત્રીજી લીટી છે. '**निदानबन्धेन सम्यक्त्वविराधनां कृत्वा**' આહાહા ! અંદરમાં કોઈ રાગનો કાંઈ હેતુ બંધાય જાય અને સમ્યગ્દૃષ્ટિ ભ્રષ્ટ થાય (તો અસુરદેવ થાય). જોયું ? દર્શનજ્ઞાનપ્રધાન ચારિત્ર હતું તો તે મુક્તિને પામે (છે) અને દર્શનજ્ઞાનપ્રધાન ચારિત્ર હોવા છતાં જેને રાગ છે એ તો વૈમાનિકમાં - સુરેન્દ્રોમાં જાય (છે). પરંતુ તે જો દર્શનજ્ઞાનથી ભ્રષ્ટ થઈ જાય - પામેલો પણ ભ્રષ્ટ થઈ જાય (તો અસુરેન્દ્રમાં જાય). પંચમકાળ છે એટલે આવો એક ભાવ લીધો. નહીંતર તો ૩૮ ગાથા આદિમાં તો એમ લીધું કે એ જે સમ્યગ્દર્શન થયું તે હવે અમને ફરીને મિથ્યાત્વ ઉત્પન્ન થવાનું નથી. - એવી એક ધોખ માર્ગની વાત કરી. આહાહા !

પરંતુ અહીંયા જરી (એવી વાત કરી કે) સમ્યગ્દર્શન હતું, જ્ઞાન હતું (ને) ચારિત્ર પણ હતું. પણ તેમાંથી તે ભ્રષ્ટ થયો. આહાહા ! (અર્થાત્) દ્રવ્યદૃષ્ટિ - જ્ઞાયકભાવની જે દૃષ્ટિ - હોવી જોઈએ તે દૃષ્ટિ ફરી ગઈ અને કંઈક રાગ ને વિકલ્પના પ્રેમમાં ફસાય ગયો. તો તે જીવ-મિથ્યાદૃષ્ટિ-મરીને અસુરેન્દ્ર થાય, અસુર-અસુર (થાય). આહાહા ! પહેલા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હતું. પણ પછી ભ્રષ્ટ થયો તેની અહીં વાત છે. આહાહા ! તે અસુરેન્દ્રોમાં જાય, (તથા) સમ્યગ્દર્શન સહિત સરાગ ચારિત્ર હોય તો, તે નરેન્દ્રોમાં (પણ) જાય. (પરંતુ) સ્વર્ગમાં જઈને મનુષ્ય થાય. પહેલા તો (તે) સ્વર્ગમાં જ જાય. સમ્યગ્દૃષ્ટિ જે મનુષ્ય હોય તે મરીને સ્વર્ગના વૈમાનિકમાં જ જાય. સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય મરીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


મનુષ્ય ન થાય. - એ પરમાગમનો લેખ છે, સિદ્ધાંત (છે). આહાહા ! સમજાય છે કાંઈ ? અહીં જે 'નરેન્દ્ર (થાય)' એમ કહ્યું છે (તેનો અર્થ એ છે કે) તે સ્વર્ગમાં જઈને મનુષ્ય થાય. (કેમ કે) સમ્યગ્દર્શન સહિત ચારિત્ર હોય અને મરીને મનુષ્યમાં જાય એમ કોઈ દિવસ બને નહીં. - એમ પરમાગમના સિદ્ધાંતના એ સિદ્ધ થઈ ગયેલા તત્ત્વો છે. (જે) મનુષ્ય સમકિતી હોય તે મરીને મહાવિદેહમાં જાય (તે) કોઈ દિવસ બને નહિ. હા, મિથ્યાત્વમાં બંધ પડી ગયો હોય અને પછી પણ મિથ્યાત્વ રહી ગયું હોય તો, તે મહાવિદેહમાં જાય. પણ મિથ્યાત્વમાં મનુષ્યનો બંધ પડી ગયો અને પછી સમ્યગ્દર્શન પામ્યો હોય તો તે જીવ ભોગભૂમિમાં જાય - જુગલિયામાં જાય. આહાહા ! આવા ભગવાનના સિદ્ધાંતો છે. બાપા ! એમાં (જો) આડુંઅવળું - ફેરફાર કરી નાખે તો (તે) સ્વચ્છંદ છે. આહાહા !

અહીંયા તો (જે) સમકિતથી ભ્રષ્ટ થયેલો (છે તેની વાત છે). અને આમ પાછો શબ્દ તો એમ છે કે... છે ને ? કે '**संपज्जदि णिव्वाणं**' - '**संपद्यते निर्वाणं**' પછી ભલે મનુષ્ય થઈને મોક્ષ જાય. પણ પહેલા તો સમકિતથી ભ્રષ્ટ થઈ જાય છે (તે) મિથ્યાદૃષ્ટિ (થઈ જાય છે) - (અને) અસુરેન્દ્રમાં જાય. આહાહા ! સમજાણું કાંઈ ? આ તો ભગવાનની વાણી છે. આહાહા !

(તો કહે છે કે) '**જો તે સરાગ હોય તો, દેવેન્દ્ર-અસુરેન્દ્ર-નરેન્દ્રના વૈભવક્લેશરૂપ...**' એ (દેવેન્દ્ર-અસુરેન્દ્ર ને નરેન્દ્રના વૈભવ) તો ક્લેશ છે (એમ કહે છે). આહાહા ! (જો) સરાગ ભાવ રહી ગયો ને વીતરાગ ન થયો (હોય તો), (અર્થાત્) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત હોય - છઠ્ઠા ગુણસ્થાનની (સરાગ) ચારિત્રદશા હોય (તો) તે પણ સ્વર્ગમાં જાય (છે) અને ત્યાંથી મનુષ્ય થાય (છે). પરંતુ તે બધાં ક્લેશમાં (છે). - એ બધો ક્લેશ છે. આહાહા ! વૈમાનિકનો ભવ પણ રાગથી પામ્યો છે (તો) તે ક્લેશ છે. આહાહા !

'**વૈભવક્લેશરૂપ બંધ પ્રાપ્ત થાય છે.**' આહાહા ! એકલો ક્લેશ (છે). જ્ઞાનીને પણ જો રાગ બાકી રહી ગયો ને સ્વર્ગમાં જાય તો ક્લેશમાં જાય છે. (કેમ કે ત્યાં) એકલો ક્લેશ છે. આહાહા ! ભલે તે ક્લેશનો કર્તા નથી. દૃષ્ટિ (અપેક્ષાએ) હોં ! (બાકી) પર્યાયથી તેનું જ્ઞાન કરવું હોય તો તે પર્યાયમાં રાગ છે અને (તે) પરિણમન તેનું છે. માટે, કર્તા પણ કહેવાય (છે). આહાહા ! એ તો દ્રવ્યદૃષ્ટિથી (કહ્યું હતું કે કર્તા નથી).

(અહીં કહે છે કે) સ્વભાવની જ્યાં દૃષ્ટિ (થઈ) જ્ઞાયકમૂર્તિ પ્રભુ (આત્મા છે) એવો જ્યાં અનુભવ થયો - (ત્યાં) તેને પણ જો રાગ બાકી રહી જાય તો તે વૈમાનિકના ક્લેશમાં જાય (છે). આહાહા ! અને ત્યાંથી નરેન્દ્ર પણ થાય. એટલે કોઈ એમ કહે કે તેનાથી (મનુષ્યપણામાંથી) સીધો નરેન્દ્ર થાય (તો) એમ નથી. સમજાણું કાંઈ આમાં ? સમ્યગ્દર્શન - આત્મ અનુભવ (જેને થયો છે) તેને જે રાગ બાકી રહ્યો અને તે સમ્યગ્દર્શનમાં (વખતે) આયુષ્ય બંધાય તો, તો વૈમાનિકનું જ બંધાય. તે સિવાય બીજું બંધાય જ નહિ. પણ કદાચિત્ મિથ્યાત્વમાં મનુષ્યનું આયુષ્ય પહેલું બંધાય ગયું હોય અને પછી સમકિત - સમ્યગ્દર્શન સહિત હોય તો તે મરીને ભોગભૂમિમાં જાય. પરંતુ મહાવિદેહમાં ન જાય. આહાહા ! આમ પરમાગમના, સિદ્ધાંતના, કુંદકુંદાચાર્યના લેખો છે. સમજાણું કાંઈ ?

(અહીં) નરેન્દ્ર કહ્યો છે તો કોઈ એમ કહે કે સરાગ ચારિત્રવાળો સીધો નરેન્દ્રમાં જાય (છે), (તો એમ નથી). સમજાય છે ? આહાહા ! સમ્યગ્દર્શન-જ્ઞાન છે અને ત્રણ કષાયના અભાવરૂપી ચારિત્ર પણ છે. પરંતુ હજી વીતરાગ ચારિત્ર થયું નહિ ને રાગ અંશે બાકી રહ્યો છે તો તે સ્વર્ગમાં - વૈમાનિકમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય (છે) અને ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જાય (છે). સમજાણું કાંઈ ? પણ સમ્યગ્દૃષ્ટિ જીવ અહીંથી સીધો મહાવિદેહમાં જાય અને કેવળજ્ઞાન પામે તે વીતરાગની વાણી નથી - પરમાગમનું એ કથન નથી. આહાહા !

એથી અહીં (કહે છે કે) દેવેન્દ્રો - સમકિત સહિત જાય. (અને) અસુરેન્દ્ર-સમકિતથી ભ્રષ્ટ થઈને જાય. (તથા) નરેન્દ્ર-વૈમાનિકમાંથી નરેન્દ્ર થાય. સમજાણું કાંઈ ? તેના વૈભવક્લેશરૂપ બંધ (છે). (અર્થાત્) એટલો રાગ બાકી રહી ગયો અને તેથી સ્વર્ગમાં પણ ગયો તો તે ક્લેશ છે. ત્યાં ક્લેશનું બંધન છે. આહાહા !

પ્રશ્ન :- દ્રવ્યલિંગી હોય તો પણ નરેન્દ્ર ન થાય ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- સમકિત ન હોય પણ જો દ્રવ્યલિંગી હોય - દ્રવ્યલિંગીનું આચરણ બરાબર હોય - તો, (તે) મરીને સ્વર્ગમાં જ જાય. (પણ) દ્રવ્યલિંગીને મિથ્યાત્વમાં આયુષ્ય બંધાય ગયું હોય અને પછી મિથ્યાત્વ કાયમ રહે તો, તો કોઈ મરીને મનુષ્ય પણ થાય. પરંતુ જેને મિથ્યાત્વ તો છે પણ શુભભાવ વધી ગયા - નવમી ગ્રૈવેયક જેવા શુભભાવ થયા - તો તે મરીને સ્વર્ગમાં જ જાય. બહુ કામ આકરું, બાપા ! આહાહા ! પરમાગમની આ સ્થિતિ છે. (તેમાં પોતાના) ઘરના સ્વચ્છંદે કાંઈપણ કલ્પના કરવી તે સ્વચ્છંદી(પણું) છે.

અહીં કહે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાનથી ભ્રષ્ટ થયેલો અસુરેન્દ્ર થાય અને સમ્યગ્દર્શન-જ્ઞાનપ્રધાન ચારિત્ર (જો) રાગવાળું હોય તો તે દેવેન્દ્ર થાય (છે) અને ત્યાંથી મરીને નરેન્દ્ર થાય (છે). પરંતુ તે બધાં વૈભવના ક્લેશરૂપ બંધને (પ્રાપ્ત) થાય (છે). આહાહા ! '**આથી મુમુક્ષુએ...**' આહાહા ! (અર્થાત્) પરમાનંદના લાભરૂપી મોક્ષના અભિલાષી જીવે... આહાહા ! એમ પહેલા કહ્યું હતું ને ? પરમાનંદના લાભના ઇચ્છાવાળા ભવ્ય જીવો માટે આ કહું છું. - એમ આવ્યું હતું ને ? પહેલા આવ્યું હતું. ત્રીજો શ્લોક છે ને ? એમાં આવ્યું હતું કે '**પરમાનંદરૂપી સુધારસના પિપાસુ ભવ્ય જીવોના હિતને માટે,...**' આ કહું છું. છે ને ? આહાહા ! આ તો સત્યશ્રુત છે. (આ) ભગવાનની વાણીમાંથી નીકળેલો (સાર છે), દિવ્યધ્વનિનો - પ્ર+વચનનો - સાર છે. પ્રવચનસાર છે ને ? તો (પ્ર+વચન+સાર) એટલે દિવ્ય વચનોનો (સાર), દિવ્યધ્વનિનો સાર. આહાહા !

અહીં કહે છે કે, માટે મુમુક્ષુએ (અર્થાત્) પરમાનંદરૂપી અમૃતના પિપાસુ જીવોએ આહાહા ! '**ઇષ્ટ ફળવાળું હોવાથી...**' આહાહા ! ઓલા વૈભવને ક્લેશરૂપ બંધ (કહ્યો). (જ્યારે હવે કહે છે કે) '**મુમુક્ષુએ ઇષ્ટ ફળવાળું હોવાથી વીતરાગચારિત્ર ગ્રહણ કરવાયોગ્ય (ઉપાદેય) છે.**' આહાહા ! જેમાં રાગનો કણ નથી (પણ) આત્માની રમણતા (છે) (અર્થાત્) સમ્યગ્દર્શન-જ્ઞાન સહિતની જ્ઞાયકભાવમાં જેની રમણતા જામી ગઈ છે, આહાહા ! એવા વીતરાગ ચારિત્રને મુમુક્ષુ નામ પરમાનંદરૂપી સુધારસના પિપાસુ એ (ગ્રહણ કરવા યોગ્ય છે). આ વીતરાગ ચારિત્ર ગ્રહણ કરવા યોગ્ય છે. આહાહા ! '**અને અનિષ્ટ ફળવાળું હોવાથી...**' જોયું ? આહાહા ! સમ્યગ્દર્શન હો, જ્ઞાન હો અને ચારિત્રનો અંશ પણ હો. પરંતુ (હજી) જો રાગ બાકી છે તો (તે) અનિષ્ટ ફળવાળું (છે). (અને તેથી) '**સરાગચારિત્ર છોડવાયોગ્ય (હેય) છે.**' આહાહા !

મુનિને જે પંચ મહાવ્રતનો રાગ આવે છે તે કહે છે કે સરાગ છે. માટે છોડવા લાયક છે. આહાહા ! આવી વાતુ (છે). સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચારિત્ર છે. પણ અંદર રાગ બાકી છે. તો તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(સરાગચારિત્ર) આવું હોવાથી (અનિષ્ટ ફળવાળું હોવાથી) છોડવા યોગ્ય છે. આ એકલા મિથ્યાદૃષ્ટિની વાત નથી. (પણ) જેને મહાપ્રભુ જ્ઞાયકભાવ દૃષ્ટિમાં - અનુભવમાં - વેદનમાં આવ્યો છે (તેની વાત છે). વેદનમાં તો પર્યાય આવે છે. પણ તે જ્ઞાયકભાવ તરફની દૃષ્ટિ થઈ એટલે તેનું વેદન છે એમ કહેવામાં આવે છે. આહાહા !

તેણે વીતરાગ ચારિત્ર ગ્રહણ કરવું. કેમ કે તે ઇષ્ટ ફળ-મોક્ષનું કારણ છે. પણ જો તેને સરાગભાવ રહી જશે તો તે સરાગ ચારિત્ર અનિષ્ટ ફળવાળું (છે). એકલા ક્રિયાકાંડના રાગની અહીં વાત નથી. (પણ) અહીં તો સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત (જેને) ચારિત્રનો અંશ પણ છે (તેની વાત છે). પરંતુ ભેગો જે રાગનો અંશ રહી ગયો તો તે સરાગ ચારિત્ર અનિષ્ટ ફળવાળું હોવાથી છોડવા યોગ્ય છે, હેય છે. આહાહા !

પંચ મહાવ્રત, પાંચ સમિતિ (અને) ગુપ્તિ (આદિનો) વ્યવહાર હો, એ બધો રાગ છે. આહાહા ! તે રાગ જ્ઞાનીને જાણવાલાયક છે. છતાં (જે) બાકી રહ્યો છે તેનું ફળ તો અનિષ્ટ છે. તેથી તે હેય છે. આહાહા ! સમ્યગ્દર્શન-જ્ઞાન-અનુભવ સહિત જો ચારિત્રની રમણતાનો અંશ છે અને ભેગો રાગ (પણ) જો રહી ગયો તો, અનિષ્ટ ફળવાળું હોવાથી તે સરાગ ચારિત્ર છોડવાયોગ્ય છે. આહાહા ! (વીતરાગ ચારિત્રને) ગ્રહણ કરવા યોગ્ય કીધું હતું ને ? તો તેને ઉપાદેય કીધું. અને (સરાગ ચારિત્રને) છોડવાયોગ્ય કીધું (હતું) તો તેને હેય કીધું. - (એ તો) તેનો ખુલાસો કર્યો.

વીતરાગ ચારિત્ર, આહાહા ! ધન્ય ! એ મુનિદશાને હોય (છે). (અને) તે બહારમાં નગ્ન હોય છે. વસ્ત્રવાળાને એ મુનિપણું હોતું નથી. આહાહા ! અને (જે) વસ્ત્રસહિત છે તે (પોતાને) મુનિપણું માને (તો) તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા ! ભગવાન કુંદકુંદાચાર્યનું વચન છે કે '**णग्गोविमोक्खमग्गो सेसा उम्मग्गया सव्वे**' - (સૂત્રપાહુડ ગાથા. ૨૩) મુનિ નગ્ન છે અને તેમને જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય તો તે મોક્ષમાર્ગ છે પણ નગ્ન વિનાના (સાધુ) મોક્ષમાર્ગમાં નથી. સમજાણું કાંઈ ? આહાહા ! શું કહ્યું ? જીણી વાત છે ! બાપુ !

આ સંસારના ધંધાના જે કામકાજ છે એ તો એકલા પાપ (છે). આ ધંધા ભલે કરોડો ને અબજો રૂપિયાના (હોય) ને અબજો રૂપિયા (પેદા) થાય. (પણ) વેપારમાં જે આખો દિ' આ કર્યું ને, આ કર્યું (થાય છે) તે તો એકલું પાપ છે. આહાહા ! તે પાપમાં તો એકલી દુર્ગતિ છે. દુનિયા એમ કહે કે આ અબજોપતિ છે. પણ તે બધાં દુઃખી છે. તે બિચારા ભિખારા દુઃખી છે. (કેમ કે) પૈસાને માંગે છે કે પૈસા લાવ, આ લાવ, આ લાવ, આ લાવ. અંદર ચૈતન્ય ભગવાનની આનંદસ્વરૂપ લક્ષ્મી પડી છે તેની તો જેને ખબર નથી, તે લક્ષ્મીની કિંમત નથી અને જગતની લક્ષ્મીની કિંમત કરીને બેસે તે તો મિથ્યાદૃષ્ટિ છે ને પાપી છે અને તેના ફળમાં દુર્ગતિ છે. આહાહા ! પુણ્યનું ફળ એટલે શું ? એ તો બહારની ધૂળ (છે). આહાહા ! ભાઈ ! વાતુ-માર્ગ જુદા બાપા ! ભાઈ ! બહુ આકરું લાગે (એવું છે). આહાહા ! પૈસાવાળા મરી જાય છે ત્યારે તેના પૈસા ને ડૉકટર કાંઈ કરી શકતા નથી. આહાહા ! પણ તે ધૂડમાંય શું કરે, બાપા !

અહીં તો એમ કહે છે કે જેને સમ્યગ્દર્શન હોય, આત્માનો અનુભવ હોય અને તેનું સાચું જ્ઞાન (પણ) હોય તેને, સંસારના ધંધાના રુચિના પ્રેમ છૂટી ગયા હોય (અને) જેને આત્મદર્શન અને આત્મજ્ઞાન હોય તે જીવને ચારિત્રનો અંશ પણ હોય (છે). પણ જો હજી રાગ બાકી રહી ગયો છે તો તેનું

ફળ ક્લેશ છે.

પ્રશ્ન :- અહીં તો વૈભવ લખ્યું છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ દુનિયા તો આ ધૂડનો વૈભવ કહે. પણ (અહીં તો) વૈભવને ક્લેશ કીધો છે. આહાહા ! ક્લેશ છે, ક્લેશ. બહારમાં લોકોને એવું લાગે છે ને કે મહારાજના પગલાં થાય ત્યાં પૈસા થાય ! ધૂડેય નથી કાંઈ. બધી વાતુ છે. એ તો પુણ્ય હોય તો થાય. એ પગલાંથી શું થતા હતા ? અહીં તો તેથી વધારે (ઊંચી) વાત કહે છે કે સમ્યગ્દર્શન અને ચારિત્ર હોય (છતાં) પણ જરી રાગ બાકી રહી ગયો ને વીતરાગ ચારિત્ર ન હોય (તો) તેને પણ વૈભવરૂપ ક્લેશની પ્રાપ્તિ થશે. આહાહા ! એવું છે બાપુ ! મારગડા જુદા (છે) ભાઈ ! સમ્યગ્દર્શન - આત્મદ્રવ્યની દૃષ્ટિ - ઉપરાંત તેને ચારિત્રનો અંશ હશે અને તે (પણ) વીતરાગ ચારિત્ર જો હશે - વીતરાગપણું હશે - તો તો મોક્ષને પામશે. આહાહા !

જુઓ ! (આમ) પાંચમા આરાના સંત કહે છે. (કે) જેમને સ્વર્ગમાં જવું છે તે વાત નક્કી છે. આહાહા ! (છતાં પણ) મેં તો વીતરાગ ચારિત્ર અંગીકાર કર્યું છે, એમ કહે છે. હવે છતાં જે રાગ બાકી રહ્યો તેના ફળમાં કુંદકુંદાચાર્ય પણ સ્વર્ગ-વૈમાનિકમાં ગયા. (તો કહે છે કે) તે રાગનું ફળ આવશે તે વૈભવનો ક્લેશ છે એમ તેને ક્લેશ માનીને અહીંયાથી અમે જઈએ છીએ. તેમ કહે છે. આહાહા ! ત્યાં સ્વર્ગમાં - સુખ છે એમ માનનારા તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા ! (એ તો) વૈભવનો ક્લેશ (છે). માટે મુમુક્ષુએ - પરમાનંદરૂપી આત્મલાભની મુક્તિના અભિલાષી જીવે - ઇષ્ટ ફળવાળું હોવાથી વીતરાગચારિત્ર ગ્રહણ કરવા યોગ્ય છે. આહાહા ! અને અનિષ્ટ ફળવાળું હોવાથી સરાગચારિત્ર હેય છે.

રાગનો બાકી ભાગ - અંશ રહ્યો (છે) પણ હવે તેમાં ક્લેશ મળશે. તે (રાગનો અંશ) પુણ્ય છે અને તે પુણ્યના ફળમાં તેને ક્લેશ મળશે. કેમ કે વર્તમાન પુણ્ય છે તે દુઃખરૂપ છે અને તેનું ફળ પણ દુઃખરૂપ છે. આહાહા ! આવી વાત છે બાપા !

પ્રશ્ન :- ત્યાં તો અનાસક્તિ રહેશે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- દૃષ્ટિની અપેક્ષાએ અનાસક્તિ (છે). પણ ક્લેશ પરિણામ થશેને ? આહાહા ! એ તો સવારમાં કહ્યું હતું ને ? કે પુણ્યના પરિણામનો જ્ઞાની કર્તા નથી. તેમ તેનો ભોક્તા (પણ) નથી. એ આગળ આવશે. છતાં, પર્યાયમાં છે. અહીં તો દ્રવ્યદૃષ્ટિના સ્વભાવની - દૃષ્ટિવંતની - વાત કરવી છે (તેથી) એ જીવની દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે ત્યારે ત્યાં સુધી તે રાગનો કર્તા નથી. રાગ આવે છતાં (પણ કર્તા નથી). પણ જ્યારે તેને જ્ઞાન કરાવવું હોય ત્યારે જ્ઞાનીને પણ રાગ છે (અને) તેનું પરિણમન છે, તેટલો તે કર્તા છે. (પરંતુ) તે કરવા લાયક છે, એમ નહિ, આહાહા ! પણ જેટલો રાગ છે એટલું પરિણમન છે માટે કર્તા થયો અને એટલો રાગ છે માટે તેનો એટલો ભોક્તા પણ છે.

આહાહા ! એક બાજુ - દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિમાં ના પાડે. (કેમ કે) તેની દૃષ્ટિમાં રાગ હોતો નથી. તેથી તે વાત કરી. (પણ) પછી (બીજી બાજુએ) તે જ જ્ઞાનીને પર્યાયમાં જે થોડો રાગ થાય છે... અહીં સરાગ (ચારિત્ર) કહ્યું ને ? તેનો તે કર્તા પણ છે. કર્તા એટલે પરિણમે છે માટે કર્તા, એમ. (પણ) કરવા લાયક છે એમ નહિ. અને તેનો ભોક્તા પણ (છે). પ્રવચનસાર - ૪૭ નયમાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


अथ चारित्रस्वरूपं विभावयति -

**चारित्तं खलु धम्मो धम्मो जो सो समो त्ति णिद्दिट्ठो।**
**मोहक्खोहविहीणो परिणामो अप्पणो हु समो।।७।।**

चारित्रं खलु धर्मो धर्मो यस्तत्सा मति निर्दिष्टम्।
मोहक्षोभविहीनः परिणाम आत्मनो हि साम्यम्।।७।।

स्वरूपे चरणं चारित्रं, स्वसमयप्रवृत्तिरित्यर्थः। तदेव वस्तुस्वभावत्वाद्धर्मः। शुद्धचैतन्यप्रकाशनमित्यर्थः। तदेव च यथावस्थितात्मगुणत्वात्साम्यम्। साम्यं तु दर्शनचारित्रमोहनीयोदयापादितसमस्तमोहक्षोभाभावादत्यन्तनिर्विकारो जीवस्य परिणामः।।७।।

---

अथ निश्चयचारित्रस्य पर्यायनामानि कथयामीत्यभिप्रायं मनसि संप्रधार्य सूत्रमिदं निरूपयति, एवमग्रेऽपि विवक्षितसूत्रार्थं मनसि धृत्वाथवास्य सूत्रस्याग्रे सूत्रमिदमुचित्तं भवत्येवं निश्रित्य सूत्रमिदं प्रतिपादयतीति पातनिकालक्षणं यथासंभवं सर्वत्र ज्ञातव्यम् - **चारित्तं** चारित्रं कर्तृ **खलु धम्मो** खलु स्फुटं धर्मो भवति। **धम्मो जो सो समो त्ति णिद्दिट्ठो** धर्मो यः स तु शम इति निर्दिष्टः। **समो** यस्तु शमः सः **मोहक्खोहविहीणो परिणामो अप्पणो हु** मोहक्षोभविहीनः परिणामः। कस्य। आत्मनः। **हु** स्फुटमिति। तथाहि - शुद्धचित्स्वरूपे चरणं चारित्रं, तदेव चारित्रं मिथ्यात्वरागादिसंसरणरूपे भावसंसारे पतन्तं प्राणिनमुद्धृत्य निर्विकारशुद्धचैतन्ये धरतीति धर्मः। स एव धर्मः स्वात्मभावनोत्थसुखामृतशीतजलेन कामक्रोधादिरूपाग्निजनितस्य संसारदुःखदाहस्योपशमकत्वात् शम इति। ततश्च शुद्धात्मश्रद्धानरूपसम्यक्त्वस्य विनाशको दर्शनमोहाभिधानो मोह इत्युच्यते। निर्विकारनिश्चलचित्तवृत्तिरूपचारित्रस्य विनाशकश्चारित्रमोहाभिधानः क्षोभ इत्युच्यते। तयोर्विध्वंसकत्वात्स एव शमो मोहक्षोभविहीनः शुद्धात्मपरिणामो भण्यत इत्यभिप्रायः।।७।।

---

આવ્યું ને ? - એ જ્ઞાનપ્રધાન કથન છે ત્યાં પર્યાયનું પણ જ્ઞાન કરાવે છે. પણ આ (સમયસારમાં) તો દ્રવ્યદૃષ્ટિપ્રધાન કથન છે. સમયસારનું દૃષ્ટિપ્રધાન કથન છે. આહાહા ! અને છતાં પણ તેમાં અજ્ઞાનીના મિથ્યાત્વાદિ પરિણામ જીવના છે અને જડના પરિણામ છે તે જુદા છે એમ (૮૭ ગાથામાં) બતાવે છે. આહાહા ! શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે -

'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.' (આત્મસિદ્ધિ ગાથા - ૮)

આહાહા ! બાપુ ! આ ભગવાનનો માર્ગ છે. જે અપેક્ષાથી છે તે અપેક્ષાથી તેને સમજવું જોઈએ, ભાઈ !

'**હવે ચારિત્રનું સ્વરૂપ વ્યક્ત કરે છે.**' ચારિત્ર કોને કહેવું ? આહાહા ! (હવે) સાતમી ગાથા (છે). છે ? મૂળમાં (સંસ્કૃતમાં) જુઓ ! '**अथ चारित्रस्वरूपं विभावयति**' - બતાવે છે, વ્યક્ત પ્રગટ કરે છે. આહાહા ! એકલા અમૃત વરસાવ્યા છે..

ટીકા :- '**સ્વરૂપમાં ચરવું (-રમવું) તે ચારિત્ર છે.**' ચારિત્ર કોઈ પંચ મહાવ્રતના વિકલ્પ (કે) એ કોઈ ચારિત્ર નથી. આહાહા ! ભગવાન તારું સ્વરૂપ... સ્વ+રૂપ સચ્ચિદાનંદ પ્રભુ ! અતીન્દ્રિય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે ચારિત્રનું સ્વરૂપ વ્યક્ત કરે છે :-

**ચારિત્ર છે તે ધર્મ છે, જે ધર્મ છે તે સામ્ય છે;**
**ને સામ્ય જીવનો મોહક્ષોભવિહીન નિજ પરિણામ છે. ૭**

**અન્વયાર્થ** :- **(चारित्रं)** ચારિત્ર **(खलु)** ખરેખર **(धर्मः)** ધર્મ છે. **(यः धर्मः)** જે ધર્મ છે **(तत् साम्यम्)** તે સામ્ય છે **(इति निर्दिष्टम्)** એમ (શાસ્ત્રમાં) કહ્યું છે. **(साम्यं हि)** સામ્ય **(मोहक्षोभविहीनः)** મોહક્ષોભરહિત એવો **(आत्मनः परिणामः)** આત્માનો પરિણામ (ભાવ) છે.

**ટીકા** :- સ્વરૂપમાં ચરવું (-રમવું) તે ચારિત્ર છે; સ્વસમયમાં પ્રવૃત્તિ (અર્થાત્ પોતાના સ્વભાવમાં પ્રવર્તવું) એવો તેનો અર્થ છે, તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે; શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું એવો તેનો અર્થ છે. તે જ યથાસ્થિત આત્મગુણ હોવાથી (અર્થાત્ વિષમતા વિનાનો - સુસ્થિત - આત્માનો ગુણ હોવાથી) સામ્ય છે. અને સામ્ય, દર્શનમોહનીય તથા ચારિત્રમોહનીયના ઉદયથી ઉત્પન્ન થતા સમસ્ત મોહ અને ક્ષોભના અભાવને લીધે અત્યંત નિર્વિકાર એવો જીવનો પરિણામ છે.

**ભાવાર્થ** :- શુદ્ધ આત્માની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વથી વિરુદ્ધ ભાવ (અર્થાત્ મિથ્યાત્વ) તે મોહ, અને નિર્વિકાર નિશ્ચલ ચૈતન્યપરિણતિરૂપ ચારિત્રથી વિરુદ્ધ ભાવ (અર્થાત્ અસ્થિરતા) તે ક્ષોભ. મોહ અને ક્ષોભ રહિત પરિણામ, સામ્ય, ધર્મ અને ચારિત્ર એ બધાં એકાર્થવાચક છે. ૭.

---

આનંદનું દળ, અતીન્દ્રિય જ્ઞાનનો સાગર, અતીન્દ્રિય શાંતિ - વીતરાગતાનો સાગર પ્રભુ (આત્મા છે). આહાહા ! તેના દર્શન-જ્ઞાન સહિત થઈને સ્વરૂપમાં રમવું (તે ચારિત્ર છે). આહાહા !

'નિજ પદ રમે સો રામ કહીએ, રાગમાં રમે સો હરામ કહીએ...'

આહાહા ! કહે છે (કે) સ્વરૂપમાં ચરવું... જેમ ઢોર છે તે ઘાસ ચરે છે ને ? લીલું ઘાસ ચરે છે. એમ આત્મા શું ચરે ? એ કહે છે. અંદર (આનંદ) ચરે છે. આહાહા ! આત્માનો (સ્વભાવ) આનંદસ્વરૂપ છે તેને તે ચરે છે. આહાહા ! જગતથી નિરાળી વાતુ છે, બાપુ ! આહાહા ! સ્વરૂપમાં ચરવું એટલે રમવું. ચારિત્ર છે ને ? ચારિત્ર એટલે ચરવું. (તો) શું ચરવું ? (કે) અંદર અતીન્દ્રિય આનંદનું ચરવું, ભોગવવું, અનુભવવું. આહાહા ! પશુ જેમ લીલું ઘાસ ચરે છે એમ ચારિત્રવંત પોતાના આનંદના સ્વરૂપમાં રમે છે, ચરે છે, તેને અનુભવે છે. આહાહા ! સમજાય છે કાંઈ ? ભાઈ ! આ તો વાત (જગતથી) બીજી છે ! બાપા ! જગતથી આખી નિરાળી છે, ભાઈ ! આહાહા ! ત્રણલોકના નાથ જિનેશ્વરદેવની દિવ્યધ્વનિનો આ સાર છે. (આ) પ્રવચનસાર છે ને ?

ભાઈ ! ત્રણલોકના નાથ પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. ત્યાં કુંદકુંદાચાર્ય ગયા હતા (અને) આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ બનાવ્યું છે (કે) ભગવાનનો સંદેશ આ છે. આહાહા ! ત્રિલોકનાથ જિનેશ્વર પરમેશ્વર તીર્થંકર એમ કહે છે કે સ્વરૂપમાં રમવું તે ચારિત્ર છે. (પણ) પંચ મહાવ્રતના પરિણામ એ કોઈ ચારિત્ર નથી. આહાહા ! એ તો ચારિત્રમાં દોષ છે.

સ્વરૂપમાં રમવું-ચરવું તે ચારિત્ર છે. આહાહા ! ટીકાકાર પણ ગજબ કરે છે ! હવે જુઓ ! પાછું હજી કહે છે, કે એટલે કે ? હવે ચારિત્ર એટલે (શું) ? સ્વરૂપમાં રમવું તે ચારિત્ર. અને સ્વરૂપ શું (છે) ? કે '**સ્વસમયમાં પ્રવૃત્તિ**' આહાહા ! ભગવાન (આત્મા) અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ (છે). એવા સ્વસમય નામ પોતાના આત્મામાં પ્રવૃત્તિ '**(અર્થાત્ પોતાના સ્વભાવમાં પ્રવર્તવું) એવો તેનો અર્થ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


**છે.**'

આહાહા ! શું કહે છે ? સ્વરૂપ (એટલે) આનંદમૂર્તિ પ્રભુ ભગવાન (આત્મા) ! અંદર અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ છે તેમાં રમવું એવું ચારિત્ર (છે). એટલે ? કે ' **સ્વસમયમાં પ્રવૃત્તિ**' સ્વસમય એવો જે ભગવાન આત્મા ! પૂર્ણાનંદનો નાથ ! તેની પ્રવૃત્તિ (થવી) તેનું નામ ચારિત્ર (છે). આહાહા ! આવી વાતુ છે, બાપા ! આહાહા ! આવી વાત આવી છે. બહુ સારી વાત આવી છે. બાપા ! માર્ગ એવો (છે). શું કહીએ... આહાહા !

આહાહા ! ત્રણ પ્રકારના અર્થ કરશે. (તેમાં) એક તો (એ કે) સ્વરૂપ જે છે તેમાં રમવું - ચરવું તે ચારિત્ર (છે). હવે (કહે છે કે) સ્વરૂપ એટલે શું ? કે સ્વસમય જે ભગવાન આત્મા. (અને) તેમાં પ્રવૃત્તિ (અર્થાત્) સ્વસમય તે સ્વરૂપ (છે અને) તેમાં પ્રવૃત્તિ તે, ચારિત્ર (છે). આહાહા ! '**जीवो चरित्तदंसणणाणठियो तं हि ससमयं जाण**' - આહાહા ! સમયસારની બીજી ગાથા. એ આ અહીં કહે છે.

શું કીધું ભાઈ ? શાંતિથી સાંભળ ! આ કાંઈ વાર્તા નથી. આ તો ભગવાનના - ત્રિલોકનાથના - મુખમાંથી નીકળેલી દિવ્યધ્વનિ છે. ભાઈ ! એ પામરને બેસે એવી વાતુ નથી. આહાહા ! (કહે છે કે) ચારિત્ર એટલે શું ? કે સ્વરૂપ જે છે તેમાં ચરવું - ઠરવું - રમવું તે ચારિત્ર (છે). હવે સ્વરૂપ એટલે શું ? કે સ્વસમય જે આત્મા છે (તે) (અને) તેની પ્રવૃત્તિ (એ ચારિત્ર છે) એવો તેનો અર્થ છે.

શું કીધું એ ? (કે) સ્વરૂપમાં ચરવું (અર્થાત્) આનંદસ્વરૂપ ભગવાન (આત્મામાં) આનંદનું ભોજન કરવું. (એટલે કે) આનંદ - અતીન્દ્રિય આનંદમાં રમવું તેનું નામ ચારિત્ર (છે). એટલે (શું) ? કે સ્વસમય (એવો) જે પૂર્ણાનંદનો નાથ પ્રભુ ભગવાન - સ્વસમય (એવો જે) પોતાનો આત્મા (છે) - તેમાં પ્રવૃત્તિ કરવી તે ચારિત્રનો અર્થ છે. આહાહા ! સમજાણું કાંઈ ? આ તો વીતરાગની વાણી (છે). બાપુ ! એ કાંઈ સાધારણના કામ નથી. આહાહા ! સમયસાર છે તે દૃષ્ટિપ્રધાન કથન છે અને અહીંયા (પ્રવચનસારમાં) બધાં જ્ઞાનપ્રધાન કથન છે. આહાહા !

અહીંયા કહે છે (કે) સ્વરૂપમાં... સ્વ+રૂપમાં (તો) સ્વરૂપ એટલે ? કે આનંદસ્વરૂપ ભગવાન (આત્મા) ! તેમાં ચરવું-રમવું તે ચારિત્ર (છે). આહાહા ! અહીં તો લોકો હજી બાહ્યની ક્રિયાના - પંચ મહાવ્રતના - ઠેકાણા નથીને માને ચારિત્ર ! આહાહા ! વસ્ત્રસહિતને તો દ્રવ્યચારિત્ર પણ નથી. તેનું તો દ્રવ્યલિંગ પણ સાચું નથી. પણ વસ્ત્રરહિત નગ્ન થાય તે પણ જો અંદર સ્વરૂપમાં રમે તો (તેને) ચારિત્ર કહેવાય (છે). નહીં તો નગ્નપણું એ કાંઈ વસ્તુ નથી. (તે) હોય ખરું, મુનિ થાય તેને નગ્નપણું જ હોય. વસ્ત્ર સહિત હોય તે મુનિ છે જ નહીં. આહાહા ! (તે તો) કુલિંગ જ છે. આહાહા !

(અહીં કહે છે કે) સ્વસમયમાં પ્રવૃત્તિ... ચરવું છે ને ? એટલે પ્રવૃત્તિ કીધી. આમ રાગથી નિવૃત્તિ પણ સ્વસમય ભગવાન પૂર્ણાનંદ (સ્વરૂપ) ! અતીન્દ્રિય આનંદનું દળ ! અતીન્દ્રિય જ્ઞાનનો સાગર એવો જે સ્વસમય (છે) તેમાં પ્રવૃત્તિ (છે). ચારિત્ર છે તે (રાગથી) નિવૃત્તસ્વરૂપ. પણ સ્વરૂપમાં પ્રવૃત્તિ(રૂપ) છે. રાગથી નિવૃત્તિ છે ને સ્વરૂપમાં પ્રવૃત્તિ છે. આવું છે, બાપુ ! સાંભળવું પણ કઠણ પડે. શું થાય ? ભાઈ !

બે (વાત થઈ). શું કીધું ? કે સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર (છે). અને સ્વસમયમાં પ્રવૃત્તિ એવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેનો અર્થ છે. આહાહા ! (હવે કહે છે કે) **'તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી...'** જોયું ? હવે ધર્મ સિદ્ધ કરવો છે ને ? આહાહા ! (પહેલા કહ્યું કે) સ્વરૂપમાં રમવું તે ચારિત્ર. પણ પંચ મહાવ્રતની ક્રિયા કે રાગ એ કાંઈ ચારિત્ર નથી, નગ્નપણું એ (પણ) કાંઈ ચારિત્ર નથી, આહાહા ! પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! અતીન્દ્રિય આનંદનો સાગર - એવું જે સ્વરૂપ (છે)... સ્વ+રૂપ (છે). તેમાં ચરવું (તે ચારિત્ર છે). એટલે ? (કે) સ્વસમયની પ્રવૃત્તિ એવો તેનો અર્થ છે. આહાહા ! (બે અર્થ થયા).

હવે ત્રીજું **'તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી...'** આહાહા ! અહીં પર્યાયની વાત છે હોં ! આહાહા ! સ્વસમયમાં રમવું તે ધર્મ (છે). (અને) તે વસ્તુનો સ્વભાવ છે, એમ કહે છે. (વસ્તુનો) ત્રિકાળ સ્વભાવ છે એ વાત તો છે (જ) પણ (અહીં તો) ત્રિકાળ સ્વભાવમાં વર્તમાન રમવું એ સ્વસમયની પ્રવૃત્તિ (છે). (અને તે) વસ્તુનો સ્વભાવ છે માટે ધર્મ છે (તેમ કહે છે). આહાહા ! ત્રણ અર્થ કર્યા.

આ વસ્તુનો સ્વભાવ એટલે ત્રિકાળી (સ્વભાવની) વાત અત્યારે નથી. ત્રિકાળીની તો દૃષ્ટિ છે, જ્ઞાન છે અને સ્વરૂપમાં રમે છે. તો રમવું એટલે શું ? સ્વરૂપમાં રમવું એ ચારિત્ર એટલે શું ? કે સ્વસમય સ્વરૂપ ભગવાન આત્મામાં પ્રવૃત્તિ તેવો તેનો અર્થ છે. એટલે કે તે વસ્તુનો સ્વભાવ હોવાથી વીતરાગતાની જે પર્યાય પ્રગટી તે વસ્તુનો સ્વભાવ (છે). કેમ કે વસ્તુનો સ્વભાવ ત્રિકાળી વીતરાગ છે. તેનો ત્રિકાળી સ્વભાવ જિનસ્વરૂપ છે. અને તેને આશ્રયે જે પર્યાય પ્રગટ થઈ તે ધર્મ (અર્થાત્) વીતરાગપર્યાય છે તે ધર્મ છે. આહાહા !

વસ્તુનો સ્વભાવ - ભગવાન આત્માનો સ્વભાવ - જિનસ્વરૂપ છે. તે (ત્રિકાળ સ્વભાવની) અહીં વાત નથી. (પરંતુ) તે જિનસ્વરૂપના આશ્રયમાં જે દશા થઈ, રમ્યો અને સ્વસમયની પ્રવૃત્તિ થઈ - તે વસ્તુનો સ્વભાવ છે. (એમ કહે છે). રાગ છે તે કાંઈ વસ્તુનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ ? આવી વાત છે. (કહે છે કે) **'તે જ વસ્તુનો સ્વભાવ...'** ભાષા છે ? (કે) **'તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી...'** (અર્થાત્) વસ્તુ જે વીતરાગમૂર્તિ છે તેમાં રમે છે તે જ વસ્તુનો સ્વભાવ છે. આહાહા ! રાગ જે પંચ મહાવ્રતનો છે તે કાંઈ વસ્તુનો સ્વભાવ નથી, તે ચારિત્ર નથી. તે સ્વસમયની પ્રવૃત્તિ નથી, તેથી તે વસ્તુનો સ્વભાવ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? અરે ! જગતના પ્રાણી બિચારા ક્યાં સલવાયને પડ્યા છે ! અરેરે ! તેને જીવની પોતાની દયા નથી. અહીં તો સ્વસ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય (છે) તેની પૂર્ણની તેને પ્રતિત થાય તેને સ્વદયા કહેવાય છે. તેનું જ્ઞાન થાય તેને સ્વજ્ઞાન કહેવાય છે અને તેના સ્વરૂપમાં રમે તેને ચારિત્ર કહેવાય છે. આહાહા ! તેણે આત્માની ઉત્કૃષ્ટ દયા પાળી. આહાહા !

(અહીં કહે છે કે) **'તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી...'** આ વસ્તુનો સ્વભાવ એટલે પર્યાયમાં વીતરાગતા - ચારિત્રની રમણતા જે થઈ કે જે સ્વસમયની પ્રવૃત્તિ છે, તે વસ્તુનો સ્વભાવ છે. (જ્યારે જે) રાગ આવે (છે, તે) વસ્તુનો સ્વભાવ નથી એમ બતાવે (છે). આહાહા ! ભગવાન આત્મા ! પૂર્ણાનંદના નાથની પ્રતીતિ ને જ્ઞાન સહિત સ્વરૂપમાં રમે તે ચારિત્ર. એટલે કે સ્વસમય (એવા) ભગવાન આત્મામાં પ્રવૃત્તિ તે ચારિત્ર છે. એટલે કે તે જ વસ્તુનો સ્વભાવ પ્રગટ્યો છે. જેવું વસ્તુનું જિનસ્વરૂપ છે તેવું જ વીતરાગ ચારિત્ર છે. (માટે તે) વસ્તુનો સ્વભાવ છે. માટે તેને ધર્મ કહે છે. આહાહા ! ભાષા તો સાદી (છે). પ્રભુ ! (પણ) માર્ગ તો છે એ છે ભાઈ ! આહાહા !

**'શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું એવો તેનો અર્થ છે.'** પાછો આ બીજાનો અર્થ કીધો. (પહેલો અર્થ એ કહ્યો કે) સ્વરૂપમાં રમવું તે ચારિત્ર (છે) એટલે કે સ્વસમયમાં પ્રવૃત્તિ એવો તેનો અર્થ છે. હવે બીજો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(અર્થ) - તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે. એટલે ? હવે તેનો અર્થ એટલે (શું) ? એમ કહે છે '**તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે.**' એટલે ? કે '**શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું એવો તેનો અર્થ છે.**' (અર્થાત્) શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા પર્યાયમાં પ્રકાશ્યો - વીતરાગભાવે પ્રકાશ્યો - આહાહા ! ચારિત્ર કોને કહેવું તે વાત પણ ક્યાં સાંભળી છે ? આહાહા !

અહીં તો પરમાત્મા અને સંતો કહે છે એ તો આડતિયા થઈને પરમાત્માની વાણી કહે છે. પ્રભુ ! ચારિત્ર એને કહીએ, આહાહા ! જે સ્વરૂપ તેની જેને ખબર નથી (તેને) તેમાં રમવું ક્યાંથી આવે ? જે સ્વરૂપ પૂર્ણાનંદનો નાથ છે. તેનું દર્શન થયું નથી, તેનું જ્ઞાન થયું નથી તો તેનું સ્વરૂપમાં રમવું (એ ક્યાંથી આવે) ? (અર્થાત્) સ્વરૂપ છે તેમ ખ્યાલમાં આવ્યું નથી ને રમવું એ તેને ક્યાંથી આવે ? આહાહા ! સ્વરૂપમાં રમવું એ ચારિત્ર (છે) અને સ્વસમયની પ્રવૃત્તિ તેનો અર્થ છે. આહાહા ! શું ટીકા ! તે પણ ગજબ છે ને ! તેનો અર્થ આ (છે) કે સ્વસમયમાં પ્રવૃત્તિ (પણ) રાગમાં પ્રવૃત્તિ નહિ. આહાહા ! એ સ્વસમયમાં રમવું એવા ચારિત્રનો આ અર્થ છે.

(હવે કહે છે કે) '**તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે.**' આહાહા ! ભગવાન આત્માના આનંદસ્વરૂપમાં રમે તે વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ (છે). - આ પર્યાય ધર્મ (છે) હોં ! હવે (કહે છે કે) ધર્મનો અર્થ શું ? કે '**શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું.**' રાગનું પ્રકાશવું તે નહિ (પણ) શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું. (એટલે કે) પર્યાયમાં ઝળહળ જ્યોતિ પ્રગટ થાય (એવો તેનો અર્થ છે). આહાહા !

પરમાત્મસ્વરૂપ જિનસ્વરૂપ ચૈતન્ય (આત્મા) જે શુદ્ધ ચૈતન્ય પ્રકાશથી (ભરેલો છે) તેનું પ્રકાશવું આહાહા ! (અર્થાત્) તે શુદ્ધ ચૈતન્યનો પ્રકાશ બહાર પર્યાયમાં આવવો એનું નામ સ્વસમયમાં પ્રવૃત્તિ એવું ચારિત્ર, તે વસ્તુનો સ્વભાવ (છે). તેનું નામ ધર્મ (છે). આહાહા ! અહીં (લોકોને) તો ચારિત્ર એટલે જાણે કાંઈ ન મળે. (સાધારણ માણસ હોય અને) પછી દીક્ષા લે તો થઈ ગયું ચારિત્ર !! અરે બાપુ ! આહા ભાઈ ! ચારિત્રના મોઢાં મોટાં છે. ભાઈ ! સ્વરૂપમાં રમવું (તે ચારિત્ર છે). (તો) જેને (હજી) સ્વરૂપ જ શું છે તે દૃષ્ટિમાં આવ્યું નથી. - સમ્યગ્દર્શન નથી (તેને, તેમાં રમવું ક્યાંથી હોય) ? આહાહા ! જેને સ્વરૂપ આનંદનો કંદ - અનંતગુણનો પિંડ પ્રભુ ! (આત્મા) ચૈતન્ય ચમત્કારી પદાર્થ છે ! આહાહા ! તે જ જેની દૃષ્ટિમાં - દર્શનમાં - પ્રતીતિમાં (આવ્યો નથી). (અને) જ્ઞાનમાં જણાયો નથી (તેને) તેમાં રમવું એ ક્યાંથી હોય ? ભાઈ ! આહાહા ! અને (તે સ્વરૂપમાં) રમવું એટલે કે સ્વસમયમાં પ્રવૃત્તિ એવો એનો અર્થ છે. એટલે કે તે વસ્તુનો સ્વભાવ છે. જે વીતરાગસ્વભાવ (ત્રિકાળ) હતો તે પર્યાયમાં પણ વીતરાગપણે આવ્યો. તે વસ્તુનો સ્વભાવ છે. એટલે ? તેનો અર્થ ? કે શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું - શુદ્ધ ચૈતન્યનો પર્યાયમાં પ્રકાશ થવો. આહાહા ! વીતરાગભાવ (સ્વ)રૂપી સ્વભાવ છે. તેનો વીતરાગભાવનો - પર્યાયમાં પ્રકાશ થવો (તે તેનો અર્થ છે). આહાહા ! ગજબ ટીકા છે ને !

શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું (એટલે કે) જે દૃષ્ટિમાં આવ્યું હતું, જેનું જ્ઞાન થયું હતું, તે શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્માની શુદ્ધતાનું પર્યાયમાં પ્રકાશવું. (અર્થાત્) (આત્મા) વીતરાગભાવ સ્વરૂપ છે. તે વીતરાગભાવનું પર્યાયમાં થવું એવો તેનો અર્થ છે. આહાહા ! '**वस्तु सहावो धम्मो**' એટલે આ તેનો અર્થ છે. આહાહા !

(આત્મા) વીતરાગભાવ (સ્વરૂપ) ચૈતન્ય પ્રકાશ (છે). પર્યાયમાં (તે) વીતરાગભાવનું આવવું તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું (છે). તેને ચારિત્ર કહો, વસ્તુનો સ્વભાવ કહો, વીતરાગતા કહો, સ્વસમયની પ્રવૃત્તિ કહો (કે) ધર્મ કહો (બધું એકાર્થ છે). આહાહા ! અહીં તો શુદ્ધ ચૈતન્યનું સ્થિરરૂપે પ્રકાશવું (તે ચારિત્ર છે). (અર્થાત્) જેવું શુદ્ધ ચૈતન્ય વીતરાગસ્વરૂપ છે તેવું જ પર્યાયમાં વીતરાગ સ્વરૂપપણે પ્રકાશવું, એનું નામ શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું (છે). સ્વરૂપમાં રમવું એટલે કે સ્વસમયની પ્રવૃત્તિ. (અને (સ્વસમયની પ્રવૃત્તિ એટલે એ કે) જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે તેનું પર્યાયમાં (શુદ્ધ ચૈતન્યપણે પ્રકાશવું). જે વીતરાગસ્વરૂપ છે તેનું પર્યાયમાં વીતરાગપણે થવું. આહાહા ! એવો તેનો અર્થ છે. પ્રભુ !

(હવે કહે છે કે) '**તે જ યથાસ્થિત આત્મગુણ હોવાથી...**' આહાહા ! હજી પાછી તેની વ્યાખ્યા કરે છે. '**તે જ યથાસ્થિત આત્મગુણ હોવાથી...**' - આ પર્યાય છે, હોં ! તે યથાસ્થિત (અર્થાત્) વીતરાગસ્વભાવ પર્યાયમાં આવ્યો (તે). આત્મગુણ હોવાથી '**સામ્ય છે.**' (**અર્થાત્ વિષમતા વિનાનો - સુસ્થિત - આત્માનો ગુણ હોવાથી) સામ્ય છે.**'

(સ્વરૂપની) રમણતા એ સ્વસમયની પ્રવૃત્તિ, એ વસ્તુનો સ્વભાવ, એ શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું, તેને અહીં સામ્ય કહે છે. કેમ કે તે યથાસ્થિત આત્મગુણ (છે). છે તો એ પર્યાય. એ આત્મગુણ છે તો પર્યાય. પણ પર્યાયને અહીં 'ગુણ' કીધો છે. '**તે જ યથાસ્થિત આત્મગુણ હોવાથી (અર્થાત્ વિષમતા વિનાનો - સુસ્થિત - આત્માનો ગુણ હોવાથી) સામ્ય છે.**' ગુણ એટલે (અહીંયા) પર્યાય. ત્રિકાળી ગુણ છે એ જુદી વસ્તુ છે. આહાહા ! રાગ છે તે અવગુણ છે. અને વીતરાગપર્યાય તે ગુણ છે એમ ત્યાં કહ્યું છે. આહાહા ! આવું (બહારમાં) ક્યાં મળે ? બધે રખડવાનું (મળે) છે. આહાહા !

'**તે જ**' પાછું છે ને ? '**તે જ**' છે ને ? આહાહા ! પહેલાં કહ્યું હતું કે '**તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી...**' (અને હવે કહ્યું કે) '**તે જ યથાસ્થિત આત્મગુણ હોવાથી...**' આહાહા ! અર્થાત્ વિષમતા વિનાનો એટલે કે રાગની (જે) વિષમતા છે તેના વિનાનો - સુસ્થિત - આત્મામાં ગુણ હોવાથી (અર્થાત્ એવો આત્માનો પર્યાયરૂપી) ગુણ હોવાથી તેને સામ્ય કહે છે. તે ચારિત્રને, સમતાને અને સામ્યને વીતરાગભાવ કહે છે. આહાહા !

'**અને સામ્ય, દર્શનમોહનીય તથા ચારિત્રમોહનીયના ઉદયથી ઉત્પન્ન થતા...**' હવે જીવના પરિણામ (એવા) સમતાની પાછી વ્યાખ્યા કરે છે. આહાહા ! જીવના સામ્ય (પરિણામ) દર્શનમોહથી ઉત્પન્ન થતું મિથ્યાત્વ અને ચારિત્રમોહથી ઉત્પન્ન થતાં (રાગના અભાવને લીધે) '**સમસ્ત મોહ અને ક્ષોભના અભાવને લીધે**' (અર્થાત્) મિથ્યાત્વ ને અસ્થિરતાના અભાવને લીધે, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયના ઉદયથી ઉત્પન્ન થતા સમસ્ત મોહ અને ક્ષોભના - મોહ એટલે મિથ્યાત્વ ને ક્ષોભ એટલે ચારિત્રની અસ્થિરતા, તેના અભાવને લીધે (સામ્ય) '**અત્યંત નિર્વિકાર એવો જીવનો પરિણામ છે.**' આહાહા ! જુઓ ! (આગળ) પરિણામને ગુણ કહ્યો હતો. આહાહા ! પર્યાયમાં અત્યંત નિર્વિકાર એવો જીવનો પરિણામ છે. તેને ચારિત્ર કહો, સ્વસમયની પ્રવૃત્તિ કહો, વસ્તુના સ્વભાવનો ધર્મ કહો અને શુદ્ધ ચૈતન્યનો પ્રકાશ કહો તે જીવના પરિણામ છે. રાગાદિ જીવના પરિણામ નથી. વિશેષ કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## (તા. ૧૦-૧-૧૯૭૯ – પ્રવચન નંબર-૪)

(પ્રવચનસાર સાતમી ગાથા ચાલે છે. તેનો ભાવાર્થ).

ભાવાર્થ :- '**શુદ્ધ આત્માની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વથી વિરુદ્ધભાવ (અર્થાત્ મિથ્યાત્વ) તે મોહ.**' આહાહા ! સ્વરૂપ સન્મુખ થઈને તેની જે શ્રદ્ધા થઈ તે સમ્યગ્દર્શન (છે). તેનાથી વિરુદ્ધ તે મિથ્યાત્વ (છે). એટલે મોહ (છે). મોહ-ક્ષોભરહિત પરિણામ કહેવા છે ને ? '**અને નિર્વિકાર, નિશ્ચલ ચૈતન્યપરિણતિરૂપ ચારિત્રથી...**' આહાહા ! શ્રીજયસેનાચાર્યની શૈલી બધી એવી છે ને ! (કહે છે કે) નિર્વિકારી નિશ્ચલ ચૈતન્યપરિણતિ - ચૈતન્યની જ્ઞાન, આનંદની પરિણતિ, પર્યાય - તે ચારિત્ર (છે). આનું નામ ચારિત્ર (છે). તેનાથી '**વિરુદ્ધ ભાવ (અર્થાત્ અસ્થિરતા) તે ક્ષોભ.**' આહાહા ! '**મોહ અને ક્ષોભરહિત પરિણામ**' (અર્થાત્) મિથ્યાત્વ ને અસ્થિરતા રહિત પરિણામ તે '**સામ્ય**' છે, સમતા છે, '**ધર્મ**' છે '**અને ચારિત્ર**' (છે). - '**એ બધાં એકાર્થવાચક છે.**' એક-એક શબ્દ ભલે ભિન્ન-ભિન્ન છે પણ તેનું એક જ વાચ્ય છે. સામ્ય - સમતા કહો, ધર્મ કહો આહાહા ! ચારિત્ર કહો - બધાનો એક જ અર્થ છે. - એ સાતમી ગાથાનો અર્થ થયો -

(હવે) આઠમી (ગાથા). '**હવે આત્માનું ચારિત્રપણું (અર્થાત્ આત્મા જ ચારિત્ર છે એમ) નક્કી કરે છે.**' - જે ચારિત્ર  પરિણામ છે તે આત્મા છે. અને આત્મા તે રૂપે પરિણમ્યો છે (તેમ કહે છે). આહાહા !

'**જે ભાવમાં પ્રણમે દરવ**' (એટલે) વસ્તુ '**તે કાળ તન્મય તે કહ્યું**', (અર્થાત્) તે કાળે તે દ્રવ્ય તે પરિણામમાં તન્મય છે. તેની ટીકા :- '**ખરેખર જે દ્રવ્ય**' (અર્થાત્) વસ્તુ જે છે આત્મા - ચિદ્દ્ઘન દ્રવ્ય - '**જે કાળે જે ભાવરૂપે પરિણમે છે**' (એટલે કે) જે કાળે જે પર્યાયમાં જે ભાવરૂપે થાય છે '**તે દ્રવ્ય તે કાળે, ઉષ્ણતારૂપે પરિણમેલા લોખંડના ગોળાની જેમ,...**' અહાહા ! ઉષ્ણતારૂપે પરિણમેલો ગોળો જેમ ઉષ્ણતારૂપ છે - '**તે-મય છે**' તેમ આત્મા જે કાળે જે ભાવરૂપે પરિણમે છે (તે કાળે) તે મય છે. આહાહા ! અહીં તો ધર્મની વાત છે. પછી (૯મી ગાથામાં) શુભ ને અશુભની વાત કરશે.

'**તેથી આ આત્મા ધર્મે પરિણમ્યો થકો ધર્મ જ છે.**' વસ્તુ સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન (છે), (તે) પોતાના શુદ્ધ પરિણામે પરિણમ્યો થકો ધર્મ છે. આહાહા ! આ આત્મા પર્યાયમાં ધર્મે થયો - પરિણમ્યો - થકો ધર્મ જ છે. '**આ રીતે આત્માનું ચારિત્રપણું સિદ્ધ થયું.**' આનું નામ ચારિત્ર છે. આહાહા ! (પણ) નગ્નપણું (કે) પંચમહાવ્રતના પરિણામ એ કાંઈ ચારિત્ર નથી.

પૂર્ણ શુદ્ધસ્વભાવ વર્તમાન પરિણમનમાં શુદ્ધપણે પરિણમે - તન્મય થાય (અર્થાત્) તે, પરિણામમાં તન્મય - તે રૂપે - પર્યાય થાય, હોં ! દ્રવ્ય તે રૂપે થતું નથી. એ આગળ નવમી ગાથા આવશે ને ! (કે) શુભે પરિણમતા દ્રવ્ય શુભ થાય છે. (પણ) એ તો પર્યાયની વાત છે. દ્રવ્ય તો ત્રિકાળી શુદ્ધ જ છે. આહાહા ! દ્રવ્ય છે એ તો શુદ્ધ ચૈતન્યઘન અનાકુળ આનંદનો રસકંદ પ્રભુ (છે). તે જે પરિણામમાં ધર્મ નામ ચારિત્રરૂપે પરિણમે (છે) (તે) પ્રત્યેક દ્રવ્ય તે પર્યાયમાં તન્મય છે. પર્યાય જુદી રહે છે ને પરિણમે છે તેમ નથી. આહાહા ! અહીં એટલું બતાવવું છે. '**આ રીતે આત્માનું ચારિત્રપણું સિદ્ધ થયું.**' શ્રી જયસેનાચાર્યે આત્માનું આચરણ કહ્યું છે. આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય વસ્તુ (છે). તેનું આચરણ - શુદ્ધપણાનું આચરણ - એ ચારિત્ર છે. આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथात्मनश्चारित्रत्वं निश्चिनोति -

**परिणमदि जेण दव्वं तक्कालं तम्मयं ति पण्णत्तं।**
**तम्हा धम्मपरिणदो आदा धम्मो मुणेयव्वो।।८।।**

परिणमति येन द्रव्यं तत्कालं तन्मयमिति प्रज्ञप्तम्।
तस्माद्धर्मपरिणत आत्मा धर्मो मन्तव्यः।।८।।

यत्खलु द्रव्यं यस्मिन्काले येन भावेन परिणमति तत् तस्मिन् काले किलौष्ण्यपरिणतायःपिण्डवत्तन्मयं भवति। ततोऽयमात्मा धर्मेण परिणतो धर्म एव भवतीति सिद्धमात्मनश्चारित्रत्वम्।।८।।

---

अथाभेदनयेन धर्मपरिणत आत्मैव धर्मो भवतीत्यावेदयति - **परिणमदि जेण दव्वं तक्काले तम्मय त्ति पण्णत्तं** परिणमति येन पर्यायेण द्रव्यं कर्तृ तत्काले तन्मयं भवतीति प्रज्ञप्तम् यतः कारणात्, **तम्हा धम्मपरिणदो आदा धम्मो मुणेदव्वो** ततः कारणात् धर्मेण परिणत आत्मैव धर्मो मन्तव्य इति। तद्यथा - निजशुद्धात्मपरिणतिरूपो निश्चयधर्मो भवति। पञ्चपरमेष्ठ्यादिभक्तिपरिणामरूपो व्यवहारधर्मस्तावदुच्यते। यतस्तेन तेन विवक्षिताविवक्षितपर्यायेण परिणतं द्रव्यं तन्मयं भवति, ततः पूर्वोक्तधर्मद्वयेन परिणतस्तप्तायःपिण्डवदभेदनयेनात्मैव धर्मो भवतीति ज्ञातव्यम्। तदपि कस्मात्, उपादानकारणसदृशं हि कार्यमिति वचनात्। तच्च पुनरुपादानकारणं शुद्धाशुद्धभेदेन द्विधा। रागादिविकल्परहितस्वसंवेदनज्ञानमागमभाषया शुक्लध्यानं वा केवलज्ञानोत्पत्तौ शुद्धोपादानकारणं भवति। अशुद्धात्मा तु रागादीनामशुद्धनिश्चयेनाशुद्धोपादानकारणं भवतीति सूत्रार्थः। एवं चारित्रस्य संक्षेपसूचनरूपेण द्वितीयस्थले गाथात्रयं गतम्।।८।।

---

ભાવાર્થ :- **'ચારિત્ર આત્માનો જ ભાવ છે.'** પર્યાય હોં ! ચારિત્ર એ આત્માનો જ ભાવ છે (અર્થાત્) શુદ્ધ પરિણમન - વીતરાગી પરિણમન - જેવું શુદ્ધસ્વરૂપ છે એવું જ પરિણમનમાં શુદ્ધતારૂપે પરિણમે - તે આત્માનો ભાવ છે. આહાહા ! - આ પર્યાય હોં ! ત્રિકાળભાવ છે એ જુદી વસ્તુ છે. જે ત્રિકાળી જ્ઞાયકભાવ છે એ તો ત્રિકાળ જ્ઞાયક છે. (પણ) હવે એ પોતે શુદ્ધપણે પરિણમે ત્યારે આત્મા તે (ભાવરૂપે) પરિણમ્યો છે. તેથી, એ **'ચારિત્ર આત્માનો જ ભાવ છે. એમ સાતમી ગાથામાં કહ્યું હતું. આ ગાથામાં અભેદનયે એમ કહ્યું કે જેમ ઉષ્ણતાભાવે પરિણમેલો લોખંડનો ગોળો તે પોતે જ ઉષ્ણતા છે'** - (આ) અભેદ કહ્યું. **'લોખંડનો ગોળો ને ઉષ્ણતા જુદાં નથી, તેમ ચારિત્રભાવે પરિણમેલો આત્મા પોતે જ ચારિત્ર છે.'** આહાહા !

સ્વરૂપે ચરવું એ ચારિત્ર - (એમ ૭મી ગાથામાં) આવ્યું હતું ને ! સ્વરૂપ જે આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ પ્રભુ ! તેમાં ચરવું-રમવું એ ચારિત્ર છે. આહાહા ! અને સ્વસમયની પ્રવૃત્તિ તે તેનો અર્થ છે. સ્વસમય એવા ત્રિકાળી આત્મામાં પ્રવૃત્તિ એટલે પરિણમન એ એનો અર્થ છે. શેનો ? (કે) ચારિત્રનો, સ્વરૂપે ચરવું (ચારિત્રનો આ અર્થ છે). સ્વરૂપ જે છે તે પહેલા દૃષ્ટિમાં આવ્યું છે (અને) જ્ઞાનમાં જણાયું છે. (હવે) તે સ્વરૂપમાં ચરવું-રમવું એનું નામ ચારિત્ર (છે) અને એ ચારિત્ર એટલે સ્વસમયમાં પ્રવૃત્તિ. આહાહા ! ભગવાન આત્મા પોતાનું સ્વસમય - સ્વરૂપ છે. તેની પ્રવૃત્તિમાં (તે) સ્વસમય શુદ્ધ છે. **'जीवो चरित्तदंसणणाणठियो'** - બીજી ગાથા (સમયસાર)માં **'तं हि ससमयं जाण।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે આત્માનું ચારિત્રપણું (અર્થાત્ આત્મા જ ચારિત્ર છે એમ) નક્કી કરે છે :-

**જે ભાવમાં પ્રણમે દરવ, તે કાળ તન્મય તે કહ્યું;**
**જીવદ્રવ્ય તેથી ધર્મમાં પ્રણમેલ ધર્મ જ જાણવું. ૮.**

**અન્વયાર્થ :-** (**द्रव्यं**) દ્રવ્ય જે કાળે (**येन**) જે ભાવરૂપે (**परिणमति**) પરિણમે છે (**तत्कालं**) તે કાળે (**तन्मयं**) તે-મય છે (**इति**) એમ (**प्रज्ञप्तं**) (જિનેંદ્રદેવે) કહ્યું છે; (**तस्मात्**) તેથી (**धर्मपरिणतः आत्मा**) ધર્મપરિણત આત્મા (**धर्मः मन्तव्यः**) ધર્મ જાણવો.

**ટીકા :-** ખરેખર જે દ્રવ્ય જે કાળે જે ભાવરૂપે પરિણમે છે તે દ્રવ્ય તે કાળે, ઉષ્ણતારૂપે પરિણમેલા લોખંડના ગોળાની જેમ, તે-મય છે; તેથી આ આત્મા ધર્મે પરિણમ્યો થકો ધર્મ જ છે. આ રીતે આત્માનું ચારિત્રપણું સિદ્ધ થયું.

**ભાવાર્થ :-** ચારિત્ર આત્માનો જ ભાવ છે એમ ૭ મી ગાથામાં કહ્યું હતું. આ ગાથામાં અભેદનયે એમ કહ્યું કે જેમ ઉષ્ણતાભાવે પરિણમેલો લોખંડનો ગોળો તે પોતે જ ઉષ્ણતા છે - લોખંડનો ગોળો ને ઉષ્ણતા જુદાં નથી, તેમ ચારિત્રભાવે પરિણમેલો આત્મા પોતે જ ચારિત્ર છે. ૮.

---

'**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।**' શુભ-અશુભભાવ પુદ્‌ગલ કર્મના પ્રદેશનો ભાગ છે. આહાહા ! નિશ્ચયથી એમ આવે (અને) તે પરસમય છે. આહાહા !

હવે આ બધાં પ્રશ્ન કરે (કે) સ્વસમય ક્યારે હોય ? સ્વસમયની શરૂઆત ચોથે (ગુણસ્થાનથી) હોય, ભાઈ ! (પણ) આ સ્વસમયની પ્રવૃત્તિ છઠ્ઠા - સાતમા ગુણસ્થાનની (છે). આહાહા ! '**जीवोचरित्तदंसणणाण...**' તો '**चरित्त**' ભલે ન હો. પણ '**दंसणणाण ट्ठिदो**' (છે) એટલો એ સ્વસમય છે. અને '**चरित्त ट्ठि**' એ વિશેષ સ્વસમયની પ્રવૃત્તિ છે. - આમ છે.

(અહીં કહે છે કે) '**તેમ ચારિત્રભાવે પરિણમેલો...**' આહાહા ! (અર્થાત્) વીતરાગ સ્વભાવપણે - (જેવું) વીતરાગસ્વરૂપ છે તેવા જ વીતરાગભાવે - પર્યાયમાં પરિણમે તે ભાવને ચારિત્ર કહે છે અને તે ચારિત્ર તે આત્મા છે. છે ને ? કે '**ચારિત્રભાવે પરિણમેલો આત્મા પોતે જ ચારિત્ર છે.**' - (આ) પર્યાયની અપેક્ષાએ (છે) આહાહા ! નિશ્ચયથી ચારિત્રના પરિણામ અને દ્રવ્ય - બન્ને વસ્તુથી તો ભિન્ન છે. પણ ચારિત્ર પરિણામે દ્રવ્ય પરિણમ્યું છે, તેમ અહીં કહેવું છે, આહાહા !

ખરેખર તો શુદ્ધ ચૈતન્યઘન ભગવાન (આત્માની) દૃષ્ટિ ને જ્ઞાન થયા પછી તેમાં રમે છે તે પર્યાય (છે). (અને) ખરેખર તે આત્મા ચારિત્ર છે એમ અહીં કહેવું છે. (પણ) રાગ કે જે અનાત્મા છે તે (આત્મા) નથી એમ કહેવું છે. - એ અપેક્ષા (છે). બાકી ચારિત્રની પર્યાય જે છે તે ખરેખર તો (પોતાના) ષટ્‌કારકરૂપે પરિણમતી દશા છે. આહાહા ! તેને દ્રવ્યની અપેક્ષા... એટલે ? (કે દ્રવ્ય ઉપર) લક્ષ હો. પણ દ્રવ્ય છે માટે આ ચારિત્રના પરિણામ થાય છે, એમ નથી. આહાહા ! તે ચારિત્રના નિર્મળ પરિણામના તે ચારિત્રના પરિણામ કર્તા (છે). ચારિત્રના પરિણામ તેનું - પર્યાયનું કાર્ય (છે). ચારિત્ર પરિણામનું સાધન - કરણ પર્યાય (છે). તે ચારિત્ર પરિણામ (પ્રગટ) થઈને ચારિત્રની પર્યાયમાં રહ્યા એ સંપ્રદાન (છે). તે ચારિત્રપર્યાયથી ચારિત્ર થયું છે તો તે પર્યાય થી પર્યાય થઈ (તે અપાદાન છે). અને ચારિત્રપર્યાયને આધારે પર્યાય થઈ (તે આધાર છે) પર્યાયને આધારે પર્યાય (છે). (પણ) દ્રવ્યને આધારે નથી. આહાહા ! અહીંયા તેને અભેદ ગણ્યા (છે). છે તો ભેદ. દ્રવ્ય અને ચારિત્રના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણામ એ બે ને ભેદ છે, ભિન્નતા છે પણ અહીં અભેદ (કહ્યાં છે). કેમકે આ જ્ઞાનપ્રધાન કથન છે ને ! આહાહા ! આવી વાત છે. આહાહા !

કોઈક એવો પ્રશ્ન કરે છે અવ્રતીને જાતિસ્મરણ - પૂર્વનું જ્ઞાન થાય ? અરે ભગવાન ! નારકીને થાય અને મિથ્યાદૃષ્ટિને પણ જાતિસ્મરણ થાય છે. (અને) સમ્યગ્જ્ઞાનીને થાય એ તો સમ્યક્ચૈતન્યના ભાનસહિતનું છે. સ્વજાતિના ભાનસહિતનું પરજાતિનું જ્ઞાન (છે). (જ્યારે) અજ્ઞાનીને સ્વજાતિના જ્ઞાન વિના પરજાતિનું જ્ઞાન (છે). આહાહા ! સમજાણું કાંઈ ? અરે ! મિથ્યાદૃષ્ટિને વિભંગ (પણ) થાય છે. સાત દ્વીપ-સમુદ્ર દેખે. પણ એથી શું ? એ શું ચીજ છે ? આહાહા ! લોકોને તત્ત્વની - વસ્તુની ખબર ન મળે અને પછી જેમ-તેમ પોતાની કલ્પનામાં લાગે એમ માની બેસે છે. એમ કાંઈ ચાલે બાપા ? ત્રણ લોકના નાથનો આ તો માર્ગ છે. આહાહા !વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ કહેલું આ તત્ત્વ છે. તેમણે જાણેલું છે તેમ તેમણે કહેલું છે. આહાહા ! - એ આઠ ગાથા થઈ.

હવે ત્રણની (શુદ્ધ, શુભ ને અશુભની) વાત કરશે. (આઠમી ગાથામાં) તો ધર્મે પરિણમેલો આત્મા ધર્મરૂપ છે. તેને રાગ ને પંચ મહાવ્રતના પરિણામ નથી (એમ કહ્યું હતું). આહાહા ! હવે અહીં કહે છે કે તે વાત જે કરી હતી (તેમાં) હવે (શુભ-અશુભ ભેળવીને) ત્રણેયપણે પરિણમે તે આત્મા પોતે પરિણમે છે (એમ કહેશે). આહાહા !

સવારમાં એમ આવ્યું હતું કે શુભ-અશુભ પરિણામ પુદ્ગલનું કાર્ય છે અને કર્તા પુદ્ગલ છે. એ તો દ્રવ્યદૃષ્ટિનો વિષય છે તે બતાવવા (કહ્યું હતું). દૃષ્ટિનો વિષય છે તે શુદ્ધ છે. તેથી, તેની પર્યાયમાં જે અશુદ્ધતા થાય (છે) તે પુદ્ગલનું કાર્ય છે ને પુદ્ગલ તેનો કર્તા (છે). - આ અપેક્ષાએ (ત્યાં કહ્યું હતું). હવે અહીં તો જ્ઞાનપ્રધાન કથન છે. તેથી તે શુભ ને અશુભપણે પણ આત્મા પોતે પરિણમે છે. પુદ્ગલને લઈને (પરિણમતો) નથી, (એમ કહે છે). આહાહા ! આવી હવે અપેક્ષાઓ (છે).

પુદ્ગલ (શુભ-અશુભનો) કર્તા નથી. (કેમ કે) અહીં તો દ્રવ્ય અને પર્યાય તેના પોતાના અસ્તિત્વમાં છે તે સિદ્ધ કરવું છે. હવે (અજાણ્યાને) એવું લાગે છે કે સવારમાં કાંઈક ને બપોરનું કાંઈક ?

પ્રશ્ન :- ઋતુ ફરી છે ને ? સવારમાં ટાઢો પહોર છે ને બપોરે ઉનાળો છે ને !

સમાધાન :- ઋતુ ફરી નથી. તેમાં અપેક્ષાઓ ફરી છે. આહાહા ! આકરી વાતુ છે બાપા ! ધર્મ કોઈ ચીજ અલૌકિક વાતુ છે. આહાહા ! અપેક્ષાનું જ્ઞાન ન હોય અને એક જ બાજુ ખેંચે (તો ન ચાલે).

'**હવે જીવનું શુભપણું...**' (અર્થાત્) દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ તે શુભ છે. એ શુભપણે જીવ પોતે થાય છે એમ કહે છે. આહાહા ! તેવી રીતે '**અશુભપણું...**' (અર્થાત્) હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ, માન, માયા, લોભ - એ અશુભભાવપણે (પણ) જીવ પોતે થાય છે. તેની પર્યાયમાં પરિણમન તેનું છે. આહાહા ! '**અને શુદ્ધપણું...**' એ તો ઉપર (આઠમી ગાથામાં) આવી ગયું છે. પણ હવે મેળવ્યું. '**(જીવ જ શુભ, અશુભ અને શુદ્ધ છે એમ) નક્કી કરે છે**'

'**परिणामसब्भावो**' (અર્થાત્) પરિણમવાના સ્વભાવવાળો હોવાથી... પર્યાયથી સિદ્ધ કરવું છે ને ?

ટીકા :- '**જ્યારે આ આત્મા શુભ કે અશુભ રાગભાવે પરિણમે છે.**' દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભરાગપણે જીવ થાય છે. (તે) છે પુણ્ય-બંધનું કારણ, ધર્મ નહિ. આહાહા ! (છતાં) પણ (તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


अथ जीवस्य शुभाशुभशुद्धत्वं निश्चिनोति -

**जीवो परिणमदि जदा सुहेण असुहेण वा सुहो असुहो।**
**सुद्धेण तदा सुद्धो हवदि हि परिणामसब्भावो।।९।।**

जीवः परिणमति यदा शुभेनाशुभेन वा शुभोऽशुभः।
शुद्धेन तदा शुद्धो भवति हि परिणामस्वभावः।।९।।

यदाऽयमात्मा शुभेनाशुभेन वा रागभावेन परिणमति तदा जपातापिच्छारागपरिणतस्फटिकवत् परिणामस्वभावः सन् शुभोऽशुभश्च भवति। यदा पुनः शुद्धेनारागभावेन परिणमति तदा शुद्धारागपरिणतस्फटिकवत्परिणामस्वभावः सन् शुद्धो भवतीति सिद्धं जीवस्य शुभाशुभशुद्धत्वम्।।९।।

---

अथ शुभाशुभशुद्धोपयोगत्रयेण परिणतो जीवः शुभाशुभशुद्धोपयोगस्वरूपो भवतीत्युपदिशति - **जीवो परिणमदि जदा सुहेण असुहेण वा** जीवः कर्ता यदा परिणमति शुभेनाशुभेन वा परिणामेन **सुहो असुहो हवदि** तदा शुभेन शुभो भवति, अशुभेन वाऽशुभो भवति। **सुद्धेण तदा सुद्धो हि** शुद्धेन यदा परिणमति तदा शुद्धो भवति, **हि** स्फुटम्। कथंभूतः सन्। **परिणामसब्भावो** परिणामसद्भावः सन्निति। तद्यथा - यथा स्फटिकमणिविशेषो निर्मलोऽपि जपापुष्पादिरक्तकृष्णश्वेतोपाधिवशेन रक्तकृष्णश्वेतवर्णो भवति, तथाऽयं जीवः स्वभावेन शुद्धबुद्धकस्वरूपोऽपि व्यवहारेण गृहस्थापेक्षया यथासंभवं सरागसम्यक्त्वपूर्वकदानपूजादिशुभानुष्ठानेन, तपोधनापेक्षया तु मूलोत्तरगुणादिशुभानुष्ठानेन परिणतः शुभो ज्ञातव्य इति। मिथ्यात्वाविरतिप्रमादकषाययोगपञ्चप्रत्ययरूपाशुभोपयोगेनाशुभो विज्ञेयः। निश्चयरत्नत्रयात्मकशुद्धोपयोगेन परिणतः शुद्धो ज्ञातव्य इति। किंच जीवस्यासंख्येयलोकमात्रपरिणामाः सिद्धान्ते मध्यमप्रतिपत्त्या मिथ्यादृष्ट्यादिचतुर्दशगुणस्थानरूपेण कथिताः। अत्र प्राभृतशास्त्रे तान्येव गुणस्थानानि संक्षेपेणाशुभशुभशुद्धोपयोगरूपेण कथितानि। कथमिति चेत् -मिथ्यात्वसासादनमिश्रगुणस्थानत्रये तारतम्येनाशुभोपयोगः, तदनन्तरमसंयतसम्यग्दृष्टिदेशविरतप्रमत्तसंयतगुणस्थानत्रये तारतम्येन शुभोपयोगः, तदनन्तरमप्रमत्तादिक्षीणकषायान्तगुणस्थानषटे तारतम्येन शुद्धोपयोगः, तदनन्तरं सयोग्ययोगिजिन-गुणस्थानद्वये शुद्धोपयोगफलमिति भावार्थः।।९।।

---

રૂપે) જીવ પરિણમે છે. આહાહા !

સવારમાં કહ્યું હતું કે શુભરાગનું કાર્ય પુદ્‌ગલનું છે અને કર્તા પુદ્‌ગલ છે. આહાહા ! કઈ અપેક્ષાએ (કહ્યું હતું) ભાઈ ! સમયસાર દૃષ્ટિપ્રધાન ગ્રંથ છે. એથી દ્રવ્યનો સ્વભાવ જ્યાં (દૃષ્ટિમાં આવ્યો) છે (ત્યાં પર્યાય શુદ્ધ જ થાય છે). આહાહા ! ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ શુદ્ધ ભગવાન છે. જે પરમસ્વભાવ છે તેની જે પર્યાય થાય એ તો શુદ્ધ જ થાય. જ્ઞાયકભાવનું પરિણમન તો - તેની પર્યાય (તો) શુદ્ધ થાય. (આ) દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી કથન છે ને ! (તેથી) તેમાં શુભાશુભ પરિણામ થાય તે દ્રવ્ય સ્વભાવથી થયેલા નથી તેથી, વિભાવરૂપ થયેલ (ભાવો) પર્યાયમાં - દ્રવ્ય, ગુણના અવલંબન વિના અધ્ધર (થયા છે). આહાહા !

છતાં અહીં આગળ કહેશે, છે ને (અંદર) ? **'આ આત્મા શુભ કે અશુભ રાગભાવે પરિણમે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે જીવનું શુભપણું, અશુભપણું અને શુદ્ધપણું (અર્થાત્ જીવ જ શુભ, અશુભ અને શુદ્ધ છે એમ) નક્કી કરે છે :-

**શુભ કે અશુભમાં પ્રણમતાં શુભ કે અશુભ આત્મા બને,**
**શુદ્ધે પ્રણમતાં શુદ્ધ, પરિણામસ્વભાવી હોઈને. ૯.**

**અન્વયાર્થ :-** (**जीवः**) જીવ, (**परिणामस्वभावः**) પરિણામસ્વભાવી હોવાથી, (**यदा**) જ્યારે (**शुभेन वा अशुमेन**) શુભ કે અશુભ ભાવે (**परिणमति**) પરિણમે છે (**शुभः अशुभः**) ત્યારે શુભ કે અશુભ (પોતે જ) થાય છે (**शुद्धेन**) અને જ્યારે શુદ્ધ ભાવે પરિણમે છે (**तदा शुद्धः हि भवति**) ત્યારે શુદ્ધ થાય છે.

**ટીકા :-** જ્યારે આ આત્મા શુભ કે અશુભ રાગભાવે પરિણમે છે ત્યારે જાસુદપુષ્પના કે તમાલપુષ્પના (લાલ કે કાળા) રંગે પરિણમેલા સ્ફટિકની જેમ, પરિણામસ્વભાવી હોવાથી, શુભ કે અશુભ થાય છે (અર્થાત્ તે વખતે આત્મા પોતે જ શુભ કે અશુભ છે); અને જ્યારે શુદ્ધ અરાગભાવે પરિણમે છે ત્યારે શુદ્ધ અરંગે (રંગરહિતપણે) પરિણમેલા સ્ફટિકની જેમ, પરિણામસ્વભાવી હોવાથી, શુદ્ધ થાય છે (અર્થાત્ તે વખતે આત્મા પોતે જ શુદ્ધ છે). એ રીતે જીવનું શુભપણું, અશુભપણું અને શુદ્ધપણું સિદ્ધ થયું.

**ભાવાર્થ :-** આત્મા સર્વથા કૂટસ્થ નથી, પણ ટકીને પરિણમવું તેનો સ્વભાવ છે; તેથી જેવા જેવા ભાવે તે પરિણમે છે તેવો તેવો તે પોતે થઈ જાય છે. જેમ સ્ફટિકમણિ સ્વભાવે નિર્મળ હોવા છતાં જ્યારે લાલ કે કાળા ફૂલના સંયોગનિમિત્તે પરિણમે છે ત્યારે લાલ કે કાળો પોતે જ થાય છે, તેમ આત્મા સ્વભાવે શુદ્ધબુદ્ધ-એકસ્વરૂપી હોવા છતાં વ્યવહારે જ્યારે ગૃહસ્થદશામાં સમ્યક્ત્વપૂર્વક દાનપૂજાદિ શુભ અનુષ્ઠાનરૂપ શુભોપયોગે અને મુનિદશામાં મૂળ ગુણ તથા ઉત્તર ગુણ વગેરે શુભ અનુષ્ઠાનરૂપ શુભોપયોગે પરિણમે છે ત્યારે પોતે જ શુભ થાય છે, અને મિથ્યાત્વાદિ પાંચ પ્રત્યયરૂપ અશુભોપયોગે પરિણમે છે ત્યારે પોતે જ અશુભ થાય છે. વળી જેમ સ્ફટિકમણિ પોતાના સ્વાભાવિક નિર્મળ રંગે પરિણમે છે ત્યારે પોતે જ શુદ્ધ થાય છે તેમ આત્મા પણ નિશ્ચયરત્નત્રયાત્મક શુદ્ધોપયોગે પરિણમે છે ત્યારે પોતે જ શુદ્ધ થાય છે.

સિદ્ધાંતમાં જીવના અસંખ્ય પરિણામોને મધ્યમ વર્ણનથી ૧૪ ગુણસ્થાનરૂપે કહેવામાં આવ્યા છે. તે ગુણસ્થાનોને સંક્ષેપથી 'ઉપયોગ' રૂપે વર્ણવતાં, પ્રથમ ત્રણ ગુણસ્થાનોમાં તારતમ્યપૂર્વક ઘટતો ઘટતો અશુભોપયોગ, ચોથાથી છઠ્ઠા ગુણસ્થાન સુધી તારતમ્યપૂર્વક (વધતો વધતો) શુભોપયોગ, સાતમાથી બારમા ગુણસ્થાન સુધી તારતમ્યપૂર્વક શુદ્ધોપયોગ અને છેલ્લાં બે ગુણસ્થાનોમાં શુદ્ધોપયોગનું ફળ - આવું વર્ણન કથંચિત્ થઈ શકે છે. ૯.

---

**છે.**' આહાહા ! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ભગવાનનું સ્મરણ એ બધો શુભરાગ છે. તે રાગરૂપે પણ જીવ પોતે પર્યાયમાં થાય છે. આહાહા ! અને અશુભરાગ(રૂપે) - વિષયવાસનાનો રાગ, કામ, ક્રોધ, માન, માયા, લોભ એ બધા અશુભભાવ(રૂપે) - પાપભાવ(રૂપે) - પણ આત્મા પર્યાયમાં પરિણમે છે.

સવારનું કાંઈક અને અત્યારનું કાંઈક ! અહીં તો જ્ઞાનપ્રધાન કથન છે ને ! આહાહા ! આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુ તો (શુભ-અશુભભાવ) પર્યાયમાં છે એ તો - પહેલા નક્કી થવું જોઈએ. જે કાળે જે સમયે જે પર્યાય થાય છે તેનો જન્મક્ષણ છે. આહાહા ! (તેમ નક્કી કર્યા) પછી (તેના) દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી કહે ત્યારે તેના પરિણામ જે વિકારી છે તેનો તે - સ્વભાવ છે તે - કર્તા કેમ થાય ? ભગવાન આત્મા સચ્ચિદાનંદ(સ્વરૂપ) શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ (છે). તે નિર્વિકારી ઘન (છે). (તો) તે નિર્વિકારી રાગનો કર્તા કેમ થાય ? - એ અપેક્ષાએ (સવારમાં) કહ્યું હતું. આવી વાત છે ! આહાહા !

પણ અહીં કહે છે કે પર્યાયમાં (જે અશુદ્ધતા) છે તે તો તેની પોતાની છે. આહાહા ! (સવારની વાત તો) દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી વાત હતી. (જ્યારે) અહીં તો જ્ઞાનની પ્રધાનથી વાત છે કે (રાગ) પર્યાયમાં - તેનામાં થાય છે. આહાહા ! આત્મા શુભ-અશુભભાવે - રાગભાવે થાય તે રાગ છે. ચાહે તો ભગવાનની ભક્તિ હોય કે ભગવાનનું સ્મરણ હોય, પણ એ બધો શુભરાગ છે, તે કાંઈ ધર્મ નથી. આહાહા ! અરે ! એને ક્યાં પડી છે ? અનંતકાળથી ચોરાશીના અવતારમાં રખડે છે. આહાહા ! આ જગતની પળોજણ કરી-કરીને મરી જાય ને પછી ઢોરમાં જાય - પશુ થાય, કાગડા-કૂતરા થાય. આહાહા ! અરેરે...! એણે શું કર્યું છે ?

અહીં કહે છે કે શુભ-અશુભપણે પરિણમે છે તે આત્મા પોતે છે. કર્મને લઈને નહિ. આહાહા ! જીવ તેનો સ્વતંત્રપણે કર્તા છે. (અર્થાત્) પર્યાય, પર્યાયનો કર્તા છે. આહાહા ! '**આત્મા શુભ કે અશુભ રાગભાવે...**' રાગભાવે (એટલે કે) (શુભ ને અશુભ) બન્ને રાગ છે. આહાહા ! (હવે કહે છે કે) '**ત્યારે જાસુદપુષ્પના કે તમાલપુષ્પના (લાલ કે કાળા) રંગે પરિણમેલા...**' શુભને અશુભ બે (લેવા) છે ને ? (તેથી) '**જાસુદપુષ્પના કે તમાલપુષ્પના...**' જાસુદપુષ્પ લાલ (છે) અને તમાલપુષ્પ કાળા (છે). એ '**રંગે પરિણમેલા સ્ફટિકની જેમ...**' સ્ફટિકરતન છે તે સ્વચ્છ (હોય છે). પણ તેને લાલ ને કાળારંગના પુષ્પનું નિમિત્ત હોય છે. તેથી, '**પરિણમેલા સ્ફટિકની જેમ...**' પરિણમે છે (તો) સ્ફટિક. (ત્યારે) લાલ-કાળો રંગ નિમિત્ત છે. આહાહા ! પણ કાળા ને લાલરંગે સ્ફટિકની પર્યાય (પોતાની) યોગ્યતાથી પરિણમે છે. આ લાકડા નીચે લાલ ફૂલ મૂકો તો આ - આનો સ્વભાવ - નહિ પરિણમે. પણ સ્ફટિકની પર્યાયની યોગ્યતાને કારણે લાલ અને કાળા ફૂલના સંયોગમાં (તે) પરિણમે છે. (એટલે કે) લાલ અને કાળાપણે તેની પર્યાય પરિણમે છે. આહાહા ! હવે દ્રવ્ય કોને કહેવું ને પર્યાય કોને કહેવી (તે અજ્ઞાનીને ક્યાં ખબર છે ?)

શ્રોતા :- દ્રવ્ય એટલે પૈસા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- પૈસા ? - એ પૈસાનું - ધૂડનું અહીં શું કામ છે ? બધા શેઠિયાઓ તો માટી - ધૂળના ધણી છે. ૫-૫૦ લાખ, કરોડ-બે કરોડ મળ્યા, એ કરોડપતિ એટલે જડનો પતિ, ધૂડનો પતિ (છે). તે ચૈતન્ય નહિ. આહાહા ! આવું છે બાપુ ! ભગવાન તો એમ કહે છે કે પૈસાના માગણો છે એ બધાં ભિખારા છે, માગણ છે. અમને પૈસા આપો - અમને પૈસા આપો - અમને પૈસા આપો (એમ માગે છે). ભિખારા - ભિખારીઓ અંતરમાં અનંત આનંદની લક્ષ્મી પડી છે તેમાં તો જોતા નથી અને આ ધૂડની લક્ષ્મી-માટી-જડ-પુદ્ગલને (પોતાની માને છે). આહાહા ! (એને એમ થાય કે) હું પાંચ લાખ પેદા કરું છું. પણ હવે મારે દસ લાખ પેદા કરવાનો ધંધો કરવો છે. મોટા ભિખારા છે. દુનિયા આખી ગાંડી-પાગલ છે. પાગલમાં પાગલ વખણાય તેમાં શું છે ? આહાહા ! અહીં તો એવી વાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દુનિયા પાગલ છે. પરને પોતાનું માનનારા અને સ્વને ભૂલનારા ગાંડા - પાગલો છે. આહાહા ! (પછી ભલેને) ગમે તેવા તે ગ્રેજ્યુએટ થયેલા હોય - L.L.B. થયેલા વકીલ હોય કે M.B.B.S. થયેલા ડૉકટર હોય - બધાં પૈસાના ભિખારીઓ છે. આહાહા !

પ્રશ્ન :- પૈસા વિના શાક નથી આવતું.

સમાધાન :- પૈસા વિના જ શાક આવે છે. આપણે કહેવાતું નથી ? કે દાણે-દાણે ખાનારનું નામ છે. સાંભળ્યું છે કે નહિ ? (તો) તે શું કહે છે ? (કે) ખાનારનું દાણે-દાણે નામ છે એટલે કે જે દાણો - જે રજકણો (તેને) આવવાના છે તે આવવાના જ (છે). આહાહા !

પ્રશ્ન :- એની ખાતરી નથી.

સમાધાન :- ખાતરીના (ક્યાં) ઠેકાણા છે ? ગાંડા-પાગલ કોને કહેવાય ? મિથ્યાત્વના ભ્રમણમાં પાગલ - ઉન્મત્ત થયેલાને કાંઈ ભાન નથી. પૈસા અમે લઈએ (છીએ એમ માને) તે માગણ (છે).

પ્રશ્ન :- પૈસા વિના આવું મકાન થાય ?

સમાધાન :- એ તો તેની મેળાએ - જડથી મકાન થયું (છે). પૈસાથી થયું નથી અને બીજાથી પણ થયું નથી. આહાહા ! પૈસા છે એ તો માટી, ધૂડ, અજીવ છે. આહાહા ! (અને) ભગવાન આત્મા ચૈતન્ય જીવ છે. (તો) તે, જીવનો અજીવ ક્યાંથી થાય ? તે જીવસ્વરૂપનું અજીવસ્વરૂપ ક્યાંથી થાય ? આહાહા ! શાસ્ત્રમાં એવું કહ્યું છે કે તે (મિથ્યાદૃષ્ટિ) વરાકા (છે). વરાકા એટલે ભિખારી. આહાહા ! કહ્યું હતું ને એકવાર ? ભાવનગરના દરબાર આવ્યા હતાં તેને કહ્યું હતું, કે મહિને લાખ માગે (તે) નાનો માગણ (છે). પાંચ લાખ માગે તે મોટો માગણ (છે) અને કરોડ માગે તે તો માગણનો માગણ - મોટો ભિખારી છે. અહીં (અમારે) ક્યાં કોઈને માખણ ચોપડવાનું છે ?

આહાહા ! આ (બહારનું) સ્વરાજય છે તે આત્માનું નથી. આહાહા ! સ્વરાજય તો, આત્મામાં આનંદ અને જ્ઞાનનો ભંડાર ભર્યો છે તે છે. તે સ્વરાજય આત્માનું છે. (છતાં) પાગલો આ પરરાજયને સ્વરાજય માને છે. આહાહા ! અમારે તો અબજોપતિ હોય તોપણ ઠીક અને ભિખારી હોય તોપણ ઠીક. આ (બહારના) તો ધૂડના રાજય છે. માટીના રાજય એ રાજય નથી. બાપા ! આહાહા ! રાજય તો અંદર '**राज्यते शोभते इति राजा**' અંદર આનંદ અને જ્ઞાનના ગુણથી (આત્મા) શોભે છે. તેનો રાજા થાય તે રાજા (છે). આહાહા ! આપણે આવે છે ને ? 'एवं हि जीवराया' -(સમયસારની ૧૭-૧૮ ગાથા) છે ને ? શાસ્ત્રમાં તો બધું ભર્યું છે, ભાઈ ! આહાહા !

અહીં કહે છે કે જીવ જ્યારે રાગપણે - શુભઅશુભના રાગપણે થાય (છે ત્યારે તે રૂપ થાય છે). સ્ફટિકમણિ જેમ સ્વચ્છ છે તેને લાલ ને કાળા ફૂલનું નિમિત્ત છે. (ત્યારે) તે લાલ-કાળાપણે પરિણમે છે. તે પોતે પોતાની પર્યાયથી સ્વતંત્રપણે પરિણમે છે. લાલ ને કાળા ફૂલ છે માટે પરિણમે છે એમ નથી. આહાહા ! આવી વાતુ છે. ભાઈ ! મારગડા જુદા નાથ ! આહાહા ! તારા હિતના પંથ કોઈ જુદી જાતના (છે). આહાહા ! (અજ્ઞાની) તો અહિતના પંથે અનાદિકાળથી રખડી રહ્યો છે અને તેમાં ને તેમાં મરી ગયો છે.

અહીં કહે છે કે લાલ-કાળા (રંગે પરિણમેલા) '**સ્ફટિકની જેમ, પરિણામસ્વભાવી હોવાથી...**' (અર્થાત્) ભગવાન આત્મા પલટવાના સ્વભાવવાળો હોવાથી (શુભ-અશુભપણે થાય છે). આહાહા ! જેમ સ્ફટિક પણ બદલવાના સ્વભાવને કારણે લાલ અને કાળી પર્યાયપણે થાય છે. તેમ ભગવાન આત્મા પરિણમવાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવને કારણે શુભને અશુભ(પણે પરિણમે છે). (શુભભાવને લાલરંગની અને અશુભભાવને કાળારંગની ઉપમા છે). (જેમ) બેય રંગપણે (સ્ફટિક પરિણમે છે) તેમ શુભ-અશુભપણે આત્મા પરિણમે છે. આહાહા ! કેમ કે પરિણામસ્વભાવી હોવાથી (તેમ પરિણમે છે). નિત્ય છે છતાં પરિણામી છે. વસ્તુ ભગવાન (આત્મા) તો નિત્ય ત્રિકાળ છે, અવિનાશી છે. (તેથી) ઉત્પત્તિ નથી (અને) નાશ (પણ) નથી. એવો ત્રિકાળી ધ્રુવ હોવા છતાં પરિણામી છે, પલટતો છે, નિત્ય પરિણામી છે. (અર્થાત્) નિત્ય છે તે અનિત્યરૂપે પરિણમે છે. આહાહા ! આવી વાત છે. બીજે તો આ બધું ગાંડા જેવું લાગે. આહાહા !

(અહીં કહે છે કે) '**પરિણામસ્વભાવી હોવાથી, શુભ કે અશુભ થાય છે.**' કોણ ? (કે) આત્મા. પહેલા (એ) છે ને ? (કે '**આ આત્મા...**') ભગવાન આત્મા પવિત્ર ને શુદ્ધ ચૈતન્યઘન હોવા છતાં પરિણામી - બદલવાના સ્વભાવને કારણે (તે) શુભ અને અશુભરાગરૂપે પરિણમે ને થાય છે. આહાહા !

પ્રશ્ન :- કર્મના ઉદયથી રાગરૂપે થાય નહિ ?

સમાધાન :- ઉદયની અહીં કોઈ વાત નથી.

પ્રશ્ન :- ગોમ્મટસારમાં આવે છે ને ?

સમાધાન :- એ (તો) નિમિત્તથી કથન છે. તે સમયે તે શુભના પરિણામનું ષટ્કારકપણે (પરિણમન સ્વતંત્ર છે). - પંચાસ્તિકાયની ૬૨મી ગાથા. શુભના રાગનું જે પરિણમન પર્યાયમાં થાય છે તે (પોતાના) ષટ્કારકને કારણે (થાય છે). તેને પરકારકની અપેક્ષા નથી. ઈસરીમાં મોટી ચર્ચા થયેલી. અને અશુભપણે - હિંસા, જૂઠના ભાવપણે - પણ જ્યારે પરિણમે છે (ત્યારે) તે પર્યાય પણ ષટ્કારકપણે પોતાથી પરિણમે છે. તેને કર્મની અપેક્ષા નથી (અને) દ્રવ્ય-ગુણની (પણ) અપેક્ષા નથી. આવી વાતુ છે !

પ્રશ્ન :- કર્મશાસ્ત્ર બધું ઊડી જાય છે !

સમાધાન :- કર્મશાસ્ત્ર નિમિત્તથી કથન છે એમ તેનું જ્ઞાન કરવાનું છે. (બાકી) ઉપાદાન તો પોતાનું છે. આહાહા ! પોતાની દશામાં રાગ અને પુણ્ય-પાપના ભાવનું (થવું તે) પર્યાયની - ઉપાદાનની - યોગ્યતાથી (છે). પોતાની તે ક્ષણે તે જ યોગ્યતા (છે). તેથી તે (ઉત્પન્ન) થાય છે. આવો ઉપદેશ છે.

આ કઈ જાતનો ઉપદેશ ? કાંઈક એમ કહો કે દયા પાળવી, વ્રત કરવા, ઉપવાસ કરવા, ભક્તિ કરવી અને જાત્રા કરવી તો સમજાય તો ખરું ? એ તો અનાદિકાળનું રખડવાનું છે. આહાહા ! પણ તે રખડવાના ભાવપણે (પણ) પરિણમે છે (તો) પોતે. આહાહા ! આવું છે પ્રભુ !

(અહીં કહે છે કે) '**શુભ કે અશુભ થાય છે (અર્થાત્ તે વખતે આત્મા પોતે જ શુભ કે અશુભ છે); અને જ્યારે શુદ્ધ અરાગભાવે પરિણમે છે...**' આહાહા ! સચ્ચિદાનંદ પ્રભુ ભગવાન આત્મા ! પોતે શુદ્ધ છે. (હવે) તેની પર્યાયમાં પરિણમનસ્વભાવને કારણે (જ્યારે) શુદ્ધપણે-રાગ વિના અરાગપણે - પરિણમે છે (ત્યારે) આત્મા જ પોતે તે રૂપે તન્મય થઈને પરિણમે છે. આહાહા ! કર્મનો અભાવ થયો માટે શુદ્ધપણે પરિણમે છે એમ નથી. આહાહા ! આકરી વાત બાપા ! ધર્મની ચીજ હજી સાંભળવી કઠણ (છે), બાપા ! આહાહા ! દુનિયા તો બહારથી માની બેઠી છે કે કાંઈક દયા પાળી, વ્રત કર્યા, ઉપવાસ કર્યા, ભક્તિ કરી અને શત્રુંજય - ગિરનારની જાત્રા કરી એટલે થઈ ગયો ધર્મ ! અરે...! ધૂડમાંય ધર્મ નથી. સાંભળને ! આહાહા ! એ તો રાગની ક્રિયાનું પરિણમન છે. જો શુભરાગ કરતો હોય તો (પુણ્ય છે). આહાહા ! અને આખો દિ' સંસારના ધંધા-સ્ત્રી, પુત્રને સાચવવાના ભાવ (કરે તો) એકલા પાપ છે - અશુભભાવ છે. આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન :- સ્ત્રી-પુત્રને મૂકવા ક્યાં ?

સમાધાન :- તેણે ક્યાં રાખ્યા છે ? એના હતા કે દિ' ? સ્ત્રી-પુત્ર તો તેના આત્માના છે. એનામાં નથી. આહાહા ! (જો) તેના હોય તો જુદા રહે કેમ ? અને જુદા થઈને જુદા ચાલ્યા જાય છે (તેથી તેના નથી). આહાહા ! પંખી જેમ સાંજના ઝાડ ઉપર ભેગા થાય ને સવાર પડતાં પોતપોતાની દિશાએ ઊડીને ચાલ્યા જાય છે. કોઈને કોઈની સાથે કાંઈ સંબંધ છે નહિ. આહાહા ! એમ મકાનમાં - સ્ત્રી ને પુત્ર ને બધાં ભેગા થાય (છે). (તેઓ) ક્યાંયથી પોતાને કારણે આવ્યા છે અને પાછો સમય પૂરો થશે એટલે પોતે ચાલ્યા જશે. પોતાની ગતિ છે ત્યાં ચાલ્યા જશે. અરરર...! આવું ભારે કઠણ (છે).

પ્રશ્ન :- માણસને પંખી સાથે સરખાવ્યા ?

સમાધાન :- પંખી શું ? માણસ ઢોર જેવા છે. પશુ છે એમ નથી કહ્યું ? ૧૪ બોલમાં (સમયસારના પરિશિષ્ટમાં) કહ્યું છે ને ભાઈ ? ચૌદે બોલમાં જીવને પશુ કહ્યો છે. આહાહા ! જે અનિત્ય છે તેને અનિત્યપણે ન માને અને નિત્ય છે તેને નિત્યપણે ન માને (તો મિથ્યાત્વ છે). આ (પણ) નિત્ય-અનિત્યની વાત છે. આહાહા ! ક્ષણિક છે તે અનિત્ય છે અને ત્રિકાળ છે તે નિત્ય છે. એકાંત નિત્ય માને તેને મિથ્યાત્વ છે અને એકાંત અનિત્ય માને તેને પણ મિથ્યાત્વ છે. એ અહીં સિદ્ધ કરવું છે. જયસેનાચાર્યની ટીકામાં એ છે ને ભાઈ ? અંદર ૧૫માં પાને પહેલી લીટી છે કે '**नित्यैकान्तक्षणिकैकान्तनिषेधार्थ**' - જોયું ? ૧૫મા પાને પહેલી લીટી છે, ભાઈ !

શું કહ્યું એ ? કે આત્મા ત્રિકાળી છે તે નિત્ય છે અને તેનું પરિણમવું છે તે અનિત્ય છે. હવે બન્નેને એકાંત માને કે નિત્ય જ છે ને અનિત્ય નથી, અને અનિત્ય જ છે ને નિત્ય નથી (તો) એકાંત (છે). (એટલે) અહીં એકાંતનો નિષેધ કરવા બે વાત કરી છે. આહાહા ! આવો માર્ગ છે !

શ્રોતા :- સમજવું કઠણ પડે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- કઠણ પડે બાપુ ! (અનાદિથી) સમજ્યો નથી તો શું થાય ? આત્મા એકાંત નિત્ય જ છે એમ માને તો તેનું પરિણમન જે અનિત્ય છે તેને માન્યું નહિ અને પરિણમન અનિત્ય છે તેને માને ને નિત્ય ત્રિકાળ છે તેને ન માને (તો) બેય એકાંત મિથ્યાદૃષ્ટિ છે. આહાહા ! છે ? જયસેનાચાર્યની ટીકા છે બે ટીકા છે - શ્રી અમૃતચંદ્રાચાર્યની ને શ્રી જયસેનાચાર્યની - બેય સંતો દિગંબર સંતો છે.

આત્મા શુભ-અશુભ-શુદ્ધપણે પરિણમે છે એ (કોઈ) ન માને એટલે કે તે અનિત્ય છે - ક્ષણિક છે, એમ ન માને તો મિથ્યાદૃષ્ટિ છે. વેદાંત છે તે નિત્ય એકાંત માને છે. તે પરિણમનને માનતા નથી અને બૌદ્ધ છે તે પરિણમન - ક્ષણિકને માને છે. એ નિત્યને માનતા નથી. આહાહા ! (માટે) બેય મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે તે અહીં સિદ્ધ કરવું છે. આહાહા ! આવી ભારે વાતુ (છે) બાપા !

આ આવો ઉપદેશ કઈ જાતનો ? બાપુ ! આ સત્ય વસ્તુ આમ છે પ્રભુ ! આહાહા ! સત્‌નું સત્ય જ આવું છે. દ્રવ્ય ભગવાન આત્મા સત્ છે, તે નિત્ય છે અને પર્યાયપણે અનિત્ય છે, પરિણમન સ્વભાવવાળો છે. નિત્ય પરિણામી છે. તેને એકાંત નિત્ય માને તો મિથ્યાત્વ છે અને એકાંત પરિણમન - પર્યાય જ માને તો પણ મિથ્યાત્વ છે. આહાહા ! ભારે આકરું કામ છે, ભાઈ !

(અજ્ઞાનીને એમ થાય છે કે) આવો ઉપદેશ કઈ જાતનો છે ? ઓલું તો સહેલુંસટ હતું કે ભક્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરવી, જાત્રા કરવી ને કાંઈક પાંચ-પચાસ લાખનું દાન દેવું. હવે (પૈસા) ધૂડેય તારા નથી. સાંભળને ! દાનના પૈસા ક્યાં તારા હતાં ? એ તો જડના છે. તે મારા છે એમ માનીને આપે તો મહામિથ્યાત્વને પોષે છે. આહાહા ! (પૈસા) પર ચીજ છે. (માટે) તે આપી શકતો જ નથી ને ! પૈસા આમ જાય છે તે પૈસાની ક્રિયાથી જાય છે. તેની પર્યાય તેનાથી થાય છે (પણ તે જો એમ માને કે) મારાથી પૈસા જાય (છે તો) તે મૂઢ છે, પાગલ છે. અહીં તો વાત એવી છે. બાપુ ! જગતથી જુદી જાત છે. આહાહા ! આખું જગત પાગલપણે પરિણમી રહ્યું છે. આહાહા !

અહીં એ કહે છે (કે) એકાંત નિત્ય માને તો તે મિથ્યાત્વ છે. એકાંત એકલું પરિણમન માને ને નિત્ય ન માને તો પણ એકાંત (મિથ્યાત્વ) છે. આહાહા ! છે ને ? આ બાજુ ૧૫મે પાને પહેલી લીટી છે. અહીં એ કહેવું છે કે એકલો આત્મા નિત્ય શુદ્ધ જ છે (અને) તેને પરિણમન નથી (તેમ માનવું) તે પણ અજ્ઞાન છે અને પરિણમન - એકલું ક્ષણિક છે, એ જ છે, ત્રિકાળી દ્રવ્ય-ધ્રુવ છે તે નથી (તેમ માને તે પણ) એકાંત (અજ્ઞાન) છે. આહાહા ! આવી વાતુ છે. નવા માણસને તો એવું લાગે કે આ તે કઈ જાતનો ઉપદેશ ? પાગલ જેવું લાગે.

શ્રોતા :- આપ અમને પાગલ કહી દો છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આહાહા ! પાગલને જેમ તત્ત્વની કાંઈ ખબર નથી એમ આ મિથ્યાત્વના પાગલપણામાં તેને (તત્ત્વની) કાંઈ ખબર નથી. આહાહા !

એ ચિદ્‌વિલાસમાં આવ્યું ને ભાઈ ! કે નિત્ય છે તે અનિત્યથી જણાય છે. અનિત્ય પર્યાયથી જણાય છે ને ! ધ્રુવ-નિત્ય, નિત્યથી ન જણાય. (કેમ કે) નિત્ય તો ધ્રુવ છે. નિત્ય-ધ્રુવ જે છે તે અનિત્યથી જણાય છે. અનિત્ય એવાં જે પરિણામ - પરિણતિ (છે) તેનાથી તે જણાય છે. આહાહા ! ધ્રુવથી ધ્રુવ ન જણાય. આહાહા !

(અહીં કહે છે કે) '**જ્યારે શુદ્ધ અરાગભાવે પરિણમે છે ત્યારે...**' પહેલા રાગની વાત કરી. શુભ ને અશુભ બેય રાગ (દોષ છે). (હવે કહે છે કે) જ્યારે અરાગભાવે થાય છે '**ત્યારે શુદ્ધઅરંગે (રંગ રહિતપણે) પરિણમેલા સ્ફટિકની જેમ...**' (અર્થાત્) સ્ફટિક પછી જ્યારે લાલ ને કાળારંગપણે નથી પરિણમતો અને શુદ્ધપણે પરિણમે છે તેમ... આહાહા ! લાલરંગપણે ને કાળારંગપણે પરિણમે છે તે સ્ફટિકની પર્યાયનો ધર્મ છે - તેની યોગ્યતા છે. (તે ફૂલને) લઈને નથી. જો ફૂલને લઈને હોય તો આ લાકડું છે લ્યો ! આની નીચે મૂકો કાંઈ નહિ થાય અને સ્ફટિક પાસે મૂકશો તો (પ્રતિબિંબ) પડશે. (કેમકે) તેની યોગ્યતા છે. સ્ફટિકને કાળા-લાલ ફૂલનું નિમિત્ત છે. પણ પરિણમવાની યોગ્યતા (તો) તેની - ઉપાદાનની છે. તે ફૂલને લઈને (સ્ફટિક) પરિણમ્યો નથી. તેમ ભગવાન આત્મા શુભ-અશુભપણે પરિણમે છે, તે નિમિત્ત-કર્મ છે માટે પરિણમે છે, તેમ નથી. આત્માની અશુદ્ધ ઉપાદાનની - પર્યાયની યોગ્યતાથી પરિણમે છે. આહાહા ! બધી આકરી વાતુ (છે) ! અને (આત્મા) શુદ્ધપણે પરિણમે છે ત્યારે (પણ) તેને કર્મના અભાવની કે અન્યની અપેક્ષા નથી. આહાહા ! તે શુદ્ધપણે પરિણમેલી પર્યાય સ્વતંત્રપણે ષટ્‌કારકથી પરિણમે છે. છતાં તે પરિણમન શુદ્ધ દ્રવ્યનું છે એમ અભેદનયથી સિદ્ધ કરવું છે.

આહાહા ! આવો ઉપદેશ છે. અજાણ્યા માણસને તો એવું લાગે કે આ શું છે ? આ તે આપણો જૈનધર્મ હશે ? અરે પ્રભુ ! તને એમ હશે કે જૈનધર્મમાં તો બધી જાત્રા ને ભક્તિ ને પૂજા ને

આવી ક્રિયા હશે - તે જૈનધર્મ છે. અરે ભગવાન ! જૈનધર્મનું સ્વરૂપ જ તને ખબર નથી. જૈનધર્મ એ વસ્તુનો સ્વભાવ છે. તે કોઈ પક્ષ કે પંથ નથી. વસ્તુ જે શુદ્ધ ચૈતન્ય (છે) તે પોતે પર્યાયમાં શુદ્ધપણે પરિણમે તે જૈનધર્મ છે. આહાહા ! અને વસ્તુ જે શુદ્ધ છે તે, પર્યાયમાં શુભ-અશુભપણે પરિણમે તે અજૈનધર્મ છે, તે જૈનધર્મ નથી. આહાહા ! છતાં, પર્યાયમાં અજૈનપણું પણ થાય (છે) અને પર્યાયમાં જૈનપણું પણ થાય (છે). (કેમ કે) પરિણમે છે માટે. આહાહા !

(અહીં કહે છે કે) '**શુદ્ધ અરાગભાવે પરિણમે છે ત્યારે શુદ્ધ અરંગે (રંગ રહિતપણે) પરિણમેલા સ્ફટિકની જેમ, પરિણામસ્વભાવી હોવાથી...**' (અર્થાત્) પલટવાનો સ્વભાવ હોવાથી. ભગવાન આત્માનો અને સ્ફટિકનો પણ પલટવાનો સ્વભાવ હોવાથી '**શુદ્ધ થાય છે.**' - આત્મા (શુદ્ધ થાય છે). આહાહા ! '**(અર્થાત્ તે વખતે આત્મા પોતે જ શુદ્ધ છે.)**' પાછો એનો અર્થ એવો નથી કે શુદ્ધપણે પરિણમ્યો ત્યારે શુદ્ધ દ્રવ્ય થયું છે. (કેમ કે) દ્રવ્ય તો ત્રિકાળી શુદ્ધ જ છે. આ તો પર્યાયની વાત છે ને ! અને આ અશુદ્ધપણે (પર્યાયમાં) પરિણમ્યું છે માટે દ્રવ્ય (પણ) અશુદ્ધ થયું છે, એમ નથી. આહાહા ! હવે આવી વાતુ (છે) !

દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ (જ છે). (તે) નિગોદમાં હોય કે સિદ્ધમાં - દ્રવ્ય તો એકરૂપ શુદ્ધરૂપે જ ત્રિકાળ છે. હવે તેની પર્યાયમાં ભેદ છે, શુભ-અશુભપણે પરિણમે છે, ત્યારે રાગપણે પરિણમે છે (અને) શુદ્ધપણે પરિણમે છે ત્યારે અરાગપણે પરિણમે છે. પરંતુ દ્રવ્ય તો તે વખતે પણ - રાગપણે (પર્યાયમાં) પરિણમે છે ત્યારે (પણ) - શુદ્ધ જ છે અને અરાગપણે પરિણમ્યો છે તે વખતે પણ દ્રવ્ય તો જેવું ને જેટલું શુદ્ધ છે (તેવું ને) તેટલું જ છે. આહાહા ! હવે આવી વાત (છે). આહાહા ! લોકોને પછી બેસે નહિ એટલે આ એકાંત છે, એકાંત (એમ કહે છે).

'**એ રીતે જીવનું શુભપણું, અશુભપણું ને શુદ્ધપણું સિદ્ધ થયું.**' આહાહા ! જીવનું (એટલે) પર્યાયનું. (અહીં) પર્યાય તેની (જીવની) છે એમ સિદ્ધ કરવું છે. અને સવારમાં તો (સમયસારમાં તો) દ્રવ્યસ્વભાવ અને દ્રવ્યસ્વભાવની (દૃષ્ટિનું કથન છે). (તેથી જે) ચૈતન્યમૂર્તિ સ્વભાવ છે તેનું જેને જ્ઞાન થયું છે તેને, તે પુણ્ય-પાપના પરિણામનું કાર્ય (તે) પુદ્ગલનું કાર્ય છે. આહાહા ! (જ્યારે) અહીં કહે છે કે શુભાશુભ પરિણમનનું - પર્યાયનું કાર્ય તે તે પર્યાયનું છે, જીવની પર્યાયનું છે. (પણ) પુદ્ગલનું નહિ.

શ્રોતા :- સવારે પુદ્ગલનું કાર્ય ને બપોરે જીવનું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- કઈ અપેક્ષા કહી હતી ? (કે) દૃષ્ટિનો વિષય (જે) દ્રવ્યસ્વભાવ (છે) તેનું જેને જ્ઞાન થયું (છે) (તેને પુદ્ગલનું કાર્ય છે). આહાહા ! જેને દ્રવ્યસ્વભાવનું જ્ઞાન થયું (છે) તેને તો, પરિણમન - જ્ઞાયકનું પરિણમન - શુદ્ધ જ હોય અને જે અશુદ્ધતા પર્યાયમાં થાય છે તે દ્રવ્યદૃષ્ટિના વિષયમાં ન આવે. તેથી તે પર્યાયની અશુદ્ધતાનું કાર્ય (પુદ્ગલનું છે) અને કર્તા પુદ્ગલ છે, એમ કહ્યું (છે). આહાહા ! આવું સાંભળ્યા વિના, સમજયા વિના એકલું શાસ્ત્ર વાંચે તો પણ કાંઈ પકડી શકે નહિ અને કાંઈકનું કાંઈક (સમજી બેસે). આવી વાત છે.

ભાવાર્થ :- '**આત્મા સર્વથા કૂટસ્થ નથી.**' જોયું ? આમાં શ્રી જયસેનાચાર્યનું થોડું લીધું છે ને ? '**પણ ટકીને પરિણમવું તેનો સ્વભાવ છે.**' સર્વથા કૂટસ્થ નામ પરિણમે જ નહિ - જેમ ઉપર શિખર હોય ને તે હલે જ નહિ એમ ધ્રુવ આત્મા એકલો છે ને તે પરિણમે જ નહિ - (એમ નથી). કૂટસ્થ = કૂટ+સ્થ = (શિખરની જેમ સ્થિર). શિખર જેમ (એકલું) સ્થિર હોય એમ આત્મા એકલો કૂટસ્થ -

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ધ્રુવ જ છે, એમ નથી. (પણ) ટકીને પરિણમવું તેનો સ્વભાવ છે. આહાહા ! ટકીને પરિણમવું - રહીને થવું - કાયમપણું રહીને પર્યાયમાં થવું - એવો તેનો સ્વભાવ છે. આહાહા !

પણ જણાય છે તે પર્યાયથી જણાય છે ને ! દ્રવ્યથી (કાંઈ) દ્રવ્ય ન જણાય. આહાહા ! જ્ઞાનની પર્યાય જ્યારે આમ (દ્રવ્ય તરફ) વળે છે ત્યારે તે પર્યાય પોતે જ દ્રવ્યને જાણે છે. આહાહા ! અને તે પર્યાય (રાગ) બાજુ ઢળેલી હોય ત્યારે પર્યાય પોતે રાગને જાણે છે. - આ પર્યાયદૃષ્ટિ થઈ (જ્યારે) પહેલી દ્રવ્યદૃષ્ટિ (છે). આહાહા !

(અહીં કહે છે કે) **'આત્મા સર્વથા કૂટસ્થ નથી. પણ ટકીને પરિણમવું તેનો સ્વભાવ છે; તેથી જેવા જેવા ભાવે...'** જેવા જેવા ભાવે (એટલે કે) શુભ કે અશુભ કે શુદ્ધભાવે એમ. **'જેવા જેવા ભાવે તે પરિણમે છે તેવો તેવો તે પોતે થઈ જાય છે...'** (પણ) પર્યાયમાં હોં ! આમાંથી અજ્ઞાની એમ (અર્થ) કાઢે છે કે દ્રવ્ય પણ એવું થઈ જાય છે. અરે બાપા ! વસ્તુ છે એ તો એકરૂપ ત્રિકાળ શુદ્ધ જ છે. (એ તો અહીં એમ કહેવું છે કે) પર્યાયમાં જે પ્રમાણે પરિણમે છે તે પણે - તે રૂપે - તે પર્યાય થાય છે. છે (અંદર) ? કે **'તેવો તેવો તે પોતે થઈ જાય છે.'** 'પોતે થઈ જાય છે' એટલે ? પર્યાયમાં (તેવો થઈ જાય છે). (બાકી) દ્રવ્ય તો જે - શુદ્ધ ત્રિકાળ છે - એ જ છે. આહાહા !

**'જેમ સ્ફટિકમણિ સ્વભાવે નિર્મળ હોવા છતાં...'** સ્ફટિકમણિનો સ્વભાવ નિર્મળ હોવા છતાં, **'જ્યારે લાલ કે કાળા ફૂલના સંયોગનિમિત્તે પરિણમે છે...'** સંયોગનિમિત્તે પરિણમે છે (તો) પોતે. (ફૂલ) તો નિમિત્ત છે. ઉપાદાન પોતાનું (સ્ફટિકનું) છે. **'ત્યારે લાલ કે કાળો પોતે જ થાય છે.'** (અર્થાત્) સ્ફટિક પોતે કાળા કે લાલ પર્યાયે પોતાને કારણે થાય છે. તે ફૂલને લઈને નહિ. આહાહા !

લ્યો, ફૂલ કાઢી લ્યો. જોઈએ ? (પછી) થાય છે ? પણ કાઢે કોણ ? ને મૂકે કોણ ? સાંભળને ! આહાહા ! જ્યારે તેની કાળા કે લાલપણે પર્યાય થવાની છે ત્યારે ફૂલ હોય. પણ તેથી કરીને - તેને લઈને - અહીં (સ્ફટિકમાં) પરિણમન થાય (છે), એમ નથી. સમજાણું ? **'તેમ આત્મા સ્વભાવે શુદ્ધબુદ્ધ - એકસ્વરૂપી હોવા છતાં...'** શુદ્ધબુદ્ધ એક સ્વરૂપી હોવા છતાં... **'વ્યવહારે'** (અર્થાત્) પર્યાયમાં. **'જ્યારે ગૃહસ્થદશામાં (ગૃહસ્થાશ્રમમાં) સમ્યક્ત્વપૂર્વક દાનપૂજાદિ શુભ અનુષ્ઠાનરૂપ...'** - એ જયસેનાચાર્યની ટીકાનું છે.

(કહે છે કે) જ્યારે ગૃહસ્થ અવસ્થામાં સમકિતપૂર્વક - આત્મજ્ઞાન અને અનુભવપૂર્વક - દાનપૂજાદિ શુભ અનુષ્ઠાનરૂપ. **'દાનપૂજાદિ'** કહ્યું ને ! વંદના, વૈયાવૃત્ત આદિ શુભ અનુષ્ઠાનરૂપ શુભોપયોગે. ગૃહસ્થાશ્રમમાં સમકિતી પણ દાન-પૂજાના કાળે તે પર્યાયપણે - શુભભાવે - (શુભ અનુષ્ઠાનરૂપ શુભોપયોગે) પરિણમે છે. (અને) **'મુનિદશામાં મૂળ ગુણ...'** મૂળ ગુણ એટલે ૨૮ (ગુણ). પંચ મહાવ્રત, પાંચ સમિતિ (ત્રણ) ગુપ્તિ વગેરે એ શુભભાવ છે. આહાહા ! **'મૂળ ગુણ તથા ઉત્તર ગુણ વગેરે શુભ અનુષ્ઠાનરૂપ...'** ૨૮ મૂળ ગુણ છે તે પણ શુભરાગ છે. મૂળ ગુણ એટલે અહીં પવિત્ર ગુણ એમ નથી. રાગની મંદતાના જેટલા ૨૮ - પ્રકાર - મુનિના છે તે બધાં શુભ અનુષ્ઠાન છે અને મુનિ તે **'શુભ અનુષ્ઠાનરૂપ શુભોપયોગે પરિણમે છે ત્યારે પોતે જ શુભ થાય છે.'** આહાહા !

**'અને મિથ્યાત્વાદિ પાંચ પ્રત્યયરૂપ અશુભોપયોગે પરિણમે છે...'** જયસેનાચાર્યની ટીકાની આ વ્યાખ્યા છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ને યોગ - એ પાંચ આસ્રવરૂપ અશુભોપયોગે પરિણમે છે. આહાહા ! **'ત્યારે પોતે જ અશુભ થાય છે. વળી જેમ સ્ફટિકમણિ પોતાના સ્વાભાવિક નિર્મળ રંગે પરિણમે છે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


**ત્યારે પોતે જ શુદ્ધ થાય છે. તેમ આત્મા પણ નિશ્ચયરત્નત્રયાત્મક શુદ્ધોપયોગે પરિણમે છે.**' આહાહા ! નિશ્ચય (એટલે) સત્ય. રત્નત્રય (એટલે) દર્શન, જ્ઞાન, ચારિત્ર. (આત્મક એટલે) એ સ્વરૂપ. તે (શુદ્ધોપયોગે) પરિણમે છે તે શુદ્ધ ઉપયોગ છે. '**ત્યારે પોતે જ શુદ્ધ થાય છે.**' - શુદ્ધ પર્યાયની પરિણતિ(રૂપ) પોતે થાય છે. વિશેષ કહેશે.

## (તા. ૧૧-૧-૧૯૭૯ – પ્રવચન નંબર-૫)

(પ્રવચનસાર) નવમી ગાથાના (ભાવાર્થનો) છેલ્લો ભાગ છે. નવમી ગાથામાં એમ કહ્યું ને ! કે જીવ જ્યારે શુભ પરિણામે પરિણમે છે ત્યારે (તે) પર્યાયમાં એ તન્મય છે. (અને) અશુભપણે પરિણમે છે ત્યારે તે પર્યાયમાં (પણ) એ તન્મય છે અને શુદ્ધપણે પરિણમે છે તો તેમાં (પણ તે) તન્મય છે - ત્રણે તેના પરિણામ છે, એમ કહ્યું ને ?

હવે અહીંયા જયસેનાચાર્યની ટીકામાંથી (કહે છે કે) '**સિદ્ધાંતમાં જીવના અસંખ્ય પરિણામોને...**' જીવના અસંખ્ય પરિણામ છે. પણ '**મધ્યમ વર્ણનથી...**' ઉત્કૃષ્ટ વર્ણનથી તો અસંખ્ય પરિણામ છે - તેના અસંખ્ય ભેદ પડે છે. પણ મધ્યમ ભેદથી '**૧૪ ગુણસ્થાનરૂપે કહેવામાં આવ્યા છે.**' (અર્થાત્) ૧૪ ગુણસ્થાન મધ્યમ પરિણામથી (ભેદથી) કહેવામાં આવે છે. આહાહા ! '**તે ગુણસ્થાનોને સંક્ષેપથી ઉપયોગરૂપે વર્ણવતાં, પ્રથમ ત્રણ ગુણસ્થાનોમાં તારતમ્યપૂર્વક (ઘટતો ઘટતો) અશુભોપયોગ...**' અશુભ ઉપયોગ હોય છે. મિથ્યાત્વ, સાસાદન અને મિશ્ર - એ ત્રણ ગુણસ્થાનમાં અશુભ ઉપયોગ (છે). (જો કે શુભ ઉપયોગ પણ હોય છે). (પરંતુ) મુખ્યપણે અશુભ ઉપયોગ હોય છે. ઘટતો ઘટતો એટલે કે પહેલાથી (બીજા ગુણસ્થાનમાં) અને ત્રીજામાં અશુભ ઉપયોગ ઘટે છે. છતાં છે અશુભ (ઉપયોગ). મિથ્યાદૃષ્ટિને શુભભાવ આવે છે પણ તેને અહીં ગૌણ ગણીને મુખ્યપણે તેને અશુભ ઉપયોગ જ છે એમ કહેવામાં આવ્યું છે.

'**ચોથાથી છઠ્ઠા ગુણસ્થાન સુધી**' (એટલે કે) સમકિતીને પાંચમા ગુણસ્થાનવાળાને અને છઠ્ઠે (ગુણસ્થાન) (મુનિને) '**તારતમ્યપૂર્વક (વધતો વધતો) શુભોપયોગ...**' પહેલા (૧થી૩ ગુણસ્થાન સુધી) (અશુભ) ઘટતો ઘટતો હતો (અને હવે) ચોથેથી છઠ્ઠા (ગુણસ્થાન સુધી) વધતો વધતો શુભોપયોગ (છે). તેને શુભોપયોગ ગણવામાં આવ્યો છે. ચોથે ને પાંચમે (ગુણસ્થાને) શુદ્ધ પરિણતિ છે. પણ ઉપયોગ (મુખ્યપણે તો શુભ છે). પણ શુદ્ધ ઉપયોગની ત્યાં ગૌણતા છે. ચોથે ગુણસ્થાને પણ કોઈ વખતે શુદ્ધ ઉપયોગનું પરિણમન હોય છે. (અને) પાંચમે (ગુણસ્થાને) પણ (શુદ્ધ ઉપયોગ) હોય છે અને છઠ્ઠે (ગુણસ્થાનેથી) એકદમ સાતમામાં જાય છે એટલે (શુદ્ધ ઉપયોગ) થાય છે. છઠ્ઠે (ગુણસ્થાને શુદ્ધ ઉપયોગ) હોતો નથી. પરિણતિ તો ત્રણેય (૪,૫,૬) ગુણસ્થાનમાં શુદ્ધ હોય છે. પણ ઉપયોગરૂપે ચોથે, પાંચમે અને છઠ્ઠે (ગુણસ્થાને) શુભ ઉપયોગની પ્રધાનતાથી, શુભોપયોગી કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ ? એટલે (કાંઈ) તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ગુણસ્થાનોએ શુભ ઉપયોગ જ છે એમ નથી. શુદ્ધ પરિણતિ પણ છે અને કોઈ વખતે શુદ્ધ ઉપયોગ પણ થાય છે. તેથી તેને શુભ ઉપયોગની મુખ્યતામાં ગણવામાં આવ્યાં છે.

'**સાતમાથી બારમા ગુણસ્થાન સુધી તારતમ્યપૂર્વક શુદ્ધોપયોગ...**' (અર્થાત્) સાતમા (ગુણસ્થાનથી) મુખ્યપણે શુદ્ધ ઉપયોગ ગણવામાં આવ્યો છે. તે '**બારમા ગુણસ્થાન સુધી તારતમ્યપૂર્વક શુદ્ધોપયોગ અને છેલ્લાં બે ગુણસ્થાનોમાં...**' (અર્થાત્) તેર અને ચૌદમા (ગુણસ્થાનોમાં) '**શુદ્ધોપયોગનું ફળ - આવું વર્ણન કથંચિત્ થઈ શકે છે.**' - અપેક્ષાથી (આવું વર્ણન થઈ શકે છે). આહાહા ! બાકી તો ૪૫૯મા પાને છે. ૪૫૯ (પાનું) છે ને ! સંસ્કૃતમાં - જયસેનાચાર્યની ટીકામાં - (એમ) છે કે '**शुभोपयोगिनामपि क्कापि काले शुद्धोपयोगभावना दृश्यते**' - સંસ્કૃત છે. પણ ભાષા સાદી છે. છે ? ૪૫૯ પાનું ને જયસેનાચાર્યની ટીકા. આ તો (ચાલતા વિષયની) સાથે મેળ (છે). કહે છે કે '**क्कापि काले**' (અર્થાત્) શુભ ઉપયોગ ભાવવાળાને પણ કોઈ કાળે '**शुभोपयोगभावना दृश्यते**' - શુદ્ધ ઉપયોગ હોય છે. છે ? અને '**शुद्धोपयोगिनामपि क्कापि काले शुभोपयोगभावना दृश्यते**' - શુદ્ધ ઉપયોગીને પણ કોઈ વખતે શુભભાવ પણ થાય છે. '**श्रावकाणामपि सामायिकादिकाले**' - પાંચમા ગુણસ્થાનવાળો શ્રાવક જ્યારે સામાયિકમાં બેઠો હોય તેને (સાચી) સામાયિક હોય (છે). આહાહા ! '**सामायिकादिकाले शुद्धभावना दृश्यते**' આનો અર્થ હજી કેટલાક ઊંધો કરે છે કે શુદ્ધભાવના એટલે કે તેને વિકલ્પમાં શુદ્ધભાવના છે. પણ (એમ નથી). અહીંયા શુદ્ધભાવનાનો ઉપયોગ જ છે. કોઈ કાળે તેને (પણ) શુદ્ધોપયોગ હોય છે. પોતાની કલ્પનાથી જગતને અર્થો કરવા ને સમજવા એ વસ્તુ સ્થિતિ નથી.

કોઈ વખતે સામાયિકમાં પંચમ ગુણસ્થાનવાળો ધ્યાનમાં જામી જાય ત્યારે તેને શુદ્ધ ઉપયોગ પણ હોય છે. પરંતુ મુખ્યપણે તેને શુભ ઉપયોગ ગણીને (શુભોપયોગી કહેવાય છે). શુદ્ધ પરિણતિ ભલે (હમેશા) છે. પણ શુદ્ધોપયોગને ગૌણપણે ગણીને મુખ્યપણે શુભજોગનો વેપાર કહ્યો છે.

(આગળ કહે છે કે) '**तेषां कथं विशेषो भेदो ज्ञायत इति। परिहारमाह - युक्तमुक्तं भवता, परं किंतु ये प्रचुरेण शुभोपयोगेन वर्तन्ते**' - ચોથે, પાંચમે, છઠ્ઠે (ગુણસ્થાને) '**प्रचुरेण**' - ઘણો શુભોપયોગ વર્તે (છે). '**ते यद्यपि क्कापि काले शुद्धोपयोगभावनां कुर्वन्ति तथापि शुभोपयोगिन एव भण्यन्ते**' જીણું છે ભાઈ ! ચોથે, પાંચમે અને છઠ્ઠે (ગુણસ્થાને) જે શુભ ઉપયોગ કહ્યો છે તે મુખ્યપણે (છે) બાકી તો તેને પણ '**शुद्धोपयोगभावनां कुर्वन्ति तथापि शुभोपयोगिन एव भण्यन्ते।**' અંદર શુદ્ધ ઉપયોગ ચોથે-પાંચમે (ગુણસ્થાને) પણ હોય છે. પરંતુ તેને શુભ (ઉપયોગની) મુખ્યતા ગણીને શુભ ઉપયોગી કહેવામાં આવ્યો છે. '**येऽपि शुद्धोपयोगिनस्ते यद्यपि क्कापि काले**' હવે સાતમા (ગુણસ્થાનેથી) શુદ્ધ ઉપયોગી કહ્યો (છે). (તો તેને) '**शुभोपयोगेन वर्तन्ते**' - તે ત્યાંથી ખસીને શુભ (ઉપયોગમાં) આવે છે '**तथापि शुद्धोपयोगिन एव। कस्मात्। बहुपदस्य प्रधानत्वादाम्रवननिम्बवनवदिति।**' એટલે શું કહે છે ? કે 'આ આંબાનું વન છે' તેમ (કહેવાય છે). તેમાં બીજા ઝાડ (તો) હોય (છે). છતાં, આંબા ઘણા હોય એટલે આંબાનું વન કહેવામાં આવે છે. (તેમ) લીમડા ઘણા હોય માટે લીમડાનું વન કહેવામાં આવે છે. બીજા ઝાડ (તેમાં) હોય (છે). પણ (જે ઝાડ) બહુ - ઘણા હોય તે ગણીને તેનું (વન કહેવામાં આવે છે). તેવી રીતે શુભોપયોગીને આમ્રવનની માફક, કોઈ વખતે શુદ્ધ ઉપયોગ હોય છે (તો) પણ શુભ ઉપયોગની મુખ્યતા ગણીને એમ કહેવામાં આવ્યું છે (કે તે શુભોપયોગી છે). અને શુદ્ધોપયોગીને પણ, તે નીચે ઉતરે (સાતમા ગુણસ્થાનમાંથી છઠ્ઠા ગુણસ્થાને આવે) એટલે તેને શુભ (ઉપયોગ) તો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આવે છે. સાતમા (ગુણસ્થાનમાં જ) - શુદ્ધ ઉપયોગમાં જ - રહે છે એમ નથી. તેથી, તેને શુભ ઉપયોગ (તો) આવે છે. છતાં (પણ) શુદ્ધોપયોગીને કોઈ મળે શુભ (ઉપયોગ) આવે છે તે અપેક્ષાએ, તેને શુદ્ધ ઉપયોગી કહેવામાં આવે છે. આવું બધું (છે). સમજાણું કાંઈ ? આમાં આ વિસ્તાર છે. અને બાકી તો સમયસારની ૩૨૦મી ગાથા (જયસેનાચાર્યની ૨૪૮ ગાથામાં ટીકા) છે ને ! તે વાત અહીંયા પાછી ૩૪૧મા પાને કહી છે. ૩૪૧મા પાને (૧૮૧ ગાથા જયસેનાચાર્યની ટીકા) છે.

શું કહે છે ? કે જે શુભ-અશુભ વિનાનો શુદ્ધ ઉપયોગ છે (અર્થાત્) શુદ્ધ ચૈતન્ય દ્રવ્યનો જે શુદ્ધ ઉપયોગ છે તેમાં દ્રવ્યાર્થિકનયથી ભેદ કહ્યાં. પણ પર્યાયથી જોવો તો તે શુદ્ધ ઉપયોગનો કર્તા દ્રવ્ય નથી. માટે તે ભિન્ન છે. એ શું કહ્યું ? કે મોક્ષમાર્ગના પરિણામ જે શુદ્ધ ઉપયોગ છે (તેને) તે પારિણામિકભાવ (કે) જે ત્રિકાળ છે તે કરતો નથી. (કેમ કે) એ તો ત્રિકાળ છે, ધ્રુવ છે. (માટે) તે મોક્ષના ને મોક્ષના કારણના પરિણામને તે પારિણામિકભાવ કરતો નથી. (પણ) પર્યાય કરે છે. તેથી, શુદ્ધ ઉપયોગને ત્રિકાળી પારિણામિકભાવથી ભિન્ન પણ કહેવામાં આવે છે. આવી વાત છે ! ઝીણું બહુ છે બાપુ ! આવો માર્ગ છે ! આમ ત્યાં સમયસારની ૩૨૦મી ગાથામાં (જયસેનાચાર્યની ટીકા) છે અને અહીં ૩૪૧મા પાને છે. સંસ્કૃતમાં (જયસેનાચાર્યની ટીકા) છે.

શું કહ્યું ? કે અહીંયા જે પહેલા ગુણસ્થાનથી ત્રીજા (ગુણસ્થાન) સુધી અશુભોપયોગ કહ્યો છે તે મુખ્યતાની અપેક્ષાએ કહ્યો (છે). (બાકી) ગૌણપણે તેને શુભ ઉપયોગ પણ આવે છે. હવે ચોથા (ગુણસ્થાનથી) છઠ્ઠા (ગુણસ્થાન) સુધી શુભ ઉપયોગ કહ્યો (છે) તે મુખ્યપણે ગણીને (કહ્યો). બાકી એને શુદ્ધ પરિણતિ (પણ) હોય છે, (નિરંતર) ઉપયોગ નહીં. શુદ્ધ ઉપયોગ તો કોઈ વખતે હોય છે. તે માટે, શુભ ઉપયોગની પ્રધાનતા ગણીને ચોથે, પાંચમે અને છઠ્ઠે (ગુણસ્થાને) શુભ ઉપયોગ છે, એમ કહ્યું (છે) અને સાતમા (ગુણસ્થાનથી) તે શુદ્ધ ઉપયોગ છે એમ કહ્યું (છે). તે સાતમા ગુણસ્થાનવાળો નીચે (છઠ્ઠે ગુણસ્થાને) આવે છે. (તો પણ) તેને શુદ્ધ ઉપયોગની મુખ્યતા ગણવામાં આવી છે. આહાહા ! આવું બધું ક્યાં સમજવા જાવું ?

અહીં તો એમ કહ્યું છે કે પંચમ ગુણસ્થાને - જેને આત્માનો અનુભવ છે તેને - પણ કોઈ વખતે શુદ્ધ ઉપયોગ (આવે છે). જ્ઞાન, જ્ઞાતા, જ્ઞેય - ત્રણનો ભેદ ભૂલીને ઉપયોગ (અંદર) જામી જાય છે - પણ કોઈ વખતે. તેથી, તેને શુભ ઉપયોગની મુખ્યતા ગણીને, જે વનમાં આંબા ઘણા હોય ને બીજા ઝાડ પણ હોય છતાં, તેને આંબા ગણીને આમ્રવન કહેવામાં આવે છે તેમ, (શુભોપયોગી કહેવામાં આવે છે). તેમ શુભોપયોગીને કોઈવાર શુદ્ધ ઉપયોગ પણ હોય (છે). તોપણ પ્રધાનપણે શુભોપયોગ કહેવામાં આવે છે. આહાહા ! હવે આવી વાતુ છે ! અને શુદ્ધોપયોગીને પણ નીચે ઉતરે (છઠ્ઠે ગુણસ્થાને આવે) એટલે (શુભ ઉપયોગ) કોઈ વખતે આવે છે. (તો પણ પ્રધાનપણે શુદ્ધોપયોગ કહેવામાં આવે છે). અને છેલ્લે ચરણાનુયોગમાં તો, શુભભાવ હોવા છતાં શુદ્ધ ઉપયોગની ભાવના છે - લક્ષ ત્યાં છે - તો, તેને શુદ્ધ ઉપયોગી કહ્યો છે. આવા પ્રકાર છે ! આહાહા ! ત્યાં (ગાથા ૨૭૧-૨૭૫) કહ્યું છે ને ? કે શુભભાવ હોવા છતાં તેને શુદ્ધ ઉપયોગની અંદર ભાવના છે, (શુદ્ધ ઉપયોગ) કરવાનો ભાવ છે, માટે તેને શુદ્ધ ઉપયોગ કહી દીધો છે. આહાહા ! ધીમેથી સમજવાની વાત છે બાપુ ! વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ છે ! આહાહા ! તેને બરાબર જાણવો - સમજવો પડશે, આહાહા !

(કહે છે કે) તે શુદ્ધ ઉપયોગ એટલે કે મોક્ષનો માર્ગ... આહાહા ! તેનું ફળ મોક્ષ છે ને !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ परिणामं वस्तुस्वभावत्वेन निश्चिनोति -

**णत्थि विणा परिणामं अत्थो अत्थं विणेह परिणामो।**
**दव्वगुणपज्जयत्थो अत्थो अत्थित्तणिव्वत्तो।।१०।।**

नास्ति विना परिणाममर्थोऽर्थं विनेह परिणामः।
द्रव्यगुणपर्ययस्थोऽर्थोऽस्तित्वनिर्वृत्तः।।१०।।

न खलु परिणाममन्तरेण वस्तु सत्तामालम्बते। वस्तुनो द्रव्यादिभिः परिणामात् पृथगुपलम्भाभावान्निःपरिणामस्य खरश्रृङ्गकल्पत्वाद् दृश्यमानगोरसादिपरिणामविरोधाच्च। अन्तरेण वस्तु परिणामोऽपि न सत्तामालम्बते। स्वाश्रयभूतस्य वस्तुनोऽभावे निराश्रयस्य परिणामस्य शून्यत्वप्रसङ्गात्। वस्तु पुनरूर्द्धवतासामान्यलक्षणे द्रव्ये सहभाविविशेषलक्षणेषु गुणेषु क्रमभाविविशेषलक्षणेशु पर्यायेषु व्यवस्थितमुत्पादव्ययध्रौव्यमयास्तित्वेन निर्वर्तितनिर्वृत्तिमच्च। अतः परिणामस्वभावमेव।।१०।।

---

अथ नित्यैकान्तक्षणिकैकान्तनिषेधार्थं परिणामपरिणामिनोः परस्परं कथंचिदभेदं दर्शयति - **णत्थि विणा परिणामं अत्थो** मुक्तजीवे तावत्कथ्यते, सिद्धपर्यायरूपशुद्धपरिणामं विना शुद्धजीवपदार्थो नास्ति। कस्मात्। संज्ञालक्षणप्रयोजनादिभेदेऽपि प्रदेशभेदाभावात्। **अत्थं विणेह परिणामो** मुक्तात्मपदार्थं विना इह जगति शुद्धात्मोपलम्भलक्षणः सिद्धपर्यायरूपः शुद्धपरिणामो नास्ति। कस्मात्। संज्ञादिभेदेऽपि प्रदेशभेदाभावात् **दव्वगुणपज्जयत्थो** आत्मस्वरूपं द्रव्यं तत्रैव केवलज्ञानादयो गुणाः सिद्धरूपः पर्यायश्च, इत्युक्तलक्षणेषु द्रव्यगुणपर्यायेषु तिष्ठतीति द्रव्यगुणपर्यायस्थो भवति। स कः कर्ता। **अत्थो** परमात्मपदार्थः, सुवर्णद्रव्यपीतत्वादिगुणकुण्डलादिपर्यायस्थसुवर्णपदार्थवत्। पुनश्च किंरूपः। **अत्थित्तणिव्वत्तो** शुद्धद्रव्यगुणपर्यायाधारभूतं यच्छुद्धास्तित्वं तेन निर्वृत्तोऽस्तित्वनिर्वृत्तः, सुवर्णद्रव्यगुणपर्यायास्तित्वनिर्वृत्तसुवर्णपदार्थवदिति। अयमत्र तात्पर्यार्थः। यथा - मुक्तजीवे द्रव्यगुणपर्यायत्रयं परस्पराविनाभूतं दर्शितं तथा संसारिजीवेऽपि मतिज्ञानादिविभावगुणेषु नरनारकादिविभावपर्यायेषु नयविभागेन यथासंभवं विज्ञेयम्, तथैव पुद्गलादिष्वपि। एवं शुभाशुभशुद्धपरिणामव्याख्यानमुख्यत्वेन तृतीयस्थले गाथाद्वयं गतम्।।१०।

---

શુદ્ધ ઉપયોગનું (ફળ) હમણા (ગાથા-૧૧) કહેશે ને ? પહેલા (ગાથા-૯) કહી ગયા કે શુદ્ધ ઉપયોગનું ફળ મોક્ષ છે, શુભનું ફળ સ્વર્ગાદિ છે ને અશુભનું ફળ નરક, તિર્યંચાદિ હલકી ગતિ છે. પણ (હવે) કહે છે કે તે શુદ્ધ ઉપયોગ અને તેનું ફળ જે કેવળજ્ઞાન છે... એમ કહ્યું ને આમાં ? કે '**શુદ્ધોપયોગ અને છેલ્લાં બે ગુણસ્થાનોમાં શુદ્ધોપયોગનું ફળ...**' પણ તે મોક્ષની પર્યાય અને મોક્ષનો માર્ગ (અર્થાત્) તે શુદ્ધ ઉપયોગ અને શુદ્ધોપયોગનું ફળ, પારિણામિકભાવથી ભિન્ન છે. ત્રિકાળ જે પારિણામિકભાવ છે તે મોક્ષના પરિણામને કરતો નથી, (તથા) મોક્ષના માર્ગને પણ તે કરતો નથી. (કેમકે) તે પરિણતિ છે ને ! પર્યાય છે, પરિણમન છે. (જ્યારે) ધ્રુવ છે એ પરિણમનને કરતો નથી. આવી ઝીણી વાતુ છે ! એક જ (વાત) પકડીને બેસે અને કઈ અપેક્ષાથી કહ્યું છે (તે ન સમજે તો ન ચાલે). તેથી, ત્યાં ૩૪૧મા પાને કહ્યું કે મોક્ષનો માર્ગ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. (કેમ કે) તે પર્યાય છે માટે. આહાહા ! આમાં બધું થોડું-થોડું કહ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે પરિણામ વસ્તુનો સ્વભાવ છે એમ નક્કી કરે છે :-

**પરિણામ વિણ ન પદાર્થ, ને ન પદાર્થ વિણ પરિણામ છે;**
**ગુણ-દ્રવ્ય-પર્યયસ્થિત ને અસ્તિત્વસિદ્ધ પદાર્થ છે. ૧૦.**

**અન્વયાર્થ :-** (**इह**) આ લોકમાં (**परिणामं विना**) પરિણામ વિના (**अर्थः नास्ति**) પદાર્થ નથી, (**अथ विना**) પદાર્થ વિના (**परिणामः**) પરિણામ નથી; (**अर्थः**) પદાર્થ (**द्रव्यगुणपर्ययस्थः**) દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલો અને (**अस्तित्वनिर्वृत्तः**) (ઉત્પાદવ્યયધ્રૌવ્યમય) અસ્તિત્વથી બનેલો છે.

**ટીકા :-** પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી, કારણ કે વસ્તુ દ્રવ્યાદિ વડે (અર્થાત્ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે) પરિણામથી જુદી અનુભવમાં (જોવામાં) આવતી નથી; કેમ કે (૧) પરિણામ વિનાની વસ્તુ ગધેડાના શિંગડા સમાન છે (૨) તથા તેને, જોવામાં આવતા ગોરસ વગેરેના (દૂધ, દહીં આદિ) પરિણામો સાથે વિરોધ આવે છે. (જેમ પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી તેમ) વસ્તુ વિના પરિણામ પણ હયાતી ધરતા નથી, કારણ કે સ્વ-આશ્રયભૂત વસ્તુના અભાવમાં (અર્થાત્ પોતાને આશ્રયરૂપ જે વસ્તુ તે ન હોય તો) નિરાશ્રય પરિણામને શૂન્યપણાનો પ્રસંગ આવે છે.

વળી વસ્તુ તો ઊર્ધ્વતાસામાન્યસ્વરૂપ દ્રવ્યમાં, સહભાવી વિશેષસ્વરૂપ (સાથે સાથે રહેનારા વિશેષો - ભેદો જેમનું સ્વરૂપ છે એવા) ગુણોમાં અને ક્રમભાવી વિશેષસ્વરૂપ પર્યાયોમાં રહેલી અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય અસ્તિત્વથી બનેલી છે; માટે વસ્તુ પરિણામસ્વભાવવાળી જ છે.

**ભાવાર્થ :-** જ્યાં જ્યાં વસ્તુ જોવામાં આવે છે ત્યાં ત્યાં પરિણામ જોવામાં આવે છે; જેમકે - ગોરસ તેના દૂધ, દહીં, ઘી, છાશ વગેરે પરિણામ સહિત જ જોવામાં આવે છે. જ્યાં પરિણામ નથી ત્યાં વસ્તુ પણ નથી; જેમ કે - કાળાશ, સુંવાળપ વગેરે પરિણામ નથી તો ગધેડાના શિંગડારૂપ વસ્તુ પણ નથી. માટે સિદ્ધ થયું કે વસ્તુ પરિણામ વિના હોતી જ નથી. જેમ વસ્તુ પરિણામ વિના હોતી નથી તેમ પરિણામ પણ વસ્તુ વિના હોતા નથી; કારણ કે વસ્તુરૂપ આશ્રય વિના પરિણામ કોના આધારે રહે ? ગોરસરૂપ આશ્રય વિના દૂધ, દહીં વગેરે પરિણામ કોના આધારે થાય ?

વળી વસ્તુ તો દ્રવ્ય-ગુણ-પર્યાયમય છે. ત્યાં ત્રૈકાલિક ઊર્ધ્વ પ્રવાહસામાન્ય તે દ્રવ્ય છે, સાથે સાથે રહેનારા ભેદો તે ગુણો છે અને ક્રમે ક્રમે થતા ભેદો તે પર્યાયો છે. આવાં દ્રવ્ય, ગુણ ને પર્યાયની એકતા વિનાની કોઈ વસ્તુ હોતી નથી. બીજી રીતે કહીએ તો, વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય છે અર્થાત્ તે ઊપજે છે, વિણસે છે અને ટકે છે. આમ તે દ્રવ્ય-ગુણ-પર્યાયમય અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય હોવાથી, તેમાં ક્રિયા (પરિણમન) થયા જ કરે છે. માટે પરિણામ વસ્તુનો સ્વભાવ જ છે. ૧૦.

---

'**હવે પરિણામ વસ્તુનો સ્વભાવ છે એમ નક્કી કરે છે**' શું કહે છે ? (કે) પરિણામ છે તે વસ્તુનો સ્વભાવ છે (અર્થાત્) પરિણતિ છે - વસ્તુની પરિણતિ છે તે - તેનો સ્વભાવ છે. તે પરિણતિ વિનાનું દ્રવ્ય ન હોય અને દ્રવ્ય વિના પરિણતિ ન હોય. કોઈ એમ કહે કે પરિણતિ - પરિણામ નથી જ અને એકલું દ્રવ્ય (જ) છે તો તે વાત એકાંત છે. આહાહા ! પર્યાયમાં પરિણતિ - અવસ્થા હોય છે. (તો) તે અવસ્થા છે, તે પર્યાય છે (અને) તે પ્રગટ છે. (હવે) તે પર્યાય છે તે વિના (જ પરિણામી છે) (અર્થાત્) પરિણામીનું પરિણામ ન જ હોય (એમ માનવું) તે પણ ખોટું છે અને પરિણામી પરિણામમાં આવી જાય છે તે પણ ખોટું છે. આહાહા ! તત્ત્વજ્ઞાનનો વિષય ભાઈ ! બહુ જીણો, બાપુ ! સમજાણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કાંઈ ?

કોઈ એમ કહે છે કે વર્તમાન પર્યાય અંદરમાં (દ્રવ્યમાં) છે તો તે એકાંત મિથ્યાત્વ છે. કેમકે એ તો પરિણતિ વિનાનું દ્રવ્ય થયું. (પરંતુ) પરિણતિ વિનાનું દ્રવ્ય હોય નહિ. પરિણામ - પ્રગટ પરિણામ - પરિણતિ વિનાનું દ્રવ્ય હોય નહિ. આહાહા ! જીણું બહુ, ભાઈ ! એ અહીં કહે છે. જુઓ !

ટીકા :- '**પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી,...**' કોઈ એમ કહે કે પ્રગટ પર્યાય છે જ નહિ અને બધી પર્યાયો અંદરમાં સમાઈ ગઈ છે તો તે એકાંત મિથ્યાત્વ છે - એ અહીં સિદ્ધ કરે છે. આહાહા ! સમજાણું કાંઈ ? '**પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી,...**' (અર્થાત્) બદલતી દશા વિના વસ્તુ હયાતી ધરતી નથી. (એટલે કે) પરિણમન ન જ હોય અને એકલું ધ્રુવ જ હોય એમ નથી. આહાહા ! વર્તમાન પ્રગટ જે પરિણતિ છે તે દ્રવ્યમાં સમાઈ નથી. આહાહા ! (કેમકે ) જો તે સમાઈ જાય તો પરિણામ - પરિણતિ વિનાનું દ્રવ્ય થાય. આહાહા ! સમજાય છે કાંઈ ? જીણી વાત બહુ, બાપુ !

'**પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી,...**' (એટલે કે) કોઈપણ કાળે તેને પરિણામ પ્રગટ ન હોય અને બધાં પરિણામ દ્રવ્યમાં જ સમાય ગયા હોય એમ વસ્તુનો સ્વભાવ-સ્વરૂપ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? પરિણતિની પર્યાય ન હોય અને એકલું દ્રવ્ય જ હોય એમ ત્રણ કાળમાં બને નહિ કારણકે પરિણતિ છે તે પારિણામિકતત્ત્વને જાણનાર છે. (જે) પરિણામી પદાર્થ છે તે (કાંઈ) પરિણામી પદાર્થને જાણતું નથી. આહાહા ! સમજાણું કાંઈ ? જે પરિણતિ-પર્યાય-અવસ્થા-દશા છે (તે દશા જાણે છે). (માટે) તે દશા જ ન હોય અને એકલું દ્રવ્ય જ હોય એ એકાંત મિથ્યાત્વ છે. એ અહીં સિદ્ધ કરે છે. આહાહા !

'**પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી,**' (અર્થાત્) પરિણતિની દશા વિના વસ્તુ હયાતી ધરતી નથી. આહાહા ! વાસ્તવિક તત્ત્વનું જ્ઞાન ન મળે અને (પછી) દુનિયા હેરાન-હેરાન થઈ જાય છે. પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી. (એટલે કે) કોઈ પણ કાળે દ્રવ્યના પરિણામ પ્રગટ ન હોય અને એકલું દ્રવ્ય જ હોય એવું ત્રણ કાળમાં હોતું નથી. આહાહા ! સમજાય છે કાંઈ ? શું કીધું ? '**પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી,...**' એક બાજુ એમ કહ્યું કે (જે) શુદ્ધ ઉપયોગ પરિણામ છે તે પણ પારિણામિક દ્રવ્યથી ભિન્ન છે. (અને અહીં કહે છે કે પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી). (પણ) તે કઈ અપેક્ષાએ છે ? આહાહા ! એ તો પરિણામ અને પારિણામિકભાવ સિદ્ધ કરવા છે તે અપેક્ષાએ છે. અને અહીં પરથી જુદું (દ્રવ્ય છે તેમ સિદ્ધ કરવું છે.)

કોઈ પણ સમયમાં તેનો (-પરિણામીનો) પરિણામ વ્યક્ત ન હોય અને એકલો પરિણામી હોય એમ ત્રણકાળમાં બને નહિ. વાત સમજાય છે કાંઈ ? આહાહા ! એક સમયનો પર્યાય છે અને ગમે તે કાળે પણ તે એક સમયનો વ્યક્ત પર્યાય છે જ. જો પર્યાય ન હોય તો, પરિણામ વિનાનું એકલું દ્રવ્ય (પણ) હોય નહિ. દ્રવ્ય છે એ અપરિણામી છે અને પર્યાય પરિણામી છે. જો પરિણામ ન હોય તો, એકલું દ્રવ્ય (પણ) હોય નહિ અને પરિણામ - પરિણતિ ન હોય તો, દ્રવ્યને જાણનાર પર્યાય (પણ) રહેતી નથી. સમજાણું કાંઈ ?

પ્રશ્ન :- લોજીક પણ કઠણ છે.

સમાધાન :- લોજીક તો કઠણ નથી બાપા ! છે તો (સરળ). પણ હવે લોકોને પરિચય નથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અને) અંતરનો અભ્યાસ નથી. (તેથી કઠણ લાગે છે.) શું થાય ભાઈ ? આ તો વસ્તુની સ્થિતિ (છે). ભગવાને - ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવે - જે જોયું, જાણ્યું તેમ કહ્યું કે આમ વસ્તુનું સ્વરૂપ છે. આહાહા ! આ પ્રવચનસાર છે ને ? (તો) પ્રવચન એટલે ? કે પ્ર+વચન=દિવ્યધ્વનિ, ભગવાન ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ, તેનો સાર આમાં છે. આહાહા ! સમજાય છે કાંઈ ? (આગળ) દાખલો આપશે.

પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી. (અર્થાત્) કોઈપણ સમયમાં વ્યક્ત પરિણામ ન હોય અને અવ્યક્ત દ્રવ્ય જ હોય એમ ત્રણ કાળમાં કોઈ દિ' બને નહિ. સમજાણું કાંઈ ? '**કારણકે વસ્તુ દ્રવ્યાદિ વડે (અર્થાત્ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે) પરિણામથી જુદી...**' છે ? આહાહા ! વસ્તુ જે છે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પરિણામથી જુદી '**અનુભવમાં (જોવામાં) આવતી નથી.**' છે ? પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી. એટલે કે - કારણ કે વસ્તુ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે પરિણામથી જુદી અનુભવમાં આવતી નથી. સમજાય છે કાંઈ ? આહાહા ! જાડી બુદ્ધિવાળાઓને તો આ બહુ આકરું પડે એવું છે. વસ્તુ એવી આવી ગઈ છે ને ! માખણ...માખણ છે. આહાહા !

પ્રભુ ! તું એમ કહે કે કોઈપણ ચીજને વર્તમાન પરિણામ નથી જ અને એકલું દ્રવ્ય જ છે તો તે વાત જુઠી છે. સમજાણું કાંઈ ? આહાહા !કેમ ? (કારણકે) કોઈપણ વસ્તુને - દ્રવ્યને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે પરિણામથી જુદી જાણવામાં, અનુભવમાં, જોવામાં આવતી નથી. ભગવાન આત્મા ! એ ત્રિકાળી વસ્તુ છે અને તેના વ્યક્ત પરિણામ કાયમ-ત્રિકાળી (હોય) છે. આહાહા ! ત્રણેય કાળમાં જ્યારે જાણો ત્યારે તેનું પરિણમન વ્યક્ત હોય જ છે. તે પરિણામ વિનાની વસ્તુ જાણવામાં - અનુભવમાં આવતી નથી. કેમ કે પરિણામ વિનાની વસ્તુ છે નહિ.

પ્રશ્ન :- કોઈવાર પરિણામ રજા ઉપર જાય કે નહિ ?

સમાધાન :- પરિણામ રજા ઉપર જાય તો પારિણામિક એકલું રહે નહિ. (જે) વસ્તુ છે તેને જાણનાર પર્યાય છે. (અને તે જો) રજા ઉપર જાય તો પછી તેને જાણનાર (રહે) કોણ ? આહાહા ! અરે પ્રભુ ! મારગડા બહુ જુદા (છે) બાપા ! આહાહા ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ અંદરથી સમજવો એ બહુ અલૌકિક વાત છે ! આહાહા ! અહીં તો એમ કહ્યું કે કોઈપણ વસ્તુ હો ! એક (માત્ર) આત્મા જ - (એમ) નહિ (પણ) છયે દ્રવ્ય (વસ્તુ) દ્રવ્યાદિ વડે પરિણામથી જુદી અનુભવમાં આવતી નથી. આહાહા ! '**કેમ કે (૧) પરિણામ વિનાની વસ્તુ ગધેડાના શિંગડા સમાન છે.**' આહાહા ! પર્યાય વ્યક્ત ન હોય અને એકલી પરિણામી વસ્તુ હોય (તો) તે પરિણામ વિનાની વસ્તુ ગધેડાના શિંગડા સમાન છે. ગધેડાના શિંગડા હોતા નથી. તેમ પરિણામ વિનાની વસ્તુ હોતી નથી. આહાહા ! આ તો જાણવા જેવી વાત છે બાપુ ! આહાહા ! મધ્યસ્થ થઈને જેવી વસ્તુની સ્થિતિ છે તેમ તેને જાણવું (જોઈએ). આ પ્રવચનસાર છે - ભગવાનની દિવ્યધ્વનિમાંથી આવેલી વાત છે. આહાહા ! સંતોએ તેને પ્રવચનસાર કરીને (બનાવીને) ગોઠવ્યું (છે). આહાહા !

(અહીં કહે છે કે) પરિણામ વિનાની વસ્તુ - પરિણામ ન હોય તો તે વસ્તુ - ગધેડાના શિંગડા સમાન (છે). જેમ ગધેડાના શિંગડા ન હોય એમ પરિણામ વિનાની વસ્તુ હોય નહિ. આહાહા ! ગધેડાને શિંગડા હોતા નથી એમ પરિણામ વિનાની વસ્તુ હોતી નથી. આહાહા ! પરિણમન એ પર્યાય છે અને વસ્તુ (છે) તે ત્રિકાળ ધ્રુવ છે. કોઈપણ કાળે પરિણામ વિનાની વસ્તુ, ગધેડાના શિંગડા સમાન છે. આહાહા ! ટીકા તે ટીકા... ગજબ કરી છે ને ?! ભગવાન આત્મા ત્રિકાળી અવિનાશી ધ્રુવ વસ્તુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હોવા છતાં, તેની વર્તમાનદશાની પ્રગટ પરિણમનદશા કોઈ દિ' ન હોય એમ હોય નહિ. આહાહા ! ભાષા તો સાદી છે. પણ ભાવ તો બાપા ! (ગંભીર છે). આહાહા !

'**પરિણામ વિનાની વસ્તુ ગધેડાના શિંગડા સમાન છે.**' ગધેડાને શિંગડા હોય નહિ, એમ પરિણામ વિનાની વસ્તુ હોય નહિ, આહાહા ! કોઈ કહે કે પરિણામ વિનાની વસ્તુ અમે જોઈ. પણ 'જોઈ છે' એ જ પરિણામ છે. સમજાણું કાંઈ ? અનિત્ય પરિણામથી નિત્ય જાણવામાં આવે (છે). (હવે) અનિત્ય પરિણામ જ જો ન હોય તો નિત્યને જાણે કોણ ? આહાહા ! કહો ! સમજાય છે આમાં ?

પ્રશ્ન :- પર્યાય તો એક સમયમાં ઊપજે, ટકે ને વિણસે ?

સમાધાન :- ભલે એ એક સમય ટકે. પણ છે ને ? એ તો બીજે સમયે રહેતી નથી માટે નાસ્તિ છે. પણ વર્તમાન પરિણામ છે કે નહિ ? પરિણામ વિનાની વસ્તુ છે ? વર્તમાન વ્યક્ત કોઈ દશા જ નથી અને (શું) એકલી અવ્યક્ત વસ્તુ છે ? (ના). એ અહીં સિદ્ધ કરે છે. આહાહા ! સમજાણું કાંઈ ? પ્રગટ દશા જો ન હોય તો અપ્રગટ જે ચીજ છે તેને જાણે કોણ ? આહાહા ! સમજાય છે આમાં ? આહાહા ! આવું છે બાપુ ! વસ્તુનું સ્વરૂપ આવું છે. વસ્તુની મર્યાદા આવી છે. આ જ્ઞાન અધિકાર છે ને ! આ તો જ્ઞાન અધિકાર છે, ઉપર જુઓ ! (તો) જ્ઞાનમાં આ રીતે જણાય (છે). (તેમ કહે છે). આહાહા !

જેને સાચું જ્ઞાન છે તેને વર્તમાનમાં પરિણામ ભિન્ન (જણાય) અને તેનાથી પરિણામી ભિન્ન (જણાય). (તેમ ન હોય). તે પરિણામ ન હોય (જણાય) અને એકલો પરિણામી હોય (જણાય) તો તે જ્ઞાન તેનું સાચું નથી. સમજાણું કાંઈ ? આહાહા !આ પ્રવચનસાર ! (આમાં) જ્ઞાનપ્રધાન કથન છે પણ વસ્તુ તો જે છે એ છે ને ! આહાહા !

(હવે કહે છે કે) '(૨) **તથા તેને, જોવામાં આવતાં**' શું કહે છે ? હવે દૃષ્ટાંત આપે છે કે (પરિણામને) '**જોવામાં આવતા ગોરસ વગેરેના (દૂધ, દહીં, આદિ) પરિણામો સાથે વિરોધ આવે છે.**' (એટલે કે) જો (જે) ગોરસ વસ્તુ સામાન્ય છે તેના વિશેષ પરિણામ દૂધ, દહીં આદિ ન હોય તો, વિરોધ આવે છે. શું કીધું ? (કે) ગોરસ સામાન્ય (છે). હવે તેની દૂધ, દહીં, આદિ પર્યાય (છે). જો દૂધ-દહીં આદિ પરિણામ ન હોય તો, એકલું ગોરસ રહી શકે નહિ. સમજાણું કાંઈ ? આહાહા ! દુનિયાની - સંસારની ધમાલ (એટલે કે) સ્ત્રી-પુત્રને સાચવવા ને આખો દિ' પાપના ધંધા આગળ આવા કે દિ' વિચાર કર્યા હતા ? અમારા કુંવરજીભાઈને તે દિવસે કહેલું ને ? આખો દિવસ તું આ શું કરે છે ? (કોઈ) સત્‌સમાગમ નહિ, કોઈ સાધુ આવે તો જાવું (નહિ), સાંભળવું નહિ, કાંઈ નહિ. આખો દિવસ આ રળવું... રળવું... આ ધંધા...ધંધા...ધંધા... પાપના ધંધામાં મરીને ઢોર થઈશ, એમ કીધું. આ શું પણ ? તને કોઈ અવકાશ જ ન મળે. શાસ્ત્ર તો વાંચે નહિ. એ એમ કહીને કાઢી નાખે કે, 'એ તો ભગત વાંચે... ભગત વાંચે.' હું તો વાડીલાલના જૈન સમાચારનું પત્ર મગાવતો,. બીજા કોઈ વાંચે નહિ. હું એકલો બેસું અને વાંચું. આહાહા ! અરે...ભાઈ ! તમે આખો દિવસ આ ધંધો શું કરો છો ? એમાં આ આત્મા શું છે ? વીતરાગ શું છે ? આ શું ચીજ છે ? (એ કાંઈ સમજવું નહિ ?) આહાહા !

અહીં કહે છે કે જો પરિણામ વિનાનું દ્રવ્ય હોય તો, ગોરસના દૂધ-દહીં આદિ પરિણામો સાથે વિરોધ આવે છે. ગોરસ છે એ સામાન્ય છે અને દૂધ-દહીંના પરિણામ તેનું વિશેષ છે, એ પરિણામ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. (અર્થાત્) ગોરસ છે એ ત્રિકાળી વસ્તુ (છે). - અત્યારે દૃષ્ટાંતમાં તો (આમ) લેવું છે ને ? અને દૂધ, દહીં આદિ એના પરિણામ છે. છે ને ? (હવે) જો પરિણામ વિનાની વસ્તુ હોય તો, ગોરસના દૂધ, દહીં આદિના પરિણામ (પણ ન હોય). પરંતુ એ તો પ્રત્યક્ષ દેખાય છે.

શું કીધું એ ? કે પરિણામ વિનાની વસ્તુ જો હોય તો, ગોરસ (જે) ગાયનો રસ છે (તેના પરિણામ ન હોય). એટલે કે દૂધ, દહીં, છાશ (જે) તેની પર્યાય - પરિણામ છે (તે વિનાનું હોય) પણ તે પર્યાય વિનાનું ગોરસ દેખાતું નથી. વાત બરાબર છે ? દૂધ-દહીં આદિ પરિણામ વિનાનું ગોરસ દેખાતું નથી - એ વિરોધ આવે છે. પ્રત્યક્ષ દેખવામાં વિરોધ આવે છે, એમ કહે છે. જો પરિણામ વિનાનું દ્રવ્ય તું કહે તો, ગોરસની દૂધ-દહીંપણે પર્યાય પ્રત્યક્ષ થાય છે. તેનો વિરોધ આવે છે. આહાહા ! આવું વસ્તુનું સ્વરૂપ છે. હવે આવો ઉપદેશ છે !

હવે આમાં શું કરવું ? બાપુ ! કરવું શું ? છે એમ સમજવું પહેલું. બીજું કરવું શું ? (આ સમજવું) એ પહેલું કરવું નથી ? આહાહા ! જો પરિણામ વિનાની ચીજ હોય તો, ગોરસના પરિણામ છે તેનાથી વિરોધ દેખાય છે, (અર્થાત્) દૂધ-દહીં પરિણામ દેખાય નહિ. (પણ તે તો) પ્રત્યક્ષ દેખાય છે - આમ વિરોધ થઈ જાય. સમજાણું કાંઈ ? આહાહા !

નીચે (લખ્યું છે). જો વસ્તુને પરિણામ વિનાની માનવામાં આવે તો ગોરસ વગેરે વસ્તુઓના વગેરે બધી ચીજ હોય તેના - દૂધ, દહીં આદિ પરિણામો પ્રત્યક્ષ દેખાય છે તેની સાથે વિરોધ આવે. આહાહા ! પરિણામ વિનાનું ગોરસ હોય નહિ. કેમ કે ગોરસના પરિણામ દૂધ-દહીં આદિ દેખાય છે - તે પરિણામ પ્રત્યક્ષ દેખાય છે - એમ ગોરસનો દૃષ્ટાંત આપીને પરિણામ વિનાની કોઈ ચીજ હોય નહિ (એમ કહ્યું). આહાહા ! દાખલો તો જુઓ ! કે પરિણામ - બદલતી દશા - વિનાનું જો તત્ત્વ હોય તો, પ્રત્યક્ષ ગોરસના દૂધ-દહીં પરિણામ દેખવામાં આવે છે તો (તેમાં) વિરોધ આવે (છે). સમજાણું કાંઈ ? (આ) લોજીક છે. પણ કેટલા ન્યાયથી કહે છે ! આહાહા !

'**(જેમ પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી તેમ)**' - (જેમ) પરિણામ વિના ગોરસ દેખાતું નથી તેમ - '**વસ્તુ વિના પરિણામ પણ હયાતી ધરતા નથી.**' હવે પાછી બીજી વાત. પહેલા (એ કહ્યું કે) પરિણામ વિના વસ્તુ નથી. (અને હવે કહ્યું) કે વસ્તુ વિના પરિણામ હોતા નથી. આહાહા ! કાયમ વસ્તુ ન હોય ને પરિણામ હોય (તેમ બને નહિ). આહાહા !

'**વસ્તુ વિના પરિણામ પણ હયાતી ધરતા નથી.**' હવે પાછી બીજી વાત. પહેલા (એ કહ્યું કે) પરિણામ વિના વસ્તુ નથી. (અને હવે કહ્યું) કે વસ્તુ વિના પરિણામ હોતા નથી. આહાહા ! કાયમ વસ્તુ ન હોય ને પરિણામ હોય (તેમ બને નહિ). આહાહા !

'**વસ્તુ વિના પરિણામ પણ હયાતી ધરતા નથી.**' 'પણ' કેમ કહ્યું ? (કેમ કે) પહેલા એક બોલ કહ્યો હતો ને ? માટે, 'પણ' કહ્યું. '**કારણ કે સ્વ-આશ્રયભૂત વસ્તુના અભાવમાં...**' ભાષા દેખો ! તે શુભ-અશુભ પરિણામનો પણ આશ્રય દ્રવ્ય છે એમ અહીં સિદ્ધ કર્યું (છે). આહાહા ! ત્રણેય પરિણામ લેવા છે ને ? શુભ, અશુભ ને શુદ્ધ (એ) ત્રણેય પરિણામ લેવા છે ને ! આહાહા ! તો કહે છે કે '**કારણ કે સ્વ-આશ્રયભૂત વસ્તુના અભાવમાં (અર્થાત્ પોતાને આશ્રયરૂપ જે વસ્તુ તે ન હોય તો) નિરાશ્રય પરિણામને શૂન્યપણાનો પ્રસંગ આવે છે.**' આહાહા ! પરિણામનો આશ્રય દ્રવ્ય છે એમ અહીં સિદ્ધ કરવું છે. શુભ-અશુભ પરિણામનો આશ્રય દ્રવ્ય છે એટલે કે તેની તે પર્યાય છે. શુભ-અશુભનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આશ્રય દ્રવ્ય - આતમા છે. શુભ-અશુભ (ભાવનો) આશ્રય પરદ્રવ્ય કે કર્મ નથી. કેમકે શુભ-અશુભ પરિણામ પરિણામી વિના દેખાતા નથી. અને પરિણામી વસ્તુ પરિણામ વિના દેખાતી નથી. આહાહા ! પોતાને આશ્રયરૂપ જે વસ્તુ છે અર્થાત્ શુભ-અશુભ અને શુદ્ધ - એ ત્રણેય પરિણામને આશ્રયરૂપ વસ્તુ છે. શુભ પરિણામ અને અશુભ (પરિણામનો) આશ્રય વસ્તુ છે (તેમ કહે છે).

હવે સવારમાં એમ આવ્યું હતું કે શુભ-અશુભ પરિણામોનું વ્યાપ્ય-વ્યાપકપણું કર્મનું છે. કર્મ વ્યાપક થઈને તે કાર્ય કરે છે. એ તો અંદર વસ્તુનો સ્વભાવ - જ્ઞાનસ્વભાવ - (જેણે) જાણ્યો છે તે જાણનારની અપેક્ષાએ, જે વિકાર છે તે તેની વસ્તુમાં - કોઈ ગુણમાં કે દ્રવ્યમાં નથી તેથી, વિકૃત અવસ્થાનું કાર્ય જડનું છે એમ કહીને તેને હેય કરીને છોડી દીધું છે. આહાહા ! સમજાણું કાંઈ ?

સવારે કાંઈક ને બપોરે કાંઈક ! કઈ અપેક્ષા છે તે જાણવી જોઈએને બાપુ ! આહાહા ! એક કોર કહે કે આત્મા મોક્ષના પરિણામને કરે અને એક કોર કહે કે આત્મા મોક્ષના પરિણામને કરે નહિ. પરિણામ, પરિણામને કરે. આહાહા ! આવી વાત છે ! (લોકોને) આકરી પડે (છે).

આહાહા ! સ્વ આશ્રય વિના (પરિણામ થાય નહિ). (અહીં તો) દરેક દ્રવ્યની વાત છે ને ! જડના પરિણામ પણ સ્વઆશ્રય વિના (થતા નથી). તેમ આત્માને શુભાશુભ પરિણામ પણ સ્વદ્રવ્યના આશ્રય વિના (થતા નથી). આશ્રય એટલે ? (એટલે કે) તેનામાં થાય છે એમ. સમજાણું કાંઈ ? દ્રવ્યના (તે) પરિણામ દ્રવ્યમાં પર્યાયરૂપે થાય છે. આહાહા ! દ્રવ્ય વિના અધ્ધરથી ઊભા થાય છે એમ નથી.

આહાહા ! એક બાજુ સવારે સમયસાર ગાથા ૭૬,૭૭,૭૮માં એમ કહ્યું કે શુભ-અશુભભાવ જે કર્મ વ્યાપક છે તેનું વ્યાપ્ય છે (અર્થાત્) કર્મ કર્તા છે, તેનું (તે) કાર્ય છે. (જ્યારે) આત્માનું કાર્ય (એ છે કે) જે રાગ થાય છે તેને તે કાળે (જાણવું). જ્ઞાયકસ્વરૂપ (આત્માને) જેણે જાણ્યો છે તેને તે કાળે જે રાગનું જ્ઞાન થાય છે તે - આત્માનું વ્યાપ્ય છે, આત્માનું કાર્ય છે. આહાહા ! કઈ અપેક્ષા છે ? બાપુ ! (તે સમજાવી જોઈએ). આ તો વીતરાગ માર્ગ છે. તેનો સ્વાદ્વાદ - અનેકાંત માર્ગ જે રીતે છે તે રીતે સમજવો જોઈએ. અનેકાંતનો અર્થ એવો નથી કે નિશ્ચયથી થાય ને વ્યવહારથી પણ થાય - એમ નથી. પણ વ્યવહાર છે અને નિશ્ચય છે - એમ તેણે બેયને જાણવું જોઈએ. આહાહા !

(અહીં કહે છે કે) પરિણામના સ્વ-આશ્રયભૂત વસ્તુના અભાવમાં (એટલે કે) શુભ-અશુભપરિણામના સ્વ-આશ્રયભૂત દ્રવ્યના - વસ્તુના અભાવમાં (અર્થાત્) પોતાને આશ્રયરૂપ વસ્તુ (જે છે) તે (જો) ન હોય તો, નિશ્ચય પરિણામને - આશ્રય વિનાના પરિણામને - શૂન્યપણાનો પ્રસંગ આવે છે. આહાહા આ તો લોજીક - ન્યાય છે.

'**વળી**' (એટલે કે) એક વાત તે સિદ્ધ કરી. (હવે બીજી) '**વસ્તુ તો ઊર્ધ્વતાસામાન્યસ્વરૂપ દ્રવ્યમાં...**' છે ? ઊર્ધ્વતાસામાન્ય એટલે નીચે અર્થ કર્યો છે કે 'કાળની અપેક્ષાએ ટકવું. અર્થાત્ કાળ-અપેક્ષિત પ્રવાહને ઊંચાઈ અથવા ઊર્ધ્વતા કહેવામાં આવે છે.' (કાળ અપેક્ષાએ પ્રવાહની ઊંચાઈ) આમ છે...છે...છે.. .છે...છે. વસ્તુ આમ (ઊંચી) છે...છે...છે...છે. આહાહા ! પાણીનો પ્રવાહ આમ (આડો) છે...છે...છે. અને ધ્રુવ છે એ આમ ઊભો છે...છે...છે. તો, 'કાળની અપેક્ષાએ ટકવું તેને અર્થાત્ કાળ અપેક્ષિત પ્રવાહને ઊંચાઈ અથવા ઊર્ધ્વતા કહેવામાં આવે છે. ઊર્ધ્વતા-સામાન્ય અર્થાત્ અનાદિ અનંત ઊંચો (કાળ-અપેક્ષિત) પ્રવાહસામાન્ય તે દ્રવ્ય.' ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ... પ્રવાહસામાન્ય ધ્રુવ કાળ અપેક્ષાએ ઊંચો એટલે કે કાળ અપેક્ષાએ ત્રિકાળ છે. તેને અહીં દ્રવ્ય કહેવામાં આવે છે. આહાહા ! અહીં બેને - પરિણામને અને દ્રવ્યને -

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સિદ્ધ કરે છે.

(હવે કહે છે કે) **'સહભાવી વિશેષસ્વરૂપ (સાથે સાથે રહેનારા વિશેષો - ભેદો જેમનું સ્વરૂપ છે એવા) ગુણોમાં'** (એટલે કે જે) ત્રિકાળ ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ છે (તેમાં અને) તેના ગુણોમાં **'અને ક્રમભાવી વિશેષસ્વરૂપ પર્યાયોમાં...'** જોયું ? **'ક્રમભાવી'** (કહ્યું). ગુણો છે એ તો ત્રિકાળ દ્રવ્યની સાથે ત્રિકાળ છે અને અક્રમે છે. (જ્યારે) પર્યાય ક્રમભાવી વિશેષ છે. (તે) ક્રમ-ક્રમે - ક્રમે-ક્રમે.... એક પછી એક પછી એક એક પછી એક-એક પછી એક થાય (છે). આહાહા !

**'ક્રમભાવી વિશેષસ્વરૂપ પર્યાયોમાં રહેલી અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય અસ્તિત્વથી બનેલી છે;...'** આહાહા ! એ તો ઉત્પાદ-વ્યય ને ધ્રૌવ્યથી - (તે મય) અસ્તિત્વથી - બનેલી વસ્તુ છે. 'બનેલી છે' એટલે (કે) છે. આહાહા ! નવી અવસ્થાથી ઊપજે, જૂની અવસ્થાથી વ્યય થાય અને કાયમી રહેનારું તે ધ્રુવ (છે) - એવું તેના અસ્તિત્વનું સ્વરૂપ છે. આહાહા !

જીવ અને જડ આદિનું હોવાપણું - વસ્તુનું હોવાપણું - એ રીતે છે કે ઉત્પાદ-વ્યયના પરિણામ અને ધ્રૌવ્ય એ બે થઈને તેના અસ્તિત્વની સિદ્ધિ છે. (તેથી) તેના જો પરિણામ કાઢી નાખો તો, એકલું ધ્રુવ સિદ્ધ નહીં થાય. (અર્થાત્) એકલા પરિણામ વિનાનું ધ્રુવ રાખો (તો તે સિદ્ધ નહિ થાય) અને પરિણામ એકલા રાખો ને ધ્રુવ ન રાખો તો, તે પરિણામ (પણ) સિદ્ધ નહિ થાય. પરિણામ કોના આશ્રયે થાય ? (જો) ધ્રુવ નથી તો કોના આશ્રયે પરિણામ થાય ? આહાહા ! ધ્રુવ નથી તો ઉત્પાદ-વ્યય કોના આશ્રયે થાય ? આહાહા ! સમજાણું કાંઈ ? ઉત્પાદ-વ્યયના પરિણામ વિના ધ્રુવ હોતું નથી. આવી વાતુ છે ! ઓલુ તો દયા પાળી, સામાયિક કરી નાખી (પણ) એમાં ધૂળ પણ નથી. ભાઈ ! હજી તત્ત્વ અને વસ્તુ શું છે તેનું સાચુ જ્ઞાન નથી (ત્યાં સામાયિક ક્યાંથી થાય ?) આહાહા !

(વસ્તુ) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય અસ્તિત્વથી બનેલી છે. બનેલી છે એટલે કે છે. દરેક વસ્તુનું અસ્તિત્વ પરિણમનથી (અર્થાત્) ઉત્પાદ ને વ્યયથી તથા ધ્રુવથી અર્થાત્ કાયમપણાથી છે. તેનું ઉત્પાદ-વ્યય ને ધ્રુવથી અસ્તિત્વ છે. એકલા ઉત્પાદ-વ્યયથી નહિ (કે) એકલા ધ્રુવથી નહિ. આહાહા ! વાણિયાને ધંધા આડે સાંભળવાનો વખત ન મળે. **'માટે વસ્તુ પરિણામસ્વભાવવાળી જ છે.'** વસ્તુ પરિણામસ્વભાવવાળી જ છે. (અર્થાત્) વસ્તુ છે એ પરિણામ સ્વભાવવાળી જ છે. વસ્તુ જે દ્રવ્ય છે - આત્મા અને પરમાણુ આદિ છ દ્રવ્યો છે (તે પ્રત્યેક) વસ્તુ પરિણામસ્વભાવવાળી છે. (એટલે કે) પરિણામસ્વભાવ વિનાની એ વસ્તુ હોય શકે નહિ. આહાહા ! આ વસ્તુ જીણી છે.

(ગાથા - ૯માં) ઉપયોગમાં કેટલા પ્રકાર પડ્યા ? અને વળી પાછા આ પરિણામના (ભેદ પાડ્યા). શુભ ઉપયોગ હોવા છતાં કોઈને શુદ્ધ (ઉપયોગ ક્યારેક) થાય તો પણ મુખ્યપણે શુભ (ઉપયોગ) કહેવાય (છે). ઘણો શુદ્ધ ઉપયોગ થાય છતાં (વચ્ચે) શુભ(ઉપયોગ) આવી જાય. તો(પણ) તેને મુખ્યપણે શુદ્ધ ઉપયોગ કહેવાય (છે). આવી વસ્તુ છે !

અહીં કહે છે કે પરિણામ વિનાની વસ્તુ નહિ અને વસ્તુ વિના પરિણામ નહિ (એટલે કે) બદલતી દશા વિના, નહિ બદલતું ધ્રુવ નહિ અને નહિ બદલતા ધ્રુવ વિના, બદલતી અવસ્થા નહિ.

પ્રશ્ન :- ક્યારેક એમ કહે કે ધ્રુવ, ધ્રુવથી છે ને ઉત્પાદ, ઉત્પાદથી છે.

સમાધાન :- પણ એ તો કહ્યું ને (અહીં) બેય (ધ્રુવ અને પર્યાય) થઈને આખું અસ્તિત્વ સિદ્ધ કરવું છે. બે થઈને આખું અસ્તિત્વ સિદ્ધ કરવું છે ને ? પછી તો, ઉત્પાદ-વ્યયની પર્યાય, ઉત્પાદ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યયને લઈને છે (એમ કહેશે). એ તો ૧૦૧ ગાથામાં આગળ આવશે કે પરિણામનો જે સમયે ઉત્પાદ છે તે ઉત્પાદને લઈને છે, ધ્રુવને લઈને નહીં. (પણ) અહીં તો બે થઈને વસ્તુ છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? આહાહા ! વેદાંત છે તે એકલી વસ્તુ-ધ્રુવ માને છે. અને બૌદ્ધ છે તે એકલા ક્ષણિકને માને છે. એ એકાંતનો નિષેધ કરવા આ વાત છે અને ૧૫મા પાને બતાવ્યું હતું ને ? (ગાથા-૯માં જુઓ.) આહાહા ! ધીમેથી સમજાય એવું છે. (પણ) એમ ન સમજવું કે આ અમને ન સમજાય. અરે ભગવાન ! તું ત્રણલોકનો નાથ અને કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળો જીવ (છે). આહાહા ! તેને જીવ કહીએ. આહાહા ! જેનું જ્ઞાન, ત્રણકાળને એક સમયમાં જાણે એવા કેવળજ્ઞાનને લેવાની તૈયારીવાળો આત્મા છે. તેને આ વાત ન સમજાય એમ કેમ કહેવાય ? સમજાણું કાંઈ ? આહાહા ! અહીં તો એવા આત્માને જ લીધા છે. જેને કહ્યું તેણે અનુભવથી પ્રમાણ કર્યું છે. આહાહા !

પ્રશ્ન :- તિર્યંચ આટલી અપેક્ષાઓનો વિસ્તાર ન જાણે છતાં સમ્યગ્દર્શન પામી જાય ?

સમાધાન :- પણ તેનું આ પરિણામ છે અને આ પરિણામી છે એટલું તો તેણે જાણવું જોઈએ ને ? (પછી ભલે) બીજો એનો વિસ્તાર ન જાણે. પણ પરિણામ-પર્યાય એટલે શું ? (તે તો જાણવું જોઈએ ને ?) અને આ પર્યાય ન કહી ? કે પરિણામ વિનાનું ગોરસ દેખાતું નથી. જો પરિણામ વિનાની વસ્તુ હોય તો, ગોરસનું જે પરિણામ દેખાય છે (તેની સાથે) વિરોધ થાય છે. એમ કોઈપણ ચીજ છે તે પરિણામ વિનાની દેખાતી નથી. આહાહા ! અને પરિણામથી જ તેનું જ્ઞાન થાય છે ને ! ધ્રુવનું જ્ઞાન, પરિણામથી થાય છે. આહાહા ! કાંઈ ધ્રુવનું જ્ઞાન ધ્રુવથી થતું નથી. અનિત્યને લઈને નિત્યનું જ્ઞાન થાય (છે). આહાહા ! એ તો કહ્યું ને ? કે જો અનિત્ય નથી તો નિત્યનું જ્ઞાન કરનાર કોણ રહ્યું ? અને નિત્ય નથી તો અનિત્યનું જ્ઞાન કોને આશ્રયે થયું ? (શું) અધ્ધરથી થયું ? (બીજે) 'અધ્ધરથી થયું છે' (તેમ કહ્યું) પણ એ તો દ્રવ્યથી (પર્યાયને) ભિન્ન બતાવવા (કહ્યું). (પરંતુ અહીં તો) આશ્રય(રૂપ) વસ્તુ છે તેના આશ્રય વિના પરિણામ થાય નહિ એ સિદ્ધ કરવું છે. (તેથી કહે છે કે શું અધ્ધરથી પરિણામ થાય ?) શું પાણી નથી ને તરંગ ઉઠયા ? સોનું નથી ને આ દાગીના - કડા ને કુંડળ થયા ? પણ એ શી રીતે થાય ? આહાહા ! આવું છે બાપુ ! આહાહા ! અહીં આ વસ્તુ છે. એ સમજવી ભારે મુશ્કેલ પડે એવી છે. અંદર બહુ ધ્યાન રાખે ને પોતે ગરજ કરે (તો સમજાય).

પ્રશ્ન :- સમજણનો આપ સમય મુકરર કરી ધ્યોને કે આટલા વખતમાં સમજાય જાય.

સમાધાન :- અરે ! અંતઃમુહૂર્તમાં થાય એમ અહીં તો કહે છે. બહુ તો છ મહિના લાગે એમ કહ્યું નથી ? (સમયસાર કલશ-૩૪) પણ તેની લગની લાગવી જોઈએ ને ! શરત તો આ છે. આહાહા !

ભાવાર્થ :- '**જ્યાં જ્યાં વસ્તુ જોવામાં આવે છે ત્યાં ત્યાં પરિણામ જોવામાં આવે છે;...**' બહુ સાદી ભાષામાં કહે છે. '**જેમકે - ગોરસ તેના દૂધ, દહીં, ઘી, છાશ...**' જોયું ? '**ગોરસ તેના દૂધ, દહીં, ઘી, છાશ વગેરે પરિણામ સહિત જ જોવામાં આવે છે.**' ગોરસને દૂધ, દહીં, ઘી, છાશ સહિત દેખવામાં આવે છે. આહાહા ! '**જ્યાં પરિણામ નથી ત્યાં વસ્તુ પણ નથી.**' પર્યાયમાં પરિણમન નથી ત્યાં વસ્તુ (પણ) નથી. '**જેમ કે - કાળાશ, સુંવાળપ વગેરે પરિણામ નથી...**' (અર્થાત્) કાળું ને સુંવાળું પરિણામ નથી '**તો ગધેડાના શિંગડારૂપ વસ્તુ પણ નથી.**' તો ગધેડાના શિંગડા પણ નથી. કારણકે કાળાશ ને સુંવાળપ હોય તો ગધેડાના શિંગડા હોય. પરંતુ તે તો નથી. તો, શિંગડા પણ નથી. આહાહા ! કાળી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને સુંવાળી એ પર્યાય છે. તો જ્યાં પર્યાય નથી ત્યાં દ્રવ્ય પણ નથી. **'માટે સિદ્ધ થયું કે વસ્તુ પરિણામ વિના હોતી જ નથી. જેમ વસ્તુ પરિણામ વિના હોતી નથી તેમ પરિણામ પણ વસ્તુ વિના હોતા નથી.'** (એટલે કે પરિણામ) ચીજ (પરિણામી, ઉપાદાન) વિના ન હોય. પણ બીજી ચીજ (નિમિત્ત) વિના પરિણામ ન હોય તેમ નહીં. અત્યારે તો તેની પર્યાય તેનામાં (છે) એમ સિદ્ધ કરવું છે ને ! આહાહા !

**'કારણ કે વસ્તુરૂપ આશ્રય વિના...'** દેખો ! શુભાશુભ પરિણામ અને શુદ્ધ પરિણામ તેના દ્રવ્યના આશ્રય વિના આહાહા ! (અર્થાત્) મિથ્યાત્વના પરિણામ, રાગ-દ્વેષના પરિણામ તેના આત્મદ્રવ્યના આશ્રય વિના....(હોય નહીં).

સવારમાં કાંઈક ને બપોરે કાંઈક ! બાપુ ! કઈ અપેક્ષા છે ? સવારમાં તો વિકારી પરિણામ દ્રવ્ય-ગુણના નથી (તેમ કહ્યું હતું). કેમ કે દ્રવ્ય-ગુણ કોઈ એવા નથી (કે વિકાર થાય). (માટે) જેને દ્રવ્યદૃષ્ટિ થઈ છે (એવા) તે જ્ઞાનીને વિકારના પરિણામનો જાણનાર કહ્યો. (પણ) વિકારના પરિણામનો કર્તા નહીં. અહીંયા તો વિકારના પરિણામનો આશ્રય દ્રવ્ય છે (તેમ કહ્યું). (એટલે કે) તેનાથી (દ્રવ્યથી) તે થયા છે. નહીં કે તે બીજાથી થયા છે. કર્મથી પણ નહીં. આહાહા ! **'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;'** - શ્રીમદ્ રાજચંદ્રજી (આત્મસિદ્ધિમાં) કહે છે ને ? **'ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ.'**

(તો કહે છે) **'કારણ કે વસ્તુરૂપ આશ્રય વિના પરિણામ કોના આધારે રહે ?'** પુણ્ય-પાપના પરિણામનો આધાર દ્રવ્ય ન હોય તો, તે કોના આધારે રહે ? આહાહા ! અને એક બાજુ એમ કહે કે જે પરિણામ છે તેનો આધાર ને કર્તા-કર્મ પરિણામ છે. આહાહા ! કઈ અપેક્ષાએ બાપુ ? દ્રવ્ય અને પર્યાય બે અભિન્ન છે એમ અહીં સિદ્ધ કરવું છે અને ત્યાં (દ્રવ્ય ને પર્યાય) ભિન્ન છે તેમ સિદ્ધ કરવું છે. આહાહા ! સમજાણું કાંઈ ? શુભ પરિણામ થયા તેનો તે પરિણામ કર્તા, તે પરિણામ તેનું કાર્ય, પરિણામ તેનું સાધન, પરિણામે પરિણામ રાખ્યું, પરિણામથી પરિણામ થયા અને પરિણામને આધારે પરિણામ થયા. (અને) અહીં કહે છે કે દ્રવ્યના આધાર વિના (પરિણામ કોના આધારે રહે ?) છે (અંદર) ? અહીંયા (પર્યાય અને) તેની - વસ્તુને સિદ્ધ કરવી છે ને ! (તેથી, કહે છે કે) **'ગોરસરૂપ આશ્રય વિના દૂધ, દહીં વગેરે પરિણામ કોના આધારે થાય ?'** ગોરસ ન હોય (અને) તેના આશ્રય વિના દૂધ, દહીં પર્યાય થાય (તો તે) કોના આધારે થાય ? વિશેષ કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


## (તા. ૧૨-૧-૧૯૭૯ – પ્રવચન નંબર-૬)

પ્રવચનસાર, ૧૦મી ગાથાના ભાવાર્થનો બીજો પેરાગ્રાફ છે. છે ? '**વળી વસ્તુ તો...**' વસ્તુ એટલે જેમાં અનંતગુણ વસેલા છે અને જેમાં ક્રમે-ક્રમે પર્યાય-પરિણામ-ક્રિયા થાય છે. તેને વસ્તુ કહીએ. તે વસ્તુ (પછી) આત્મા હો કે પરમાણુ હો. (અને) એવા છ દ્રવ્ય છે. સંખ્યાએ (જો કે) અનંત છે. (પણ) જાતિએ છ છે. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ - (એમ) છ વસ્તુ છે. તે '**વસ્તુ તો દ્રવ્ય-ગુણ-પર્યાયમય છે.**' છે ?

શું કીધું એ ? કે જે વસ્તુ છે તે દ્રવ્ય-ગુણ ને પર્યાયમય છે.

પ્રશ્ન :- ભવિષ્યની જે પર્યાય છે તે પર્યાયમય વસ્તુ કઈ રીતે છે ?

સમાધાન :- અત્યારે તો એ - વર્તમાન પર્યાયમય છે એમ કહેવું છે ને ! અહીં તો દરેક ચીજ વર્તમાનમાં દ્રવ્ય-ગુણ ને પર્યાય સહિત છે (તેમ કહેવું છે). ભવિષ્યની પર્યાયને કાળે ભવિષ્યની પર્યાય(મય) થશે. કેવળજ્ઞાનીને કેવળજ્ઞાનમાં બધું જણાય (છે) એ જુદી વાત છે. અત્યારે એ વાત નથી. (પણ) અહીં તો વસ્તુ છે એ દ્રવ્ય છે એટલે કે કાયમ છે, (એમ આગળ) કહેશે.

(કહે છે કે) '**વસ્તુ તો દ્રવ્ય-ગુણ-પર્યાયમય છે.**' તેમાં દ્રવ્ય એટલે શું ? કે '**ત્રૈકાલિક ઊર્ધ્વ પ્રવાહસામાન્ય તે દ્રવ્ય છે.**' આહાહા ! ત્રિકાળી કાયમ રહેનારો ઊર્ધ્વ પ્રવાહ તે દ્રવ્ય (છે), ધ્રુવ (છે). કાયમ રહેનારો પરમાણુ (હો) કે આત્મા, (તેમાં) કાયમ રહેનારો જે ઊર્ધ્વ પ્રવાહ છે તે દ્રવ્ય (છે). આહાહા ! આ દ્રવ્ય એટલે આ તમારા પૈસાની વાત નથી. આહાહા ! પૈસાના એક-એક પરમાણુ છે તે દ્રવ્ય છે. કેમ કે ઊર્ધ્વ પ્રવાહ - કાયમ રહેનારી એ ધ્રુવ ચીજ છે. તેને દ્રવ્ય કહીએ. (તેમ) આત્મામાં પણ - કાયમ રહેનારી ચીજ આત્મા છે તેનો - ઊર્ધ્વ પ્રવાહ (છે). ઊર્ધ્વ પ્રવાહ (એટલે કે) ઊંચો-ઊંચો કાળની (જેમ) એમ ને એમ રહેનારો (પ્રવાહ) તેને દ્રવ્ય કહીએ. આવી વ્યાખ્યા (છે) ! (છે) ? એ સંસ્કૃતમાંથી (અમૃતચંદ્રાચાર્યની ટીકામાંથી જ છે. '**वस्तु पुनरूर्ध्वतासामान्यलक्षणे द्रव्ये**' - (આમ) સંસ્કૃતમાં છે. તેનો આ અર્થ કર્યો છે. આહાહા !

શું કહ્યું એ ? (કે) દરેક આત્મા અને દરેક પરમાણુ (તથા) ચાર-ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ - એ દરેક વસ્તુ તેને કહીએ કે જેને ઊર્ધ્વપ્રવાહ (છે) આમ ત્રિકાળ-કાયમ રહેનારું દ્રવ્ય છે તેને દ્રવ્ય કહીએ. છે ? '**સાથે સાથે રહેનારા ભેદો તે ગુણો છે.**' એટલે ? આત્મા જે વસ્તુ છે તેમાં દ્રવ્ય તેને કહીએ (કે, જે) કાયમ એમ ને એમ ઊર્ધ્વપ્રવાહરૂપે રહે. અને ગુણ એને કહીએ કે તેમાં (જે) ભેદો એટલે કે વિશેષો (સાથે-સાથે રહે છે તે).

તે...તે...તે..તે.. એમ સામાન્ય જે ધ્રુવ દ્રવ્ય છે, તેમાં જે ગુણો છે (અર્થાત્) આત્મામાં (જે) જ્ઞાન,દર્શન આનંદ (આદિ જે ગુણ છે) તે સહભાવી - સાથે રહેનારા (છે). પાઠમાં (ટીકામાં) એમ છે. જુઓ ! '**सहभाविविशेषलक्षणेषु गुणेषु**' - સંસ્કૃતમાં એ છે. સહભાવીનો અર્થ સાથે-સાથે કર્યો છે. આહાહા ! (જે) વસ્તુ છે તેની સાથે-સાથે રહેનારા ભેદને - વિશેષને ગુણ કહેવામાં આવે છે. આહાહા ! હવે આવી તો વાત છે ! આહાહા ! દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે તેની વાત તો ભાઈ ! કોઈ દિ' (ક્યાંય સાંભળી ન હોય) અને 'જય ભગવાન' (કરે). દ્રવ્ય એટલે પૈસા એમ એક વાર એક ભાઈ કહેતા હતા ને ? 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' - એમ આપણે લખ્યું છે ને ! તો, એક ભાઈ કહે કે મહારાજ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


દ્રવ્ય એટલે પૈસાને ? અરે ! કાંઈ ખબર ન મળે. લોકના ડાહ્યા (એ) ધર્મના પાગલ (છે).

આહાહા ! દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ. વસ્તુ - દ્રવ્ય એને કહીએ કે... અર્થાત્ દ્રવ્ય એટલે આત્મા. જે કાયમ રહેનારો એકરૂપ (પ્રવાહ) છે તે દ્રવ્ય (છે). તેની દૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન (છે). પણ અહીં તો વસ્તુ કેવી છે એ હજી સિદ્ધ કરવું છે. વસ્તુ જે છે એ કાયમ રહેનારો પ્રવાહ (છે). પાણીનો પ્રવાહ આમ (આડો) ચાલે છે. આ પ્રવાહ એટલે ? કે ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ એમ. છે...છે...છે...છે...(એમ). આત્મા (પણ) છે...છે...છે... તે દ્રવ્ય (છે). (તેવી રીતે) પરમાણુ પણ છે...છે...છે... (તે દ્રવ્ય છે). આ આંગળી તો ઘણા પરમાણુની છે. આ કાંઈ એક પરમાણુ નથી. આ તો ઘણા પરમાણુનો બનેલો સ્કંધ દેખાય છે. તેમાં એક-એક પરમાણુ તદ્દન ભિન્ન છે. તે પરમાણુમાં પણ જે કાયમ રહેનારો પ્રવાહ છે તેને દ્રવ્ય કહેવામાં આવે છે અને તે પરમાણુમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ (આદિ) ભેદરૂપ જે વિશેષ છે તેને ગુણ કહેવામાં આવે છે. છે (અંદર) ?

'**અને ક્રમેક્રમે થતા ભેદો...**' (અર્થાત્) વિશેષો...જોયું ? આત્મામાં પણ જે સમયે જે પર્યાય થવાની છે તે, તે સમયે થાય, બીજે સમયે બીજી, ને ત્રીજે સમયે ત્રીજી - (આમ) ક્રમે-ક્રમે જે વિશેષ ભેદ (છે, તે) પર્યાય (છે). ગુણ વિશેષ સહભાવી રહેનારા (છે). પર્યાય વિશેષ ક્રમભાવી રહેનારા (છે). આવું છે બાપુ ! ધર્મ ચીજ આવી કોઈ (અલૌકિક છે). (તે વિના) કાંઈક દયા ને સેવા કરી કરીને મરી ગયો (છે) સાંભળને !

કહે છે કે વસ્તુ શું છે ? (કે) ક્રમે-ક્રમે થતા વિશેષો... ભેદો એટલે વિશેષો. સંસ્કૃતમાં 'વિશેષ' છે ને ? '**सहभाविविशेष**' અને '**क्रमभाविविशेष**' એટલે ? કે આ આત્મા જે વસ્તુ છે તે કાયમ (આમ ને આમ) ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ રહેનાર તેને દ્રવ્ય કહીએ. અને તેના વિશેષો એટલે કે તેમાં (જે) ગુણના ભેદો (છે) તેને ગુણ કહીએ. (જેમકે) પરમાણુ છે એ રજકણ છે. તે કાયમ રહેનારું દ્રવ્ય છે તેને દ્રવ્ય કહીએ અને તેના - દ્રવ્યના, સામાન્યના - વિશેષો, ભેદો જે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ (છે) તેને ગુણ કહીએ.

હવે પર્યાય વિશેષની વાત છે. પર્યાયો ક્રમે-ક્રમે થતા વિશેષો (છે). એટલે ? આત્મમાં જ્ઞાનની પર્યાય, દર્શનની પર્યાય આદિ જે પર્યાયો - જે ક્રિયા - વર્તમાન પર્યાયની જે ક્રિયા (થાય છે) તે ક્રમે-ક્રમે થાય છે. ગુણો છે તે અક્રમે (અર્થાત્) સહભાવી - સાથે રહે (છે) અને પર્યાય છે તે ક્રમે-ક્રમે (થાય છે). તે ક્રમે-ક્રમે (થતી) પર્યાય વિનાની વસ્તુ હોય નહિ. સમજાણું કાંઈ ? આહાહા ! (જેમ) આ પરમાણુ (લ્યો). (જો કે) આ (આંગળી) તો સ્કંધ છે. (પણ) ટુકડા કરતાં તેનો છેલ્લો પોઈંટ - (એક રજકણ રહે તે પરમાણુ છે). (તેમાં) કાયમ રહેનારો જે ધ્રુવ પ્રવાહ (છે) તેને દ્રવ્ય કહીએ. (તેની) સાથે રહેનારા (તેના જે) વર્ણ-રસ-ગંધ ને સ્પર્શ (છે) તેને વિશેષ ગુણ કહીએ અને તે પરમાણુમાં વર્તમાન પર્યાય પછી થતી પછી પછીની પર્યાય - એમ ક્રમે-ક્રમે થતી પર્યાય - એ દ્રવ્યના વિશેષો ભેદો તેને પર્યાય કહીએ.

દ્રવ્યના (જે) વિશેષો ક્રમે-ક્રમે થાય (છે) તેને પર્યાય કહીએ. દ્રવ્યના (જે) સાથે રહેનારા વિશેષો તેને ગુણ કહીએ. આમાં ક્યાં કોઈ દિ' કાંઈ દરકાર કરી છે ? મિથ્યાત્વ અને રાગ-દ્વેષની મજૂરી કરીને... એ મજૂરી હોં ! પરની ક્રિયા નહિ. (કેમ કે) પરની ક્રિયા તેણે કોઈ દિ' કરી નથી. ફક્ત રાગ-દ્વેષ અને 'આ મેં કર્યું' - એવા મિથ્યાત્વ અને રાગ-દ્વેષની મજૂરી તેણે કરી છે. આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન :- મજૂરીના પૈસા કેટલા આવે ?

સમાધાન :- રખડવાનું આવે એ મજૂરીના પૈસા (છે). આહાહા ! ચાર ગતિમાં રખડી મરે તે તેની મજૂરીનું ફળ આવે. આહાહા ! અહીંયા તો કહે છે કે વસ્તુ શું છે. એ (ટીકાની) છેલ્લી ત્રણ લીટીમાં કહેવાય ગયું છે. (પણ) તેને આ વિશેષ સ્પષ્ટ કરે છે. ટીકામાં છે - એ વાત થઈ ગઈ છે. પણ હવે તેને ચાલતી ભાષામાં વિશેષ સ્પષ્ટ કરે છે.

(કહે છે કે) '**ક્રમે ક્રમે થતાં ભેદો તે પર્યાય છે.**' આત્મામાં પણ ક્રમે-ક્રમે પર્યાય થાય (છે). પર્યાય ક્રમે થાય (છે). (અને) તે પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ. કોઈ કાળે પણ પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ અને તે પર્યાય પણ દ્રવ્ય વિના હોય નહિ. આહાહા ! આ વસ્તુની સ્થિતિ (છે). પ્રવચનસાર છે. (અર્થાત્) આ ભગવાનની દિવ્યધ્વનિમાંથી નીકળેલો સાર છે. આહાહા ! (તે) તત્ત્વને લોજીક - (ન્યાયથી) - યુક્તિથી સિદ્ધ કરે છે.

ક્રમે-ક્રમે થતા વિશેષોને ભેદોને પર્યાયો (કહે છે). '**આવા દ્રવ્ય, ગુણ ને પર્યાયની એકતા વિનાની કોઈ વસ્તુ હોતી નથી.**' કહો ! હવે આવી તો તદ્દન સાદી ભાષા છે ! આહાહા ! આત્મા અને પરમાણુ ભિન્ન-ભિન્ન છે. કોઈને કાંઈ સંબંધ નથી. શરીરના રજકણો અને ભગવાન આત્માને (પણ) કાંઈ સંબંધ નથી. ખરેખર આત્મા છે એ આ શરીરના જે રજકણો છે તેને અડ્યો પણ નથી અને અડતો પણ નથી. અને જે આ શરીરના રજકણો છે તે (પણ) આત્માને અડ્યા નથી, સ્પર્શ્યા નથી, ચુંબ્યા નથી અને અડતાં (પણ) નથી. આહાહા ! (જે રીતે) શરીરના પરમાણુઓ અડતા નથી તે રીતે પૈસાના, દાગીનાના આદિના જે પરમાણુઓ છે (તે પણ અડતા નથી).

એ પરમાણુ છે તે કાયમ રહેનારી ચીજ છે અને તેના - પરમાણુના જે વિશેષો, ભેદો વર્ણ-ગંધ-રસ-સ્પર્શ છે કે (જેઓ) દ્રવ્યની સાથે કાયમ રહેનારા વિશેષો છે તેને, ગુણ કહે છે અને તે તે પરમાણુમાં નવી-નવી, ક્રમે-ક્રમે થતી દશાઓ (પર્યાય છે). જેમ પરમાણુની અત્યારે આ દશા છે. પહેલા પરમાણુની દશા માટીની હતી. માટીમાંથી ઘઉંની થઈ. ઘઉંમાંથી લોટની થઈ. લોટમાંથી રોટલીની થઈ અને રોટલીમાંથી અત્યારે આ લોહીની અવસ્થા છે. તે ક્રમે-ક્રમે થઈ છે. (કેમ કે) માટીની અવસ્થા હતી ત્યારે આ ઘઉંની અવસ્થા નહોતી. આહાહા ! તે માટીની અવસ્થા હતી ત્યારે માટીની અવસ્થા (હતી). પછી પલ્ટીને જ્યારે ઘઉંની અવસ્થા થઈ ત્યારે તે ઘઉંની થઈ. (એમ) ક્રમે-ક્રમે છે. એક સાથે પર્યાય ન હોય.

તે પર્યાય તેના ક્રમે-ક્રમે થાય (છે) અને તે ક્રમ પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ. એટલે બીજો દ્રવ્ય તેની પર્યાયને કરે (છે) તે વાત તદ્દન મિથ્યા ભ્રમ છે. આહાહા ! કેમ કે વસ્તુ દ્રવ્ય-ગુણ ને પર્યાયસહિત છે. પર્યાયસહિત એટલે કે કાર્યસહિત છે. દ્રવ્ય-ગુણ છે એ કારણ છે અને પર્યાય (છે તે) કાર્ય છે. તે કારણ-કાર્યસહિત વસ્તુ છે. (તેથી) તેના પર્યાયને બીજો કરે - (શરીરને) આત્મા ચલાવે - એમ ત્રણકાળમાં બને નહિ. આહાહા ! આ દાઢને આમ આત્મા હલાવે (તે) ત્રણકાળમાં બને નહિ. (કેમ કે) તે પરમાણુની ક્રમે થતી અવસ્થાઓ સહિત તે પરમાણુ છે. આહાહા !

(પરંતુ અજ્ઞાની તો) આખો દિ' આ કર્યું, આ કર્યું ને આ કર્યું - દેશની સેવા કરી ને કુટુંબને પોષ્યા (તથા) ઘણા પૈસાવાળા છીએ એટલે માણસોને આજીવિકા મળે તે માટે બહુ નોકર રાખ્યા છે - (તેમ માને છે). આહાહા ! ભ્રમણા છે અજ્ઞાનીની (કાંઈ).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન :- પોતે જ્ઞાનનો ધણી હોવા છતાં ભૂલ્યો કેમ ?

સમાધાન :- પોતે જ પોતાની ભૂલ કરી. 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' - જાતે ભૂલ કરી છે. તેને કોઈએ કરાવી નથી.

પ્રશ્ન :- પણ કરી કેમ ?

સમાધાન :- કેમ શું ? ઊંધી દૃષ્ટિ કરી માટે (ભૂલ) કરી છે. આહાહા ! આ સિદ્ધાંત જો સમજે તો (ભૂલ ટળી જાય). કોઈપણ દ્રવ્ય તેના ક્રમસર પર્યાય વિનાનું હોય નહિ. તો, તે પર્યાયને આ બીજું દ્રવ્ય કરે - એક પરમાણુની પર્યાયને બીજો પરમાણુ કરે - એમ હોય નહિ. કેમ ? (કારણ કે) તે પરમાણુ ક્રમસર પર્યાય વિનાનો હોય નહિ. તે પરમાણુ ગુણના વિશેષ વિના હોય નહિ. (તેમ જ) તે પરમાણુ ક્રમસર પર્યાય વિનાનો હોય નહિ. માટે, તેની પર્યાયને બીજો પરમાણુ કરે કે બીજો આત્મા કરે એ ત્રણકાળમાં બનતું નથી. હવે આવી વાતુ છે !

આહાહા ! પરમાણુની પર્યાય જે કાળે જે રીતે થવાની હોય તે રીતે થાય છે. (પણ) એ સમાધાન કોણ કરે ? (જેણે) વસ્તુની સ્થિતિ જાણી હોય તે સમાધાન કરે. આહાહા ! ભાઈ ! જે પરમાણુ છે તેની તે વખતે પર્યાય ખંડ થવાની હતી - એ ક્રમે પર્યાય થવાનો તેનો કાળ હતો - તો તે થઈ છે. તે બીજાથી થઈ નથી. આહાહા ! આવી વાત છે. (કેમ કે) બીજી ચીજ તો તે પરમાણુને અડી (પણ) નથી.

આ કેમ માનવું ?

કેમ કે એક દ્રવ્ય અને બીજા દ્રવ્ય વચ્ચે અભાવ છે. આ આંગળીમાં આ (બીજી) આંગળીનો અભાવ છે. ત્યારે તો તે - પોતાનો ભાવ છે ને આનો (બીજાનો) તેમાં અભાવ છે ત્યારે (તો) તે - ટકી રહી છે. એમ દરેક તત્ત્વ સ્વભાવથી અસ્તિ છે અને પરવસ્તુની તેમાં નાસ્તિ - અભાવ છે. અભાવ હોવાથી પરવસ્તુ તેને અડતી નથી. હવે આવી વાતુ (છે) !

આ જે પગ છે તે નીચે જમીનને અડતો નથી અને ચાલે છે ! પગને જમીનનો આધાર નથી. કેમ કે પગના પરમાણુ છે એ કાયમ રહેનારો પ્રવાહ છે અને તેના વર્ણ-ગંધ-રસ આદિ ગુણો - વિશેષ પણ કાયમ રહેનારા, સહવાસી, સહભાવી છે અને તે કાળે તેની આ ક્રમભાવી પર્યાય (છે). પગ આમ ચાલે છે તે પરમાણુની ક્રમભાવી પર્યાય, પોતાને લઈને થાય છે. તે નીચે અડતો નથી. (અને) આત્મા તેને કરતો (પણ) નથી. (પરંતુ) પરમાણુના ક્રમભાવી પર્યાયોમાં તે પરમાણુની (તેવી) પર્યાય થાય છે. આવું છે બાપુ ! માર્ગ - તત્ત્વની વસ્તુ એવી કોઈ સ્વતંત્ર છે. આહાહા !

(અહીં) કહે છે કે ક્રમે-ક્રમે થતા વિશેષો... વિશેષ કેમ કહ્યું ? કેમ કે જે વસ્તુ છે તે સામાન્ય છે. એકરૂપ વસ્તુ (છે). પરમાણુ કે આત્મા, સામાન્ય એકરૂપ (છે) અને તેના જે ગુણો છે તે વિશેષરૂપ - ભેદરૂપ છે, વિશેષ ભેદરૂપ છે. ગુણ વિશેષ ભેદરૂપ (છે) પણ સહભાવી છે, સાથે રહેનારા (છે). દ્રવ્યની સાથે રહેનારા વિશેષો - ભેદોને ગુણ કહે છે. (જ્યારે) જે વિશેષો ક્રમે થાય છે તેને પર્યાય કહે છે. (જો કે) છે તો તે (પણ) વિશેષ અને ભેદ. આહાહા ! ભારે આકરું કામ !

આ હોઠની પર્યાય આમ ચાલે છે ને ! (તો) તે આ જીભને લઈને નહિ અને આત્માને લઈને (પણ) નહિ. (કેમ કે) તે તેની પર્યાયનો ક્રમ છે. એ પરમાણુ છે (તે) કાયમ રહેનારા (છે) અને તેના ગુણો - વિશેષ છે તે પણ સહભાવી - સાથે છે અને તેની આ ક્રમસર - એક પછી એક પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

થાય છે તે તેનો પર્યાય વિશેષ છે. તે પર્યાય તેનો વિશેષ છે. (પણ) બીજા પરમાણુનો કે બીજા આત્માનો એ વિશેષ નથી. આહાહા ! ભાષા તો સાદી છે. વસ્તુ તો છે એ છે બાપુ ! આહાહા ! અરે ! એણે કોઈ દિ' તત્ત્વ શું છે તેનો વિચાર પણ કર્યો નથી. અરે...! એને ક્યાં જવું છે ? આહાહા !

કાયમ રહેનારો પ્રવાહ તે દ્રવ્ય (છે). તેના સાથે રહેનારા વિશેષો - ભેદો તે ગુણ (છે) અને તેના ક્રમે થતા વિશેષોને પર્યાય કહીએ. આવું તે દ્રવ્ય-ગુણ અને પર્યાયનું સ્વરૂપ છે. આહાહા ! **'આવાં દ્રવ્ય-ગુણ ને પર્યાયની એકતા વિનાની કોઈ વસ્તુ હોતી નથી.'** બાપુ ! આ કાંઈ વાર્તા નથી. આહાહા ! આ તો સિદ્ધાંત (છે). સર્વજ્ઞ, પરમાત્મા, પરમેશ્વરે જાણ્યું - જોયું તેવું કહ્યું (છે). (જે) કહ્યું તે આ પ્રવચનસાર (છે). જાણ્યું - જોયું તે પોતાના ભાવમાં (છે). આહાહા ! પણ કહ્યું વાણીએ. તેના પણ તેઓ કર્તા નથી. વાણીની પર્યાય તે કાળે થાય (છે). તે વાણીના પરમાણુઓ કાયમ રહેનારા - ઊર્ધ્વપ્રવાહ (છે). તેના વિશેષો જે વર્ણ-ગંધ આદિ છે તે (વિશેષો) ગુણો છે અને પર્યાય ક્રમસર થાય (છે) તે તેની પર્યાય (છે). એટલે પરમાણુની જે ભાષાની પર્યાય, ક્રમે આવવાની છે તે તેનાથી થઈ છે. આત્માથી નહિ (અને) હોઠથી (પણ) નહિ. આવી વાતુ છે ! તેના પોતાના અસ્તિત્વમાં રહીને દ્રવ્ય-ગુણ-પર્યાયપણે વસ્તુ છે. પરના અસ્તિત્વને તો તે અડતો પણ નથી. આહાહા !

પ્રશ્ન :- વીતરાગદેવ તો હિતોપદેશક કહેવાય છે.

સમાધાન :- ભાષાથી - નિમિત્તથી કહેવાય છે. બાકી એ તો સર્વજ્ઞ, જાણનાર, દેખનાર છે. (છતાં) નિમિત્તથી કથન એમ આવે. આહાહા !

(અહીં કહે છે કે) **'આવાં દ્રવ્ય-ગુણ ને પર્યાયની...'** આવાં દ્રવ્ય, ગુણ, પર્યાય એટલે ? (કે) કાયમ પ્રવાહમાં રહેનારું (તે) દ્રવ્ય. તેના વિશેષો - ભેદો તે ગુણ (અને) તેના વિશેષો (કે જે) ક્રમે થાય (છે) તે પર્યાય (છે). - **'આવાં દ્રવ્ય, ગુણ ને પર્યાયની એકતા વિનાની કોઈ વસ્તુ હોતી નથી.'** (એટલે કે) અનંત પરમાણુ કે અનંત આત્મા જે છે તે, દરેક ભિન્ન (છે). (તે વસ્તુ) પોતાના દ્રવ્ય, ગુણ ને પર્યાય વિના હોતી નથી. (અર્થાત્) દ્રવ્ય, ગુણ હોય પણ પર્યાય ન હોય કે પર્યાય હોય પણ દ્રવ્ય-ગુણ ન હોય એમ નથી. આહાહા ! ભાઈ ! આ તો મહા સિદ્ધાંતો છે. આકરું લાગે એવું (છે). પણ બાપુ ! મારગ તો આ છે. વસ્તુની મર્યાદા (આ છે).

વસ્તુની મર્યાદા તે તેની મર્યાદા (છે) અને તે દ્રવ્ય, ગુણ, પર્યાયમાં છે. (તેથી) તેને બીજા ગુણો કે બીજાં દ્રવ્યો કાંઈ કરે એવી વસ્તુની મર્યાદા નથી. આહાહા ! શું સિદ્ધાંત ! (પણ અજ્ઞાની તો) આખો દિ' સવારથી સાંજ સુધી આ કર્યું ને આ કર્યું ને આનું કર્યું - પુત્રને સાચવ્યા ને સ્ત્રીને સાચવી ને તેને રાજી રાખી (તેમ માને છે). છોકરાને સારે ઘરે ઠેકાણે પાડ્યા, છોકરીઓને સારે ઘરે ઠેકાણે પાડવાનો એવો ભાવ-રાગ કર્યો (છે). દુકાનના ધંધામાં આ માલ આમ રાખું, આ માલ આમ ગોઠવો (એવા ભાવ કરે છે). આહાહા ! અજ્ઞાની એમ માને છે કે અમારું આ બધું છે... (પણ) તેની પાસે આ (સંયોગ) છે. તેના છે એમ નથી. આહાહા ! 'તે મકાનમાં રહે છે' તેમાં એમ કહેવું છે કે આની પાસે (સંયોગરૂપે) આ મકાન છે. પણ મકાન તેનું એમ નથી. ભારે વાતુ (છે), બાપુ ! આહાહા !

**'આવાં દ્રવ્ય, ગુણ ને પર્યાયની એકતા વિનાની કોઈ વસ્તુ હોતી નથી.'** (અર્થાત્) પરમાણુ, આત્મા, આકાશ કે ધર્માસ્તિ કે છયે દ્રવ્ય, (આવા દ્રવ્ય, ગુણ ને પર્યાયની એકતા વિનાના હોતા નથી). આહાહા ! **'બીજી રીતે કહીએ તો, વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય છે.'** કહો સમજાણું ? આહાહા ! છે ? ટીકામાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે ને ? કે '**उत्पादव्ययध्रौव्यमयास्तित्वेन**' અને ('**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**') - એ તત્ત્વાર્થસૂત્રનું છે. (અધ્યાય-૫. સૂત્ર-૩૦.)

એ શું કીધું ? (કે) પહેલા દરેકના દ્રવ્ય-ગુણ ને પર્યાયને સિદ્ધ કર્યા. હવે '**બીજી રીતે કહીએ તો**' (અર્થાત્) આમ ફેરવીને (કહીએ તો) '**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**' - જે પહેલા પર્યાયને ક્રમે પછી કહી હતી તેને અહીં ઉત્પાદમાં પહેલા લીધી છે. નવી અવસ્થા થઈ તેને ઉત્પાદ (કહે છે). પૂર્વની અવસ્થા બદલી તેને વ્યય (કહે છે). તથા કાયમ રહ્યો તેને ધ્રુવ (કહે છે). આહાહા !

અરે ! આવો મનુષ્યભવ મળ્યો (ને જો આ ન કર્યું તો ક્યાં જશે ?) તેની એક એક સમયની કિંમત શું કહેવી બાપુ ? ત્રસપણું (મળે) - નિગોદમાંથી નીકળે અને ત્રસ થાય - ઈયળ થાય - તોય શાસ્ત્ર કહે છે કે ચિંતામણી રતન તેને મળ્યું. નિગોદમાંથી નીકળીને ત્રસ થાય - બે ઈન્દ્રિય ઈયળ થાય - (તો પણ જાણે કે ચિંતામણી રતન મળ્યું) ! આહાહા ! લસણ ને ડુંગળીની એક રાઈની કટકીમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે અને એક ઔદારિક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા છે તેથી અનંતગુણા જીવ (છે). આહાહા ! આવા ભાન વિના જીવ અનંતવાર આમ રખડ્યો છે.

વાસ્તવિક તત્ત્વની મર્યાદા (આમ છે) અને તે મર્યાદા જાણીને પછી દૃષ્ટિ દ્રવ્ય ઉપર કરવી. આહાહા ! આત્માના દ્રવ્ય, ગુણ ને પર્યાયની મર્યાદા તેના પોતાનામાં છે - આમ જાણીને પછી દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર કરવી છે. (કેમ કે) કાયમ રહેનારા તત્ત્વની ઉપર દૃષ્ટિ કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય, આહાહા ! સમજાણું કાંઈ ? પણ આ રીતે મર્યાદા જાણે તો (સમ્યગ્દર્શન થાય).

સમ્યગ્દર્શનની પર્યાય (થાય) પણ તે કાળે... તેનું લક્ષ (દ્રવ્ય ઉપર છે) એટલું. પણ તે કાળે તે પર્યાય ક્રમસર થવાની હતી (તો) થઈ (છે). (હવે) તેનો ગુણ છે - શ્રદ્ધાગુણ છે - તેનો દ્રવ્ય સાથે સહભાવી સાથ છે અને સમકિત (પર્યાય) છે તે ક્રમભાવી પર્યાય છે - ક્રમભાવી વિશેષ છે. (જ્યારે ગુણો) સહભાવી વિશેષ છે. આહાહા ! (અજ્ઞાનીને એમ થાય છે કે આ) કઈ જાતની ભાષા ? આવું છે બાપુ ! આહાહા ! અહીં તો ભાઈ ! સત્ય હોય તો (બેસે). (બાકી) અસત્ય વાત કોઈ રીતે બેસે નહિ.

અરે પ્રભુ ! આ તત્ત્વ તો જુઓ ! આહાહા ! આવું તત્ત્વ (છે). દ્રવ્ય, ગુણ, પર્યાયની એકતા વિનાનું તત્ત્વ - વસ્તુ હોતી નથી. '**બીજી રીતે કહીએ તો, વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય છે.**' (અર્થાત્) દરેક તત્ત્વ, દરેક વસ્તુ - આત્મા, પરમાણુ, આકાશ વગેરે - પર્યાયથી '**ઊપજે છે.**' (એટલે કે) નવી પર્યાયથી - અવસ્થાથી ઊપજે છે, જૂની અવસ્થાની '**વિણસે છે**' અને ધ્રૌવ્યથી તે '**ટકે છે.**' આહાહા ! કેવી સાદી ભાષા અને સાદું તત્ત્વ !

'**આમ તે દ્રવ્ય-ગુણ-પર્યાયમય**' (અહીંયા) 'દ્રવ્ય-ગુણ-પર્યાયવાળી' એમ ન કહ્યું. (પરંતુ) '**દ્રવ્ય-ગુણ-પર્યાયમય અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય હોવાથી...**' બે રીતે વાત લીધીને ? '**તેમાં ક્રિયા (પરિણમન) થયા જ કરે છે.**' તે વસ્તુમાં સમયે-સમયે પરિણમન અને ક્રિયા થયા જ કરે છે. (કેમ કે) પરિણમન અને ક્રિયા વિનાની તે વસ્તુ હોય શકે નહિ. આહાહા ! કહો ! પકડાય છે કે નહિ ? ભાઈ ! ભાષા તો સાદી છે. બાપા ! ધંધા કરતા આ બધી બીજી જાત છે.

અરે પ્રભુ ! તું કોણ છો ? ક્યાં છો ? આહાહા ! ભાઈ ! તારામાં દશા-અવસ્થા થાય એ પરને લઈને થાય છે ? રાગ થાય છે એ કર્મને લઈને છે ? આહાહા ! સમ્યગ્દર્શન થાય છે એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કર્મના અભાવને લઈને થાય છે (તે) બિલકુલ જૂઠ છે. આહાહા ! (કેમ કે) એ પર્યાય છે તે, ગુણનું - દ્રવ્યની સાથે રહેનારો સહભાવી જે શ્રદ્ધાગુણ છે તેનું પરિણમન એટલે કે ક્રિયા (છે) અને સમ્યગ્દર્શનનું પરિણમન - ક્રિયા થતા, તે ક્રિયા - પરિણમન વિનાની તે વસ્તુ હોતી નથી. (અર્થાત્) એ સમ્યગ્દર્શનની પર્યાય વિનાની એ વસ્તુ હોતી નથી. એટલે (તેથી) તે પરિણમનને પરદ્રવ્યે કર્યું કે પરદ્રવ્ય હતું માટે આ ક્રિયા - પરિણમન થયું અને પરદ્રવ્ય નહોતું માટે પરિણમન (નહોતું એમ નથી). પરિણમન તો સદાય (તેને હોય જ છે). કોઈપણ સમયે પરિણમન વિનાનું દ્રવ્ય હોઈ શકે જ નહિ. આહાહા !

આવો સિદ્ધાંત છે ! ઓલું તો ભાઈ ! દયા પાળો ને સામાયિક કરો તે સહેલું હતું ! અરે બાપા ! તને કાંઈ ખબર નથી. (સામાયિકની) એ ભાષા છે તે જડની છે અને તેમાં વિકલ્પ થાય છે તે રાગ છે. અને તું અંદરથી જાણનારો છો તે જુદો છે. આવું છે ભાઈ ! આહાહા ! થાય, રાગ પણ થાય. પણ તે રાગનો - જ્ઞાનસ્વરૂપી આત્માનો જેણે જાણ્યો છે તે રાગનો - જાણનાર રહે છે અને જેણે રાગ અને આત્મા ભિન્ન છે એમ જાણ્યું નથી તે રાગનો અજ્ઞાનપણે કર્તા થાય છે. આહાહા ! છે તો તે પર્યાય પણ તે સમયે રાગરૂપે થવાની અને તે સમયે 'રાગ મારો' એમ મિથ્યાત્વ પણ થવાનું. તે પર્યાય મારી છે - એમ તે માને છે. આહાહા ! છે તો પર્યાય તેની. પણ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ તે રાગની પર્યાય તેની નથી. (પરંતુ) પર્યાયની અપેક્ષાએ (રાગ) તેનામાં છે. દ્રવ્ય, ગુણ, પર્યાયસહિત (વસ્તુ) છે માટે (રાગ તેનો) છે. પણ જ્યાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ - વાસ્તવિક જ્ઞાયકનું સ્વરૂપ છે તેમાં દૃષ્ટિ ગઈ - ત્યારે રાગની પર્યાય તેનામાં છે તેનો તે જાણનાર રહે છે. (અર્થાત્) જાણનારની પર્યાય તેના ક્રમમાં આવી. આહાહા ! જાણનારની પર્યાય ક્રમ(માં આવી છે). ૪૭ શક્તિમાં લીધું છે ને ભાઈ ? ક્રમભાવી ને અક્રમ; - તો ત્યાં ક્રમભાવમાં રાગ નથી. કેમકે સમયસારમાં જે શક્તિનું વર્ણન છે એ દ્રવ્યદૃષ્ટિનું વર્ણન છે.

આહાહા ! કાયમ રહેનારું જે દ્રવ્ય છે તેમાં ગુણની અનંત શક્તિઓ છે. એવા શક્તિવંત આત્માની જેને દૃષ્ટિ થઈ તેને ક્રમમાં નિર્મળપર્યાય જ હોય. તેના ક્રમમાં રાગ આવે (છે) એ તેને નથી. આહાહા ! એક બાજુ અહીં એમ કહ્યું કે જે રાગની પર્યાય ક્રમમાં આવે (છે) તે પર્યાયસહિત દ્રવ્ય હોય (છે) અને બીજી બાજુ સવારમાં એમ આવ્યું હતું કે જ્યાં સમ્યગ્દર્શન થયું - વસ્તુ જે ત્રિકાળી ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ છે તેને જ્યાં પકડ્યો ને જાણ્યો - ત્યાં તેના પરિણામ તો, જે રાગ થાય છે તેને જાણવાના ક્રમ પર્યાય થાય. (અને છતાં તે જાણવાની પર્યાય) રાગને કારણે નથી. અરે ! એને કેટલું ફરવું (પડશે) ! કેટલું બદલવું (પડશે) !

વસ્તુમાં ક્રિયા એટલે પરિણમન (થાય છે). (અર્થાત્) વસ્તુ જે દ્રવ્ય ને ગુણ છે એ કાયમ છે અને પર્યાય એટલે જે ક્રિયા થાય (છે) તે. (તો) તે ક્રિયા વિનાની એટલે કે પરિણમન વિનાની કોઈ વસ્તુ હોય શકે નહિ અને તે પરિણમનમાં પરનું કારણ નથી. કારણકે એ તો પરિણમન ક્રમસર થવાનું હતું તે થયું છે અને તે પરિણમન, ગુણ અને દ્રવ્ય થઈને વસ્તુ કહેવાય છે. તેથી તે પરિણમનની પર્યાય ને બીજું તત્ત્વ બદલાવી શકે - એ બદલેલી પર્યાય તો પોતાથી થઈ છે. (તો) તેને બીજો બદલાવે - એ ત્રણ કાળમાં થાય નહિ. આહાહા ! આ તો ભારે કામ આકરું છે ! આખો દિવસ વેપાર કરે, ધંધા કરે. કપાસના મોટા ધંધામાં ગાડાં ઉતરે, કપાસ લાવે, આહાહા ! અમારા પાલેજમાં તો હજાર-હજાર ગાડાં રોજ આવે. એક-એક ગાડાંના હજાર-હજાર રૂપિયા ઊપજે. તે દિવસોમાં નોટો નહોતી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


રોકડ હતું. એમાં એક દિવસ એવું બન્યું, અમારી દુકાનની જોડે બીજાની દુકાન હતી. એ કાંઈક માલ લેતો હતો અને એની એક હજાર રૂપિયાની કોથળી આમ પડેલી. એમાં એક માણસ કોથળીમાં ઠીંકરાં ભરીને લાવ્યો, પેલાનું ધ્યાન બીજે ગયું ત્યાં રૂપિયાની કોથળી ઉપાડીને, ઠીંકરાંની કોથળી મૂકી દીધી, કોથળી ઊંચી કરીને જોવા જાય તો - એને એમ થયું કે, આ શું ? અંદર જોવે તો ઠીંકરાં. પણ તે પર્યાય તેના ક્ષેત્રાંતર થવાને કાળે થઈ.

શ્રોતા :- અસાવધાની હોય તો થાય.

સમાધાન :- બિલકુલ જૂઠી વાત. ધ્યાન ન રાખ્યું માટે પૈસા ગયા એ વાત જૂઠી છે. તે પૈસાના ગુણો અને તેની પર્યાય - ક્રમે થનારી તે પર્યાય - તેની છે. (તેથી) તે ક્રમે થનારી - પૈસા જવાની પર્યાય પણ તેની ક્રિયાવતી શક્તિથી થઈ છે. (માટે) બીજો લઈ ગયો (છે તે) લઈ શક્યો જ નથી. આ હવે આવી વાતો છે ! દુનિયા તો ગાંડા જ કહે ને ! પાગલ લોકો તો પાગલ જ કહે એવું છે.

આત્માને પાંગળો કરી નાખ્યો. પાંગળો પરને માટે. (બાકી) પોતાને માટે પાવરધો છે. આહાહા ! (કહે છે કે) '**તેમાં ક્રિયા (પરિણમન) થયા જ કરે છે.**' શેમાં ? (કે) વસ્તુમાં - આત્મામાં (અને) પરમાણુમાં. (તેથી) તેને બીજો કોઈ પરિણમાવે (કે તેની) ક્રિયા કરે એમ બનતું નથી. આ લખવાની ક્રિયા આત્મા કરી શકે કે નહીં ? ના. તે કલમને આત્મા હલાવી શકે છે ? ના. એ કલમ હલે છે અને આંગળીએ તેને પકડી છે. તો આંગળી તેને હલાવે છે ? ના.

પ્રશ્ન :- આંગળીએ કલમને પકડી રાખી છે એ વાત તો સાચીને ?

સમાધાન :- (આંગળીએ કલમને) પકડી રાખી છે એ વાત જૂઠી છે. (કેમ કે) એ તો પોતાને કારણે છૂટી જ પડી છે. આહાહા ! ગજબ વાતુ છે. બાપુ ! આ કહ્યું ને ? કે પગ ચાલે છે (તે જમીનને અડતો નથી). આ શરીર જે રહ્યું છે તે પાટને આધારે રહ્યું નથી.

પ્રશ્ન :- ગાદીને આધારે રહ્યું છે ?

સમાધાન :- ગાદીને આધારે (પણ) રહ્યું નથી. એ પરમાણુની પર્યાય પોતાને આધારે ત્યાં રહી છે. આવી વાત (છે). સત્યનું તત્ત્વ તો આવું છે બાપા ! આહાહા ! આ પુસ્તક (ઠવણીને) આધારે રહ્યું નથી. (કેમ કે) એ પુસ્તકના જે એક-એક પરમાણુ છે તેમાં એક આધાર નામનો ગુણ છે. (તેથી) તેની પર્યાયને આધારે તે પરમાણુ રહ્યો છે. આહાહા ! આ પાનું બીજા પાનાને આધારે રહ્યું નથી. કારણકે આ પાનાના જે પરમાણુઓ છે તેમાં, આધાર નામનો ગુણ છે. તેથી, આધાર નામના ગુણની પર્યાયને આધારે તે પરમાણુ ત્યાં રહ્યો છે. આહાહા ! આવી વાત (છે). કોઈ દિ' સાંભળી ન હોય.

અજ્ઞાની માને છે કે (અમે કામ કરીએ છીએ). અરે ! એ તો વિકલ્પ કરે છે કે અમે બહુ હોંશિયાર છીએ માટે પૈસા પેદા થાય છે. દુકાનને થડે નોકરો હોય છે અને હું પાછો ધ્યાન રાખું છું માટે તે વ્યવસ્થિત કામ ચાલે છે. - તે બધી વાતુ મિથ્યા ભ્રમ છે. આહાહા ! એ જડની પર્યાય તો જડને કાળે થવાની છે (તે થશે). અરે પ્રભુ ! હવે આ વાત સાંભળવા પણ મળે નહીં તો બેસે શી રીતે ?

(અજ્ઞાની) તો કહે છે કે કર્મને લઈને વિકાર થાય છે. (અર્થાત્) શુભભાવ થાય છે તે કર્મને લઈને થાય છે અને શુભભાવને લઈને ધર્મ થાય (છે) - શુદ્ધતા થાય (છે). આહાહા ! ગજબ કરો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છો ! પ્રભુ ! તું શું કરે છો આ ? કર્મ છે તેથી અમને અંદર અપરાધ - શુભાશુભભાવ - થાય છે. અને શુભભાવ થાય (તેથી અમને ધર્મ થાય). (એટલે કે) દયા, દાન, વ્રતના પરિણામ થયા તે કર્મને લઈને થયા છે અને પછી જે ભાવો શુભ થયા છે તેને લઈને અંદર ધર્મ થશે - (આમ અજ્ઞાની કહે છે). આહાહા ! ઊંધાઈની પણ ગજબ કરે છે ને ? મહા વિપરીત માન્યતાના પોષણ કરે છે. અરે પ્રભુ ! અત્યારે તને નુકસાન થાય છે. આહાહા ભાઈ ! અને તેનું ફળ પણ ભવિષ્યમાં નુકસાનનું મળશે. આહાહા ! પોતે જાતે નુકસાન કરે છે. 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' આહાહા ! એને ભૂલાવે કોણ ? પોતે પોતાને ભૂલે છે. આહાહા ! અને ભૂલીને રખડે છે. શ્રીમદ્ રાજચંદ્રમાં એક વચન આવે છે કે '(તારે દોષે તને બંધન છે, એ સંતની પહેલી શિક્ષા છે. તારો દોષ એટલો જ કે પરને પોતાનું માનવું અને પોતે પોતાને ભૂલી જવું).'

આહાહા ! તારા પરિણામ તેં કર્યાં છે. અને તે પરિણામમાં ભૂલ પણ તેં કરી છે. ભૂલ તારી છે અને તું તારી ભૂલથી રખડે છો. તારી ભૂલથી તું રખડે છો અને તે ભૂલ તારી કરેલી છે - એમ આચાર્યો કહે છે. આહાહા ! આચાર્યો કહે છે કે તારી ભૂલથી તું રખડ્યો (છો). સમજાય છે ? અને તે ભૂલ તેં કરી છે. કોઈ કર્મે કરાવી છે એમ છે નહિ. આહાહા ! આવું છે ! એક-એક ગાથા અને એક-એક શબ્દ... બાપુ ! આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવની વાણી છે - દિવ્યધ્વનિ (છે). એમાંથી આ પ્રવચનસાર આવેલું છે. આહાહા !

'**માટે પરિણામ વસ્તુનો સ્વભાવ જ છે.**' શું સિદ્ધ કર્યું ? કે દરેક દ્રવ્ય-પરમાણુ કે આત્મા - તેના પરિણામ વિનાનો (અર્થાત્) ક્રિયા વિનાનો હોય નહીં. માટે, તે ક્રિયા - પરિણામ વસ્તુનો સ્વભાવ છે. આહાહા ! પર્યાય તે પ્રગટ છે (અને) તે વસ્તુનો સ્વભાવ છે. તે પ્રગટ પર્યાય વિનાની વસ્તુ હોય શકે નહિ. આહાહા !

પ્રશ્ન :- આવું બધું સમજવાનું શું કામ છે ?

સમાધાન :- જેણે તત્ત્વ સમજવું હોય તો, તેણે સત્ય જેમ છે તેમ સમજવું પડશે. જે રીતે સત્ય છે તે રીતે સમજશે તો સત્યજ્ઞાન સાચું થશે. (અને) જે રીતે છે તેનાથી ઊંધું માનશે તો રખડી મરશે. આહાહા ! નરક ને નિગોદના ભવ બાપા ! આહાહા ! એ નરકમાં અનંતવાર ગયો પ્રભુ ! તેમાં ૩૩-૩૩ સાગરના (આયુષ્યે) અનંતવાર તું અવતર્યો છો. આહાહા ! એકવાર નહિ (પણ) અનંતવાર. ભાઈ ! તું ભૂલી ગયો. (પરંતુ) ભૂલી ગયો એટલે નથી એમ કેમ કહેવાય ? ભાઈ ! જમ્યા પછી છ મહિના - બાર મહિના સુધી શું હતું તેની ખબર છે ? ના. (તો) ભૂલી ગયો હોય એટલે તે કાંઈ નહોતું ? આહાહા ! છ મહિના - બાર મહિના સુધી માતાએ શું કર્યું ? કે નવરાવ્યો-ખવરાવ્યો તે ખબર નથી. ખબર નથી એટલે તે નહોતું એમ કેમ કહેવાય પ્રભુ ? આહાહા ! એમ રખડ્યો છે તેની ખબર નથી એટલે તે નહોતું એમ કેમ કહેવાય ભાઈ ? આહાહા ! એ નરકના દુઃખોનું વર્ણન કરતા પ્રભુ તો એમ કહે છે કે તેના ક્ષણના દુઃખને કરોડ જીભે અને કરોડ ભવે કહીએ તો પણ નહીં કહી શકાય. એટલું દુઃખ પ્રભુ ! તને હતું. એક ક્ષણમાં હો ! એવા એવા તો પલ્યોપમ અને સાગરોપમ (કાળ સુધી) દુઃખ ભોગવ્યાં પ્રભુ ! પણ માળો ભૂલી ગયો. આહાહા ! અહીં કાંઈક આવ્યો અને આ પાંચ-પચીસ લાખ ધૂડ થઈ અને કાંઈક સ્ત્રી સારી મળી સારા છોકરા થયા (ત્યાં ભૂલી ગયો). આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક જણે કહ્યું છે ને કે એકલો હતો ત્યારે બે પગ હતા. ત્યાં સુધી માણસ હતો. (હવે) સ્ત્રી પરણ્યો ત્યારે ચાર પગ થયા. એટલે તે ઢોર થયો અને (હવે) છોકરો થયો ત્યારે છ પગ થયા તો ભમરો થયો. ભમરાને છ પગ હોય છે. (અને) હવે તે છોકરાને પરણાવ્યો ત્યારે આઠ પગ થયા. તો તે કરોળીયો થયો. કરોળિયાને આઠ પગ હોય (છે). (હવે) કરોળિયો થયો એટલે લાળ કાઢીને વીંટાય - આખો દિ' આ કર્યું ને આ કર્યું તેમ કરે. મરી ગયો ! મારી નાખ્યા !

હું કરોળિયો થયો એમ કોઈ માને નહિ. પણ તેના માટે તો આ કહેવાય છે અને માને શેના ? અરે ભાઈ ! તું આત્મા છો ને પ્રભુ ! તને આ મનુષ્યના બે પગ મળ્યા (છે) તો તને માણસ કહીએ. (અને) ઢોરને ચાર પગ હોય છે. તો સ્ત્રી પરણ્યો ત્યારે તને ચાર પગ થયા. તું અર્ધાંગના કહે છો. તો ભગવાન એમ કહે છે કે હવે ચાર પગ થયા તો ઢોર થયો. હવે દુર્ઘટના લાગુ પડી ગઈ. સ્ત્રી પરણ્યો એટલે હવે દુર્ઘટના લાગુ પડી ગઈ કે આને રાજી કરું અને આને આમ કરું. આહાહા ! એ તો એણે આખી દુર્ઘટના વહોરી. આહાહા !

અહીં કહે છે કે પ્રભુ ! તું એક છો ને ! (તો) એકમાં 'શરીર મારું' એવું બેકલાપણું થયું તો બગડ્યું. 'એકડે એક ને બગડે બે.' આહાહા ! અરે પ્રભુ ! તું તો એક જ્ઞાયકસ્વરૂપ છો ને ! (તો) તેમાં રાગ-વિકાર તે મારો છે (એમ માનવું) એ તો બગાડ થયો, મિથ્યાત્વ થયું. આહાહા ! આવી વાત છે. 'બગડે બે' એમ આવે છે ને ? (તો) બેપણું થયું એટલે બગડ્યું. આહાહા !

ઓલામાં 'એકો' જીતે છે ને ? શું કહેવાય તમારો ? (ગંજીપો). ગંજીપામાં એકો જીતે છે. બાદશાહથી પણ એકો ઊંચો (હોય છે). આવે છે ને તેમાં ? બાદશાહ, રાણી, ગુલામ ને એકો - એ ચારમાં એકો ઊંચો છે. એમ દૃષ્ટિમાં એકો નામ એકરૂપ - સ્વરૂપ ભગવાન આત્માને લેતાં, તે એકો જીતશે. પણ તેને જો બેકલાવાળો માનીશ તો વિકલ્પ ઊઠશે. (અને) તું હારી જઈશ બાપા ! આહાહા ! આવું હવે માણસને (સમજવું) !! આ સ્ત્રી-પુત્રને સાચવવા કે આ કરવું ?

અહીં કહે છે કે એક પર્યાયને બીજી પર્યાય કરે છે એમ કહે તે જૂઠા બોલો છે. આહાહા ! એ ૧૦મી ગાથા થઈ. હવે ૧૧ મી ગાથા કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

अथ चारित्रपरिणामसंपर्कसम्भववतोः शुद्धशुभपरिणामयोरुपादानहानाय फलमालोचयति -

**धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपओगजुदो।**
**पावदि णिव्वाणसुहं सुहोवजुत्तो य सग्गसुहं।।११।।**

धर्मेण परिणतात्मा आत्मा यदि शुद्धसंप्रयोगयुतः।
प्राप्नोति निर्वाणसुखं शुभोपयुक्तो च स्वर्गसुखम्।।११।।

यदायमात्मा धर्मपरिणतस्वभावः शुद्धोपयोगपरिणतिमुद्वहति तदा निःप्रत्यनीकशक्तितया स्वकार्यकरणसमर्थचारित्रः साक्षान्मोक्षमवाप्नोति। यदा तु धर्मपरिणतस्वभावोऽपि शुभोपयोगपरिणत्या संगच्छते तदा सप्रत्यनीकशक्तितया स्वकार्यकरणासमर्थः कथंचिद्विरुद्धकार्यकारिचारित्रः शिखितप्तघृतोपसिक्तपुरुषो दाहदुःखमिव स्वर्गसुखबन्धमवाप्नोति। अतः शुद्धोपयोग उपादेयः शुभोपयोगो हेयः।।११।।

---

अथ वीतरागसरागचारित्रसंज्ञयोः शुद्धशुभोपयोगपरिणामयोः संक्षेपेण फलं दर्शयति - **धम्मेण परिणदप्पा अप्पा** धर्म्मेण परिणतात्मा परिणतस्वरूपः सन्नयमात्मा **जदि सुद्धसंपयोगजुदो** यदि चेच्छुद्धोपयोगाभिधानशुद्धसंप्रयोगपरिणामयुतः परिणतो भवति **पावदि णिव्वाणसुहं** तदा निर्वाणसुखं प्राप्नोति। **सुहोवजुत्तो व सग्गसुहं** शुभोपयोगयुतः परिणतः सन् स्वर्गसुखं प्राप्नोति। इतो विस्तरम् - इह धर्मशब्देनाहिंसालक्षणः सागारानगाररूपस्तथोत्तमक्षमादिलक्षणो रत्नत्रयात्मको वा, तथा मोहक्षोभरहित आत्मपरिणामः शुद्धवस्तुस्वभावश्चेति गृह्यते। स एव धर्मः पर्यायन्तरेण चारित्रं भण्यते। `चारित्तं खलु धम्मो' इति वचनात्। तच्च चारित्रमपहृतसंयमोपेक्षासंयमभेदेन सरागवीतरागभेदेन वा शुभोपयोगशुद्धोपयोगभेदेन च द्विधा भवति। तत्र यच्छुद्धसंप्रयोगशब्दवाच्यं शुद्धोपयोगस्वरूपं वीतरागचारित्रं तेन निर्वाणं लभते। निर्विकल्पसमाधिरूपशुद्धोपयोगशक्त्यभावे सति यदा शुभोपयोगरूपसरागचारित्रेण परिणमति तदा पूर्वमनाकुलत्वलक्षणपारमार्थिकसुखविपरीतमाकुलत्वोत्पादकं स्वर्गसुखं लभते। पश्चात् परमसमाधिसामग्रीसद्भावे मोक्षं च लभते इति सूत्रार्थः ।।११।।

---

હવે જેમને ચારિત્રપરિણામ સાથે સંપર્ક (સંબંધ) છે એવા જે શુદ્ધ અને શુભ (બે પ્રકારના) પરિણામો તેમના ગ્રહણ તથા ત્યાગ માટે (- શુદ્ધ પરિણામને ગ્રહવા અને શુભ પરિણામને છોડવા માટે) તેમનું ફળ વિચારે છે :-

**જો ધર્મ પરિણતસ્વરૂપ જીવ શુદ્ધોપયોગી હોય તો**
**તે પામતો નિર્વાણસુખ, ને સ્વર્ગ સુખ શુભયુક્ત જો. ૧૧.**

**અન્વયાર્થ :-** (**धर्मेण परिणतात्मा**) ધર્મે પરિણમેલા સ્વરૂપવાળો (**आत्मा**) આત્મા (**यदि**) જો (**शुद्धसंप्रयोगयुतः**) શુદ્ધ ઉપયોગમાં જોડાયેલો હોય તો (**निर्वाणसुखं**) મોક્ષના સુખને (**प्राप्नोति**) પામે છે (**शुभोपयुक्तः च**) અને જો શુભ ઉપયોગવાળો હોય તો (**स्वर्गसुखं**) સ્વર્ગના સુખને (બંધને) પામે છે.

**ટીકા :-** જ્યારે આ આત્મા ધર્મપરિણત સ્વભાવવાળો વર્તતો થકો શુદ્ધોપયોગપરિણતિને વહન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કરે છે - ટકાવી રાખે છે ત્યારે, જે વિરોધી શક્તિ વિનાનું હોવાને લીધે પોતાનું કાર્ય કરવાને સમર્થ છે એવા ચારિત્રવાળો હોવાથી, (તે) સાક્ષાત્ મોક્ષને પામે છે; અને જ્યારે તે ધર્મપરિણત સ્વભાવવાળો હોવા છતાં શુભોપયોગપરિણતિ સાથે જોડાય છે ત્યારે, જે વિરોધી શક્તિ સહિત હોવાને લીધે સ્વકાર્ય કરવાને અસમર્થ છે અને કથંચિત્ વિરુદ્ધ કાર્ય કરનારું છે એવા ચારિત્રવાળો હોવાથી, જેમ અગ્નિથી ગરમ થયેલું ઘી જેના ઉપર છાંટવામાં આવ્યું હોય તે પુરુષ દાહદુઃખને પામે છે તેમ, સ્વર્ગસુખના બંધને પામે છે. આથી શુદ્ધોપયોગ ઉપાદેય છે અને શુભોપયોગ હેય છે.

**ભાવાર્થ :-** જેમ ઘી સ્વભાવે શીતળતા ઉત્પન્ન કરનારું હોવા છતાં ગરમ ઘીથી દઝાય છે, તેમ ચારિત્ર સ્વભાવે મોક્ષ કરનારું હોવા છતાં સરાગ ચારિત્રથી બંધ થાય છે. જેમ ઠંડું ઘી શીતળતા ઉત્પન્ન કરે છે, તેમ વીતરાગ ચારિત્ર સાક્ષાત્ મોક્ષનું કારણ છે. ૧૧.

---

## (તા. ૧૩-૧-૧૯૭૯ – પ્રવચન નંબર-૭)

પ્રવચનસાર - ૧૧મી ગાથા. **'હવે જેમને ચારિત્રપરિણામ સાથે સંપર્ક (સંબંધ) છે...'** એટલે શું ? કે જેને સમ્યગ્દર્શન અને ચારિત્રના પરિણામ છે તેને હવે શુદ્ધ ઉપયોગ અને શુભ ઉપયોગનો સંબંધ છે તે વાત લે છે. સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રના પરિણામ તો છે. (અર્થાત્) સ્વભાવને આશ્રયે, દર્શન, જ્ઞાન અને ચારિત્રના તેને પરિણામ છે. પણ તે પરિણામની સાથે સંપર્ક નામ સંબંધ છે એવા શુદ્ધ ને શુભ પરિણામો (એટલે કે) ઉપયોગોની (વાત હવે કરે છે). ચારિત્રના પરિણામ - વીતરાગ પરિણામ તો છે. પણ હવે તેને શુદ્ધ ઉપયોગનો સંબંધ હોય (છે) અને શુભનો સંબંધ હોય (છે), (તેમ) બેની વાત કરે છે. સમજાય છે કાંઈ ? **'धम्मेण परिणदप्पा'** - વાત તો અહીંથી ઉપાડી છે (કે), ધર્મથી પરિણત આત્મા. (એટલે કે) ચારિત્રવંત તો છે...

ટીકા :- **'જ્યારે આ આત્મા...'** જ્યારે આ ભગવાન આત્મા - આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ ! **'ધર્મપરિણત સ્વભાવવાળો વર્તતો થકો'** (એટલે કે) તે ચારિત્રના પરિણામસહિત વર્તતો થકો... આહાહા ! એટલે જે ધર્મપરિણત નથી તેને શુદ્ધ ઉપયોગ છે, એમ નથી.

**'ધર્મપરિણત સ્વભાવવાળો વર્તતો થકો...'** આહાહા ! (એટલે કે) જેને આત્માનું સમ્યગ્દર્શન (થયું છે) - આનંદસ્વરૂપ ભગવાન આત્માનું જેને અંતર જ્ઞાન થઈને અનુભવમાં પ્રતીતિ થઈ છે - તે ઉપરાંત સ્વરૂપના ચારિત્રના પરિણામની દશા પ્રગટી છે. આહાહા ! જ્ઞાન અધિકાર છે ને ? (એટલે એમ કહે છે કે) એવા ચારિત્રવાળો **'ધર્મપરિણત સ્વભાવવાળો વર્તતો થકો...'** આહાહા ! શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્માની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા (જેને છે તે) ચારિત્રના પરિણામવાળો છે. તે **'શુદ્ધોપયોગપરિણતિને વહન કરે છે.'** (અર્થાત્) જો તે શુદ્ધોપયોગની પરિણતિમાં આવે છે (તો) પરિણતિ તો ધર્મ-ચારિત્રની છે જ. પણ (હવે) તેને જ્યારે શુદ્ધ ઉપયોગ (આવે છે ત્યારે) પાઠમાં છે ને ? શબ્દ છે કે, **'सुद्धसंपययोगजुदो'**। (તો) **'सुद्धसंपयोगजुदो'** નામ શુદ્ધ ઉપયોગવાળો આહાહા ! વીતરાગી શુદ્ધ ઉપયોગવાળો.

ચારિત્રના પરિણામ - વીતરાગી પરિણતિ - તો છે. પણ તેને (હવે) વિશેષ શુદ્ધ ઉપયોગ (છે તેની વાત કરે છે). (કહે છે કે) વીતરાગી શુદ્ધ ઉપયોગરૂપ પરિણતિવાળો હોય **'ત્યારે, જે વિરોધી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


**શક્તિ વિનાનું હોવાને લીધે**' (અર્થાત્) જે શુદ્ધ ઉપયોગવાળો (છે) તેને વિરોધી જે રાગ છે તેની શક્તિ ત્યાં નથી. આહાહા ! આકરી વાતુ (છે) !

સમ્યગ્દર્શન-જ્ઞાન - હું શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટા છું (એવું) આત્માનું ભાન - (તો) છે. તે ઉપરાંત સ્વરૂપનો આશ્રય લઈને વિશેષ ચારિત્ર પરિણામ જેને પ્રગટ્યા છે તે જીવને જો શુદ્ધ ઉપયોગનો સંબંધ હોય (તો), કહે છે (કે) '**વિરોધી શક્તિ વિનાનું હોવાને લીધે**' તે શુદ્ધ ઉપયોગ '**પોતાનું કાર્ય કરવાને સમર્થ છે.**' (અર્થાત્) મોક્ષનું કાર્ય કરવાને શુદ્ધ ઉપયોગ સમર્થ છે. કેમકે શુદ્ધ ઉપયોગમાં વિરોધી જે રાગ (છે) તેનો અભાવ હોવાથી તે શુદ્ધ ઉપયોગ મોક્ષનું કાર્ય કરવાને સમર્થ છે. આહાહા !

'**એવા ચારિત્રવાળો હોવાથી...**' (એટલે કે) શુદ્ધ સમ્યગ્દર્શન અને શુદ્ધ પરિમતી(મય) ચારિત્રવાળો હોવા છતાં, તે જો શુદ્ધ ઉપયોગની પરિણતિવાળો હોય તો, (તે) તેનાથી વિરુદ્ધ શક્તિ વિનાનો હોવાથી ('**સાક્ષાત્ મોક્ષને પામે છે.**') જેનાથી રાગ આવે છે એ તો બંધનું કારણ છે. (જ્યારે) શુદ્ધ ઉપયોગ વિરોધી શક્તિ વિનાનો છે (અને) એકલા નિર્મળાનંદ પ્રભુ ઉપર ઉપયોગ પડ્યો છે. આહાહા ! એવો હોવાથી '**સાક્ષાત્ મોક્ષને પામે છે.**' સમજાણું કાંઈ ? આહાહા !

શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ આત્માનું જેને સમ્યગ્દર્શન થયું છે (એટલે કે) તેનો આશ્રય લઈને જેને સમ્યક્-સત્યદર્શન (થયું છે). (અર્થાત્) જે ત્રિકાળી જ્ઞાયકભાવ છે તેની જેને પ્રતીતિ થઈને જ્ઞાનમાં જ્ઞેય થયો છે (તેને), તે ઉપરાંત ચારિત્રની વીતરાગ પરિણતિ પણ ઉત્પન્ન થઈ છે. આવા ચારિત્રની પરિણતિવાળો જો શુદ્ધ ઉપયોગના સંબંધમાં આવે તો તે શુદ્ધ ઉપયોગ વિરોધી શક્તિ(રૂપ) બંધના કારણરૂપ રાગથી વિરુદ્ધ છે. આહાહા ! તેથી, તે શુદ્ધ ઉપયોગી જીવ મોક્ષને પામે છે. આહાહા ! આવી વાતુ છે ! જો એ ચારિત્રવંત શુદ્ધ ઉપયોગમાં વર્તતો હોય તો, તે શુદ્ધ ઉપયોગ મોક્ષનું કારણ છે. આહાહા !

(હવે કહે છે કે) '**જ્યારે તે ધર્મપરિણત સ્વભાવવાળો હોવા છતાં...**' જોયું ? આહાહા ! (જેમ) સમ્યગ્દર્શન સ્વને આશ્રયે થયું છે તેમ સ્વને આશ્રયે ત્રણ કષાયના અભાવની વીતરાગ પરિણતિ પણ થઈ છે, એવો '**ધર્મપરિણત સ્વભાવવાળો હોવા છતાં...**' વીતરાગી ચારિત્રની પરિણતિના સ્વભાવવાળો હોવા છતાં, આહાહા ! '**શુભોપયોગ પરિણતિ સાથે જોડાય...**' (એટલે કે) જો તે શુભરાગમાં આવી જાય - જોડાય તો.. (અર્થાત્) વ્રત, તપ, ભક્તિ આદિના પરિણામમાં - શુભોપયોગમાં જોડાય તો, '**ત્યારે જે વિરોધી શક્તિ સહિત હોવાને લીધે...**' જે શુભોપયોગ-શુભરાગ છે તે નિર્વાણના કારણથી વિરુદ્ધ શક્તિવાળું છે, (તેમ કહે છે). આહાહા !

સમ્યગ્દર્શન - અનુભવ છે, સમ્યગ્જ્ઞાન છે અને તે ઉપરાંત ત્રણ કષાયના અભાવ(રૂપ) ધર્મ જે ચારિત્ર છે તેની પરિણતિવાળો (પણ) છે. પણ હવે જો શુદ્ધોપયોગનો અભાવ છે તો તે રાગ બંધ શક્તિનું કારણ છે. (રાગ) એ બંધનું કારણ (એવી) શક્તિ છે. આહાહા ! (તેથી) તેને જો એ પ્રમાદના, પંચ મહાવ્રતના, ૨૫ મૂળગુણના વિકલ્પ આવી જાય તો તે શુભોપયોગવાળો છે (અને) તે રાગ મોક્ષના કારણથી વિપરીત શક્તિવાળો છે. આહાહા ! આવું છે !

(કહે છે કે) '**શુભોપયોગપરિણતિ સાથે જોડાય છે ત્યારે, જે વિરોધી શક્તિ...**' નીચે અર્થ છે 'દાન, પૂજા, પંચ મહાવ્રત, દેવગુરુધર્મ પ્રત્યે રાગ...' જુઓ ! અહીં તો આજે જ આ આવ્યું છે કે, 'પૂજા ને વ્રત છે તેમાં કષાયનો અભાવ છે.' એમ લખ્યું છે. અરે ભગવાન ! શું કરે (છે) ભાઈ ? આહાહા ! 'દાન, પૂજા, પંચ-મહાવ્રત, દેવગુરુધર્મ પ્રત્યે રાગ ઇત્યાદિરૂપ જે શુભોપયોગ છે...' તે શુભ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપયોગ છે, રાગ છે. તે ધર્મ નથી. તે પુણ્યબંધનું કારણ છે. (તથા) 'તે ચારિત્રનો વિરોધી છે.' ચારિત્ર તો વીતરાગીભાવ છે (અને) તેનો આ શુભોપયોગ તે વિરોધી છે. આહાહા ! પંચ મહાવ્રતના - અહિંસા, સત્ય, દાન આદિના - પરિણામ આવે તે પણ રાગ છે. આહાહા ! ભગવાનની પૂજાનો ભાવ આવે એ પણ રાગ છે. (કેમ કે) પરદ્રવ્ય પ્રત્યે વલણ થયું ને ?

સ્વદ્રવ્યના આશ્રયે જેટલો વીતરાગભાવ છે તેટલો તો નિર્મળ છે અને તે ઉપરાંત શુદ્ધોપયોગની પરિણતિ થાય તો તો (તે) મોક્ષનું કારણ છે. આહાહા ! આવો ધર્મપરિણત (સ્વભાવ)વાળો જીવ હોવા છતાં (એટલે કે) તેને એકલો શુભોપયોગ નથી, (પણ) ધર્મપરિણતિ (અર્થાત્) ચારિત્રદશા - અંતર આનંદસ્વરૂપ ભગવાન (આત્મામાં) રમણતા - તો પ્રગટી છે. પણ તેમાં શુદ્ધોપયોગ જેને તે કાળે નથી તે કાળે તેને દયા, દાન, પૂજા આદિનો ભાવ, દેવ-ગુરુના વિનયનો રાગ, (ઇત્યાદિ) શુભોપયોગ ચારિત્રનો વિરોધી છે.

'માટે સરાગ (અર્થાત્ શુભોપયોગવાળું) ચારિત્ર વિરોધી શક્તિસહિત છે અને વીતરાગ ચારિત્ર વિરોધી શક્તિરહિત છે.' આહાહા ! ભારે કામ ! અત્યારે (તો લોકો) પૂજા, ભક્તિ, વ્રત ને તપનો (જે) વિકલ્પ (છે) તેને ધર્મ માને છે અને કાં (તો) તે ધર્મનું સાધન છે એમ માને છે. (જ્યારે) અહીં કહે છે કે જે રાગ છે તે બંધનું સાધન છે. આહાહા ! ધર્મપરિણત જીવ હોવા છતાં (જો) શુદ્ધોપયોગ રહિત (છે તો તેને શુભરાગ હોવાથી બંધન થાય છે). જે શુદ્ધોપયોગ (છે તે) મોક્ષનું કારણ છે (અને) તેનાથી વિરોધ શક્તિવાળો તે શુભરાગ છે. તેથી, તે શુભરાગથી બંધન પડે છે.

આહાહા ! (કહે છે કે) શુભરાગ '**વિરોધી શક્તિ સહિત હોવાને લીધે સ્વકાર્ય કરવાને અસમર્થ છે.**' સ્વકાર્ય એટલે મોક્ષનું કાર્ય કરવાને (તે) અસમર્થ છે. આહાહા ! મુનિને - સાચા સંતને - પણ જો શુભજોગ આવ્યો (તો તે સ્વકાર્ય કરવાને અસમર્થ છે). એકલા વ્રત ને તપ કરીને તેને જે ધર્મ માને (છે એ તો) મિથ્યાદૃષ્ટિ (છે). પણ અહીં તો સમ્યગ્દર્શનમાં શુદ્ધ ચૈતન્યઘન (આત્માના) આનંદનો સ્વાદ (જેને) આવ્યો છે - સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે - તે ઉપરાંત ચારિત્રમાં (પણ જેને) અતીન્દ્રિય આનંદનો વિશેષ સ્વાદ આવ્યો છે, પણ તેને જો શુદ્ધોપયોગની વિશેષ પરિણતિ હોય તો તો મોક્ષ થાય. પણ એવો (ચારિત્ર) પરિણત જીવ પણ જો શુભોપયોગમાં આવી જાય તો તેને પુણ્યબંધ થાય અને સ્વર્ગમાં જાય. (એમ કહે છે). આહાહા ! કહો સમજાણું કાંઈ ? આવો મારગ જીણો (છે) પ્રભુ ! શું થાય ? સત્ય તો આવું છે. (તેમ છતાં લોકો એમ કહે છે કે) 'જિનેન્દ્રના માર્ગથી અજ્ઞાની લોકો, અજ્ઞાનીઓ અત્યારે આમ નવીનતા બતાવીને ધર્મ બતાવે છે.' પ્રભુ ! તને શું થયું, ભાઈ ? આહાહા !

ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપે જ બિરાજમાન છે. આત્મા ને જિનવરમાં, શુદ્ધાત્મા ને જિનવરમાં કાંઈ ફેર નથી. જિનવરને પર્યાય પ્રગટ થઈ છે. જ્યારે આ (આત્મા) એકલો શુદ્ધસ્વભાવ છે, ત્રિકાળી શુદ્ધસ્વભાવ છે. જિનસ્વરૂપ જ પ્રભુ આત્મા છે. દરેકના હોં. આહાહા ! એવા જિનસ્વરૂપી પ્રભુ (આત્માનું) પર્યાયમાં જ્ઞાન થઈને વર્તમાન જ્ઞાનની પરિણતિ તેને પકડે અને તેમાં આત્માનું - જ્ઞાનનું (જે) જાણપણું થયું, તેમાં પ્રતીતિ કરે તેને સમ્યગ્દર્શન કહીએ. આહાહા ! આ તો હજી ધર્મની પહેલી સીઢી-ચોથું ગુણસ્થાન (છે). તે ઉપરાંત જ્યારે સ્વરૂપનો ઘણો ઉગ્ર આશ્રય લે... પૂરો આશ્રય નહીં. (કેમ કે) પૂરો આશ્રય લે તો તો કેવળજ્ઞાન થઈ જાય. પણ ઉગ્ર આશ્રય લે (તો) અંદર ચારિત્ર-વીતરાગદશા (પ્રગટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે). આહાહા ! (એવી) ત્રણ કષાયના અભાવની વીતરાગદશા (હોવા છતાં) ધર્મ પરિણત હોવા છતાં - જો તે શુભજોગમાં જોડાય જાય (અર્થાત્) પૂજા, દાન, વ્રત, ભક્તિ આદિ ભાવમાં (જોડાય જાય તો) એ તો '**વિરોધી શક્તિસહિત હોવાને લીધે સ્વકાર્ય કરવાને અસમર્થ છે.**' (એનું) પોતાનું કાર્ય તો મોક્ષ થવું તે છે. (પણ) તે કાર્ય કરવાને શુભોપયોગ સમર્થ નથી. આહાહા ! કહો, સમજાય છે ? આવું છે. આહાહા !

દુનિયાને (તો) એવું લાગે કે આ એકાંત છે ! (પણ) ભાઈ ! તારું સ્વરૂપ તો એકાંત વીતરાગસ્વરૂપ જ છે. આહાહા ! તે વીતરાગસ્વરૂપનો આશ્રય લેતાં જે કંઈ વીતરાગી સમ્યગ્દર્શન થાય તે તો ચોથું ગુણસ્થાન (છે) અને તે વીતરાગીસ્વરૂપનો ઉગ્ર આશ્રય લઈને વીતરાગી - ત્રણ કષાયના અભાવનું ચારિત્ર - પરિણમન થાય તે વીતરાગીદશા (મુનિદશા) છે. છતાં તે જો શુદ્ધોપયોગમાં વિશેષભાવે જોડાય તો તો તે મોક્ષનું કારણ છે. કેમકે તે વિરોધી શક્તિ વિનાનો ઉપયોગ છે. પણ જો ચારિત્રવંત હોવા છતાં આહાહા ! તે શુભજોગમાં જો જોડાય જાય તો, (તે) મોક્ષના કારણથી વિરુદ્ધ શક્તિવાળું હોવાથી તે પુણ્યને બાંધે (અને) સ્વર્ગમાં જાય (છે). તેને મોક્ષ નહિ થાય. સમજાય છે કાંઈ ?

પાંચ પાંડવોમાંથી ત્રણ મોક્ષ ગયા ને બે રહી ગયા. આ પાલિતાણથી ત્રણ મોક્ષ ગયા છે ને ! હતો તો કેટલો શુભરાગ ! પાંચ પાંડવો સહોદર અને સાધર્મી (હતાં). દુર્યોધનના ભાણેજે લોઢાના દાગીના પહેરાવ્યા અને બધાંને ઉપસર્ગ આવ્યો. આહાહા ! સહદેવ અને નકુળને વિચાર - વિકલ્પ આવ્યો કે અરેરે ! મોટાભાઈને - ધર્મરાજા, ભીમ ને અર્જુનને - શું થતું હશે ? આહાહા ! એટલો વિકલ્પ - શુભરાગ આવ્યો (તો) મોક્ષ અટકી ગયો (અને) સ્વર્ગનું બધન થઈ ગયું, સર્વાર્થસિદ્ધમાં ગયા. બે ભવ વધી ગયા. આહાહા ! તે (પણ) આવો શુભ વિકલ્પ કે સંતો વડિલ બંધુ છે અને વડિલ સાધુ છે. તેઓને આ લોઢાના દાગીના પહેરાવ્યા (તો શું થતું હશે) ? અરેરે ! (ત્યારે) કોઈ જૈન નહીં હોય ? ભાઈ ! જે પ્રસંગ થવાનો હોય તેમાં જૈન શું કરે ? એને ખબરેય ન હોય. આહાહા ! ધગધગતા લોઢાના દાગીના પહેરાવ્યા. (તેમાં) ત્રણ જણાને તો આનંદના ધામમાં - શુદ્ધોપયોગમાં રમતાં (રમતાં) કેવળજ્ઞાન (થયું) અને મોક્ષ પધાર્યા. (પરંતુ) બે જણાને જરી વિકલ્પ આવો (આવ્યો). તે પણ કંઈ પોતા સંબંધી નહિ. (પણ) આ મુનિઓ વડિલ છે અને સાધર્મી છે, તેઓને આટલા બધાં પરિષહ છે (તો) કેમ હશે ? એ શુભરાગ હતો (તો) કેવળજ્ઞાન અટકી ગયું (અને) સર્વાર્થસિદ્ધના સ્વર્ગનો ૩૩ સાગરની સ્થિતિનો બંધ પડી ગયો. આહાહા ! ને ત્યાંથી નીકળીને પછી મનુષ્ય થઈને કેટલાક વરસ પછી કેવળજ્ઞાન થશે ને ? આહાહા ! એટલો રાગનો કણ પણ સ્વર્ગનું કારણ થયો (માટે) મુક્તિના કારણથી વિરુદ્ધ ભાવ થયો. આહાહા !

(શુભભાવ) '**સ્વકાર્ય કરવાને અસમર્થ છે અને કથંચિત્ વિરુદ્ધ કાર્ય કરનારું.**' હોવાથી... (તે) કથંચિત્ વિરુદ્ધ છે, સર્વથા વિરુદ્ધ નથી કારણકે (સાથે) ચારિત્ર છે (જેટલો) શુભોપયોગ છે એટલો વિરુદ્ધ છે. (પણ સાથે) શુદ્ધ પરિણતિ તો છે. (કહે છે કે) '**વિરુદ્ધ કાર્ય કરનારું છે એવા ચારિત્રવાળો હોવાથી...**' છે તો (તે) ચારિત્રવાળો પણ શુભોપયોગમાં આવી ગયો. આહાહા ! આ મુનિઓને કેમ હશે ? - (એવો વિકલ્પ આવ્યો) તે પણ શુભરાગ થઈ ગયો.

આહાહા ! '**જેમ અગ્નિથી ગરમ થયેલું ઘી...**' અગ્નિથી તો દાઝે (પણ) અગ્નિથી ગરમ થયેલું ઘી છાંટે તો પણ દાજે. આહાહા ! '**જેમ અગ્નિથી ગરમ થયેલું ઘી જેના ઉપર છાંટવામાં આવ્યું હોય**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**તે પુરુષ દાહદુઃખને પામે છે તેમ...**' આહાહા ! ચારિત્ર-સાચું ચારિત્ર - સમકિત (સહિત) સાચું છઠ્ઠું (સાતમું) ગુણસ્થાન - આહાહા ! (હોવા છતાં) પણ તેમાં જો તે શુભજોગમાં આવી ગયો તો '**સ્વર્ગસુખના બંધને પામે છે.**' જેમ ઊનાં ઘીથી દઝાય છે તેમ પુણ્યના ભાવથી સ્વર્ગના સુખમાં દઝાય છે. આહાહા ! શાંતિ ત્યાં બળે છે. શુભજોગના - પાંચ મહાવ્રતના પરિણામ એ શુભોપયોગ છે. આહાહા ! ઊનું ઘી જેમ બાળે (છે) તેમ તે શુભોપયોગ પણ એટલી શાંતિને બાળે (છે) અને તેના ફળ તરીકે સ્વર્ગના સુખને - દુઃખને પામશે. સ્વર્ગનું સુખ એટલે દુઃખ. આહાહા ! (એ તો) કલેશ છે. આહાહા ! (માટે) રાગનો કણ પણ નુકસાનકારી છે, (તેમ) કહે છે.

આહાહા ! આ તો વીતરાગભાવ - વીતરાગધર્મ છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથનું આ ફરમાન છે કે પ્રભુ ! તું ચારિત્રવંત હોવા છતાં જો શુદ્ધોપયોગ ન હોય અને (તું) શુભરાગમાં આવી જા (તો) પ્રભુ ! તને દુઃખ થશે. આહાહા ! તે શુભરાગ પોતે વર્તમાન દુઃખ છે. (અર્થાત્) પંચ મહાવ્રતના પરિણામ, પૂજા, દાન, વ્રતના પરિણામ વર્તમાન દુઃખ છે. રાગ છે. અરરર...! અને તેના ફળમાં સ્વર્ગમાં પણ દુઃખ છે. ઈન્દ્રિયોનું સુખ એટલે દુઃખ. આહાહા ! હવે આવી વાત બેસવી કઠણ પડે એટલે (લોકો) પૂજા ને વ્રત અકષાયભાવ છે (અર્થાત્) તેમાં કષાયના અંશનો અભાવ છે, (એમ) કહે છે. આહાહા ! અહીં તો કહે છે કે ચારિત્રવંત પણ જો શુભભાવમાં - પંચ મહાવ્રતના - વિકલ્પમાં - આવી ગયો તો, એ ઊનું ઘી (જેમ) બાળે છે તેમ તે તેની એટલી શાંતિને ત્યાં બાળે છે. આહાહા ! અને (તેના) ફળમાં ત્યાં સ્વર્ગના સુખમાં પણ ક્લેશ છે. આહાહા ! ઈન્દ્રિયોનું સુખ એટલે ક્લેશ. આહાહા ! જે આ રાજા-મહારાજાઓ કે આ કરોડપતિ-અબજોપતિઓ (છે) તે બધા રાગના ક્લેશમાં દુઃખી છે. આહાહા ! સમજાણું કાંઈ ? અબજોપતિ હો (કે) ચક્રવર્તીનું રાજ હો, પણ તેના રાગનો જે ભાવ છે તે તો શાંતિને બાળે છે. અને (તે) રાગભાવ વર્તમાન દુઃખરૂપ છે. એ તો અશુભરાગ છે. પણ અહીં તો ચારિત્રવંતને (જે) શુભરાગ આવ્યો તે પણ દુઃખનું કારણ છે. આહાહા ! દુઃખરૂપ છે ને દુઃખનું (કારણ છે). અરેરે...! (ક્યાંક) શુભોપયોગને શુદ્ધતાનું સાધન (કહે). (પણ) ભાઈ ! એમ નથી. એ તો નિમિત્તનું કથન છે. આહાહા !

(અહીં કહે છે કે) '**સ્વર્ગ-સુખના બંધને પામે છે. આથી શુદ્ધોપયોગ ઉપાદેય છે.**' જોયું ? સમ્યગ્દર્શન સહિત અને ચારિત્ર સહિત (જે) જીવ છે તેને પણ શુદ્ધોપયોગ તે ઉપાદેય છે. આહાહા ! '**અને શુભોપયોગ હેય છે.**' અહીં તો આવી ચોખ્ખી વાત આવી છે. ભાઈ ! શું થાય ?

આહાહા ! પંચ મહાવ્રતના પરિણામ એ શુભરાગ છે, (અને) તે દુઃખ છે માટે હેય છે. આહાહા ! કેમ બેસે ? આ તો સમ્યગ્દ્રષ્ટિ (અને) ચારિત્રવંતની વાત છે. (પણ) હજી જે પુણ્યમાં ધર્મ માને છે - તે પૂજા, દાન, વ્રત ને ઉપવાસના ભાવમાં ધર્મ માને (છે) - એ તો મિથ્યાદ્રષ્ટિ છે. આહાહા ! વીતરાગ પરમાત્માનું આ ફરમાન છે કે પ્રભુ ! તું ચારિત્રવંત હોવા છતાં... સાચા ચારિત્ર(વંત હોવા છતાં, એમ કહે છે). (આ અજ્ઞાની જેટલા) વ્રત-તપ કરે છે એ કાંઈ ચારિત્ર નથી. એ તો મિથ્યાત્વ સહિતનો રાગ છે. પણ અહીં તો સમ્યગ્દ્રષ્ટિ અને ચારિત્રવંતને પણ જો શુભોપયોગ હોય તો, તે તેને દુઃખ અને ક્લેશનું કારણ છે (તેમ કહે છે). આહાહા ! આવું છે.

પ્રભુ ! તું વીતરાગમૂર્તિ છો ને ? તારું સ્વરૂપ જ - જિન (સ્વરૂપ છે). 'ઘટ ઘટ અંતર જિન બસૈ, ઘટ ઘટ અંતર જૈન; મતિ-મદિરાકે પાનસૌં, મતવાલા સમુજૈ ન.' - (નાટક સમયસાર અંતિમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશસ્તિ-૩૧) આહાહા ! 'ઘટ ઘટ અંતર જિન બસૈ' પ્રભુ ! તું અંદર પરમાત્મસ્વરૂપ જ છો. જેવા જિનવર પર્યાયે વીતરાગ છે એવો તારો દ્રવ્યસ્વભાવ (અર્થાત્) તારું સ્વરૂપ વીતરાગ છે. આહાહા ! અરે ! કેમ બેસે ? 'ઘટ ઘટ અંતર જિન વસે' સવારમાં ઘણું આવ્યું હતું. આ આત્મામાં અને વીતરાગમાં કાંઈ ફેર નથી. આત્મા વીતરાગમૂર્તિ જ પ્રભુ છે. તેમાં જેટલા વિકલ્પ ઊઠે છે એ રાગ-બંધનું કારણ છે. આહાહા !

અહીં તો વીતરાગસ્વરૂપ વસ્તુ છે (તેવી) તેની પરિણતિ પણ જ્યારે સ્વભાવને આશ્રયે વીતરાગ થઈ, એવી પરિણતિવાળાને જો શુદ્ધોપયોગ હોય તો તો (તે) નિર્વાણનું કારણ છે. પરંતુ તેને પણ જો શુભરાગ આવ્યો (તો, તે) સ્વર્ગનું કારણ છે, ક્લેશનું કારણ છે, બંધનું કારણ છે. આહાહા ! અરે ! આ કેમ બેસે ? આહાહા ! લોકોને એકાંતલાગે એવું (છે) હો ! કારણકે સમ્યગ્દર્શન વિના એકલા વ્રત, તપ, ભક્તિ ને પૂજા કરી-કરીને તેનાથી ધર્મ થશે તેમ (તેઓ) માને છે. આહાહા ! એ તો મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે. આહાહા !

પરંતુ આ (ચારિત્રવંત) છે એ શુભજોગથી ધર્મ માનતો નથી. (પણ) શુદ્ધોપયોગથી ધર્મ (માને છે). શુદ્ધોપયોગ ભલે ન હોય (તો) પણ, શુદ્ધ પરિણતિ છે તે ધર્મ છે એમ (તે) માને છે. શુભરાગ આવ્યો છે તે ધર્મ છે એમ (તે) માનતો નથી. છતાં પણ, જે શુભરાગ આવે (છે, તે) તેને ક્લેશનું કારણ છે, બંધનું કારણ છે. આહાહા !

(અજ્ઞાની) આવી પ્રતીતિ ક્યાં કરે છે ? (જ્યારે જ્ઞાનીને) હજી રાગ છે. રાગ આવે છે ને ? તે હેય છે એમ આવે છે. માટે, તે દુઃખ છે. (જ્ઞાની પ્રતીતિ કરે છે કે તે હેય છે. છતાં પણ તે છે ને ? અંદર છે ને ? આહાહા ! સાચા સમકિતીને, સાચા સંતને, સાચા ચારિત્રવંતને (પણ) રાગ છે તે બંધનું કારણ છે. (પરંતુ) જેને સમ્યગ્દર્શન જ નથી અને વ્રત, તપ ને ભક્તિમાં જે ધર્મ મનાવે છે એ તો મિથ્યાદૃષ્ટિ જીવ છે, તે જૈન નથી. પણ આ તો જૈન... 'ઘટ ઘટ અંતર જિન બસૈ, ઘટ ઘટ અંતર જૈન' - એ જિનસ્વરૂપની દૃષ્ટિ થઈને જૈનપણું પ્રગટ્યું છે. (અર્થાત્) વીતરાગ સમકિત પ્રગટ્યું છે તે જૈનપણું છે. આહાહા ! પણ 'મતિ-મદિરાકે પાનસૌં' પોતાના મતના દારૂ પીધેલાઓ 'મતવાલા સમુજૈ ન' - મતવાલા અંદર શું તત્ત્વ છે તે સમજતા નથી.

શ્રોતા :- શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે 'પ્રેરે તે પરમાર્થને તે વ્યવહાર સંમત...?'

સમાધાન :- છે એમ, સંમત એટલે છે એમ. (જ્ઞાની વ્યવહાર) છે એમ માને છે. (પણ) છે દુઃખરૂપ. (શું) વ્યવહાર છે નહીં ? (સમયસારની) ૧૨મી ગાથામાં ન આવ્યું ? કે વ્યવહાર છે. આહાહા ! અરેરે...! શું થાય ? અનંતકાળથી રઝળતો, અનંતકાળથી દુઃખી (એવા) તેણે આ અંદર તત્ત્વ શું છે તેની દૃષ્ટિ કરી નથી અને તે દૃષ્ટિ વિના બધાં થોથાં કર્યાં (છે). - વ્રત પાળ્યાં ને ભક્તિઓ કરી ને પૂજા કરી ને લાખો મંદિરો બનાવ્યા ને ગજરથ કાઢ્યા. પણ એ તો અંદર રાગ મંદ હોય તો શુભરાગ છે. (બાકી) તે પરની - જડની ક્રિયા તો કાંઈ કરી શકતો નથી. આહાહા ! તે રાગમાં અજ્ઞાનીએ ધર્મ માન્યો છે.

અહીંયા તો, તે રાગમાં ધર્મ માન્યો નથી. પણ મારું શુદ્ધ સ્વરૂપ છે (અને) તેની જે વીતરાગી પરિણતિ છે તે ધર્મ છે. આ રાગ છે તે ધર્મ નથી - એવું માન્યું છે છતાં, જે રાગ આવ્યો તે દુઃખનું કારણ છે, સ્વર્ગનું કારણ છે (એમ કહે છે). આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન :- અસ્થિરતાનો રાગ આવે એ દુઃખનું કારણ ?

સમાધાન :- હા, અસ્થિરતાનો શુભજોગ છે ને ? પંચ મહાવ્રતનો - અહિંસા, સત્ય, વ્રત્ત, બ્રહ્મચર્ય ને અપરિગ્રહનો - (જે) વિકલ્પ ઊઠ્યો છે તે રાગ છે. આહાહા ! (કેમ કે) પરલક્ષી જે ભાવ થયો છે તે રાગ છે. સ્વરૂપનું ભાન છે, રાગ ધર્મ નથી એમ માન્યું છે, છતાં (જે) રાગની અસ્થિરતા આવી, તે દુઃખનું કારણ છે, બંધનું કારણ છે (અને) તે મોક્ષના કારણથી વિરુદ્ધ કારણ છે. સમજાય એટલું સમજવું બાપુ ! વીતરાગ પરમેશ્વરનો મારગ કોઈ અલૌકિક (છે) ભાઈ !

આહાહા ! ત્રણ લોકના નાથ, પરમેશ્વર શ્રી સીમંધરભગવાન બિરાજે છે - મહા વિદેહમાં પ્રભુ મોજૂદ છે - હાજરાહજૂર ભગવાન છે. આ શ્રી કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા. અને આઠ દિ' રહીને, (પછી) આવીને આ શાસ્ત્ર બનાવ્યું (છે). આહાહા ! ત્રણ લોકના નાથનો સંદેશ આ છે. આહાહા ! મહા વિદેહક્ષેત્રમાં સમવસરણમાં પ્રભુ બિરાજે છે. તે હાજરાહજૂર પ્રભુ છે. ત્યાં શ્રી કુંદકુંદાચાર્ય ગયા હતા (અને) ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. આહાહા ! જીણી વાત છે ભાઈ !

(કહે છે કે) '**શુભોપયોગ હેય છે.**' છે ને (અંદર) ? (જ્ઞાનીને) વ્રતનો વિકલ્પ છે. તે પણ શુભરાગ છે. આહાહા ! તે હેય છે, છોડવાલાયક છે. આદરવાલાયક નથી. આહાહા !

પ્રભુ આત્મા શરીરથી ભિન્ન, કર્મથી ભિન્ન, (અને) રાગથી (પણ) ભિન્ન (છે). તે દયા, દાન ને વ્રતના વિકલ્પથી પણ પ્રભુ તો અંદર ભિન્ન છે. આહાહા ! એવો જે વીતરાગસ્વરૂપ ચિદ્દ્ઘન (આત્મા છે) તેની સન્મુખ થઈને જે દર્શન-જ્ઞાન થાય, તે ઉપરાંત તેની સન્મુખ વિશેષ થઈને (જે) ચારિત્ર થાય તે ચારિત્ર, આહાહા ! મોક્ષનું કારણ ખરું. પણ તે ચારિત્ર સહિત શુદ્ધોપયોગ આવે તો (તે) ચારિત્ર મોક્ષનું કારણ (થાય). આહાહા ! (પરંતુ) એમાં જો શુભરાગ આવે તો તે સ્વર્ગના સુખનુ - બંધનું કારણ છે. સ્વર્ગમાં ત્યાં સુખ ધૂળેય નથી. પૈસાવાળા, અબજોપતિ સુખી નથી (પણ) બિચારા દુઃખી છે. (શાસ્ત્રમાં તો) વરાંકા - ભિખારી કહ્યાં છે. અંતર અનંત આનંદ ને જ્ઞાનની લક્ષ્મી પડી છે તેની તો જેને ભૂખ નથી ને આ પૈસા...પૈસા... આ ધૂળ...ધૂળ, સ્ત્રી-પુત્ર મળે (એમ જે માગે છે) તે મોટા માગણ છે. આવી વાત છે !

અંતર આત્મામાં અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન (અને) અતીન્દ્રિય વીતરાગતા ભરી છે. પ્રભુ ! તારી લક્ષ્મીનો પાર નથી નાથ ! આહાહા ! 'સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધિ દીસૈ ઘટમૈં પ્રગટ સદા' (એમ) આવે છે ને ? 'સ્વાર્થકે સાચે પરમાર્થકે સાચે ચિત્ત, સાચે સાચે બૈન કહૈં સાચે જૈનમતી હૈં.

કાહૂકે વિરુદ્ધિ નાહિ પરજાય - બુદ્ધિ નાહિ,

આતમગવેષી ન ગૃહસ્થ હૈં ન જતી હૈં.

સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધિ દીસૈ ઘટમૈં પ્રગટ સદા' - નાટક સમયસાર (મંગલાચરણ )

રિદ્ધિ (એટલે) આનંદનો નાથ (આત્મા) એ રિદ્ધિ (છે). તેની સિદ્ધિ (એટલે) તે પ્રાપ્ત થાય અને વૃદ્ધિ (એટલે) તેની અંદર વૃદ્ધિ થાય. તે રિદ્ધિ-સિદ્ધિ ને વૃદ્ધિ (છે). (બાકી) આ ધૂળની વૃદ્ધિ ને ધૂળમાં... આહાહા ! જે આ કરોડપતિ છે ને અબજોપતિ છે ને ઉદ્યોગપતિ છે તે બધાં ભિખારા છે.

શ્રોતા :- આટલો બધો નિષેધ કેમ કરો છો ?

સમાધાન :- આહાહા ! ભગવાને અશુભભાવને તો ઝેર કહ્યો છે. (જ્યાં) શુભભાવને ઝેર કહ્યો છે (ત્યાં) અશુભની તો શું વાતો કરવી. પ્રભુ ! આહાહા ! આ શુભરાગ આવે છે તેને ઝેર કહ્યો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. (કેમકે તે) રાગ છે ને ? (જ્યારે) પ્રભુ આત્મા તો વીતરાગમૂર્તિ છે. આહાહા ! તેના (જે) શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર થયા તે પણ વીતરાગ થયા. (તેથી) તેમાં (તેની સાથે) જે શુભરાગ છે તે ઝેર ને દુઃખ છે. આહાહા ! તો પછી આ અબજોપતિ-ધુડપતિ ને તેમાં લક્ષ રાખીને અમે પૈસાવાળા છીએ ને અમે સુખી છીએ (તેમ માનનાર તો દુઃખી જ છે).

શ્રોતા :- તો શું પૈસા નાખી દેવા ?

સમાધાન :- ધૂડેય તેના પૈસા નથી. પૈસા તો માટી-ધૂડ છે. તું તો અરૂપી જીવ છો. (જ્યારે) તે ચીજ તો ધૂડ છે, માટી છે.આ શરીર (પણ) માટી છે, તે પણ તારી નથી. તો પછી તે ચીજ તારી ક્યાંથી આવી ? આહાહા ! આ (શરીર) તો ધૂડ છે. ધૂડ એટલે પુદ્ગલ. આહાહા ! અહીંયા તો શુભરાગને પણ દુઃખનું કારણ - દુઃખરૂપ કહ્યું (છે). અરેરે...! લક્ષ્મી તો દુઃખનું નિમિત્ત છે. આહાહા ! પણ અંદરમાં ભગવાનની ભક્તિનો (જે) શુભભાવ થાય (છે તે દુઃખ છે). આહાહા ! તે આવે. પણ છે તે શુભરાગ દુઃખરૂપ ભાઈ ! આહાહા ! (માટે) તે હેય છે એમ કહ્યું છે. આવું છે પ્રભુ ! આહાહા !

**'આથી શુદ્ધોપયોગ...'** **'આથી'** એમ કહ્યું ને ? (એટલે કે) આ કારણે - શુદ્ધોપયોગ છે તે મોક્ષનું કારણ છે માટે - તે **'શુદ્ધોપયોગ ઉપાદેય છે.'** (અર્થાત્) તે ગ્રહણ કરવા લાયક છે, તે આદરવાલાયક છે. અને **'શુભોપયોગ હેય છે.'** (અર્થાત્) છોડવા લાયક છે (પણ) આદરવાલાયક નથી. આહાહા ! હેય કહો કે બંધનું કારણ કહો. આહાહા ! આવી વાત બેસવી કઠણ પડે.

પ્રશ્ન :- વ્યવહારને હસ્તાવલંબ કહ્યો અને પાછો હેય કહ્યો ?

સમાધાન :- એ તો નિમિત્તથી કહ્યું (છે). છતાં પણ તેનું ફળ સંસાર છે એમ કહ્યું ને ! ત્યાં કહ્યું છે ને ? આહાહા ! નિમિત્તના કથન શાસ્ત્રમાં ઘણા (આવે). પણ તેનું ફળ સંસાર છે. - એમ ૧૧મી ગાથાના (ભાવાર્થમાં) કહ્યું છે. આહાહા ! જગતને બેસવું કઠણ બહુ ! સંપ્રદાયની દૃષ્ટિમાં ફેર બહુ !!

આહાહા ! વ્રત કરો, ઉપવાસ કરો, તપશ્ચર્યા કરો, પૂજા કરો, ભક્તિ કરો, મંદિર બનાવો - તેમાં ધર્મ છે એમ અજ્ઞાની માને છે. આહાહા ! બાપુ ! એ (મંદિર) તું બનાવી શકતો તો નથી. પણ તેમાં કદાચિત્ રાગ મંદ - શુભભાવ થાય તે પણ બંધનું કારણ છે. આહાહા ! અહીં તો ચારિત્રવંતને પણ શુભરાગ છે તે બંધનું કારણ છે, (એમ કહે છે). (તો પછી) અજ્ઞાની (કે) જે હજી શુભથી ધર્મ માને છે તેની તો વાત શું કરવી ?

આહાહા ! પરદેશમાં આવું કાંઈ મળે એવું નથી. અરે ! હિંદુસ્તાનમાં (પણ) આ વાત ફરી ગઈ છે, બાપુ ! આહાહા ! અહીં તો જ્યાં હોય ત્યાં વ્રત કરો, ઉપવાસ કરો, ત્યાગ કરો બહારનો સંયમ - પંચ મહાવ્રત લઈ લો ને આ કરો ને આ કરો (એવી વાતો ચાલે છે). (પરંતુ) એ ક્યાં ધર્મ હતો ભાઈ ! અહીં તો (ગાથામાં તો) ભાઈ ! ધર્મપરિણત જીવની વાત લીધી છે. આહાહા ! જેને સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રના ભાવ થયા છે આહાહા ! (એટલે કે) જેને ભગવાન આત્મા પૂર્ણાનંદ(સ્વરૂપ) જ્ઞાતા-દૃષ્ટા છે તેનું અંદર જ્ઞાન, ભાન, પ્રતિત થઈને સ્વરૂપની રમણતા પણ થઈ છે. આહાહા ! ધર્મ પરિણત (જીવ) લીધો છે ને ? આહાહા ! તે જીવને જો શુદ્ધોપયોગ હોય તો, (તે) મોક્ષનું કારણ છે. કેમ કે શુદ્ધોપયોગ બંધના કારણથી વિરુદ્ધ છે. એટલે કે વિરુદ્ધ શક્તિ વિનાનો છે અને જો એ ચારિત્ર-સ્વરૂપ રમણતા હોવા છતાં એને શુભજોગનું જો જોડાણ થઈ જાય તો તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હેય છે, બંધનું કારણ છે અને સ્વર્ગના દુઃખનું કારણ છે. આહાહા ! સ્વર્ગમાં દુઃખ છે !

શ્રોતા :- નરક કરતા તો ઓછું છે ને ?

સમાધાન :- પુણ્ય-પાપમાં કાંઈ ફેર નથી. તેના ફળમાં કાંઈ ફેર નથી. આહાહા ! એ ૭૭મી ગાથામાં ન કહ્યું ? આમાં - પ્રવચનસારની ૭૭ મી ગાથામાં (એમ કહ્યું છે) કે જે કોઈ શુભ-અશુભભાવ (અર્થાત્) પુણ્ય-પાપ એ બેમાં વિશેષ - તફાવત માને (છે) તે ઘોર સંસારમાં મિથ્યાત્વ સહિત રખડવાનો છે. - એ પ્રવચનસારની ૭૭ ગાથા છે. આ પ્રવચનસાર છે ને ? લ્યો, જુઓ ! ૭૭ ગાથા - બે સાતડા. '**ण हि मण्मदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं**' - પુણ્ય અને પાપમાં કાંઈ ફેર નથી. બેય બંધના કારણ છે. આહાહા ! (આ) ૭૭ (ગાથા) છે. તે જ (વાત) પરમાત્મપ્રકાશના બીજા ભાગની ૫૫ ગાથામાં છે. આહાહા ! (શુભભાવ) એ સોનાની બેડી છે. સોનાની (બેડી) પણ લોઢા કરતાં આકરી ચીકણી ને ભારે હોય (છે). લોઢાની બેડી (તો) હલકી હોય (છે). આકરું કામ ભાઈ ! આહાહા !

અહીં (૭૭મી ગાથામાં) કહ્યું કે પુણ્ય-પાપમાં કાંઈ ફેર નથી એમ જે નથી માનતો તે '**हिंडदि घोरमपारं संसारं**' ઘોર સંસારમાં - નરક ને નિગોદમાં રખડશે. અરરર...! આહાહા ! તે મોક્ષમાર્ગથી વિરુદ્ધ છે ને ? (માટે) તે રખડવાનો સંસારમાર્ગ છે. ઉપાદેય નથી. '**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो**' (એમ) છે ને ? શુભ-અશુભભાવમાં કાંઈ ફેર નથી. (છતાં) જે વિશેષ - ફેર માને છે તે '**हिंडदि घोरमपारं संसारं**' - (ઘોર સંસારમાં રખડશે). (આમ) ભગવાન શ્રી કુંદકુંદાચાર્યનું વચન છે. આહાહા ! દિગંબર સંત વનમાં રહેતા હતાં. ભગવાન પાસે ગયા હતાં અને (ત્યાંથી) આ લાવ્યા છે. આહાહા !

શુભ અને અશુભ ઉપયોગમાં - તે બેમાં શુભ ઠીક (છે) અને અશુભ અઠીક (છે), એમ જે માને છે (અર્થાત્) બેય બંધના કારણ છે (છતાં) તેમાં જે વિશેષ - ફેર માને (છે તે) મિથ્યાદૃષ્ટિ ઘોર સંસારમાં રખડવાના છે. છે કે નહીં ? સામે પાનું છે કે નહીં ? આહાહા ! ગુજરાતી (હરિગીત) કર્યું છે.

'**નહિ માનતો - એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે,**
**તે મોહથી આચ્છન્ન ઘોર અપાર સંસારે ભમે.**' - ૭૭ ગાથા.

મોહથી આચ્છન્ન એટલે મિથ્યાદૃષ્ટિ. ઘોર નરક ને નિગોદમાં તે જવાના છે. આહાહા ! આવી વાતુ બહુ આકરી પડે. (પણ) શું થાય બાપુ ! આહાહા ! મિથ્યાત્વનું દર્દ આકરું છે, બહુ આકરું છે, આહાહા ! '**मोहसंछण्णो**' કહ્યો ને ? (એટલે કે) મોહથી - મિથ્યાત્વથી ઢંકાય ગયેલા જે જીવો પુણ્ય ને પાપમાં ફેર માને (છે તે) ઘોર સંસારમાં રખડશે. આહાહા ! આવી વાત છે. આ બધી સાક્ષી છે કે નહીં ? વકિલો કોર્ટમાં કાયદા તો આપે કે નહિ ? એમ આ ભગવાનના કાયદા છે. આ ત્રણ લોકના નાથના કહેલા કાયદા છે.

શ્રોતા :- પુણ્યને સર્વથા હેય કહેશો તો તેમાં તત્ત્વનો નિર્ણય કોઈ નહિ કરે ?

સમાધાન :- તત્ત્વનો નિર્ણય કરે તેમાં વિકલ્પની જરૂર નથી. આહાહા ! તત્ત્વ નવ છે ને ? તો દયા, દાન, વ્રત, ભક્તિ એ પુણ્ય પરિણામ (છે). હિંસા, જૂઠું, ચોરી, વિષય(સેવન) રળવાનો ભાવ એ પાપ (છે). તો તે પુણ્ય-પાપ તત્ત્વ ભિન્ન છે ને જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે - જીવ તત્ત્વ ભિન્ન છે. નવ કહ્યા છે ને ? આહાહા ! એ નવ તત્ત્વનો નિર્ણય કરશે ત્યાં જ આ આવશે કે પુણ્યને પાપનું જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તત્ત્વ છે તે આ જ્ઞાયક જીવ તત્ત્વમાં નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

અજ્ઞાની એમ કહે છે કે પૂજા ને વ્રતમાં બંધ માનનારાઓ જિનેન્દ્ર માર્ગના અજાણ છે. અરે પ્રભુ ! શું કરે છો ભાઈ ? આહાહા ! જેને જેમ બેઠી હોય એ એમ કહે. 'જામે જીતની બુદ્ધિ ઇતનો દિયો બતાય; વાંકો બુરો ન માનીએ...' એમાં દ્વેષ ન કરીએ પ્રભુ ! આહાહા ! 'ઔર કહાંસે લાય.' શું થાય ? આહાહા !

બહુ ગાથા સરસ છે. (પણ) પાઠમાં જ છે ને ? જુઓ ને ? **'जदि सुद्धसंपयोगजुदो पावदि णिव्वाणसुहं सुहोवजुत्तो व सग्गसुहं'** (જો) શુભના જોડાણમાં આવે તો સ્વર્ગસુખ (પામે). - આ લોકની અપેક્ષાએ વાત (છે). (સ્વર્ગસુખ) એટલે સ્વર્ગની ગતિ મળે એમ. અને (જો) શુદ્ધોપયોગમાં આવી જાય તો તેને મોક્ષ મળે. આહાહા ! એક ગાથા પણ બરાબર સમજે તો.. (બધી વાતનો ફેંસલો થઈ જાય). (અને તે વિના) એમ ને એમ વાંચી જાય કે ભણી જાય (તો કાંઈ હાથ ન આવે). આહાહા ! બાપુ ! આ તો ત્રણ લોકના નાથના પંચમ આરામાં વિરહ પડ્યા. આહાહા ! ભગવાન ત્યાં (મહાવિદેહમાં) બિરાજે અને વસ્તુ અહીં રહી ગઈ. આહાહા ! આ ખોટું ને આ સાચું છે એ કહેનારા કોઈ રહ્યાં નહીં. આહાહા !

ઋષભદેવ ભગવાનના સમયમાં ૪૦૦૦ (રાજાઓ) સાધુ થયા. તેઓ નગ્ન વેષ રાખીને બીજું કાંઈ કરવા મંડ્યા. (ત્યારે) સ્વર્ગના દેવે આવી ને (કહ્યું કે) 'આ વેષ છોડી દ્યો. નહીંતર દંડ આપશું. નગ્નપણું છોડી દ્યો. પછી તમે ગમે તે કરો. પણ નગ્નપણું રાખીને તમે ઊંધી પ્રરૂપણા કરશો - આવું કરશો - તો નહિ ચાલે.' આહાહા ! (ત્યારે) એવો કાળ હતો. અત્યારે તો ક્યાં ? દેવ દેવ (સ્વર્ગ)માં રહ્યાં. (અને) ભગવાન, ભગવાન પાસે રહ્યાં. આહાહા !

(અહીં કહે છે કે) શુદ્ધોપયોગ - આ કારણે શુદ્ધોપયોગ - ઉપાદેય છે. ક્યાં કારણે ? કે સમ્યગ્દર્શન-ચારિત્રના પરિણામવાળાને પણ જો શુદ્ધોપયોગ હોય તો, (તે) મોક્ષનું કારણ છે અને તે દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ હોવા છતાં જો તેને શુભોપયોગનું જોડાણ થાય તો, તે સ્વર્ગના બંધનું કારણ થાય (છે). આ કારણે શુદ્ધોપયોગ તે ઉપાદેય છે. છેલ્લો શબ્દ છે. છે ને ? (અને) શુભોપયોગ હેય છે.

ભાવાર્થ :- **'જેમ ઘી સ્વભાવે શીતળતા ઉત્પન્ન કરનારું હોવા છતાં'** - ઘી સ્વભાવે તો ઠંડુ છે. પણ **'ગરમ ઘી થી દઝાય છે.'** ઊનું ઘી થાય તો દઝાય છે. આહાહા ! **'તેમ ચારિત્ર સ્વભાવે મોક્ષ કરનારું હોવા છતાં'** - ચારિત્ર સ્વભાવે મોક્ષ કરનારું હોવા છતાં **'સરાગ ચારિત્રથી બંધ થાય છે.'** પણ જો તે ચારિત્ર શુભરાગવાળું હોય તો બંધ થાય છે. (અને) **'જેમ ઠંડું ઘી શીતળતા ઉત્પન્ન કરે છે, તેમ વીતરાગ ચારિત્ર સાક્ષાત્ મોક્ષનું કારણ છે.'** આહાહા ! તેની (પહેલા) ઓળખાણ તો કરે, પ્રભુ ! શ્રદ્ધા તો કરે. ઓળખાણ તો કરે કે મારગ આ છે. ભાઈ ! સમજાણું કાંઈ ? એ ૧૧ ગાથા થઈ.

**'હવે ચારિત્રપરિણામ સાથે સંપર્ક વિનાનો હોવાથી જે અત્યંત હેય છે.'** જોયું ? અશુભોપયોગ અત્યંત હેય છે (તેમ કહ્યું). હિંસા, જૂઠું, ચોરી, રાગાદિનો જે અશુભોપયોગ (છે) એ તો ચારિત્રપરિણામ સાથે સંપર્ક-સંબંધ વિનાનો છે. (એટલે કે) જેને સમ્યગ્દર્શન સહિત ચારિત્ર છે તેને અશુભભાવ હોય નહિ. તેને શુભ(ભાવ) હોય તો બંધ થાય અને સ્વર્ગમાં જાય. પણ તેને અશુભ(ભાવનો) સંબંધ (તો) હોય જ નહિ. આહાહા ! જે મુનિ - સાચા સંત છે (અને) જેમને પ્રચુર સ્વસંવેદન પ્રગટ્યું છે આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ चारित्रपरिणामसंपर्कासंभवादत्यन्तहेयस्याशुभपरिणामस्य फलमालोचयति -

**असुहोदएण आदा कुणरो तिरियो भवीय णेरइयो।**
**दुक्खसहस्सेहिं सदा अभिद्दुदो भमदि अच्चंतं।।१२।।**
**अशुभोदयेनात्मा कुनरस्तिर्यग्भूत्वा नैरयिकः।**
**दुःखसहस्रैः सदा अभिद्रुतो भ्रमत्यत्यन्तम्।।१२।।**

यदायमात्मा मनागपि धर्मपरिणतिमनासादयन्नशुभोपयोगपरिणतिमालम्बते तदा कुमनुष्यतिर्यङ्नारकभ्रमणरूपं दुःखसहस्रबन्धमनुभवति। ततश्चारित्रलवस्याप्यभावादत्यन्तहेय एवायमशुभोपयोग इति। ।१२।।

---

अथ चारित्रपरिणामासंभवादत्यन्तहेयस्याशुभोपयोगस्य फलं दर्शयति - **असुहोदयेण** अशुभोदयेन **आदा** आत्मा **कुणरो तिरियो भवीय णेरइयो** कुनरस्तिर्यङ्नारको भूत्वा। किं करोति। **दुक्खसहस्सेहिं सदा अभिद्दुदो भमदि अच्चंतं** दुःखसहस्रैः सदा सर्वकालमभिद्रुतः कदर्थितः पीडितः सन् संसारे अत्यन्तं भ्रमतीति। तथाहि - निर्विकारशुद्धात्मतत्त्वरुचिरूपनिश्चियसम्यक्त्वस्य तत्रैव शुद्धात्मन्यविक्षिप्तचित्तवृत्तिरूपनिश्चयचारित्रस्य च विलक्षणेन विपरीताभिनिवेशजनकेनदृष्टश्रुतानुभूतपञ्चेन्द्रियविषयाभिलाषतीव्रसंक्लेशरूपेण चाशुभोपयोगेन यदुपार्जितं पापकर्म तदुदयेनायमात्मा सहजशुद्धात्मानन्दैकलक्षणपारमार्थिकसुखविपरीतेन दुःखेन दुःखितः सन् स्वस्वभावभावनाच्युतो भूत्वा संसारेऽत्यन्तं भ्रमतीति तात्पर्यार्थः। एवमुपयोगत्रयफलकथनरूपेण चतुर्थस्थले गाथाद्वयं गतम् ।।१२।।

---

હવે ચારિત્રપરિણામ સાથે સંપર્ક વિનાનો હોવાથી જે અત્યંત હેય છે એવા અશુભ પરિણામનું ફળ વિચારે છે :-

**અશુભોદયે આત્મા કુનર, તિર્યંચ ને નારકપણે**
**નિત્યે સહસ્ર દુઃખે પીડિત, સંસારમાં અતિ અતિ ભમે. ૧૨.**

**અન્વયાર્થ :-** (**अशुभोदयेन**) અશુભ ઉદયથી (**आत्मा**) આત્મા (**कुनरः**) કુમનુષ્ય (હલકો મનુષ્ય), (**तिर्यग्**) તિર્યંચ (**नैरयिकः**) અને નારક (**भूत्वा**) થઈને (**दुःखसहस्रैः**) હજારો દુઃખોથી (**सदा अभिद्रुतः**) સદા પીડિત થતો (**अत्यंतं भ्रमति**) (સંસારમાં) અત્યંત ભમે છે.

ટીકા :- જ્યારે આ આત્મા જરા પણ ધર્મપરિણતિને નહિ પ્રાપ્ત કરતો થકો અશુભોપયોગપરિણતિને અવલંબે છે, ત્યારે તે કુમનુષ્યપણે, તિર્યંચપણે અને નારકપણે પરિભ્રમણરૂપ હજારો દુઃખોના બંધને અનુભવે છે; તેથી ચારિત્રના લેશમાત્રનો પણ અભાવ હોવાથી આ અશુભોપયોગ અત્યંત હેય જ છે. ૧૨.

આ રીતે (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) સમસ્ત શુભાશુભોપયોગવૃત્તિને (શુભઉપયોગરૂપ અને અશુભ

---

(અર્થાત્) સ્વસંવેદન - આનંદનું વેદન ચોથા, પાંચમા ગુણસ્થાન કરતાં પણ (જેમને) વિશેષ - પ્રચુર પ્રગટ્યું છે (એટલે કે) અતીન્દ્રિય આનંદનો સ્વાદ વિશેષ છે, એવા ભાવલિંગી સાધુને જો શુદ્ધોપયોગનો સંબંધ હોય તો તો (તે) મુક્તિ પામે. (પરંતુ જો) શુભજોગનો (સંબંધ) હોય તો સ્વર્ગ પામે પણ તેમને અશુભજોગનો સંબંધ તો હોય જ નહિ, એમ કહે છે. આહાહા ! આમ શાસ્ત્રમાં આવે છે કે છટ્ઠે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણસ્થાને આર્ત-ધ્યાન હોય છે. છતાં તેને અહીં ગણ્યું નથી. ગૌણપણે (તેને) અશુભભાવ હોય નહીં, એમ જ કહ્યું છે. સમજાણું કાંઈ ?

(અશુભભાવ) **'ચારિત્રપરિણામ સાથે સંપર્ક વિનાનો હોવાથી અત્યંત હેય છે.'** શુભ(ભાવ) તો હેય છે. (પણ) અશુભોપયોગ તો અત્યંત હેય છે. આહાહા ! મુનિ થઈને પૈસા ઉઘરાવે (કે) પૈસાના ખરડાં કરાવે (તો) તે બધો અશુભોપયોગ અત્યંત હેય (છે). તે મુનિ જ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? **'ચારિત્રપરિણામ સાથે...'** એટલે કે ધર્મપરિણત તો છે. તેની સાથે શુભ(ભાવ) અને શુદ્ધ(ભાવને) મેળવ્યા. (પણ) હવે અહીં અશુભભાવ તો તેને હોય જ નહિ (તેમ કહે છે). **'જે અત્યંત હેય છે એવા અશુભ પરિણામનું ફળ વિચારે છે.'** -

ટીકા :- **'જ્યારે આ આત્મા જરાપણ ધર્મપરિણતિને નહિ પ્રાપ્ત કરતો...'** જોયું ? (૧૧મી ગાથામાં) ધર્મપરિણતિ સહિતની વાત હતી. (જ્યારે અહીં) ધર્મપરિણત હોય તેને અશુભભાવ હોય નહિ, (તેમ કહે છે). **'જ્યારે આ આત્મા જરા પણ...'** જરાપણ **'ધર્મપરિણતિને નહિ પ્રાપ્ત કરતો થકો અશુભોપયોગપરિણતિને અવલંબે છે.'** આહાહા ! (એટલે કે) અશુભભાવમાં એ જો જોડાય છે (અર્થાત્) ધર્મપરિણત તો નથી. સમજાણું ? (અને) અશુભને જો અવલંબે છે આહાહા ! તો, **'ત્યારે તે કુમનુષ્યપણે'** જશે. કુમનુષ્યપણે અવતરશે. આહાહા ! હલકા મનુષ્યપણામાં - નિર્ધનપણામાં ને એવા કુમનુષ્યમાં દુઃખી થઈને અવતરશે. આહાહા ! **'તિર્યંચપણે'** - (અર્થાત્) પશુ થશે. અશુભ પરિણામવાળો (અને) ધર્મ પરિણતિ વિનાનો મરીને તિર્યંચ - પશુ થશે.

આહાહા ! જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી અને એકલાં અશુભભાવ - આખો દિ' ધંધાના અશુભભાવ અને સ્ત્રી-પુત્રને સાચવવાના એકલા અશુભભાવ (છે) - આહાહા ! તે મરીને, કહે છે કે કાં કુમનુષ્ય (થશે) અને કાં પશુ થશે. આહાહા ! આકરું કામ ! અહીં અબજોપતિ કહેવાય (ને) ઉદ્યોગપતિ કહેવાય. પણ જો એકલા અશુભ પરિણામ છે, શુદ્ધ ધર્મ તો નથી પણ શુભ ઉપયોગ પણ નથી - તો, આહાહા ! સત્ સમાગમમાં બે-ચાર કલાક ગાળવા કે બે-ચાર કલાક શાસ્ત્રો વાંચવા એવો શુભભાવ પણ નથી અને આહાહા ! આખો દિ' દુકાનના થડે બેસીને ધંધાના એકલા પાપ (કરે છે કે) આ કર્યું ને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. (તો) તે અશુભ ઉપયોગવાળો **'કુમનુષ્યપણે, તિર્યંચપણે અને નારકપણે પરિભ્રમણરૂપ હજારો દુઃખોના બંધને અનુભવે છે.'** આહાહા ! એ હજારો એટલે અનંત દુઃખો. **'તેથી ચારિત્રના લેશમાત્રનો પણ અભાવ હોવાથી આ અશુભોપયોગ અત્યંત હેય જ છે.'** આહાહા ! વિશેષ કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



एवमयमपास्तसमस्तशुभाशुभोपयोगवृत्तिः शुद्धोपयोगवृत्तिमात्मसात्कुर्वाणः शुद्धोपयोगाधिकारमारभते। तत्र शुद्धोपयोगफलमात्मनः प्रोत्साहनार्थमभिष्टौति -

**अइसयमादसमुत्थं विसयातीदं अणोवममणंतं।**
**अव्वुच्छिण्णं च सुहं सुद्धुवओगप्पसिद्धाणं।।१३।।**

**अतिशयमात्मसमुत्थं विषयातीतमनौपम्यमनन्तम्।**
**अव्युच्छिन्नं च सुखं शुद्धोपयोगप्रसिद्धानाम्।।१३।।**

आसंसारापूर्वपरमाद्भुताह्लादरूपत्वादात्मानमेवाश्रित्य प्रवृत्तत्वात्पराश्रयनिरपेक्षत्वादत्यन्तविलक्षणत्वात्समस्तायतिनिरपायित्वान्नैरन्तर्यप्रवर्तमानत्वाच्चातिशयवदात्मसमुत्थं विषयातीतमनौपम्यमनन्तमव्युच्छिन्नं च शुद्धोपयोगनिष्पन्नानां सुखमतस्तत्सर्वथा प्रार्थनीयम्।।१३।।

---

अथ शुभाशुभोपयोगद्वयं निश्चयनयेन हेयं ज्ञात्वा शुद्धोपयोगाधिकारं प्रारभमाणः, शुद्धात्मभावनामात्मसात्कुर्वाणः सन् जीवस्य प्रोत्साहनार्थं शुद्धोपयोगफलं प्रकाशयति। अथवा द्वितीयपातनिका- यद्यपि शुद्धोपयोगफलमग्रे ज्ञानं सुखं च संक्षेपेण विस्तरेण च कथयति तथाप्यत्रापि पीठिकायां सूचनां करोति। अथवा तृतीयपातनिका - पूर्वं शुद्धोपयोगफलं निर्वाणं भणितमिदानीं पुनर्निर्वाणस्यफलमनन्तसुखं कथयतीति पातनिकात्रयस्यार्थं मनसि धृत्वा सूत्रमिदं प्रतिपादयति - **अइसयं** आसंसाराद्देवेन्द्रादिसुखेभ्योऽप्यपूर्वाद्भुतपरमाह्लादरूपत्वादतिशयस्वरूपं, **आदसमुत्थं** रागादिविकल्परहितस्वशुद्धात्मसंवित्तिसमुत्पन्नत्वादात्मसमुत्थं, **विसयातीदं** निर्विषयपरमात्मतत्त्वप्रतिपक्षभूतपञ्चेन्द्रियविषयातीतत्वाद्विषयातीतं, **अणोवमं** निरुपमपरमानन्दैकलक्षणत्वेनोपमारहितत्वादनुपमं, **अणंतं** अनन्तागामिकाले विनाशाभावादप्रमितत्वाद्वाऽनन्तं, **अव्वुच्छिण्णं च** असातोदयाभावान्निरन्तरत्वादविच्छिन्नं च **सुहं** एवमुक्तविशेषणविशिष्टं सुखं भवति। केषाम्। **सुद्धुवओगप्पसिद्धाणं** वीतरागपरमसामायिकशब्दवाच्यशुद्धोपयोगेन प्रसिद्धा उत्पन्ना येऽर्हत्सिद्धास्तेषामिति। अत्रेदमेव सुखमुपादेयत्वेन निरन्तरं भावनीयमिति भावार्थः ।।१३।।

---

ઉપયોગરૂપ પરિણતિને) અપાસ્ત કરીને (-તિરસ્કારીને) શુદ્ધોપયોગવૃત્તિને આત્મસાત્ (આત્મરૂપ, પોતારૂપ) કરતા થકા શુદ્ધોપયોગ-અધિકાર શરૂ કરે છે. તેમાં (પ્રથમ) શુદ્ધોપયોગના ફળને આત્માના પ્રોત્સાહન માટે પ્રશંસે છે :-

**અત્યંત, આત્મોત્પન્ન, વિષયાતીત, અનુપ, અનંત ને**
**વિચ્છેદહીન છે સુખ અહો ! શુદ્ધોપયોગપ્રસિદ્ધને. ૧૩.**

**અન્વયાર્થ :-** (**शुद्धोपयोगप्रसिद्धानां**) શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા આત્માઓનું (કેવળીભગવંતોનું અને સિદ્ધભગવંતોનું) (**सुखं**) સુખ (**अतिशयं**) અતિશય, (**आत्मसमुत्थं**) આત્મોત્પન્ન, (**विषयातीतं**) વિષયાતીત (અતીન્દ્રિય), (**अनौपम्यं**) અનુપમ (ઉપમા વિનાનું), (**अनंतं**) અનંત (**अव्युच्छिन्नं च**) અને અવિચ્છિન્ન (અતૂટક) છે.

**ટીકા :-** (૧) અનાદિ સંસારથી જે આહ્લાદ પૂર્વે કદી અનુભવાયો નથી એવા અપૂર્વ, પરમ અદ્ભુત આહ્લાદરૂપ હોવાથી 'અતિશય', (૨) આત્માને જ આશ્રય કરીને (સ્વાશ્રિત) પ્રવર્તતું હોવાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'આત્મોત્પન્ન', (૩) પરાશ્રયથી નિરપેક્ષ હોવાથી (- સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દના તથા સંકલ્પ-વિકલ્પના આશ્રયની અપેક્ષા વિનાનું હોવાથી) 'વિષયાતીત', (૪) અત્યંત વિલક્ષણ હોવાથી (અર્થાત્ બીજાં સુખોથી તદ્દન ભિન્ન લક્ષણવાળું હોવાથી) 'અનુપમ', (૫) સમસ્ત આગામી કાળમાં કદી નાશ નહિ પામતું હોવાથી 'અનંત', અને (૬) અંતર પડ્યા વિના પ્રવર્તતું હોવાથી 'અવિચ્છિન' - આવું શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા આત્માઓનું સુખ છે માટે તે (સુખ) સર્વથા પ્રાર્થનીય છે (અર્થાત્ સર્વ પ્રકારે ઇચ્છવાયોગ્ય છે). ૧૩.

---

## (તા. ૧૪-૧-૧૯૭૯ – પ્રવચન નંબર-૮)

પ્રવચનસાર - ૧૨મી ગાથા પૂરી થઈ. (હવે) ૧૩મી (લઈએ). (ગાથાની ઉપર) બે લીટી છે ને ? '**આ રીતે આ (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) સમસ્ત શુભાશુભોપયોગવૃત્તિને (શુભ ઉપયોગરૂપ અને અશુભ ઉપયોગરૂપ પરિમતિને)...**' હિંસા, જૂઠું, ચોરી, વિષય-ભોગવાસના, કામ, ક્રોધના પરિણામ એ અશુભ છે, એ તો અત્યંત હેય છે. હેય એટલે ? (કે) તિરસ્કાર કરવા લાયક (છે). (અર્થાત્) અશુભ પરિણામ તરછોડવું, હેય ગણવું, દૂર કરવું, છોડી દેવું અને શુભ પરિણામ છે તે (પણ) હેય છે. કેમકે એ રાગ છે, દુઃખરૂપ છે. આહાહા ! વ્રત, દયા, શીલ, સંયમ અને તપનો જે વિકલ્પ રાગ છે એ શુભોપયોગ છે. (અને) તે હેય છે. ધર્મીને એ આદરણીય નથી. (માટે) જેણે ધર્મ કરવો છે (હોય) તેણે, પહેલા શુભ અને અશુભ ઉપયોગ હેય કરીને ત્રિકાળી જ્ઞાયકસ્વભાવની - શુદ્ધ ચૈતન્ય, અતીન્દ્રિય આનંદની સત્તાનું (જે) હયાતી તત્ત્વ (છે) તેની - પહેલા દૃષ્ટિ અને અનુભવ કરવા. શુભ છોડીને અશુભમાં જવું એમ નહીં. (પણ) શુભની અને અશુભની રુચિ છોડવી. (અને) રુચિ છોડીને ત્રિકાળી આનંદસ્વરૂપ ભગવાન આત્મા ! - જેમાં તે શુભાશુભ રાગ છે નહીં એવા આત્માની દૃષ્ટિ, પ્રતીતિ અને જ્ઞાન કરવા અને પછી શુભાશુભ ઉપયોગ તો રહેશે. પણ પછી, (તે) શુભાશુભ ઉપયોગને પણ છોડીને શુદ્ધોપયોગમાં આવવું.

શુદ્ધચૈતન્યસ્વરૂપનું એટલે કે વીતરાગસ્વરૂપનું પરિણામ એ શુદ્ધોપયોગ (છે). આહાહા ! તે શુદ્ધોપયોગની પ્રશંસા કરવી. (કેમકે) તે શુદ્ધોપયોગનું ફળ મુક્તિ છે. જ્યારે શુભાશુભપરિણામનું ફળ બંધન છે. શુભપરિણામનું ફળ સ્વર્ગાદિ છે. આ શેઠિયાઓને પૈસા-ધૂળ મળે એ બધા શુભના ફળ (છે) અને અશુભના ફળ, કુમનુષ્ય, તિર્યંચ અને નરકમાં જવું એ છે. એથી, તે બે ઉપયોગને છોડી દઈને શુદ્ધ ચૈતન્ય આત્માનો (કે) જેનું હોવાપણું અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે (તેનો, અનુભવ કરવો). અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ (આત્માની) સન્મુખ થઈને પ્રથમ દૃષ્ટિ ને અનુભવ કરવો. પછી શુભોપયોગને (પણ) છોડીને... અશુભોપયોગ તો અત્યંત હેય છે જ. (પણ) પછી શુભનું પણ લક્ષ છોડીને શુદ્ધ સ્વરૂપમાં - શુદ્ધ ચૈતન્યઘનમાં (ઠરવું). આકરી વાતો બહુ બાપુ !

આહાહા ! તે પરમાનંદમૂર્તિ પ્રભુ (આત્માને) પ્રતિતમાં તો લીધો છે અને પર્યાયના જ્ઞાનમાં તેને જ્ઞેય પણ બનાવ્યો છે. (પરંતુ) પછી શુભને છોડીને અંતરમાં શુદ્ધોપયોગ કરવો. (કે) જેમાં રાગનો કણ નથી. આહાહા ! એવા શુદ્ધોપયોગને... છે (અંદર) ? કે '**કુંદકુંદાચાર્યદેવ સમસ્ત શુભાશુભોપયોગવૃત્તિને...**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વૃત્તિ એટલે પરિણતિ. તેને છોડી દઈને (અર્થાત્) '**અપાસ્ત કરીને....**' આહાહા ! અપાસ્ત (કરીને એટલે) કે શુભાશુભનો તિરસ્કાર કરીને આહાહા ! શુભાશુભોપયોગ (કે) જે આત્માનો તિરસ્કાર કરનાર છે, (તેનો તિરસ્કાર કરીને).

આહાહા ! આવી વાતુ છે. માણસને જીણી પડે (એવી છે). (એ તો) બહારમાં - આખો દિ' પ્રવૃત્તિ ને પ્રવૃત્તિમાં (પડ્યો છે) અને તેમાંથી નવરો થાય તો આ દયા, વ્રત, સામાયિક, પ્રતિક્રમણ ને પૌષધ (કરે છે). પણ એ ક્યાં (સાચા) હતા ? એ તો રાગ છે. સામાયિક તો એને કહીએ કે જેને શુભાશુભોપયોગ રહિત સ્વરૂપમાંથી વીતરાગતાનો લાભ મળે. (પણ) એ વીતરાગતા દૃષ્ટિમાં લીધી હોય તો પછી લાભ મળેને ? આહાહા ! સામાયિક એટલે સમતાનો લાભ. 'साम्+आय' છે ને ? પણ એ ક્યારે મળે ? કે જે વીતરાગસ્વરૂપ ભગવાન (આત્મા) છે તેની પ્રથમ દૃષ્ટિ થઈ હોય તો તેમાં લીન થતાં વીતરાગપણાના પરિણામનો લાભ થાય. તેને સામાયિક કહેવામાં આવે છે. પણ (અજ્ઞાનીને તો) તેની ખબરે ન મળે અને બે ઘડી 'नमो अरिहंताणं - नमो सिद्धाणं' કરીને થઈ ગઈ સામાયિક (એમ માને છે). આહાહા ! સમજાણું કાંઈ ?

(અહીં કહે છે કે) તે '**શુભાશુભોપયોગવૃત્તિને અપાસ્ત કરીને...**' અપાસ્ત કરવું એટલે કે તિરસ્કારવું, તરછોડવું, હેય ગણવું, દૂર કરવું, ને છોડી દેવું - એટલા તેના અર્થ છે. આહાહા ! '**શુદ્ધોપયોગવૃત્તિને આત્મસાત્ (આત્મારૂપ, પોતારૂપ) કરતા થકા...**' આહાહા ! પુણ્ય-પાપના ભાવરહિત શુદ્ધ પરિણતિને આત્મસાત (કરતા થકા).... (અર્થાત્) આત્મા સાથે એકાગ્ર કરતા થકા... આહાહા ! આવો મારગ છે. તેને સામાયિક કહીએ ને પૌષધ કહીએ. (પણ અજ્ઞાનીને તો) આ ભાન ન મળે કે આત્મા કોણ ને રાગ કોણ ને શું દેહ ! (ને અમને પૌષધ છે તેમ માને છે). આહાહા ! પૌષધ તો... વસ્તુ જે અતીન્દ્રિય આનંદસ્વરૂપ ચૈતન્ય છે તેનું (જેને) જ્ઞાન થયું હોય ને જેની પ્રતીતમાં તે વસ્તુ આવી હોય (તે), પછી તે વસ્તુમાં પોષણ કરવું - સ્થિરતા કરીને શાંતિનું પોષણ કરવું તેનું નામ પૌષધ છે. આહાહા !

અહીં એ કહે છે કે શુભાશુભોપયોગ છોડી '**શુદ્ધોપયોગવૃત્તિને આત્મસાત (આત્મારૂપ, પોતારૂપ) કરતા થકા...**' આહાહા ! શુભાશુભભાવને પોતારૂપ કરતો હતો ત્યાં સુધી તો મિથ્યાદૃષ્ટિ હતો અને સમ્યગ્દર્શન થયા પછી પણ, શુભપરિણામ મારા નથી (એમ માનવા છતાં, પણ) તે થતા (હતા). તેને આત્મસાત નહોતા કરતા. (શુભાશુભને) ભિન્ન રાખવા છતાં પણ (જ્ઞાનીને) શુભાશુભભાવ થતા. (પરંતુ) હવે, તેને પણ છોડીને શુદ્ધોપયોગને આત્મસાત કરવો એમ કહે છે. આહાહા ! આવી વાત (છે) !

શુદ્ધોપયોગને આત્મસાત કરતા થકા '**શુદ્ધોપયોગઅધિકાર શરૂ કરે છે.**' શુભનો (તથા) અશુભનો તિરસ્કાર કરીને, તેને છોડવાલાયક કરાવીને હવે શુદ્ધોપયોગનો અધિકાર શરૂ કરે છે. આહાહા ! '**તેમાં (પ્રથમ) શુદ્ધોપયોગના ફળને આત્માના પ્રોત્સાહન માટે પ્રશંસે છે.**' આહાહા ! શુદ્ધોપયોગનું ફળ અનંત સુખ છે (અને) શુભાશુભનું ફળ દુઃખ છે. (પછી) ભલે સ્વર્ગ મળે કે આ અબજોપતિ-ધુડના શેઠિયા થાય. પણ એ બધાં દુઃખી છે. તેને મારા માનીને જે રહે છે તે મિથ્યાદૃષ્ટિ દુઃખી છે અને તેને (કદાચ) મારા માનીને ન રહે. પણ જે અસ્થિરતા થાય (છે) તેનો જો પ્રેમ છે તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. (તથા) તે અસ્થિરતા રહે તો પણ, પોતાની તે નથી એમ જાણનાર રહે તો એ સમ્યગ્દૃષ્ટિ છે. પરંતુ અહીં તો તે અસ્થિરતાને પણ છોડાવીને શુદ્ધોપયોગનો અધિકાર, કે જેનું ફળ - શુદ્ધોપયોગનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ફળ - અનંત આનંદ - અનંત આનંદ છે. (તે કહે છે). આહાહા !

શુભ અને અશુભપરિણામ એ પોતે દુઃખ(રૂપ) છે અને તેના ફળ તરીકે (જે) ગતિ મળે (છે) તે પણ દુઃખરૂપ છે અને આ જે શુદ્ધોપયોગ છે (તે સુખરૂપ છે). ચૈતન્યસ્વરૂપ શુદ્ધ પવિત્ર ભગવાન (આત્મા) દ્રવ્ય છે. (અને તેના) જે ગુણ છે તે (પણ) પવિત્ર છે. તેની પવિત્રતાની પ્રતીતિ કરીને પવિત્રતાનો ઉપયોગ શુદ્ધ કરવો. આહાહા ! તેના ફળને આત્માના પ્રોત્સાહન માટે - આત્માનો ઉત્સાહ વધવા માટે - આ ગાથા લે (કહે ) છે.

ટીકા :- (૧) '**અનાદિ સંસારથી જે આહ્લાદ પૂર્વે કદી અનુભવાયો નથી...**' આહાહા ! અનાદિના સંસારમાં - નરકમાં કે મનુષ્યમાં કે રાજ(પદ)માં કે દેવમાં - ક્યાંય આત્માનો આનંદ અનુભવાયો નથી. આહાહા ! એ બધી ગતિમાં (તો) દુઃખનો અનુભવ કર્યો છે. (કેમકે) ઈન્દ્રિયનું સુખ છે એ પણ દુઃખ છે. આહાહા ! અહીંયા કહે છે કે '**અનાદિ સંસારથી...**' આહાહા ! (અર્થાત્) જેના - સંસારના પરિભ્રમણની આદિ નથી. આહાહા ! ક્યારેક સંસાર પરિભ્રમણ શરૂ થયું (છે) એમ નથી. એ તો અનાદિ છે. આહાહા ! આ ભવ પહેલા ભવ, તે ભવ પહેલા ભવ, તે ભવ પહેલા ભવ અને તે ભવ પહેલા ભવ - એમ જેની આદિ નથી એવા અનાદિ સંસારના પરિભ્રમણથી પૂર્વે કદી આહ્લાદ અનુભવાયો નથી. આહાહા ! (અર્થાત્) આત્માનો જે આનંદ છે તે ક્યાંય કદી ચાર ગતિમાં અનુભવાયો નથી. આહાહા ! '**એવા અપૂર્વ...**' અપૂર્વ એટલે પૂર્વે નહીં થયેલું '**પરમ અદ્ભુત આહ્લાદરૂપ હોવાથી...**' પરમ અદ્ભુત આહ્લાદસ્વરૂપ હોવાથી આનંદ '**અતિશય**' છે. એ શુદ્ધોપયોગનું ફળ (એવો) અતીન્દ્રિય આનંદ '**અતિશય**' છે, (તેમ કહે છે). આહાહા !

શુભાશુભોપયોગનું ફળ ચાર ગતિ છે. જ્ઞાનીને પણ (જો) શુભાશુભભાવ હોય તો, તેનાથી તેને બંધન થાય (છે). પણ વાત એ છે કે જેને આત્મધર્મ છે - દ્રવ્યસ્વભાવ જે પવિત્ર છે તેનો (જેને) અનુભવ ને દૃષ્ટિ થયા છે - તેને, તેમાં અશુભભાવ આવે (છે). છતાં પણ તેને ભવિષ્યનું આયુષ્ય (તો) શુભ(ભાવ) આવે ત્યારે (જ) બંધાય (છે). કારણકે દ્રવ્યને હાથમાં લીધું છે ને ? પકડ્યું છે ને ? આહાહા ! વીતરાગમૂર્તિ પ્રભુ ભગવાન (આત્માને) જેણે દૃષ્ટિ અને જ્ઞાનમાં લીધો છે એવા જીવને પણ શુભ ને અશુભભાવ (તો) થાય (અને) અશુભથી પાપ (પણ) બંધાય. પરંતુ તેને ભવિષ્યના આયુષ્યનો બંધ તેમાં (તે વખતે) ન પડે. આહાહા ! ભવિષ્યના આયુષ્યનો બંધ તો શુભભાવ વખતે પડે. કારણકે શુભભાવ પણ બંધનું કારણ છે ને ! આહાહા !

(કહે છે કે) આત્માના શુદ્ધોપયોગનું (ફળ) એ અતિશય સુખ છે. આહાહા ! શુદ્ધોપયોગ પોતે જ આનંદસ્વરૂપ છે (જ્યારે) શુભ અને અશુભ ઉપયોગ એ દુઃખસ્વરૂપ છે અને તેના ફળ તરીકે (મળતી) ચાર ગતિ પણ દુઃખરૂપ છે. આહાહા ! ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ (છે). તેના તરફનો (જે) ઉપયોગ શુદ્ધ થાય છે તે વર્તમાન આનંદસ્વરૂપ છે. પણ (તે) થોડો (છે). (જ્યારે) તેના ફળ તરીકે (અનંત આનંદ છે). અનંત અતિશય આનંદ તેનું ફળ છે. આહાહા ! જેના સુખની ગંધ ઈન્દ્રના ઈન્દ્રાસનોમાં કે કરોડો ઈન્દ્રાણીમાં કે ચક્રવર્તીના રાજ્યમાં નથી. આહાહા ! એવું જે સુખ (છે તે) અતિશય સુખ (છે). (અને) અદ્ભુત પરમ અદ્ભુત (છે) ! આહાહા ! એકલું અદ્ભુત નહીં. (પણ પરમ અદ્ભુત છે). આત્માની પર્યાયમાં અતીન્દ્રિય આનંદ (કે) જે શુદ્ધોપયોગનું ફળ (છે તે અપૂર્વ છે). તેવો આહ્લાદ પૂર્વે અનુભવાયો નથી. એવું સુખ અને આનંદ પૂર્વે નહીં થયેલો (છે). (અર્થાત્)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂર્વે એક સમય પણ કદી નહિ થયેલ એવો તે પરમ અદ્દ્ભુત આહ્લાદ - આનંદ...આનંદ...આનંદ...આનંદ... (છે). આનંદ એવો હોવાથી તે શુદ્ધોપયોગના ફળને અતિશય કહેવામાં આવે છે. આહાહા !

પહેલી (આમ) શ્રદ્ધા તો કરે, - એમ કહે છે. આહાહા ! તે શુભથી ધર્મ માને (છે), શુભને મોક્ષનું કારણ માને (છે), તે પહેલા તો ફેરવ ! ભાઈ ! પછી શુદ્ધોપયોગની (વાત). જો કે સમ્યગ્દર્શન થતાં (શુદ્ધોપયોગ થાય છે). (સમ્યગ્દર્શન) શુદ્ધોપયોગમાં જ થાય (છે). પણ એ શુદ્ધોપયોગ મુનિનો સાતમે (ગુણસ્થાને) હોય એવો ન હોય. એવા શુદ્ધોપયોગ માટે તેણે શુભ છોડીને સ્વરૂપમાં (આવવું). વ્રતાદિના વિકલ્પ છે એ પણ શુભ છે. આહાહા !

કોઈ એમ કહે છે કે, વ્રત ને પૂજા એ અરાગીભાવ છે. અરરરર...! શું કહે છે પ્રભુ ? આહાહા ! મોક્ષમાર્ગ પ્રકાશમાં એમ નથી કહ્યું ? કે જેવી રીતે હિંસાના પરિણામ (બંધના કારણ છે). (સાતમો અધિકાર) એવી જ રીતે અહિંસાના - વ્રતના - પરિણામ પણ બંધના કારણ છે. આહાહા ! બન્ને બંધના કારણ છે. એ અહીં કહે છે કે શુભાશુભપરિણામ વર્તમાન દુઃખરૂપ છે અને તેનું ફળ પણ દુઃખ છે. (પછી) ચાહે તો સ્વર્ગ મળે તો પણ તે દુઃખ છે. આત્માનો આનંદ ત્યાં નથી. આહાહા ! આ પાંચ-દસ કરોડની ઊપજવાળા અબજોપતિ શેઠિયા થાય તો પણ તે બધા દુઃખી છે. કેમ કે જેને આત્માના આનંદની ખબર પણ નથી અને આ ધૂળમાં - પરમાં મને સુખ છે અને અમે શેઠિયા છીએ - (એમ જે માને છે) તેને ભગવાને વરાંકા - ભિખારી કહ્યાં છે. પ્રભુ ! તારામાં ક્યાં ખામી છે ? ભગવાન થઈને તું પરમાં ભીખ માગે છો ? આહાહા ! તારામાં ક્યાં અપૂર્ણ સુખ છે કે અપૂર્ણ જ્ઞાન (છે) ? (તારામાં તો) પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ સુખ ભર્યું છે ને પ્રભુ ? પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદનું અસ્તિત્વ તે આત્મા (છે). પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનનું અસ્તિત્વ - હયાતી તે આત્મા. આહાહા ! એવા - આત્મામાં અનંત સુખ ભર્યું છે તેનો - અનાદર કરીને પરમાં તું સુખ માને છો પ્રભુ ! (તો) તેં તો, તારા સ્વભાવનો તિરસ્કાર કર્યો. તો અહીંયા કહે છે કે હવે પુણ્ય-પાપનો તિરસ્કાર કરીને... આહાહા ! આવી વાતુ છે. વીતરાગ, જિનેશ્વર, પરમેશ્વરનો મારગ બહુ જીણો છે. ભાઈ ! 'केवलीपण्णत्तत्तः धम्मो शरणं' - એમ માંગલિકમાં આવે છે ને ? બાપુ ! એ કોઈ જીણી ચીજ છે. અત્યારે તો સંપ્રદાયમાં આ વ્રત કરો અને ઉપવાસ કરો અને ભક્તિ કરો અને પૂજા કરો અને દાન કરો અને સાધુને આહાર આપો (એવી વાત ચાલે છે). પણ શું (આહાર આપે) જ્યાં હજી સાધુ જ સાચા નથી ત્યાં આહાર આપવાનો તારો ભાવ (મિથ્યા છે). આહાહા ! એમાં સંતોષ માનીને (અજ્ઞાની) જિંદગી ગાળે (છે). અરેરે ! ભાઈ ! તારા જન્મ-મરણના અભાવની વાતુ રહી ગઈ. એ શુભાશુભ તો જન્મ-મરણ થવાના ભાવ છે. (જો) તેના રહિત શુદ્ધોપયોગ થાય તો તેનું સુખ છે. તે અતિ આહ્લાદરૂપ અતિશય છે. - એક વાત.

(હવે બીજી) '**(૨), આત્માને જ આશ્રય કરીને (સ્વાશ્રિત) પ્રવર્તતું હોવાથી...**' લ્યો ! ૧૦મી ગાથામાં કહ્યું હતું કે શુભાશુભભાવ આત્માના આશ્રયે (થાય છે). (પણ) એ બીજી અપેક્ષા (છે). ૧૦મી ગાથામાં આવે છે (તેનો અર્થ એ છે કે) શુભાશુભપરિણામ કોઈ કર્મને કારણે - આશ્રયે નથી થતા - એટલું (ત્યાં) બતાવવું છે. સમજાય છે કાંઈ ? શુભાશુભપરિણામ આત્માની પર્યાયમાં પર્યાયથી થાય છે. તે કાંઈ કર્મથી થાય છે એમ નથી. - એવું બતાવવા એ શુભાશુભ આસ્ત્રવો આત્માને આશ્રયે થાય (છે તેમ કહ્યું છે). તેની પર્યાયને આશ્રયે (તેઓ થાય છે), (અને તે) પર્યાયને આત્મા ગણીને, આત્માને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આશ્રયે થાય (છે તેમ કહ્યું છે). આહાહા ! અને અહીં **'આત્માને જ આશ્રય કરીને...'** (એમ કહ્યું છે). બેય (જગ્યાએ) **'આશ્રય'** શબ્દ (છે). આહાહા ! ત્યાં (૧૦મી ગાથામાં) પર્યાયના આશ્રયે અને પર્યાયમાં થતા વિકારીભાવમાં પરનો આશ્રય નથી (તેમ કહેવું છે). અહીં, જે શુદ્ધોપયોગ છે (તે) પુણ્ય-પાપના ભાવથી - શુભાશુભભાવથી રહિત (છે તેમ કહેવું છે). આત્મા શુદ્ધ પવિત્ર છે અને તેના અનંતગુણો પણ પવિત્ર છે. તેને આશ્રયે આ શુદ્ધોપયોગ થાય છે. અર્થાત્ તેને આશ્રયે શુદ્ધોપયોગનું ફળ થાય (છે). આહાહા ! આવી વાતુ છે !

**'આત્માને જ આશ્રય કરીને (સ્વાશ્રિત)...'** ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ (છે). તેને આશ્રયે શુદ્ધોપયોગના ફળ તરીકે પરમ આનંદ પ્રગટ થાય છે. (કે જે) અતીન્દ્રિય આનંદની ગંધ સ્વર્ગમાં ઈન્દ્રોને (પણ) નથી. આહાહા ! સમ્યગ્દર્શન હોય અને આનંદનો અંશ હોય (તો) તેની વાત નથી. (પણ) જે પૂર્ણ વસ્તુ છે તેની ગંધ ક્યાંય (બહારમાં) નથી. આહાહા ! સાકરકોળાનો વેલો નાનો (પાતળો) હોય છે. પણ કોળા મોટા અધમણ - અધમણના પાકે છે. એમ આ આત્મા છે તો આટલામાં પણ તેને સાકરકોળા એટલે અમૃતના ફળ પાકે છે. આહાહા ! ભગવાન આત્માનો વેલો એવો છે કે શુદ્ધ આનંદઘન પ્રભુના (આશ્રયે) ઉપયોગ શુદ્ધ થતાં, તેને અતીન્દ્રિય આનંદનું કોળું - સાકર કોળું પાકે એમ અતીન્દ્રિય આનંદનું કોળું - પાકે છે, (એમ કહે છે). આહાહા ! જોયું છે ને બધું.

અહીંયા કહે છે કે ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી પૂર્ણ ભરચક ભરેલો પ્રભુ (છે). તેને જ્યારે અંદર શુદ્ધોપયોગ થાય છે ત્યારે તેની પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો અપૂર્વ ભાવ પ્રગટ થાય છે. તે આત્માને આશ્રયે થાય છે. તેને કોઈ નિમિત્તથી કે ઈન્દ્રિયોની કાંઈ જરૂર નથી. આહાહા ! આ એક એક વાત બહુ આકરી (છે). બાપા !

(આગળ કહે છે કે) '(૩) **પરાશ્રયથી નિરપેક્ષ હોવાથી...**' એટલે ? અંદર જે શુદ્ધોપયોગનું ફળ અતીન્દ્રિય આનંદ (છે) તેમાં પરાશ્રયનો અભાવ છે. સ્વાશ્રયનો સદ્ભાવ છે અને પરાશ્રયનો અભાવ છે. (તે) **'(-સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દના તથા સંકલ્પ-વિકલ્પના આશ્રયની અપેક્ષા વિનાનું હોવાથી...'** (સંકલ્પ-વિકલ્પ) એ મન છે. ઈન્દ્રિયના અને મનના આશ્રયની અપેક્ષા વિનાનું હોવાથી **'વિષયાતીત'** છે. (એટલે કે) ભગવાન આત્મા વિષયાતીત સ્વરૂપ છે. તેના વિષયાતીત સ્વરૂપનું જ્યાં જ્ઞાન (અને) તેનો શુદ્ધોપયોગ થયો તો (ત્યાં) તેના ફળ તરીકે વિષયાતીત - અતીન્દ્રિય આનંદ તેને આવે છે. આહાહા ! એ અતીન્દ્રિય આનંદ કોઈ બહારથી નથી આવતો. (પણ) અંદર ભર્યો છે. આહાહા !

ભગવાન (આત્મા) અસંખ્ય પ્રદેશી તત્ત્વ છે. (પણ વીતરાગ) પ્રભુએ કહ્યો તે. બાકી એ વીતરાગ સિવાય બીજા જે કોઈ આત્મા-આત્મા કરે (છે) તેને આત્માની ખબર નથી. સર્વજ્ઞ પરમેશ્વરે જેને આત્મા કહ્યો છે (તે) ભક્તિમાં આવે છે ને ? કે 'પ્રભુ તુમ જાણગરીતિ, સરવ જગ દેખતા હો લાલ...' આહાહા ! 'પ્રભુ તુમ જાણગરીતિ...' હે નાથ ! સર્વજ્ઞપણામાં આપ 'સરવ જગ દેખતા હો લાલ' - ત્રણકાળ ત્રણલોકને દેખો છો પ્રભુ ! પણ 'નિજ સત્તાએ શુદ્ધ, સહુને પેખતા હો લાલ...' પણ પ્રભુ ! અમારી નિજ સત્તાને એટલે (કે) નિજ હોવાપણાને (અર્થાત્) નિજ હયાતીના હોવાપણાને તો આપ શુદ્ધ જુઓ છો. તેને આપ આત્મા જુઓ છો. આહાહા !

ભગવાન આ આત્માને અને અનંત આત્માઓને કેવા જોવે છે ? (કે) નિજ સત્તા-પોતાનું હોવાપણું (જે) પવિત્ર અને શુદ્ધ છે તેને હે ભગવાન ! આપ આત્મા કહો છો અને જાણો છો. (જ્યારે) અંદર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુણ્ય અને પાપના વિકલ્પ છે એ તો આસ્ત્રવતત્ત્વ છે (અને) જે જડ છે એ તો અજીવતત્ત્વ છે, હે ભગવાન ! આપના જ્ઞાનમાં - હે વીતરાગ પરમેશ્વર પ્રભુ નાથ ! આપના જ્ઞાનમાં - અમારો (જે) આ આત્મા નિજ હોવાપણે શુદ્ધ છે તેને તમે આત્મા જાણો છો (અને) કહો છો. આહાહા ! એમ - જેમ ભગવાને જાણ્યું છે એ રીતે - જે આત્મા જાણે (છે તેને સમ્યગ્દર્શન થાય છે). આહાહા !

(જે) નિજ સત્તા (છે) પોતાનું જે અસ્તિત્વ છે, પોતાની હયાતી (જે) છે, જે મોજૂદગી ચીજ છે એ તો તદ્દન અનંત-અનંત ગુણોની પવિત્રતાની ખાણ છે. આહાહા ! પવિત્રતાની ખાણ કહેવી એ તો પર્યાયની અપેક્ષાએ છે બાકી એ તો અનંત-અનંત ગુણસ્વરૂપ છે (કે) જેમાંથી અનંત આનંદ (આવે છે). સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગને શુદ્ધોપયોગના ફળ તરીકે જે અનંત આનંદ પ્રગટ્યો છે (તે તો) એક સમયનો આનંદ (છે). એવો બીજે સમયે અનંત આનંદ, એવો ત્રીજે સમયે અનંત આનંદ, એમ સાદિ અનંતકાળ અતીન્દ્રિય આનંદ જે (છે તે) પરાશ્રય વિનાનો અને સ્વાશ્રયવાળો (છે). (એવા) શુદ્ધોપયોગનું ફળ પરમ આનંદ છે. આહાહા ! (અને તે) પરાશ્રયથી નિરપેક્ષ (છે). (એટલે કે) પાંચ ઈન્દ્રિયો, શબ્દો અને મનના સંકલ્પ-વિકલ્પના આશ્રયની અપેક્ષા વિનાનો હોવાથી વિષયાતીત છે - વિષયથી રહિત છે. આહાહા ! મન અને પંચેન્દ્રિયના વિષયથી તે સુખ રહિત છે. આહાહા !

(અજ્ઞાની જીવ) ઈન્દ્રિયથી વિષય લે છે. (એમાં) ઈન્દ્રિયો તો નિમિત્ત છે. હાડકા, માંસ ને ચામડાંનું (બનેલું જે) સ્ત્રીનું શરીર છે તેનો તેને (જીવને) અનુભવ નથી. કારણ કે એ તો જડ છે. હાડકાં, ચામડાં અને માંસ તો જડ છે. તેને આત્મા અડતો પણ નથી. ફકત તેના ઉપર લક્ષ જતાં તેને 'આ ઠીક છે' એવો જે રાગ થાય છે તે રાગનો - ઈન્દ્રિયના વિષયના ભોગવવાના રાગનો - ભોગ છે. (પરંતુ) તે સ્ત્રીના શરીરનો ભોગ નથી. આહાહા ! (કેમકે) આ શરીર તો જડ-માટી-ધુડ છે અને આત્મા તો અરૂપી છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાની (તે) ચીજ, સ્પર્શને અડતી પણ નથી. ફકત તેને વિષય તરફનો પ્રેમ છે ને ! એટલે (તેથી) 'આ ઠીક છે.' એવો રાગ કરીને રાગને અનુભવે છે. એ દુઃખને અનુભવે છે. (જ્યારે) આ શુદ્ધોપયોગનું ફળ વિષયાતીત છે એમ કહેવું છે. સમજાણું કાંઈ ? આહાહા ! જે પંચેન્દ્રિય અને મનના સંકલ્પથી પણ પાર - ભિન્ન છે એવું આત્મજ્ઞાન શુદ્ધોપયોગનું ફળ, વિષયથી અતિત નામ દૂર છે (તેમ કહે છે). આહાહા ! સમજાય છે કાંઈ ? આવી વાતુ (છે) !

અજ્ઞાની તો પાઠ બોલ્યા એટલે સામાયિક ને લોગસ્સ થઈ ગયા તેમ માને છે. પણ તેને તો અર્થનીયે ખબર હોતી નથી. 'विहूय रयमला' - એમ લોગસ્સમાં નથી આવતું ? તો તેમાં એકવાર એક બાઈ એમ બોલી કે 'વિહા રોઈ મર્યા.' કાંઈ અર્થનીય ખબર ન મળે - ભાન ન મળે ને ગડિયા હાંકે રાખે. આહાહા ! જુઓ તો ખરા કે આ પાઠમાં શું છે ? અરે ! 'વિહા રોઈ મર્યા' નથી. પ્રભુ ! તે 'विहूय रयमला' છે. હે પરમાત્મા ! હે સિદ્ધ ભગવાન ! આપે 'विहूय' નામ વિશેષે ટાળ્યા છે. 'वि = વિશેષે.' 'हुय = ધુય = ટાળ્યા છે.' 'रय = રજ = આઠકર્મ. અને मला = મળ = પુણ્ય-પાપના ભાવ. એ 'रयमला' (નામ) આઠ કર્મરૂપી રજ અને પુણ્ય-પાપના ભાવરૂપી મેલને આપે ટાળ્યા છે. તેનું નામ 'विहूय रयमला' નો અર્થ છે. પણ આ તેનીય ખબર ન મળે અને પાઠ હાંકી રાખીને સામાયિક કરી (તેમ માને છે). પણ ધુડેય નથી સામાયિક સાંભળને ! આહાહા ! એવું જ ચાલે છે. આહાહા ! (અજ્ઞાનીને) બિચારાને કાંઈ ખબર નથી. આખો દિવસ રાંધવું હોય ને ધણીને સાચવવાના હોય એમાં કોઈક દિવસ બેસે તો (આવા અર્થ કરે). આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અહીં કહે છે (કે) આત્માનો - શુદ્ધોપયોગનો આનંદ પરના આશ્રય વિનાનો છે. (હવે) ચોથો બોલ. (૪) '**અત્યંત વિલક્ષણ હોવાથી (અર્થાત્ બીજાં સુખોથી તદ્દન ભિન્ન લક્ષણવાળું હોવાથી)...**' આહાહા ! શબ્દનું સુખ, રૂપનું સુખ એવું જે કલ્પનાનું સુખ છે તેનાથી વિલક્ષણ આત્માનું સુખ છે. (અર્થાત્) (આત્માના) સુખનું લક્ષણ જ જુદું છે. આહાહા ! સમજાણું કાંઈ ? 'સુખિયા જગતમાં સંત, દુરિજન દુખિયા રે...' જેને પુણ્ય અને પાપના ભાવરહિત આત્માના આનંદનો અનુભવ થયો (છે) તે જીવ સુખી છે. આહાહા ! બાકી 'દુરિજન દુખિયા રે...' - એ બધા અબજોપતિ અને રાજાઓ અને દેવો દુરિજન, દુખિયા છે.

પ્રશ્ન :- અબજોપતિ દુઃખી છે. પણ લાખોપતિ તો સુખી છે ?

સમાધાન :- એ લાખોપતિ પણ દુઃખી (છે). પૈસા ભલે થોડા હોય. (પણ) આ પૈસા મારા છે એવી મમતા છે તો તે બધા દુઃખી છે. આહાહા ! (અને) સમકિતીને ચક્રવર્તીનું રાજ હોય છતાં પણ તે પરમાં સુખ માનતો નથી. આહાહા ! ઋષભદેવ ભગવાનના પુત્ર ભરત ચક્રવર્તીને છ ખંડનું રાજ (હતું) ને ૯૬ હજાર સ્ત્રીઓ (હતી). આવી રાણી નહીં. આ તો ધાનના ઢીંગલા (છે). (પણ) તેની એક રાણીને એક હજાર દેવ સેવા કરતા (હતા). - (એવી રાણી હતી). (તોપણ) તેનાથી સુખ છે તેવી કલ્પનાને નાશ કરી નાખી હતી. (છતાં) આસક્તિનો ભાવ આવે. (કેમકે) સમકિતી છે ને ! મુનિ નથી. છતાં પણ, તેમાં સુખ છે એ બુદ્ધિ ઊડી ગઈ છે. સુખ તો ભગવાન આત્મામાં છે. આહાહા ! સમજાણું કાંઈ ?

(અહીં કહે છે કે) '**અત્યંત વિલક્ષણ...**' (અર્થાત્) ઈન્દ્રિયના સુખથી અતીન્દ્રિય શુદ્ધોપયોગના ફળરૂપ સુખ, અત્યંત વિલક્ષણ (છે). (તેનું) કોઈપણ લક્ષણ ઈન્દ્રિયના વિષય (સુખ) સાથે મળે નહીં. (માટે) - બીજા સુખોથી તદ્દન ભિન્ન એવા લક્ષણવાળું હોવાથી - '**અનુપમ**' (છે). એને ઉપમા શું આપે ? આહાહા ! અતીન્દ્રિય આનંદના સ્વભાવનું - શુદ્ધસ્વભાવનું - જે ફળ છે તેને ઉપમા કોની આપે ? તેની ઉપમા એને. આહાહા ! ચક્રવર્તી અને ઈન્દ્રોને (જે) ઈન્દ્રિયના સુખ (છે) તેની ઉપમા પણ કાંઈ અપાય નહીં કે આ ઈન્દ્રિયના સુખથી આત્માનું સુખ અનંતગણુ (કેમકે) તો તો રાગનું (જે) દુઃખ (છે) તેનાથી અનંતગુણ (થયું). - એ ગુણાકાર જ ખોટો છે. આહાહા ! (અજ્ઞાની) કહે કે ઈન્દ્રોને સુખ છે, રાજાઓને સુખ છે અને શેઠિયાઓને સુખ છે એ કરતાં આત્માનું અતીન્દ્રિય સુખ અનંતગણું (છે). (પણ જો એમ હોય તો) રાગનું તો ઝેરનું સુખ છે. (તો) શું ઝેરના સુખથી અનંતગણું આત્માનું સુખ ? (ના). એનો ગુણાકાર એમ કરાતા હશે ? આહાહા ! (અજ્ઞાનીને) કાંઈ ખબરુ ન મળે કે હું શું બોલું છું અને શું માનું છું. ગાંડા-પાગલની જેમ જગત (અજ્ઞાની) જિંદગી ગાળે (છે). આહાહા ! વીતરાગ પરમાત્માનું શું તત્ત્વ છે અને (વીતરાગ પરમાત્માએ) શું કહ્યું છે તેના ભાન વિના (તે) ચાર ગતિના દુઃખોમાં રખડે છે. (પણ) હવે અહીંતો (કહે છે કે) શુદ્ધોપયોગી જીવને જે અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થાય (છે) તે અનુપમ આનંદ છે. તે આનંદને કોઈ ઉપમા આપી શકાતી નથી. આહાહા ! એક ઘીના સ્વાદની પણ ઉપમા આપી શકાતી નથી. ઘીનો સ્વાદ કેવો ? કેળા જેવો ? તળાવમાં ઘી કેળાં થાય છે તેના જેવો ? સાકર જેવો ? ગોળ જેવો ? એ ઘીનો સ્વાદ જાણવામાં આવે (છે). પણ કોઈ (આપી શકાય એવી) ઉપમા મળતી નથી. તો, એ તો ધૂડના સુખ (છે). આહાહા ! ઘીનો સ્વાદ એટલે જડ. (કેમકે) એ ઘી તો ધૂડ છે. તેના સ્વાદનું અહીં જ્ઞાન છે અને જ્ઞાનમાં 'આ ઠીક છે' એમ જે રાગ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયો છે તેનો સ્વાદ (છે). (જે) દુઃખ છે. આહાહા ! એ ઘીના સ્વાદને પણ જ્યારે કોઈ કહી શકાય એવી ચીજ નથી તો (પછી) અતીન્દ્રિય આનંદ (કે) જે પ્રભુ (આત્માનું) સુખ છે તેને, કઈ ઉપમા અપાય ? સમજાણું કાંઈ ? આહાહા !

એ ધર્મ બાપુ ! જીણી ચીજ છે, પ્રભુ ! એ ધર્મ એટલે શુદ્ધોપયોગ થવો તેને ધર્મ કહે છે. (અર્થાત્) ચારિત્ર એ ધર્મ (છે) અને તેનું કારણ સમ્યગ્દર્શન - જ્ઞાન (તે) પહેલું છે. આહાહા ! 'चारित्तं खलु धम्मो' (ગાથા - ૭) અને('दसंण मूलो धम्मो।') - ધર્મનું કારણ સમ્યગ્દર્શન છે. વસ્તુ ભગવાન આત્મા પરિપૂર્ણ આનંદસ્વરૂપ પ્રભુ છે. તેની હયાતીનું સત્ત્વ આવડું છે એવું જ્ઞાન થઈને પ્રતીતિ થાય તે ચારિત્રરૂપી ધર્મનું કારણ છે. પણ જ્યારે ચારિત્રધર્મ - શુદ્ધોપયોગ પ્રગટે... આહાહા ! એ તો પહેલા આવી ગયું ને ? કે જ્યાં સુધી રાગનો અંશ રહે છે ત્યાં સુધી તે સરાગ ચારિત્ર, હેય છે અને રાગને છોડીને અંદર શુદ્ધોપયોગની રમણતા (થાય) તે ઉપાદેય છે અને તે ઉપાદેયનું ફળ અતીન્દ્રિય આનંદ છે. જેને કોઈ ઉપમા અપાતી નથી. (એમ) કહે છે. આહાહા ! ઘી જેવાં સ્વાદને જાણતા છતાં, કઈ ઉપમા આપવી ? કે ઘીનો સ્વાદ સાકર જેવો ? ગોળ જેવો ? તળાવમાં ઘી કેળા થાય છે (તેના જેવો ?) કેરી જેવો સ્વાદ હશે ? એ એના સ્વાદની ને આ સ્વાદની કોઈ જાત જ જુદી છે. આહાહા ! (સ્વાદ) ખ્યાલમાં છે પણ કંઈ કહી શકાય એવું નથી. તો આ તો પ્રભુ (આત્માનો) અતીન્દ્રિય આનંદ ! આહાહા જેણે આત્માના સમ્યગ્દર્શન સહિત શુદ્ધોપયોગનું પરિણમન કર્યું છે (તેને) તેના ફળ તરીકે અતીન્દ્રિય આનંદ (થાય છે). તેને કઈ ઉપમા દેવી ? આહાહા ! - એ ચાર બોલ થયા.

(હવે) પાંચમો. (૫) '**સમસ્ત આગામી કાળમાં કદી નાશ નહિ પામતું હોવાથી...**' પાછું એ આનંદ જે પ્રગટ્યો, તે કદી નાશ ન થાય. (જ્યારે) આ વિષયના સુખો તો - ચક્રવર્તી જેવા સુખ હોય તો પણ - વિચ્છેદ થઈ જાય છે. આહાહા ! બારમો બ્રહ્મદત્ત ચક્રવર્તી કે જેને છ ખંડનું રાજ્ય હતું, ૯૬ હજાર સ્ત્રીઓ હતી અને જે રતનના ઢોલીયે સૂતો હતો તે, મરતાં તે વિષયો છૂટી ગયા અને તે નરકમાં, સાતમી નરકે ગયો. અત્યારે પણ તે બ્રહ્મદત્ત ચક્રવર્તી સાતમી નરકમાં છે. આહાહા ! અહીં કહે છે કે વિષયનું સુખ તો નાશવાન છે. તે બદલી ગયું તો થઈ રહ્યું. (જ્યારે) આ આત્માના શુદ્ધોપયોગનું ફળ નાશવાન નથી - અવિચ્છિન છે. આહાહા ! અહીં અબજોપતિ શેઠિયો હોય અને ૧૦-૧૦ કરોડની તો ઊપજ હોય (તો) પણ તે ઈન્દ્રિયના સુખ નાશવાન છે. આહાહા ! ઘડપણ આવી ગયું અને શરીરમાં રોગ આવ્યો - પક્ષઘાત થઈ ગયો - (તો, તે નાશ પામે છે). આહાહા ! (માટે) એ ઈન્દ્રિયના સુખ તો નાશવાન છે. આ અતીન્દ્રિય સુખ જે છે તે અવિનાશી છે. છે (અંદર) ? કે '**અનંત**' છે. એટલે કે તેનો ભવિષ્યકાળમાં કોઈ દિ' અંત નહિ આવે. જ્યારથી સર્વજ્ઞ પરમેશ્વર ભગવાનને શુદ્ધોપયોગના ફળ તરીકે અનંત આનંદ પ્રગટ્યો (છે ત્યારથી) ભવિષ્યમાં અનંત-અનંતકાળ તે રહેવાનો છે. જુઓ ! જેણે શુભાશુભભાવનો તિરસ્કાર કર્યો છે એવા શુદ્ધોપયોગની પ્રશંસા કરીને તેના ફળને બતાવે છે. આહાહા ! એ પાંચમો બોલ અનંતનો થયો. ગાથામાં છે ને ? કે '**अणोवममणंतं** '

(હવે કહે છે કે) (૬) '**અંતર પડ્યા વિના પ્રવર્તતું હોવાથી અવિચ્છિન્ન**' (છે). (અર્થાત્) તેને આંતરો પડતો નથી. (જ્યારે) વિષય સુખને તો આંતરો પડે (છે). પક્ષઘાત થઈ જાય (અને) છ મહિના ખાટલે પડે (બિમાર થાય) તો થઈ રહ્યું - બધી સાહ્યબી પડી હોય (તોપણ) કાંઈ ભોગવી શકે નહિ. આહાહા ! કંઠમાં કેન્સર થાય તો (ગળે) પાણી ઉતારતા રાડ નાખે. '**અંતર પડ્યા વિના**' (એટલે કે) અતીન્દ્રિય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આનંદમાં તો અંતર જ નથી. આહાહા ! (જ્યારે) આ (ઈન્દ્રિય સુખ) તો ૨૫-૫૦ વર્ષ ભોગવે ત્યાં ક્ષય થઈ જાય - પક્ષઘાત થઈ જાય. જઠર એવી મંદ થઈ જાય કે મોસંબીનું પાણી (રસ) પણ પચવું કઠણ પડે. એવા ઈન્દ્રિયના વિષય સુખ વિચ્છિન્ન (છે). - અંતર પડીને નાશ થાય એવા છે. આહાહા !

**'અંતર પડ્યા વિના પ્રવર્તતું હોવાથી 'અવિચ્છિન્ન' - આવું શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા...'** લ્યો ! આહાહા ! જેવા દ્રવ્ય ને ગુણ શુદ્ધ છે એવા જ શુદ્ધ પરિણામ થવાથી (અર્થાત્) વસ્તુ-દ્રવ્યને ગુણ તો શુદ્ધ છે જ. (હવે) એવા જ શુદ્ધ પરિણામ થવાથી... આહાહા ! તેને શુદ્ધોપયોગ કહે છે. આહાહા ! **'અંતર પડ્યા વિના પ્રવર્તતું હોવાથી 'અવિચ્છિન્ન'** - આવું શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા આત્માઓનું સુખ છે. માટે તે (સુખ) સર્વથા પ્રાર્થનીય છે.' આહાહા ! લોગસ્સમાં નથી આવતું ? (કે) 'सिद्धासिद्धिंममदिंतु' – (પણ અજ્ઞાનીને તો) તેની પણ ખબર ન હોય કે આ શું છે. હે સિદ્ધ ભગવાનો ! તમારું જે અનંત સુખ છે તે મને દેખાડો. તેનો અર્થ એ છે કે હું કેવળજ્ઞાન પામું. એ શુદ્ધોપયોગથી પમાય છે. (તેમાં) આવે છે ને ? કે 'सिद्धासिद्धिममदिंतु' - હે સિદ્ધ ભગવંતો ! (તેઓ) અનંત બિરાજે છે ને ? મને સિદ્ધપણું દેખોડો (તો) તે દેખાય ક્યારે ? કે કેવળજ્ઞાન થાય ત્યારે. એટલે કે મને કેવળજ્ઞાન થાવ - હું આત્મામાં શુદ્ધોપયોગે રમું અને મને કેવળજ્ઞાન થાય - એ સિદ્ધ ભગવાન પાસે પ્રાર્થના કરી છે. (જો કે) ભગવાન કોઈને કાંઈ આપતા નથી. ભગવાન તો ભિન્ન ચીજ છે (અને) ભગવાન કાંઈ લેતા-દેતા નથી. પણ માગણી - પ્રાર્થનાવાળા આમ બોલે. આહાહા ! આવી વાતુ (છે) ! (બીજે) ક્યાંય સાંભળવા મળે નહીં એવી વાતો (છે). (એટલે અજ્ઞાનીને એમ થાય કે) શું આ નવો ધર્મ કાઢ્યો હશે ? ઘણા એમ કહે છે, 'સોનગઢવાળાએ નવો ધર્મ કાઢ્યો'. અરે પ્રભુ ! નવો નથી પ્રભુ ! વીતરાગનો ધર્મ જ આ છે. આહાહા !

પ્રશ્ન :- સમ્યગ્દર્શન તો નવું પ્રગટે છે ને ?

સમાધાન :- એ પણ નવો નથી. એ તો અંદર જૂનો.... જૂનો ધર્મ લિયો જાણી મેરે સંતો ! જૂનો ધરમ...' અનંત આનંદ(મય) જે જૂનો ધર્મ છે તેનું ભાન થયું તો તે (પ્રગટ) થયું. આહાહા ! આવી વાતુ છે ! જગતથી બહુ નિરાળી વાતુ ભાઈ ! અરેરે ! જન્મ-મરણ કરીને અનંતવાર શુભાશુભભાવ કર્યા (છે). નવમી ગ્રૈવેયકે ગયો તો તે શુભભાવ કેવા હશે પ્રભુ ? આહાહા ! છતાં, તેનાં ફળ તરીકે તો ગ્રેવકના દુઃખ છે. ત્યાં રાગ છે, રાગ. આહાહા !

(અહીં કહે છે કે) **'શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા'** એટલે શુદ્ધોપયોગથી પ્રાપ્ત થયેલા **'આત્માઓનું સુખ છે. માટે તે (સુખ) સર્વથા પ્રાર્થનીય છે.'** જોયું ? ઓલાને હેય કહ્યું હતું - શુભભાવને હેય કહ્યો હતો અને અશુભભાવને 'અત્યંત હેય' કહ્યો હતો. (તો) આ સુખને અત્યંત આદરણીય- ઉપાદેય-પ્રાર્થનીય કહે છે. આહાહા ! માટે તે આનંદ સર્વથા પ્રાર્થનીય છે. **'અર્થાત્ સર્વ પ્રકારે ઈચ્છવા યોગ્ય છે.'** આહાહા ! પરમાનંદનાથ પ્રભુ કે જેનું ફળ પરમાનંદ છે તેની ઈચ્છા-ભાવના કરવા જેવી છે. આહાહા ! - શુદ્ધોપયોગના ફળનું વર્ણન કર્યું.

**'હવે શુદ્ધોપયોગે પરિણમેલા આત્માનું સ્વરૂપ નિરૂપે છે.'** જેને શુદ્ધોપયોગ થયો છે તે આત્મા કેવો હોય છે ? તેની દશા કેવી હોય છે કે જેના ફળ તરીકે આ અનંત આનંદની પ્રાપ્તિ થાય ? - એ શુદ્ધોપયોગની વ્યાખ્યા હવે કરે છે. (જ્યારે) પહેલા શુદ્ધોપયોગના ફળની વ્યાખ્યા કરી હતી. આહાહા ! **'શુદ્ધોપયોગે પરિણમેલા...'** જોયું ? સમ્યગ્દર્શન છે (અને) ચારિત્ર પણ છે. પરંતુ જ્યારે શુભોપયોગ -

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ शुद्धोपयोगपरिणतात्मस्वरूपं निरूपयति -

**सुविदिदपयत्थसुत्तो संजमतवसंजुदो विगदरागो।**
**समणो समसुहदुक्खो भणिदो सुद्धोवओगो त्ति।।१४।।**

**सुविदितपदार्थसूत्रः संयमतपःसंयुतो विगतरागः।**
**श्रमणः समसुखदुःखो भणितः शुद्धोपयोग इति।।१४।।**

सूत्रार्थज्ञानबलेन स्वपरद्रव्यविभागपरिज्ञानश्रद्धानविधानसमर्थत्वात्सुविदितपदार्थसूत्रः। सकलषड्जीवनिकायनिशुम्भनविकल्पात्पंचेन्द्रियाभिलाषविकल्पाच्च व्यावर्त्यात्मनः शुद्धस्वरूपे संयमनात्, स्वरूपविश्रान्तनिस्तरङ्गचैतन्यप्रतपनाच्च संयमतपःसंयुतः। सकलमोहनीयविपाकविवेकभावनासौष्ठवस्फुटीकृतनिर्विकारात्मस्वरूपत्वाद्विगतरागः। परमकलावलोकनाननुभूयमानसातासातवेदनीयविपाकनिर्वर्तितसुखदुःखजनितपरिणामवैणम्यत्वात्समसुखदुःखः श्रमणः शुद्धोपयोग इत्यभिधीयते।।१४।।

---

अथ येन शुद्धोपयोगेन पूर्वाक्तसुखं भवति तत्परिणतपुरुषलक्षणं प्रकाशयति - **सुविदिदपयत्थसुत्तो** सुष्ठु संशयादिरहितत्वेन विदिता ज्ञाता रोचिताश्च निजशुद्धात्मादिपदार्थोस्तत्प्रतिपादकसूत्राणि च येन स सुविदितपदार्थसूत्रो भण्यते। **संजमतवसंजुदो** बाह्ये द्रव्येन्द्रियव्यावर्तनेन षडजीवरक्षणेन चाभ्यन्तरे निजशुद्धात्मसंवित्तिबलेन स्वरूपे संयमनात् संयमयुक्तः, बाह्याभ्यन्तरतपोबलेन कामक्रोधादिशत्रुभिरखण्डितप्रतापस्य स्वशुद्धात्मनि प्रतपनाद्विजयनात्तपःसंयुक्तः। **विगदरागो** वीतरागशुद्धात्मभावनाबलेन समस्तरागादिदोषरहितत्वाद्विगतरायः। **समसुहदुक्खो** निर्विकारनिर्विकल्पसमाधेरुद्गता समुत्पन्ना तथैव परमानन्दसुखरसे लीना तल्लया निर्विकारस्वसंवित्तिरूपा या तु परमकला तदवष्टम्भेनेष्टानिष्टेन्द्रियविषयेषु हर्षविषादरहितत्वासमसुखदुःख। **समणो** एवंगुणविशिष्टः श्रमणः परममुनिः **भणिदो सुद्धोवओगो त्ति** शुद्धोपयोगो भणित इत्यभिप्रायः।।१४।।

---

રાગ હોય છે ત્યારે તો શુદ્ધોપયોગ નથી. પણ આ તો શુદ્ધોપયોગ (જેને થયો છે) - રાગને છોડીને જેને શુદ્ધ પવિત્રતાના પરિણામ થયા છે - જેને શુદ્ધોપયોગનો વેપાર થયો છે - (તેની વાત છે). '**सुद्धसंपयोंगजुदो**' કહ્યો છે ને ? (૧૧મી ગાથા) દ્રવ્ય ને ગુણ (તો) પવિત્ર અને શુદ્ધ છે. તેમાં જેણે શુદ્ધોપયોગની રમતું માંડી (છે). એવા આત્માનું સ્વરૂપ કહે છે. -

ત્રણ લોકના નાથ વીતરાગ સર્વજ્ઞ જિન પરમેશ્વર સંતને શુદ્ધોપયોગી કહે છે. એ સંત કેવા હોય છે ? (તેની વાત છે). આહાહા ! ઝીણી વાત બાપુ !

ટીકા :- '**સૂત્રોના અર્થના જ્ઞાનબળ વડે...**' (અર્થાત્) ભગવાન પરમાત્માએ કહેલા આગમ - પરમાગમને સૂત્ર કહેવાય છે. એ સૂત્રોના અર્થના જ્ઞાનબળ વડે (અર્થાત્) એ સૂત્રોનો અર્થ જાણીને જેને તેનું જ્ઞાન થયું (છે). (પણ) ભગવાનના કહેલા પરમાગમ હો. આહાહા ! ઝીણી વાત છે. પ્રભુ ! શ્વેતાંબરના જે શાસ્ત્રો છે તે ભગવાનના કહેલા નથી. આકરું પડે એવું છે. આહાહા ! બે હજાર વર્ષ પહેલા તેઓ દિગંબર પંથમાંથી નીકળેલા છે અને પછી શાસ્ત્રો બનાવ્યા (છે). (તેથી) તે કલ્પિત શાસ્ત્રો છે. ભગવાનના કહેલા કે સમકિતીના કહેલા નથી. અરરર...! આવું સાંભળવું આકરું પડે ! ભાઈ ! અહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે શુદ્ધોપયોગે પરિણમેલા આત્માનું સ્વરૂપ નિરૂપે છે :-

**સુવિદિતસૂત્રપદાર્થ, સંયમતપ સહિત, વીતરાગ ને**
**સુખદુઃખમાં સમ શ્રમણને શુદ્ધોપયોગ જિનો કહે. ૧૪.**

**અન્વયાર્થ** :- (**सुविदितपदार्थसूत्रः**) જેમણે (નિજ શુદ્ધ આત્માદિ) પદાર્થોને અને સૂત્રોને સારી રીતે જાણ્યાં છે, (**संयमतपःसंयुतः**) જે સંયમ અને તપ સહિત છે, (**विगतरागः**) જે વીતરાગ અર્થાત્ રાગરહિત છે (**समसुखदुःखः**) અને જેમને સુખ-દુઃખ સમાન છે, (**श्रमणः**) એવા શ્રમણને (મુનિવરને) (**शुद्धोपयोगः इति भणितः**) 'શુદ્ધોપયોગી' કહેવામાં આવ્યા છે.

**ટીકા** :- સૂત્રોના અર્થના જ્ઞાનબળ વડે સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગના પરિજ્ઞાનમાં, શ્રદ્ધાનમાં અને વિધાનમાં (આચરણમાં) સમર્થ હોવાથી (અર્થાત્ સ્વદ્રવ્ય ને પરદ્રવ્યનું ભિન્નપણું જાણ્યું હોવાથી, શ્રદ્ધયું હોવાથી અને અમલમાં મૂક્યું હોવાથી) જે (શ્રમણ) 'પદાર્થોને અને (પદાર્થોના પ્રતિપાદક) સૂત્રોને જેમણે સારી રીતે જાણ્યાં છે એવા' છે, સમસ્ત છ જીવનિકાયને હણવાના વિકલ્પથી અને પાંચ ઇંદ્રિયો સંબંધી અભિલાષાના વિકલ્પથી આત્માને વ્યાવૃત્ત કરીને આત્માનું શુદ્ધ સ્વરૂપમાં સંયમન કર્યું હોવાથી અને સ્વરૂપવિશ્રાંત નિસ્તરંગ ચૈતન્ય પ્રતપતું હોવાથી જે 'સંયમ અને તપ સહિત' છે, સકળ મોહનીયના વિપાકથી ભેદની ભાવનાના ઉત્કૃષ્ટપણા વડે (અર્થાત્ સમસ્ત મોહનીયકર્મના ઉદયથી ભિન્નપણાની ઉત્કૃષ્ટ ભાવના વડે) નિર્વિકાર આત્મસ્વરૂપને પ્રગટ કર્યું હોવાથી જે 'વીતરાગ' છે, અને પરમ કળાના અવલોકનને લીધે શાતાવેદનીય તથા અશાતાવેદનીયના વિપાકથી નીપજતાં જે સુખ-દુઃખ તે સુખ-દુઃખજનિત પરિણામની વિષમતા નહિ અનુભવાતી હોવાથી (અર્થાત્ પરમ સુખ-રસમાં લીન નિર્વિકાર સ્વસંવેદનરૂપ પરમ કળાના અનુભવને લીધે ઇષ્ટાનિષ્ટ સંયોગોમાં હર્ષશોકાદિ વિષમ પરિણામો નહિ અનુભવાતા હોવાથી) જે 'સમસુખદુઃખ' છે, એવા શ્રમણ શુદ્ધોપયોગી કહેવાય છે. ૧૪.

---

તો સૂત્રો ભગવાનના શ્રીમુખેથી (નીકળેલી વાણી છે). 'મુખ ૐકાર ધુનિ સુનિ અર્થ ગણધર વિચારૈ...' સાક્ષાત્ ત્રણ લોકના નાથની ૐધ્વનિ છૂટે (છે) તેમાંથી અર્થ ગણધર વિચારે (છે). 'રચિ આગમ ઉપદિશૈ ભવિક જીવ સંશય નિવારૈ...' આહાહા ! એવા જે પરમ આગમ છે... આનું (આ મંદિરનું) નામ પરમાગમ છે ને ? આ (જે) પોણા ચાર લાખ અક્ષર છે તે પરમાગમના છે. તેથી આનું નામ પરમાગમ (મંદિર) છે. પોણા ચારલાખ અક્ષર છે. ૧૫ હજાર તો સોનાના છે. ૮ હજાર કરવાના હતા પછી અમે ના પાડી (કહ્યું), 'રહેવા દો ભાઈ ! આ જંગલમાં આવી પડ્યા છીએ.' દેનારા તો ઘણા છે. કહે છે '૬૦ હજાર સોનાના કરવા છે. આપણે કોઈને કોઈ દિવસ કહ્યું નથી. પણ કરતા હોય તેને ના પાડવી પડે. એના જે અક્ષરો છે એ આગમના છે.

આહાહા ! ભગવાનના શ્રીમુખેથી નીકળેલા આ પરમાગમ-સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય અને અષ્ટપાહુડ આદિ - છે. આહાહા ! એવા '**સૂત્રોના અર્થના જ્ઞાનબળ વડે...**' (અરે !) હજી સૂત્રો કોને કહેવા તે પણ તેને સમજમાં આવ્યા નથી. અરેરે ! જગતમાં શું થાય (છે) ? અનાદિથી રખડતા-રખડતા એવા તેને, સત્યશાસ્ત્ર કોને કહેવાય તેની ખબર પણ નથી. આહાહા તો એ પરમાગમરૂપી સૂત્રોનો અર્થ (જોયું) ? પાછો સૂત્રોનો ભાવ કહ્યો (છે). તેના જ્ઞાનબળ વડે '**સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગના પરિજ્ઞાનમાં...**' આહાહા ! એ પરમાગમમાં એ કહ્યું છે કે ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સ્વદ્રવ્ય (છે) અને વાણી, શરીર, કર્મ ને રાગ એ બધું પરદ્રવ્ય છે. આહાહા ! સૂત્રોમાં આ કહ્યું છે એવું તેણે (શુદ્ધોપયોગીએ) જ્ઞાનબળ વડે જાણ્યું. આહાહા ! આનાથી જો બીજો અર્થ કરે તો તે સૂત્રોના અર્થને જાણતો નથી.

(અહીંયા શું કહે છે ?) કે સૂત્રોના અર્થના જ્ઞાનબળ વડે... એટલે કે તેમાં શું કહ્યું છે તેના જ્ઞાનબળ વડે. તેમાં સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનો વિભાગ કહ્યો છે. આહાહા ! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ (છે). શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણ અને તેની અતીન્દ્રિય જ્ઞાનની જે પર્યાય (છે) તેને આત્મા - સ્વદ્રવ્ય કહ્યો (છે). અને શરીરાદિ, કર્માદિ અને રાગાદિ એ બધાં - દયા, દાન અને વ્રતના એ બધાં પરિણામ પણ - પરદ્રવ્યમાં જાય છે. - આવું આગમમાં લખ્યું - કહ્યું હતું તેનું તેણે સાચું જ્ઞાન કર્યું (છે). (તેમ કહે છે).

શું કહ્યું એ ? કે '**સૂત્રોના અર્થના જ્ઞાનબળ વડે સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગના પરિજ્ઞાનમાં**' - પૂર્ણ જ્ઞાનમાં... આહાહા ! પરિજ્ઞાન એટલે સમસ્ત પ્રકારે સાચું જ્ઞાન. આહાહા ! જેણે સૂત્રના અર્થમાંથી - પોતાનામાંથી જ્ઞાન કાઢ્યું (છે) તે જ્ઞાનબળ વડે. શુભરાગ વડે કે અશુભરાગ વડે એમ સૂત્રમાં કહ્યું નથી. આહાહા ! (પણ) જ્ઞાનબળ વડે '**સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગના પરિજ્ઞાનમાં સમર્થ હોવાથી...**' શુદ્ધોપયોગ આ (જીવને) થાય (એમ કહેવું છે). કે જેને સ્વ અને પરદ્રવ્યનો વિભાગ થયો છે, વિવેક થયો છે, ભિન્નતા થઈ છે તેને શુદ્ધોપયોગ થવાનો પ્રસંગ છે, (તેમ કહે છે). વિશેષ કહેશે.

## (તા. ૧૫-૧-૧૯૭૯ – પ્રવચન નંબર-૯)

(પ્રવચનસાર) - ૧૪મી ગાથા (ચાલે છે). શુદ્ધોપયોગરૂપે થયેલા આત્માનું સ્વરૂપ (એટલે કે) શુભાશુભ પરિણામથી રહિત શુદ્ધસ્વરૂપે પરિણમેલા - શુદ્ધોપયોગે (પરિણમેલા) એવા જીવનું સ્વરૂપ શું છે એ કહે છે. (તો કહે છે કે) '**સૂત્રોના અર્થના જ્ઞાનબળ વડે**' (અર્થાત્) ભગવાનના કહેલા જે પરમાગમ સૂત્રો (છે) તેના અર્થના જ્ઞાનબળ વડે (એટલે કે) તેમાં જે કહેવાનો ભાવ છે તે જાણીને. તેમાં શું કહેવાનો ભાવ છે ? કે '**સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગના પરિજ્ઞાનમાં...**' '**સૂત્રોના અર્થના જ્ઞાનબળ વડે સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગના પરિજ્ઞાનમાં...**' સૂત્રોમાં એમ કહ્યું છે કે સ્વદ્રવ્ય અને પરદ્રવ્યને ભિન્ન જાણ. સ્વદ્રવ્ય ભગવાન આત્માને અને પરદ્રવ્યને ભિન્ન જાણવા. એ સૂત્રોના કહેલા અર્થનું આ સ્વરૂપ છે અને પદાર્થનું પણ એ સ્વરૂપ છે. સૂત્રોમાં પદાર્થનું આવું સ્વરૂપ કહ્યું છે તેને સ્વજ્ઞાન - સ્વદ્રવ્યનું જ્ઞાન અને પરદ્રવ્યનો તેમાં અભાવ છે, (એવું) જ્ઞાન પહેલું હોવું જોઈએ. અહીંયા પહેલી જ્ઞાનથી વાત લીધી છે. (કેમકે) જ્ઞાનપ્રધાન (કથન) છે ને ? એટલે શ્રદ્ધા પછી લેશે. શું કહ્યું એ ? (કે) સૂત્રોના અર્થમાં (જે) આ કહ્યું છે તેના જ્ઞાનબળ વડે. - તેમાં એમ કહ્યું છે કે સ્વદ્રવ્ય જે જ્ઞાયક ભગવાન (છે) અને પરદ્રવ્ય સ્વરૂપ જે રાગાદિ પર (છે) તેને ભિન્ન જાણવા. આહાહા ! ભલે સ્વદ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અને પરદ્રવ્ય - (બે) છે. પણ બેયને ભિન્ન - વિભાગ (કરીને) જાણવા. અહીંયા સ્વદ્રવ્યનો આશ્રય લેતાં જ્ઞાન થાય (છે) એ અપેક્ષા લીધી નથી. (પણ) અહીંયા તો સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનો વિભાગ પડીને (જે) જ્ઞાન થાય (છે) તેને જ્ઞાન કહ્યું (છે). (કેમ કે આ) જ્ઞાનપ્રધાન કથન છે ને ! સમજાણું કાંઈ ? આહાહા ! સૂત્રોમાં એમ કહ્યું છે. તે સૂત્રોનો અર્થ (પણ) એ છે. જેણે સૂત્રના આ અર્થને જાણ્યો (છે) તેણે પદાર્થનું સ્વરૂપ (જાણ્યું છે). સ્વથી પર ભિન્ન અને પરથી સ્વ ભિન્ન - એમ જેણે જ્ઞાન કર્યું (છે તે) તે જ્ઞાનબળ વડે સ્વદ્રવ્યને અને પરદ્રવ્યને ભિન્ન જાણે છે. આહાહા ! આવી વાત છે ! છે શુદ્ધોપયોગની વાત. પણ આવું પહેલું એને જ્ઞાન હોવું જોઈએ (તેમ કહે છે). સમજાણું કાંઈ ?

પદાર્થનું જે જાતનું સ્વરૂપ સૂત્રોમાં કહ્યું છે તે જેણે જાણ્યું (છે એટલે કે) સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનો વિભાગ (જાણ્યો છે). છે ને (અંદર) ? કે '**સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગના પરિજ્ઞાનમાં...**' (અર્થાત્) પૂરા જ્ઞાનમાં... 'પરિજ્ઞાન' છે ને ? (તો) 'પરિ' એટલે પૂરું - સમસ્ત પ્રકારે પૂરું જ્ઞાન. આનંદ અને જ્ઞાનસ્વરૂપ સ્વદ્રવ્ય ભગવાન આત્માનું અને પરનું - ભલે રાગાદિ પરજ્ઞેય (છે). તેનું પણ પરથી ભિન્ન જ્ઞાન. અહીં એકલા સ્વના આશ્રયના જ્ઞાનની વાત નથી લેવી. સમજાણું કાંઈ ? અહીંયા જ્ઞાનપ્રધાન કથન છે તેથી, સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગનું જ્ઞાન (એમ લેવું છે). આહાહા ! જેવું સૂત્રોમાં કહ્યું છે તે રીતે આ (શુદ્ધોપયોગી) કરે છે (તેમ કહે છે). આહાહા !

સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગના - વિવેકના - વહેંચણીના - ભેદના પરિજ્ઞાનમાં... એકવાત. આહાહા ! આવું પહેલું જ્ઞાન (તેને) હોવું જોઈએ. નહીંતર તેને શુદ્ધોપયોગ થઈ શકે નહીં (એમ કહે છે). આહાહા ! અને સૂત્રોના અર્થના જ્ઞાનબળ વડે સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના 'શ્રદ્ધાનમાં...' ભાઈ ! આમાં બેય લીધાં છે (કે) સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગની શ્રદ્ધા. (પણ) એકલા સ્વદ્રવ્યની (શ્રદ્ધા લીધી નથી). '**भूयत्थमस्सिदो खलु**' - એ દૃષ્ટિની પ્રધાનતાથી કથન છે. (સમયસાર ૧૧ ગાથા). આહાહા ! જ્યારે અહીંયા જ્ઞાનપ્રધાન કથનમાં, જ્ઞાયકસ્વરૂપ ભગવાન (આત્મા) અને જે પર - રાગાદિ પર - વસ્તુ (છે તે) બેયનું પરથી ભિન્ન જ્ઞાન (લીધું છે). એકલું સ્વનું જ્ઞાન - એમ નહિ. એ પાછળ આવે છે ને ? ચરણાનુયોગમાં (ગા. ૨૪૨) પાછળ આવે છે કે જ્ઞાયક - સ્વ જ્ઞાયક અને જ્ઞેય - તે બેનું યથાર્થ જ્ઞાન (તે સમ્યગ્જ્ઞાન છે) અને તે બેની યથાર્થ શ્રદ્ધા (અર્થાત્) સ્વજ્ઞાન અને પરજ્ઞેયની યથાર્થ શ્રદ્ધા (તે સમ્યગ્દર્શન છે). આહાહા ! એટલે કે રાગાદિ જે છે (તે બંધનું કારણ છે). (અર્થાત્) શુભરાગ છે એ બંધનું કારણ છે અને અશુભ રાગ છે એ (પણ) બંધનું કારણ છે - એમ પરદ્રવ્યના વિભાગની શ્રદ્ધા (એ સમ્યગ્દર્શન છે). (જો કે અહીંયા) પહેલું જ્ઞાન લીધું છે. આહાહા ! છે (તો) આ મુનિપણાના શુદ્ધોપયોગની વ્યાખ્યા કે શુદ્ધોપયોગ કોને કહે. પણ તે શુદ્ધોપયોગ પહેલા આ જોઈએ એમ કહે છે. આહાહા !

સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની વહેંચણી કરી - ભિન્ન પાડ્યા - ભેદજ્ઞાન કર્યું તેનું નામ જ્ઞાન (છે). અને સ્વદ્રવ્ય અને પરદ્રવ્યને ભિન્ન શ્રદ્ધા (તે સમ્યગ્દર્શન છે). કહો ! આમાં શ્રદ્ધાનો - સમ્યગ્દર્શનનો અધિકાર આવ્યો ! સ્વદ્રવ્ય ભગવાન આત્મા ! અને પરની - શરીરાદિ કે કર્માદિ કે રાગાદિની - પરથી ભિન્ન એવી જે શ્રદ્ધા (તે સમ્યગ્દર્શન છે). સમજાણું કાંઈ ? - બે (વાત થઈ). જ્ઞાન અને શ્રદ્ધાની (પહેલી) વાત કરી. હવે અહીં તો શુદ્ધોપયોગવાળો જીવ લેવો છે ને ? (તો) તેને પહેલું આ તો હોવું જોઈએ અને (હવે કહે છે કે) સ્વપરના વિભાગના '**વિધાનમાં**' (અર્થાત્) સ્વ અને પરના વિભાગના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'આચરણમાં સમર્થ હોવાથી...'** આહાહા ! સ્વ-પરના વિભાગનું જ્ઞાન કર્યું અને સૂત્રોમાં પણ એમ (કહ્યું) હતું. (તથા) સ્વ-પરના વિભાગની શ્રદ્ધા કરી (અને) સૂત્રોમાં પણ એમ (કહ્યું) હતું. (એટલે કે) સૂત્રોએ એને આ રીતે કહ્યું હતું. (તેથી), તેનો બીજો અર્થ કરે તો, તે સૂત્રોના અર્થને સમજતો નથી. આહાહા ! અને તેના **'આચરણમાં સમર્થ હોવાથી...'** - એ ત્રીજો બોલ લીધો (છે). સ્વ અને પરના વિભાગના (આચરણમાં) (અર્થાત્) સ્વના આચરણમાં સમર્થ હોવાથી પરમાનંદનો નાથ પ્રભુ શુદ્ધ ભગવાન આત્માના આચરણમાં એટલે કે આત્માના આચરણમાં એટલે કે રાગ અને કર્મથી ભિન્ન પડીને આત્માના આચરણમાં સમર્થ હોવાથી. છે (અંદર) ? **'સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનું ભિન્નપણું જાણ્યું હોવાથી, શ્રધ્યું હોવાથી...'** આહાહા ! સ્વદ્રવ્ય અને પરદ્રવ્યને ભિન્ન શ્રદ્ધયું હોવાથી... છે ને ? અને **'અમલમાં...'** વિધાનમાં એટલે **'અમલમાં મૂક્યું હોવાથી...'** આહાહા ! એ ચારિત્ર આવ્યું. **'જે (શ્રમણ)...'** હવે અહીં તો ચારિત્ર સહિત - સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર સહિત – શ્રમણની (વાત છે). આહાહા ! સમજાણું કાંઈ ? એને એમ જાણવું તો જોશે કે નહીં ? કે સાધુ કેવા શુદ્ધોપયોગી હોય (છે) ? અને એ શુદ્ધોપયોગનું ફળ તેમને (મુનિને) મોક્ષ (છે).

પહેલા તો સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગના જ્ઞાન અને શ્રદ્ધાન તો (થયા). હવે તે ઉપરાંત સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગના (આચરણમાં) (અર્થાત્) સ્વના આચરણમાં (તે) સમર્થ છે. (એટલે કે) રાગના અને પરના આચરણને છોડીને સ્વરૂપના આચરણમાં - જે આત્મા આનંદ અને જ્ઞાન(સ્વરૂપ છે) તેના આચરણમાં (તે) સમર્થ છે. તે ચારિત્ર (છે). આહાહા ! (આવા) **'જે (શ્રમણ) પદાર્થોને અને (પદાર્થોના) પ્રતિપાદક સૂત્રોને...'** જોયું ? સૂત્રોના પદાર્થને આમ કહ્યાં છે. એ પદાર્થોને અને તેના કહેનારા સૂત્રોને... આહાહા ! શ્રમણ, કે જેને સ્વપર પદાર્થોના ભિન્ન જ્ઞાન અને શ્રદ્ધાન થયા છે તથા સ્વપર પદાર્થોનું ભિન્ન આચરણ થયું છે તે, એવા પદાર્થોને અને પદાર્થોના કહેનારા સૂત્રોને... પાઠમાં બે છે ને ? **'સુવિદિતસૂત્રપદાર્થ'** એમ પાઠ છે ને ? (તો) સુવિદિત = સુ+વિદિત=સમ્યક્ પ્રકારે જેણે જાણ્યા છે. આહાહા ! સૂત્રો અને સૂત્રોના અર્થોને (શ્રમણે) સમ્યક્ પ્રકારે જાણ્યા છે. અને તેથી તેને પદાર્થોનું જ્ઞાન પણ સમ્યક્ પ્રકારે થયું છે. આહાહા ! - એ **'સુવિદિતસૂત્રપદાર્થ'** ની વ્યાખ્યા કરી. એના ઉપરાંત હવે સંયમ અને તપની (વાત કરશે). આહાહા !

(તો કહે છે કે) સ્વ આચરણમાં સમર્થ હોવાથી જે શ્રમણે પરથી ભિન્ન એવા પદાર્થોને - સ્વને અને પરને - તથા પદાર્થના કહેનારા સૂત્રોને (જાણ્યા છે). (અર્થાત્) એ પદાર્થના કહેનારા સૂત્રો પણ પરથી ભિન્ન (આત્મ) પદાર્થને કહેવા માગે છે (એમ કહે છે). અહીં ભેદજ્ઞાન પ્રધાન કથન છે ને ? સમજાણું કાંઈ ? આહાહા ! જેમણે બે - પદાર્થોને અને તેને કહેનારા સૂત્રોને... (પાઠમાં પણ) બે છે ને ? આહાહા ! સૂત્રોમાં જેમ કહ્યું છે તે રીતે જાણ્યું છે અને પદાર્થને (પણ) તે રીતે પરથી ભિન્ન જાણ્યું અને શ્રદ્ધયું (છે) અને તેમાં જે ઠર્યો (છે). આહાહા ! (તેવા શ્રમણે) **'પદાર્થોને અને (પદાર્થોના પ્રતિપાદક) સૂત્રોને સારી રીતે જાણ્યાં છે.'** આહાહા ! (પદાર્થોને) સૂત્રોમાં પરથી ભિન્ન કહ્યાં છે. (તો) તેવી રીતે ભિન્ન કરીને (જેણે) જાણ્યું છે તેણે, સૂત્રોને અને પદાર્થને સારી રીતે જાણ્યા છે. સમજાય છે કાંઈ ? (પરંતુ) જે કોઈ વ્રત ને તપનો જે વિકલ્પ છે તેને ધર્મ માને છે તેણે, (સૂત્રોને જાણ્યા નથી). (કેમકે) સૂત્રોમાં એમ કહ્યું નથી. (પણ) (આત્મા) એ રાગથી ભિન્ન પદાર્થ છે એમ (સૂત્રમાં) કહ્યું છે. જે રાગતત્ત્વ પુણ્ય-પાપતત્ત્વ, આસ્રવતત્ત્વ છે તેનાથી ભગવાન આત્મા ભિન્ન છે. એમ સૂત્રમાં કહ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


છે અને પદાર્થનું (પણ) એ સ્વરૂપ છે. સમજાણું કાંઈ ? આહાહા ! એવી રીતે (જેણે જાણ્યું છે તેણે, સૂત્ર અને પદાર્થને) સારી રીતે જાણ્યા છે. (શ્રમણ) એવા (હોય) છે. આહાહા ! જેણે આવું યથાર્થ જાણ્યું છે અને તે રીતે યથાર્થ શ્રદ્ધા કરી છે તે હવે પોતાના સ્વરૂપમાં ઠરે છે (તેમ કહે છે). આહાહા ! આ શુદ્ધોપયોગની વ્યાખ્યા છે ને ! પણ પહેલા જેને સ્વ-પરના વિભાગનું જ્ઞાન જ નથી અને સ્વ-પરના વિભાગની શ્રદ્ધા જ નથી તે, પરથી ભિન્ન પડીને સ્વરૂપમાં ઠરી શકતો નથી. આહાહા ! બહુ કામ (આકરું) ! આહાહા ! ટીકા તે ટીકા છે ને ! આહાહા ! શ્રી અમૃતચંદ્રાચાર્ય જે વાતને કરે છે તે એટલી સ્પષ્ટ (કરે છે કે)....

શુદ્ધોપયોગ તેને હોય છે કે જેણે પરથી ભિન્ન ભગવાન આત્માને - સ્વદ્રવ્યને જાણ્યો છે, પરથી ભિન્ન સ્વદ્રવ્યની શ્રદ્ધા કરી છે અને જેણે એ ઉપરાંત પરદ્રવ્ય અને રાગાદિથી ભિન્ન સ્વરૂપમાં રમણતા કરી છે - સ્વરૂપનું આચરણ કર્યું છે. આહાહા ! (લ્યો !) આ આચરણ (છે). (પણ) લોકો આ શુભભાવને સદાચરણ કહે છે. (પણ) એ સદાચરણ નથી. (કેમકે) એ રાગનું આચરણ તો અસત્ આચરણ છે. (જ્યારે) આ સ્વરૂપનું અંતર આચરણ તે સદાચરણ છે. સત્ એવા જ્ઞાયકભાવ ભગવાન આત્માનું પરથી ભિન્ન જ્ઞાન, શ્રદ્ધાન કરીને સ્વરૂપમાં સદાચરણ આચરણ કરે છે. આહાહા ! તેને અહીંયા (સદાચરણ) - ચારિત્ર કહેવામાં આવ્યું છે.

(હવે કહે છે કે) '**સમસ્ત છ જીવનિકાયને હણવાના વિકલ્પથી**' રહિત છે. ચારિત્ર બતાવવું છે ને ? પછી શુદ્ધોપયોગ કહેવો છે ને ? (કહે છે કે) '**સમસ્ત છ જીવનિકાયને હણવાના...**' આહાહા ! સંયમ લેવું છે ને ! તો સંયમમાં છકાય, પાંચ ઈન્દ્રિય અને મન - (એ) બારથી ભિન્ન પડે છે. આવે છે ને ? આહાહા ! છકાયની દયા પાળવી - એમ અહીં નથી (કહેવું). (પણ) છ કાયને હણવાના વિકલ્પથી (આત્માને પાછો વાળવાની વાત છે) અને મોક્ષમાર્ગ પ્રકાશમાં આવે છે ને ભાઈ ? કે હિંસામાં પ્રમાદ પ્રધાન છે (અને) વિષયમાં (વિષયસેવનમાં) અભિલાષા પ્રધાન છે. (સાતમો અધિકાર) - એ અહીં ગોઠવ્યું છે.

શું કીધું ? કે મોક્ષમાર્ગ પ્રકાશકમાં (એમ આવે છે કે) હિંસાથી તો નિવૃત્તે છે. પણ હિંસામાં પ્રમાદ પ્રધાન છે તેને તો ઓળખતો નથી. આહાહા ! (અને) વિષયનો તો ત્યાગ કર્યો પણ વિષયની (વિષયસેવનની) અંદર અભિલાષા છે તેને તો તે ઓળખતો નથી. છે ને (ત્યાં) ? આહાહા ! મોક્ષમાર્ગ પ્રકાશકમાં પણ ગજબ કામ છે ને ! અને કલશ ટીકામાં કહ્યું છે ને ! કે 'પઠન, પાઠન, સ્મરણ, ચિંતન, સ્તુતિ, વંદના ઈત્યાદિ અનેક ક્રિયારૂપ વિકલ્પો વિષ સમાન કહ્યાં છે.' (કલશ-૧૮૯) જુઓને ! આહાહા ! એવો જે વિકલ્પો (છે તેને પણ) વિષ સમાન કહ્યાં છે - ઝેર સમાન કહ્યાં છે. આ પ્રવીણપણું જુદી જાતનું છે. આહાહા ! વ્રતનો - બાહ્ય વ્રતનો - પંચ મહાવ્રતાદિનો - જે વિકલ્પ છે તે ઝેર છે. (જ્યારે) અંતર વ્રત કે જે સ્વરૂપમાં ઠરવું એ છે તે તો, ચારિત્ર છે. આહાહા !

પ્રશ્ન :- આ તો વ્યવહાર સાધન છે ને ?

સમાધાન :- વ્યવહાર, સાધન નથી પણ તેને ઉપચારથી કહ્યું છે (અને) એ મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે ને ? કે ધર્મ તો નિશ્ચય છે એ જ છે. પણ તેના બાહ્ય સાધન ઉપચારથી કહેવામાં આવ્યા છે. ભાઈ ! એમાં એમ કહ્યું છે. આ મોક્ષમાર્ગ પ્રકાશક છે ને ? જુઓ ! લ્યો ! એ જ આવ્યું હોં. આહાહા ! સામે જ સૂત્ર આવે છે ને ! (તેમાં કહે છે કે) 'ચરણાનુયોગમાં જેમ જીવોને પોતાના બુદ્ધિગોચર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મનું આચરણ થાય તેવો ઉપદેશ આપ્યો છે. હવે ધર્મ તો નિશ્ચયસ્વરૂપ મોક્ષમાર્ગ છે તે જ છે.' આહાહા ! (જુઓ) ! આ મોક્ષમાર્ગ પ્રકાશક ! 'તેના સાધનાદિક' - (અર્થાત્) વ્યવહાર, નિમિત્તાદિ... સમયસારમાં (૧૧મી ગાથાના ભાવાર્થમાં) કહ્યું છે ને ! કે નિમિત્તને હસ્તાલંબ જાણીને ઘણું કહ્યું છે. પણ તેનું ફળ સંસાર છે. આહાહા ! ચારે કોરથી જુઓ તો સત્ય (જ) ઊભું થાય છે. આહાહા ! (અહીં મોક્ષમાર્ગ પ્રકાશકના આઠમા અધિકારમાં કહે છે કે) 'તેના સાધનાદિક ઉપચારથી ધર્મ છે. તેથી વ્યવહારનયની પ્રધાનતાથી નાનાપ્રકારરૂપ ઉપચાર ધર્મના ભેદાદિનું આમાં નિરુપણ કરવામાં આવે છે; કારણકે નિશ્ચયધર્મમાં તો કાંઈ ગ્રહણ-ત્યાગનો વિકલ્પ નથી, તથા નીચલી અવસ્થામાં વિકલ્પ છૂટતો નથી. તેથી આ જીવને ધર્મ વિરોધી કાર્યોને છોડાવવાનો તથા ધર્મ સાધનાદિ કાર્યોને ગ્રહણ કરવાનો આમાં ઉપદેશ છે.' આહાહા ! પછી તો, નિશ્ચયસહિતનો ઉપદેશ છે અને એકલા વ્યવહારનો પણ ઉપદેશ છે (એની) લાંબી વાત છે.

અહીં શું કહેવું છે ? કે જેમને પર અને સ્વના વિભાગનું - વહેંચણીનું જ્ઞાન યથાર્થ થયું છે (અર્થાત્) સૂત્રોમાં જેમ કહ્યું છે એવું જ જેને પદાર્થનું જ્ઞાન અંદર થયું છે અને સૂત્રોમાં જેમ કહ્યું છે એવું જ જેને પરથી વિભાગ કરીને સ્વની શ્રદ્ધા થઈ છે અને સૂત્રોમાં એમ કહ્યું છે કે સર્વ પરથી વિભાગ થઈને સ્વરૂપનું આચરણ કરવું તેને ચારિત્ર કહે છે. તો સૂત્રોમાં એમ કહ્યું છે તે રીતે પદાર્થનું સ્વરૂપ જેણે જાણ્યું છે, અનુભવ્યું છે અને (તેનું) આચરણ કર્યું છે. આહાહા ! અહીંયા હવે સંયમ લેવું છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન ઉપરાંત હવે સંયમની (વાત લે છે). (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનપૂર્વક જ સંયમ હોય છે અને તેથી જ) સંયમમાં 'સમ્' શબ્દ આવે છે ને ? 'યમ' એટલે કે સમ્યગ્દર્શન સહિત યમ.

આહાહા ! અને ભાઈ ! મોક્ષમાર્ગપ્રકાશકમાં એમ પણ આવે છે ને ? કે સાવદ્ય યોગનો ત્યાગ કરે છે. પણ શુભ વિકલ્પનો ત્યાગ કરી શકતા નથી. જેમ; કંદમૂળનો ત્યાગ કરે છે. ને હરિતકાય ખાય છે. પરંતુ તે હરિતકાયને ખાવામાં ધર્મ માનતો નથી. એમ એ સાવદ્ય યોગનો - અશુભનો ત્યાગ કર્યો. (પણ) શુભભાવના ત્યાગના પચ્ચખાણ કરતા નથી. કારણ કે તેમને હજી વિકલ્પ છે ને ? પણ જેમ કોઈ કંદમૂળને ત્યાગે છે ને હરિતકાય ખાય છે તો પણ, તેમાં ધર્મ માનતા (નથી), આહાહા ! અશુભનો ત્યાગ ને સ્વરૂપની દૃષ્ટિ-જ્ઞાન-રમણતા તો છે. હવે તેમાં અશુભનો (અર્થાત્) સાવદ્યયોગનો ત્યાગ (તો છે), (પણ) શુભરાગનો ત્યાગ નથી. (છતાં) પણ એ શુભરાગને (મુનિ) ધર્મ માનતા નથી. - એમ મોક્ષમાર્ગ પ્રકાશકમાં (સાતમા અધિકારમાં) આવે છે ને ! આહાહા ! મોક્ષમાર્ગ પ્રકાશકમાં પણ સિદ્ધાંતને જ સ્પષ્ટ કર્યો છે ! સત્યને જ (સ્પષ્ટ કર્યું છે) ! અરે ! આવા વખત ક્યારે મળે ભાઈ ? આહાહા ! જુઓને ! આ બિચારા જીવો ક્યાં પડ્યા છે ? અરેરે...!!!

(અહીં કહે છે કે) '**છ જીવનીકાયને હણવાના વિકલ્પથી અને પાંચ ઈન્દ્રિયો સંબંધી અભિલાષાના વિકલ્પથી આત્માને વ્યાવૃત કરીને...**' જોયું ? (માત્ર) બહારથી પાંચ ઈન્દ્રિયના વિષયોથી છૂટ્યો એમ નથી. (પણ અભિલાષાના વિકલ્પથી વ્યાવૃત કરીને) (અને) તેથી જ મોક્ષમાર્ગ પ્રકાશમાં કહ્યું ને ? કે પાંચ ઈન્દ્રિયના વિષય છોડ્યા પણ તેની અભિલાષા છોડી નથી. એટલે (તેથી અજ્ઞાનીએ) વિષય છોડ્યા જ નથી. અંદરમાં (વિષયની) મીઠાશ જ્યાં સુધી વર્તે છે ત્યાં સુધી તે પંચેન્દ્રિયના વિષયનો તેને ત્યાગ નથી. આહાહા ! (અજ્ઞાની) બહારથી વિષય સેવતો ન હોય અને સ્ત્રી આદિ બધાનો ત્યાગ (પણ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કર્યો હોય (છતાં) પણ તેને અંદરમાં ઊંડે ઊંડે તેની અભિલાષા રહ્યા કરે (છે). કેમકે સ્વદ્રવ્યનું જ્ઞાન અને શ્રદ્ધાન (તેને) નથી અને સ્વરૂપની રમણતા (પણ તેને) નથી. આહાહા ! એથી પાંચ ઈન્દ્રિયના બાહ્યના સંયોગો છોડ્યા હોવા છતાં, તેના તરફની જે ઈચ્છા નામ અભિલાષા (છે) તે છોડી નથી માટે, તે વિષયનો ત્યાગી નથી. આહાહા ! શું વાત ! મોક્ષમાર્ગ પ્રકાશક લ્યો કે આ કળશ ટીકા લ્યો કે આ સમયસાર આદિ કોઈપણ સિદ્ધાંત લ્યો - (એક જ વાત છે). આહાહા ! આવી વસ્તુ એમાં છે. (ત્યાં) રાગનો અવકાશ ક્યાં છે કે જેથી રાગથી અંદર ધર્મ થાય ? વ્રતના પરિણામથી (ધર્મ થાય) ? આહાહા ! અહીં તો વ્રતના પરિણામથી ભિન્ન સ્વરૂપનું આચરણ (શ્રમણે) કર્યું છે એમ કહ્યું છે. વ્રતના પરિણામને પરમાં નાખીને, પરના વિભાગથી સ્વનું જ્ઞાન-શ્રદ્ધાન કરીને સ્વના આચરણમાં (શ્રમણ) આવ્યો છે (એમ કહે છે). આહાહા ! આવી વાત છે. ભાઈ !

(કહે છે કે) '**પાંચ ઈન્દ્રિયો સંબંધી અભિલાષાના વિકલ્પથી...**' છે ને ? કે '**વિકલ્પથી આત્માને વ્યાવૃત્ત કરીને...**' આહાહા ! પાંચ ઈન્દ્રિયના બહારના વિષય તો અનંતવાર છોડ્યા, પણ અંદર અભિલાષા છૂટી નથી. આહાહા ! કેમકે આનંદનો સ્વાદ આવ્યો નથી. તેથી વિષયના અભિલાષનો સ્વાદ તેને આવ્યા વિના રહેતો નથી. આહાહા ! '**પાંચ ઈન્દ્રિયો સંબંધી અભિલાષાના વિકલ્પથી**' જોયું ? '**વિકલ્પથી આત્માને વ્યાવૃત્ત કરીને**' (અર્થાત્) આત્માને પાછો વાળીને, અટકાવીને, અલગ કરીને. '**વિકલ્પથી વ્યાવૃત્ત કરીને આત્માનું શુદ્ધ સ્વરૂપમાં સંયમન કર્યું**' (છે). સમજાણું કાંઈ ? પાંચ ઈન્દ્રિયના વિષયના અભિલાષાથી - વિકલ્પથી છૂટીને આત્માનું શુદ્ધ સ્વરૂપમાં સંયમન કર્યું છે. (અર્થાત્) વિકલ્પને છોડીને શુદ્ધ સ્વરૂપમાં સંયમ કર્યો છે, સંયમનું આચરણ કર્યું છે. આહાહા !

(કહે છે કે) આત્માને વ્યાવૃત્ત કરીને... (પણ) આ રીતે હોં ! (કે) અભિલાષાના વિકલ્પથી વ્યાવૃત્ત કરીને. મોક્ષમાર્ગ પ્રકાશકમાં (૭મો અધિકાર) આવે છે ને ? કે (અજ્ઞાની) નિમિત્તોને છોડવાનો પ્રયત્ન કરે છે પણ તેના પ્રત્યેની જે અભિલાષા છે તેને છોડવાનો પ્રયત્ન નથી કરતો. આહાહા ! અને એ અભિલાષા છૂટે ક્યારે ? કે પ્રથમ સ્વ-પરનું (ભિન્ન) જ્ઞાન ને સ્વ-પરની ભિન્ન શ્રદ્ધા (થાય) અને (પછી) પરથી ભિન્ન પડીને સ્વરૂપમાં ઠરે ત્યારે તેને તે જાતનું સંયમ થાય. આહાહા ! અરેરે ! આવી વાતો ભાઈ ! લોકોને આકરી (પડે છે). (કેમકે) અત્યારે તો આ બાહ્યની હો-હો, હો-હા (ચાલે છે). (અજ્ઞાની) પાંચ ઈન્દ્રિયના વિષયને - નિમિત્તને છોડવાનો પ્રયત્ન કરે છે. પણ અંદરના ભાવને - વિકલ્પને - દશાને - છોડવાનો પ્રયત્ન નથી કરતો. મોક્ષમાર્ગ પ્રકાશકમાં (૭મો અધિકાર) કહ્યું છે કે 'બાહ્ય ત્રસ-સ્થાવરની હિંસા ને પાંચ ઈન્દ્રિય-મનના વિષયોમાં પ્રવૃત્તિને અવિરતી માને, પણ હિંસામાં પ્રમાદ પરિણતિ મૂળ છે તથા વિષયસેવનમાં અભિલાષા મૂળ છે તેને અવલોકે નહીં.' આહાહા ! 'બાહ્ય ક્રોધાદિ કરવો તેને કષાય જાણે, પણ અભિપ્રાયમાં જે રાગ-દ્વેષ રહેલા છે તેને ઓળખતો નથી. તથા બાહ્ય ચેષ્ટા થાય તેને યોગ જાણે, પણ શક્તિભૂત યોગોને ન જાણે.' આહાહા ! 'વળી રાગ-દ્વેષ-મોહરૂપ જે આસ્ત્રવભાવ છે, તેનો તો નાશ કરવાની ચિંતા નથી, અને બાહ્ય ક્રિયા વા બાહ્ય નિમિત્ત મટાડવાને ઉપાય રાખે છે.' આહાહા ! જોયું ? કેટલી વાત કરી છે !

અહીં કહે છે કે (શુદ્ધોપયોગી) પાંચ ઈન્દ્રિયના વિષયના અભિલાષાના વિકલ્પથી વ્યાવૃત્ત થયો છે. (અજ્ઞાની કહે છે કે) પાંચ ઈન્દ્રિયના વિષયથી નિવૃત્ત થયો છે એટલે વિષયનો ત્યાગી થયો છે પણ અહીં (મોક્ષમાર્ગ પ્રકાશકમાં) કહે છે કે ના. આહાહા ! (તેમાં કહે છે કે) 'બાહ્ય ક્રિયા વા બાહ્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિમિત્ત મટાડવાનો ઉપાય રાખે છે, પણ એ મટવાથી કોઈ આસ્ત્રવ મટતા નથી. કારણકે દ્રવ્યલિંગી મુનિ અન્ય દેવાદિકની સેવા કરતા નથી, હિંસા વા વિષયોમાં પ્રવર્તતા નથી.' જોયું ? 'ક્રોધાદિ કરતા નથી, તથા મન-વચન-કાયાને રોકે છે, તો પણ તેને મિથ્યાત્વાદિ ચારે આસ્ત્રવ હોય છે; બીજું એ કાર્યો તેઓ કપટ વડે પણ કરતા નથી.' (જો) કપટ વડે કરે તો નવમી ગ્રૈવેયક (સુધી) જાય નહિ. આહાહા ! ભારે કહ્યું છે. થોડું થોડું, હળવે-હળવે સમજવા જેવું છે. આવું છે પ્રભુ !

(અહીં કહે છે કે) આત્માને અભિલાષાના વિકલ્પથી વ્યાવૃત્ત કરીને... જોયું ? પાંચ ઈન્દ્રિયના વિષયોનો ત્યાગ કરીને એમ નહીં. (કેમ કે) એ તો નિમિત્તનો ત્યાગ થયો. આહાહા ! (પણ) (આત્માને અભિલાષા વિકલ્પથી વ્યાવૃત્ત કરીને) '**આત્માનું શુદ્ધ સ્વરૂપમાં સંયમન કર્યું.**' પાછું (અભિલાષાના વિકલ્પથી) વ્યાવૃત્ત કરીને તે શુભ(ભાવમાં) પ્રવર્ત્યો છે એમ નથી. (કેમકે) એ તો વિકલ્પથી (જ) નિવૃત્યો છે. એટલે શુભભાવથી પણ નિવૃત્યો છે. આહાહા ! (વિકલ્પથી) વ્યાવૃત્ત થયો છે એટલે પાછું કોઈ એમ કહે કે તે અશુભથી તો નિવૃત્યો છે પણ, શુભમાં પ્રવર્તે છે તો એમ નથી. આહાહા ! (કહે છે કે) '**શુદ્ધસ્વરૂપમાં સંયમન કર્યું હોવાથી...**' - એ (ચોથી વાત થઈ). જ્ઞાન, શ્રદ્ધા, આચરણ અને સંયમ - (એ ચાર વાત લીધી). હવે તપની (વાત કરે છે કે) '**અને સ્વરૂપવિશ્રાંત નિસ્તરંગ ચૈતન્ય પ્રતપતું હોવાથી...**' આહાહા ! (અજ્ઞાની) તો આહાર છોડ્યો અને આ કર્યું એટલે થઈ ગયા તપ (તેમ માને છે). એ તપ નથી. આહાહા ! (તપ તો) 'विषयकषाय आहारो त्यागो जत विज्यते' છે. બાકી બધું તો લાંઘણું છે. આહાહા !

(અહીં કહે છે કે) '**સ્વરૂપ વિશ્રાંત...**' છે (અંદર) ? (અર્થાત્) સ્વરૂપમાં ઠરી ગયેલું. જુઓ ! આને તપ કહે છે. નિસ્તરંગ એટલે કે તરંગ વિનાનું; ચંચળતા રહિત; શાંત; વિકલ્પ વગરનું. જ્યાં વિકલ્પ ન હોય ત્યાં તેને તપ કહેવામાં આવે છે. આહાહા ! (તો કહે છે કે) '**નિસ્તરંગ ચૈતન્ય પ્રતપતું હોવાથી...**' જોયું ? સ્વરૂપ વિશ્રાંત (અને) નિસ્તરંગ (એટલે કે) સ્વરૂપમાં ઠરવું અને વિકલ્પનો અભાવ - એમ બે વાત લીધી એવું ચૈતન્ય પ્રતપતું હોવાથી (એટલે કે) ચૈતન્યસ્વરૂપ (આત્મા) પોતે જ પ્રતાપે છે (તેમ કહે છે ). આહાહા ! (પ્રતપતું એટલે) પ્રતાપવંત હોવું; ઝળહળતું; દેદીપ્યમાન હોવું. આહાહા ! આને તપ કહે છે. લ્યો ! છે (અંદર) ? (કે) સ્વરૂપ વિશ્રાંત નિસ્તરંગ એવું જે ચૈતન્ય પ્રતપતું હોવાથી આહાહા ! જેમ ગેરુ લગાડવાથી સોનું ઓપે છે અને શોભે છે એમ આ ચૈતન્ય પ્રતપતું હોવાથી. આહાહા ! (અર્થાત્) ચારિત્ર સહિત વિશ્રાંત સ્વરૂપમાં ઉગ્ર(રીતે) રમે છે. આહાહા ! અને નિસ્તરંગ છે. (એટલે કે) તેને વિકલ્પ નથી. એવું ચૈતન્ય પ્રતપતું હોવાથી - ચૈતન્ય વસ્તુ જે ભગવાન આત્મા (છે તે) પ્રતપતું હોવાથી - (અર્થાત્) વિશેષે તપતું (હોવાથી) એટલે કે ઉગ્ર રીતે સ્થિર થતું (હોવાથી) ચારિત્રથી પણ ઉગ્ર થાય તેને અહીં તપ કહેવામાં આવે છે. આહાહા !

'**જે સંયમ અને તપ સહિત છે....**' (પણ) આવું સંયમ-શુદ્ધ સ્વરૂપમાં સંયમ એ (સંયમ). અને આવું તપ. અને પહેલા કહ્યા એવા જ્ઞાન ને દર્શન. એ જ્ઞાન, દર્શન, સંયમ અને તપ સહિત જે છે. અહીં હવે શુદ્ધોપયોગ સિદ્ધ કરવો છે ને ? આહાહા ! (પણ) આ જ્ઞાન, આ દર્શન, આ સંયમ અને આ તપ (છે) અને એમ (જ) સૂત્રોમાં કહ્યું છે. તેનાથી જો વિપરીત માને તો, (તેમ) સૂત્રોમાં કહ્યું નથી. આહાહા !

(કહે છે કે) '**સકળ મોહનીયના વિપાકથી - ભેદથી ભાવનાના ઉત્કૃષ્ટપણા વડે...**' આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સકળ મોહનીયનો વિપાક (એટલે) રાગનો પાક આવે (તે) (અને) તેના ભેદની ભાવનાના (એટલે કે) તેનાથી ભિન્નપણાની ભાવનાના ઉત્કૃષ્ટપણા વડે '**(અર્થાત્ સમસ્ત મોહનીય કર્મના ઉદયથી ભિન્નપણાની ઉત્કૃષ્ટ ભાવના વડે) નિર્વિકાર આત્મસ્વરૂપને પ્રગટ કર્યું.**' (અર્થાત્) નિર્વિકાર ભગવાન આત્મા ! રાગ રહિત એવા વીતરાગી નિર્વિકલ્પ આત્મસ્વરૂપને પ્રગટ કર્યું '**હોવાથી જે 'વીતરાગ' છે.**' આહાહા ! આવી વાતુ ! નિર્વિકાર આત્મસ્વરૂપ ભગવાન આત્મા ! અતીન્દ્રિય આનંદસ્વરૂપ નિર્વિકલ્પ (અને) નિર્વિકાર (છે). એવા આત્મસ્વરૂપને પ્રગટ કર્યું હોવાથી... આહાહા ! આ મુનિ ! (આવા મુનિ હોય છે). પંચ મહાવ્રત પાળતા હોવાથી કે નગ્ન હોવાથી મુનિ (છે) એમ નથી. આહાહા ! ઝીણી વાત બહુ ભાઈ ! આહાહા !

'**અને પરમકળાના અવલોકનને લીધે...**' કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવનારી અને આનંદ સ્વભાવમય એવી પરમકળાના અવલોકનને લીધે... આહાહા ! '**સમસુખદુઃખ**' કહેવા છે ને ? (તો કહે છે કે) '**પરમકળાના અવલોકનને લીધે**' (અર્થાત્) આનંદસ્વરૂપ જ્ઞાનમૂર્તિ પ્રભુ ભગવાન (આત્માને) પૂર્ણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરાવનાર જે પરમકળા (છે) તેના અવલોકનને લીધે '**શાતાવેદનીય તથા અશાતાવેદનીયના વિપાકથી નિપજતાં જે સુખ-દુઃખ**' (અર્થાત્) સંયોગ. શાતાવેદનીયથી મળતા અનુકૂળ સંયોગોને સુખ કહીએ અને અશાતાના ઉદયથી મળતી પ્રતિકૂળતાઓને દુઃખ કહીએ. અહીં સુખ-દુઃખની કલ્પનાની વાત નથી. સમજાણું કાંઈ ? '**તે સુખદુઃખજનિત પરિણામની વિષમતા નહીં અનુભવાતી હોવાથી...**' આહાહા ! શરીરને અનુકૂળતાનો પાર ન હોય (કે) અશાતાના દુઃખનો - પ્રતિકૂળતાનો પાર ન હોય. છતાં (પણ) તે સુખ-દુઃખ જનિત (અર્થાત્) સંયોગથી ઉત્પન્ન થતાં પરિણામની વિષમતા નહિ અનુભવાતી હોવાથી ('**જે સમસુખદુઃખ છે.**') આહાહા ! અનુકૂળતામાં રાગ અને પ્રતિકૂળતામાં દ્વેષ એવા સુખદુઃખમાં ઉત્પન્ન થતી જે વિષમતા તેમને (શ્રમણને) અનુભવાતી નથી. આહાહા ! '**અર્થાત્ પરમ સુખરસમાં લીન...**' પરમ સુખરસ (એટલે) આનંદ. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ (છે). તેના આનંદના રસમાં લીન (એવી) '**નિર્વિકાર સ્વસંવેદનરૂપ પરમકળાના અનુભવને લીધે...**' જોયું ? આ કળા (છે). આહાહા ! '**નિર્વિકાર સ્વસંવેદનરૂપ પરમકળા**' આ કળા (છે). આહાહા !

અતીન્દ્રિય આનંદ(સ્વરૂપ) પ્રભુ ભગવાન આત્માનું પરથી ભિન્ન જ્ઞાન (કરવું), તેની પરથી ભિન્ન શ્રદ્ધા (કરવી) અને તેમાં પરથી ભિન્ન (થઈ) ઠરવું (તથા) તેમાં પ્રતપન ચૈતન્યની ઉગ્ર નિર્વિકલ્પ દશા થવી (તે પરમકળા છે). એવી '**પરમકળાના અનુભવને લીધે ઇષ્ટ-અનિષ્ટ સંયોગોમાં...**' જોયું ? સુખદુઃખ એટલે ઇષ્ટ-અનિષ્ટ સંયોગો (છે). ઇષ્ટ-અનિષ્ટ કલ્પના જે થાય છે તે કલ્પનાથી તો (શ્રમણ) રહિત છે. પણ આ સંયોગો છે તેનાથી જનિત જે ઇષ્ટ-અનિષ્ટ કલ્પના (અસ્થિરતાની) છે તે કલ્પના (પણ) તેને નથી. '**ઇષ્ટ-અનિષ્ટ સંયોગો...**' જોયું ? ઇષ્ટ-અનિષ્ટ સંયોગો (કહ્યાં). સમસુખદુઃખનો અર્થ નીચે લખ્યો છે કે સુખ અને દુઃખ (અર્થાત્ ઇષ્ટ તેમ જ અનિષ્ટ સંયોગ) બંને જેમને સમાન છે. આહાહા ! શાતાવેદનીયથી મળેલી અનુકૂળતા અને અશાતા (વેદનીયથી) મળેલી પ્રતિકૂળતા જેને અંતરમાં સમાન છે. (એટલે કે) વીતરાગભાવ છે. આહાહા !

'**ઇષ્ટ-અનિષ્ટ સંયોગોમાં હર્ષ-શોકાદિ વિષમ પરિણામો...**' જોયું ? આહાહા ! અનુકૂળ સંયોગમાં હરખ અને પ્રતિકૂળ (સંયોગમાં) શોક. (અર્થાત્) રતિ અને અરતિ આદિ '**વિષમ પરિણામો નહિ અનુભવાતા હોવાથી જે સમસુખદુઃખ છે.**' જે સંત આ દશામાં છે તે સમસુખદુઃખ છે. સંયોગોમાં - અનુકૂળ કે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રતિકૂળ, બેયમાં વિષમતા - રાગ કે દ્વેષ જેને નથી (તે સમસુખદુઃખ છે તેમ કહે છે). આહાહા ! આવી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સહિત (જે છે) સંયમ અને તપ સહિત (જે છે) (તથા) આવી જેને વિષમતા ઉત્પન્ન થતી નથી અને સમભાવ જેને ઉત્પન્ન થાય છે. આહાહા ! (અર્થાત્) જે સમસુખદુઃખ છે **'એવા શ્રમણ શુદ્ધોપયોગી કહેવાય છે.'** આહાહા ! ભારે વાત ભાઈ ! આવા શુદ્ધોપયોગી મોક્ષના કારણ છે. આહાહા ! વચ્ચે શુભરાગ આવે (છે) એ બંધનું કારણ (છે). (વચ્ચે) વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિ (ભાવ) આવે. પણ એ બધું બંધનું કારણ છે. એ શુદ્ધોપયોગી નથી. (પણ) એ તો શુભોપયોગી છે. આહાહા ! એ શુભોપયોગી... (જે) સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત છે તેની વાત છે હો ! એ શુભોપયોગી સ્વર્ગમાં જાય (છે). (તેને) ગતિ મળે (છે). (જ્યારે) આ શુદ્ધોપયોગી મોક્ષને પામે (છે). આહાહા આવું છે !

અરે ! આમાં વાદવિવાદ ક્યાં કરે ? અને કોની સાથે ઝઘડા ? અરે પ્રભુ ! તું કોણ છો અંદર ? (તું તો) અનંત-અનંત વીતરાગતાનો ભરેલો ભગવાન છો ને ! આહાહા ! (તો) એવી વીતરાગતાને અવલંબીને જેણે વીતરાગતા (પ્રગટ કરી છે એટલે કે) વીતરાગ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે, તેવા વીતરાગસ્વભાવને અવલંબીને વીતરાગી જ્ઞાન પ્રગટ કર્યું છે, એવા વીતરાગસ્વરૂપમાં રમણતા કરીને જેણે સંયમ પ્રગટ કર્યું છે અને વિશેષે અંદર રમણતા કરીને જેણે તપ કર્યું છે (અર્થાત્) પ્રતપન - આત્માને પર્યાયમાં શોભાવ્યો છે (તથા) જેને શાતા-અશાતાથી મળતા અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં વિષમભાવ ઉત્પન્ન થતો નથી આહાહા ! એવા શ્રમણને શુદ્ધોપયોગી કહેવાય છે અને એ શુદ્ધોપયોગ તે મોક્ષનું કારણ છે. આવી વ્યાખ્યા છે ! આહાહા ! સમજાય છે કાંઈ ?

સમ્યગ્દર્શન વિના એકલા શુભભાવ તો મિથ્યાત્વ સહિત બંધનું કારણ છે. અને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન સહિત તથા સ્વરૂપની સ્થિરતાના - આચરણના અંશ સહિત (હોવા છતાં) વચ્ચે (જે) શુભભાવ આવે (છે) (તે પણ) બંધનું કારણ છે. મહાવ્રતાદિના પરિણામ એ બંધનું કારણ છે. એ કંઈ ચારિત્ર નથી. આહાહા ! વીતરાગ અને સમસુખદુઃખ - (એમ) બે વાત લીધી છે. છે ને ? કે **'સુવિદિતસૂત્રપદાર્થ, સંયમતપ સહિત, વીતરાગ ને સુખદુઃખમાં સમ શ્રમણને શુદ્ધોપયોગ જિનો કહે.'** આહાહા ! આવી વ્યાખ્યા હજી કોઈ દિ' સાંભળી હોય નહિ.

સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત અનુભવ હોવા છતાં એમાં જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવે (છે) એ બધો શુભરાગ છે. એ કંઈ ધર્મ નથી અને તેનું ફળ બંધ-ક્લેશ છે. આહાહા ! અને આ શુદ્ધોપયોગનું ફળ નિઃકષાય-અકષાય-ક્લેષ રહિત - આનંદ છે. આહાહા ! શું કહ્યું એ ? કે આત્મજ્ઞાન અને આત્મદર્શન હોવા છતાં (અને) સ્વરૂપમાં આચરણ પણ અમુક જાતનું થયું હોવા છતાં, (જો) હજી દયા, દાન, વ્રત, ભક્તિ, ભગવાનનો વિનય અને પંચ પરમેષ્ઠિનું સ્મરણ આદિ શુભરાગ હોય તો તે રાગના ફળમાં (સ્વર્ગના ક્લેષને પામે છે). સ્વર્ગના ક્લેષને પામે એ એનું ફળ છે. આહાહા ! અને જે કોઈ એ રાગ રહિત સમસુખદુઃખ (છે) અને વીતરાગ પરિણામ જેમણે પ્રગટ કર્યા છે. આહાહા ! એવા જે શુદ્ધોપયોગી સંત છે તેની - મુક્તિ થાય (છે). મોક્ષ થાય છે. આહાહા ! સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રના અંશ સહિત હોવા છતાં, જેને એ મહાવ્રતાદિના પરિણામ (છે), ભગવાન આદિના વિનયનો ભાવ (છે) અને ભગવાનની ભક્તિ, પૂજા આદિના શુભભાવમાં જો (તે) રહે (છે) તો તે શુભભાવ દુઃખનું કારણ છે. આહાહા ! તે બંધના ક્લેશને પામશે. અને આ શુદ્ધોપયોગી અબંધના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આનંદને પામશે. સમજાણું કાંઈ ? આવી વાત છે ! હજી (અજ્ઞાનીને) તેના જ્ઞાનમાંય (આ વાત) ન મળે - ઓળખાણ ન મળે અને સંસારમાં ૮૪ના અવતારમાં રખડવા ચાલી જાય (છે). આહાહા ! અહીંયા તો (કહે છે કે જે) જ્ઞાન, દર્શન, ચારિત્ર, સંયમ ને તપ સહિત (છે). (તથા) જેણે અનંત ભવનો અંત કરી નાખ્યો છે (તે પણ) જો હજી શુભભાવમાં રહે (છે) તો, પણ તે સ્વર્ગના ક્લેષને - બંધને પામશે. આહાહા ! એકલા મિથ્યાદૃષ્ટિના શુભપરિણામની તો શું વાતુ કરવી ! પણ આ તો સમ્યગ્દર્શન - જ્ઞાન અને ચારિત્ર - સ્વરૂપ રમણતા (સહિત જેને) આનંદની રમણતા છે પણ પૂર્ણતા નથી એટલે શુભરાગ - દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો (રાગ), મહાવ્રતનો (રાગ), વિનયનો (રાગ) અને દાનનો રાગ (એટલે કે રાગ ઘટાડવો) આદિ એવો શુભભાવ - આવે. પણ અરેરે ! તે પણ બંધના ક્લેષને પામી સ્વર્ગમાં જશે. આહાહા ! પણ જેને આવા સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન સહિત (તથા) ચારિત્રની રમણતાના અંશ સહિત અંદર વીતરાગતા પ્રગટી છે (તે, મોક્ષ પામશે). (ચારિત્ર સહિત) શુભરાગવાળાને હજી (પૂર્ણ) વીતરાગતા આવી નથી. અમુક વીતરાગતાનો અંશ છે. પણ પૂર્ણ વીતરાગતા નથી. આહાહા ! તેથી તેને રાગનો ભાવ આવે છે. (પણ) અહીંયા મુનિ (કે જેઓ) આત્મજ્ઞાની (છે), આત્મ અનુભવી (છે) અને સ્વરૂપમાં રમે છે (અને જેમને) રાગરહિત વીતરાગતા છે અને જેમને સંયોગોમાં - અનુકૂળતા કે પ્રતિકૂળતામાં - સમભાવ છે (પણ) વિષમભાવ નથી તેમને, અહીંયા શુદ્ધોપયોગી પરિણમનવાળો કહેવાય છે. અને એ શુદ્ધોપયોગીને મોક્ષ થાય (છે). આહાહા !

અજ્ઞાનીના શુભ(ભાવ)ની તો વાત શું કરવી ? (અને) ચોથા - પાંચમાં ગુણસ્થાનના શુભ(ભાવ)ની (પણ) વાત તો શું કરવી ? (પરંતુ) જેને અંદર છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકાને યોગ્ય ચારિત્રનો અંશ આવ્યો છે તેને પણ સમકિત છે, દર્શન છે અને જ્ઞાન છે. તે પણ જો શુભભાવમાં આવી જાય તો, તે બંધમાં જશે. આહાહા ! છઠ્ઠે ગુણસ્થાને આવે છે ત્યાં શુભભાવ હોય છે. માટે એમ કહે છે કે તે બંધમાં જશે. રાગ છે એ બંધ છે. આહાહા ! રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં નથી આવતું ! કે જ્ઞાનીને પૂજા આદિનો ભાવ આવે છે એ વિકલ્પ છે, રાગ છે. કોઈ એમ કહે છે કે, પૂજામાં રાગ નથી અરે પ્રભુ ! શું કહે છે ભાઈ ? પૂજા અને વ્રત છે તે જૈનધર્મ નથી. પણ એ તો રાગ છે. આહાહા ! પણ એને ન બેસે તો શું થાય ? દૃષ્ટિ ફેર છે એટલે શું થાય ? અરે પ્રભુ ! સૂત્રોમાં એમ (પૂજામાં રાગ નથી એમ) કહેવું નથી અને પદાર્થનું એ સ્વરૂપ પણ નથી. આહાહા ! '**સુવિદિત સૂત્રો અને પદાર્થો**' - એ શબ્દો કેટલા (કિંમતી) મૂક્યા છે ? આ શ્રી કુંદકુંદાચાર્યના શબ્દો !

'**સુવિદિત સૂત્રો અને પદાર્થો**' (એટલે કે) ભલા પ્રકારે શાસ્ત્રનું જેણે જ્ઞાન કર્યું છે - જેવું (સ્વરૂપ શાસ્ત્રમાં) કહ્યું છે તેવું (સત્ય) પદાર્થનું પણ જ્ઞાન કર્યું છે (અર્થાત્) સૂત્રમાં કહ્યું છે તેવું જ જેણે જ્ઞાન કર્યું છે, એવા સંયમ ને તપસહિત છે (તથા) જેને શુદ્ધોપયોગ - વીતરાગતા ને સમભાવ વર્તે છે, એવો આત્મા મોક્ષ માર્ગે મોક્ષમાં છે - તે મોક્ષને પામશે. જો કે છેલ્લે (૨૭૨ ગાથામાં) તો એમ કહે છે કે જે મોક્ષમાર્ગમાં છે એ મોક્ષતત્ત્વ છે. આહાહા ! બહુ સરસ ગાથા છે !

'**હવે શુદ્ધોપયોગની પ્રાપ્તિ પછી તુરત જ થતી શુદ્ધ આત્મસ્વભાવની પ્રાપ્તિને પ્રશંસે છે.**' કેવળજ્ઞાન એટલે એ તો આત્મસ્વભાવ છે. (માટે) આવા શુદ્ધોપયોગને પ્રાપ્ત જીવને તરત જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આહાહા ! (અંદર) છે ? કે '**શુદ્ધોપયોગની પ્રાપ્તિ પછી તુરત જ (અંતર પડ્યા વિના) થતી શુદ્ધ આત્મસ્વભાવની**' એટલે '**કેવળજ્ઞાનની પ્રાપ્તિને પ્રશંસે છે.**' આહાહા ! (કેવળજ્ઞાનની) પ્રાપ્તિને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ शुद्धोपयोगलाभानन्तरभाविशुद्धात्मस्वभावलाभमभिनन्दति -

**उवओगविसुद्धो जो विगदावरणंतरायमोहरओ।**
**भूदो सयमेवादा जादि परं णेयभूदाणं।।१५।।**

**उपयोगविशुद्धो यो विगतावरणान्तरायमोहरजाः।**
**भूतः स्वयमेवात्मा याति पारं ज्ञेयभूतानाम्।।१५।।**

यो हि नाम चैतन्यपरिणामलक्षणेनोपयोगेन यथाशक्ति विशुद्धो भूत्वा वर्तते स खलु प्रतिपदमुद्भिद्यमानविशिष्टविशुद्धिशक्तिरुद्ग्रन्थितासंसारबद्धदृढतरमोहग्रन्थितयात्यन्तनिर्विकारचैतन्यो निरस्तसमस्तज्ञानदर्शनावरणान्तरायतया निःप्रतिघविजृम्भितात्मशक्तिश्च स्वयमेव भूतो ज्ञेयत्वमापन्नानामन्तमवाप्नोति। इह किलात्मा ज्ञानस्वभावो ज्ञानं तु ज्ञेयमात्रं; ततः समस्तज्ञेयान्तर्वर्तिज्ञानस्वभावमात्मानमात्मा शुद्धोपयोगप्रसादादेवासादयति।।१५।।

---

एवं शुद्धोपयोगफलभूतानन्तसुखस्य शुद्धोपयोगपरिणतपुरुषस्य च कथनरूपेण पञ्चमस्थले गाथाद्वयं गतम्।।

इति चतुर्दशगाथाभिः स्थलपञ्चकेन **पीठिकाभिधानः** प्रथमोऽन्तराधिकारः समाप्तः।।

तदनन्तरं सामान्येन सर्वज्ञसिद्धिर्ज्ञानविचारः संक्षेपेण शुद्धोपयोगफलं चेति कथनरूपेण गाथासप्तकम्। तत्र स्थलचतुष्टयं भवति, तस्मिन् प्रथमस्थले सर्वज्ञस्वरूपकथनार्थं प्रथमगाथा, स्वयम्भूकथनार्थं **द्वितीया** चेति `उवओगविसुद्धो' इत्यादि गाथाद्वयम्। अथ तस्यैव भगवत उत्पादव्ययध्रौव्यस्थापनार्थं प्रथमगाथा, पुनरपि तस्यैव दृढीकरणार्थं द्वितीया चेति `भंगविहीणो' इत्यादि गाथाद्वयम्। अथ सर्वज्ञश्रद्धानेनानन्तसुखं भवतीति दर्शनार्थं `तं सव्वट्ठवरिट्ठं' इत्यादि सूत्रमेकम्। अथातीन्द्रियज्ञानसौख्यपरिणमनकथनमुख्यत्वेन प्रथमगाथा, केवलिभुक्तिनिराकरणमुख्यत्वेन द्वितीया चेति `पक्खीणघाइकम्मो' इति प्रभृति गाथाद्वयम्। एवं द्वितीयान्तराधिकारे स्थलचतुष्टयेन समुदायपातनिकाा। तद्यथा - अथ शुद्धोपयोगलाभानन्तरं केवलज्ञानं भवतीति कथयति। अथवा द्वितीयपातनिका - **कुंदकुंदाचार्यदेवाः** सम्बोधनं कुर्वन्ति, हे शिवकुमारमहाराज, कोऽप्यासन्नभव्यः संक्षेपरूचिः पीठिकाव्याख्यानमेव श्रुत्वात्मकार्यं करोति, अन्यः कोऽपि पुनर्विस्तररुचिः शुद्धोपयोगेन संजातसर्वज्ञस्य ज्ञानसुखादिकं विचार्य पश्चादात्मकार्यं करोतीति व्याख्याति - **उवओगविसुद्धो जो** उपयोगेन शुद्धोपयोगेन परिणामेन विशुद्धो भूत्वा वर्तते यः **विगदावरणंतरायमोहरओ भूदो** विगतावरणान्तरायमोहरजोभूतः सन्। कथम्। **सयमेव** निश्चयेन स्वयमेव **आदा** स पूर्वोक्त आत्मा **जादि** याति गच्छति। किं। परं पारमवसानम्। केषाम्। **णेयभूदाणं** ज्ञेयभूतपदार्थानाम्। सर्वं जानातीत्यर्थः। अतो **विस्तरः -** यो निर्मोहशुद्धात्मसंवित्तिलक्षणेन शुद्धोपयोगसंज्ञेनागमभाषया पृथक्त्ववितर्कवीचारप्रथमशुक्ल-ध्यानेन पूर्वं निरवशेषमोहक्षपणं कृत्वा तदनन्तरं रागादिविकल्पोपाधिरहितस्वसंवित्तिलक्षणेनैकत्ववितर्कावीचारसंज्ञद्वितीयशुक्लध्यानेन क्षीणकषायगुणस्थानेऽन्तर्मुहूर्तकालं स्थित्वा तस्यैवान्त्यसमये ज्ञानदर्शनावरणवीर्यान्तरायाभिधानघाति-कर्मत्रयं युगपद्विनाशयति, स जगत्त्रयकालत्रयवर्तिसमस्तवस्तुगतानन्तधर्माणां युगपत्प्रकाशकं केवलज्ञानं प्राप्नोति। ततः स्थितं शुद्धोपयोगात्सर्वज्ञो भवतीति।।१५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે શુદ્ધોપયોગની પ્રાપ્તિ પછી તુરત જ (અંતર પડ્યા વિના) થતી શુદ્ધ આત્મસ્વભાવની (કેવળજ્ઞાનની) પ્રાપ્તિ ને પ્રશંસે છે :-

**જે ઉપયોગવિશુદ્ધ તે મોહાદિઘાતિરજ થકી**
**સ્વયમેવ રહિત થયો થકો જ્ઞેયાન્તને પામે સહી. ૧૫.**

**અન્વયાર્થ :-** **[यः]** જે **[उपयोगविशुद्धः]** ઉપયોગવિશુદ્ધ (અર્થાત્ શુદ્ધોપયોગી) છે, **[आत्मा]** તે આત્મા **[विगतावरणान्तरायमोहरजाः]** જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય અને મોહરૂપ રજથી રહિત **[स्वयमेव भूतः]** સ્વયમેવ થયો થકો **[ज्ञेयभूतानां]** જ્ઞેયભૂત પદાર્થોના **[पारं याति]** પારને પામે છે.

**ટીકા :-** જે (આત્મા) ચૈતન્યપરિણામસ્વરૂપ ઉપયોગ વડે યથાશક્તિ વિશુદ્ધ થઈને વર્તે છે તે (આત્મા), જેને પદે પદે (-પગલે પગલે, પર્યાયે પર્યાયે) વિશિષ્ટ વિશુદ્ધિશક્તિ પ્રગટ થતી જાય છે એવો હોવાને લીધે, અનાદિ સંસારથી બંધાયેલી દ્રઢતર મોહગ્રંથિ છૂટી જવાથી અત્યંત નિર્વિકાર ચૈતન્યવાળો અને સમસ્ત જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાય નષ્ટ થવાથી નિર્વિઘ્ન ખીલેલી આત્મશક્તિવાળો સ્વયમેવ થયો થકો, જ્ઞેયપણાને પામેલા (પદાર્થો) ના અંતને પામે છે.

અહીં (એમ કહ્યું કે), આત્મા જ્ઞાનસ્વભાવ છે અને જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે; તેથી સમસ્ત જ્ઞેયોની અંદર પેસનારું (અર્થાત્ તેમને જાણનારું) જ્ઞાન જેનો સ્વભાવ છે એવા આત્માને આત્મા શુદ્ધોપયોગના પ્રસાદથી જ પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :-** શુદ્ધોપયોગી જીવ ક્ષણે ક્ષણે અત્યંત શુદ્ધિ પ્રાપ્ત કરતો જાય છે; અને એ રીતે મોહનો ક્ષય કરી નિર્વિકાર ચેતનાવાળો થઈને, બારમા ગુણસ્થાનના છેલ્લા સમયે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો યુગપદ્ ક્ષય કરી સર્વ જ્ઞેયોને જાણનારા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. આ રીતે શુદ્ધોપયોગથી જ શુદ્ધાત્મસ્વભાવનો લાભ થાય છે. ૧૫.

---

પ્રશંસે છે.

‘**જે ઉપયોગ વિશુદ્ધ...**’ જોયું ? ‘**વિશુદ્ધ**’ (કહ્યું) (આ શુદ્ધ ઉપયોગને વિશુદ્ધ કહ્યો). વિશુદ્ધ તો શુભભાવને પણ કહે છે અને શુદ્ધભાવને (પણ) કહે છે (માટે) જ્યાં જે લાગુ પડે તે લગાડવું અને ‘**જ્ઞેયાન્તને પામે સહી...**’ એટલે જેટલા જ્ઞેયો છે તેને જાણી જાય (છે). ત્રણકાળ, ત્રણલોકના જે જ્ઞેય છે તે બધા જ્ઞેયને તે શુદ્ધોપયોગના ફળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં પામી જાય છે. એની વિશેષ વાત કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## (તા. ૧૬-૧-૧૯૭૯ – પ્રવચન નંબર-૧૦)

પ્રવચનસાર-૧૫મી ગાથાની ટીકા. કાલે ગાથા બોલાઈ ગઈ છે. **'જે (આત્મા) ચૈતન્યપરિણામસ્વરૂપ ઉપયોગ વડે.'** એટલે શું કહે છે ? કે જે આ ચેતનદ્રવ્ય છે તેનો (જે) ચૈતન્યપરિણામસ્વરૂપ ઉપયોગ (છે તે વડે) એટલે ચૈતન્યનું (જે) પૂર્ણસ્વરૂપ છે તેની પ્રતીતિ, તેનું જ્ઞાન અને તેમાં શુદ્ધોપયોગની રમણતા - એ ત્રણે થઈને અહીં ચૈતન્યપરિણામસ્વરૂપ ઉપયોગ કહ્યો છે. ત્રિરત્ન લક્ષણ શુદ્ધોપયોગ. એટલે કે જ્ઞાનસ્વરૂપ ચિદાનંદઘન ભગવાન આત્માના શુદ્ધ ચૈતન્ય પરિણામ. (અર્થાત્) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર - એ ત્રણેય ચૈતન્યના પરિણામ છે. એ **'ચૈતન્યપરિણામસ્વરૂપ...'** સંસ્કૃત ટીકામાં **'चैतन्यपरिणामलक्षणेन्'** છે. પણ **'लक्षण'** એટલે સ્વરૂપ. આહાહા ! આવો જે ચૈતન્યભગવાન છે તે જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે. તેના સન્મુખના જ્ઞાન પરિણામ, દર્શન (પરિણામ) (અને) ચારિત્ર પરિણામ - એ ત્રિરત્ન લક્ષણરૂપ પરિણામ (છે). તેને અહીંયા શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. આહાહા ! તે શુદ્ધોપયોગ સર્વજ્ઞપદની પ્રાપ્તિનું કારણ છે. આહાહા !

**'ચૈતન્યપરિણામસ્વરૂપ...'** (અર્થાત્) રાગાદિ જે વચ્ચે આવે છે તે કાંઈ ચૈતન્યસ્વરૂપ નથી. તેથી (તે) રાગને ઓળંગી જઈને ચૈતન્યની જાતના જે સ્વરૂપ લક્ષણવાળા - ચૈતન્ય લક્ષણસ્વરૂપ - (જે પરિણામ છે તેને) (એટલે કે) ત્રિકાળી ભગવાન આત્માના સ્વભાવનું અંતર જ્ઞાન, અંતર દૃષ્ટિ અને (તેની) અંતર સ્થિરતાને અહીંયા ચૈતન્યપરિણામસ્વરૂપ - લક્ષણ-ઉપયોગ કહેવામાં આવ્યો છે. આહાહા ! મૂળ કેવળજ્ઞાનની વાત છે ને ? કેવળજ્ઞાન શેનાથી પમાય ? અરિહંતપદ, સિદ્ધપદ કે સર્વજ્ઞપદ (શેનાથી પમાય) ? (કે) સર્વજ્ઞસ્વરૂપી ભગવાન આત્માનો - સર્વજ્ઞસ્વભાવી જે આત્મા (છે) તેનો - જે જ્ઞાન-સર્વજ્ઞસ્વભાવ છે તેનું જ્ઞાન, તેની શ્રદ્ધા અને તેની રમણતાથી. (અર્થાત્) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની (એટલે કે) શુદ્ધોપયોગની રમણતારૂપ ચૈતન્યના પરિણામ (વડે તે પમાય છે).

એ **'વડે યથાશક્તિ...'** આહાહા ! આવું (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર) પ્રાપ્ત થયા પછી પણ **'યથાશક્તિ વિશુદ્ધ થઈને વર્તે છે.'** - (તેમ કહે છે). પોતાની શક્તિ પ્રમાણે શુદ્ધોપયોગમાં સાતમે ગુણસ્થાને (જે વર્તે છે તે આત્મા) આહાહા ! શક્તિ પ્રમાણે વિશુદ્ધ એટલે કે શુદ્ધ - નિર્મળ થઈને જે વર્તે છે તે આત્મા. જીણી વાત છે. અહીંયા તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની સ્વરૂપના જ્ઞાનની - (વાત છે). (બાકી) આગમનું જ્ઞાન ગમે તેટલું હો (તો) પણ તે કંઈ જ્ઞાન નથી. એમ નવ તત્ત્વની, છ દ્રવ્યની આદિની શ્રદ્ધા હો (તો પણ) તે કંઈ સમ્યગ્દર્શન નથી અને અંદર વ્રત, નિયમના જે વિકલ્પો છે તે કોઈ ચારિત્ર નથી. આહાહા ! એટલે અહીંયા ચૈતન્યસ્વરૂપની જાતના - ચૈતન્યસ્વરૂપ લક્ષણવાળા - જે પરિણામ (છે તેને) (અર્થાત્) ત્રિકાળી (ચૈતન્યના) નિશ્ચય રત્નત્રયસ્વરૂપ પરિણામને ઉપયોગ વડે કહ્યું છે. (તે ઉપયોગ વડે જે આત્મા) **'યથાશક્તિ વિશુદ્ધ થઈને વર્તે છે તે (આત્મા)...'** (એટલે કે) શુદ્ધોપયોગમાં યથાશક્તિ નિર્મળ થઈને વર્તે છે. એક વાત.

આહાહા ! આ તો સર્વજ્ઞપણું કેમ પમાય ? તેનો ઉપાય શું ? તેનો (ઉપાય આ છે). આહાહા ! કોઈ વ્યવહાર રત્નત્રયનો રાગ તે કાંઈ મોક્ષમાર્ગ નથી. અથવા તે કાંઈ મોક્ષની - કેવળજ્ઞાનની - પ્રાપ્તિનો ઉપાય નથી. આહાહા ! અનંત અનંત ગુણોનો ભંડાર આત્મા, ભગવાન (છે). એની જેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અંતર દૃષ્ટિ થઈ (એટલે કે) મહા ભગવાનનો સ્વીકાર થયો, તેનું જ્ઞાન થયું, અને તેમાં ચૈતન્યમાં શુદ્ધોપયોગરૂપી પરિણમન (અર્થાત્) ચારિત્ર થયું (છે). (તે જીવ) (દર્શન, જ્ઞાન, ચારિત્ર) વડે યથાશક્તિ એટલે કે શક્તિ પ્રમાણે... (શક્તિ પ્રમાણે કેમ કહ્યું) ? (કારણ કે) પૂર્ણ શુદ્ધતા તો હજી પછી થશે. કેવળજ્ઞાનની પ્રાપ્તિનો જે શુદ્ધોપયોગ છે તે તો આગળ વધીને થશે. પણ આવા શુદ્ધોપયોગ (વડે જે) **'યથાશક્તિ વિશુદ્ધ થઈને વર્તે છે તે (આત્મા), જેને પદે પદે (- પર્યાયે પર્યાયે) વિશિષ્ટ વિશુદ્ધિશક્તિ પ્રગટ થતી જાય છે...'** આહાહા ! શું કીધું ? (કે) જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન (આત્માની) સન્મુખના દર્શન, જ્ઞાન અને ચારિત્રના પરિણામ યથાશક્તિ વર્તે છે. (તે) પછી ક્રમે ક્રમે કંઈક (અંશે) વધતા જાય છે, એમ કહે છે. સાતમા (ગુણસ્થાનમાંથી) આગળ આઠમું, નવમું ને દસમું (એમ વધતા જાય છે). વિશિષ્ટ નામ વધારે, અસાધારણ, ખાસ. છે (અંદર) ? (ફૂટનોટમાં છે). વિશુદ્ધિશક્તિ એટલે અહીંયા શુદ્ધ પરિણમનની વિશુદ્ધશક્તિ કહી છે. વિશુદ્ધિ એટલે અહીંયા શુભભાવ નથી.

કેવળજ્ઞાન કેમ પ્રાપ્ત થાય અને કેવળજ્ઞાન કોને કહેવું તે એને જાણવું પડશેને ? આહાહા ! તો કહે છે કે **'વિશુદ્ધિશક્તિ પ્રગટ થતી જાય છે.'** એટલે (કે) શુદ્ધોપયોગમાં શુદ્ધતા વધતી જાય છે. આહાહા ! પર્યાયે પર્યાયે શુદ્ધતા વધતી જાય છે. (અને) **'એવો હોવાને લીધે...'** આવા કારણે (અર્થાત્) આવી શુદ્ધતાની વૃદ્ધિ થતી જાય છે એવા કારણે આહાહા ! **'અનાદિ સંસારથી બંધાયેલી દૃઢતર મોહગ્રંથિ છૂટી જવાથી...'** આહાહા ! શુદ્ધોપયોગની રમણતા જામતાં જામતાં - શુદ્ધોપયોગની વૃદ્ધિ થતાં - મોહગ્રંથિનો નાશ થઈ જાય છે. પહેલા મોહનો નાશ થાય છે ને ? આહાહા ! **'અનાદિ સંસારથી બંધાયેલી દૃઢતર...'** છે ને (અંદર) ? **'દૃઢતર'** એમ લીધું છે. દૃઢ નહીં, દૃઢતમ (પણ) નહીં (પરંતુ) દૃઢતર - મધ્યમ લીધું છે. આહાહા ! **'અનાદિ સંસારથી બંધાયેલી દૃઢતર મોહગ્રંથિ'** - (તેમ કહ્યું છે) કેમકે પહેલા સમ્યગ્દર્શન થયું છે ત્યારે કેટલીક મોહગ્રંથિ તો નાશ પામી છે.બધી (મોહગ્રંથિ) નાશ પામી નથી. મિથ્યાત્વ ને અનંતાનુબંધીની ગ્રંથિ તો નાશ પામી છે. આહાહા ! એથી આગળ વધતા દૃઢતર રહી છે. દૃઢતમ રહી નથી. આહાહા ! ભગવાન આત્મા ! પોતાના જ્ઞાનસ્વભાવની સન્મુખના ઉપયોગમાં પહેલા તો સમ્યગ્દર્શન પામે છે. તે વખતે મોહગ્રંથિ જે (અનાદિની) દૃઢતમ હતી તે છેદાઈ જાય છે (અને) ફક્ત ચારિત્રમોહની ગ્રંથિ રહી ગઈ. આહાહા ! સમજાણું કાંઈ ? કેટલું સંકેલ્યું છે ? (થોડામાં કેટલી બધી વાત કરી છે !)

એવી જે (દૃઢતર મોહગ્રંથિ છે) તે અનાદિની છે. આહાહા ! શ્રી અમૃતચંદ્રાચાર્યે (સમયસારજીના ત્રીજા શ્લોકમાં પણ) કહ્યું ને ? કે મારા પરિણામ હજી અનાદિના મલિન છે. એ અનાદિના (મલિન પરિણામ) છે. ભલે (અમે) સમ્યગ્દર્શન પામ્યા, જ્ઞાન પામ્યા અને ચારિત્ર (પણ) છે. પણ હજી (જે) અશુદ્ધતા છે એ અનાદિની છે. આહાહા ! ભલે (અશુદ્ધતા) થોડી છે. (પરિણતિ કલુષિત છે તેમ કહ્યું ને ?) આહાહા ! (તો પણ) છે અનાદિની. તે કંઈ નવી નથી. (અર્થાત્ અશુદ્ધતા) નહોતી ને થઈ છે એમ નથી. અશુદ્ધતા બિલકુલ (નાશ પામી) હતી ને (ફરીને) થઈ છે, એમ નથી. આહાહા ! મેં મારા પ્રભુને જોયા, જાણ્યા ને અનુભવ્યા (છે). (તેથી) એટલી તો ત્યાં ગ્રંથિ છેદાઈ ગઈ છે. પણ (હવે) અહીંયા ઉગ્ર પુરુષાર્થથી જ્યારે શુદ્ધોપયોગ વધતો ગયો ત્યારે જે અનાદિની ચારિત્રમોહની ગ્રંથિ હતી (તે પણ છેદાઈ ગઈ, તેમ કહે છે). આહાહા ! એ (ચારિત્રમોહની ગ્રંથિ) છેદાઈ ગઈ હતી ને (ફરીને) નવી થઈ છે, એમ તો છે નહિ. (કેમ કે) છેદાઈ ગઈ હોય તો તો બારમું ગુણસ્થાન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ જાય. આહાહા ! સમજાણું કાંઈ ? (શું) વીતરાગ મારગ ! તેના દ્રવ્ય-ગુણ-પર્યાયની અને (તેમાં) પરના અભાવની એ અલૌકિક વાતુ છે !! આહાહા ! (કહે છે કે) એ અનાદિકાળની બંધાયેલી દૃઢતર મોહગ્રંથિ છૂટી જવાથી...

દૃઢતર કેમ કહ્યું ? એ અપેક્ષાથી કહ્યું (છે). દૃઢતમ નથી (કહ્યું), તેમ જઘન્ય દૃઢતર પણ નથી (કહ્યું). (કેમ કે) હજી અંદર ચારિત્રમોહનો ભાગ છે ને ? આહાહા ! એવી '**દૃઢતર મોહગ્રંથિ છૂટી જવાથી અત્યંત નિર્વિકાર ચૈતન્યવાળો...**' - એ વીતરાગ સ્વભાવ થયો. આહાહા ! '**અત્યંત નિર્વિકાર ચૈતન્યવાળો અને સમસ્ત જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાય નષ્ટ થવાથી...**' પહેલા મોહનો નાશ થયો. (પછી) શુદ્ધોપયોગ વધતા વધતા એવો (શુદ્ધોપયોગ) થયો કે મોહની ગ્રંથિ જે થોડી હતી તેનો (પણ) નાશ થઈ ગયો. પછી '**અત્યંત નિર્વિકાર ચૈતન્યવાળો અને સમસ્ત જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાય નષ્ટ થવાથી...**' આહાહા ! શુદ્ધોપયોગ વડે જ્યાં મોહગ્રંથિ - ચારિત્રમોહનો પણ નાશ થઈ ગયો ત્યાં હવે એને એ શુદ્ધોપયોગ વધતા તેરમે ગુણસ્થાને જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એ ત્રણ કર્મો પણ નાશ થયા. આ (મોક્ષનો) ઉપાય છે. (તેમ) કહે છે.

'**સમસ્ત જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાય નષ્ટ થવાથી નિર્વિઘ્ન ખીલેલી આત્મશક્તિવાળો...**' આહાહા ! હવે જે આત્મશક્તિ ખીલી (છે) તેને કોઈ વિઘ્ન નથી. જે પોતાની હીણીદશા(રૂપ) વિઘ્ન હતું તે પણ (હવે) નથી. નિમિત્ત તો એક કોર રહ્યું. આહાહા ! અંતરાય આદિ નષ્ટ થવાથી '**નિર્વિઘ્ન ખીલેલી આત્મશક્તિવાળો સ્વયમેવ થયો થકો...**' આ આત્મશક્તિ એટલે પ્રગટ દશા. ત્રિકાળી (શક્તિની) વાત નથી. રાગની શક્તિનો અભાવ થઈને આત્મશક્તિનો વિકાસ થયો, (તેમ કહે છે). આહાહા ! આવી વાત (છે).

એને સંવર - શુદ્ધોપયોગ શું છે ? અને તેનું ફળ શું છે ? - તે જાણવું જોઈશે ને ? નવ તત્ત્વમાં મોક્ષ તત્ત્વ શું છે ? અને તેનો ઉપાય સંવર-નિર્જરાનો શુદ્ધોપયોગ શું છે ? (તે જાણવું જોઈએ ને ?) (કેમકે) નવ તત્ત્વમાં તે આવે છે ને ? આહાહા ! (કહે છે કે) '**આત્મશક્તિવાળો સ્વયમેવ થયો થકો...**' (અર્થાત્) આઠ કર્મનો નાશ થયો માટે તે (આત્મશક્તિવાળો) થયો, એમ નથી. પોતે જે પોતાના કારણે કેવળજ્ઞાનની ખીલેલી શક્તિ પ્રગટ થઈ ગઈ. આહાહા ! કર્મનો અભાવ થયો માટે આ શક્તિ (પ્રગટ) થઈ, તેમ નથી. (કેમકે) એ નિમિત્તનો તો (પોતાનામાં) અભાવ (છે). પણ પોતે જ સ્વયમેવ - જ્ઞાનની જેવી સર્વજ્ઞ શક્તિ હતી તેવી જ પર્યાયમાં સ્વયમેવ - સર્વજ્ઞની વિકાસ શક્તિ પ્રગટ થઈ. આહાહા ! આને પરમાત્મા ને આને અરિહંત કહેવાય છે. હવે (અજ્ઞાનીને) અરિહંતની હજી ખબર ન મળે ને 'णमो अरहंताणम् - णमो अरहंताणम्' કરે (છે). આહાહા ! અને તે પણ પરના અરિહંતને આ રીતે (જ્યાં સુધી) જાણે, ત્યાંસુધી હજી વિકલ્પ છે. સમજાણું કાંઈ ? અરિહંત આમ થયા અને આનાથી કેવળજ્ઞાન પામ્યા - આવું પણ જ્યાં સુધી જ્ઞાન છે (ત્યાં સુધી) તે પણ હજી વિકલ્પ છે. અહીં તો - આમાં તો - પોતે (કેવળજ્ઞાન) પામ્યો, તેની વાત છે. આહાહા ! જીણી વાત છે, ભાઈ !

આહાહા ! ભગવાન (આત્મા) તો સર્વજ્ઞસ્વરૂપી જ છે. પ્રભુ ! આહાહા ! મુક્તસ્વરૂપ છે. જ્ઞાન અને આનંદાદિ સ્વભાવથી ભરેલો ભગવાન મુક્તસ્વરૂપ છે. તેની અંતરમાં દૃષ્ટિ થઈ, અંતરમાં તેનું જ્ઞાન થયું. શાસ્ત્રજ્ઞાન આદિ (છે) તે નહીં. આહાહા ! (પરંતુ) તે ભગવાન (આત્મા) કે પૂર્ણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શક્તિનો ભંડાર પરમાત્મા (છે), તેનું જે જ્ઞાન થયું, અને તેમાં જે શુદ્ધોપયોગની રમણતા થઈ, આહાહા ! તેનાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કહો સમજાણું કાંઈ ? નવ તત્ત્વમાં મોક્ષ તત્ત્વ અને તેના ઉપાય(રૂપ) તત્ત્વ (જે) સંવર-નિર્જરાનો શુદ્ધોપયોગ (છે તે) બેનું અહીં જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ ? આમાં આસ્રવ ને બંધનો (તો) અભાવ કર્યો છે. અહીંયા તો સંવર-નિર્જરારૂપ શુદ્ધોપયોગ આહાહા ! (અર્થાત્) જેવો ચૈતન્ય ભગવાન પૂર્ણ શુદ્ધ છે - દ્રવ્યે શુદ્ધ છે ને ગુણે શુદ્ધ છે - તેવી જ પરિણતિમાં શુદ્ધોપયોગની દશા (એટલે કે) નિશ્ચય રત્નત્રય લક્ષણસ્વરૂપ (જે) શુદ્ધોપયોગ પ્રગટ્યો, તેનાથી ચાર કર્મનો નાશ થઈ અને અંદર જેવી શક્તિરૂપ (જેવા) સ્વભાવરૂપ - સર્વજ્ઞપણું હતું, એવું જેને પર્યાયમાં સર્વજ્ઞપણું - કેવળજ્ઞાન પ્રગટ થયું. આ જે નવતત્ત્વમાં (મોક્ષ અને તેના ઉપાયની વાત ચાલે છે). પોતાના અંદરના તત્ત્વ (છે), હો ! આહાહા !

શ્રોતા :- ભેદજ્ઞાન જ્યોતિ એટલે શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ શુદ્ધોપયોગ કરે એ ભેદજ્ઞાન જ્યોતિ (છે). આનાથી જુદો, આનાથી જુદો એવા ભેદજ્ઞાનને તો હજી વિકલ્પ ગણ્યો છે. અહીં તો એ (પણ) નથી. આહાહા ! કળશમાં આવે છે ને ? આત્મ ભગવાન (તો) પૂર્ણાનંદ, સહજાત્મસ્વરૂપ (છે). જેની મોજૂદગીમાં પવિત્રતાના અનંત ગુણનો ભંડાર (છે). (એવો તે) પ્રભુ જ છે, પરમાત્મા જ છે. જિન-જિનવર અને (આ પરમાત્માના) સ્વભાવમાં કાંઈ ફેર નથી. પણ એ સ્વભાવ (કે જે) પૂર્ણ છે, શક્તિરૂપે છે તે, ભગવાનને પર્યાયમાં પ્રગટ્યો છે (ને અજ્ઞાનીને પ્રગટ્યો નથી). એ પૂર્ણરૂપ સ્વભાવ છે તેનો જેણે શ્રદ્ધા ને જ્ઞાનમાં આદર કર્યો (છે), તેને સમ્યગ્દર્શન ને જ્ઞાન કહીએ. અને જે પૂર્ણ સ્વભાવ છે તેના દર્શન, જ્ઞાન સહિત શુદ્ધોપયોગની રમણતા જેણે પ્રગટ કરી (છે) તેને મોક્ષનો ઉપાય, શુદ્ધોપયોગ (અને) નિશ્ચય રત્નત્રય-લક્ષણ કહેવાય છે. લ્યો ! આવું છે.

શ્રોતા :- બીજો કોઈ સહેલો રસ્તો બતાવોને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ જ રસ્તો છે. જે રસ્તો હોય તે હોય, બીજો ક્યો હોય ? આહાહા ! જે રસ્તો હોય તે (જ) હોય ને ? આઘો પડે (કે) મોંઘો પડે - પણ રસ્તો (જે હોય તે જ હોય). (જેમ ગામ) ૨૫ ગાઉ છેટું હોય તો તેને તે જ રસ્તો બતાવાય. પણ (કોઈ) કહે કે (ભાઈ !) સહેલો - પાંચ ગાઉનો કે એવો રસ્તો બતાવો ભાઈ ! એ રીતે નહીં જવાય. પાંચ ગાઉના (રસ્તે) તો બીજે ગામ જવાશે. આહાહા ! એમ આ ભગવાન આત્મા ! અરે ! એ આત્મા શું ચીજ છે ભાઈ ! આહાહા ! અનંત અનંત જ્ઞાન-સર્વજ્ઞસ્વભાવ, અનંત અનંત દર્શન-સર્વદર્શીસ્વભાવ, અનંત અનંત આનંદ - પૂર્ણ આનંદસ્વભાવ, અનંત અનંત વીર્ય - પૂરૂણ પુરુષાર્થસ્વભાવ, એવા એવા અનંતા ગુણોના પૂરા સ્વભાવવાળો ભગવાન આત્મા (છે). તેની સન્મુખ થઈને જે દૃષ્ટિ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. તેના સન્મુખથી તેનું જ્ઞાન થાય તેને જ્ઞાન કહે છે. શાસ્ત્ર ભણતર કે (બીજા ભણતરની) અહીં વાત નથી. આહાહા ! એ જેવું સ્વરૂપ (છે). તેવા દર્શન ને જ્ઞાન થયા એ બે રત્ન થયા - દર્શન અને જ્ઞાન. ત્રીજું રત્ન શુદ્ધોપયોગ થવો (તે છે). ચારિત્રની રમણતા થવી - શુદ્ધોપયોગ (થવો) - તે ત્રણ લક્ષણવાળું નિશ્ચય રત્નત્રય, મોક્ષમાર્ગ છે. તેને અહીં શુદ્ધોપયોગ કીધો (છે). આહાહા ! છે, આ તો ભાઈ ! મારગ એવો છે. આહાહા ! એને રખડતા - રખડતા અનંતકાળ થયો (પણ આ માર્ગ પ્રાપ્ત કર્યો નથી). આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(કહે છે કે) '**આત્મશક્તિવાળો સ્વયમેવ...**' શક્તિ શબ્દે (અહીં) પર્યાયની વાત છે. ગુણની (વાત) નથી. (કેમકે) '**નિર્વિઘ્ન ખીલેલી આત્મશક્તિ...**' એમ કીધું ને ? આહાહા ! ત્રિકાળી શક્તિ છે એ તો ગુણરૂપ છે. આ તો નિર્વિઘ્ન ખીલેલી (આત્મશક્તિની - પર્યાયની વાત છે). '**નિર્વિઘ્ન ખીલેલી આત્મશક્તિવાળો સ્વયમેવ થયો થકો**' આહાહા ! '**જ્ઞેયપણાને પામેલાના અંતને પામે છે.**' (સંસ્કૃતમાં) '**ज्ञेयभूतानाम्**' છે ને ? (એટલે કે) જેટલા જ્ઞેયભૂત - જ્ઞેયપણે - જગતમાં (પદાર્થો) છે આહાહા ! જ્ઞેયપણાને પામેલા એટલે પદાર્થો - જ્ઞેયપણાને પામેલા જેટલા પદાર્થો છે તેના - અંતને તે જ્ઞાન પામે છે. છે ને (અંદર) ? મૂળપાઠ છે ને ? જુઓને ? કે '**भूदो सयमेवादा**' જોયું ? (સ્વયમેવ થયો છે). પછી '**जादि परं णेयभूदाणं**' - જ્ઞેયભૂત જેટલા જ્ઞેયો છે તેના પારને પામે છે. આહાહા ! ગાથા તે ગાથા છે ને !

(સમ્યગ્જ્ઞાન થતાં) પોતાને (તો) જાણ્યો. પણ તેનું (જે) ત્રિકાળપણું છે તેને હજી જાણ્યું નથી. ત્રિકાળપણું તો સર્વજ્ઞ થાય ત્યારે તેનું ત્રિકાળપણું જણાય (છે). આહાહા ! એવા - સ્વ ને પર જે જ્ઞેયભૂત (પદાર્થ) છે, જે જ્ઞાનમાં (જણાય) - જ્ઞાનના વિષય (થાય) - એવા જે જ્ઞેયભૂત (પદાર્થ) છે, જેટલા જ્ઞેયભૂત (પદાર્થ) છે, (એટલે કે) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જેટલા જ્ઞેયભૂત છે તેને - તેના અંતને જ્ઞાન પામી જાય છે. એટલે (કે) તે જ્ઞાન એવા જ્ઞેયને જાણે છે. આહાહા ! કોઈ જ્ઞેય બાકી રહી જાય છે, એમ તેને (જ્ઞાનને) નથી. જેટલા જ્ઞેયભૂત - જ્ઞેયસ્વરૂપને પામેલા - પદાર્થ છે.... આહાહા ! લોક-અલોક, કાળ-ત્રણ કાળ, ત્રણ લોક - ઊર્ધ્વ, મધ્યમ ને અધો અનંત દ્રવ્યો - આત્માઓ (અને) પરમાણુઓ (આદિ) જેટલા જ્ઞેય એટલે જ્ઞાનમાં જણાવાને લાયક, એવા જ્ઞેયભૂત જેટલા પદાર્થો છે તેને તે જ્ઞાન પ્રાપ્ત કરે છે - જાણે છે. આહાહા ! છે (અંદર) ? આહાહા ! શ્રી જયસેનાચાર્યની ટીકામાં 'पारं' નો (એવો) અર્થ કર્યો છે, - 'पारं' (એટલે) 'पारमवसानम्' જેટલા જ્ઞેય જગતમાં છે તે બધાના અંતને પામી જાય છે. આહાહા ! ત્રણકાળ, ત્રણલોક, અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ (આદિ) જે જ્ઞેયભૂત - જ્ઞેયસ્વરૂપ છે, જ્ઞાનમાં જણાય એવા જ્ઞેયસ્વરૂપ છે તે બધાં જ્ઞેયસ્વરૂપના અંતને જ્ઞાન પામી જાય (છે). આહાહા ! એવો એનો કેવળજ્ઞાનસ્વભાવ શુદ્ધોપયોગના 'प्रसादात्' - (પ્રસાદથી) પ્રગટ થાય છે. આહાહા ! એ શુભ ક્રિયાકાંડના પ્રસાદથી તો પુણ્યબંધ થાય (છે). આહાહા ! એ તો પહેલા (૧૧મી ગાથામાં) કહી ગયા છે કે સમ્યગ્દર્શન છે, ચારિત્ર પણ છે. (છતાં) પણ સાથે શુભરાગ જ્યાંસુધી છે ત્યાંસુધી એ સ્વર્ગને પામશે (પરંતુ) મોક્ષને નહિ પામે. આહાહા ! એ જીવ જ્યારે તે રાગને ઓળંગીને શુદ્ધોપયોગને પ્રાપ્ત થશે અને તે શુદ્ધોપયોગની વધતી વધતી દશા થતાં મોહનો (જ્યારે) નાશ કરશે અને પછી ત્રણ કર્મનો (પણ) જ્યારે નાશ કરશે, ત્યારે તેને સર્વજ્ઞપણું - જેટલા જ્ઞેયો છે તેને પૂર્ણ રીતે જાણવાની શક્તિ પ્રગટ થઈ જશે. આહાહા ! આદિ અંત વિનાની ચીજ છે તેને આદિ અંત વિનાની જાણી લીધી તે પણ જ્ઞેય છે ને ? જેની આદિ નથી (અને) જેનો અંત નથી - એવું (તે) પણ જ્ઞેય છે. આહાહા ! (તેને કેવળજ્ઞાન જાણી લેશે). કાળની આદિ નથી, કાળનો અંત નથી, (તેવી રીતે) ક્ષેત્રનો (પણ) અંત નથી કે અહીં ક્ષેત્ર પૂરું થયું. આહાહા ! એ બધાં જ્ઞેયને - જણાવા લાયકના સ્વરૂપને પામેલા જ્ઞેયોને - તે શુદ્ધોપયોગના પ્રસાદથી (પ્રગટ) થયેલું જ્ઞાન (અર્થાત્) આત્મશક્તિસ્વરૂપ તે (જ્ઞાન) તેને જાણી લે છે. કહો ! સમજાણું કાંઈ ?

આહાહા ! (આ તો) મોક્ષના માંડવા નાખ્યા (છે) ! આ (લગ્ન વખતે) ત્રણ તિથિએ ને પાંચ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


તિથિએ માંડવા કરે છે ને ? એમ આ શુદ્ધોપયોગને કર્યો તેણે મોક્ષના માંડવા નાખ્યા (છે). થોડો શુદ્ધોપયોગ વધશે એટલે કેવળજ્ઞાન થશે. આહાહા ! લગ્નમાં ત્રીજે દિવસે કે પાંચમે દિવસ (માંડવા) કરે છે ને ? તેમ અહીં કેવળજ્ઞાનને પામવા માટે શુદ્ધોપયોગનો માંડવો નાખ્યો (છે). આહાહા ! એ શુદ્ધોપયોગ વધતાં વધતાં - વિશુદ્ધ થતાં થતાં - કેવળજ્ઞાનને પામે છે. આહાહા ! લગ્નની ત્રણ કે પાંચ વર્ધિયું કહેવાય છે ને ? અહીં અંતઃમુહૂર્તની વર્ધિયું છે. આહાહા ! (અર્થાત્) જેણે પૂર્ણાનંદનો નાથ ભગવાન (આત્માની) શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા ઉત્પન્ન કરી, તેને હવે અંતઃમુહૂર્તે કેવળજ્ઞાન પામવાની મુદત છે. આહાહા ! શું ટીકા ! (શું) અમૃતચંદ્રાચાર્ય (ને શું) કુંદકુંદાચાર્ય ! આહાહા ! કેવળજ્ઞાનના કેડાયતો (છે). કેવળજ્ઞાનને આ થોડે કાળે અમે પામવાના છીએ એમ કહે છે. અમારો શુદ્ધોપયોગ અત્યારે હજી પૂરો નહીં થાય. પણ તે શુદ્ધોપયોગ વધતાં વધતાં જ્યારે પૂર્ણ થશે ત્યારે અમે સર્વજ્ઞ થશું. (એમ કહે છે). આહાહા ! સમજાય છે કાંઈ ?

શ્રોતા :- આ ક્ષપકશ્રેણીવાળાના શુદ્ધોપયોગની વાત છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- અહીં તો એક જ વાત (છે). પહેલા સાતમે (ગુણસ્થાને) શુદ્ધોપયોગ થયો છે. પછી '**વિશિષ્ટ વિશુદ્ધિશક્તિ પ્રગટ થતી જાય છે).**' - એમ કહ્યું ને ? (એટલે કે) વિશુદ્ધિશક્તિ વધતાં વધતાં ક્ષપકશ્રેણીમાં આગળ ગયો અને જ્યાં પૂર્ણ થઈ, ત્યાં મોહનો નાશ થયો. ને કેવળજ્ઞાન થતા ત્રણ કર્મનો નાશ થયો. જેવી શક્તિ પૂર્ણ હતી તેવી પર્યાયમાં શક્તિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ. આહાહા ! જેવો ને જેટલો એનો શક્તિનો - સ્વભાવમાં સામર્થ્યભાવ હતો એટલો તેની પર્યાયમાં પ્રગટ થઈ ગયો. આહાહા ! (અર્થાત્) પ્રાપ્તની પ્રાપ્તિ થઈ. જે અંદર પૂર્ણ (સ્વભાવ) હતો (તેની પર્યાયમાં પ્રાપ્તિ થઈ). આહાહા ! બહુ મંગળિક વાત છે. પ્રભુ ! આહાહા ! આજે મકરસંક્રાત ફરીને ? (એમ) આ શુદ્ધોપયોગ જ્યાં ફર્યો ત્યાં કેવળજ્ઞાન પ્રગટ્યું (તેમ કહે છે). (મકરસંક્રાત) પુણ્ય પરવણી છે. (જ્યારે) આ (શુદ્ધોપયોગ) પવિત્ર પરવણી છે. આહાહા ! એ પંદરમી ગાથાનો અર્થ થયો. પણ એમાં ઘણું ભર્યું છે !

દર્શન-જ્ઞાન-ચારિત્રવાળાની શુદ્ધોપયોગરૂપી ચારિત્રની દશાની (અહીં વાત છે). સરાગ સમકિતવાળાની (વાત) નથી. સરાગ સમકિત એટલે (જો કે) સમકિત તો વીતરાગી જ છે. પણ તેને જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી તેને સરાગ સમકિત કહેવાય (છે). સરાગ ચારિત્ર કહેવાય (છે). પણ એ રાગ છે તે બંધ(રૂપ) છે. એ જેટલો વિકલ્પ છે તેટલો બંધ છે. આહાહા ! (અને) કળશટીકામાં તો ત્યાં સુધી લીધું છે કે શુદ્ધાત્માનો વિચાર સુધ્ધાં (પણ) બંધનું કારણ છે. વિચાર શબ્દે ત્યાં વિકલ્પ છે. આહાહા ! એ કળશટીકામાં (કળશ-૧૮૯) આવ્યું હતું ને ? પ્રતિક્રમણના અર્થમાં (રાત્રે આવ્યું હતું ને) ? (કે) પઠન, પાઠન, સ્મરણ, સ્તુતિ એને શુદ્ધાત્માનો વિચાર સુદ્ધાં બંધનું કારણ છે. આહાહા ! એ છોડીને અંદર શુદ્ધોપયોગમાં (જે) જામી ગયો છે તેને, તેનાથી (શુદ્ધોપયોગથી) સર્વજ્ઞસ્વભાવ શક્તિરૂપ (હતો) તે પ્રગટ (પર્યાયમાં) આવી ગયો. (અર્થાત્) પર્યાયની શક્તિમાં સર્વજ્ઞપણું (પ્રગટ થઈ ગયું). આહાહા !

'**અહીં (એમ કહ્યું કે), આત્મા જ્ઞાનસ્વભાવ છે અને જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે.**' કારણકે જ્ઞાન જેટલા જ્ઞેય છે તેટલાને જાણવાના સ્વભાવવાળું છે. '**તેથી સમસ્ત જ્ઞેયોની અંદર પેસનારું**' એટલે કે સમસ્ત જ્ઞેયને જાણનારું. પેસનારું એટલે સમસ્ત જ્ઞેયને જાણનારું આહાહા ! જ્ઞાન જેનો સ્વભાવ છે - '**જ્ઞાન જેનો સ્વભાવ છે એવા આત્માને આત્મા શુદ્ધોપયોગના પ્રસાદથી જ પ્રાપ્ત કરે છે.**' આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(કહે છે કે) **'જ્ઞાન જેનો સ્વભાવ છે...'** મુખ્ય જ્ઞાન લીધું છે ને ? જાણવું (એક) જ જેની શક્તિ (છે), જાણવું એવો જ જેનો સ્વભાવ છે. **'એવા આત્માને આત્મા...'** આહાહા ! **'એવા આત્માને આત્મા શુદ્ધોપયોગના પ્રસાદથી જ પ્રાપ્ત કરે છે.'** આહાહા ! (આવું) લોકોને બહુ ઝીણું લાગે છે - લુખું લાગે છે. ઓલા બહારના વ્રત ને ભક્તિમાં તેને એવું લાગે છે કે આમાં કાંઈક સમજાય છે તો ખરું ? પણ તેમાં શું સમજવું હતું ? આહાહા ! એ તો રાગ છે બાપુ ! આહાહા ! **'शुद्धोपयोगप्रसादात् एव आसादयति'** - આહાહા ! શુદ્ધોપયોગના પ્રસાદથી ને (કેવળજ્ઞાનને) પામી જાય છે (તેમ કહે છે). આહાહા ! એ ગાથાનો (પહેલા ફકરો) અર્થ છે. તેનો આ સાર કહ્યો છે.

ભાઈ ! આ તો ધર્મકથા છે ને પ્રભુ ! આ તો સર્વજ્ઞ-સ્વભાવ ભગવાન (આત્મા) સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ છે. તેની પર્યાયમાં સર્વજ્ઞપણું કેમ પ્રગટ થાય એની વાત છે, ભાઈ ! ભગવાન આત્મા સર્વજ્ઞસ્વરૂપી જ છે. કેમકે જ્ઞાન છે તેનો 'જ્ઞ' સ્વભાવ છે. તો 'જ્ઞ' સ્વભાવ છે તે પૂર્ણ 'જ્ઞ' સ્વભાવ છે. (અને) પૂર્ણ 'જ્ઞ' સ્વભાવ છે એટલે સર્વજ્ઞસ્વભાવ છે. સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્માના સર્વજ્ઞસ્વભાવની સમ્યક્ પ્રતીતિ (થાય), તેનું જ્ઞાન (થાય અને) તેમાં રમણતા (થાય) આહાહા ! તે સર્વજ્ઞસ્વભાવમાંથી સર્વજ્ઞપર્યાય પ્રગટ કરવાનો ઉપાય છે. આહાહા ! આવી વાત છે. (પણ) મોક્ષમાર્ગ બે કહ્યાં છે ને ? એ (વ્યવહાર) તો કથનમાત્ર કહ્યો છે, ભાઈ ! તે મોક્ષમાર્ગ નથી. એ તો ઉપચારથી (કહ્યો છે). ઉપચાર એટલે વ્યવહાર ને વ્યવહાર એટલે ઉપચાર. બેય એક જ વાત છે. એ (વ્યવહારને) ઉપચારથી (મોક્ષમાર્ગ કહ્યો છે). (બાકી) મોક્ષમાર્ગ તો આ (નિશ્ચય) એક જ છે. (શાસ્ત્રમાં) રાગને (જે) મોક્ષમાર્ગ કહ્યો છે, એ તો કથનમાત્ર છે. બીજું (વ્યવહાર) નિમિત્ત છે તેને આરોપ દઈને (મોક્ષમાર્ગ) કહ્યો (છે). (બાકી) માર્ગ તો આ એક જ છે, આ એક જ છે.

શ્રોતા :- તો, બે મોક્ષમાર્ગ કેમ કહ્યાં ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો કહ્યું ને ? કે (વ્યવહાર) કથનમાત્ર (છે) અને આ ત્યાં - (મોક્ષમાર્ગ પ્રકાશકના સાતમા અધ્યાયમાં પણ કહ્યું ને) ? કે બીજી ચીજ (નિમિત્ત) છે તેમાં (મોક્ષમાર્ગનો) આરોપ આપ્યો (છે). આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું, તેમાં જે રાગ બાકી છે તેમાં નિમિત્ત છે, તેને આરોપથી કથન કર્યું. (જો કે) છે તો એ બંધનું કારણ પણ (તેમાં) આરોપ કરીને એને સમજાવ્યું કે, નિમિત્ત આવું છે. - એમ તેનું જ્ઞાન કરાવ્યું (છે). તે (પણ) આવે છે ને ? કે વ્યવહારની વાત કરી છે તે નિમિત્તનું જ્ઞાન કરાવવા કરી છે. - એમ (પણ) સાતમા અધ્યાયમાં આવે છે ને ભાઈ ? આહાહા ! મોક્ષમાર્ગપ્રકાશકમાં (પણ) (કમાલ કરી છે ને !) જ્યાં જ્યાં યાદ આવે છે ત્યાં ત્યાં (વાત કરી છે). આહાહા ! (બે મોક્ષમાર્ગ) સાથે કહ્યાં શું કરવા ? કે એ તો (નિમિત્તનું) જ્ઞાન કરાવવા (કહ્યાં છે). એમ એનો અર્થ થયો. આહાહા ! આવો મારગ છે.

દ્રવ્યસંગ્રહની ૩૫મી ગાથામાં ભાવ સંવરના ભેદ આવે છે. તો તેમાં ભાવ સંવરના ભેદમાં - વ્રત આવ્યું છે ને ? પણ એ વ્રત ક્યા ? નિશ્ચય. જે રાગ રહિત સ્થિરતા - રમણતા છે તે. તે નિશ્ચય વ્રતની જ ત્યાં વાત છે. (કોઈ એમ કહે છે કે). 'ભાવ સંવરમાં વ્રત એક પ્રકાર છે. માટે આ (વિકલ્પરૂપ) વ્રત છે તે ભાવ સંવર છે.' (પણ) એ વ્રત નહિ. જે વિકલ્પરૂપ વ્યવહાર વ્રત છે એ તો આસ્રવ છે, રાગ છે ને બંધનું કારણ છે. નિશ્ચય વ્રતની જ ત્યાં ચોખ્ખી ટીકા છે. દ્રવ્યસંગ્રહની ૩૫મી ગાથામાં ભાવ સંવરના ભેદ લીધાં છે. તેમાં વ્રતને (પણ ભાવસંવરના ભેદમાં) લીધું છે. 'વ્રત'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એવો શબ્દ તેમાં પડ્યો છે. એ વ્રતની વ્યાખ્યા ટીકામાં કરી છે કે, રાગરહિતસ્વરૂપની નિર્વિકલ્પ દશાને અહીંયા વ્રત કહેવામાં આવે છે. (એટલે કે) નિશ્ચયવ્રતની જ ત્યાં વાત છે. એ ચર્ચા થઈ ગઈ છે. આહાહા ! (આ ગાથા વાંચીને અજ્ઞાની) કહે છે કે જુઓ ! આમાં વ્રતને પણ સંવર કહે છે ? (પણ) ક્યા વ્રતને (સંવર કહ્યો છે) ? બાપા ! ભાઈ ! તું એમ રહેવા દે. (જે) શુભરાગ છે - શુભોપયોગ જે છે - એ તો રાગ છે, આસ્રવ છે, પુણ્યાસ્રવ છે. આહાહા ! આનંદસ્વરૂપ ભગવાન આત્મામાં વીંટાઈ જાય, સ્થિર થઈ જાય - દર્શન-જ્ઞાન સહિત સ્થિર થઈ જાય (અર્થાત્) નિર્વિકલ્પ થાય, તેને ત્યાં ભાવ-સંવરનો ભેદ-વ્રત કહ્યું છે. આવું છે ! આહાહા ! આનંદસ્વરૂપ પ્રભુ (આત્માનું) જ્ઞાન ને દર્શન થયું છે, તેમાં લીન થઈ જાય છે - વીંટાઈ જાય છે, આત્માના આનંદમાં વીંટાઈ જાય છે, સ્થિર થઈ જાય છે. તેને (ત્યાં) ભાવ સંવરનો ભેદ (એવું) વ્રત કહ્યું છે. અહીંયા તો ચોખ્ખી વાત છે, બાપા ! આહાહા ! અરેરે ! ભગવાનના વિરહ પડ્યા - (ભગવાન દૂર) રહી ગયા ને આવી તકરારો (થાય) ? ચોર કોટવાળને દંડે એવું કર્યું. આહાહા ! આમ છે ને તેમ છે - એમ ભાષા કરીને જિનમાર્ગથી ઊંધું છે. (એમ અમારા ઉપર આરોપ કરે છે). પ્રભુ ! શું કરે છે ભાઈ ! તું એ પ્રભુ તો છો, ભાઈ ! આહાહા ! ચૈતન્યસ્વરૂપ ભગવાન છો ને તું ? આહાહા ! પૂર્ણાનંદનો નાથ ! અપાર સ્વરૂપ તારું છે ને ? તેમાં આ આવી ગડબડી તે ઊભી ક્યાંથી કરી ? આહાહા !

વ્યવહાર વ્રતાદિને - પ્રતિક્રમણાદિને - (ત્યાં) ઝેર કીધાં છે. (સમયસાર ગાથા. ૩૦૬/૩૦૭) આહાહા ! અને ભાઈ ! તેને (ઝેર) કહ્યાં તે પણ અર્થમાં જયચંદજી પંડિતે લખ્યું છે કે, કર્તાપણું છે માટે (ઝેર કહ્યાં છે). એમ કૌંસમાં અર્થ છે. કર્તાપણું એટલે પરિણમે છે માટે (કર્તા છે) એમ. શું કહ્યું સમજાણું ? કર્તાપણું એટલે કરવાલાયક છે, એમ નહિ. પણ પરિણમન છે માટે (કર્તા). સમયસારમાં જ્યાં (૩૦૬-૩૦૭ ગાથા) પ્રતિક્રમણાદિ આઠ બોલ લીધા છે ત્યાં કહ્યું છે કે તેને વિષ કેમ કહ્યાં ? (કેમકે) ત્યાં કર્તાપણું (છે એટલે) (કર્તાપણું છે એટલે) પરિણમન છે માટે (કર્તાપણું છે). કર્તાપણું એટલે કરવાલાયક છે એમ નહિ. (ત્યાં શ્લોકાર્થમાં) કૌંસમાં 'કર્તાપણાની બુદ્ધિ સંભવે છે' - એમ લીધું છે. (અર્થાત્) પરિણમન છે માટે કર્તા છે. છે ને (ત્યાં) ? આહાહા ! પહેલાના પંડિતો પણ જ્યાં જુઓ ત્યાં જેવો જોઈએ તેવો તેનો અર્થ (કરે છે). એમ જ જોઈએ ભાઈ ! તારી કલ્પનાએ બચાવ કરીને (ગમે તેવો અર્થ કરે) તો એમ ન ચાલે. આવું છે.

ભાવાર્થ :- '**શુદ્ધોપયોગી જીવ ક્ષણે ક્ષણે અત્યંત શુદ્ધિ પ્રાપ્ત કરતો જાય છે.**' જોયું ? સાતમે (ગુણસ્થાને) શુદ્ધોપયોગી (તો) થયો. છતાં આગળ ક્ષણે ક્ષણે શુદ્ધિ પ્રાપ્ત કરતો જાય છે. આહાહા ! '**અત્યંત શુદ્ધિ પ્રાપ્ત કરતો જાય છે.**' (અર્થાત્) અંદર ભગવાન (આત્માને) આનંદમાં રમતા-રમતા-રમતા શુદ્ધોપયોગ વધતો જાય છે. આહાહા ! '**અને એ રીતે મોહનો ક્ષય કરી**' - એ રીતે મોહનો નાશ કરી પર્યાયમાં '**નિર્વિકાર ચેતનાવાળો થઈ**' (એટલે કે) વીતરાગી ચેતનાવાળો થઈ... (નિર્વિકાર=વીતરાગી). '**બારમા ગુણસ્થાનના છેલ્લા સમયે**' આહાહા ! '**જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયને યુગપદ્ ક્ષય કરી**' - ત્રણેયનો એક સાથે (ક્ષય કરી) '**સર્વ જ્ઞેયોને જાણનારા...**' '**સર્વ જ્ઞેયોને જાણનારો કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે.**' આહાહા ! ટીકામાં છે ને ? શ્રી જયસેનાચાર્યની ટીકામાં તેનો (આ) અર્થ લીધો છે. આહાહા ! અરે ! (જીવોને) આવી વાતુ સાંભળવા મળે નહિ ને ક્યાંક ના ક્યાંક આથડે. ભાઈ ! ભગવાનનો અનાદર કરીને રાગથી લાભ માનવો એ તો પ્રભુનો અનાદર છે. આહાહા ! તેના સ્વભાવથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ शुद्धोपयोगजन्यस्य शुद्धात्मस्वभावलाभस्य कारकान्तरनिरपेक्षतयाऽत्यन्तमात्मायत्तत्वं द्योतयति -

**तह सो लद्धसहावो सव्वण्हू सव्वलोगपदिमहिदो।**
**भूदो सयमेवादा हवदि सयंभु त्ति णिद्दिट्ठो।।१६।।**

**तथा स लब्धस्वभावः सर्वज्ञः सर्वलोकपतिमहितः।**
**भूतः स्वयमेवात्मा भवति स्वयम्भूरिति निर्दिष्टः।।१६।।**

अयं खल्वात्मा शुद्धोपयोगभावनानुभावप्रत्यस्तमितसमस्तघातिकर्मतया समुपलब्धशुद्धानन्तशक्तिचित्स्वभावः, शुद्धानन्तशक्तिज्ञायकस्वभावेन स्वतन्त्रत्वाद्गृहीतकर्तृत्वाधिकारः, शुद्धानन्तशक्तिज्ञानविपरिणमनस्वभावेन प्राप्यत्वात् कर्मत्वं कलयन्, शुद्धानन्तशक्तिज्ञानविपरिणमनस्वभावेन साधकतमत्वात् करणत्वमनुबिभ्राणः, शुद्धानन्तशक्तिज्ञानविपरिणमनस्वभावेन कर्मणा समाश्रियमाणत्वात् संप्रदानत्वं दधानः, शुद्धानन्तशक्तिज्ञानविपरिणमनसमये पूर्वप्रवृत्तविकलज्ञानस्वभावापगमेऽपि सहजज्ञानस्वभावेन ध्रुवत्वालम्बनादपादानत्वमुपाददानः, शुद्धानन्तशक्तिज्ञानविपरिणमनस्वभावस्याधारभूतत्वादधिकरणत्वमात्मसात्कुर्वाणः, स्वयमेव षट्कारकीरूपेणोपजायमानः, उत्पत्तिव्यपेक्षया द्रव्यभावभेदभिन्नघातिकर्माण्यपास्य स्वयमेवाविर्भूतत्वाद्वा स्वयंभूरिति निर्दिश्यते। अतो न निश्चयतः परेण सहात्मनः कारकत्वसम्बन्धोऽस्ति, यतः शुद्धात्मस्वभावलाभाय सामग्रीमार्गणव्यग्रतया परतंत्रैर्भूयते।।१६।।

---

अथ शुद्धोपयोगजन्यस्य शुद्धात्मस्वभावलाभस्य भिन्नकारकनिरपेक्षत्वेनात्माधीनत्वं प्रकाशयति - **तह सो लद्धसहावो** यथा निश्चयरत्नत्रयलक्षणशुद्धोपयोगप्रसादात्सर्वं जानाति तथैव सः पूर्वोक्तलब्धशुद्धात्मस्वभावः सन् **आदा** अयमात्मा **हवदि सयंभु त्ति णिद्दिट्ठो** स्वयम्भूर्भवतीति निर्दिष्टः कथितः। किंविशिष्टो भूतः। **सव्वण्हू सव्वलोगपदिमहिदो भूदो** सर्वज्ञः सर्वलोकपतिमहितश्च भूतः संजातः। कथम्। **सयमेव** निश्चयेन स्वयमेवेति। तथाहि - अभिन्नकारकचिदानन्दैकचैतन्यस्वभावेन स्वतन्त्रत्वात् कर्ता भवति। नित्यानन्दैकस्वभावेन स्वयं प्राप्यत्वात् कर्मकारकं भवति। शुद्धचैतन्य स्वभावेन साधकतमत्वात्करणकारकं भवति। निर्विकारपरमान्दैकपरिणतिलक्षणेन शुद्धात्मभावरूपकर्मणा समाश्रियमाणत्वात्संप्रदानं भवति। तथैव पूर्वमत्यादिज्ञानविकल्पविनाशेऽप्यखण्डितैकचैतन्यप्रकाशेना विनश्वरत्वादपादानं भवति। निश्चयशुद्धचैतन्यादिगुणस्वभावात्मनः स्वयमेवाधारत्वादधिकरणं भवतीत्यभेदषट्कारकीरूपेण स्वत एव परिणममाणः सन्नयमात्मा परमात्मस्वभावकेवलज्ञानोत्पत्तिप्रस्तावे यतो भिन्नकारकं नापेक्षते ततः स्वयंभूर्भवतीति भावार्थः ।।१६।।

---

તેના સ્વભાવની પ્રાપ્તિ થાય તે તેનો આદર છે. આહાહા ! આવું છે.

**'આ રીતે શુદ્ધોપયોગથી જ...'** એકાંત ? કથંચિત્ શુદ્ધોપયોગથી ને કથંચિત્ શુભોપયોગથી (થાય). એમ અનેકાંત તો જોઈએ કે નહીં ? અનેકાંત એટલે આ રીતે - (શુદ્ધોપયોગથી) થાય અને બીજી રીતે ન થાય - એ અનેકાંત (છે). આવું અનેકાંતનું સ્વરૂપ છે. આહાહા ! કળશટીકામાં અનેકાંત કહ્યું છે ને ? (કલશ-૨) કે સત્તા તે દ્રવ્ય છે ને એ સત્તા તે ગુણ છે - એ અનેકાંત છે. એમ કલશ ટીકામાં આવ્યું છે ને ભાઈ ! આહાહા ! વસ્તુ ભગવાન આત્મા છે. (તો), સત્તા તે દ્રવ્ય છે એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે શુદ્ધોપયોગથી થતી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ અન્ય કારકોથી નિરપેક્ષ (-સ્વતંત્ર) હોવાથી અત્યંત આત્માધઈન છે (-લેશમાત્ર પરાધીન નથી) એમ પ્રકાશે છે :-

**સર્વજ્ઞ, લબ્ધસ્વભાવ ને ત્રિજગેંદ્રપૂજિત એ રીતે**
**સ્વયમેવ જીવ થયો થકો તેને સ્વયંભૂ જિનો કહે. ૧૬.**

**અન્વયાર્થ :- [तथा]** એ રીતે **[सः आत्मा]** તે આત્મા **[लब्धस्वभावः]** સ્વભાવને પામેલો, **[सर्वज्ञः]** સર્વજ્ઞ **[सर्वलोकपतिमहितः]** અને સર્વ (ત્રણે) લોકના અધિપતિઓથી પૂજિત **[स्वयमेव भूतः]** સ્વયમેવ થયો હોવાથી **[स्वयंभूः भवति]** 'સ્વયંભૂ' છે **[इति निर्दिष्टः]** એમ જિનેન્દ્રદેવે કહ્યું છે.

**ટીકા :-** શુદ્ધ ઉપયોગની ભાવનાના પ્રભાવથી સમસ્ત ઘાતિકર્મો નષ્ટ થયાં હોવાથી જેણે શુદ્ધ અનંતશક્તિવાળો ચૈતન્યસ્વભાવ પ્રાપ્ત કર્યો છે એવો આ (પૂર્વોક્ત) આત્મા, (૧) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાયકસ્વભાવને લીધે સ્વતંત્ર હોવાથી જેણે કર્તાપણાનો અધિકાર ગ્રહણ કર્યો છે એવો, (૨) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ પ્રાપ્ય હોવાથી ( - પોતે જ પ્રાપ્ત થતો હોવાથી) કર્મપણાને અનુભવતો, (૩) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ સાધકતમ (- ઉત્કૃષ્ટ સાધન) હોવાથી કરણપણાને ધરતો, (૪) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ કર્મ વડે સમાશ્રિત થતો હોવાથી (અર્થાત્ કર્મ પોતાને જ દેવાાં આવતું હોવાથી) સંપ્રદાનપણાને ધારણ કરતો, (૫) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સમયે પૂર્વે પ્રવર્તેલા વિકળજ્ઞાનસ્વભાવનો નાશ થવા છતાં સહજજ્ઞાનસ્વભાવ વડે પોતે જ ધ્રુવપણાને અવલંબતો હોવાથી અપાદાનપણાને ધારણ કરતો, અને (૬) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને પોતે જ આધાર હોવાથી અધિકરણપણાને આત્મસાત્ કરતો - (એ રીતે) સ્વયમેવ છ કારકરૂપ થતો હોવાથી, અથવા ઉત્પત્તિ-અપેક્ષાએ દ્રવ્ય-ભાવભેદે ભિન્ન ઘાતિકર્મોને દૂર કરીને સ્વયમેવ આવિર્ભૂત થયો હોવાથી, 'સ્વયંભૂ' કહેવાય છે.

---

અભેદ (છે) ને સત્તા તે ગુણ છે એ ભેદ (છે) - આ અનેકાંત છે. - આમ કલશ ટીકામાં છે. આહાહા ! આ આવી તો કલશ ટીકામાં (ચોખ્ખી વાત છે). અરે ! જ્યાં જ્યાં જોઈએ ત્યાં ત્યાં કળશ ટીકાએ ને મોક્ષમાર્ગ પ્રકાશકે બહુ સ્પષ્ટ કર્યું છે. (છતાં) તેનેય ન માનનારા નીકળે છે ! ? કેટલાક મોક્ષમાર્ગ પ્રકાશકને માનતા નથી. અરેરે ! પોતાની દૃષ્ટિમાં મેળ ન ખાય (એટલે તેને) ન માનવું એનો અર્થ શું ? - એ ૧૫ ગાથા થઈ.

**'હવે શુદ્ધોપયોગથી થતી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ...'** (અર્થાત્) ચૈતન્ય ભગવાન આત્માનું દ્રવ્ય ને અનંતા ગુણ જે શુદ્ધ છે, તેવી જ શુદ્ધ દૃષ્ટિ, શુદ્ધ જ્ઞાન ને શુદ્ધોપયોગથી શુદ્ધસ્વભાવની પ્રાપ્તિ થાય (છે). સમજાણું કાંઈ ? શુદ્ધાત્મસ્વભાવ એટલે કેવળજ્ઞાન. (કહે છે કે) **'શુદ્ધોપયોગથી થતી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ'** આહાહા ! 'અન્ય કારકોથી નિરપેક્ષ...' હવે ભાષા જુઓ ! કર્મના કારકોની અપેક્ષા વિના... આહાહા ! બહુ સરસ વાત છે. (ગાથામાં) 'સ્વયંભૂ' છે ને ? અન્ય કારકોના અનેરા કારણે (અર્થાત્) કોઈ કર્મનો ક્ષય થયો માટે કેવળજ્ઞાન થયું, જ્ઞાનાવરણીયનો ક્ષય થયો તો કેવળજ્ઞાન થયું એવી અપેક્ષા જ્યાં નથી, (એમ) કહે છે. આહાહા ! એ તો સ્વયમેવ - પોતાના ષટ્કારકથી - ઉત્પન્ન થયેલું કેવળજ્ઞાન છે. આહાહા ! એ પંચાસ્તિકાયજીની ૬૨મી ગાથાની સાથે મળી ગયું. વિકારના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આથી એમ કહ્યું કે - નિશ્ચયથી પરની સાથે આત્માને કારકપણાને સંબંધ નથી, કે જેથી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિને માટે સામગ્રી (- બાહ્ય સાધનો) શોધવાની વ્યગ્રતાથી જીવો (નકામા) પરતંત્ર થાય છે.

**ભાવાર્થ :-** કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકારણ - એ છ કારકોનાં નામ છે. જે સ્વતંત્રપણે (સ્વાધીનપણે) કરે તે કર્તા; કર્તા જેને પહોંચે - પ્રાપ્ત કરે તે કર્મ; સાધકતમ અર્થાત્ ઉત્કૃષ્ટ સાધન તે કરણ; કર્મ જેને દેવામાં આવે અથવા જેના માટે કરવામાં આવે તે સંપ્રદાન; જેમાંથી કર્મ કરવામાં આવે એવી ધ્રુવ વસ્તુ તે અપાદાન; જેમાં અર્થાત્ જેના આધારે કર્મ કરવામાં આવે તે અધિકરણ. આ છ કારકો વ્યવહાર અને નિશ્ચય એમ બે પ્રકારનાં છે. જ્યાં પરના નિમિત્તથી કાર્યની સિદ્ધિ કહેવામાં આવે ત્યાં વ્યવહાર કારકો છે અને જ્યાં પોતાના જ ઉપાદાન કારણથી કાર્યની સિદ્ધિ કહેવામાં આવે ત્યાં નિશ્ચય કારકો છે.

વ્યવહાર કારકોનું દૃષ્ટાંત આ પ્રમાણે છે : કુંભાર કર્તા છે; ઘડો કર્મ છે; દંડ, ચક્ર, દોરી વગેરે કરણ છે; જળ ભરનાર માટે કુંભાર ઘડો કરે છે તેથી જળ ભરનાર સંપ્રદાન છે; ટોપલામાંથી માટી લઈને ઘડો કરે છે તેથી ટોપલો અપાદાન છે; જમીનના આધારે ઘડો કરે છે તેથી જમીન અધિકરણ છે. આમાં બધાંય કારકો જુદાં જુદાં છે. અન્ય કર્તા છે, અન્ય કર્મ છે, અન્ય કરણ છે, અન્ય સંપ્રદાન, અન્ય અપાદાન અને અન્ય અધિકરણ છે. પરમાર્થે કોઈ દ્રવ્ય કોઈનું કર્તાહર્તા થઈ શક્તું નથી માટે આ વ્યવહાર છ કારકો અસત્ય છે. તેઓ માત્ર ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે. નિશ્ચયથી કોઈ દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે કારકપણાનો સંબંધ છે જ નહિ.

નિશ્ચય કારકોનું દૃષ્ટાંત આ પ્રમાણે છે : માટી સ્વતંત્રપણે ઘડારૂપ કાર્યને પહોંચે છે - પ્રાપ્ત કરે છે તેથી માટી કર્તા છે અને ઘડો કર્મ છે; અથવા, ઘડો માટીથી અભિન્ન હોવાથી માટી પોતે જ કર્મ છે; પોતાના પરિણમનસ્વભાવથી માટીએ ઘડો કર્યો તેથી માટી પોતે જ કરણ છે; માટીએ ઘડારૂપ કર્મ પોતાને જ આપ્યું તેથી માટી પોતે સંપ્રદાન છે; માટીએ પોતાનામાંથી પિંડરૂપ અવસ્થા નષ્ટ કરીને ઘડારૂપ કર્મ કર્યું અને પોતે તો ધ્રુવ રહી તેથી પોતે જ અપાદાન છે; માટીએ પોતાના જ આધારે ઘડો કર્યો તેથી પોતે જ અધિકરણ છે. આ રીતે નિશ્ચયથી છ યે કારકો એક જ દ્રવ્યમાં છે. પરમાર્થે એક દ્રવ્ય બીજાને સહાય નહિ કરી શકતું હોવાથી અને દ્રવ્ય પોતે જ, પોતાને, પોતાનાથી, પોતાને માટે, પોતાનામાંથી, પોતાનામાં કરતું હોવાથી આ નિશ્ચય છ કારકો જ પરમ સત્ય છે.

---

પરિણામ (પોતાના) ષટ્કારકના પરિણમનથી - પોતાથી થાય છે. તેને બીજા કારકની (અપેક્ષા નથી). વિકારના કારકને પણ બીજા કારકની અપેક્ષા નથી. આહાહા ! જે કાળે જે પર્યાય પોતાથી - (પોતાના) ષટ્કારકથી ઉત્પન્ન થઈ, તેને બીજાની અપેક્ષા શું ? તો વિકાર થાય છે (તેમાં) પણ કર્તા વિકાર છે, કાર્ય વિકાર છે, કારણ-સાધન વિકાર છે ને અપાદાન-સંપ્રદાન, આધાર (પણ વિકાર છે). વિકારની, મિથ્યાત્વની ને રાગ-દ્વેષની પર્યાય પણ (આવી છે) તો પછી આહાહા ! જે નિર્મળ કેવળજ્ઞાન થાય એ કેવળજ્ઞાનની એક સમયની પર્યાય પણ પોતાથી - (પોતાના) ષટ્કારકથી ઉત્પન્ન થયેલી છે. આહાહા ! એ કેવળજ્ઞાનનું કર્તા પણ કેવળજ્ઞાન છે, કેવળજ્ઞાનનું કાર્ય પણ કેવળજ્ઞાન છે, કેવળજ્ઞાનનું સાધન પણ કેવળજ્ઞાન છે. આહાહા ! કેવળજ્ઞાન થઈને કેવળજ્ઞાનમાં રહ્યું છે, કેવળજ્ઞાનમાંથી કેવળજ્ઞાન થયું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપર્યુક્ત રીતે દ્રવ્ય પોતે જ પોતાની અનંત શક્તિરૂપ સંપદાથી પરિપૂર્ણ હોવાથી પોતે જ છ કારકરૂપ થઈને પોતાનું કાર્ય નિપજાવવાને સમર્થ છે; તેને બાહ્ય સામગ્રી કાંઈ મદદ કરી શકતી નથી. માટે કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છનાર આત્માએ બાહ્ય સામગ્રીની અપેક્ષા રાખી પરતંત્ર થવું નિરર્થક છે. શુદ્ધોપયોગમાં લીન આત્મા પોતે જ છ કારકરૂપ થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. તે આત્મા પોતે અનંત શક્તિવાળા જ્ઞાયકસ્વભાવ વડે સ્વતંત્ર હોવાથી પોતે જ કર્તા છે; પોતે અનંત શક્તિવાળા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરતો હોવાથી કેવળજ્ઞાન કર્મ છે, અથવા કેવળજ્ઞાનથી પોતે અભિન્ન હોવાથી આત્મા પોતે જ કર્મ છે; પોતાના અનંત શક્તિવાળા પરિણમનસ્વભાવરૂપ ઉત્કૃષ્ટ સાધન વડે કેવળજ્ઞાન કરતો હોવાથી આત્મા પોતે જ કરણ છે; પોતાનામાંથી મતિ-શ્રુતાદિ અપૂર્ણ જ્ઞાન દૂર કરીને કેવળજ્ઞાન કરતો હોવાથી અને પોતે સહજ જ્ઞાનસ્વભાવ વડે ધ્રુવ રહેતો હોવાથી પોતે જ અધિકરણ છે. આ રીતે સ્વયં (પોતે જ) છ કારકરૂપ થતો હોવાથી તે 'સ્વયંભૂ' કહેવાય છે. અથવા, અનાદિ કાળથી અતિ દૃઢ બંધાયેલાં (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અનંતરાયરૂપ) દ્રવ્ય તેમ જ ભાવ ઘાતિકર્મોને નષ્ટ કરીને સ્વયમેવ આવિર્ભૂત થયો અર્થાત્ કોઈની સહાય વિના પોતાની મેળે જ પોતે પ્રગટ થયો તેથી તે 'સ્વયંભૂ' કહેવાય છે. ૧૬.

---

છે અને કેવળજ્ઞાનના આધારે કેવળજ્ઞાન થયું છે. આહાહા ! અરે ! આવી સ્વતંત્ર વસ્તુ (છે), પ્રભુ ! આહાહા ! કેવળજ્ઞાનની પર્યાય પોતાના ષટ્કારકના પરિણમનથી - પોતાથી થાય છે.

બારમા ગુણસ્થાને તો વીતરાગતા છે. કેવળજ્ઞાન ક્યાં છે ? આ તો તેરમા (ગુણસ્થાનની વાત છે). (બારમે ગુણસ્થાને) વીતરાગતા હતી માટે કેવળજ્ઞાન થયું છે, એમ પણ નથી. એ તો વ્યવહારથી વાત કરી છે કે વીતરાગતા થઈ (એટલે) પછી આ કેવળજ્ઞાન થયું, એમ (બારમે ગુણસ્થાને) જે વીતરાગતા થઈ છે એ પણ ષટ્કારકના પરિણમનથી થઈ છે. આહાહા ! બારમે (ગુણસ્થાને) જે વીતરાગતા પર્યાયમાં થઈ (છે તે), તે જ સમયે થવાની (હતી). તે તેના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને અધિકરણથી થઈ છે. અને (પછી) કેવળજ્ઞાન થયું છે એ (પણ) આ પૂર્વની વીતરાગ પર્યાય હતી માટે થયું છે, એમ પણ નથી. આહાહા ! એ તો તેનું (પૂર્વ પર્યાયનું) જ્ઞાન કરાવવા નિમિત્તથી (વ્યવહારથી) કથન છે (કે વીતરાગતા હતી માટે કેવળજ્ઞાન થયું). (તેવી રીતે) મોક્ષમાર્ગથી કેવળજ્ઞાન થયું, (એમ કહેવું) એ (પણ) નિમિત્તનું જ્ઞાન કરાવવા કથન છે. એ પૂર્વનો મોક્ષમાર્ગ નિમિત્ત છે. (કેમકે) પોતાનું ઉપાદાન તો, તે કાળે સ્વતંત્ર પરિણમે છે. આહાહા ! હવે આવો વિષય યાદ ક્યાં (કેમ) રાખવો ? બાપા ! આવો માર્ગ (છે). (એમ) તેણે નિશ્ચય કરવો પડશે. આહાહા ! વસ્તુ જે રીતે છે તે રીતે તેવો તેને નિઃસંદેહ નિશ્ચય કરવો પડશે. પ્રભુ ! આહાહા ! અરે ! આવા અવસર ક્યારે મળે, ભાઈ ?

'**શુદ્ધોપયોગથી થતી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ...**' આહાહા ! (શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ) શુદ્ધોપયોગથી થી છે. (છતાં) પણ અહીં કહે છે કે શુદ્ધોપયોગથી (તેની પ્રાપ્તિ થઈ નથી). એવી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ '**અન્ય કારકોથી નિરપેક્ષ (સ્વતંત્ર) હોવાથી...**' આહાહા ! પર્યાયે પર્યાય સ્વતંત્ર છે. આહાહા ! આમાં - પ્રવચનસારજીમાં - ૧૦૨ ગાથામાં કહ્યું છે ને ? કે જે પર્યાય ઉત્પન્ન થાય છે તે તેના નિજક્ષણ છે - તેનો જન્મક્ષણ છે - ઉત્પત્તિ ક્ષણ છે. (અર્થાત્) ઉત્પત્તિ એ તેની સૃષ્ટિ છે. ૯૯ ગાથામાં તો (પોતાપોતાના અવસરોમાં પ્રકાશતા (પ્રગટતા) સમસ્ત પરિણામો) એમ કહ્યું છે. પણ આમાં - ૧૦૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગાથામાં - તો '**નિજક્ષણ**' (છે) એમ ચોખ્ખી (વાત છે). અને ૧૦૧ ગાથામાં તો એમ પણ લીધું છે કે (જે) કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, તેને પૂર્વે વીતરાગદશા હતી તેની પણ અપેક્ષા નથી. કેવળજ્ઞાન થયું તેને દ્રવ્ય-ગુણની (પણ) અપેક્ષા નથી. આહાહા ! કેવળજ્ઞાન થયું તેને જ્ઞાનાવરણીય (કર્મના) અભાવની (પણ) અપેક્ષા નથી. આ આવી વાતુ છે. આ ધંધો બીજી જાતનો છે.

શ્રોતા :- આ તો ભગવાન થવાનો ધંધો છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા. એ સંસારમાં પાપના ધંધા તો હણાય જવાના છે. જ્યાં ત્યાં કર્તા-કર્તા... મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું... (એમ માને છે). અરે પ્રભુ ! તું જ્ઞાનસ્વરૂપ છો ને ! (તો) એ શું કરે ? (તે) જાણવાનું કામ કરે કે કરવાનું કામ કરે ? જાણવાનું (પણ શું) કામ નથી ? આહાહા ! અને તે પણ - જાણવાનું કામ પણ - એ પર્યાય છે તે પણ - નિમિત્તનું (કે) જ્ઞેયનું જ્ઞાન કરે છે, એમ પણ નથી. (કેમ કે) એ જ્ઞાનની પરિણતિ સ્વતઃ છ કારકપણે પરિણમેલી છે. આહાહા ! (એમ) પૂર્વે બારમા (ગુણસ્થાનમાં) વીતરાગ થયો, માટે તેરમેં (ગુણસ્થાને) કેવળજ્ઞાન થયું, એ તો એક નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે વ્યવહારની વાત છે. આહાહા ! આવો ઉપદેશ ?

બિચારા લોકોને (એક તો) નવરાશ નહિ. ( ને જ્યાં) બે ઘડી કલાકમાં સાંભળવા જાય ત્યાં (તેને) મળે બીજું. (તેથી) આવી વાત સાંભળતા તેને એવું લાગે કે આ તે કઈ જાતનું ? (શું) આ નવો ધર્મ છે ? આહાહા ! એ તો મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે કે માર્ગમાં જે પરંપરા ચાલે છે તે (કંઈ નવી પરંપરા નથી). અત્યારે લોકો કહે છે કે, 'રાગથી (ધર્મ) થાય, એવી જે આપણે પરંપરા ચાલે છે તે પરંપરાને તોડવી નહિ.' જ્યારે મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહે છે કે અજ્ઞાનીએ અનાદિથી જે પરંપરા માની છે તેને તોડીને જૈન શાસ્ત્ર પ્રમાણે જે (વાત કરે) તે નવી નથી. છે ને (તેમાં) ? સાતમા અધ્યાયમાં છે. આહાહા ! એણે (પં. ટોડરમલજીએ) કેટલું નાખ્યું છે !

(લોકો એમ કહે છે કે) આ તો નવું છે ! કોઈ (આવું) કહેતા નથી ને તમે નવું કાઢ્યું ? અરે ભાઈ ! આ વસ્તુ નવી નથી. (આ) નવીન મારગ નથી. પણ જે જૂની પરંપરા અજ્ઞાનીએ માની હતી, તેનાથી (આ) નવું (જુદું) લાગે એથી (કરીને) કાંઈ નવું નથી. આ તો જૈનશાસ્ત્રના અનુસારે જે વસ્તુ છે તે આ છે. સમજાણું ? (અજ્ઞાની) કહે છે કે અમારી પરંપરા ચાલે છે તેને તોડીને આ તમે નવું શું કાઢ્યું ? પણ ખોટી પરંપરા જે ચાલતી હોય તેને (તોડીને) શાસ્ત્ર અનુસારે કહેવું એ કાંઈ નવું નથી. એ વાત મોક્ષમાર્ગ પ્રકાશકમાં નાખી છે કે, જૂની ખોટી પરંપરા (જે) હોય તેને તોડીને શાસ્ત્ર અનુસારે કહે એ (કાંઈ) નવીન નથી - એવા શબ્દો છે. બહુ નાખ્યું છે. તેમાં કહે છે કે -

**પ્રશ્ન :- પરંપરા છોડી નવીન માર્ગમાં પ્રવર્તવું યોગ્ય નથી.**

આહાહા ! અજ્ઞાની કહે છે કે રાગથી ધર્મ થાય, વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય એવી જે અમારી પરંપરા અત્યાર સુધી ચાલી આવે છે (તે છોડીને નવીન માર્ગમાં પ્રવર્તવું યોગ્ય નથી). છે અંદર ?

**ઉત્તર :- જો પોતાની બુદ્ધિથી નવીન માર્ગમાં પ્રવર્તે તો યોગ્ય નથી. પરંતુ પરંપરા અનાદિનિધન જૈનધર્મનું સ્વરૂપ શાસ્ત્રોમાં પ્રરૂપણ કર્યું છે, તે પ્રવૃત્તિ છોડી વચ્ચે કોઈ પાપી પુરુષોએ અન્યથા પ્રવૃત્તિ ચલાવી હોય, તેને પરંપરા માર્ગ કેવી રીતે કહેવાય ? તથા તેને છોડી પુરાતન જૈન શાસ્ત્રોમાં જેવો ધર્મ પ્રરૂપ્યો હોય તેમ પ્રવર્તે તો તેને નવીન માર્ગ કેમ કહેવાય ?**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આહાહા ! મોક્ષમાર્ગ પ્રકાશકમાં બહુ નાખ્યું છે ! આહાહા !

(અહીં કહે છે કે) એ શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ (એટલે કે) કેવળજ્ઞાનની પ્રાપ્તિ **'અન્ય કારકોથી નિરપેક્ષ (સ્વતંત્ર) હોવાથી અત્યંત આત્માધીન છે.' 'અત્યંત આત્માધીન છે (લેશમાત્ર પરાધીન નથી).' આહાહા** ! (અર્થાત્) જરી પરાધીન નથી. **'એમ પ્રકાશે છે.'** - વિશેષ કહેવાશે.

## (તા. ૧૭-૧-૧૯૭૯ – પ્રવચન નંબર-૧૧)

પ્રવચનસાર ગાથા - ૧૬. એની ટીકા. ઘણી સ્વતંત્રતાના ઢંઢેરાની આ ગાથા છે.

ટીકા :- **'શુદ્ધઉપયોગની ભાવનાના પ્રભાવથી...'** શુદ્ધોપયોગ એટલે નિશ્ચય રત્નત્રય એવું જે મોક્ષના માર્ગનું સ્વરૂપ એને અહીંયા શુદ્ધોપયોગ કહ્યો છે. તે શુદ્ધોપયોગની ભાવનાના (એટલે કે) એની એકાગ્રતાના પ્રભાવથી **'સમસ્ત ઘાતીકર્મો નષ્ટ થયાં હોવાથી જેણે શુદ્ધ અનંતશક્તિવાળો ચૈતન્યસ્વભાવ...'** આહાહા ! (પ્રભાવથી કર્મો નષ્ટ થયા છે એમ જે કહ્યું છે) તે નિમિત્તથી કથન છે. શુદ્ધ અનંત શક્તિવાળો ચૈતન્યસ્વભાવ પર્યાયમાં **'પ્રાપ્ત કર્યો છે.'**

આહાહા ! પહેલી (તો) સામાન્ય વાત કરી (કે) **'શુદ્ધ ઉપયોગની ભાવનાના...'** ભાવના શબ્દે (અહીં) કલ્પના (છે), એમ નહિ. તેમ ચિંતવન એ (પણ) નહિ. (પરંતુ) જ્ઞાયકસ્વરૂપ પ્રભુ ભગવાન (આત્મા) એના તરફનો જે નિર્વિકલ્પ ઉપયોગ એવા શુદ્ધઉપયોગના પ્રભાવ વડે **'સમસ્ત ઘાતિકર્મો'** (અર્થાત્) ચારે ઘાતિકર્મો **'નષ્ટ થયાં હોવાથી...'** આ તો એને સમજાવવું છે ને ? એટલે (આમ કહ્યું છે). બાકી તો એ કર્મની પર્યાય (છે) - (જે) કર્મ છે - તે પણ પોતાને (કારણે વ્યય થાય છે). તે કાળે પર્યાયનો વ્યય થવાનો તેનો કાળ છે. કર્મ રૂપે (જે) પર્યાય છે તેનું અકર્મરૂપે થવું એ તેનો સમય છે. પણ તેમાં (ભાવના) નિમિત્ત છે એટલે આ વાત કરી. પરંતુ નિમિત્ત એને નષ્ટ કરે છે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા ! કર્મની પર્યાયરૂપે જે જ્ઞાનાવરણાદિ છે તે પોતે જ જ્યારે અકર્મરૂપે પરિણમે છે (ત્યારે) તે સમયની પર્યાયની તે નિજકાળ છે. પણ તેને (ભાવનાને) નિમિત્ત તરીકે ગણીને અહીંયા (કહ્યું છે કે) **'શુદ્ધ ઉપયોગની ભાવનાના પ્રભાવથી સમસ્ત ઘાતિકર્મો નષ્ટ થયાં હોવાથી...'** (એટલે કે) ભાવઘાતિ ને દ્રવ્યઘાતિ (નષ્ટ થયા છે, એમ) બેય આગળ લેશે.

(કહે છે કે) **'શુદ્ધ અનંતશક્તિવાળો ચૈતન્ય સ્વભાવ...'** જેણે વર્તમાન પર્યાયમાં શુદ્ધ અનંત સ્વભાવની શક્તિના સામર્થ્યવાળો ચૈતન્યસ્વભાવ **'પ્રાપ્ત કર્યો છે એવો આ આત્મા...'** બસ એટલી વાત. હવે તેના છકારકો ઉતારે છે. આહાહા ! આ તો (ચૈતન્યસ્વભાવ) પ્રાપ્ત કર્યો છે એટલી વાત કરી. સમજાણું કાંઈ ?

(હવે કહે છે કે) **'(૧) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાયક સ્વભાવને લીધે...'** શુદ્ધ અનંત શક્તિવાળો જ્ઞાયકસ્વભાવ છે તેને કારણે **'સ્વતંત્ર હોવાથી...'** એ જ્ઞાયકસ્વભાવ સ્વતંત્ર હોવાથી **'જેણે કર્તાપણાનો અધિકાર ગ્રહણ કર્યો છે.'** આહાહા ! શુદ્ધ કેવળજ્ઞાનની પર્યાયની પ્રાપ્તિ તેણે - જ્ઞાયકભાવે - સ્વતંત્રપણે પ્રાપ્ત કરી હોવાથી તે કર્તા છે. (એટલે કે) એ કેવળજ્ઞાનની પર્યાયનો જ્ઞાયકસ્વભાવ તે કર્તા છે. નિશ્ચયથી તો કેવળજ્ઞાનની પર્યાય પર્યાયની કર્તા છે. પણ અહીં અભેદ સમજાવવું છે ને ? (એટલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આમ કહ્યું છે).

આ (પંચાસ્તિકાયની) ૬૨મી ગાથાની - ચર્ચા ૧૩ની સાલમાં ઘણી થઈ હતી. (ત્યારે) કહ્યું હતું કે ભાઈ ! વિકાર જે આત્મામાં થાય છે તે (પોતાના) ષટ્કારકનું પરિણમન થઈને (થાય છે). તેને પરકારકની - નિમિત્તની (કે) કર્મની પણ (જે કારક લીધા છે) એ જ શૈલીમાં અહીં શુદ્ધપણાને પ્રાપ્ત કરવાની શૈલીમાં લીધાં છે. આહાહા ! અભિન્ન લીધું છે. ભાઈ ! (એમ) અહીં (પણ) અભિન્ન (લીધું છે). શ્રી જયસેનાચાર્યની (સંસ્કૃત) ટીકામાં છે કે '**अभिन्न कारण**'

આત્માની પર્યાયમાં જે રાગ ને મિથ્યાત્વને દ્વેષાદિ થાય છે તે પર્યાય - વિકારી પર્યાય - પોતે વિકારનો કર્તા (છે), વિકારી પર્યાય તેનું કાર્ય (છે), વિકારી પર્યાય પર્યાયનું સાધન-કરણ - (છે), વિકારીપર્યાય પોતાને માટે રાખી (છે) એટલે કે સંપ્રદાન (છે) વિકારી - પર્યાયમાંથી વિકારી પર્યાય થઈ (છે) માટે તે અપાદાન (છે) અને વિકારી પર્યાયના આધારે (તે) પર્યાય થઈ છે. આવા પર્યાયના ષટ્કારકો સ્વતંત્ર - પરની અપેક્ષા વિનાના છે. જો કે ૬૨મી ગાથામાં પહેલા કર્મના ષટ્કારક લીધાં છે. પછી જીવના લીધાં છે. આહાહા ! (તો પણ) પર્યાયમાં - આત્મામાં જે વિકાર થાય છે (તે સ્વતંત્ર - પરની અપેક્ષા વિના થાય છે) અને પાઠમાં (ટીકામાં) અભિન્નકારક લીધાં છે. આમ જ્યાં કહ્યું ત્યાં તો (સામે પ્રશ્ન મૂક્યો કે, 'ત્યાં તો અભિન્ન કારકની વાત છે.' પણ (અમે કહ્યું) અભિન્નનો અર્થ શું ? બીજાની અપેક્ષા વિના પોતાથી થયા એનું નામ અભિન્ન (કારક છે). એ રીતે જો કર્મના - નિમિત્તના-ભાવ (અપેક્ષા) વિના વિકાર થાય તો તો વિકાર સ્વભાવ થઈ જશે ?

એ (વિકાર) સ્વભાવ જ છે. - પર્યાયનો એ સ્વભાવ છે. વિકાર જે સમયે થાય છે તે સમય તેની જન્મક્ષણની ઉત્પત્તિનો કાળ જ છે. આવી વાત (છે). આહાહા ! તેથી ત્યાં અભિન્ન કારક કહ્યું છે (અને) અહીં પણ અભિન્ન (કારક) કહ્યાં છે. શ્રી જયસેનાચાર્યની સંસ્કૃત ટીકામાં (કહ્યું) છે કે '**अभिन्नकारकचिदानंदैक चैतन्यस्वभावेन स्वतन्त्रवात् कर्ता भवति।**' આહાહા ! શું સિદ્ધાંત ? આહાહા ! વિકાર પર્યાય જે થાય છે (તે સ્વતંત્ર થાય છે). પણ ઘણા લોકોને એમ બેસી ગયું છે કે કર્મને લઈને વિકાર થાય (છે), કર્મને લઈને વિકાર થાય (છે). આહાહા ! (પણ) આ વાત તો ૧૯૭૧ની સાલમાં બહાર મૂકી હતી. ૬૪ વર્ષ થયા કે વિકાર પોતાથી થાય છે. તેને કર્મની કોઈ જરૂર - અપેક્ષા નથી. (આ સાંભળી) ઘણા (લોકો) ભડક્યા હતા કે, અમારા ગુરુએ કોઈ દિ' આવું કહ્યું નથી ને આ નવું ક્યાંથી કાઢ્યું ? હવે આવું જ્યાં કાઢીને મૂક્યું એ પડી ઊડીને ક્યાં જશે ? આહાહા ! બાપુ ! મારગ તો આ છે ભાઈ !

રાગને પોતાનો માનવો, શરીરની ક્રિયા (હું) કરી શકું છું, બીજાને (હું) મારી શકું છું, બીજાની દયા (હું) પાળી શકું છું એવી (માન્યતારૂપ જે) મિથ્યાત્વભાવ છે તે પણ જીવની પર્યાયમાં જીવની પર્યાયથી થાય છે. તે (મિથ્યાત્વ) આત્માથી થાય છે (તેમ જે કહ્યું છે એ તો પર્યાયમાં) સંબંધ છે એટલું બતાવવા વ્યવહારથી વાત કરી છે. આહાહા ! આવું કામ છે. ભાઈ ! મારગ આ છે બાપુ ! છયે દ્રવ્ય જે જ્ઞેય છે - પરમેશ્વરે ભગવાને કેવળજ્ઞાનમાં જે છ દ્રવ્ય જોયા (છે) - તે છદ્રવ્યનો જે પર્યાય ઉત્પન્ન થાય (છે) તે તેનો તે સમયનો જન્મક્ષણ છે. અને તે પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે. (ભલે) પછી તે નિર્મળ થાય કે મલિન (થાય). આહાહા ! ત્યાં (પંચાસ્તિકાયમાં) તો મલિનતાની વાત (છે). એટલે લોકોને (એમ થયું કે) મલિન ભાવ થાય છે તે શું કર્મની અપેક્ષા વિના (થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે) ? પણ જુઓ ! પાઠમાં શું છે ? જુઓ ! (વિકાર) પરના કારકના કર્તાપણાની અપેક્ષા વિનાના છે. પર - કર્મ (કે) નિમિત્ત-કર્મ (અથવા) નિમિત્ત કારણ (છે એ) તેમાં છે જ નહિ. આહાહા ! હવે આવી વાત છે.

અહીં તો કહે છે (કે) ત્રણકાળ - ત્રણલોકમાં જે સમયે જે પર્યાય જે જ્ઞેયની (થાય છે તે પોતાથી થાય છે). ભગવાને છ (દ્રવ્ય) જોયા છે. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય અને આકાશ (એમ) ભગવાન પરમાત્મા જિનેશ્વરે છ દ્રવ્ય જોયા છે. એ છ દ્રવ્યની પર્યાય, જે સમયે એનો કાળ છે તે કાળે અને પોતાના ષટ્કારકથી (થાય છે). આહાહા ! એવું જ વસ્તુનું સ્વરૂપ છે. એવું જ ભગવાને જોઈને - જાણીને કહ્યું છે. (પણ) અત્યારે લોકોને આકરું (લાગે છે) કે, એ વિકાર થાય તે કર્મ વિના થાય.

પ્રશ્ન :- કર્મના આશ્રય વિના વિકાર ન થાય.

સમાધાન :- તે કર્મના આશ્રયે પણ ન થાય. (કેમકે) આશ્રય પોતાની પર્યાયનો (છે). (અર્થાત્) આધાર (પણ) ત્યાં પોતાનો છે. આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! આહાહા ! એ વિકૃત અવસ્થા (જે) થાય છે તે પણ પોતાની (પર્યાયને કારણે છે). જે વિકાર છે તેનો કર્તા વિકાર (છે). અભિન્નથી કર્મ (કાર્ય) કહેવું (પણ તે જ છે). તે આમાં (શ્રી જયસેનાચાર્યની ટીકામાં) પણ છે કે ઘડો માટીથી અભિન્ન હોવાથી માટી પોતે જ કર્મ છે. છે ને ભાઈ ? અંદર ભાવાર્થમાં પણ 'અભિન્ન' શબ્દ છે. આહાહા ! આવશે, હળવે હળવે તે આવશે. ઝીણી વાત છે. આખું સ્વતંત્ર સ્વરૂપ ભગવાને (જેવું) જોયું એવું તેમણે સિદ્ધ કરીને કહ્યું છે. આહાહા !

એ કહે છે કે વિકારની પર્યાય પણ સ્વતંત્રપણે તે જ કાળે - આઘી પાછી નહિ એ જ સમયે પોતાથી થાય (છે). આહાહા ! અને તે વિકાર, પૂર્વની પર્યાયને લઈને પણ નથી, નિમિત્તને લઈને પણ વિકાર નથી અને ખરેખર તો એ વિકારી પર્યાય દ્રવ્ય-ગુણને લઈને પણ નથી. આહાહા ! આવી વાત ! આવું સ્વતંત્રપણું (જેને) બેસે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય.

પ્રશ્ન :- કર્મ તરફ લક્ષ કરે તો વિકાર થાય.

સમાધાન :- લક્ષ-બક્ષ કાંઈ નથી. એ પર્યાય સ્વતંત્ર છે.

પ્રશ્ન :- કર્મ બાજુ જોડાણ કર્યું છે.

સમાધાન :- જોડાણ-બોડાણ કાંઈ કર્યું નથી. જોડાણ કર્યું છે (એમ કહેવું) એ નિમિત્તનું કથન છે. પર્યાય સ્વતંત્રપણે પોતે આ પ્રમાણે થઈ છે. ભાષા(માં) એમ કહેવાય કે નિમિત્ત તરફ જોડાણ (કર્યું છે). છતાં પણ પર્યાય પોતે સ્વતંત્રપણે જોડાણી (છે, ને) પર તરફ લક્ષ કર્યું છે. પરનો આશ્રય થયો માટે આ વિકાર થયો, એમ નથી. આહાહા ! આકરું કામ. આહાહા ! ઘી ઊનું થાય છે તે ઊની પર્યાય પોતે તે કાળે થવાની (હતી તો થઈ છે) અને તે પણ તેને અગ્નિના નિમિત્તપણાની અપેક્ષા નથી. આહાહા ! ઘીમાં એ ઉષ્ણતાની પર્યાય ષટ્ કારકપણે પોતાથી થઈ છે. આહાહા ! એ જ વાત અહીંયા (છે). માટીનો દાખલો આપશે. આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! આ તો મૂળ ચીજ છે. પછી તેનું જે દ્રવ્ય છે તેની દૃષ્ટિ કરવી. પર્યાય તે કાળે તે થવાની (હતી) તે જ (પર્યાય) પોતાના (ષટ્કારકથી) સ્વતંત્ર થાય છે. (આમ જાણીને) પછી તેની દૃષ્ટિ(ને) દ્રવ્ય ઉપર લઈ જવી. એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ લઈ જવી તેનું કરણ-સાધન પણ પર્યાય છે. આહાહા ! બહુ વાત (ઝીણી) છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક કળશ(માં) આવે છે ને ! 'પરસંગ એવ.' પરસંગ પોતે કર્યો છે. પર સંગ થયો માટે એને આ (વિકાર) થયો છે (એમ નથી). (પણ) સંગ પોતે કર્યો છે. એ રાગે નિમિત્તનો સંગ પોતે કર્યો (તો) એ કર્તા પોતે છે. આહાહા ! 'पर एव' - એના વડે (પર વડે વિકાર) થયો નથી. (પણ) 'परसंग एव' - (પરસંગે વિકાર થયો છે). (એને) પરને લઈને (વિકાર) થયો, એમ નહિ એક શબ્દે મોટો ફેર (છે) ભાઈ ! આહાહા ! આ રોટલીની પર્યાય (છે) - એ લોટની જે રોટલીની પર્યાય છે - તે પર્યાય ખરેખર તો, રોટલીની પર્યાયની થઈ છે, લોટથી નહિ, વેલણાથી નહિ, અગ્નિથી નહિ, તાવડીથી નહિ, બાઈના હાથથી નહિ, બાઈને ઈચ્છા થઈ હતી માટે તેનાથી થઈ (છે) તેમ નથી. આહાહા ! આવું સ્વરૂપ છે ! આવી સ્વતંત્રતાનો ઢંઢેરો ભગવાને પીટ્યો છે. કોઈ પર્યાયને કોઈ પર્યાયનો આધાર (નથી). આહાહા !

મુમુક્ષુ :- કર્તાપણું કહ્યું ત્યાં જ સ્વતંત્ર છે, એમ આવી ગયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ સ્વતંત્ર કર્તા છે. આહાહા ! કર્તાનો અર્થ સ્વતંત્રપણે કરે તે કર્તા (છે). એ જ આવે છે. જુઓ ! એ આવ્યું -

'**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાયકસ્વભાવને લીધે સ્વતંત્ર હોવાથી જેણે કર્તાપણાનો અધિકાર ગ્રહણ કર્યો છે.**' કેવળજ્ઞાનની પર્યાય પૂર્વની પર્યાયનો નાશ કરીને (થઈ છે એમ નથી). (એટલે કે) એ (પૂર્વ પર્યાયનો) નાશ થયો એમ અહીં નથી. (પરંતુ) અપાદાનમાં તો એને (પૂર્વ પર્યાયનો) નાશ કરીને એમ આવશે. ભાઈ ! પોતે પૂર્વની પર્યાયનો નાશ કરીને ધ્રુવને અવલંબ્યો છે (એમ કહેશે). આહાહા ! જીણી વાત બહુ બાપુ ! મારગ - તત્ત્વદૃષ્ટિ એવી જીણી છે અને એ દૃષ્ટિને યથાર્થપણે પ્રગટ કર્યા વિના બધું ફોગટ છે. એ બધી ક્રિયા કરે - વ્રતને, તપને, ભક્તિને, પૂજા - (તો પણ) એ બધો રખડવાનો સંસાર છે. આહાહા !

(કહે છે કે) '**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાયકસ્વભાવને લીધે...**' એની પોતાની અનંત શક્તિ એટલી છે કે જેથી સ્વતંત્ર હોવાથી જેણે કેવળજ્ઞાનની પર્યાયના કર્તાપણાનો અધિકાર ગ્રહણ કર્યો છે. આહાહા ! એક (વાત). એવો આત્મા છે - એમ ઉપર આવ્યું હતું ને ? પહેલા આત્મા લીધો હતો ને ? (કે) '**એવો આ આત્મા...**' આહાહા !

(હવે) બીજો બોલ '(૨) **શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના...**' (અર્થાત્) કેવળજ્ઞાનની પર્યાયપણે થવાના - પરિણમવાના '**સ્વભાવને લીધે પોતે જ પ્રાપ્ય હોવાથી (- પોતે જ પ્રાપ્ત થતો હોવાથી) કર્મપણાને અનુભવતો...**' (એટલે કે) પોતે જ કાર્યપણાને - વ્યાપ્યપણાને - અનુભવે છે. આહાહા ! આખો દિ' વાણિયા કહે આ કર્યું ને આ કર્યું. આમાં હવે તેને નવરાશ ન મળે. અહીં તો કહે છે કે પ્રભુ ! તું સાંભળ. એક અક્ષર આમ લખાય છે ને અક્ષર ! અક્ષરમાં, અક્ષરની પર્યાય જે ઉત્પન્ન થઈ તે કલમથી (થઈ) નથી, તે પર્યાય તેના દ્રવ્ય-ગુણથી (થઈ) નથી. આહાહા ! એ અક્ષરની પર્યાયના પરમાણુમાં દ્રવ્ય ને ગુણ ધ્રુવપણે રહીને તે પર્યાયનું જે પરિણમન અક્ષર(પણે) થયું તે પર્યાયનો કર્તા તે પર્યાય છે. કલમ નહિ, સ્ત્રી નહિ (કે) લખનાર હુંશિયાર માણસ (પણ) એ અક્ષરનો કર્તા નથી. આહાહા ! એ અક્ષર જે પડે (તે પોતાથી થાય છે પણ) પ્રભુ ! તને ખબર નથી. અક્ષર છે તે અનંત પરમાણુનો પિંડ છે. તે અક્ષરની પર્યાયમાં - એક એક પરમાણુ (ભિન્ન રહીને પરિણમે છે). અક્ષર તો સ્કંધ છે. તેમાં એ પરમાણુ ભિન્ન રહીને (પરિણમે છે). અનંત પરમાણુના સ્કંધની - પોતાની જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અક્ષરની (પર્યાયો) થઈ તેમાં રહીને પોતાની પર્યાયનો કર્તા પર્યાય છે. આહાહા ! પ્રત્યેક પરમાણુની પર્યાય, પોતાથી - પર્યાયથી થઈ છે. આહાહા ! ખરેખર તો તેનો નિજક્ષણ એ છે, એ સમયે અક્ષરના સમૂહમાં રહેલો પરમાણુ, તેને તે અક્ષરની પર્યાયના પિંડમાં રહીને, આહાહા ! પોતે જ પોતાની પર્યાયપણે અક્ષરના અંશમાં પરિણમ્યો છે. આહાહા ! અહીં તો બધાં કામ - ધંધાના ને વેપારના હું કરું.... હું કરું... (એમ માને છે). (પણ એ) ભ્રમણા - મોટી ભ્રમણા છે.

શ્રોતા :- હુશિયાર માણસ હોય તો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- હુશિયાર ? હુશિયારીની પર્યાયનો કર્તા (તો) હુશિયારીની પર્યાયમાં રહી. હુશિયારી બહારમાં ક્યાં ગઈ (છે) ? તેની પર્યાયનો જે જ્ઞાનનો ક્ષયોપશમ છે તે પર્યાયનો કર્તા ષટ્કારકપણે તે પર્યાય પોતાથી પરિણમી છે. એ હુશિયારી લખવામાં કે કામ કરવામાં જાય છે એમ છે નહિ. આહાહા ! આવું છે.

મુમુક્ષુ :- નોકર રાખતી વખતે ધ્યાન રાખે...

પૂજ્ય ગુરુદેવશ્રી :- કોણ એને રાખે ? એ તો બહારની બધી વ્યવહારની વાતો છે. આહાહા ! અહીંયા તો કહે છે કે જ્યારે આત્મામાં કેવળજ્ઞાન થાય ત્યારે તે જ્ઞાનની પર્યાયનો કર્તા તે આત્મા છે એ (કેવળજ્ઞાનની) પર્યાયને આત્મા ગણીને આત્મા (કર્તા) છે એમ કીધું અને તે પોતે સ્વતંત્રપણે કરી છે. એ જ્ઞાનાવરણી (કર્મનો) ક્ષય થયો - એવી અપેક્ષા થઈ છે - માટે કેવળજ્ઞાનની પર્યાય કર્તાપણે થઈ, એમ નથી. આહાહા !

'**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના...**' જોયું ? આહાહા ! અહીંયા નીચે (છદ્મસ્થપણામાં) પણ આ શબ્દ જે કાને પડે છે તે શબ્દ કાનને અડે છે એમ પણ નથી અને તે શબ્દ કાને પડ્યો માટે ત્યાં જ્ઞાનની પર્યાય થઈ, એમ પણ નથી. તે ક્ષણે તેને પોતાને (તે) શબ્દ સંબંધીનું જ્ઞાન પોતાથી ષટ્કારકરૂપે પરિણમતી તે જ્ઞાનની પર્યાય એ કાળે ત્યાં થાય છે. તેને શબ્દની અપેક્ષા નથી. આહાહા ! તેને જ્ઞાનાવરણી (કર્મના) ક્ષયોપશમની અપેક્ષા નથી. આવી વાત છે.

આવે છે ને (એક જગ્યાએ) ! કે, કાનજીસ્વામી એમ કહે છે કે, જ્ઞાનકી હિનાધિકતા અપનેસે હોતી હૈ. જ્ઞાનાવરણી કર્મ સે નહિ. (એક પુસ્તકમાં) છાપ્યું છે ને ! કાનજીસ્વામી ઐસા કહતે હૈં કિ, મહારાજ ! જ્ઞાનાવરણી કર્મ કુછ નહીં કરતે. અપની યોગ્યતાસે જ્ઞાનમેં કમી-બેસી હોતી હૈ. (એટલે કે) જ્ઞાનની પર્યાય હિણી થાય એ પણ પોતાના કર્તા, કર્મથી થાય. અધિક થાય એ પણ પોતાથી (થાય) જ્ઞાનાવરણી (કર્મને) લઈને નહિ. છે ? મહારાજ ! જ્ઞાનમેં કમી હોતી હૈ (વહ) અપની વજહસે હોતી હૈ, અપની યોગ્યતાસે હોતી હૈ. કાનજીસ્વામી યહ કહતે હૈં. જ્ઞાનાવરણી કર્મ કુછ નહીં કરતા. (અર્થાત્) જ્ઞાનની હીણી દશામાં પણ જ્ઞાનાવરણી (કર્મની) કોઈ અપેક્ષા નથી અને જ્ઞાન વિશેષ ઉત્પન્ન થાય તેમાં પણ જ્ઞાનાવરણીના ક્ષયોપશમની કોઈ અપેક્ષા નથી. (અજ્ઞાની એમ માને છે કે) જ્ઞાનાવરણી કુછ કરતે નહીં, ઐસા નહીં. જ્ઞાનની હીણી દશાને જ્ઞાનાવરણીયનો ઉદય હોય છે તેથી હીણી દશા થાય છે. એને જ્ઞાનનો ઉઘાડ વિશેષ થાય ત્યાં જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય માટે વિશેષ થાય (છે). એ (વાત) અહીં નથી. આહાહા !

પ્રશ્ન :- પણ ન્યાયમાં ગ્રંથમાં તો બેય કારણથી કાર્યની સિદ્ધિ કહી છે ?

સમાધાન :- એ બે કારણ, નિમિત્ત છે એમ સિદ્ધ (કરવા) કહ્યું છે. નિમિત્ત છે એટલું જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરાવ્યું (છે). અહીંયા તો, એક સમયમાં તે જ્ઞાનની પર્યાય જે પ્રગટ થઈ તે પર્યાયનો કર્તા પર્યાય (છે), કાર્ય પર્યાય (છે), પોતાથી (પર્યાય) થઈ પોતે (પર્યાયને) રાખી એ સંપ્રદાન (છે), પોતામાંથી (પર્યાય) થઈ (તે અપાદાન), પોતાને આધારે (પર્યાય) થઈ (છે), આહાહા ! તે પર્યાયને - (તે) ષટ્કારકના પરિણમનને - કોઈ કર્મના નિમિત્તના અભાવની કે (સદ્ભાવની) અપેક્ષા નથી. આમ છે બાપુ !

મુમુક્ષુ :- સમર્થ કારણમાં ગોપાલદાસજી બરૈયાએ બન્ને કારણ લીધાં - ઉપાદાન અને નિમિત્ત.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઉપાદાનના કારણ ને નિમિત્ત કારણ જે સાથે કહ્યાં છે એ તો વ્યવહારનું - નિમિત્તનું જ્ઞાન કરાવ્યું (છે). નિમિત્તનું જ્ઞાન કરાવવા એમ કીધું. ત્યાં મોક્ષમાર્ગ પ્રકાશકના સાતમા અધ્યાયમાં ભાઈએ નાખ્યું છે, વ્યવહારથી કીધું છે (ત્યાં) નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા ! અરેરે ! આવું વસ્તુનું જે સ્વરૂપ છે (તેને) એ રીતે માને નહિ ને આઘું-પાછુ માને એ વિપરીત દૃષ્ટિ છે. આહાહા ! (અહીં કહે છે કે) '**શુદ્ધ અનંત શક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ પ્રાપ્ય છે.**' (એટલે કે) તે વખતે તે જ પર્યાય થવાની હતી. તે પ્રાપ્તને ધ્રુવ પહોંચી વળે છે. આહાહા ! કેવળજ્ઞાનની પર્યાય તે તેનું પ્રાપ્ય છે. (સમયસારમાં) પ્રાપ્ય - વિકાર્ય ને નિર્વૃત્ય આવ્યું હતું ને ? ૭૬, ૭૭, ૭૮ ગાથામાં બહુ (સરસ) અધિકાર આવ્યો છે. તે સમયે તે પર્યાયનું (જે) પ્રાપ્ય છે તેને આત્મા પહોંચી વળે છે. એ કેવળજ્ઞાનની પર્યાય તે સમયે તે જ થવાની હતી. આહાહા ! અને તે પણ કેવળજ્ઞાનની પર્યાય (પોતાના) ષટ્કારકથી પરિણમતી થઈ છે. અહીં પ્રાપ્ય કહ્યું ને ? કે '**પોતે જ પ્રાપ્ય હોવાથી (પોતે જ પ્રાપ્ત થતો હોવાથી)**' કાર્ય છે. કાર્યપણાના સ્વભાવને લીધે '**પોતે જ પ્રાપ્તય હોવાથી**' પોતે જ પ્રાપ્તયને - '**કર્મપણાને અનુભવતો,...**' આહાહા ! (એટલે કે) કેવળજ્ઞાનની પર્યાયરૂપી કાર્યને પોતે અનુભવે (છે). તેના કાર્ય માટે પરના કાર્યની કોઈ જરૂર નથી. આહાહા !

(અજ્ઞાની) જ્યાં બે કારણની વાત આવે ત્યાં તેને પકડે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવીને પ્રમાણ કરાવ્યું (છે) અને નિશ્ચયથી તો એ પ્રમાણ પૂજ્ય નથી - એમ શ્રી દેવસેનાચાર્ય કૃત નયચક્રમાં લીધું છે. કારણકે તેમાં પર્યાયનો નિષેધ ને નિમિત્તનો નિષેધ થતો નથી. માટે તે પૂજ્ય નથી. નિશ્ચય તે પૂજ્ય છે. અહીંયા તો પર્યાયનું સ્વતંત્રપણું કહેવું છે. પણ નિશ્ચયમાં તો પર્યાયનો નિષેધ કરીને દ્રવ્યદૃષ્ટિ કરાવવી છે. આહાહા ! અને તે સમ્યગ્દર્શનની પર્યાય પણ નિશ્ચયથી તો પોતાના ષટ્કારકથી પરિણમતી ઉત્પન્ન થઈ છે. આહાહા ! તે કાળે તે જ થવાની હતી. આહાહા ! જીણી વાતો બહુ ભાઈ ! વીતરાગ મારગ પણ લોકોને સાંભળવા મળ્યો નથી. જે જેમાં જન્મ્યા તે બહારના વાડામાં પડ્યા - સ્થાનકવાસીમાં જન્મ્યા તો સ્થાનકવાસીમાં, દેરાવાસીમાં જન્મ્યા તો દેરાવાસી, દિગંબરમાં જન્મ્યા તો દિગંબરના વાડાનું શ્રદ્ધાન (થઈ ગયું) (પરંતુ) વસ્તુ શું છે (તે ખબર નથી). આહાહા ! એ પ્રાપ્તય - કર્મ કહ્યું.

(હવે) ત્રીજો બોલ. '(૩) **શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ સાધકતમ**' છે. (અર્થાત્) પોતે જ સાધન છે. આહાહા ! કરણ નામ સાધન. કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થવામાં કેવળજ્ઞાનની પર્યાય સાધન છે. આહાહા ! માટે, મોક્ષનો મારગ જે પૂર્વે હતો - નિશ્ચય સાધન હતું - તેનાથી મોક્ષપર્યાય (કે) કેવળ(જ્ઞાન) થયું છે એમ નથી. આહાહા ! સમજાણું ? '**કરણપણાને ધરતો...**' આહાહા ! સાધકતમ કહ્યું છે ને ? સાધકતમ (એટલે) ઉત્કૃષ્ટ સાધન. નિમિત્ત ને વ્યવહાર સાધનનો ઉપાચાર આવે પણ તે અસત સાધન છે. (તે જ વાત) હમણા (ભાવાર્થમાં) કહેશે કે વ્યવહાર કારકોના જેટલા સાધન કહેવાય છે એ બધાં જૂઠાં છે. આહાહા ! તે પર્યાયનું તે (પર્યાય) સાધન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


છે તે નિશ્ચય છે. આહાહા !

આ ચશ્માની પર્યાય જે છે (તે) અત્યારે પરિણમતી પર્યાય છે. પરમાણુ - દ્રવ્ય, ગુણ - તો કાયમ રહે (છે). (પણ પર્યાય) પરિણમતી છે. જે આ (પર્યાય) પહેલે સમયે છે તે બીજે સમયે નથી. તે-તે સમયે એ પર્યાય ઉત્પન્ન થઈને નાકને આધારે રહી છે એમ નહિ. તે પર્યાય બીજા પરમાણુના આધારે થઈ છે એમ નહિ, (પરંતુ) તે પરમાણુની (પર્યાય) તે કાળે, તે ક્ષેત્રે તે રીતે પોતાથી પરિણમનરૂપ થઈને - કર્તા, કર્મરૂપે થઈને - ઉત્પન્ન થઈ છે. આહાહા ! આ ચર્ચા લીંબડીમાં થઈ હતી. એક સાધુએ પ્રશ્ન કર્યો. આપણે ચર્ચા કરીએ ? મેં કીધું :- ભાઈ ! અમે કોઈની સાથે ચર્ચા કરતા નથી. (તે કહે) અરે ! તમારી એમાં મહિમા શું ? (અમે કહ્યું) - મહિમા-મહિમા અમારે કાંઈ નથી. બાપા ! તેને એમ હતું કે, તમારી આબરૂ ઘટી જશે (ને) તમને આવડતું નથી. એમ (કહેવાશે). ગમે તેમ માનો બાપા ! પછી છેવટે (તે કહે) 'આ ચશ્મા વિના કાંઈ જણાય ?' મેં કહ્યું :- ચર્ચા આવી ગઈ લ્યો ! ચશ્મા તો પરચીજ છે. ને જાણવાની પર્યાય સ્વની છે, તે સ્વની જાણવાની પર્યાય, પોતાથી થઈ છે, ચશ્માથી નહિ. આહાહા ! જે અહીંયા (આત્મામાં) જાણવાની દશા થાય છે તેને ચશ્માની અપેક્ષા જ નથી. તેને આ આંખના રજકણોની (પણ) અપેક્ષા નથી. આહાહા ! (એ સાધુ) હવે (છાપામાં) લખે છે કે, આમની સાથે આ ચર્ચા થઈ હતી. લખો બાપા ! ભાઈ ! આહાહા ! (પણ વસ્તુ સ્થિતિ તો આ છે).

અહીં કહે છે કે '**પોતે જ સાધકતમ (ઉત્કૃષ્ટ સાધન) હોવાથી કરણપણાને ધરતો...**' સાધકતમ છે ને ? તમ એટલે ઉત્કૃષ્ટ લીધું. સાધક, સાધકતર ને સાધકતમ. ઉત્કૃષ્ટ સાધન જ એ (પોતે પર્યાય) છે. કેવળજ્ઞાનની પર્યાયનું સાધન પર્યાય પોતે જ છે. અથવા આત્મા સાધન છે. (પણ) કોઈ પૂર્વની પર્યાય, (કે) નિમિત્ત જ્ઞાનાવરણી કર્મનો ક્ષય થયો માટે તેની અપેક્ષાથી અહીં (જીવમાં) કેવળજ્ઞાનનો પર્યાય ઉત્પન્ન થયો (કે) તેનું તે સાધન છે એમ નથી. આહાહા ! આવું તો ગળે ઉતરવું કઠણ પડે. તેથી એ પ્રશ્ન કલકત્તામાં (આવ્યો) હતો કે, વિકાર પોતાથી જ થાય ને કરમથી ન થાય તો, વિકાર તેનો સ્વભાવ થઈ જાય ? કર્મ વિના વિકાર થાય તો, વિકાર જીવનો સ્વભાવ થઈ જશે ? મેં કહ્યું, બધી વાત થઈ ગઈ છે.

વિકાર પોતાથી થાય છે. કર્મથી નહિ. કર્મના કારકની - કર્તા, કર્મની અપેક્ષા વિના વિકારની પર્યાય, પોતાના કર્તા, કર્મ, સાધનથી થાય છે. કહો, સમજાણું આમાં ? આહાહા ! બહુ આકરું કામ. (કોઈ એમ કહે છે કે, કાનજીસ્વામી ગમે તેમ કરે પણ) જ્ઞાનાવરણી કર્મ કર્તા છે (એટલે કે તેનો ઉદય) જ્ઞાનની હીણી પર્યાયનો કર્તા છે, તેનો ક્ષયોપશમ વિશેષ વધવામાં કારણ છે, આહાહા ! બહુ આકરું પડે એવી વાત છે. આવો મારગ (છે) બાપા ! શું થાય ભાઈ ? વસ્તુની સ્થિતિ તો જેમ છે તેમ છે. પછી ભલે ને મોટો પંડિત (ન) માને કે બધાં સાધુ ઊંધું માને. આહાહા ! શું થાય ? - એ ત્રણ બોલ થયા.

(હવે) ચોથો '(૪) **શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ કર્મ વડે સમાશ્રિત થતો હોવાથી...**' સમાશ્રિત એટલે પોતે જ પોતાને દેતો હોવાથી '(**અર્થાત્ કર્મ પોતાને જ દેવામાં આવતું હોવાથી) સંપ્રદાનપણાને ધારણ...**' કરે છે. (અર્થાત્) એ પરિણમન પોતે પોતાને દે છે. (એટલે કે પોતે પરિણમનરૂપ) થઈને પોતાને દે છે. (પણ) એ પરિણમન કાંઈ બીજાને દે છે કે બીજાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


દેવામાં આવ્યું છે એમ નથી. આહાહા ! (ભાવાર્થમાં) માટીનો દૃષ્ટાંત આપશે. એ (કેવળજ્ઞાનની) પર્યાય, પર્યાયને માટે પરિણમી હતી. આહાહા ! એ પર્યાય ત્રણકાળને જાણવા માટે પરિણમી હતી એમ નહિ. આહાહા ! સમજાણું કાંઈ ? એ પર્યાય પોતે પોતાથી, પોતાને માટે પરિણમી હતી. તેને અહીં સંપ્રદાન કહે છે. (એટલે કે) દાન-દાન આપ્યું. લેનાર યોગ્યતાવાળી પર્યાય (પણ) પોતે ને પોતે પોતાને દાન આપ્યું. એક સમયમાં લેનાર પણ પોતે ને દેનાર પણ પોતે પર્યાય (છે). આહાહા ! આવી વાતુ (છે). આહાહા ! બીજાને આત્મા આહાર દઈ શકે છે એ ત્રણકાળમાં નથી.

મુમુક્ષુ :- આહાર આપે તો ધર્મ થાય ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- (તેમાં) ધર્મ તો ક્યાં હતો ? (પણ) પુણ્ય થાય અને તે પણ આહાર આપી શકતો જ નથી ને ? (કેમકે) આહારના રજકણો જે છે તેનો એક એક પરમાણુ પોતાનું પરિણમન કરીને– આમ ગતિ કરીને - ત્યાં જાય છે. તેને આત્મા કહે કે મેં આહાર આપ્યો (તો) એ દૃષ્ટિ મિથ્યા ને અજ્ઞાન ને વિપરીત શ્રદ્ધા છે. આવું ક્યાં (સાંભળવા મળે) ?

આવું છે. આહાર આપીને ધર્મ થાય - એ પ્રશ્ન અમારે ગોંડલમાં થયો હતો. કોઈકે કહ્યું, જુઓ ! ભગવતીમાં આમ કહ્યું છે કે, ભગવાનને આહાર આપીને પરિસંસાર કર્યો ! એ ૭૭મી (સાલની) વાત છે. (અમે) કહ્યું, એમ નથી. આહાર દીધો માટે સંસાર ઘટ્યો છે - પરિત થયો (છે), એમ નથી. એ...વાંધા ઊઠયા ! આ ૭૭મી સાલની (વાત છે). કેટલા વર્ષ થયા ? ૫૮ વર્ષ થયા. આહાહા ! અહીં તો કહે છે કે એ કેવળજ્ઞાનની પર્યાય (પ્રગટ) કરીને પોતે પોતાને આપી. આહાહા ! એ દાન થયું. પોતે લેનાર ને પોતે દેનાર (છે). (અર્થાત્) પર્યાય પોતે પાત્ર ને પર્યાય પોતે દાન દેનાર. પર્યાય પોતે પાત્ર ને જેણે પર્યાય આપી તે પણ પોતે. આહાહા ! આવી વાતુ છે. - એ ચાર બોલ થયા.

(હવે) પાંચમો. '**(૫) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સમયે**' જોયું ? '**પરિણમવાના સમયે**' આ અપાદાન લીધું. '**પૂર્વ પ્રવર્તેલા વિકળજ્ઞાનસ્વભાવનો...**' (પૂર્વે) મતિ-શ્રુત આદિ અલ્પજ્ઞાન હતા ને ? (તેથી એમ કહ્યું છે). કોઈને પૂર્વે ચાર જ્ઞાન હોય ને તેના નાશ થઈને કેવળજ્ઞાન થાય છે. પણ એ '**પ્રવર્તેલા વિકલજ્ઞાનસ્વભાવનો નાશ થવા છતાં સહજજ્ઞાનસ્વભાવ વડે પોતે જ ધ્રુવપણાને અવલંબતો...**' અપાદાન છે. આહાહા ! અપાદાનની તે પર્યાય પોતાથી થઈ છે. કેવળજ્ઞાનની પર્યાય, પૂર્વની ચાર જ્ઞાનની દશાનો વ્યય થયો (હોવા) છતાં, તે ધ્રુવને અવલંબીને થઈ છે. આહાહા ! એ પણ નિમિત્તથી કથન છે. બાકી પર્યાય પોતે જ અપાદાનથી - પોતે પોતાથી - થઈ છે. આહાહા ! છે (અંદર) ? '**પૂર્વે પ્રવર્તેલા વિકલજ્ઞાનસ્વભાવનો...**' ચાર જ્ઞાન પૂર્વે હતા ને. પૂર્વે હોય ને ? તેનો વ્યય થઈને કેવળ(જ્ઞાન) થાય છે ને ? તેનો નાશ થવા છતાં પણ '**સહજજ્ઞાનસ્વભાવ વડે પોતે ધ્રુવપણાને અવલંબતો હોવાથી...**' અપાદાન છે. આહાહા ! (વિકળજ્ઞાનસ્વભાવનો) નાશ થયો માટે (કેવળજ્ઞાન થયું) એમ નહિ. આહાહા ! એ ભગવાન આત્માએ કેવળજ્ઞાનની પર્યાયને આ રીતે ઉત્પન્ન કરી છે. પૂર્વની પર્યાયનો વ્યય થવા છતાં, ધ્રુવપણાનું અવલંબન છે અને પર્યાય ત્યાં ઉત્પન્ન (થઈ) છે. આહાહા ! (ધ્રુવનું) અવલંબન લીધું છે પર્યાયે. આહાહા !

(હવે છઠ્ઠો બોલ). '**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવની પોતે જ આધાર છે.**' આહાહા ! એ કેવળજ્ઞાનની પર્યાયનો આધાર કેવળજ્ઞાનની પર્યાય છે. તેને આધાર કોઈ કર્મનો અભાવ થયો છે, તેવા આધારથી થયું છે એમ છે નહિ. આહાહા ! બીજી રીતે કહીએ તો, જુઓ ! આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પુસ્તક છે ને ! તેની પર્યાય છે એ આને (ઠવણીને) આધારે રહી નથી. આ ચશ્મા છે તે નાકને આધારે રહ્યાં નથી. આ પગ જે નીચે મૂકાય છે તે જમીનને આધારે પણ રહ્યો નથી. જમીનને આધારે પણ ચાલતો નથી. અરેરે...! આવી વાતુ ! એ પગ તેને - જમીનને અડ્યો પણ નથી. કારણકે એક બીજામાં અભાવ છે તો અડે ક્યાંથી ? આહાહા ! આવો વીતરાગ મારગ સાંભળવા મળે નહીં. (તો) તે ક્યારે સત્ય સ્વીકારે ? એમ ને એમ જે વાડામાં પડ્યા (હોય) તેને માનીને ચાલ્યા ગયા. થઈ રહ્યું ! જીવન પૂરા કરીને ચાલ્યા જશે... આહાહા !

આ પુસ્તક છે એનો અંદરનો એક પરમાણુ છે તે, આ નીચલા પરમાણુને આધારે રહ્યો છે એમ નથી. એ પરમાણુની પર્યાયનો આધાર, પરમાણુની પર્યાયનો છે. ખરેખર તો તેના દ્રવ્ય-ગુણનો પણ આધાર નથી. આહાહા !

ટોપીને માથાનો આધાર છે કે નહિ ? એ ટોપી માથાને આધારે રહી નથી એમ કહે છે. અરે ! પણ આવું ? આવો માર્ગ છે બાપા ! બહુ જીણું ભાઈ ! આહાહા ! આ ટોપી તો ઘણા પરમાણુનો પીંડ છે. એ ટોપીના એક એક પરમાણુમાં એ પર્યાય, પોતાને આધારે ત્યાં રહી છે. આહાહા ! માથાને આધારે નહિ. આવું સ્વરૂપ છે. આહાહા ! હવે આ મકાનનું લઈએ. આ મકાનમાં જે આ અક્ષર છે ને જે સમયે આ મકાન થયું છે તે સમયે, તે તે પરમાણુનો તે તે પર્યાય તે કાળે ત્યાં તે પ્રકારે રહેવાનો (થવાનો) હતો. પોતાના આધારે તે પર્યાય થઈ છે. આહાહા ! એ કડિયાએ પણ કરી નથી. આવી વાતુ !

મુમુક્ષુ :- પણ મુંબઈથી માણસ બોલાવવા પડ્યા હતા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ કોણ બોલાવે ? ને કોણ કરે ? કહે છે. આ આવી વાતુ ! કડિયા વિના આ મકાન થયું છે એમ કહે છે.

મુમુક્ષુ :- કડિયો આવ્યો ત્યારે મકાન થયું ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ જ કહે છે કે, કડિયો આવ્યો માટે થયું, એવી તેને અપેક્ષા જ નથી. તે સમયે તે પરમાણની તે રીતે પર્યાય ઉત્પન્ન થવાનો તેનો કાળ છે. એ પ્રમાણે, ઉપરના પરમાણુના રહેવાનો તે કાળ છે તેથી તેને લઈને (તે રહ્યાં છે). નીચલા પરમાણુનો આધારે (એ રહ્યાં નથી). આહાહા ! આ થાંભલાના આધારે ઉપરના રજકણ રહ્યાં છે ? તો કહે છે કે ના. આવી વાતુ છે. વીતરાગ માર્ગ બહુ જીણો, બાપુ સર્વજ્ઞ, પરમેશ્વર જિનરાજ ! (કે) જેણે ત્રણકાળ - ત્રણલોક જોયા, તેમાં છ દ્રવ્યની પર્યાય(ને) તે તે કાળે તેનાથી ઉત્પન્ન થતી જોઈ, અને સ્વતંત્રતાનો ઢંઢેરો પીટ્યો ! આહાહા ! તે સમયની તે પર્યાય તેને પોતાને કારણે થઈ છે અને તે તેનો ઉત્પન્ન થવાનો સમય તે કાળ હતો, આહાહા ! અરેરે...! જગતને અભિમાનના પાર ન મળે.

(અહીં કહે છે કે) '**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવનો પોતે જ આધાર હોવાથી...**' આહાહા ! '**પોતે જ આધાર હોવાથી અધિકરણપણાને આત્મસાત કરતો...**' (એટલે કે) પોતે, પોતાના આધારને કારણે આત્મસાત (કરતો). (અર્થાત્) પોતાનું સ્વરૂપ પોતાને કારણે રહ્યું (છે). આહાહા ! કેવળજ્ઞાનનો પર્યાય, પર્યાયને આધારે પોતાથી ત્યાં આત્મસાત - ટકી રહ્યો છે. આહાહા !

હવે કોઈ એમ કહે કે, જ્ઞાનાવરણી (કર્મ) કાંઈ કરતું નથી ? (તો કહે છે) નહિ. હવે આવી બધી વાતુ પ્રભુ ! શું થાય ? આહાહા ! તેને સાંભળવા પણ મળ્યું ન હોય (ત્યાં શું થાય) ? સાંભળવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મળ્યું પણ પોતે ઘણું ભણેલા એટલે એમ થાય કે અમે જે માનીએ છીએ, સમજીએ છીએ (તે બરાબર છે). આ વળી નવા ઢુંઢીયામાંથી નીકળીને આવી વાતુ કરે ! અરે ભાઈ ! એમ નથી બાપુ ! એ ઢુંઢીયામાં અમે હતા જ નહિ. આહાહા ! ભાઈ ! મારગડા તારા જુદા નાથ !

આહાહા ! કહે છે કે જીવ પરની દયા પાળી શકતો નથી. કેમકે પર જીવનું જે દેહમાં રહેવાનું છે તે પર્યાયનો કર્તા તેનો એ આત્મા છે (અને) શરીરની પર્યાયનો કર્તા એ શરીર (છે). તેને બીજો જીવ માને કે હું આની દયા પાળું છું (તો) તેની (પરની) પર્યાયનો કર્તા થાય તે મિથ્યાદૃષ્ટિ - અજ્ઞાની છે.

મુમુક્ષુ :- પાણીમાં માખી પડી હોય તો કાઢવી કે નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- પાણીમાં માખી પડી હોય તો એને કાઢવાની ક્રિયા આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી. (કોઈએ મકાનનો વારસો આપ્યો હોય તો કહે છે કે) કોને સોંપે ને કોને આપે ? - એમ અહીં તો કહે છે. આહાહા ! મકાનના પરમાણુનો પર્યાય તેને કારણે ત્યાં રહ્યો છે. જીવને (કાંઈ) મળ્યું તો એમ કહેવાય કે તેને (જે) મમતા થઈ તે મમતાનો ઉત્પાદકાળ હતો તો મમતા થઈ છે. તે મમતાનો કર્તા - કર્મ એ મકાન નહિ. આહાહા ! આ વાત બેસવી ભારે કઠણ !

- એ છ બોલ થયા છે ને ? '**(એ રીતે) સ્વયમેવ...**' છે ? '' પોતે જ '**છ કારકરૂપ થતો હોવાથી**' (એટલે કે) છ કારકરૂપ પોતે જ પરિણમ્યો છે.

હવે એક બીજી બાજુનો અર્થ. '**અથવા ઉત્પત્તિ- અપેક્ષાએ...**' પણ ઉત્પત્તિની અપેક્ષાએ લઈએ તો, '**દ્રવ્ય-ભાવભેદે ભિન્ન ઘાતિકર્મોને દૂર કરીને...**' જોયું ? જડ કર્મો છે તેને પણ દૂર કરીને અને ભાવકર્મ - જે વિકારીપર્યાયને હીણીદશા છે તેને - (પણ) દૂર કરીને (એમ કહ્યું). ઘાતિકર્મોમાં બે (લીધાં) - એક જ્ઞાનાવરણી આદિ જડ ઘાતિકર્મો ને એક પોતાની હીણીદશા થવી તે પોતાનું ભાવ ઘાતિ(કર્મ). આહાહા ! તો એ '**ઉત્પત્તિ - અપેક્ષાએ દ્રવ્ય-ભાવ ભેદે ભિન્ન ઘાતિકર્મોને દૂર કરીને સ્વયમેવ આર્વિભૂત થયો હોવાથી...**' ભગવાન (આત્મા) પોતે જ કેવળજ્ઞાનની પર્યાયપણે પ્રગટ થયો હોવાથી '**સ્વયંભૂ કહેવાય છે.**' સ્વયંભૂ પર્યાય થઈ. (અર્થાત્ પર્યાય સ્વયં =) પોતાથી (ભૂ=) થઈ છે. (માટે) સ્વયંભૂ કહેવાય છે. વિશેષ કહેવાશે.

## (તા. ૧૮-૧-૧૯૭૯ – પ્રવચન નંબર-૧૨)

(પ્રવચનસાર - ૧૬મી ગાથા ચાલે છે). જે આ આત્મા છે એ તો નિત્યાનંદ પ્રભુ ધ્રુવ છે. તેની પર્યાયમાં - પરિણતિમાં જે ક્રિયા થાય છે તે ક્રિયાના ષટ્કારકનું આ વર્ણન છે. વસ્તુ ત્રિકાળી આનંદ અને જ્ઞાયક નિત્યાનંદ પ્રભુ ! તેમાં ષટ્કારક છે એ શક્તિરૂપે છે, સ્વભાવરૂપે છે, સત્‌ના સત્વરૂપે છે. અને આ જે મોક્ષના મારગની પરિણતિ (છે) એ પરિણતિની ક્રિયા છે, તેમાં ષટ્કારક છે. કહેવાય એમ કે આત્મા કર્તા થઈને પરિણતિને કરે છે. પણ ખરેખર તો, જે નિર્મળ પરિણતિ છે એ જ પોતે પોતાની પર્યાયની કર્તા થાય છે. આહાહા ! અને બીજી રીતે કહીએ (તો) 'भूयत्थमस्सिदो खलु' (સમયસાર ૧૧મી ગાથા). - ત્રિકાળને આશ્રયે (નિર્મળ પરિણતિ થાય છે). એ પર્યાય (પોતે) કર્તા થઈને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વનું લક્ષ કરે છે.

એ 'भूयत्थमस्सिदो खलु' છે (એટલે કે) ત્રિકાળ સચ્ચિદાનંદ પ્રભુસ પૂર્ણાનંદનો ને પૂર્ણ જ્ઞાનનો પિંડ જે ભગવાન (આત્મા) છે એ તો ધ્રુવ છે. પણ તેનું લક્ષ કરનાર જે છે એ પર્યાય છે. એ પર્યાય જે (દ્રવ્યનું) લક્ષ કરે છે તે, દ્રવ્યને કારણે નહિ (પણ) તે પોતે કર્તા થઈને લક્ષ કરે છે. એટલે પર્યાયમાં જે ષટ્કારક છે (તેને લઈને લક્ષ કરે છે). તે શુદ્ધ પરિણતિની કર્તા પરિણતિ છે. આહાહા ! આ માર્ગ બહુ જીણો, ભાઈ ! તેને વ્યવહાર રત્નત્રયનું કારણ (એવા) રાગના કર્તાપણાના સંબંધની (જરૂર) છે નહિ. આહાહા ! (અર્થાત્) દયા, દાન, વ્રતાદિ વ્યવહાર રત્નત્રયના પરિણામ - શુભરાગ - થાય તો તેને કારણે શુદ્ધ પરિણતિ થાય એવું સ્વરૂપ નથી.

આહાહા ! ભગવાન આત્મા પૂર્ણાનંદનો(નાથ), વીતરાગમૂર્તિ પ્રભુ ! તેની જે પરિણતિ - શુદ્ધ વીતરાગ પરિણતિ (એ) થાય (છે તો) તેને (દ્રવ્યને) આશ્રયે. પણ તે આશ્રય કરનારી પર્યાય પોતે સ્વતંત્ર કર્તા થઈને લક્ષ - આશ્રય કરે છે. આહાહા ! આવું જીણું છે અને એ શુદ્ધ પરિણતિમાં (ષટ્કારક છે). ક્રિયાનું ભાઈ ! કહ્યું હતું ને ? પંચાસ્તિકાયની ૬૨મી ગાથામાં આવે છે. પુદ્ગલ પરિણામની ક્રિયા-પરિણામ એવો શબ્દ આવે છે અને જીવને માટે (સમયસારની) ૭૩મી ગાથામાં 'શુદ્ધ'ના (બોલમાં એ) આવે છે. જે પર્યાયના ષટ્કારકો છે તેનાથી તે (ધ્રુવ) ભિન્ન છે. એથી એને (ધ્રુવને) શુદ્ધ કહીએ. આહાહા ! માળી વસ્તુ ! તત્ત્વ તો તત્ત્વ... ઘણું ગંભીર છે. ભગવાન ! આહાહા ! એ નિર્મળ પર્યાયમાં ષટ્કારકની પરિણતિ જે અહીં કહેશે એ પરિણતિથી પાર ઉતરેલું ધ્રુવ (સ્વરૂપ), તેનાથી ભિન્ન છે. આહાહા ! ત્યારે તેને શુદ્ધ કીધું છે ને ! આહાહા ! જીણી વાત છે પ્રભુ ! આહાહા !

એ પોતે અનંત શક્તિવાળું પર્યાયનું તત્ત્વ છે. સ્વભાવ તો છે જ. પણ પરિણતિમાં પણ અનંત શક્તિવાળો છે એ કર્તા થઈને શુદ્ધ પરિણતિને - ધર્મને - ઉત્પન્ન કરે છે. (અર્થાત્) ધર્મની પરિણતિને ધર્મની પરિણતિ કર્તા થઈને ઉત્પન્ન કરે છે. એ ધર્મની પરિણતિ, તે પરિણતિને પ્રાપ્ત કરે છે - એ એનું કાર્ય છે. આહાહા ! તે ધર્મની પરિણતિ સાધન હોવાથી તે પર્યાયનું તે સાધન છે. ધર્મની પરિણતિ (પ્રગટ) કરીને પોતે રાખે છે એ પોતાનું સંપ્રદાન - દાન છે. આહાહા ! ધર્મની પરિણતિ (જે થઈ) તે પરિણતિથી થઈ છે - તે પરિણતિથી જ પરિણતિ થઈ છે - તે તેનું અપાદાન છે. જીણી વાત છે ભાઈ ! અને એ ધર્મની પરિણતિ, પરિણતિને આધારે થઈ છે. માટે તેનો આધાર પરિણતિ છે. આહાહા ! સમજાય છે ? ભાષા તો સાદી છે પ્રભુ ! પણ માર્ગ તો બહુ જીણો (છે).

આહાહા ! ત્રિલોકનાથ સર્વજ્ઞે જે તત્ત્વ જોયું આહાહા ! અને તેની (જે) પર્યાય જોઈ આહાહા ! એવો જ આ ભગવાન (આત્મા) જોનારો છે. આહાહા ! એ શુદ્ધ ષટ્કારકની પરિણતિ પોતાથી થાય છે. તેને પરકારકની અપેક્ષા નથી. રાગની મંદતા હોય તો આ ધર્મની પરિણતિ થાય. કર્મ કાંઈક મારગ આપે તો આ ધર્મ પરિણતિ થાય એવી કોઈ અપેક્ષા નથી. આહાહા ! ત્યાં સુધી આવી ગયું છે. ઉત્પત્તિનું આપણે ફરીને જરા વધારે લઈએ છીએ.

(અહીં કહે છે કે) '**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવનો પોતે જ આધાર હોવાથી અધિકરણપણાને આત્મસાત્ કરતો (એ રીતે) સ્વયમેવ છ કારકરૂપ થતો હોવાથી...**' લ્યો, છે (અંદર) ? ત્યાં સુધી આવી ગયું છે. ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ ! સચ્ચિદાનંદ ધ્રુવ પ્રભુ છે. તે તેની પરિણતિમાં ષટ્કારકરૂપે પોતે પરિણમે છે. છે ? '**છ કારકરૂપ થતો હોવાથી**' તે સ્વયંભૂ છે. આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આકરું કામ બહુ. '**અથવા ઉત્પત્તિ - અપેક્ષાએ...**' જે શુદ્ધ ધર્મની (કે) સર્વજ્ઞ આદિની પર્યાય ઉત્પન્ન થાય છે તે '**દ્રવ્ય-ભાવભેદે ભિન્ન ઘાતિકર્મોને દૂર કરીને...**' એ પણ નિમિત્તનું કથન છે. ઘાતિ(કર્મને) પોતે (જીવ) દૂર કરે છે એ (નિમિત્તનું કથન છે). (કેમ કે) તે ઘાતિ(કર્મનો) દૂર થવાનો પર્યાય તેને કાળે ત્યાં થાય છે. ફક્ત આ (જીવ) નિમિત્ત છે તેથી (આમ) બોલવામાં આવ્યું (છે). બીજી રીતે કહીએ તો, જે ભાવઘાતી છે તેને દૂર કરીને (એમ જે કહ્યું) એ પણ વ્યવહાર છે. એ આવે છે ને ભાઈ ? (સમયસારની) ૩૪મી ગાથામાં આવે છે, (આત્મા) રાગનો નાશ કરનારો છે એ પણ નામમાત્ર છે. આહાહા ! ગજબ વાતુ પ્રભુ ! કથનો અનેક પ્રકારના હોય. પણ એમાંથી સાર તત્ત્વ શું છે એ જાણી લેવું જોઈએ.

અહીંયા કહે છે કે પ્રભુ આત્મા આનંદનો કંદ પ્રભુ (છે). અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. એ એની પર્યાયમાં અતીન્દ્રિય આનંદની પર્યાય પ્રગટ કરે તે અતીન્દ્રિય આનંદની પર્યાયના ષટ્કારકથી પરિણતિ ઊભી થાય છે. આહાહા ! (પંચાસ્તિકાયની) ૬૨મી ગાથામાં એમ કહ્યું કે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ આદિ જે વિકાર પરિણામ પર્યાયમાં થાય છે તે પરિણામનું - પર્યાયનું ષટ્કારક પરિણમન પર્યાયમાં છે. એને વિકાર થવાના ષટ્કારકના પરિણમનમાં નિમિત્તથી અપેક્ષા નથી (અને) દ્રવ્ય-ગુણની (પણ) અપેક્ષા નથી. એવો એ ષટ્કારકથી પરિણમતો વિકાર પરના હેતુ વિનાનો છે. અહેતુ સત્ છે. આહાહા ! ભાઈ ! માર્ગ જીણો છે બાપુ ! ધર્મ એ કોઈ સાધારણ વાત નથી ભાઈ ! આહાહા !

જ્યારે એ આત્મા વિકારી પરિણતિના મિથ્યાત્વ અને રાગ-દ્વેષથી પરિણતિમાં પણ ષટ્કારકોરૂપે પરિણતિની ક્રિયા પોતે (કરે છે તો પછી નિર્મળ પરિણતિની શું વાત) તે પરિણતિમાં ષટ્(કારકની) ક્રિયા છે. ધ્રુવમાં નહિ. તેમ જ એ પરિણતિની ક્રિયાને પરની અપેક્ષા નથી. વિકારની ક્રિયામાં પણ એ ક્રિયાના કારકો છે. આહાહા ! તેને કોઈ નિમિત્તના (સદ્ભાવ) (કે) નિમિત્તના અભાવની અપેક્ષા નથી. (ત્રણ) નિરપેક્ષ છે. અહીંયા તો, ભગવાન આત્મા ! આહાહા ! શુદ્ધ આનંદનો કંદ પ્રભુ ! અતીન્દ્રિય જ્ઞાનનો સાગર ! એવો જે એનો સ્વભાવ એની પરિણતિ પોતાના લક્ષે જ્યારે થાય છે ત્યારે તે પરિણતિ પોતે કર્તા થઈને લક્ષ કરે છે. અને (પોતે) કર્તા થઈને તે પરિણતિ ઊભી થાય છે. એ કર્તા થઈને (જે પરિણતિ) ઊભી થઈ તે કાર્ય તેનું (છે). (અર્થાત્) પરિણતિનું કાર્ય પરિણતિ (છે). પરિણતિનું સાધન પરિણતિ, પરિણતિ કરીને (પોતે) રાખી - પરિણતિને માટે પરિણતિ થઈ છે એટલે કે સંપ્રદાન, પરિણતિથી પરિણતિ થઈ છે - દ્રવ્યથી નહિ, નિમિત્તથી (પણ) નહિ. પરિણતિને આધારે પરિણતિ થઈ છે. - એવા ષટ્કારકને ભગવાન કુંદકુંદાચાર્યે સિદ્ધ કર્યા. આહાહા ! અહીં સુધી આવ્યું (હતું).

(હવે કહે છે કે) '**અથવા ઉત્પત્તિ - અપેક્ષાએ...**' (અર્થાત્) આત્મામાં ષટ્કારકની પરિણતિથી સર્વજ્ઞપણું ઉત્પન્ન થાય છે. સર્વજ્ઞ પર્યાય પણ ષટ્કારકની પરિણતિથી ઉત્પન્ન થાય છે. આહાહા ! 'સ્વયંભૂ' (અર્થાત્) ભગવાન આત્મા વસ્તુએ સ્વયંભૂ છે પણ તેની પરિણતિમાં પણ સ્વયંભૂ રીતે પર્યાયને પોતે ઉત્પન્ન કરે છે. આહાહા ! એ '**ઉત્પત્તિ- અપેક્ષાએ દ્રવ્ય-ભાવભેદે ભિન્ન ઘાતિકર્મોને...**' આહાહા ! (એક) જડકર્મ છે ને એક ભાવઘાતી (કર્મ છે). એટલે કે હીણી ને વિપરીત દશા (છે). તેને '**દૂર કરીને...**' આહાહા ! એ પણ ઉપચારનું કથન છે. ભાવઘાતીની પર્યાય એટલે હીણી ને વિપરીત (દશાને) દૂર કરીને સર્વજ્ઞપર્યાય ઉત્પન્ન થાય છે. આવું જીણું છે. આહાહા ! અત્યારે તો આ દેશની સેવા કરો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને આ કરો, પરને મદદ કરો, બીજાને આહાર આપો, પાણી આપો મદદ કરો (એવો ઉપદેશ અપાય છે). શું છે આ ? આહાહા ! ભાઈ ! એ તારા સ્વભાવમાં નથી. કહો, સમજાણું કાંઈ ? એક બીજાને સંપ કરો ને એકબીજાને સાથમાં લ્યો, અરે પ્રભુ ! શું કરે છે તું આ ? આહાહા ! તારી પરિણતિ અને તેની (-પરની) પરિણતિ પણ તેનાથી સ્વતંત્ર થાય (છે). તેને તું કહે કે હું આને સુખી કરી દઉં ને ધર્મ પમાડી દઉં ? આહાહા ! હવે ભગવાન ! રહેવા દે. આ પાઠશાળાઓ કાઢે, શિબિર કાઢે... અરે...! પ્રભુ ! શું છે ભાઈ ! આહાહા ! જીણી વાત છે ભાઈ ! એ સામાની જે જ્ઞાનની કે તેની સમજવાની પરિણતિ થાય છે તે પરિણતિના કર્તા-કર્મ તો તેની પરિણતિ છે. તેને બીજો સમજાવે છે માટે ત્યાં જ્ઞાનની પર્યાય થઈ છે, એમ નથી. તેની સમજવાની પરિણતિના - જ્ઞાનની પરિણતિના - ષટ્કારકને નિમિત્તની અપેક્ષા નથી. આહાહા ! તેમ તેના દ્રવ્ય-ગુણની પણ તેને અપેક્ષા નથી. આહાહા ! આ તે વાત છે ? આહાહા ! ઉપદેશ આપનાર એમ માને છે કે હું ઉપદેશ આપું છું અને તેથી દુનિયા ધર્મ પામશે ને સમજશે... પ્રભુ ! તું આ શું કરે છે ? આકરી વાત છે પ્રભુ ! ત્યારે ૮મો અધિકારમાં તો કહ્યું છે, મોક્ષમાર્ગ પ્રકાશકમાં નથી કહ્યું કે ભગવાને ઉપકાર કર્યો છે ? (એવું તો) મોક્ષમાર્ગ પ્રકાશમાં આવે છે. એ નિમિત્તથી વાતુ છે બાપા ! આહાહા કોને કોણ ઉપકાર કરે ? આહાહા ! જે પરને જ્ઞાન ને સમકિતની પર્યાય ઉત્પન્ન થાય છે તે પણ તેના ષટ્કારકને કારણે ઉત્પન્ન થાય છે. તેને બીજો કરાવે કે બીજાથી તે થાય છે, એવી અપેક્ષા નથી. પ્રભુ ! અરે ભાઈ ! આવો માર્ગ (છે). આહાહા !

અહીં કહે છે કે '**ઉત્પત્તિ - અપેક્ષાએ દ્રવ્ય-ભાવભેદે...**' નીચે (તેનો અર્થ) છે - 'દ્રવ્ય-ભાવભેદે ભિન્ન ઘાતિકર્મો = દ્રવ્ય ને ભાવ - એવા બે ભેદવાળા ઘાતિકર્મો; દ્રવ્યઘાતિકર્મો ને ભાવઘાતિકર્મો.' આહાહા ! આ ષટ્કારકના અપાદાનમાં આવ્યું ને ? કે પૂર્વ પર્યાયનો નાશ થવા છતાં ધ્રુવના અવલંબે પોતે-પરિણતિ ત્યાં ઊભી છે. પૂર્વની પર્યાયનો અભાવ થવા છતાં દ્રવ્યને અવલંબે પોતાના કર્તા-કર્મથી થઈને પરિણતિ ઊભી છે - ત્યાં ઉત્પાદ છે. આહાહા ! ભાઈ જરી જીણું છે હો !

આ તો પ્રવચનસાર છે ને ? (અર્થાત્) ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવની (જે) દિવ્ય-ધ્વનિ છે તેનો આ સાર છે પ્રભુ ! આહાહા ! ભગવાન તો રહી ગયા બહાર - મહાવિદેહમાં તેમને કુંદકુંદાચાર્યે પોતાની પરિણતિથી સાંભળ્યા. આહાહા ! તેઓ અહીં આવીને સંદેશ આપે છે - ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા આમ ફરમાવે છે. એ પ્રવચનસાર છે આ. પ્ર નામ વિશેષે વચનો - દિવ્યધ્વનિનો સાર છે. આહાહા !

(કુંદકુંદાચાર્ય કહે છે કે) આમ ભગવાન ત્યાં કહેતા હતા અને અમને પણ એમ બેઠું છે અને અમે કહીએ છીએ કે આત્મા જ્યારે સર્વજ્ઞ થાય છે (ત્યારે) તે સર્વજ્ઞની પર્યાયની ઉત્પત્તિમાં દ્રવ્યઘાતી કર્મનો નાશ થાય છે તે તેના પર્યાયનો પલટવાનો કાળ છે માટે (નાશ થાય છે). આહાહા ! અને અશુદ્ધતાનો પણ ત્યાં અભાવ થવાનો કાળ છે માટે અભાવ થાય છે. આહાહા ! એવી અશુદ્ધતાના અભાવની (અપેક્ષાનો) પણ અભાવ કરીને... પણ અહીં તો (અશુદ્ધતાને) દૂર કરીને એમ કીધું છે ને ? પણ એનો અર્થ એ (કે) ભગવાન આત્મા સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ (છે). સર્વજ્ઞ સ્વભાવના લક્ષે (પોતાથી) કર્તા-કર્મપણે ઉત્પન્ન થતા એ ભાવઘાતીની પર્યાય હીણી ને વિપરીત (દશાની) - વ્યય થાય છે અને પરમાણુની ઘાતિકર્મની પર્યાય પણ તે કાળે અકર્મરૂપે થવાની હતી (તો) તે (રૂપે) થાય છે. તેણે (જીવે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


(જડ) ઘાતિ ને ભાવઘાતિ (કર્મનો) નાશ કર્યો - એમ વ્યવહારથી કહેવામાં આવે (છે). આહાહા ! કથન શૈલીમાં વસ્તુને લેવી ગજબ વાત છે ! આવી વાત છે. આહાહા ! વ્યય ને ઉત્પાદ એનો (પર્યાયનો) અભાવ છે. (તેથી) પોતાનો (ઉત્પાદ-વ્યય) પોતાથી થાય છે એમ અહીં સિદ્ધ કરવું છે ને ? ઓહોહો !

અહીં (અજ્ઞાની) તો દુનિયાનું કરી દઈએ ને દુનિયાનું આમ કરી દઈએ, (આવું બોલે એટલે) સભામાં એવા માણસ ભેગા થાય ને લોકો રાજી થાય, લ્યો ! એક બીજાને મદદ કરવી, હમણાં લોકો સૂત્ર બહુ મૂકે છે. ચૌદ રાજુલોકનું ચિત્ર મૂકીને નીચે લખે છે - 'परस्पर उपगहो जीवानाम्' - પરસ્પર ઉપકાર કરે છે. સર્વાર્થ સિદ્ધિ વચનીકામાં લખ્યું છે કે એ શબ્દનો અર્થ એવો છે કે અહીં (ઉપાદાનમાં કાર્ય) થાય છે ત્યારે એક નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા ! આવું છે ! એ હમણા બહુ ચાલ્યું છે. ચૌદ રાજુલોકનું પૂતળું મૂકે એટલે લોકોને સારું લાગે. આહાહા ! આપણને બીજા ઉપકાર કરે તો આપણને લાભ થાય ને ? (અને) આપણે બીજાને ઉપકાર કરીએ તો તેને લાભ થાય (એમ માને). આહાહા !

અહીં તો પ્રભુ એમ કહે છે કે વસ્તુનું સ્વરૂપ એવું છે નહિ. આહાહા ! એ દ્રવ્યઘાતિકર્મના તે પરમાણુનો તે સમયે કર્મ(રૂપ) પર્યાય છૂટીને અકર્મરૂપ થવાનો - (કર્મરૂપ પર્યાયનો) વ્યય થઈને અકર્મની પર્યાયપણે ઉત્પન્ન થવાનો - કાળ છે અને અશુદ્ધતાનો પણ તે કાળે વ્યય (થવાનો) જ તેનો કાળ (છે). આહાહા ! ત્યારે ઉત્પત્તિની અપેક્ષાએ દ્રવ્યને ભાવઘાતિ કર્મોનો નાશ કર્યો અને '**સ્વયમેવ આર્વિભૂત થયો**' આહાહા ! (અર્થાત્) સર્વજ્ઞપર્યાય પોતે કર્તા-કર્મ-કરણ(પણે) થઈને અંદરથી ઊભી થઈ. એ સર્વજ્ઞની પર્યાય પર્યાયની કર્તા, પર્યાય કર્મ, પર્યાય સાધન, પર્યાય અપાદાન, પર્યાય સંપ્રદાન ને પર્યાય આધાર (છે). આહાહા ! આવી વાત બેસવી...

મુમુક્ષુ :- તેને જ્ઞેયની પણ અપેક્ષા નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- જ્ઞેયની અહીં વાત જ ક્યાં છે ? એ જ્ઞાન પોતે પોતાથી થયું છે (અને) તે જ્ઞેયને જાણે છે એમ પણ નથી (કારણ કે) એ તો જ્ઞાનના પર્યાયનો પોતાનો સ્વપર પ્રકાશક સ્વભાવ છે. તેથી તે પોતાના કર્તા-કર્મપણે ઊભી થઈ છે. આહાહા ! લોકાલોક છે માટે અહીં સર્વજ્ઞની પર્યાય ઊભી થઈ (છે) એમ નથી. આહાહા ! અને પૂર્વની મતિજ્ઞાન આદિની (જે) ચાર અપૂર્ણપર્યાય હતી તેનો વ્યય થયો (માટે તે) ઉત્પન્ન થઈ, એમ પણ નથી. પોતે જ તેનો વ્યય કરીને ઉત્પન્ન થઈ છે. આહાહા ! (અપૂર્ણ પર્યાયનો) વ્યય થવા છતાં પણ અપાદાનને આધારે તે ધ્રુવ છે. (અર્થાત્) તે ધ્રુવનું અપાદાન ત્યાં પડ્યું છે. આહાહા ! આવો '**સ્વયંભૂ કહેવા છે.**'

(તે) સ્વયમેવ પ્રગટ થયો (હોવા) છતાં... આહાહા ! (અજ્ઞાની) તો કહે છે કે વજ્રવૃષનારાયસંહનન હોય તો કેવળજ્ઞાન થાય, મનુષ્યનો ભવ હોય તો (કેવળજ્ઞાન) થાય. અહીં તો કહે છે કે પ્રભુ ! તું એમ રહેવા દે ભાઈ ! આહાહા ! તારું સર્વજ્ઞપણું જે (કાળે) પ્રગટ થશે તે કાળે તે પર્યાય પોતે કર્તા-કર્મ ને સાધન (પણે) થઈને (-પરિણમીને પ્રગટ) થશે. તેને કોઈ નિમિત્તનું સાધન, મનુષ્યપણાનું સાધન છે માટે સર્વજ્ઞપર્યાય થઈ, મનુષ્યભવમાં જ સર્વજ્ઞપર્યાય થાય માટે (મનુષ્યનો) ભવ છે માટે થઈ (એમ નથી). વજ્રવૃષનારાયસંહનન હોય ત્યાં જ સર્વજ્ઞ(પણું) થાય માટે વજ્રવૃષનારાયસંહનનને કારણે કેવળજ્ઞાન થયું એમ નથી અરેરે...! આવી વાતુ ! આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'આથી, એમ કહ્યું કે'** છે (અંદર) ? આ કહ્યું એથી એમ કહ્યું કે **'નિશ્ચયથી પરની સાથે આત્માને (ક્રિયાના) કારકપણાનો સંબંધ નથી.'** આહાહા ! એ ક્રિયાના કારકો જે પરિણતિમાં ઊભા થયા છે... એ ક્રિયાના પરિણતિના કારક છે ને ? એવા આત્માને ક્રિયાના કારકપણાનો સંબંધ બીજા સાથે નથી. આહાહા ! **'કે જેથી શુદ્ધાત્મ સ્વભાવની પ્રાપ્તિને માટે...'** પૂર્ણાનંદના નાથને પૂર્ણાનંદની પર્યાયપણે પ્રાપ્ત થવા માટે **'સામગ્રી (-બાહ્ય સાધનો) શોધવાની વ્યગ્રતા'** (અર્થાત્) મનુષ્યપણું હોય, ગુરુ હોય, સામે કેવળી હોય, વજ્રવૃષનારાયસંહનન હોય એવી બાહ્ય સામગ્રી **'શોધવાની વ્યગ્રતાથી જીવો (નકામા) પરતંત્ર થાય છે.'** આહાહા !

(કોઈ એમ માને કે) રાગ બહુ મંદ કરું તો મને સર્વજ્ઞ(પણું) થાય. એટલે કે ઘણો જ કષાય (મંદ કરું) - દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, તેમની પૂજા, તેમનું પંચ પરમેષ્ઠિનું સ્મરણ (કરું) - તેથી મને સર્વજ્ઞ(પણું) થાય. કહે છે કે એ બહારની સામગ્રી શોધવી રહેવા દે બાપુ ! આહાહા ! કહો સમજાણું કાંઈ ? આવી વાત છે ભાઈ ! પણ જગતથી બહુ જુદી (છે). આહાહા ! (કહે છે કે) એવા **'બાહ્ય સાધનો શોધવાની...'** (એટલે કે) નિમિત્તો સારા મળે તો મને સર્વજ્ઞપણું થાય, દેવ-ગુરુ મળે તો સર્વજ્ઞ(પણું) થાય, શાસ્ત્રને ખૂબ વાંચું અને જ્ઞાન થાય તો મને સર્વજ્ઞ(પણું) થાય - આહાહા ! એવી બાહ્ય સામગ્રી શોધવાની વ્યગ્રતા - આકુળતા કરીને જીવો નકામા પરતંત્ર થાય છે. તેને બાહ્ય સાધનની કોઈ જરૂર નથી. આવી ભારે આકરી વાતુ, ભાઈ !

મુમુક્ષુ :- હવે અમારે શું કરવું પણ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ અંદરમાં આત્મા તરફની પરિણતિ કરવી એ (કરવું). એ પરિણતિ ષટ્કારકરૂપે પરિણમે છે. માટે (તે) પરિણતિથી તે કામ થાય છે. આહાહા ! નિશ્ચયથી (તો) સર્વજ્ઞપર્યાય પણ પૂર્વની છકારકની પરિણતિથી પણ નથી થતી. (અર્થાત્) પૂર્વની પર્યાયમાં મોક્ષમાર્ગની ષટ્કારકની પરિણતિ છે તેથી પછીની (પર્યાયમાં) સર્વજ્ઞ થાય છે એમ પણ નથી. (પરંતુ) તે સમયે સર્વજ્ઞની પર્યાયનો ઉત્પત્તિનો તે કાળ છે તે ષટ્કારકની પરિણતિથી તે ઉત્પન્ન થાય છે. આવો માર્ગ છે બાપુ ! અરે ! ભાગ્યશાળીને જ આવી વાત મળે બાપા ! શું કહીએ ? અરેરે...! ભગવાનના વિરહ પડ્યા...

મુમુક્ષુ :- આપની કૃપાથી તો થાય ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :- કોઈની કૃપા લાગુ ન પડે ભાઈ ! આહાહા ! ભગવાન ત્યાં - મહાવિદેહમાં રહી ગયા ને આવી વાતુ અહીં રહી ગઈ. આહાહા ! ભગવાન એમ કહે છે કે તારી સર્વજ્ઞની પર્યાયની પ્રાપ્તિને માટે મારી અપેક્ષાની તને જરૂર નથી. આહાહા ! મારી તો (જરૂર) નથી પણ તારી પૂર્વની જે મોક્ષના માર્ગની પર્યાય છે તેની પણ કેવળજ્ઞાન થવા માટે અપેક્ષા નથી. આહાહા ! આવું છે. ભગવાન ! તારું સ્વરૂપ સ્વતંત્ર છે પ્રભુ ! આહાહા ! એ તો એક મુમુક્ષુને કોઈએ કહ્યું હતું ને ! કે, તમે નિમિત્તથી (કાર્ય થવું) માનતા નથી તો ત્યાં (સોનગઢ) જાઓ છો શું કરવા ? (તો આમણે કહ્યું) નિમિત્તથી થાતું નથી એ દૃઢ કરવા જઈએ છીએ. શું સ્વતંત્રતાના ઢંઢેરા !!! આહાહા !

ભાવાર્થ :- **'કર્તા'**, **'કર્મ'** - કાર્ય, **'કરણ'** - સાધન, **'સંપ્રદાન'** - રાખવું (અર્થાત્) જેને માટે કરવું તે, **'અપાદાન'** - જેનામાંથી થાય, **'અને અધિકરણ'** - જેને આધારે (થાય તે). **'એ છ કારકોના નામ છે.'** પણ આ છ કારકો પર્યાયના છે. દ્રવ્યના નહિ. (કેમકે) દ્રવ્યના (કારકો) તો ધ્રુવ(પણે) પડ્યા છે. આ પરિણમનના ષટ્કારકો છે. એટલે કે જે પરિણતિનો કર્તા છે તે કર્તા પણ તે પરિણતિ છે. તેનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કર્તા દ્રવ્યને કહેવું એ તો નિમિત્તનું કથન છે. સમજાણું કાંઈ ? અને બીજે પણ આવે છે ને ? (કે) વિકારના પરિણામમાં જીવ નિમિત્ત છે. એમ નિર્મળ પરિણતિના - ઉપાદાનના ષટ્કારક સ્વતંત્ર છે. જેમ વિકારી પરિણામમાં પણ દ્રવ્ય માત્ર નિમિત્ત છે એટલે કે તેનાથી કાંઈ (થતા) નથી. તેમ નિર્મળ પરિણતિને - સમ્યગ્દર્શનની પર્યાયને (પણ) પ્રભુ ! આહાહા ! દ્રવ્યના નિમિત્ત(પણાની) અપેક્ષા નથી. દ્રવ્ય નિમિત્ત કહેવાય. (પણ) ઉપાદાન નહિ. આહાહા ! એ ધ્રુવ ઉપાદાન છે.

મુમુક્ષુ :- નિમિત્ત-નૈ મિત્તિક સંબંધ તો પર્યાયમાં હોય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- પર્યાયને જ સંબંધ હોય ને ! બીજા કોને સંબંધ હોય ? દ્રવ્યને કાંઈ સંબંધ છે જ નહિ. દ્રવ્ય તો છે એ છે - એમને એમ ધ્રુવ (છે). પણ નિમિત્ત-નૈમિત્તિકસંબંધમાં પણ, તે નિમિત્તને લઈને નૈમિત્તિક(પર્યાય) થઈ છે એમ નથી. આહાહા ! સર્વજ્ઞપણું થાય છે તે લોકાલોક છે માટે સર્વજ્ઞપણું થાય છે એમ નથી. આહાહા એ મોટી ચર્ચા ૮૩મી સાલમાં દામનગર થઈ હતી. એક ભાઈ કહે કે લોકાલોક છે માટે જ્ઞાન નથી. જ્યારે બીજા ભાઈ કહે કે લોકાલોક છે તો જ્ઞાન છે. - એ પ્રશ્ન ઉઠ્યો. એ લોકો ઉપર બેઠા હતા હું નીચે હતો. તે (પ્રશ્ન) લઈને નીચે આવ્યા કે આમાં કેમ છે ? મેં કહ્યું કે, લોકાલોક છે માટે જ્ઞાનની પર્યાય છે એમ બિલકુલ નથી. જ્ઞાનની પર્યાય, પર્યાયને કારણે સ્વતંત્ર ઊભી થઈ છે. આહાહા ! (પણ તે) લોકાલોકને જાણે છે ને ? લોકાલોકને જાણે છે એ કહેવું તે અસદ્ભૂત વ્યવહાર છે. (ખરેખર તો) પોતાથી પર્યાય પોતાને જાણે છે. એ પરિણતિને જાણવાનું ભાઈ ! આપણે આવી ગયું ને ? કે જ્ઞાનની જે પરિણતિ છે તે પોતાના દ્રવ્ય-ગુણને અને પરના દ્રવ્ય-ગુણ-પર્યાયને પોતે જાણે છે. પણ એ તો પરદ્રવ્ય-ગુણ-(પર્યાય) છે માટે પરિણતી પરને જાણે છે એમ નથી. આહાહા ! આવો માર્ગ સાંભળવો કઠણ પડે. અરે..! માર્ગ તે માર્ગ છે ! આહાહા ! (પણ) લોકો ક્યાં-ક્યાં માનીને બેઠા છે ? આહાહા ! આ ક્રિયાના કારક છે. એ પહેલા એક વખત વાત થઈ હતી કે આ દ્રવ્યના-ગુણના કારક નથી. આ પરિણતિના કારક છે. દ્રવ્ય-ગુણના તો ધ્રુવકારક છે. (એ તો) ધ્રુવપણે પડ્યા છે. તેને પરિણમવું કે બદલવું ત્યાં નથી. સમજાય છે કાંઈ ? આહાહા ! અરે પ્રભુ ! લોકોને આ આકરું લાગે અને એવું લાગે છે કે આ તો નિશ્ચયાભાસ જેવું છે. અરે...! વ્યવહારને તો ઉડાવી જ દે છે. વ્યવહારને રાખે છે. પણ વ્યવહારથી થાય છે એમ નહિ એનો અર્થ એ છે. નિમિત્તને નિમિત્ત તરીકે રાખે છે. નિમિત્તની ષટ્કારક પરિણતિ નિમિત્તમાં છે. આની - (ઉપાદાનની) ષટ્કારક પરિણતિ પોતાનામાં છે. બેય વસ્તુ છે. આહાહા !

એ છકારકોની ક્રિયા એટલે પરિણતિ - અવસ્થા. તેના છ કારકોનાં (કર્તા, કર્મ આદિ) નામ છે. હવે તેનો ખુલાસો - આહાહા ! **'જે સ્વતંત્રપણે (સ્વાધીનપણે) કરે તે કર્તા.'** (અર્થાત્) પર્યાય પોતે સ્વાધીનપણે (કરે છે). (એટલે કે) સ્વાધીનપણે તે પર્યાયની કર્તા પર્યાય (છે). તેને દ્રવ્યનો પણ આશ્રય નહિ એટલે અવલંબન નહિ. આહાહા ! (પર્યાય) અવલંબન કરે છે પણ તે અવલંબન પોતે કર્તા થઈને કરે છે. એ દ્રવ્ય છે માટે તેને અવલંબન પોતે કર્તા થઈને કરે છે. એ દ્રવ્ય છે માટે તેને અવલંબન કરવું પડે છે (એમ નથી). આહાહા ! વીતરાગ...વીતરાગ માર્ગ બાપુ ! આહાહા ! જૈનમાં જન્મ્યા તેને પણ ખબર ન મળે તો અન્યને તો આ વાત છે જ ક્યાં ? આ છે જ ક્યાં ક્યાંય ? આહાહા !

**'જે સ્વતંત્રપણે (સ્વાધીનપણે) કરે તે કર્તા.'** સ્વ + આધીન (એટલે કે) પર્યાય (જે) થાય છે (તે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સ્વાધીનપણે થાય છે. માટે નિર્મળપર્યાય છે તે કર્તા (છે). **'કર્તા જેને પહોંચે - પ્રાપ્ત કરે તે કર્મ.'** સ્વતંત્ર(પણે) કરે તે કર્તા (છે) અને કર્તાનું ઇષ્ટ તે કર્મ (છે). જડને ભલે ઇષ્ટ - અનિષ્ટપણું નથી. (છતાં) પણ તેની પરિણતિનું (જે) કાર્ય છે. એ પરિણતિનું કર્મ છે. પરમાણુની પર્યાયમાં પણ (ષટ્કારક છે). આહાહા ! આ આંગળી આમ ચાલે છે તે તેની પર્યાય છે. તે પર્યાયમાં ષટ્કારકો છે તેને લઈને થાય છે. આત્માને લઈને નહિ (અને) તેના પરમાણુના દ્રવ્ય-ગુણને લઈને પણ નહિ. આહાહા ! એ હલવાની પર્યાય પોતે કર્તા અને એ પર્યાય (તેનું) પોતાનું કાર્ય (છે). (આમ) એક સમયમાં ષટ્કારકની પરિણતિ જડમાં ને ચૈતન્યમાં ઊભી થાય છે. આહાહા ! તેથી પ્રવચનસારજીની ૧૦૧ ગાથામાં કહ્યું ને ? (કે) ઉત્પાદ ને વ્યયની અપેક્ષા નથી. ઉત્પાદને ધ્રુવની અપેક્ષા નથી. આહાહા ! અહીં કહ્યું કે ઉત્પત્તિ (અપેક્ષાએ) દ્રવ્યકર્મનો અને ભાવકર્મનો નાશ કરીને (કેવળજ્ઞાન) ઉત્પન્ન થાય છે. એ તો નાશ થાય છે તેથી (ઉપચાર) કરીને (કહ્યું છે). આહાહા ! જે સમયે જે પર્યાય ઉત્પન્ન થાય તે ઉત્પાદને તેના ધ્રુવની અપેક્ષા નથી, તેને વ્યયની અપેક્ષા નથી. જે વ્યય થાય છે તેને ઉત્પાદની (કે) ધ્રુવની અપેક્ષા નથી અને ધ્રુવનું (જે) રહેવું (છે) તેને ઉત્પાદ-વ્યયની અપેક્ષા નથી. એ તો પોતાને કારણે સ્વતઃ રહે છે. આહાહા ! આવી વાતુ આકરી પડે. શું થાય ? બાપુ ! માર્ગ તો આ છે ભાઈ ! લોકોએ કંઈ-કંઈ વીંખી નાખ્યું એટલે કાંઈ સત્ય બીજું થાય ? આહાહા ! આ તો સત્ છે.

પર્યાય પણ સત્ છે. એ ષટ્કારકથી પરિણમે છે તે પરના હેતુ વિના પરિણમે છે. તે અહેતુક સત્ છે. આહાહા ! સાધારણ માણસને - અજાણ્યાને તો એવું લાગે કે, પણ આ શું કહે છે ? કંઈ પકડાય નહિ એટલે આ ક્યા દેશની ભાષા - વાત છે તેમ થાય. આહાહા ! બાપુ ! તારા ઘરની વાત છે ભાઈ ! વાત છે તારા ઘરની. (છતાં પણ) વાત, વાતમાં છે (અને) પરિણામ - પરિણતિ, પર્યાયમાં છે. આહાહા ! (કહે છે કે) **'કર્તા જેને પહોંચે - પ્રાપ્ત કરે તે કર્મ-'** પ્રાપ્ય. એટલે કે તે વખતે તે જ પર્યાય છે. તેને કર્તા પહોંચી વળે છે. આહાહા ! પર્યાય હોં ! પર્યાય, પર્યાયને પહોંચી વળે છે. આહાહા ! **'સાધકતમ અર્થાત્ ઉત્કૃષ્ટ સાધન તે કરણ'** છે. એ પર્યાય જ પોતે સાધન છે. આહાહા ! એક સમયની પર્યાયમાં ષટ્ભાગ ? (ષટ્કારક) ? અરે...! એક સમયની પર્યાયમાં તો અનંતા અવિભાગપ્રતિછેદ છે. આહાહા

મુમુક્ષુ :- એમાં પછી અનંતી સપ્તભંગી !

પૂજ્ય ગુરુદેવશ્રી : અનંત અનંત છે બાપુ ! આહાહા ! એક સર્વજ્ઞની ત્રણકાળ - ત્રણ લોક, અનંતા કેવળીને જાણે, એવી એક સમયની પર્યાયમાં કેટલી તાકાત થઈ ? આહાહા એ પર્યાયની કર્તા પર્યાય, પર્યાયનું કાર્ય પર્યાય, એ પર્યાયનું સાધન પર્યાય (છે). લોકાલોક છે માટે તે (સર્વજ્ઞપણું છે) એમ નહિ. વજ્રવૃષનારાયસંહનન છે માટે (કેવળજ્ઞાન) થયું છે એમ નહિ, મનુષ્યપણું છે માટે સર્વજ્ઞપણું થયું છે એમ નહિ. આહાહા ! આ તો અરિહંતની દશા શું છે તેની વાત છે. આહાહા !

(કહે છે કે) **'સાધકતમ (અર્થાત્) ઉત્કૃષ્ટ સાધન તે કરણ'** (છે). 'તમ' છે ને 'તમ' ! એટલે (ઉત્કૃષ્ટ કહ્યું છે). ધર્મની નિર્મળ પરિણતિ ઉત્પન્ન થવામાં એ પર્યાય પોતે ઉત્કૃષ્ટ સાધન છે. આહાહા ! ભગવાનની ભક્તિ કરી, ખૂબ સ્તુતિ કરી ને વજ્રવૃષનારાયસંહનન મળ્યું માટે તે પરિણતિ થઈ છે એમ નથી.

આવો ઉપદેશ ક્યા ઘરનો છે ? બાપુ ! તારા ઘરની વાત જ આવી છે ભાઈ ! દ્રવ્યે તો તું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ત્રિકાળ પડ્યો છો, કોઈ ઉત્પાદ-વ્યયની અપેક્ષા નથી. પણ (તારા) ઉત્પાદ-વ્યયને ધ્રુવની અપેક્ષા નથી. આહાહા ! એ (વાત) તો આગળ ૧૦૧(ગાથામાં) આવશે.

(અહીં કહે છે કે) '**ઉત્કૃષ્ટ સાધન તે કરણ**' છે. સમ્યગ્દર્શનની પર્યાયમાં પણ સાધન પોતે - પોતાની પર્યાય છે. ત્યાં દ્રવ્ય-ગુણ પણ સાધન નહિ. આહાહા ! એમ કેવળજ્ઞાનની પર્યાયમાં પણ ઉત્કૃષ્ટ સાધન પર્યાય છે, દ્રવ્ય-ગુણ પણ નહિ. (કેમકે) દ્રવ્ય-ગુણ તો ધ્રુવ છે, પર્યાયથી ભિન્ન છે. પર્યાય, દ્રવ્યથી ને ગુણથી ભિન્ન છે ને ? (માટે) ભિન્નની અપેક્ષા ભિન્નને નથી. આહાહા ! આવું છે ભાઈ ! આહાહા ! થોડું ન પકડાય (તો) રાત્રે પૂછવું. આ તો બહુ અલૌકિક વાતો છે ભાઈ !

મુમુક્ષુ :- રાત્રે પૂછીએ તો આપ એ મારી પોલ જાણી જાઓ !

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ જરા જીણી વાત છે ને બાપા ! ભગવાન ! તારી વાત જીણી બહુ પ્રભુ ! ન સમજાય અને સમજવા માટે પૂછવું એમાં કાંઈ (નાનપ નથી). આવું સાંભળવાનો જેને જોગ પણ નથી તેની શું દશા ? આહાહા !

હવે (કહે છે કે) '**કર્મ જેને દેવામાં આવે...**' એ પર્યાય થઈ (તે) જેને માટે થઈ હતી (એટલે કે) તે જેને દેવા માટે થઈ હતી (અર્થાત્) પર્યાય, પર્યાયને દેવામાં આવે (તે સંપ્રદાન છે). આહાહા ! '**અથવા જેના માટે કરવામાં આવે તે સંપ્રદાન**' (છે). છે ને ખુલાસો ? '**કર્મ જેને દેવામાં આવે**' (અર્થાત્) પર્યાય, પર્યાયને દેવામાં આવે છે. '**અથવા જેના માટે કરવામાં આવે.**' (અર્થાત્) પર્યાયને માટે પર્યાય કરવામાં આવે છે. આહાહા ! આ કાંઈ સોનગઢના સૂત્રો નથી. (કોઈ) કહે કે, સોનગઢના અર્થ આવા છે ! પણ આ ક્યાં સોનગઢનું છે ? અરે... ભગવાન ! આહાહા ! સાચો માર્ગ સાંભળવામાં ન આવે તો તે ક્યારે વિચારે ? ક્યારે રુચિ કરે ? અને ક્યારે પરિણમાવે ? આહાહા ! દુર્લભ વસ્તુ થઈ પડી. છતાં સ્વરૂપ છે તે સુલભ છે. આહાહા ! (કેમકે) છે તેની પરિણતિ પ્રગટ કરવી છે ને ? આહાહા ! સંપ્રદાનમાં બે વાત થઈ. (૧) 'કાર્ય (કર્મ) જેને દેવામાં આવે.' એટલે કે પર્યાય જેને દેવામાં આવે - પર્યાય, પર્યાયને દેવામાં આવે (છે). (૨) 'અથવા જેના માટે કરવામાં આવે' - પર્યાયને માટે પર્યાય કરવામાં આવે (છે). આહાહા ! સમજાણું ? આનું નામ સંપ્રદાન કહીએ. સંપ્રદાનના બે અર્થ કર્યા. (૧) જેને દેવામાં આવે - પર્યાય, પર્યાયને દેવામાં આવે (છે). માટે પર્યાય સંપ્રદાન (છે). (૨) જેને માટે કરવામાં આવે - પર્યાયને માટે પર્યાય કરવામાં આવે છે. આહાહા ! (માટે એ પર્યાય) સંપ્રદાન છે.

(હવે કહે છે કે) '**જેમાંથી કર્મ કરવામાં આવે**' - જેમાંથી કાર્ય કરવામાં આવે '**એવી ધ્રુવ વસ્તુ તે અપાદાન**' (છે). પર્યાયનો આશ્રય નિમિત્તથી ધ્રુવ છે. '**ધ્રુવ વસ્તુ તે અપાદાન**' છે. જોયું ? ધ્રુવથી (પર્યાય) થાય છે (એમ કહ્યું). ઉત્પાદપર્યાય થાય છે તો પર્યાયથી. પણ (તે) વ્યય થઈને થાય છે. ધ્રુવ છે તેથી થાય છે તેમ કહેવું પણ વ્યવહાર છે. આહાહા ! '**ધ્રુવ વસ્તુ તે અપાદાન**' છે. અહીં ધ્રુવને અપાદાન કહ્યું છે. છે તો ક્રિયાના - પરિણતિના ષટ્કારક છે. પણ પરિણતિ બદલતા ધ્રુવનો આશ્રય છે, બદલી છતાં - વ્યય થઈ છતાં એનો (ધ્રુવનો) આશ્રય છે. માટે ધ્રુવથી થઈ એમ કહેવામાં આવે છે. આહાહા !

મુમુક્ષુ :- જેમ સમય નિયત છે તે સમયે પર્યાય થઈ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ પર્યાય નક્કી જ છે. પણ બદલીને થઈ (છે). (તો) બદલીને થઈ ત્યારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


રહી કેમ ? કે ધ્રુવ છે માટે રહી છે. (નિશ્ચયથી) રહી છે તો પોતાને કારણે. (પર્યાય) ગઈ અને (તે) રહી કેમ ? એક (પર્યાય) જાય ને બીજી રહે એમ કેમ ? કે ધ્રુવ વસ્તુ છે તેને લક્ષે તે રહે છે - એમ કહે છે. અહીં લક્ષ આત્માનું છે એટલે આત્માની વાત છે. પણ જડમાં પણ, એમ છે. પરિણતિ (જ્યાં) બદલાય છે ત્યાં ધ્રુવપણું છે. તેથી ઉત્પત્તિ તો ત્યાં અપાદાનને કારણે રહે છે. આહાહા ! બહુ જીણું ભાઈ ! આવું તો બાપદાદાએ પણ સાંભળ્યું નહોતુ કોઈ દિ' !

અમારા પિતાજ સવારમાં દાતણ કરે અને જયનારાયણ કરતાં હતાં. જૈન પણ કાંઈ ખબર નહિ ને ! એ પણ બોલતા 'પારસનાથ પરચો પૂરે,' શું બોલતા બીજું ? 'શાંતિનાથ શાતા કરે' પછી કાંઈક બે-ત્રણ બોલ હતા ખરા ! નાની ઉંમરમાં સાંભળતાં, ભોળા માણસ બચારા !

અરેરે...! કોઈક વળી સત્યનારાયણની કથા બેસાડતા. સ્થાનકવાસી જૈન સત્યનારાયણની કથા બેસાડે ! એ ખબર છે. અમને, ત્યારે પાલેજમાં હતાં. આહાહા ! સત્યનારાયણ તો આ પોતે ભગવાન (આત્મા) છે. તેની કથાની પરિણતિ એ સત્યનારાયણની કથા છે. (આ) વાણી નહિ. સત્ ચિદાનંદ પ્રભુ (આત્માની) પરિણતિ (થવી) તે સત્ય નારાયણની કથા છે. હવે એની ખબરુ ન મળે અને જે સાંભળવા આવ્યા હોય તેને એમ કહે કે, પ્રસાદી લીધા વિના જાશે તો નુકસાન થાશે ! એ સત્યનારાયણની કથામાં આવે છે - ફલાણી પ્રસાદી વિના ગયા એટલે એનું વહાણ બૂડી ગયું ! માળા ગાપે ગપ માર્યા છે બધાં ! આ બિચારા ભોળા માણસો (એને) કાંઈ ખબરું ન મળે ! આહાહા ! એનો અર્થ એ કે, કથા સાંભળવાવાળા ઠેઠ સુધી બેસી રહે, એ હેતુએ આ લાકડું લગાડી દીધું કે, પ્રસાદી લીધા વિના જાય તો નુકસાન થાય ! જુઓ ! ફલાણાનું વહાણનું નુકસાન થયું એમ આવે છે. આવે છે ને ! ખબર છે. સાંભળી છે ને ! આહાહા ! અહીં સચ્ચિદાનંદ પ્રભુ આત્મા સત્નારાયણ (છે). જે નરમાંથી નારાયણ થઈ શકે તેવી એનામાં તાકાત છે. આહાહા ! નર એટલે મનુષ્યગતિનો ઉદય. આહાહા ! તેનો અભાવ કરીને નારાયણ નામ સર્વજ્ઞપર્યાય ઉત્પન્ન કરે એવી શક્તિવાળું (તે) સ્વતઃ તત્ત્વ છે. આહાહા ! કહો, સમજાણું કાંઈ ? આવી વાત (છે). એક કલાકમાં કેટલી વાતુ (આવે) ! આહાહા !

(હવે કહે છે કે) **'જેમાં અર્થાત્ જેને આધારે કર્મ કરવામાં આવે તે અધિકરણ'** (છે). કર્મ એટલે કાર્ય. પર્યાયમાં પર્યાયનું કાર્ય પર્યાયને આધારે થાય. દ્રવ્યને આધારે નહિ, ગુણને આધારે નહિ, (અને) નિમિત્તને આધારે નહિ. આહાહા !

**'આ છ કારકો વ્યવહાર અને નિશ્ચય એમ બે પ્રકારનાં છે.'** હવે છ પ્રકારના કારકો વ્યવહારથી - જૂઠાથી પણ છે અને નિશ્ચયથી સાચાથી પણ છે (એમ કહે છે). **'જ્યાં પરના નિમિત્તથી કાર્યની સિદ્ધિ કહેવામાં આવે ત્યાં વ્યવહાર કારકો'** કહેવાય છે. ઘડો કુંભારે કર્યો એમ કહેવામાં આવે એ વ્યવહાર છે - એ જૂઠું છે. આહાહા ! **'અને જ્યાં પોતાના જ ઉપાદાન કારણથી કાર્યની સિદ્ધિ કહેવામાં આવે ત્યાં નિશ્ચય કારકો છે.'** આહાહા ! આવું સ્પષ્ટ કથન (છે). પણ કોણ સાંભળે ? (લોકો) બહારના ક્રિયાકાંડમાં પડી ગયા ને થઈ રહ્યું. - વસ્તુ, વસ્તુ તરીકે રહી ગઈ (અને) જિંદગી ચાલી (જાય). આહાહા !

હવે વ્યવહારના કારકો બતાવે છે. **'વ્યવહાર કારકોનું દૃષ્ટાંત આ પ્રમાણે છે; કુંભાર કર્તા છે; ઘડો (તેનું કાર્ય)કર્મ છે.'** - એ વ્યવહારના જૂઠા કારક છે, અસત્ય કારક છે. આહાહા ! **'કુંભાર કર્તા છે; ઘડો કાર્ય (કર્મ) છે; દંડ, ચક્ર દોરી વગેરે સાધન (કરણ) છે.'** - એ જૂઠા સાધન કહેવામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવે છે. આહાહા ! **'જળ ભરનાર માટે કુંભાર ઘડો કરે છે તેથી જળ ભરનાર સંપ્રદાન છે.'** - એ જૂઠું સંપ્રદાન છે. (કેમકે) પર માટે (કરે છે એમ) કહ્યું ને ? (એટલે) **'ટોપલામાંથી માટી લઈને ઘડો કરે છે. તેથી ટોપલો અપાદાન છે.'** - આહાહા ! એ જૂઠું છે. **'જમીનના આધારે ઘડો કરે છે'** - જમીન હેઠે છે તો ઘડો થાય છે. **'તેથી જમીન અધિકરણ છે'** - (એ પણ જૂઠું છે). **'આમાં બધાંય કારકો જુદાં જુદાં છે.'** (એટલે કે) જુદી ચીજ કર્તા, જુદું કાર્ય, આધાર જુદો, અપાદાન જુદું. **'અન્ય કર્તા છે, અન્ય કર્મ છે.'** (અર્થાત્) કુંભાર કર્તા છે (ને) ઘડો કર્મ છે. **'અન્ય કરણ છે.'** સાધન જુદું છે. **'અન્ય સંપ્રદાન'** (છે). બીજાને માટે (તે કરે છે). **'અન્ય અપાદાન'** (છે). કોઈકથી થવું. **'અન્ય અધિકરણ છે.'** કોઈકને આધારે (કરે છે). **'પરમાર્થે કોઈ દ્રવ્ય કોઈનું કર્તાહર્તા થઈ શકતું નથી.'** આહાહા ! પરની પર્યાયને બીજું દ્રવ્ય કરી શકતું નથી. સામાને (શ્રોતાને) જે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય, તેમાં શબ્દો અને વાણી - ઉપદેશ છે તેથી ત્યાં (જ્ઞાન) થાય છે એમ નથી. આહાહા ! પણ પહેલું આવું જ્ઞાન ખ્યાલમાં ન હતું ? અને પછી (ખ્યાલમાં) આવ્યું તો આ શબ્દોથી થયું કે નહિ ? (તો કહે છે) એ ખ્યાલમાં જે આવ્યું તે પર્યાયનો કર્તા પર્યાય છે. શબ્દથી તે નવું જ્ઞાન થયું તેમ નથી. આહાહા ! બહુ ગૂઢ વાત ભાઈ ! (બહારના) ભણતર કરતાં આ બધી બીજી જાત છે. આહાહા ! આવું છે.

(હવે કહે છે કે) **'કોઈ દ્રવ્ય કોઈનું કર્તા-હર્તા થઈ શકતું નથી.'** (બીજાની) પર્યાયનો હોં ! (બીજા) દ્રવ્યનો એમ નહિ. કોઈ દ્રવ્યની પર્યાય, કોઈ દ્રવ્યની પર્યાયની કર્તા-હર્તા છે નહિ. દ્રવ્યને તો શું કરે ? દ્રવ્ય તો છે. કોઈ દ્રવ્યની પર્યાય કોઈ દ્રવ્યની (પર્યાયની) કર્તાહર્તા થઈ શકતી નથી. ઘડાને કુંભાર કરી શકતો નથી. રોટલીને સ્ત્રી રાંધી શકતી નથી. આહાહા ! સુથાર લાકડામાં વાસણ બનાવી શકતો નથી. આહાહા ! બાઈ પાણી ઘડામાં ભરી શકતી નથી. ઘડાને બાઈ ઉપાડી શકતી નથી.

મુમુક્ષુ :- આખો વ્યવહાર ખોટો છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- અરે ! વ્યવહારે વ્યવહાર બધો ગપ-ખોટા છે. આહાહા ! (અહીં કહે છે કે) પરમાર્થે કોઈ દ્રવ્યની પર્યાય કોઈ દ્રવ્યની (પર્યાયની) કર્તાહર્તા થઈ શકતી નથી. કરવું-થવું તો પર્યાયમાં છે કે નહિ ? **'માટે આ વ્યવહાર છ કારકો અસત્ય છે.'** - જૂઠા છે. જૂઠા છે (એટલે કે) જૂઠી ભાષાથી કહેવામાં આવે છે. આહાહા ! આના બાપે આ છોકરાને ભણાવીને મોટો કર્યો (તેમ કહેવું) તે જૂઠું છે એમ કહે છે. આહાહા ! માસ્તરે તેને કેળવ્યો (એ) જૂઠું છે. રોટલી કરવા વખતે (સ્ત્રી) લોટને કેળવે છે એ વાત જૂઠી છે એમ કહે છે. એમ ને એમ લોટ બાંધીને કાંઈ રોટલી ન થાય. (લોટને) સરખી રીતે કેળવે ત્યારે રોટલી થાય ને ? તો કહે છે કે લોટની પર્યાયને સ્ત્રી કેળવી શકતી નથી. આહાહા ! સુથાર વાંસડાને ઉપાડીને વાંસડાને છોલી શકતો નથી, ઉપાડી (પણ) શકતો નથી. આહાહા ! આવું છે.

(કહે છે કે), (આ વ્યવહાર છ) કારકો જૂઠા છે. **'તેઓ માત્ર ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે.'** જોયું ? આહાહા ! એ તો ઉપચાર કહો કે વ્યવહાર કહો - (એક જ છે). આરોપીને અસદ્‌ભૂત વ્યવહાર છે. (અર્થાત્) જૂઠો વ્યવહાર છે. **'નિશ્ચયથી કોઈ દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે કારકપણાનો સંબંધ છે જ નહિ.'** વિશેષ કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## (તા. ૧૯-૧-૧૯૭૯ – પ્રવચન નંબર-૧૩)

(પ્રવચનસાર) ૧૬મી ગાથા. નિશ્ચયકારકો (હવે કહેશે). કારકો એટલે ક્રિયાના કારણો. પર્યાયમાં જે ક્રિયા થાય (તેના કારણો). કોઈ પણ પરમાણુ કે આત્મામાં જે પર્યાય - અવસ્થા - ક્રિયા થાય, તેના આ કારકો છે. અહીં તો પર (વસ્તુ પર્યાયનો) કર્તા નથી - પરિણામનો પરદ્રવ્ય કર્તા નથી, એમ સિદ્ધ કરવા એમ કહે છે કે, દ્રવ્ય (પર્યાયનો) કર્તા (છે). એમ લેશે. છે ને ?

'નિશ્ચય કારકોનું દૃષ્ટાંત આ પ્રમાણે છે : માટી સ્વતંત્રપણે...' માટી દ્રવ્ય - વસ્તુ છે. અત્યારે દ્રવ્ય એટલે એ પરમાણુનો પિંડ છે ને, એને અત્યારે દ્રવ્ય કહેવું છે. નહીંતર દ્રવ્યનો એક પરમાણુ છે (અને) માટી તો પરમાણુની પર્યાય છે. પણ અહીંયા માટીને દ્રવ્ય તરીકે (કહે છે). આહાહા ! કેટલી અપેક્ષાઓ ? '**સ્વતંત્રપણે**' (અર્થાત્) એ માટીનું દ્રવ્ય સ્વતંત્રપણે '**ઘડારૂપ કાર્યને પહોંચે છે.**' એટલે કે ઘડાની અવસ્થા તે કાળે થવાની હતી તેને માટી પહોંચી વળે છે. પ્રાપ્ય છે ને ? આહાહા ! હવે આ માણસને બેસવું (ભારે કઠણ પડે છે). ચિદ્‌વિલાસમાં નિશ્ચય-વ્યવહારનો અધિકાર આવે છે ને ત્યાં લખ્યું છે કે, જે સમયે જે પર્યાય થાય તે તેનું નિશ્ચય છે. - ચિદ્‌વિલાસના નિશ્ચય અધિકારમાં આવે છે. આહાહા ! લોકોનો (એમ લાગે છે કે આ તો) નિયત થઈ જાય છે ? પાંચ સમવાય સહિત નિયત જ છે. આ ચાર સમવાય સાથે છે એમાં નિયત (સાથે) છે. આહાહા !

(અહીં કહે છે કે) '**માટી સ્વતંત્રપણે**' કર્તા છે ને ? એટલે સ્વતંત્રપણે કરે તે કર્તા એમ સિદ્ધ કરીને (કહે છે કે) '**માટી સ્વતંત્રપણે ઘડારૂપ કાર્યને પહોંચે છે.**' કર્તા માટી અને તેનું કાર્ય જે ઘડો - તે કાર્યને માટી પહોંચે છે. કુંભાર નહિ. - કુંભારના હાથથી ઘડો થયો, એમ નથી. આહાહા ! '**માટી સ્વતંત્રપણે ઘડારૂપ કાર્યને પહોંચે છે.**' એટલે ? કે 'પ્રાપ્ત કરે છે.' (અર્થાત્) માટી પોતે જ તે કાળે ઘડાની (જે) પર્યાય થવાની તેને માટી પ્રાપ્ત કરે છે. આહાહા ! ઘડાને કાર્ય કીધું. તેને (માટી) પ્રાપ્ત કરે છે - પહોંચે છે. ઘડો પર્યાય છે એને માટી પહોંચે છે - માટી તેને કરી છે - માટી તેને કરે છે - માટી તેને પ્રાપ્ત કરે છે. આહાહા ! સમજાય છે કાંઈ ? આ અભિન્નની અપેક્ષાએ કથન છે. નહીંતર તો ઘડાની પર્યાય કાર્ય (તે) પર્યાય પોતે કરે છે. આહાહા ! આવી વાતુ (છે). પણ અહીંયા તો અભિન્ન દૃષ્ટિથી કથન છે. પર્યાય માટીની છે એમ ગણીને તેની (પર્યાયની) માટી કર્તા છે એમ કહેવામાં આવે છે. '**તેથી માટી કર્તા છે**' અને ઘડો તેનું કાર્ય છે. આહાહા ! લે ! આ ઘડો તેનું કાર્ય છે (એમ કહ્યું). કુંભાર વિના કાંઈ ઘડો થાય ? કુંભાર વિના જ ઘડો થાય છે. આહાહા ! આ તો દૃષ્ટાંત છે. એમ દરેક દ્રવ્યને માટે - દરેક પરમાણુ, દરેક આત્મા, દરેકને માટે આ સિદ્ધાંત છે. આ સિદ્ધાંત તો ત્રણે કાળેનો (છે). સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વરે કહેલો (છે) કે, ભાઈ ! ઘડાની પર્યાયનો કાળ છે - તે વખતે (તે) પ્રાપ્ય છે તેથી તે પર્યાયને માટી પહોંચી વળે છે, માટી તેને પ્રાપ્ત કરે છે. આહાહા ! તે પણ અભિન્નની અપેક્ષાએ કથન છે.

'**અથવા, ઘડો માટીથી અભિન્ન હોવાથી...**' જોયું ? પાછું અભિન્ન કીધું ને ? (કેમકે) સિદ્ધ એ કરવું છે ને ? '**ઘડો માટીથી અભિન્ન હોવાથી માટી પોતે જ કર્મ છે.**' આહાહા ! માટી પોતે કર્તા અને માટી પોતે કર્મ (છે). ઝીણી વાત છે ભાઈ ! આ તો મૂળ સિદ્ધાંત - મૂળ તત્ત્વની વાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અત્યારે તો ગડબડ બહુ ચાલી ગઈ છે. આહાહા ! આવી વાતને નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય (છે) કરીને ઉડાવી દે (છે). અને વ્યવહારને સ્થાપે. આહાહા ! પર્યાય, દ્રવ્યથી અભિન્ન હોવાથી - ઘડારૂપી કાર્ય - પર્યાય - કર્મ માટી દ્રવ્યથી અભિન્ન હોવાથી માટી પોતે જ કાર્ય છે, કર્મ છે એમ કહેવામાં આવે છે. કહો આમાં સમજાય છે ?

ઘરાકને સાચવે, ઘરાકને માલ આપે, ઘરાક પાસેથી પૈસા લે, ઉધાર આપે તો નામું લખે, (આદિ) આ બધાં દુકાનના-ધંધાના આખો દિવસ કામ કરે (એમ માને છે). આત્માનું એ કાર્ય છે જ નહિ એમ (અહીં તો) કહે છે. આહાહા ! બહુ તો આત્મા ઈચ્છા કરે ને તેનો અજ્ઞાનભાવે કર્તા થાય અને તે ઈચ્છાના કાર્યને પહોંચી વળે. તેથી તે ઈચ્છાનું કાર્ય તે કર્મ (છે). ઘડાના કર્મને માટીથી અભિન્ન ગણીને માટી પોતે કર્મ છે. કાર્ય છે. આહાહા ! આ સાધારણ વાત નથી. આ વાત મૂળ સિદ્ધાંતનું તત્ત્વ છે. આહાહા !

(કહે છે કે) '**પોતાના પરિણમન સ્વભાવથી માટીએ ઘડો કર્યો.**' હવે કરણ-સાધન (કહે છે). ઉપર કહ્યું હતું - દંડ, ચક્ર આદિ (ઘડાના) સાધન (છે). એ તો અસત્ય-જૂઠા (સાધન કહ્યાં હતાં). હવે ઘડાનું સાધન કોઈ ? (કે) માટીએ પોતાના પરિણમનસ્વભાવથી (ઘડો કર્યો છે). - એમ ગણ્યું ને ? અહીં પોતાનો (દ્રવ્યનો) પરિણમનસ્વભાવ ગણ્યો. અભિન્ન પરિણમન ગણ્યું ને ! માટીએ ઘડો કર્યો તેથી માટી પોતે જ સાધન છે. કરણ નામ સાધન. આહાહા ! ઘડાનું થવાનું સાધન માટી પોતે છે. જડને ખબર નથી કે હું આ સાધન (છું). ખબરનું અહીં શું કામ છે ? (જો) ખબર હોય તો, એક (જીવ) દ્રવ્ય જ સિદ્ધ થાય. બીજા પાંચ દ્રવ્ય સિદ્ધ થાય જ નહિ. તેનો સ્વભાવ જ આ રીતે છે. આહાહા ! પરથી ભિન્ન કરાવવું છે તેથી, તે માટી તેનું (ઘડાનું) સાધન છે. કુંભાર સાધન નથી, ચક્ર સાધન નથી એમ સિદ્ધ કરી અનેકાંત સિદ્ધ કરવું છે. આ અનેકાંત છે.

બીજા કલશમાં કહ્યું ને ભાઈ ! કે વસ્તુ દ્રવ્ય-ગુણાત્મક છે. વસ્તુ છે એ દ્રવ્ય-ગુણાત્મક છે - દ્રવ્ય-ગુણસ્વરૂપ છે. વસ્તુ છે એ - કોઈપણ આત્મા ને પરમાણુ - દ્રવ્ય-ગુણસ્વરૂપ છે. તેમાં એ સત્તાને દ્રવ્ય કહેવું એ અભિન્ન (અભેદ) છે અને સત્તાને ગુણ કહેવો તે ભિન્ન (ભેદ) છે. - એમ અનેકાંત છે. આહાહા ! સમજાય છે કાંઈ ? કોઈ પણ વસ્તુ - પરમાણુ કે આત્મા... ધર્માસ્તિકાય આદિ ચાર અરૂપીને તો એકકોર રાખો. વાંધા (અશુદ્ધિ) તો આ બેમાં જ છે ને ? તો આહાહા ! કોઈપણ વસ્તુ દ્રવ્ય અને ગુણસ્વરૂપ છે. વસ્તુ છે એ દ્રવ્ય અને ગુણસ્વરૂપ છે. તેમાં તેને ગુણને દ્રવ્ય કહેવો તે અભિન્ન (અભેદ) છે - દ્રવ્યદૃષ્ટિ છે અને ગુણને ગુણ કહેવો એ ભેદ દૃષ્ટિ છે - પર્યાયદૃષ્ટિ છે. આહાહા ! આમાં સમજાય છે ?

એ રીતે અહીંયા (ઘડો) માટીનું કર્મ છે એમ કહેવું એ અભિન્ન છે અને જે કાર્ય થયું તે, કાર્યનું કાર્ય છે એ ભિન્ન (ભેદ) છે. આહાહા ! એ પર્યાય, પર્યાયની છે - ઘડાની પર્યાય, પર્યાયની છે, ઘડાની પર્યાયનું સાધન પર્યાય છે એ ભિન્નથી કથન છે. દ્રવ્યથી ભિન્ન (એ કથન છે. છતાં) એ નિશ્ચય છે અને માટી સાધન છે (એમ જે કહ્યું) તે, પર્યાય એની (માટીની) છે એમ ગણીને, અભિન્ન સાધન કહીને માટી સાધન છે (અને) ઘડો તેનું કાર્ય છે (એમ કહ્યું છે). આહાહા ! આવી વાત (છે). (આ તો) મહા સિદ્ધાંત છે. બાપુ ! આહાહા ! (એ) કરણ કહ્યું. કર્તા, કર્મ-કાર્ય ને ત્રીજું કરણ - (એમ) ત્રણ બોલ થયા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(હવે કહે છે કે) '**માટી એ ઘડારૂપ કર્મ પોતાને જ આપ્યું**' એટલે કે માટીએ ઘડા માટે ઘડો કર્યો. માટીએ ઘડા માટે ઘડો કર્યો. હવે આવી વાત (છે). કંઈ વ્રત પાળવા, ભક્તિ કરવી, સ્તુતિ કરવી, મંદિર બનાવવા (એ વાત તો આવતી નથી). અરે બાપુ ! એ બધી વાતુ (તો વ્યવહારની છે). પરનું કરી શકતો નથી ભાઈ ! આહાહા ! એક આંખની પાપણ હલે છે તે પાપણના પરમાણુ(ને) તે પર્યાયના કર્તા અભિન્નથી કહેવાય. ભિન્નથી તો એ પર્યાય પર્યાયની કર્તા છે. આહાહા ! આત્મા તો તે પાપણ હલાવી શકે જ નહિ. નિમિત્ત એને કહીએ કે (જે) પરમાં કાંઈ કાર્ય કરી શકે નહિ. અત્યારે હવે આ વાંધા (ઉઠાવે કે) નિમિત્ત છે તો અહીં (ઉપાદાનમાં) કાર્ય થાય છે. શાસ્ત્રમાં પણ કેટલીકવાર આવે કે બે ભેગા થાય ને કાર્ય થાય. પણ એ તો બીજી (ચીજ) નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવવા - વ્યવહારનું જ્ઞાન કરાવવા એ વાત કરી છે. પણ નિમિત્તથી એમાં (ઉપાદાનમાં) કાંઈ થાય છે એ જરીએ વાત (સાચી) નથી. નિમિત્ત, નિમિત્તની ક્રિયા કરે અને નિમિત્ત, પરની - ઉપાદાનની (પણ ક્રિયા) કરે (તેમ માને) તો બે ક્રિયાવાળી મિથ્યાદૃષ્ટિ છે. એ તો સવારમાં આવ્યું હતું ને ? સવારમાં એ દ્વિક્રિયાવાદી આવ્યું હતું. આહાહા ! અરે ! ભાઈ ! આવો માર્ગ (છે).

(અહીં કહે છે કે) માટીએ પોતે ઘડારૂપ (કર્મ) પોતાને આપ્યું '**તેથી માટી પોતે જ સંપ્રદાન છે.**' (ઘડારૂપ કર્મ) આપ્યું એ (માટીને) ખબર છે ? ખબરનું અહીં કામ નથી. માટીએ ઘડો કરીને પોતાનામાં રાખ્યો. ઘડો કરીને ઘડારૂપે રાખ્યો એ એનું સંપ્રદાન (છે).

મુમુક્ષુ :- માટીએ ઘડો કર્યો, એમ કોઈ માને નહિ !

પૂજ્ય ગુરુદેવશ્રી :- સાચી વાત ભાઈ ! માને નહિ. કઠણ પડે. વસ્તુ એવી છે બાપુ ! શું થાય ! ભાઈ ! અનંત દ્રવ્ય કહેવા અને એક દ્રવ્ય બીજા (દ્રવ્યનું) કરે એમ કહેવું તો એ અનંત દ્રવ્ય સ્વતંત્ર રહેતા નથી. આહાહા ! એવી વાત છે ભાઈ ! માટી પોતે જ સંપ્રદાન છે.

હવે - 'થી-થકી' અપાદાન (કહે છે). '**માટીએ પોતાનામાંથી પિંડરૂપ અવસ્થા નષ્ટ કરીને...**' આહાહા ! માટીએ પોતાનામાંથી પિંડરૂપ દશાનો નાશ કરીને ઘડારૂપ અવસ્થા કરી '**અને પોતે તો ધ્રુવ રહી.**' માટે તે અપાદાન કહેવામાં આવે છે. આ તો અભિન્નની અપેક્ષાથી (વાત) છે. બાકી તો ઘડાની પર્યાય પોતે પર્યાયની કર્તા, પર્યાય તેનું કાર્ય (છે). એક સમયમાં છ કારકો ભેગા છે. આહાહા ! એ ઘડાની પર્યાય, પર્યાયનો કર્તા, પર્યાય (પર્યાયનું) કાર્ય, પર્યાય પર્યાયનું સાધન, પર્યાય પર્યાય માટે કરી અને (પોતાનામાં) રાખી, પર્યાયમાંથી પર્યાય થઈ અને પર્યાયને આધારે પર્યાય થઈ (છે). - એ ભિન્ન સાધનની સ્વતંત્રતા (છે). પણ અહીં તો એ દ્રવ્યના કારકો છે એમ અભિન્નથી સિદ્ધ કરવું છે. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! આમાં કોઈ બહુ જાજું જાણપણું હોય તો જ આ સમજાય એવું કાંઈ નથી. તેની યથાર્થ રુચિ જોઈએ. આહાહા !

માટીએ પોતાનામાંથી પિંડરૂપ અવસ્થા નષ્ટ કરીને ઘડારૂપ કાર્ય કર્યું અને પોતે તો ધ્રુવ રહી. પછી આત્મામાં - શુદ્ધ ઉપાદાનમાં ઉતારશે. (પિંડરૂપ અવસ્થા) બદલતા પોતાનો અભાવ થઈ ગયો, (એમ નથી). પિંડનું બદલવું થતા માટીનો અભાવ થઈ ગયો, એમ નથી - એમ કહે છે. આહાહા ! - એ અપાદાન છે. '**પોતે જ અપાદાન છે.**' 'થી' - 'થકી' (અર્થાત્) માટીથી ઘડો થયો, માટી થકી ઘડો થયો. (પણ) કુંભારથી ઘડો થયો એમ નહિ.

અહીં કહે છે કે '**માટીએ પોતાના જ આધારે ઘડો કર્યો..**' છે ? '**માટીએ પોતાના જ આધારે**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


**ઘડો કર્યો.**' આહાહા ! પગ પોતાને આધારે ચાલે છે, જમીનને આધારે નહિ. આવી વાત ! પગ ચાલે છે એ પોતાના આધારે ચાલે છે, આત્માને આધારે નહિ (અને) જમીનને આધારે (પણ) નહિ. આવી વાતુ છે. અરે ભાઈ ! તારા તત્ત્વની સ્થિતિ (મર્યાદા) એવી છે. તત્ત્વની મર્યાદા પર્યાય ઓળંગીને ક્યાંય બહારમાં જતી નથી. આહાહા ! તત્ત્વ દ્રવ્યરૂપ છે. દ્રવ્ય ગુણાત્મક છે. તે જ પર્યાયરૂપ છે. તેથી, તે પર્યાયનો કર્તા અભિન્નપણે (દ્રવ્યને) ગણીને (બધું) દ્રવ્ય ગણ્યું (છે). આહાહા ! છે ?

'**માટીએ પોતાના જ...**' પરના આધારે પણ એમ કથંચિત્ નહિ. સમ્યક્એકાંત આ જ છે. આહાહા ! '**માટીએ પોતાના જ આધારે ઘડો કર્યો તેથી પોતે જ અધિકરણ છે.**' આહાહા ! '**આ રીતે નિશ્ચયથી...**' ખરેખર સત્યથી જોઈએ તો '**છયે કારકો એક જ દ્રવ્યમાં છે.**' પોતાના એક દ્રવ્યમાં છે. અભિન્નથી વર્ણવવું છે ને ? (તેથી એમ કહ્યું). છે ને ?

'**પરમાર્થે એક દ્રવ્ય**' (અર્થાત્) ખરેખર એક પરમાણુ કે એક આત્મા '**બીજાને સહાય નહિ કરી શક્તું હોવાથી...**' આહાહા ! પહેલી નાસ્તિથી (વાત કરી). હવે (કહે છે કે) '**અને દ્રવ્ય પોતે જ**' - એ કર્તા (છે). દરેક પરમાણુ (કે) દરેક આત્મા (પોતે કર્તા છે). તે '**પોતાને**' - એ કાર્ય, કર્મ (છે). દ્રવ્ય '**પોતાને**' એટલે કર્મ (છે). '**પોતાનાથી**' - એ કારણ (છે). '**પોતાને**)' એ કર્મ છે. આ કરણ (છે). '**પોતાનાથી**' એ કરણ (છે). '**પોતાને માટે**' - એ સંપ્રદાન (છે). '**પોતાનામાંથી**' - એ અપાદાન (છે). '**પોતાનામાં કરતું**' એ આધાર (છે). આહાહા ! આવું છે આ. આહાહા ! '**પોતાનામાં કરતું હોવાથી આ નિશ્ચય છ કારકો જ પરમ સત્ય છે.**' આ છ કારકો જ - એકાંત પરમ સત્ય છે. બીજા કારકો અસત્ય છે. - એમ અનેકાંત છે. પણ બીજા કારક પણ સત્ય છે ને આ પણ સત્ય છે (તે અનેકાંત નથી). આહાહા !

'**ઉપર્યુક્ત રીતે દ્રવ્ય પોતે જ પોતાની અનંત શક્તિરૂપ સંપદાથી**' આહાહા ! એ છ કારકોની પોતાની શક્તિરૂપ સંપદાથી આહાહા ! '**પરિપૂર્ણ હોવાથી પોતે જ છ કારકરૂપ થઈને...**' આહાહા ! અભેદથી વર્ણન છે ને ? (તેથી કહે છે કે) '**દ્રવ્ય પોતે જ પોતાની અનંત શક્તિરૂપ સંપદાથી પરિપૂર્ણ હોવાથી પોતે જ છ કારકરૂપ થઈને...**' એટલે દ્રવ્ય પોતે જ છ કારકરૂપ થઈને '**પોતાનું કાર્ય નિપજાવવાને સમર્થ છે.**' આહાહા ભારે (વાત) ભાઈ ! આ પથરાથી મગ-ચણા-દાળ વાટે છે ને ? હવે અહીં કહે છે કે જે ક્રિયા થાય છે તે આને લઈને (પથરાને લઈને) થતી નથી. (કેમકે) એ જે પથરો છે એ દાળને અડતો પણ નથી. (માટે) તેણે ભૂકો કર્યો નથી. દાળના એ જે પરમાણુ છે તે પોતે જ ત્યાં ભિન્ન-ભિન્ન પડીને પોતે જ તેનું પોતાનું કાર્ય કરે છે. આહાહા ! આ તો લોકોને એકાંત લાગે. એક તો ગરીબ ઓશિયાળો (હોય) ને એને એમ કહે કે ભગવાનથી તને લાભ થશે, ગુરુથી તને લાભ થશે શાસ્ત્રથી તને લાભ થશે તો, ઓશિયાળો છે એટલે તે ઊંધીવાત બેસી જાય. ભગવાન કહે છે કે મારાથી પણ તને લાભ નહિ થાય. લે ! હું જુદો છું ને તું જુદો છો !

મુમુક્ષુ :- મોટા પુરુષ તો એમ જ કહે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- છેલ્લા કલશમાં લખ્યું છે કે અમૃતચંદ્રાચાર્ય મહાપુરુષ છે માટે એમ કહે છે કે (મેં આ શાસ્ત્રની ટીકા કરી નથી). તેઓ નમ્ર છે એટલે આમ વાત કરી છે. બીજો અભિમાની હોય તો ન કહે એમ તેનો અર્થ (છે). (બાકી) તેઓ ટીકા કરી શકતા નથી - કરી શક્યા જ નથી. મેં શબ્દ લખ્યા, મેં ટીકા કરી - તે વાતમાં કાંઈ માલ નથી. આહાહા ! વિકલ્પ આવ્યો હતો તેનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પણ હું કર્તા નથી. તો ટીકાના અક્ષરો થયા છે તેનો કર્તા મને માનશો નહિ હો. અરે માહિ જીવો ! મેં ટીકા બનાવી છે એવી ભ્રમણા ન કરશો ! આહાહા ! એ અક્ષરોની શક્તિથી તે ટીકા બની ગઈ છે પ્રભુ ! - એમ કહ્યું છે. એ અક્ષરોમાં તે પ્રકારે - ટીકાની પર્યાયનું કર્તાપણું, કર્મપણું (તેને લઈને છે). અભિન્નથી કહીએ તો એમ છે. બાકી તો તેની અક્ષરની જે પર્યાય થઈ તે પર્યાય પોતે કર્તા-કર્મ-કરણ આદિ છ કારકરૂપે થઈને પરિણમી છે. આહાહા ! જેને પરમાણુના દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. આવું સ્વરૂપ છે ભાઈ ! અરેરે...! કોઈક મશ્કરી કરતા - 'મોટરમાં માણસ બેઠો હોય ને મોટર ચાલે તો, માણસ મોટરને લઈને નથી ચાલતો. પેટ્રોલથી મોટર નથી ચાલતી. સોનગઢની મોટર પેટ્રોલથી નથી ચાલતી' એમ મશ્કરી કરે. બાપુ ! એમ નથી ભાઈ ! અંદર જે શરીર પડ્યું છે તે શરીરના પરમાણુની આમ ખસવાની પર્યાય થઈ તે પર્યાયનો કર્તા એ શરીર છે. તે મોટર નહિ. આહાહા ! આવી વાત (છે). સોનગઢની મોટર પેટ્રોલથી ન ચાલે. આપણી મોટર તો પેટ્રોલથી ચાલે છે. પ્રભુ ! શું કરે છે તું આ ? પ્રભુ ! આ મશ્કરી શું કરે છે તું આ ? ભાઈ ! એમ નથી. મોટરના એક એક પરમાણુને તેની પર્યાયનો કર્તા કહેવો તે અભિન્નથી છે. બાકી તો મોટરના પરમાણુનો પર્યાય પોતે જ છે કારકરૂપે પરિણમી ને પોતે ગતિ કરે છે. અરેરે...! હવે મોટી સભા હોય એમાં આ વાત બેસવી કઠણ પડે. આ તો પુણ્ય ભેગાં છે એટલે વળી (ઘણાને બેસે છે). આહાહા ! છે ?

'**પોતાનું કાર્ય નિપજાવવાને સમર્થ છે; તેને બાહ્ય સામગ્રી કાંઈ મદદ કરી શકતી નથી.**' ઘડો થવામાં કુંભારની કાંઈ મદદ નથી. આહાહા ! જીવ ગતિ કરે છે તેમાં ધર્માસ્તિ(કાય)ની કાંઈ મદદ નથી. જીવ ગતિ કરીને સ્થિર થાય છે તેમાં અધર્માસ્તિ(કાય)ની કાંઈ મદદ નથી. છતાં તેને સહાયક કહેવું, નિમિત્ત કહેવું એ તો જ્ઞાન કરાવવા માટે છે. શાસ્ત્રમાં તો એમ આવે કે, ધર્માસ્તિકાયના અભાવે જીવ ઉપર જઈ શકતો નથી. (સિદ્ધ) લોકમાં રહી ગયા. અલોકાકાશમાં ધર્માસ્તિકાય નથી. તેથી ત્યાં નથી ગયા. શાસ્ત્રમાં એવું આવે - 'ધર્માસ્તિકાય અભાવાત્' સિદ્ધ ઉપર જતા નથી. ભાઈ ! એ આત્માની પર્યાયની - દશાની - કાર્યની તે ક્ષેત્રે તે રીતે પોતાને રહેવાની સ્થિતિ છે. તેથી ત્યાં રહી છે. પણ ધર્માસ્તિકાયનો અભાવ છે માટે આગળ જઈ શકતા નથી એમ નહિ. આગળ જવાનું તેની પર્યાયનું કાર્ય જ નથી. આહાહા ! માટે જતા નથી.

(અહીં કહે છે કે) '**બાહ્ય સામગ્રી કાંઈ મદદ કરી શકતી નથી.**' મોટરમાં શરીર બેઠું (છે), એ શરીર જે ચાલે છે તેને મોટર કાંઈ સાધન (મદદ) કરી શકતી નથી. આહાહા ! ઉપાદાન-નિમિત્તના ઝઘડા ભારે ! જો કે હવે વિદ્વાનો કબૂલ કરે છે કે, સોનગઢવાળા નિમિત્ત માનતા નથી એમ નથી. નિમિત્ત માને છે પણ નિમિત્તથી પરમાં થાય છે એમ માનતા નથી. ૧૩ની સાલમાં બે વાતનો વિરોધ હતો. (એક) ક્રમબદ્ધ (માટે હતો). જે સમયે જે પર્યાય થાય તે સમયે (તે) થાય. બીજે સમયે જે થવાની હોય તે થાય એમાં વિરોધ હતો કે, નહિ ! ક્રમબદ્ધ ખરું પણ એક સમયે આ પર્યાય ને બીજે સમયે જેવી થવાની હોય તે જ આવે એમ નથી. એમ (વિરોધ) હતો. અહીં કહે છે કે જે સમયે જે પર્યાય થવાની છે તે સમયે (તે જ થાય છે). બીજે સમયે જે થવાની (તે જ થાય) - તે જ ત્યાં આવે. - એક વાત અને (બીજી વાત) નિમિત્તથી કાંઈ પરમાં થાય નહિ (એ હતી). ત્યારે કહે કે, નિમિત્તથી કોઈ વખતે પણ થાય. સર્વથા નિમિત્તથી ન થાય, એમ નહિ. અહીં તો કહે છે કે નિમિત્તથી પરમાં કાંઈ થાય નહિ. બાહ્ય સામગ્રીથી પરમાં કાંઈ થાય નહિ. આહાહા ! આવી વાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'**માટે...**' આમ કહીને હવે કહેવું છે શું (તે) કહે છે. '**કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છનાર આત્માએ...**' આહાહા ! ભગવાન આત્માની સર્વજ્ઞપર્યાય પ્રગટ કરવાની ભાવનાવાળાએ... આહાહા ! અહીં તો એ (ભાવના) છે ને ? કેવળજ્ઞાન પર્યાય છે. (તેને) પ્રાપ્ત કરવા ઈચ્છનાર આત્માએ '**બાહ્ય સામગ્રીની અપેક્ષા રાખી પરતંત્ર થવું નિરર્થક છે.**' આહાહા ! ગુરુનું નિમિત્ત મળે, દેવનું નિમિત્ત મળે, વજ્રવૃષનારાયસંહનનનું અનુકૂળ નિમિત્ત મળે અને મહાવિદેહનું ક્ષેત્ર હોય તો ત્યાં આગળ કેવળજ્ઞાન થવાનું નિમિત્ત છે - એવું છે નહિ, (એમ) કહે છે. આહાહા ! '**બાહ્ય સામગ્રીની અપેક્ષા રાખી પરતંત્ર થવું નિરર્થક છે.**' (એટલે કે) નિમિત્તને લઈને એમાં (ઉપાદાનમાં) કાંઈક થશે એવું (માની) પરતંત્ર થવું નિરર્થક છે. (એવી માન્યતા) કાર્યને માટે નિરર્થક છે. (બંધને માટે) સાર્થક છે. (કેમકે) બંધનું કારણ છે. આહાહા ! આવી વાતુ છે. આ બેનુ-દીકરીઓને આ બધું સમજાતું હશે ? આવી વાતુ છે. ભગવાન છે ને અંદર તો ! બેનું-દીકરીઓ છે કોણ ? અંદર આત્મા ભગવાન છે. ત્રણલોકનો નાથ ! સચ્ચિદાનંદ પ્રભુ ! અનંત-અનંત સંપદાનો ધણી શક્તિવાન (આત્મા) છે. એમ કહ્યું નહિ ? '**પોતાની સંપદા**' ન કહ્યું અંદર ? જુઓ ! '**પોતાની અનંત શક્તિરૂપ સંપદાથી પરિપૂર્ણ**' છે ને ? '**ઉપર્યુક્ત રીતે દ્રવ્ય પોતે જ પોતાની અનંત શક્તિરૂપ સંપદાથી પરિપૂર્ણ હોવાથી...**' પરમાણુ પણ એમ (છે) અને આત્મા પણ એમ (છે). આહાહા ! શ્રદ્ધામાં ફેર હોય એટલે ક્યાંક - ક્યાંક એની ઊંધી વાત આવ્યા વિના રહે નહિ. આહાહા ! આ વાત તો બાપુ ! બહુ જુદી છે. આહાહા !

કહે છે કે, બહારની સામગ્રીની અપેક્ષા રાખી પરતંત્ર થવું નિરર્થક છે. આહાહા ! હવે (કહે છે કે) '**શુદ્ધોપયોગમાં લીન આત્મા...**' આ વસ્તુ (છે). તે કાળમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિના કારણરૂપ '**શુદ્ધોપયોગમાં લીન આત્મા પોતે જ છ કારકરૂપ થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.**' આહાહા ! (અહીં) દ્રવ્ય લેવું છે ને ? (એટલે આત્મા કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે તેમ કહ્યું છે.) ખરેખર તો કેવળજ્ઞાનની પર્યાય પોતે કર્તા, પોતે કર્મ, પોતે કરણ, પોતે સંપ્રદાન, પોતે અપાદાન ને પોતે આધાર છે. પણ અહીં તો બીજાથી (પર્યાય) થતી નથી એમ સિદ્ધ કરીને તે દ્રવ્યથી (પર્યાય) થાય છે એમ અહીં સિદ્ધ કરવું છે. આહાહા ! (તેથી કહે છે કે) '**શુદ્ધોપયોગમાં લીન આત્મા પોતે જ છ કારકરૂપ થઈને...**' હવે શુદ્ધોપયોગમાં લીન છે અને તેને લઈને કેવળજ્ઞાન થયું છે (એમ કહેવું) એ પણ અપેક્ષિત ભાષા છે. સમજાણું કાંઈ ? (પૂર્વની) પછીની પર્યાય(માં) કેવળજ્ઞાન થયું (એમ જે કહ્યું છે) એ તો તેનું અભિન્ન(પણું) બતાવવા (માટે) કહ્યું છે. આહાહા ! શુદ્ધોપયોગમાં લીન છે તેને કેવળજ્ઞાન થાય છે એમ કહેવું છે તે પણ (વ્યવહાર છે). શુદ્ધોપયોગ કારણ છે ને કેવળજ્ઞાન કાર્ય છે તે પણ વ્યવહાર છે. આહાહા ! એ દ્રવ્ય પોતે જ કેવળજ્ઞાનનું કારણ છે. આહાહા ! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :- કેવળજ્ઞાન કેવળજ્ઞાનનું કારણ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- અત્યારે તો શુદ્ધોપયોગથી કેવળજ્ઞાન છે એટલું સિદ્ધ કરવા દ્રવ્યથી તે કેવળજ્ઞાન થાય છે એટલું (સિદ્ધ કર્યું છે). બાકી તો, કેવળજ્ઞાન કેવળજ્ઞાનથી થાય છે. આહાહા ! અરે ! પ્રભુનો માર્ગ આ છે. ભાઈ ! પ્રભુ એટલે તું ! તારો માર્ગ સ્વતંત્ર છે. પ્રભુ ! આહાહા ! તારા કાર્યને માટે, પરની અપેક્ષાની બિલકુલ જરૂર નથી. આહાહા ! તારા ધર્મના કાર્ય માટે શુભરાગની અપેક્ષા નથી. આહાહા ! ધર્મના કાર્ય માટે નિશ્ચયથી તો દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. પણ અહીંયા તો પરથી ભિન્ન બતાવીને (સ્વથી) અભિન્નથી વાત કરવી છે. આહાહા ! સમજાણું કાંઈ ? આ શુદ્ધોપયોગ શુભભાવથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ન થાય તેટલું સિદ્ધ કરવા માટે (આમ કહે છે). એ શુભભાવ કારણ અને કેવળજ્ઞાન કાર્ય ન થાય એટલું બતાવવા અહીંયા પ્રભુ (આત્મા) શુદ્ધોપયોગમાં લીન છે - પોતાની નિર્મળપર્યાયમાં લીન છે. આહાહા ! (એમ કહે છે).

એ '**પોતે જ છ કારકરૂપ થઈને...**' (એટલે કે) દ્રવ્ય... એમ લીધું ને ? '**શુદ્ધોપયોગમાં લીન આત્મા**' છે ને ? (એટલે) ત્યાં દ્રવ્ય લેવું છે. '**આત્મા**' કીધું ને ? અભિન્ન કહેવું છે ને ? '**શુદ્ધોપયોગમાં લીન આત્મા પોતે જ છ કારકરૂપ થઈને**' એટલે આત્મા પોતે જ છ કારકરૂપ થઈને '**કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.**' આહાહા ! અરેરે ! આવી વાત સાંભળવા ન મળે ને એટલે લોકો એમ કહે કે આ સોનગઢનું એકાંત છે. આ સોનગઢનું નહિ, આ તો ભગવાનનું છે. આહાહા ! શું થાય ?

(કહે છે કે) શુદ્ધોપયોગમાં લીન આત્મા પોતે જ છ કારકરૂપ થઈને પ્રાપ્ત કરે છે. કોને ? કેવળજ્ઞાનને. દ્રવ્ય પોતે જ શુદ્ધોપયોગની પરિણતિ કરીને કેવળજ્ઞાનનું કાર્ય પ્રાપ્ત કરે છે. આહાહા ! '**તે આત્મા પોતે અનંત શક્તિવાળા જ્ઞાયકસ્વભાવ વડે...**' હવે કારક ઉતારે છે. '**આત્મા પોતે અનંત શક્તિવાળા જ્ઞાયકસ્વભાવ વડે સ્વતંત્ર હોવાથી પોતે જ કર્તા છે.**' અજ્ઞાની તો કહે કે, વજ્રવૃષનારાયસંહનન વિના કેવળજ્ઞાન થાય નહિ. આહાહા ! (જેમ કે) પંખી ઉડવા માંગતું હોય ને કઠણ જમીન હોય તો પગ જોર કરીને ઉડે. પરંતુ મગનો ઢગલો હોય ને એમાં પંખી બેઠું હોય ને તે ઉડવા માગે તો લપસી જાય. માટે કઠણ જમીન તેને ઉડવામાં કારણ છે. (પરંતુ) એમ નથી. એ તો વજ્રવૃષનારાયસંહનન સમજાવવું છે તેથી દાખલો આપ્યો હતો કે એ હોય છે. આહાહા ! પણ વજ્રવૃષનારાયસંહનનને કારણે કેવળજ્ઞાન થાય છે એમ નહિ. આહાહા ! કેમકે વજ્રવૃષનારાયણસંહનન તો તંદુલમચ્છ કે જે સાતમી નરકે જાય છે તેને પણ હોય છે. અંગુલના અસંખ્યના ભાગના માછલાને તંદુલમચ્છ કહેવામાં આવે છે. તેને વજ્રવૃષનારાયસંહનન હોય છે. પણ પરિણામ એવા તીવ્ર છે કે સાતમી નરકના આયુષ્યને બાંધે એવા એના પરિણામ (હોય છે). એ આયુષ્ય પણ તેની (પોતાની) પર્યાયથી બંધાય છે. અહીં (જીવે) આવા પરિણામ કર્યાં માટે બંધાય છે એમ નહિ. આહાહા ! અહીંયા ઘણા વર્ષો પહેલા એક સ્થાનકવાસી સાધુ આવ્યા હતા. એ એમ કહેતા હતા કે, એણે મોઢું આમ કર્યું ને એની ક્રિયાથી એ નરકમાં ગયો. એને તો ક્રિયા બતાવી છે ને ! એટલે (એમ) કહ્યું કે, ક્રિયા વિના (નરકમાં જાય નહિ). મેં કહ્યું, ના. ના. એમ નથી. એના પરિણામ જ એવા સાતમી નરકને યોગ્ય થયા હતા. (એક) હજાર જોજનનો મચ્છ હતો. (એના મોઢામાં) પાણી આવતું એમાં ઝીણાં માછલાં આવતાં હતાં અને ઘણાં નીકળી જતાં હતાં અને (તંદુલ) મચ્છ તેના કાનમાં બેઠો હતો. (એને એવા પરિણામ થયા કે) આ (માછલાં) જવા દે છે પણ હું હોત તો પકડી રાખત ! એ મોઢું ફાડ્યું હતું એ ક્રિયાથી (નરકમાં ગયો). એમ (એ સાધુનું) માનવું હતું. મોઢું ફાડવાની ક્રિયા સ્વતંત્ર પરિણમન છે અને આ સાતમી નરકમાં જવાના પરિણામ પણ સ્વતંત્ર છે. (જીવ) દ્રવ્યે પોતે કર્યા છે. કર્યા છે પર્યાયે. પણ અહીં દ્રવ્યને (કર્તા) કહેવું છે ને ? આહાહા ! એ મોઢું આમ ફાડ્યું માટે તેને (મચ્છને) આવા (સાતમી નરકમાં જવાના) પરિણામ થયા છે (એમ નથી). એ મોઢાની પર્યાયનો કર્તા તો ત્યાંના પરમાણુ છે. આહાહા !

(બીજા) દેરાવાસી સાધુ આવ્યા હતા. એ પણ એમ કહેતા કે, નિમિત્ત વિના થાય ? ફલાણા વિના થાય ? ૯૪ની (સાલની) પહેલાની વાત છે. આહાહા ! આના વિના ન થાય... આના વિના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ન થાય... (એમ કહે). શું કહેવું બાપા ! ભાઈ ! શું કરવું એમાં ? મોટા પંડિતો ભણી-ભણીને મીંડા વાળ્યાં. આહાહા ! અહીં તો કહે છે કે - આત્મા પોતે અનંત શક્તિવાળા જ્ઞાયકસ્વભાવ વડે સ્વતંત્ર હોવાથી પોતે જ તે પર્યાયનો - કેવળજ્ઞાનનો કર્તા છે. - (આત્મા) અભિન્ન બતાવ્યું છે. આહાહા ! પૂર્વની પર્યાય પણ તેને સહાયક નથી. ચાર જ્ઞાનની પર્યાયનો વ્યય થયો (માટે) કેવળજ્ઞાનની (પર્યાય) થઈ, એમ નથી - એમ કહે છે. એ તો કેવળજ્ઞાનની પર્યાયનો કરનારો સ્વતંત્ર જ્ઞાયકસ્વભાવ છે. આહાહા ! હવે આવી વાત (લોકોને) લુખી-લુખી લાગે. ભાઈ ! આ સમજવું પડશે બાપુ ! સત્યનું સ્વરૂપ આવું છે. આહાહા ! જે રીતે સત્ય છે તે રીતે સમજાયે તેને અસત્ય મટશે. આહાહા !

(કહે છે કે) '**કેવળજ્ઞાનનો કર્તા છે.**' છે ને ? સ્વતંત્ર હોવાથી કર્તા (છે). કર્તાની વ્યાખ્યા એ છે ને ? સ્વતંત્રપણે કરે તે કર્તા. પરની સહાય વિના સ્વતંત્રપણે કરે તે કર્તા. આહાહા ! કેવળજ્ઞાન ઉત્પન્ન થવામાં (નિજ) દ્રવ્યની સહાય સિવાય બીજા કોઈ પરની સહાય નથી. અભિન્નથી વર્ણન છે ને ? (તેથી દ્રવ્યની સહાય કહી છે). આહાહા ! એને કોઈ પૂર્વની પર્યાયનું પણ સાધન નથી. આહાહા ! એને વજ્રવૃષનારાયસંહનન (તથા) મનુષ્યપણામાં કેવળ(જ્ઞાન) થાય માટે મનુષ્યપણું - ત્યાં સાધન છે એમ પણ નથી. આહાહા ! કેવળજ્ઞાન મનુષ્યપણા વિના ન થાય એ વાત સાચી. પણ તેથી કરીને કેવળજ્ઞાન મનુષ્યપણું છે માટે થયું છે એમ નથી. એ (તો) જ્ઞાયકભાવના સામર્થ્યથી પોતે કેવળજ્ઞાનપણે પરિણમ્યો છે - કર્તા થયો છે અને તેથી કેવળજ્ઞાન તેનું કાર્ય છે. આહાહા ! ભારે વ્યાખ્યા ભાઈ ! હમણાં તો સવારે પણ આવું આવે છે. ને બપોરે પણ એવું આવે છે. સવારમાં એ આવ્યું હતું ને ! (સમયસાર - ૮૫ ગાથા). ક્રિયાવાદી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા ! પરની ક્રિયાથી ને મારી ક્રિયાથી - બે ક્રિયા થઈને (એક) કાર્ય થાય, (એમ માનનાર) '' વીતરાગના અભિપ્રાયથી જુદો છે. આહાહા ! એક સાધુ આવ્યા હતા તે એમ કહેતા કે, આ કાનજીસ્વામી આવું કહે છે કે, દયા, દાન, વ્રત ને ભક્તિના પરિણામથી ધર્મ - મોક્ષ નથી તો આ લોકો બિચારા બગડી જશે ! મેં તો કહ્યું, જુઓ ! ભાઈ ! અમે કોઈની સાથે ચર્ચા કરતા નથી. બાકી વસ્તુ તો આ છે. તે અમારી સ્વતંત્ર છે. જગત માને છે એ બધું જૂઠું-ખોટું છે. તમારે માનવું હોય તો માનો. એ શુભભાવની ક્રિયાથી આત્માને ધર્મ થાય - એવી માન્યતા તદ્દન મિથ્યાદૃષ્ટિની - અજ્ઞાનીની છે. આહાહા ! અમે કોઈની સાથે ચર્ચા કરતા નથી. અમે કોઈની સાથે હા-ના પાડતા નથી. અને તમે જે ગણતરી લઈને આવ્યા છો તો અમે કહીએ છીએ કે એ બધી (માન્યતા) તમારી કલ્પિત છે. આહાહા ! બાપુ ! આ માર્ગ છે.

(અહીં કહે છે કે) '**પોતે અનંત શક્તિવાળા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરતો હોવાથી...**' આહાહા ! કેવળજ્ઞાનની પર્યાયને આત્મા - જીવ પોતે પ્રાપ્ત કરે છે. આહાહા ! પૂર્વની પર્યાયથી તે પ્રાપ્ત થાય છે એમ નથી. આહાહા ! (અર્થાત્) મોક્ષના માર્ગથી કેવળજ્ઞાન - મોક્ષ થાય છે એમ નથી. આહાહા ! પોતે અનંત શક્તિવાળો હોવાથી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરતો હોવાથી કેવળજ્ઞાન તેનું કાર્ય છે. આહાહા ! એ દ્રવ્ય અનંત શક્તિવાળું હોવાથી તેનું કેવળજ્ઞાન કાર્ય છે. પૂર્વની મોક્ષમાર્ગની પર્યાયનું એ (કેવળજ્ઞાન) કાર્ય છે એમ નથી. આહાહા ! '**અથવા કેવળજ્ઞાનથી પોતે અભિન્ન હોવાથી આત્મા પોતે જ કર્મ છે.**' કર્મના બે અર્થ કર્યા (છે). આત્મા કેવળજ્ઞાનથી અભિન્ન હોવાથી... જોયું ? અહીં અભિન્નથી વ્યાખ્યા છે ને ? અભિન્ન કારકની વાત છે. પણ અભિન્ન કારકનો અર્થ શું ? (પર્યાય) પોતે જ પોતાના કારકથી (થાય) છે. એને અભિન્નથી દ્રવ્ય કરે છે (એમ કહેવાય છે). તે અભિન્ન (કારક) છે. અરે...! ભગવાન !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


શું થાય ? પહેલા (કર્મના કારકમાં) તો એમ કહ્યું કે સ્વયં પોતે આત્મા અનંત શક્તિવાળા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરતો હોવાથી કેવળજ્ઞાન એનું કાર્ય છે. (અને હવે કહે છે કે) **'અથવા કેવળજ્ઞાનથી પોતે જ અભિન્ન હોવાથી...'** (આત્મા) પોતે જ અભિન્ન હોવાથી તે આત્મા જ પોતે કાર્ય છે. છે ? આત્મા પોતે જ કાર્ય છે. પર્યાય કાર્ય છે એમ કહેતા ભેદ (પડે) છે અને આત્મા પોતે કાર્ય છે તે અભેદ છે. આહાહા ! બહુ સારો અધિકાર છે. સવાર-બપોર બહુ સારો અધિકાર આવે છે. એ અધિકાર આવે ત્યારે - આવતો હોય ત્યારે આવે ને ? શાસ્ત્રનો આધાર હોય (ત્યારે આવે ને) ? આહાહા ! છતાં પણ એ વાણીને તેનો આધાર નથી. એમ કહે છે. આહાહા !

અહીં (છયે કારકનું) અભિન્ન(પણું) સિદ્ધ કરવું છે ને ! તેથી આત્મા પોતે જ કેવળજ્ઞાન છે. બસ ! આત્મા પોતે જ કેવળજ્ઞાન છે (એમ કહે છે). આત્મા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે એમ (ભેદથી) કહેવા કરતાં, આત્મા પોતે જ કેવળજ્ઞાન છે એમ અભિન્નથી કહે છે. આહાહા !

(હવે કહે છે કે) **'પોતાના અનંત શક્તિવાળા પરિણમન સ્વભાવરૂપ ઉત્કૃષ્ટ સાધન વડે...'** જુઓ ! આ સાધન (છે). **'પોતાના અનંત શક્તિવાળા પરિણમનસ્વભાવરૂપ ઉત્કૃષ્ટ સાધન વડે કેવળજ્ઞાન કરતો હોવાથી આત્મા પોતે જ કરણ છે.'** - આત્મા પોતે જ સાધન છે. આહાહા ! કેવળજ્ઞાનની પર્યાય, કેવળજ્ઞાનનું સાધન છે. - સાધન એ છે તે ભિન્નથી વાત છે અને આ અભિન્નથી વાત છે. આહાહા ભગવાન ! આવી બહુ જીણી વાતુ છે બાપુ ! ઉત્કૃષ્ટ સાધન પણ પોતે છે. વજ્રવૃષભનારાયસંહનન સાધન છે કે પૂર્વનો મોક્ષનો માર્ગ સાધન છે એમ નથી, એમ કહે છે. આહાહા ! વ્યવહાર (મોક્ષમાર્ગ) સાધન તો નથી પણ નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય (પણ) સાધન નથી. આત્મા પોતે જ સાધન છે, એમ કહે છે. આહાહા ! સમજાય છે કાંઈ ? આત્મા પોતે જ કરણ છે. અને **'પોતાને જ કેવળજ્ઞાન દેતો હોવાથી આત્મા પોતે જ સંપ્રદાન છે.'** આત્મા પોતાને કેવળજ્ઞાન દેતો હોવાથી અથવા કેવળજ્ઞાન માટે કેવળજ્ઞાન કરતો હોવાથી પોતે સંપ્રદાન છે. આહાહા ! એ એને માટે કરે છે. (અર્થાત્) કેવળજ્ઞાનને માટે આત્મા કેવળજ્ઞાન કરે છે. આહાહા ! જીણું લાગે એવું છે. પણ બાપુ ! માર્ગ એવો જીણો છે. - એ સંપ્રદાન (થયું).

**'પોતાનામાંથી મતિ-શ્રુતાદિ અપૂર્ણ જ્ઞાન દૂર કરીને કેવળજ્ઞાન કરતો હોવાથી અને પોતે સહજ જ્ઞાનસ્વભાવ વડે ધ્રુવ રહેતો હોવાથી પોતે જ અપાદાન છે.'** પોતાનામાંથી કેવળજ્ઞાન થયું છે. પૂર્વના ચાર જ્ઞાન જે હતાં તેમાંથી કેવળજ્ઞાન થયું છે એમ નથી. - એમ કહે છે. છે ને ? **'મતિ-શ્રુતાદિ અપૂર્ણ જ્ઞાન...'** એટલે મોક્ષમાર્ગ તેને **'દૂર કરીને કેવળજ્ઞાન કરતો હોવાથી અને પોતે સહજ જ્ઞાનસ્વભાવ વડે ધ્રુવ રહેતો હોવાથી પોતે જ અપાદાન છે.'** આહાહા !

**'પોતાનામાં જ અર્થાત્ પોતાના જ આધારે કેવળજ્ઞાન કરતો હોવાથી પોતે જ અધિકરણ છે.'** લ્યો ! કેવળજ્ઞાનનો આધાર આત્મા છે. આહાહા ! પૂર્વની પર્યાય નહિ, નિમિત્ત નહિ. અભિન્ન કારક ગણીને કેવળજ્ઞાનનો દ્રવ્ય પોતે આધાર છે (તેમ કહ્યું છે).

મુમુક્ષુ :- જ્ઞાનગુણને આધાર કેમ ન લીધો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- જ્ઞાનગુણ ત્રિકાળ છે ને ? જ્ઞાનગુણ કહો કે દ્રવ્ય કહો (એક છે). પોતે સત્ જ્ઞાન સ્વભાવી હોવાથી (એમ) દ્રવ્યની સાથે લીધો ને ? તેનો જ્ઞાનસ્વભાવ છે ને ? (તેને) આધારે કેવળજ્ઞાન કરતો હોવાથી... જોયું ? પોતાનામાં જ - પોતાના આધારે કેવળજ્ઞાન કરતો હોવાથી પોતે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ અધિકરણ છે એમ કહ્યું. (અર્થાત્) આત્મા જ આધાર છે. (કેમકે) ગુણને દ્રવ્યનો ત્યાં ભેદ ક્યાં છે ? જ્યાં પર્યાયને પણ અભિન્ન કહેવી છે ત્યાં ગુણ અને દ્રવ્ય તો અભિન્ન છે જ. આહાહા !

**'આ રીતે સ્વયં (પોતે જ) છ કારકરૂપ થતો હોવાથી તે 'સ્વયંભૂ' કહેવાય છે.'** લ્યો ! એને સ્વયંભૂ (કહેવાય છે). પોતે જ છ કારકથી પરિણમતો હોવાથી સ્વયંભૂ કહેવાય છે. હવે ઉત્પત્તિનો એક બોલ છે, પછી એ વિશેષ લેશું.

## (તા. ૨૦-૧-૧૯૭૯ – પ્રવચન નંબર-૧૪)

(પ્રવચનસાર - ૧૬મી) ગાથા. છેલ્લું છે ને થોડું ? **'સ્વયંભૂ' કહેવાય છે.'** ભાવાર્થનું છેલ્લું (વાક્ય છે). (કહે છે) **'અથવા, અનાદિ કાળથી અતિ દૃઢ બંધાયેલા (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાયરૂપ)...'** ચાર (ઘાતિકર્મ). મૂળ ચારની વાત છે ને અત્યારે ! **'દ્રવ્ય તેમ જ ભાવ ઘાતિકર્મોને નષ્ટ કરીને...'** જે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું આહાહા ! એ ચાર જડ ઘાતિકર્મનો નાશ કરી, એટલે નિમિત્તથી (કથન છે). ૫ (ભાવ) ઘાતિ - અશુદ્ધતા અને અપૂર્ણતાના જે ભાવ હતા તેનો નાશ કરી અને **'સ્વયમેવ આવિર્ભૂત થયો...'** આહાહા ! ભગવાન પોતે જ્ઞાનની પર્યાયમાં કેવળજ્ઞાનપણે પ્રગટ થયો. આહાહા ! નિરપેક્ષ છે ને ! (એટલે) કોઈની સહાય વિના (પ્રગટ થયો).

દરેક જ્ઞેયને દરેક સમયે જે પર્યાય થાય છે તે જ સમયે તે પર્યાય થાય. પણ એનો અર્થ એ કે, જે સમયે જે પર્યાય તે દ્રવ્યની (થવાની હોય) તે જ થાય. (કોઈને એમ લાગે કે) આ તો નિયત થઈ ગયું ! પણ એનું તાત્પર્ય (શું) ? કે, જે પર્યાય છે એણે અંતરમાં વાળી છે એ એનું તાત્પર્ય છે. આહાહા ! જે સમયે જે પર્યાય જીવને થવાની (તે જ થવાની). જડને થવાની જડમાં એને રાખો એક કોર (બાજુમાં). આહાહા ! જીવમાં પણ જે સમયે જે પર્યાય થવાની તે જ થવાની (તે તેના) ષટ્કારકના પરિણમનથી (થવાની). પણ એનું તાત્પર્ય શું ? (આમ માનવું) એમાં લાભ શો ? આહાહા ! કે, એ પર્યાય છે તેને દ્રવ્ય તરફ વાળી છે (એ તેનો લાભ છે). જે સમયે જે પર્યાય થઈ તેને (યથાર્થ) નિર્ણય (ક્યારે કહેવાય ?) (કે), એ પર્યાયને દ્રવ્ય તરફ વાળી છે, ત્યારે તેને જે સમયે જે (પર્યાય) થઈ તેનો યથાર્થ નિર્ણય થાય છે. ઝીણી વાત છે, ભાઈ ! આહાહા ! સમજાણું કાંઈ ?

આમ તો જે સમયે જે થશે એ થશે, હવે ત્યારે એમાં (પુરુષાર્થ) શું ? આહાહા !

મુમુક્ષુ :- એક સમયની પર્યાયને વાળવી કઈ રીતે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ જ આ તો વાત કરાય છે, બાપા ! આહાહા !

મુમુક્ષુ :- ઉપયોગ તો ઝાઝા સમયનો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઉપયોગ ભલે અસંખ્ય સમયનો હો ! પણ એ પર્યાય(માં) સમયાંતરમાં જ ફેર પડી જાય છે. આહાહા ! સમ્યગ્દર્શન થતાં જ સમયાંતરમાં જ જ્ઞાન ભિન્ન થઈ જાય છે. જરી ઝીણી વાત છે.

અહીં તો એમ કહ્યું (દરેક પર્યાય) તદ્દન નિયત જ (છે). જે સમયે જે પર્યાય થશે તે ષટ્કારક પરિણમનથી થવાની છે. ત્યારે હવે એને (એમ માનીને) શું કરવું ? સમજાણું ? રાતે કહ્યું હતું. એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નિર્ણય ક્યારે થાય ? (જે સમયે જે પર્યાય) થાવાની (હોય તે) થાય, એ પર્યાય તો તે કાળે થાશે. પણ એને એના નિર્ણયમાં એ વાત ક્યારે આવે ? કે, જે સમયે (જે પર્યાય થવાની હોય તે) થાય એનું તાત્પર્ય તો વીતરાગતા લેવું છે. તાત્પર્ય તો વીતરાગતા પ્રગટ થાય. એ અહીંયા એનું તાત્પર્ય છે. ચારેય અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. આહાહા !

જે સમયે જે પર્યાય (થવાની હોય તે) થાય એનું તાત્પર્ય શું ? કે, એનું તાત્પર્ય (એ) કે, એ પર્યાય દ્રવ્યમાં વળે. ત્યારે તે પર્યાય(નું) ષટ્‌કારકે પરિણમન થયું એવો નિર્ણય થાય. આ વાત છે, ભાઈ ! ઝીણી વાત છે પણ શું થાય ? આહાહા ! જે આમ બહાર લક્ષ થાય (છે) તેમાં, એ જે સમયે જે પર્યાય (થવાની હોય તે થાય). (એવો) એને નિર્ણય નથી. આહાહા ! જે સમયે જે પર્યાય થાય તે ષટ્‌કારક(ના) પરિણમને થશે. કેવળજ્ઞાન પણ એના (એક) સમયના પર્યાય(ના) ષટ્‌કારકના પરિણમનથી ઉત્પન્ન થયું છે.

આગળ ટીકામાં '**ઉત્પત્તિ અપેક્ષાએ...**' એમ કહ્યું ને ! આહાહા ! એ કેવળજ્ઞાનની પર્યાય તે સમયની ઉત્પત્તિની અપેક્ષાએ પૂર્વના (ઘાતિ)કર્મનો વ્યય કરી એટલે કે ઘાતિ(કર્મ)નો વ્યય તો નિમિત્તથી કથન છે, પણ એની જે અશુદ્ધ પર્યાય છે તેનો વ્યય કરી, અને તે પર્યાય કેવળજ્ઞાનપણે ઉત્પન્ન થઈ, એ પોતાના ષટ્‌કારકથી પરિણમન થઈને (ઉત્પન્ન) થઈ છે. આહાહા ! પણ તે પર્યાયનો લક્ષ - આશ્રય ક્યાં હતો ? (તો કહે છે કે) ધ્રુવ (સ્વરૂપમાં) આવું છે ! ઝીણું બહુ ભાઈ ! તેવો નિશ્ચય (છે). નિશ્ચય (છે)... (એમ) કરીને લોકો (ઉડાવી દે છે). ભાઈ ! (પર્યાય થવાની) તે તો તે સમયે છે, પણ તું તેનો નિર્ણય ક્યારે કરે ? તને એ નિઃસંદેહ બેસે ક્યારે ? ભાઈ ! એ વાત નિઃસંદેહ બેસે ક્યારે ? કે, (જે) પર્યાય ષટ્‌કારકરૂપે પરિણમે છે, તે પર્યાય પોતે સ્વતંત્ર હેતુ થઈને દ્રવ્ય તરફ ઢળે છે. (ત્યારે એ વાત નિઃસંદેહ બેસે). આહાહા ! આવી વાત છે. બાપુ ! આહાહા !

આઠ વર્ષનો બાળક હોય ને કેવળજ્ઞાન થાય ! આહાહા ! પણ તેને તે પર્યાય તે કાળે થવાની હતી એમ થઈ, એનો નિર્ણય કઈ રીતે થયો ? નિર્ણય એ (રીતે થયો) કે, એ વખતની પર્યાયને ધ્રુવ તરફ વાળી છે. એ પણ પોતાના પર્યાયના કર્તાપણાના (કારકથી) સ્વતંત્રપણે કરીને વાળી છે, આહાહા ! સમજાય છે કાંઈ ?

તેથી, જે કાળે એને સમ્યગ્દર્શનની પર્યાય ષટ્‌કારકરૂપે પરિણમે, એ પર્યાય તે કાળે થવાની હતી (તે થઈ) તેનો નિર્ણય સ્વભાવ તરફ ગયો ત્યારે એ નિર્ણય થયો. આવી વાતુ છે !

મુમુક્ષુ :- પર્યાયને વાળવામાં કર્તાબુદ્ધિ નહિ આવી જાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ કથન કામ ન આવે ત્યાં, બાપુ ! ત્યાં તો વિકલ્પ પણ કામ ન આવે, એમ કહે છે. આહાહા !

કર્તા(કારક) આવ્યું ને ! પર્યાય (પોતે) કર્તા થઈને વળી, એ કર્તા. એ કાલે કહ્યું ને ! પર્યાયનું કર્તાપણું પર્યાયમાં છે. પણ એ પર્યાયનું કર્તાપણું ક્યારે નિર્ણયમાં આવે ? કે, એ પર્યાય દ્રવ્ય તરફ ઢળે ત્યારે કર્તાપણાનો (નિર્ણય આવે). (અને તે પર્યાય) સ્વતંત્રપણે ઢળે છે. દ્રવ્યના આશ્રયે (ઢળે છે) એમ નહિ. પણ એ પર્યાયનું કર્તાપણું (છે માટે ઢળે છે). દ્રવ્ય તરફ ઢળે છે એ સ્વતંત્રપણે ઢળે છે. આહાહા !

અહીં એ કહે છે કે, '**સ્વયમેવ આવિર્ભૂત થયો...**' આહાહા ! '**અર્થાત્ કોઈની સહાય વિના પોતાની**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ स्वायम्भुवस्यास्य शुद्धात्मस्वभावलाभस्यात्यन्तमनपायित्वं कथंचिदुत्पादव्ययध्रौव्ययुक्तत्वं चालोचयति -

**भंगविहूणो य भवो संभवपरिवज्जिदो विणासो हि।**
**विज्जदि तस्सेव पुणो ठिदिसंभवणाससमवाओ।।१७।।**

**भङ्गविहीनश्च भवः संभवपरिवर्जितो विनाशो हि।**
**विद्यते तस्यैव पुनः स्थितिसंभवनाशसमवायः।।१७।।**

अस्य खल्वात्मनः शुद्धोपयोगप्रसादात् शुद्धात्मस्वभावेन यो भवः स पुनस्तेन रूपेण प्रलयाभावाद्भङ्गविहीनः। यस्त्वशुद्धात्मस्वभावेन विनाशः स पुनरुत्पादाभावत्संभवपरिवर्जितः। अतोऽस्य सिद्धत्वेनानपायित्वम्। एवमपि स्थितिसंभवनाशसमवायोऽस्य न विप्रतिषिध्यते, भङ्गरहितोत्पादेन संभववर्जितविनाशेन तद्द्वयाधारभूतद्रव्येण च समवेतत्वात्।।१७।।

---

एवं सर्वज्ञमुख्यत्वेन प्रथमगाथा। स्वयंभूमुख्यत्वेन द्वितीया चेति प्रथमस्थले गाथाद्वयं गतम्। अथास्य भगवतो द्रव्यार्थिकनयेन नित्यत्वेऽपि पर्यायार्थिकनयेनानित्यत्वमुपदिशति - **भंगविहीणो य भवो** भङ्ग विहीनश्च भवः जीवितमरणादिसमताभावलक्षणपरमोपेक्षासंयमरूपशुद्धोपयोगेनोत्पन्नो योऽसौ भवः केवलज्ञानोत्पादः। स **किं विशिष्टः।** भङ्गविहीनो विनाशरहितः। **संभवपरिवज्जिदो विणासो त्ति संभवपरिवर्जितो** विनाश इति। योऽसौ मिथ्यात्वरागादिसंसरणरूपसंसारपर्यायस्य विनाशः। स किंविशिष्टः। संभवविहीनः निर्विकारात्मतत्त्वविलक्षणरागादिपरिणामाभावादुत्पत्तिरहितः। तस्माज्ज्ञायते तस्यैव भगवतः सिद्धस्वरूपतो द्रव्यार्थिकनयेन विनाशो नास्ति। **विज्जदि तस्सेव पुणो ठिदिसंभवणाससमवायो** घिद्यते तस्यैव पुनः स्थितिसंभवनाशसमवायः। तस्येव भगवतः पर्यायार्थिकनयेन शुद्धव्यञ्जनपर्यायापेक्षया सिद्ध पर्यायेणोत्पादः, संसारपर्यायेण विनाशः, केवलज्ञानादिगुणाधारद्रव्यत्वेन ध्रौव्यमिति। ततः स्थितं द्रव्यार्थिकनयेन नित्यत्वेऽपि पर्यायार्थिकनयेनोत्पादव्यध्रौव्यत्रयं संभवतीति ।।१७।।

---

**ભેળે જ પોતે પ્રગટ થયો તેથી તે 'સ્વયંભૂ' કહેવાય છે.'** આહાહા ! એ તો કેવળજ્ઞાનની વાત થઈ. હવે, અહીંયા નીચે એ કેવળજ્ઞાનની વાત કરતાં-(કરતાં) બીજી વાત ભેગી ભેળવશે. અંદર શું છે (તે કહેશે).

**'હવે આ સ્વયંભૂને શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિનું અત્યંત અવિનાશીપણું અને કથંચિત્ (કોઈ પ્રકારે) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તપણું વિચારે છે :-'**

**'भंगविहूणो य भवो संभवपरिवज्जिदो विणासो हि।**
**विज्जदि तस्सेव पुणो ठिदिसंभवणाससमवाओ।।१७।।'**

**'વ્યયહીન છે ઉત્પાદ ને ઉત્પાદહીન વિનાશ છે,**
**તેને જ વળી ઉત્પાદધ્રૌવ્યવિનાશનો સમવાય છે. ૧૭.'**

ભાઈ ! આ તો ભગવાન કથા છે. ભાઈ ! આ કાંઈ સાધારણ વાત નથી. શબ્દે-શબ્દમાં અંદર ઘણો ભાવ છે. વાચ્ય ઘણું ઝીણું છે, ભાઈ ! આહાહા ! આ કેવળીની, સંતોની વાણી છે ! સંતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે આ સ્વયંભૂને શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિનું અત્યંત અવિનાશીપણું અને કથંચિત્ (કોઈ પ્રકારે) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તપણું વિચારે છે :-

**વ્યયહીન છે ઉત્પાદ ને ઉત્પાદહીન વિનાશ છે,**
**તેને જ વળી ઉત્પાદધ્રૌવ્યવિનાશનો સમવાય છે. ૧૭.**

**અન્વયાર્થ :- [भंगविहीनः च भवः]** તેને (- શુદ્ધાત્મસ્વભાવને પામેલા આત્માને) વિનાશ રહિત ઉત્પાદ છે અને **[संभवपरिवर्जितः विनाशः हि ]** ઉત્પાદ રહિત વિનાશ છે. **[तस्य एव पुनः]** તેને જ વળી **[स्थितिसंभवनाशसमवायः विद्यते ]** સ્થિતિ, ઉત્પાદ અને વિનાશનો સમવાય (- મેળાપ, એકઠાપણું) છે.

**ટીકા :-** ખરેખર આ (શુદ્ધાત્મસ્વભાવને પામેલા) આત્માને શુદ્ધોપયોગના પ્રસાદથી થયેલો જે શુદ્ધાત્મસ્વભાવે (શુદ્ધાત્મસ્વભાવરૂપે) ઉત્પાદ તે, ફરીને તે રૂપે પ્રલયનો અભાવ હોવાથી, વિનાશરહિત છે; અને (તે આત્માને શુદ્ધોપયોગના પ્રસાદથી થયેલો) જે અશુદ્ધાત્મસ્વભાવે વિનાશ તે, ફરીને ઉત્પત્તિનો અભાવ હોવાથી, ઉત્પાદરહિત છે. આથી (એમ કહ્યું કે) તે આત્માને સિદ્ધપણે અવિનાશીપણું છે. આમ હોવા છતાં તે આત્માને ધ્રૌવ્ય, ઉત્પાદ અને વિનાશનો સમવાય વિરોધ પામતો નથી, કારણ કે તે વિનાશરહિત ઉત્પાદ સાથે, ઉત્પાદરહિત વિનાશ સાથે અને તે બન્નેના આધારભૂત દ્રવ્ય સાથે સમવેત (તન્મયપણે જોડાયેલો - એકમેક) છે.

**ભાવાર્થ :-** સ્વયંભૂ સર્વજ્ઞભગવાનને જે શુદ્ધાત્મસ્વભાવ ઉત્પન્ન થયો તે કદી નાશ પામતો નથી તેથી તેમને વિનાશ વિનાનો ઉત્પાદ છે; અને અનાદિ અવિદ્યાજનિત વિભાવપરિણામ એક વાર સર્વથા નાશ પામ્યા પછી ફરીને ઊપજતા નથી તેથી તેમને ઉત્પાદ વિનાનો વિનાશ છે. આ રીતે અહીં એમ કહ્યું કે સિદ્ધપણે તેઓ અવિનાશી છે. આમ અવિનાશી હોવા છતાં તેઓ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત છે; કારણ કે શુદ્ધ પર્યાયની અપેક્ષાએ તેમને ઉત્પાદ છે, અશુદ્ધ પર્યાયની અપેક્ષાએ વ્યય છે અને તે બન્નેના આધારભૂત આત્માપણાની અપેક્ષાએ ધ્રૌવ્ય છે. ૧૭.

---

તો પોતાના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના અનુભવમાં પડ્યા (છે). એને આ વિકલ્પ આવ્યો ને આ ટીકા થઈ ગઈ છે. આહાહા ! એ વાત બહુ ગંભીર છે ! શું કહે છે ?

ટીકા :- '**ખરેખર આ (શુદ્ધાત્મસ્વભાવને પામેલા) આત્માને શુદ્ધોપયોગના પ્રસાદથી થયેલો...**' '**શુદ્ધોપયોગના પ્રસાદથી થયેલો...**' (એમ કહ્યું છે). આહાહા ! સવારમાં આપણે છ ઢાળામાં આવ્યું હતું. '**દ્વિવિધ સંગબિન શુદ્ધઉપયોગી મુનિ ઉત્તમ નિજધ્યાની**' (ત્રીજી ઢાળ-ગાથા-૪) મુનિને દ્વિવિધ સંગ વિનાશીને શુદ્ધ ઉપયોગ પ્રગટ થયો છે. આહાહા ! બાપુ ! શુદ્ધ ઉપયોગ થયો છે. દ્રવ્ય અને ભાવ સંગનો ત્યાગ કરી (શુદ્ધોપયોગ થયો છે). અંદરના - અભ્યંતરના વિકલ્પના - પરિગ્રહનો ત્યાગ કરી (શુદ્ધોપયોગ થયો છે). બાહ્યમાં સંયોગની અવસ્થાનો ત્યાગ કરી - એ નિમિત્તથી કથન છે. જેમ ઘાતી દ્રવ્યકર્મનો નાશ કરી (કેવળજ્ઞાન થયું) (એમ) કહ્યું - એ નિમિત્તથી કથન છે. એ વખતે તે પરમાણુની પર્યાય અકર્મરૂપે થવાની હતી એનું અહીંયા નિમિત્તથી કથન છે. આહાહા !

આત્મા પોતાના જ્ઞાયકભાવને પામે છે, એ શુદ્ધોપયોગપણે થયેલા (આત્મા) ને પમાય છે. શુદ્ધ ઉપયોગ છે તે મુનિપણું છે. આહાહા ! અરેરે...! અત્યારે કહે છે કે, શુભજોગ જ હોય ! તો મુનિપણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ન હોય. શુભજોગ જ હોય તો સમ્યગ્દર્શન પણ ન હોય ! એનો (એમ) અર્થ થયો.

અહીં તો કહે છે કે, '**ખરેખર આ (શુદ્ધાત્મસ્વભાવને પામેલા) આત્માને શુદ્ધોપયોગના પ્રસાદથી થયેલો જે શુદ્ધાત્મસ્વભાવે (શુદ્ધાત્મસ્વભાવરૂપે) ઉત્પાદ્...**' (અર્થાત્) કેવળજ્ઞાનની પર્યાયનો જે ઉત્પાદ્. '**તે, ફરીને તે રૂપે પ્રલયનો અભાવ હોવાથી,...**' આહાહા ! જે સર્વજ્ઞ પર્યાય - કેવળજ્ઞાનની (પર્યાય) ઉત્પન્ન થઈ એ ઉત્પાદનો હવે ફરીને નાશ થાય, એમ નથી. આહાહા ! '**ફરીને રૂપે પ્રલયનો અભાવ હોવાથી,...**' એ ઉત્પાદ્ '**વિનાશ રહિત છે;**' કેવળજ્ઞાનનો જે ઉત્પાદ્ છે એ વિનાશરહિત છે, આહાહા !

'**અને (તે આત્માને શુદ્ધોપયોગના પ્રસાદથી થયેલો) જે અશુદ્ધાત્મસ્વભાવે વિનાશ...**' આહાહા ! '**તે, ફરીને ઉત્પત્તિનો અભાવ હોવાથી,...**' ઉત્પન્ન થયો તેનો અભાવ નહિ અને વિનાશ થયો તેનો હવે ફરીને ઉત્પાદ્ નહિ. આહાહા ! ફરીને...

'**શુદ્ધોપયોગના પ્રસાદથી થયેલો) જે અશુદ્ધાત્મસ્વભાવે વિનાશ તે, ફરીને ઉત્પત્તિનો અભાવ હોવાથી,**' (અર્થાત્) વ્યય થયો એ વ્યય થયો, હવે એનો ઉત્પાદ નહિ થાય. કેવળજ્ઞાનનો ઉત્પાદ થયો એ થયો, હવે એનો વિનાશ નહિ થાય. આહાહા ! ઝીણી વાત છે, ભાઈ ! આહાહા !

એમ અહીંયા તો સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં પણ એમ વર્ણવ્યું (સમયસાર-૩૮ ગાથા અને પ્રવચનસાર-૯૨ગાથા)માં ભાઈ ! આહાહા !

જે કાળે જે પર્યાય થાય તેનો નિર્ણય સ્વ તરફ ઢળતાં થાય છે અને તે સ્વ તરફ ઢળતાં જે સમ્યગ્દર્શનની પર્યાય થઈ હવે એ નાશ પામે એમ નથી, આહાહા ! કેવળજ્ઞાનની જે પર્યાય(નો) ઉત્પાદ્ થયો તે વ્યય વિનાનો ઉત્પાદ છે. હવે તેનો કોઈ દિ' નાશ થાય એમ નથી. આહાહા ! એમ ભગવાન આત્મા ! ઓહોહો...! શું શૈલી...! શું વસ્તુ સ્થિતિ...! જે સમયે જે પર્યાય ષટ્કારકરૂપે (પરિણમવાની હોય તે) પરિણમે, એવો નિર્ણય જ્યાં થાય, ત્યાં તેની પર્યાયનું ઢળવું દ્રવ્ય તરફ થાય. એ કાળે તેને મિથ્યાત્વનો નાશ થાય અને સમકિતની ઉત્પત્તિ થાય અને જે સમકિતની ઉત્પત્તિ થઈ તેનો હવે નાશ નહિ થાય અને મિથ્યાત્વનો નાશ થયો તે હવે ઉત્પન્ન નહિ થાય. ભાઈ ! (૩૮ ગાથા અને ૯૨ ગાથા) સાથે મેળવ્યું. આહાહા ! સમજાણું કાંઈ ? બહુ મારગ ઝીણો, બાપુ ! આહાહા !

મુમુક્ષુ :- જોડણી ક્ષાયિક કહેવાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ જોડણી ક્ષાયિક નામ ન કીધું. બેનને (ચંપાબહેનને) જોડણી ક્ષાયિક (સ્મરણમાં) આવ્યું હતું એ પણ આ સ્થિતિ આમ છે. આહાહા !

ભગવાન આત્મા ! પૂર્ણ જ્ઞાન આનંદની પર્યાયને માટે જ્યાં સ્વ તરફ ઢળીને પૂર્ણ આશ્રય કર્યો એટલે પૂર્ણ પર્યાય (પ્રગટ) થઈ. એ પૂર્ણ પર્યાય ઉત્પન્ન થઈ તેનો હવે નાશ નહિ (થાય). એ કેવળજ્ઞાનનો પર્યાય સાદિ-અનંત (કાળ) એમને એમ રહેવાનો. ભલે એ નો એ નહિ, એમ કહેશે. આહાહા ! એ પછી ઉત્પાદ-વ્યય-ધ્રુવને સિદ્ધ કરશે. આહાહા !

જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ! સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ ! એનો આશ્રય (થઈને) ષટ્(કારકની) પરિણતિ-પર્યાય થઈ, એમ થતાં જ્યાં અંદર વળ્યો ત્યારે તેને પૂર્ણ (સ્વરૂપનો) આશ્રય થયો, એ સ્વતંત્ર કર્તાપણે આશ્રય થયો (અને) ત્યારે તેને કેવળજ્ઞાનની કર્તા-કર્મ આદિ (કારકથી પર્યાય) ઉત્પન્ન થઈ. આહાહા ! તે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તે હવે નાશ નહિ થાય. જો કે પર્યાય એક સમયની છે એટલે બીજે સમયે નાશ (તો) થશે પણ એ સમયે નાશ થઈને હવે રાગનો, મિથ્યાત્વનો કે અશુદ્ધતાનો (પર્યાય) ઉત્પન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


થશે, એ (વાત) નથી, એમ કહેવું છે. આહાહા ! સમજાણું કાંઈ ? આ તો બાપા, પ્રભુનો માર્ગ (છે), ભાઈ ! આહાહા !

આત્મા અંદર અનંત ગુણના પ્રભુ(ત્વ)થી ભરેલો ભગવાન છે. આહાહા ! જેણે અંતરમાં સ્વભાવ (તરફ) પર્યાય(ને) - વર્તમાનદશા(ને) વાળી, એને જે કંઈ દર્શન થાય, (અર્થાત્) સમ્યક્દર્શન ઉત્પન્ન થયું તે હવે મિથ્યાત્વપણાને પામશે નહિ. આહાહા ! 'શુદ્ધનયચ્યુતા' એમ આસ્ત્રવ (અધિકારમાં) આવે છે. પણ એ તો એક જાણવા માટેની વાત છે. આહાહા ! સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા ! અનંત આનંદ ને અનંત જ્ઞાનનો ભંડાર (છે). પર્યાયના ષટ્કારકના પરિણમનનો જ્યાં નિર્ણય કરે છે ત્યારે તે પર્યાય દ્રવ્ય તરફ ઢળે છે. સ્વતંત્ર કર્તા થઈને (ઢળે છે) હોં ! આહાહા ! બાપુ ! મારગડા કોઈ જુદી જાત(ના) છે આ તો ! આ તો દુનિયામાં અત્યારે ક્યાંય સાંભળવા મળે એવું નથી. એવી ચીજ થઈ ગઈ છે અત્યારે ક્યાંય સાંભળવા મળે એવું નથી. એવી ચીજ થઈ ગઈ છે અત્યારે, આહાહા !

એ જ્યારે પર્યાય(નું) અંતરમાં લક્ષ ગયું ત્યારે તે પરિણતિ - પર્યાય (પોતાના) ષટ્કારકથી સ્વતંત્ર હેતુ થઈને - સ્વતંત્ર થઈને અંદર ગઈ છે. આહાહા ! એમાં સમ્યગ્દર્શન થયું. પૂર્ણાનંદનો નાથ પરમાત્મા પોતે સ્વભાવથી વસ્તુ છે, એની પ્રતીતિની સાથે સમ્યક્જ્ઞાન અને આનંદનો જે કંઈ સ્વાદ આવ્યો, આહાહા ! એ પર્યાય ઉત્પન્ન થઈ તે થઈ, એનો હવે નાશ નહિ થાય. આહાહા ! અને જે મિથ્યાત્વ પર્યાયનો નાશ થયો તે હવે ઉત્પન્ન નહિ થાય. મુનિઓ, સંતોના પોકાર આ છે, આહાહા !

ભગવાન ! તારું દ્રવ્ય અને ગુણ તો ત્રિકાળી છે, એ પડે ક્યાં ? એમ જેને દ્રવ્ય અને ગુણની (અભેદ) દ્રવ્યની દૃષ્ટિ થઈ. આહાહા ! સમ્યગ્દર્શન થયું - ધર્મની પહેલી સીઢી હોં ! (એ હવે નાશ નહિ થાય). આહાહા ! એ દ્રવ્ય સ્વભાવ ભગવાન આત્મા ! પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! એની જ્યાં દૃષ્ટિ થઈ એ દૃષ્ટિ હવે થઈ એ થઈ, હવે નાશ નહિ થાય. આહાહા ! અને તેને જે મિથ્યાત્વનો, અશુદ્ધતાનો નાશ થયો, એ ફરીને હવે મિથ્યાત્વ ઉત્પન્ન નહિ થાય, આહાહા !

અહીંયા કહે છે કે, ભગવાન આત્મા ! અનંત આનંદ ને જ્ઞાનનો દરિયો - સાગર છે પ્રભુ ! તને તારી ખબર નથી, આહાહા ! તારામાં તો પ્રભુ ! અનંત જ્ઞાન... અનંત આનંદ... અનંત શાંતિ... અનંત સ્વચ્છતા... અનંત ઈશ્વરતા... અનંતી.. અનંતી... ભરી છે !! અરેરે...! એને ક્યાં બેસે ? પામર થઈને બેઠો એને પ્રભુતાનું ભાન થયું. આહાહા ! એને અહીંયા સમ્યગ્દર્શન - ધર્મની પહેલી સીઢી કહેવામાં આવે છે. આહાહા ! અને તે સીઢી પ્રગટી એ પ્રગટી, એ હવે મિથ્યાત્વપણાને નહિ પામે. આહાહા ! અને જે મિથ્યાત્વ છે એનો નાશ થયો એ ફરીને હવે મિથ્યાત્વને નહિ પામે. આહાહા !

એ એવું દ્રવ્ય અને વસ્તુ અપ્રતિહત છે. ભગવાન (આત્મા) ! નિત્યાનંદ પ્રભુ ! (છે). અંદર નિત્ય દ્રવ્ય અને નિત્ય ગુણ જે છે એ કોઈ દિ' પડે છે ? એમ જેને એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થયું (એ પડવાનું નથી). આહાહા ! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાથી એ સમ્યગ્દર્શન થતું નથી. આહાહા ! ભાઈ ! આકરી વાતુ (છે). બાપા ! એ અંદરમાં સ્વભાવ ભર્યો છે એનો જ્યાં સ્વીકાર થાય છે આહાહા ! ત્યારે તેને અંતર નિર્મળ સમ્યક્દૃષ્ટિ થાય છે. એ નિર્મળ થઈ એ થઈ, હવે એ મલિન થવાની નથી, (એમ) કહે છે. આહાહા !

અહીંયા (ચાલતા અધિકારમાં) કેવળજ્ઞાનની વાત કરે છે કે, જે શુદ્ધ ઉપયોગના પ્રસાદથી કેવળજ્ઞાનનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્પાદ થયો અને શુદ્ધોપયોગના પ્રસાદથી અશુદ્ધ અવસ્થાનો વિનાશ થયો (તેને), '**ફરીને ઉત્પત્તિનો અભાવ હોવાથી, ઉત્પાદ રહિત છે.**' આહાહા ! એ સંસાર અવસ્થાનો નાશ (થયો) અને કેવળજ્ઞાન - મોક્ષદશા - પરમાનંદની પ્રાપ્તિનો ઉત્પાદ (થયો), (તે હવે નાશ નહિ પામે). એ સંસારનો જે નાશ થયો એ હવે એને ઉત્પન્ન થશે નહિ. મોક્ષ એટલે પરમ આનંદનો લાભ. ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ છે અંદર એની પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો પૂર્ણ લાભ એનું નામ મોક્ષ (છે). એ મોક્ષ થયો એ થયો, એને સંસાર હવે થશે નહિ. આહાહા !

એમ કહીને શું કહે છે ? કેટલાક એમ કહે છે કે, પરમાત્મા થાય છે પણ લોકમાં જ્યારે રાક્ષસોનું જોર વધી જાય, ભક્તોને ભીડ પડે તો અવતાર ધારણ કરે ! એ વાત તદ્દન અજ્ઞાન છે. સમજાણું કાંઈ ? આહાહા !

અહીંયા એ સિદ્ધ કરવું છે કે, જેણે અંદરમાં ભગવાન આત્મા ! પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! આહાહા ! એ બાળ-ગોપાલની અંદરમાં પ્રભુ પૂર્ણ પડ્યો છે. અને ત્યાં તો (સમયસાર-૧૭ગાથામાં) એમ પણ કહ્યું ને ! આહાહા ! પ્રભુ ! તારી વર્તમાન પર્યાયમાં એ જ્ઞાનનો, આનંદનો કંદ પ્રભુ તને જણાય છે ! આહાહા ! શું શૈલી !! શું શૈલી...!! આહાહા ! તારી જ્ઞાનની જે વર્તમાન પ્રગટ દશા છે ને એ પ્રગટ દશાની તાકાત એટલી છે કે એ દ્રવ્યને જાણે છે પણ તારું લક્ષ નથી એટલે જાણવા છતાં જણાતો નથી, આહાહા ! અરે...! આવી વાતુ !

પેલામાં તો દયા પાળવી, સેવા કરવી, ભક્તિ કરવી, પૂજા કરવી, વ્રત પાળવા (એમાં ધર્મ થઈ જાય એમ માને) અરે ભગવાન ! સાંભળને હવે ! એ તો બધી રાગની ક્રિયા હોય છે. એ તો જડની ક્રિયા છે. આત્માની એ ક્રિયા નથી. આહાહા ! જડ એટલે રાગ અચેતન છે ને (એટલે) એમ (કહ્યું). આહાહા !

અહીં તો ભગવાન આત્મા ! સચ્ચિદાનંદ સ્વરૂપ ! પૂર્ણાનંદ પ્રભુ (છે). (એમાં) જેણે અંતરમાં પર્યાયને સ્વતંત્રપણે વાળી છે, આહાહા ! અને જે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, (એ) પરમાત્મપદ જે શક્તિમાં હતું તે પર્યાયમાં - દશામાં આવ્યું (છે). આહાહા ! જેમ લીંડીપિપરમાં ચોસઠપોરી તીખાશનો રસ પૂરો ભર્યો છે. આ લીંડીપીપર - છોટી પીપર એમાં ચોસઠ પહોરો રસ ભર્યો છે કે, જેથી એને ઘૂંટતા ચોસઠ પહોરી વ્યક્તતા બહાર આવે છે. અંદર છે તે બહાર આવે છે. કાંઈ અદ્ધરથી બહાર આવે છે, એમ નથી. એની તો અજ્ઞાનીને ખબર પડે. આહાહા ! પણ અહીંયા કહે છે, પ્રભુ ! તારા સ્વભાવમાં ચોસઠ પહોરો એટલે રૂપિયો. રૂપિયો-સોળ આના (અર્થાત્) પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ અંદર ભરી છે. આહાહા ! એનો જેણે અંદરમાં આશ્રય લીધો (એને પર્યાયમાં આનંદ પ્રગટ થયો). આહાહા ! આકરું કામ બહુ ! આખી દુનિયાને રાજી રાખવી, ધંધામાં આખો દિ' બચારો પાપી પાપમાં પડ્યો, આ ધંધો (કરું) ને આ કરું... આ કરું... આ કરું... બાયડી-છોકરાને સાચવું, આખો દિ' પાપ(માં પડ્યો હોય), હવે, એને આ વાત કરવી ! આહાહા ! ભાઈ ! તું તો રાગના નિવૃત્ત સ્વભાવે તારું સ્વરૂપ છે. આહાહા ! એવો જે ભગવાન આત્મા ! પોતાની સમ્યગ્દર્શનની પર્યાયને સ્વતંત્રપણે કર્તા થઈને અંદર વાળે છે. આહાહા ! એવી સમ્યગ્દર્શનની પર્યાય (જેને પ્રગટ થઈ હોય એ) ભલે ગૃહસ્થાશ્રમમાં હો, તો (પણ) એ પર્યાય થઈ એ થઈ, હવે ઉત્પન્ન થઈ તો એનો વિનાશ નહિ (થાય) અને તેને જે મિથ્યાત્વનો નાશ થયો તેનો ફરીને ઉત્પાદ નહિ (થાય). આહાહા ! એમ જેને કેવળજ્ઞાન-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમાત્મદશા (પ્રગટ થઈ) - સ્વરૂપમાં જે સોળ આના - ચોસઠ પહોરી એટલે પૂર્ણ શક્તિ હતી, (તે પ્રગટ થઈ, તેનો હવે નાશ નહિ થાય). લીંડીપીપરની (વાત) એને બેસે. કેમકે વૈદો (આપે એમાં) તીખાશ દેખાય. ઘૂંટે એટલે ચોસઠ પહોરી તીખાશ (બહાર) આવે અને લીલો રંગ (દેખાય). અંદર લીલો રંગ છે એ બહાર આવે. બાકી તો આમ બહારમાં કાળી છે. આહાહા ! એમ અંદરમાં છે તે ઘૂંટવાથી બહાર આવે છે. એમ ભગવાન આત્મા ! અરેરે...! કેમ બેસે ? રાંકો થઈને ફરે એને પરમાત્મા કેમ બેસે ? આહાહા !

પરમાત્મા = પરમ+આત્મા. પરમ સ્વરૂપે બિરાજમાન ભગવાન આત્મા છે. આહાહા ! એને ભરોસે - વિશ્વાસે ગયો અને એમાં ઠરવામાં - સ્થિરતામાં શુદ્ધ ઉપયોગથી ગયો (ત્યાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ), આહાહા ! શુદ્ધ ઉપયોગ એટલે ? (ઉપયોગ સ્વરૂપના આશ્રયે પ્રગટેલા ઉપયોગને શુદ્ધ કહે છે). આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ભાવ તો રાગ છે. એ કાંઈ શુદ્ધ ઉપયોગ નથી. એ તો અશુદ્ધ ઉપયોગ છે. આહાહા ! ભારે આકરું કામ, ભાઈ !

મુમુક્ષુ :- પછી તો બધાય 'એકાંત છે' એમ કહે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :- કહે, કહે, બીજું શું કહે ? ભલે કહે, એમાં કાંઈ વાંધો નથી, બાપા ! 'જામે જિતની બુદ્ધિ હૈ, ઈતનો દિયો બતાય, વાંકો બુરો ન માનિયે, ઔર કહાંસે લાઈ ?' એ ક્યાંથી લાવે બચારા ? આહાહા ! અરેરે...!

અહીંયા કહે છે પ્રભુ ! જે અંદરમાં - સ્વભાવમાં પૂર્ણ જ્ઞાન ને આનંદ ભરેલા છે, એનો જેણે અંતરમાં આશ્રય લઈને શુદ્ધ ઉપયોગના પરિણમ નથી (કેવળજ્ઞાન પ્રગટ કર્યું, તે હવે નાશ નહિ પામે). હિંસા, જૂઠું, ચોરી, વિષય-ભોગ વાસના, કામ-ધંધાના પરિણામ - એ બધાં તો પાપ છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ તે પુણ્ય છે. બન્ને અશુદ્ધ છે. આહાહા ! એ અશુદ્ધતાનો નાશ કરીને જેણે, શુદ્ધ સ્વભાવની સન્મુખ થઈને, શુદ્ધ પરિણમન - શુદ્ધ ઉપયોગ પ્રગટ કર્યો છે. એનાથી તેને કેવળજ્ઞાન થયું, તે ઉત્પાદ એ વિનાશ વિનાનો છે અને '**જે અશુદ્ધસ્વભાવે વિનાશ તે, ફરીને ઉત્પત્તિનો અભાવ હોવાથી, ઉત્પાદ રહિત છે.**' આહાહા ! આવી વાતું ! નવા અજાણ્યા માણસને એમ લાગે કે, આ શું (કહે) છે ? ઘરમાં મળે નહિ, (બહાર) ઘરમમાં સાંભળવા જાય ત્યાં ભલીવાર નથી. આહાહા ! ભાઈ ! તારા ઘરની વાત છે, પ્રભુ ! આહાહા !

'આથી (એમ કહ્યું કે) તે આત્માને સિદ્ધપણે અવિનાશીપણું છે.' (અર્થાત્) એ પરમાત્મદશા છે શક્તિરૂપે હતી, અંદરમાં સ્વભાવરૂપ સામર્થ્ય હતું, એવું જેને પર્યાયમાં - અવસ્થામાં પ્રગટ થયું, એ સિદ્ધપણે અવિનાશી છે. એ પર્યાય પ્રગટી એ પ્રગટી, એ અવિનાશી છે. સમજાણું કાંઈ ? આહાહા !

આ મનુષ્યગતિમાં ૨૫-૫૦-૬૦ કરોડ રળીને (પછી) ગતિ બદલી જશે. (અને) ક્યાંક બીજે ઢોરમાં જાશે. (સ્વરૂપનું તો) ભાન નથી. (ક્યારેક) પાપ કરે છે ને પુણ્ય કરે છે. પછી પાપ કરીને જાય ઢોરમાં ! આહાહા ! ભલે કરોડાધિપતિ હોય, અબજોપતિ હોય ! આહાહા ! જેણે એકલા પાપ જ કર્યાં છે, ધર્મ તો છે નહિ પણ પુણ્યના પણ એને હજી ઠેકાણાં નથી. એની ગતિ બદલાઈ જશે. આ સિદ્ધગતિ બદલાશે નહિ, આહાહા ! અહીં અબજોપતિ (હોય), દસ-દસ લાખની મહિનાની પેદાશ હોય, ખમ્મા-ખમ્મા (થાતું હોય), એ મરીને બકરીને કુંખે બચ્ચું થાય ! આહાહા ! એ ઢેઢગરોળીના પેટમાં બચ્ચું થાય ! અરરર...! એ ગતિ પલટી જાય છે, બાપા ! આ (સિદ્ધગતિ) પલટે એવી નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચાર ગતિ પલટે પણ સિદ્ધગતિ પલટે એવું નથી. આહાહા ! આવું શું છે પણ આ ? આહાહા ! આવું છે. પ્રભુ !

(અહીંયા કહે છે) '**અવિનાશીપણું છે.**' (અર્થાત્) આત્માને જે પરમાત્મદશા પ્રગટ થઈ, (એ અવિનાશી છે). જેમ લીંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશ અને લીલો રંગ હતો એ જે બહાર આવ્યો, એ લીલો રંગ હવે કાળો થવાનો નહિ અને ચોસઠ પહોરી તીખાશ થઈ એ હવે કચાશ થઈ જવાની નથી. આહાહા ! હવે પંદરવલી ને તેરવલી તીખાશ નહિ થાય. આહાહા ! સમજાણું કાંઈ ?

સમજાણું કાંઈ એટલે (શું) ? સમજે તો તો ઠીક ! પણ 'કાંઈ' એટલે એની પદ્ધતિની રીત શું કહેવાય છે - એ સમજાય છે ? આહાહા !

અહીં કહે છે, '**તે આત્માને સિદ્ધપણે અવિનાશીપણું છે. આમ હોવા છતાં...**' એટલે શું ? કે, પરમાત્મદશા પ્રગટ થઈ, (તે અવિનાશી છે). સ્વભાવમાં શક્તિરૂપે તો આત્મા પરમાત્મસ્વરૂપે જ છે. સમભાવથી ભરેલો ભગવાન છે. અરે...! અરે...! આ કેમ (બેસે) ? 'સમભાવ' - એને પ્રગટ પર્યાયમાં જ્યારે સમભાવ પ્રગટ થાય છે, ત્યારે કહે છે કે, એ વીતરાગતા અવિનાશી હોય (છે). એ સમભાવ હવે નાશ થવાનો છે નહિ. આહાહા !

(હવે કહે છે) '**આમ હોવા છતાં તે આત્માને ધ્રૌવ્ય, ઉત્પાદ અને અવિનાશનો સમવાય વિરોધ પામતો નથી.**' આહાહા ! શું કહે છે ? ભાઈ ! બાપા ! આ તો અલૌકિક વાતુ છે. આ તો અંતરમાં મંત્રોની વાતું છે, ભાઈ ! આ કોઈ કથા-વાર્તા નથી. દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો, તમને કલ્યાણ (થઈ જશે). એ તો રાગ છે. ભાઈ ! ત્યાં કલ્યાણ -કલ્યાણ કેવા ? એ તો રાગ છે. આહાહા !

'**આમ હોવા છતાં...**' એટલે (શું) ? કે, ભગવાન આત્મા અંદર સિદ્ધ સ્વભાવી છે. એની અંતરના અનુભવમાં શુદ્ધ ઉપયોગથી દશા પ્રગટ થઈ, એ હવે અવિનાશી છે. એ નાશ પામશે નહિ. એને સંસાર(માં) ફરીને અવતાર ધારણ કરવો નહિ પડે. આહાહા ! એ તો (પૂર્ણ દશાપણે) અવતર્યો એ અવતર્યો - ઉત્પન્ન થયો એ થયો, (હવે, નાશ નહિ પામે). એમ કહે છે.

'**આમ હોવા છતાં તે આત્માને ધ્રૌવ્ય, ઉત્પાદ, અને વિનાશનો સમવાય વિરોધ પામતો નથી, કારણ કે તે વિનાશરહિત ઉત્પાદ સાથે, ઉત્પાદરહિત વિનાશ સાથે અને તે બન્નેના આધારભૂત દ્રવ્ય સાથે સમવેત (તન્મયપણે જોડાયેલો - એકમેક) છે.**' અરેરે...! આ શું કહે છે ? કહે છે પ્રભુ ! એકવાર સાંભળ ! અહીં તો પ્રભુ તરીકે જ એને બોલાવે છે, આત્મા અંદર પ્રભુ છે ! એની એને ખબર નથી, આહાહા ! એકવાર સાંભળ ! કે તને અમે એમ કહ્યું કે, જે આત્મા અંદર (પૂર્ણ) સ્વભાવે છે તેવો સિદ્ધદશા - પરમાત્મા દશા(પણે) પ્રગટ થયો. તો એને અમે અવિનાશીપણું (પ્રગટ થયો એમ) કહ્યું. અવિનાશીપણે એ રહેશે, એમ કહ્યું. છતાં ઉત્પાદ (પણ) થયો છે અને વ્યય પણ (થયો) હતો. સંસારનો વ્યય, સિદ્ધની ઉત્પત્તિ અને દ્રવ્ય-ધ્રુવનું અંદર કાયમ રહેવું. આહાહા !

અરેરે...! આવો મનુષ્યભવ મળ્યો એમાં ઢોરની જેમ આ મજૂરી આખો દિ' કરે છે.

મુમુક્ષુ :- એ પૈસા ભેગા કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ પૈસા કાંઈ ભેગા કરતો નથી. મમતા કરે છે. પૈસા તો પૂર્વના પુણ્ય હોય તો આવે. બુદ્ધિના બારદાન દેખ્યા નથી ? અમે ઘણા જોયા છે. બારદાન સમજાણું ? કોથળા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


એ મહિને પાંચ-પાંચ લાખ પેદા કરે. એમાં શું ? જોયા છે મોટા મુંબઈમાં.

એક ખોજાને જોયો હતો. ‘૬૮ની સાલની વાત છે. સંવત-૬૮. દુકાનનો માલ લેવા ગયા હતા. પાલેજમાં અમારી દુકાન હતી ને ! ભરૂચ અને વડોદરા વચ્ચે પાલેજ (આવે). છે ને દુકાન છે અત્યારે. મોટી દુકાન છે. તે દિ’ છેલ્લ્લો માલ લેવા (મુંબઈ) ગયેલો. ઘણું કરીને છેલ્લી વાર જ ગયેલો. એ ખોજાની દુકાને ગયો. એ ખોજો જડ જેવો સામે હોટલમાં બેઠો હતો અને અમારા ઉમરાળા ગામનો નોકર હતો. એટલે પછી મેં કીધું ‘તારો શેઠ ક્યાં છે ?’ બે-ચાર પેટી કાંઈક (માલની) લેવાની હતી. અમારો ધંધો મોટો હતો ને ! એટલે એ નોકર હતો એણે એમ કહ્યું કે, ‘એક-બે પેટી મારા નામની લઈ લેજો અને એ ખાનગીમાં મને પૈસા આપજો !’ આ મોટો વેપારી હતો. મોટી વખાર ભરેલી. મેં કીધું, ‘ભાઈ ! અમે એવું નથી કરતાં.’ આ તો ૨૨ વર્ષની ઉંમરની વાત છે. આહાહા ! ૬૮ વર્ષ પહેલાની વાત છે. આ જડ દેહને તો અત્યારે ૮૯ વર્ષ થયા. ત્યારે કીધું હતું કે, ‘અમે એવું નથી કરતાં. તારો શેઠ ક્યાં છે ?’ સામે હોટલ હતી ત્યાં બેઠો હતો. જડ જેવો લાગે. આ તો ૬૮ (વર્ષ પહેલાની) વાત (છે). તે દિ’ વર્ષની ૫૦,૦૦૦ની પેદાશ (હતી). તે’દિ એટલે ? તે’દિ ૫૦,૦૦૦ એટલે અત્યારે ૩૦ ગુણા - ૩૫ ગુણા કહેવાય ! એ વખતના એક લાખ અને અત્યારના ૨૫ લાખ સરખા છે. આહાહા ! જાડી બુદ્ધિનો (શેઠ) બેઠેલો અને નોકર અમારા ગામનો હતો. આહાહા ! આ તો જાડી બુદ્ધિ બેઠો છે. પણ પૂર્વના પુણ્ય છે ને એટલે આ રળી ખાય - ૫૦,૦૦૦ ! તે’દિ ૫૦,૦૦૦ની પેદાશ એટલે અત્યારની ૩૦ ગુણી ગણો ! (અત્યારનાં) પંદર લાખ કહેવાય ! આહાહા ! બુદ્ધિના બારદાન(ને) પણ પૂર્વના પુણ્ય કર્યા હોય તો આવે અને બુદ્ધિના ખાં હોય મોટા પણ મહિને પાંચ હજાર પેદા કરવા હોય તો પરસેવો ઉતારતા હોય ! ત્યાં ક્યાં બુદ્ધિથી (પૈસા) મળે છે !

અહીં તો કહે છે કે, એ બધો રળવાનો (ભાવ) રાગનો ભાવ (છે). આહાહા ! (અને) કદાચ ધર્મના નામે વાપરવાનો ભાવ (આવે). તોપણ એ રાગ છે, આહાહા ! એવા રાગથી રહિત પ્રભુ અંદર (બિરાજે છે). આહાહા ! જેને અંદર શુદ્ધઉપયોગની દશા થઈ છે (અને) એના ફળ તરીકે સિદ્ધપદ પામ્યાં એ અવિનાશી છે. આહાહા ! છતાં તેને ઉત્પાદ-વ્યય ને ધ્રુવ (એમ) ત્રણપણું લાગુ પડે છે. સમજાણું કાંઈ ? Logic થી - ન્યાયથી સમજાશે કે નહિ કાંઈ ?

કેમ (ત્રણપણું લાગુ પડે છે) ? કે, અવિનાશી ઉત્પાદ્ થયો એમ અમે કહ્યું પણ છતાં (સાથે) પૂર્વની પર્યાયનો વ્યય (પણ) થયો (છે). વર્તમાન પર્યાયનો ઉત્પાદ છે અને ધ્રુવપણે (ટકે) છે. એવું ત્રણેપણું એને - અવિનાશીને લાગુ પડે છે. આહાહા ! ભગવાન દરેક વસ્તુ ! એક-એક અવસ્થાથી ઉત્પન્ન થાય છે, પૂર્વ અવસ્થાથી અભાવ થાય છે અને ધ્રુવપણે કાયમ રહે છે. ત્રણેય એક સમયમાં હોય છે. આહાહા ! ‘ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્’ (આવે છે ને) ! આત્મા કે પરમાણુ સત્ છે આ માટી છે એ પણ પરમાણુ છે અને જડ છે. આ કાંઈ એકરૂપ નથી. આના કટકા કરો તો છેલ્લામાં છેલ્લો કટકો રહે એને પરમાણુ કહે છે. પરમ+અણુ - એમાં પણ ઉત્પાદ્, વ્યય ને ધ્રુવ છે.

આ જુઓ ! અત્યારે આ પરમાણુની પર્યાય લોહીની છે. પૂર્વે રોટલીની હતી. રોટલીની પર્યાય વ્યય થઈને આ (લોહીની) થઈ અને પરમાણુ તો અંદર કાયમ રહેનારા છે. સમજાણું કાંઈ ? અરે...! આવું છે. પ્રભુ ! શું કરીએ ? આહાહા !

એમ ભગવાન આત્મામાં જે રાગ છે તેનો વ્યય થાય છે અને અરાગની સિદ્ધની અવસ્થા ઉત્પન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે અને ધ્રુવ વસ્તુ (કાયમ રહે છે). એકલો ઉત્પાદ-વ્યય-પર્યાય જેટલો આત્મા નથી. આ તો ત્રિકાળી અવિનાશી છે. જેની આદિ નથી, અંત નથી એવો ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ છે. દ્રવ્યથી વસ્તુ તો નિત્યાનંદ (સ્વરૂપે) છે. આહાહા ! 'દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય' આવે છે ને શ્રીમદ્‌માં (આત્મસિદ્ધિમાં) - **'આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય, બાળાદિ વય ત્રણનું જ્ઞાન એકને થાય.'** આહાહા ! ત્રણેનું જ્ઞાન એક આત્માને છે, આહાહા ! **'બાળાદિ વય ત્રણનું'** (અર્થાત્‌) શરીરની બાળક અવસ્થાનો વ્યય થાય, યુવાન અવસ્થાની ઉત્પત્તિ થાય, પરમાણુ તો કાયમ રહેનારા છે. આહાહા ! આવો મારગ ! એમ ભગવાન આત્મામાં અશુદ્ધ અવસ્થારૂપી સંસારનો નાશ થાય, અને કેવળજ્ઞાનની સિદ્ધદશા ઉત્પન્ન થાય છતાં વસ્તુ તરીકે - ધ્રુવ તરીકે તો ત્રિકાળ છે. આહાહા !

જેમ સોનામાં કુંડલ, કડાની પર્યાય ઉત્પન્ન થાય અને પૂર્વે કોઈ કડાની પર્યાય હોય તેનો વ્યય થાય અને સોનાપણું, પીળાશપણું, ચીકાશપણું કાયમ રહે. આહાહા ! સમજાય છે કાંઈ ? આવું ક્યાંથી આ કાઢ્યું ? કો'ક એમ કહેતું હતું. ભાઈ ! મારગ તો આ છે, બાપુ ! તારી ચીજની તને ખબર નથી. આહાહા ! અનાદિથી આંધળો થઈને ફરે છે ! આહાહા !

અંદર ચૈતન્ય હીરલો સર્વજ્ઞ સ્વભાવથી ભરેલો ભગવાન પડ્યો છે. ભાઈ ! તને (ખબર નથી). એની પ્રથમ દૃષ્ટિ થાય છે એટલે કે અંદરમાં સર્વજ્ઞ સ્વભાવની પર્યાયમાં - અવસ્થામાં જાણીને પ્રતીતિ થાય છે. સર્વજ્ઞ સ્વભાવ જ્ઞાનમાં જણાયો (અને) જાણીને પ્રતીતિ થાય છે કે, આ આત્મા સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ છે. એ પ્રતીતિની પર્યાય થઈ, એ હવે ત્યાં મિથ્યાત્વની પર્યાય નહિ થાય. આહાહા ! અને જે ભ્રમણા હતી કે હું રાગ છું, પુણ્ય છું - એવો જે મિથ્યાત્વ ભાવ હતો એનો નાશ થયો, એ હવે ઉત્પન્ન નહિ થાય. એની અપેક્ષાએ તો સમ્યગ્દર્શનની પર્યાય અવિનાશી થઈ ગઈ, આહાહા ! ભલે પલટતી (પર્યાય) છે પણ રહેશે કાયમ, આહાહા ! એમ જ્યાં કેવળજ્ઞાન થયું એ ભલે પલટશે પણ એ કેવળજ્ઞાનની પર્યાય છે એ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... સાદિ-અનંત રહેશે. આહાહા ! આવી કથા અને આવો ઉપદેશ !

આ બધાં મોટા ૫૦-૫૦ લાખના અને કરોડના કારખાનાઓ કરે અને નોકર રાખે ને બધું કરે...! એ માને કે અમે કરીએ છીએ. ધૂળે કરતો નથી... રાગ - અજ્ઞાન કરે છે. આહાહા ! એ અજ્ઞાનની ઉત્પત્તિ કરે છે. એ અજ્ઞાનની ઉત્પત્તિ સમયે-સમયે, નવી-નવી કરે છે. આહાહા !

મુમુક્ષુ :- એ પૈસા કમાય છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ પૈસા કોણ કમાય ? ધૂળ કમાય...! પૈસો એ તો જડ છે માટી ધૂળ છે. ધૂળ કોની પાસે આવી ? આવી કોઈ પાસે અંદર (આત્મમાં) ? આત્મા તો અરૂપી (છે). કોઈ કમાતું નથી. લોકો કહે છે ને કે, આ કરોડપતિ છે ! ધૂળેય નથી... હવે, એવા કરોડપતિ તો કેટલાય (ચાલ્યા ગયા). કરોડપતિ !! કરોડ એટલે જડ-ધૂળ, એનો પતિ એટલે જડનો પતિ. 'ભેંસનો પતિ પાડો' - એમ કરોડ જડ - પૈસા એનો પતિ તે ધૂળ-જડ છે !! આવી વાત છે, બાપા ! આહાહા !

મુમુક્ષુ :- પૈસાવાળાને શેઠ કહેવાય છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :- શેઠ કહેવાય એ બધાં મરી જવાના...! શેઠ (બધાં) મરી ગયા ! અમારા ફઈના દીકરા કુંવરજીભાઈ ભાગીદાર હતાં ને ! એમને કોઈકે પૂછયું હશે કે, તમને હજારવાર શેઠ કહે ? (તો એમણે કહ્યું) ના, ના, પાંચસો વાર કહે !! અમારી ત્યાં પાલેજમાં દુકાન છે ને ! છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ને અત્યારે (પણ) દુકાન છે - કુંવરજી જાધવજીની મોટી દુકાન છે. હમણાં જઈ આવ્યાં, આઠ દિવસ રહ્યાં હતાં. માગસર સુદ-૧૧ થી માગસર-વદ-૩ (એમ) આઠ દિવસ રહ્યાં હતાં. આહાહા ! આઠ દિવસ સાંભળ્યું. અરે...! બાપા ! તારા લાખ ને બે લાખ રૂપિયા ધૂળ છે. મૂર્ખો છે મોટો ! આહાહા !

અહીં તો ભગવાનની કમાણી તો અંદર લાવે, એ એની કમાણી છે. આહાહા ! કહો ! આવું શું હશે પણ આ ? આખી દુનિયાથી જુદી જાત (છે).

વિશ્વમાં જાઓ તો એમ કહે કે, ઈશ્વરકર્તા છે, બાપા ! ઈશ્વર વિના પાંદડું પણ હલે નહિ ! સ્થાનકવાસીમાં જાઓ તો એમ કહે કે, દયા પાળો, વ્રત કરો ! દેરાવાસીમાં જાઓ તો એમ કહે કે, ભક્તિ કરો, શેત્રુંજયની જાત્રા કરો ! દિગંબરમાં જાઓ તો કહે કે, લુગડા કાઢીને પડિમા લ્યો ! ભગવાન ! બધી વાતુ જાણી છે, બાપા ! નથી જાણી (એમ નથી). આહાહા !

અહીંયા પ્રભુ એમ કહે છે કે, આત્મા જેવો વસ્તુ (પણે) અવિનાશી છે - એવી જેની દશા (પ્રગટ થઈ), પરમાત્માની સિદ્ધદશા - મોક્ષદશા પ્રગટ થઈ, એ પણ અવિનાશી રહી. અવિનાશી હોવા છતાં તેમાં ઉત્પાદ્-વ્યય-ધ્રુવપણું લાગુ પડે છે. આહાહા ! કઈ રીતે (લાગુ પડે છે) ? કે, પૂર્વની સંસાર દશા હતી તેનો નાશ થયો, પરમાત્મદશા ઉત્પન્ન થઈ અને એ પર્યાયની પાછળ ધ્રુવ વસ્તુ છે એ તો કાયમ ધ્રુવ (રહી) છે. આહાહા ! સમજાય છે કાંઈ ? આહાહા ! આવી વાત !

'**ધ્રૌવ્ય, ઉત્પાદ્ અને વિનાશનો સમવાય વિરોધ પામતો નથી.**' છે ? પરમાત્મદશા થઈ અને અવિનાશી રહી, હવે એને અવતાર થવાનો નથી (એટલે કે) સંસારદશા આવવાની નથી. '**આમ હોવા છતાં તે આત્માને ધ્રૌવ્ય...**' પણું (છે). (અર્થાત્) આત્મા ધ્રુવ છે એ તો અનાદિ-અનંત ધ્રુવ છે. અને અવસ્થા જે નવી ઉત્પન્ન થાય એ તો ઉત્પાદ છે. પૂર્વની અવસ્થાનો નાશ થાય (એ વ્યય છે). એ ત્રણેનો સમવાય - ત્રણેનો સંબંધ એક સમયમાં '**વિરોધ પામતો નથી.**' અરે...! આવી વાતું હવે !

સિદ્ધ થયા (તને) અવિનાશી પર્યાય થઈ, આત્માની પરમાત્મા દશા થઈ, આત્મા નરનો નારાયણ થયો. આહાહા ! હવે કહે છે કે, (એ) પરમાત્મદશા જે થઈ એનો નાશ થાતો નથી માટે (તેને) અવિનાશી કહીએ. છતાં પણ એ અવિનાશી પર્યાયવાળાને ત્રણપણું લાગુ પડે છે. વર્તમાન પર્યાય ઉત્પન્ન થઈ એની અપેક્ષાએ ઉત્પાદ્ (થયો), પૂર્વની સંસાર અવસ્થાનો નાશ થયો એનું નામ વ્યય અને વસ્તુ તરીકે ધ્રુવ તો કાયમ રહે છે. આહાહા ! વસ્તુ જે ધ્રુવ છે એ તો ઉત્પન્ન કે વ્યય થતી નથી. એની પર્યાયમાં ઉત્પાદ્ - વ્યય થાય છે. અવસ્થામાં - હાલતમાં - દશામાં (ઉત્પાદ્-વ્યય થાય છે). દશાવાન જે વસ્તુ છે તે તો ત્રિકાળી ધ્રુવ છે. આહાહા ! સમજાણું કાંઈ ?

પાણીમાં તરંગ ઉઠે છે અને એ તરંગ વિલય થાય પણ (પાણી) પાણીપણે તો કાયમ છે. આહાહા ! એમ આત્મામાં સિદ્ધદશા ઉત્પન્ન થાય, અને સંસારદશા - દુઃખની દશાનો નાશ થાય, આહાહા ! આનંદની દશા ઉત્પન્ન થાય, દુઃખની દખની દશા નાશ થાય છતાં બેયનો આધાર ધ્રુવ તો કાયમ રહેનાર છે. સમજાય છે કાંઈ ? અહીં તો (એમ કહે છે) (કેવળજ્ઞાન) અવિનાશી હોવા છતાં, તેને વિનાશ, ઉત્પાદ ને ધ્રુવ(પણું) લાગુ પડે છે - એમ સિદ્ધ કરવું છે. એની એ પર્યાય કાયમ રહેવાની માટે પર્યાયે અવિનાશી કહ્યું. પણ એથી એને એક જ અવિનાશીપણું પર્યાયનું છે, એમ નથી. એ ઉત્પન્ન (થઈ) એ અપેક્ષાએ ઉત્પાદ છે, પૂર્વની અવસ્થાનો નાશ થયો, એ અપેક્ષાએ વ્યય છે અને જેને આધાર ત્રિકાળ ભગવાન ધ્રુવ છે, તે અપેક્ષાએ તે નિત્ય છે. એ અવિનાશી સિદ્ધને પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ લાગુ પડે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાષા તો સાદી છે, પ્રભુ ! પણ એને માથામાં (બેસવી જોઈએ ને) ! માથું જડ અંદર ભગવાન ચૈતન્ય ! આહાહા ! એની વાત એણે સમજવી (પડશે).

'**તે બન્નેના આધારભૂત દ્રવ્ય સાથે સમવેત (તન્મયપણે જોડાયેલો - એકમેક) છે.**' આહાહા ! (અર્થાત્) ઉત્પાદ્ કોઈ જુદી ચીજમાં છે, વ્યય કોઈ જુદી ચીજમાં છે અને ધ્રુવ કોઈ જુદી ચીજમાં છે, એમ નથી - એમ કહે છે. એની એ ચીજમાં નવી અવસ્થા ઉત્પન્ન થાય એ અપેક્ષાએ ઉત્પાદ્ છે, આહાહા !

જેમ લોઢું - છરી (ધાર કરવા) મૂકતાં, જે કાટ છે તેનો વ્યય થાય છે, ઉજળાપણાનો ઉત્પાદ્ થાય છે (અને) લોઢાપણે કાયમ રહે છે. એમ આ આત્મામાં અજ્ઞાનનો - અશુદ્ધપણાનો કાટ છે તેનો નાશ થાય છે, શુદ્ધપણાની પર્યાયનો પ્રકાશ થાય છે અને તેનો આધાર ધ્રુવ વસ્તુ છે, (તે) તો કાયમ રહે છે. આમ તો સમજાય એવું છે, બાપુ ! આહાહા !

અરેરે...! દુનિયા હેરાન થઈને રખડી મરી છે. આહાહા ! એને આ તત્ત્વની શું ચીજ છે, એની ખબરુ નથી, આહાહા ! લ્યો એ કહ્યું હવે, ભાવાર્થ પછી આવશે.

## (તા. ૨૧-૧-૧૯૭૯ – પ્રવચન નંબર-૧૫)

(પ્રવચનસાર) ૧૭મી ગાથા, એનો ભાવાર્થ : '**સ્વયંભૂ**'. એટલે સ્વયંભૂ આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. એણે પર્યાયમાં સ્વયંભૂ (એટલે) પોતાથી સર્વજ્ઞપણું પ્રગટ કર્યું. એ સ્વયંભૂ બે પ્રકારે આવ્યું હતું. જ્ઞાનાવરણી, દર્શનાવરણી, અંતરાય મોહની (કર્મનો) નાશ કરીને (સ્વયમેવ આવિર્ભૂત થયો). અથવા ઉત્પત્તિ અપેક્ષાએ પોતાનો જે શુદ્ધ ચૈતન્ય સ્વભાવ છે. એને શક્તિમાંથી વ્યક્ત - પ્રગટ કર્યો. પોતે પોતાને પરની અપેક્ષા વિના (પ્રગટ કર્યો). પરના સહારા વિના, પરની અપેક્ષા વિના, પરના આશ્રય વિના, જે આત્મા સર્વજ્ઞ સ્વરૂપી છે. તેનો આશ્રય લઈને જેણે સર્વજ્ઞ પ્રભુના (આશ્રયે) સર્વજ્ઞપણું પ્રગટ કર્યું.

એ '**સર્વજ્ઞ ભગવાન ને જે શુદ્ધાત્મસ્વભાવ ઉત્પન્ન થયો...**' (એટલે કે) જે શુદ્ધ સ્વભાવ શક્તિમાં સ્વભાવરૂપ તો હતો, એ સ્વભાવની સન્મુખ થઈને સ્વયં - પોતે જે પરમાત્મદશા - સર્વજ્ઞદશા પ્રગટ થઈ, તે કદી નાશ પામતી નથી. '**શુદ્ધાત્મસ્વભાવ ઉત્પન્ન થયો તે નાશ પામતો નથી.**' આહાહા ! સમજાય છે કાંઈ ? ભલે એક સમયની પર્યાય છે, પછી બીજે સમયે તેનો નાશ થાય પણ એ પર્યાય છે (એ) એવી ને એવી સાદી અનંત (કાળ) રહેશે. સર્વજ્ઞપણું પ્રગટ થયું - ઉત્પન્ન થયું તે હવે નાશ નહિ પામે. આહાહા ! '**તેથી તેમને વિનાશ વિનાનો ઉત્પાદ છે.**' (અર્થાત્) ઉત્પાદ થયો એ વિનાશ વિનાનો ઉત્પાદ (થયો) છે. હવે એ વિનાશ પામશે નહિ. આહાહા ! આમ એક સમય-સમયમાં (પર્યાય) નાશ પામે માટે તે અનિત્ય છે, પણ એ પર્યાય એવી ને એવી સદાય રહેશે - એ અપેક્ષાએ ઉત્પન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયો તેનો નાશ થશે નહિ (એમ કહેવું છે). આહાહા !

**'અને અનાદિ અવિદ્યાજનિત...'** (અર્થાત્) અનાદિ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ **'વિભાવ પરિણામ...'** - વિકારી દશા **'એકવાર સર્વથા નાશ પામ્યા પછી ફરીને ઊપજતા નથી.'** અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી અશુદ્ધતાનો વ્યય થયો એ હવે ઉત્પન્ન નહિ થાય. ઉત્પન્ન થયો એ નાશ નહિ પામે. નાશ થયો તે હવે ઉત્પન્ન નહિ થાય. આહાહા ! સમજાય છે કાંઈ ? આવું સ્વરૂપ છે ! એ સ્વરૂપ જેને દૃષ્ટિમાં બેસે (તેની દૃષ્ટિ સર્વજ્ઞ સ્વભાવ ઉપર જાય). સર્વજ્ઞ સ્વભાવ ભગવાનને (પ્રગટ) થયો છે એ એને દૃષ્ટિમાં ક્યારે બેસે ? કે, સર્વજ્ઞની પ્રતીતિ કરવા જાય છે ત્યાં સર્વજ્ઞ સ્વભાવ મારો છે, એમ પ્રતીતિ થાય (છે). ત્યારે એણે સર્વજ્ઞને માન્યા અને જાણ્યા કહેવાય. આહાહા !

એ **'અવિદ્યાજનિત વિભાવ પરિણામ એકવાર સર્વથા નાશ પામ્યા...'** સર્વથા નાશ પામ્યા (એમ કહ્યું) ને ? **'પછી ફરીથી ઊપજતા નથી. તેથી તેમને ઉત્પાદ વિનાનો વિનાશ છે.'** ઉત્પાદ વિનાનો વિનાશ છે (એટલે કે) વિનાશ થયો હવે એનો ઉત્પાદ નહિ થાય. આહાહા ! સમજાણું કાંઈ ?

કાલે તો આપણે એથી વધારે મેળવ્યું હતું. કાલને ? ૩૮મી ગાથા ને ૯૨મી ગાથા - ૩૮મી સમયસારની અને ૯૨મી પ્રવચનસાર ની. આહાહા ! આત્મા સર્વજ્ઞ સ્વરૂપી પૂર્ણ આનંદ(સ્વરૂપ) છે, એવું જેણે અંતરમાં સ્વસન્મુખ થઈને સમ્યગ્દર્શન થયું, એ ૩૮ અને ૯૨(ગાથા)માં એમ કહે છે કે, (એ સમ્યગ્દર્શન) થયું એ થયું. હવે એ નાશ નહિ પામે. અહીં (કહે છે કે) સર્વજ્ઞપણું જે સ્વભાવ હતો તેની સન્મુખ થઈને પર્યાયની લાયકાતમાં (સર્વજ્ઞપણું પ્રગટ થયું છે). એક સમયની પર્યાય સ્વતંત્ર છે, તે કર્તા થઈને સર્વજ્ઞ સ્વભાવની અંદર વળી (છે). એક સમયની જે જ્ઞાનની પર્યાય છે. એનો સ્વભાવ સ્વરૂપને જાણવાનો (છે). (સ્વરૂપને) જાણવાનો સ્વભાવ છે. (સમયસાર) ૧૭-(૧૮)ગાથા. હવે, એ પર્યાય જે છે. એ જ્યારે સ્વતંત્રપણે કર્તા થઈને સ્વ સર્વજ્ઞ સ્વભાવ તરફ વળે છે, એ (પોતે) કર્તા થઈને વળે છે. (કેમકે) એ પર્યાયમાં ષટ્કારકનું પરિણમન છે. સમજાય છે કાંઈ ? આહાહા ! પર્યાયમાં ષટ્કારકનું (પરિણમન એટલે) પર્યાય કર્તા છે, કર્મ છે, કરણ છે, સંપ્રદાન છે - પર્યાય પોતા માટે કરી છે, પોતાથી થઈ છે, પોતાને આધારે થઈ છે. એવી સર્વજ્ઞ થવાની પર્યાય (પોતાના ષટ્કારકથી થઈ છે). વર્તમાન પર્યાય ભલે સર્વજ્ઞ ન હો, પણ એ પર્યાયમાં સ્વતંત્રપણે ષટ્કારકના પરિણમન થવાની તાકાત છે. તેથી એ પર્યાયને જ્યારે કર્તા થઈને દ્રવ્ય સ્વભાવ તરફ ઢળી (ત્યારે સર્વજ્ઞ સ્વભાવ પ્રતીતિમાં આવ્યો). ઝીણી વાત છે. કેમકે એ સમયની જ્ઞાનની પર્યાય ભલે અલ્પજ્ઞ હો, પણ એ અલ્પજ્ઞ (પર્યાયમાં) એ જ્ઞાન સર્વજ્ઞ સ્વભાવી (સ્વરૂપને) જાણે છે. જાણે છે (એમ કહ્યું). પણ એ જાણે છે છતાં જાણતો કેમ નથી ? કે, પર્યાયમાં સ્વતંત્ર કર્તા થઈને, પર્યાય કર્તા (થઈને એટલે) પોતાના પર્યાયની એ સ્વતંત્ર કર્તા થઈને દ્રવ્ય તરફ ઢળી નથી. માટે એ જાણતો (હોવા) છતાં તે જાણતો નથી. શું કહ્યું એ ? આહાહા !

એક સમયની જ્ઞાનની પર્યાય એનો સ્વભાવ સ્વપર પ્રકાશક જ છે. એવો પર્યાયનો સ્વભાવ સ્વને જાણે (છે) - દ્રવ્યને જાણે જ છે. છતાં પણ તે પર્યાય સ્વતંત્ર થઈને - કર્તા થઈને સર્વજ્ઞ સ્વભાવ તરફ ઢળી નથી. તેથી તે જાણવાનો સ્વભાવ જાણતો છતાં તે જાણતો નથી. (જે) કીધું (એ) સમજાણું કાંઈ ? આહાહા ! ઝીણી વાત છે, ભાઈ ! વીતરાગ મારગ બહુ સૂક્ષ્મ છે. આહાહા !

એ જ્ઞાનની પર્યાય જે પ્રગટ છે, એનો સ્વભાવ સ્વતંત્રપણે જાણવાનો છે. આ વાત આવી ગયેલી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


છે ને એટલે પછી કેટલાકને સાંભળવાની કંઈ બહુ જરૂર નહિ - એટલે ધ્યાન કેટલાક નથી રાખતા (એ) ખ્યાલ છે. સમજાણું કાંઈ ? આહાહા ! એક સમયની જ્ઞાનની પર્યાય માહે તો અલ્પ છે. (તો પણ સર્વજ્ઞ સ્વભાવને જાણે છે). પહેલા (વાત) આવી ગઈ છે એટલે હવે બહુ સાંભળીને શું કામ છે. (એમ જેને ભાવમાં રહે છે). એણે સાંભળી નથી. આહાહા ! એક સમયની જ્ઞાનની પર્યાય એનો સ્વપર પ્રકાશક સ્વભાવ હોવાથી સ્વને જાણે છે. છતાં પણ એ જ્ઞાનની પર્યાય સ્વતંત્રપણે કર્તા થઈને તે સર્વજ્ઞ સ્વભાવ તરફ વળી નથી. માટે તે જાણવાનો સ્વભાવ હોવા છતાં તે જાણતો નથી. આહાહા ! પણ તે એક સમયની પર્યાય દ્રવ્યનો આશ્રય લ્યે છે માટે પરાધિન (છે) એમ (નથી). '**भूयत्थ मस्सिदो खलु**' (સમયસાર) ૧૧મી (ગાથામાં આવ્યું ને). આહાહા ! પણ એ પર્યાયમાં સ્વતંત્ર કર્તાપણું છે તેથી તે પર્યાય કર્તા થઈને દ્રવ્ય તરફ ઢળે છે. ત્યારે તેને દ્રવ્યનું જ્ઞાન જાણવામાં આવતું હતું છતાં જાણતો ન્હોતો એ જાણવામાં આવી ગયું. આહાહા ! સમજાણું કાંઈ ? આવી વાત છે, ભાઈ ! એ મારગ એવો કાંઈ છે !

અગિયાર અંગનું જ્ઞાન અનંતવાર કર્યું પણ એ પર્યાયમાં પરનું જ્ઞાન છે. એ જ્ઞાન પર જ્ઞેય નિમગ્ન છે. પરજ્ઞેય નિમગ્ન છે. (એ) શું કહ્યું પ્રભુ ? કે, અગિયાર અંગમાં કરોડો-કરોડો શ્લોકો, અબજો શ્લોકો તેની જ્ઞાનની પર્યાયમાં જણાયા, છતાં એ તો પરજ્ઞેય છે. (કેમકે) એમાં સ્વજ્ઞેય ભગવાન (આત્મા) આવ્યો નહિ, આહાહા ! એક એક આચાર અંગમાં ૧૮ હજાર પદ અને એકએક પદમાં ૫૧ કરોડ ઝાઝેરા શ્લોકો ! એ (રીતે) સૂયગડાંગ, ઠાણાંગ, એવું અગિયાર અંગનું (જાણપણું) એણે કર્યું છે, ભાઈ ! પણ તે જ્ઞાનની પર્યાય છે તે પર જ્ઞેયમાં નિમગ્ન છે. એ પર્યાયનો સ્વભાવ સ્વને જાણવાનો હોવા છતાં (સ્વને જાણ્યો નહિ માટે) એ પર્યાયમાં અગિયાર અંગનું જ્ઞાન (થયું) એ પરજ્ઞેય નિમગ્ન છે. આહાહા ! એ પરજ્ઞેયમાં નિમગ્ન છે. આહાહા ! એ પર્યાયનાં જે દ્રવ્યને જાણવાનો સ્વભાવ છે, તે પર્યાય કર્તા થઈને પરજ્ઞેયમાં નિમગ્ન (થઈ) છે તેને છોડીને, પર્યાય (પોતે) કર્તા થઈને દ્રવ્ય તરફ ઢળે છે. ત્યારે તે (સ્વભાવ) જાણવામાં (આવતો) હતો તે તેણે જાણ્યો. આહાહા ! આવો મારગ !

મુમુક્ષુ :- જાણવું મુખ્ય છે કે ઢળવું મુખ્ય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તરફ વળ્યો તો દ્રવ્ય છે માટે વળ્યો, એમ નહિ. ફકત પર્યાય કર્તા થઈને અંદર ઢળે છે. એ પોતે સ્વતંત્ર છે. ઝીણી વાત છે, ભાઈ ! આહાહા ! એને અનંત કાળ થયો.. અનંતકાળ થયો... આહાહા ! એ પર્યાય પોતે સ્વતંત્ર કર્તા-કર્મ-કરણ-સંપ્રદાન (આદિ ષટ્કારકરૂપે) થઈને (દ્રવ્ય તરફ ઢળે છે). આપણે આંહિ કર્તા(કારક)નું વધારે વજન છે. એ પર્યાય જ્યારે જ્ઞાયક તરફ ઢળે છે. ત્યારે તેનું સમ્યગ્દર્શનમાં યથાર્થ જ્ઞાન થાય છે અને ત્યારે તેણે સર્વજ્ઞને જાણ્યાં. એ આત્મા સાથે (સર્વજ્ઞનું સ્વરૂપ) મેળવ્યું ત્યારે એણે સર્વજ્ઞને જાણ્યા, એમ કહેવામાં આવે છે. આહાહા ! આવું છે.

અહીંયા કહે છે, '**તેમને ઉત્પાદ વિનાનો વિનાશ છે.**' આહાહા ! જેને સર્વજ્ઞ પર્યાય ઉત્પન્ન થઈ એ વિનાશ વિનાનો ઉત્પાદ છે અને અવિદ્યાજનિત રાગદ્વેષ આદિમાં જે નાશ થયો, તે નાશ ઉત્પાદ વિનાનો નાશ છે. આહાહા ! ઉત્પાદ વિનાશ વિનાનો છે (અને) વિનાશ ઉત્પાદ વિનાનો છે. આહાહા ! ભાઈ ! એ વાત બેસવી (એ અલૌકિક છે) ! આહાહા !

'**આ રીતે અહીં એમ કહ્યું કે સિદ્ધપણે તેઓ અવિનાશી છે.**' '**સિદ્ધપણે અવિનાશી છે.**' એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

अथोत्पादादित्रयं सर्वद्रव्यसाधारणत्वेन शुद्धात्मनोऽप्यवश्यंभावीति विभावयति -

**उप्पादो य विणासो विज्जदि सव्वस्स अट्ठजादस्स।**
**पज्जाएण दु केणवि अट्ठो खलु होदि सब्भूदो।।१८।।**

**उत्पादश्च विनाशो विद्यते सर्वस्यार्थ जातस्य।**
**पर्यायेण तु केनाप्यर्थः खलु भवति सद्भूतः।।१८।।**

यथाहि जात्यजाम्बूनदस्याङ्गदपर्यायेणोत्पत्तिर्दृष्टा, पूर्वव्यवस्थिताङ्गुलीयकादिपर्यायेण च विनाशः, पीततादिपर्यायेण तूभयत्राप्युत्पत्तिविनाशावनासादयतः ध्रुवत्वम्; एवमखिलद्रव्याणां केनचित्पर्यायेणोत्पादः केनचिद्विनाशः केनचिद्ध्रौव्यमित्यवबोद्धव्यम्। अतः शुद्धात्मनोऽप्युत्पादादित्रयरूपं द्रव्यलक्षणभूतमस्तित्वम-वश्यंभावि।।१८।।

---

अथोत्पादादित्रयं यथा सुवर्णादिमूर्तपदार्थेषु दृश्यते तथैवामूर्तेऽपि सिद्धस्वरूपे विज्ञेयं पदार्थत्वादिति निरूपयति - **उप्पादो य विणासो विज्जदि सव्वस्स अट्ठजादस्स** उत्पादश्च विनाशश्च विद्यते तावत्सर्वस्यार्थजीतस्य पदार्थसमूहस्य। केन कृत्वा। **पज्जाएण दु केणवि** पर्यायेण तु केनापि विवक्षितेनार्थव्यञ्जनरूपेण स्वभावविभावरूपेण वा। स चार्थः किंविशिष्टः। **अट्ठो खलु होदि सब्भूदो** अर्थः खलु स्फुटं सत्ताभूतः सत्ताया अभिन्नो भवतीति। तथाहि - सुवर्णगोरसमृत्तिकापुरुषादिमूर्तपदार्थेषु यथोत्पादादित्रयं लोके प्रसिद्धं तथैवामूर्तेऽपि मुक्तजीवे। यद्यपि शुद्धात्मरुचिपरिच्छित्तिनिश्चलानुभूतिलक्षणस्य संसारावसानोत्पन्नकारणसमयसारपर्यायस्य विनाशो भवति तथैव केवलज्ञानादिव्यक्तिरूपस्य कार्यसमयसारपर्यायस्योत्पादश्च भवति, तथाप्युभयपर्यायपरिणतात्मद्रव्यत्वेन ध्रौव्यत्वं पदार्थत्वादिति। अथवा यथा ज्ञेयपदार्थाः प्रतिक्षणं भङ्गत्रयेण परिणमन्ति तथा ज्ञानमपि परिच्छित्त्यपेक्षया भङ्गत्रयेण परिणमति। षट्स्थानगतागुरुलघुकगुणवृद्धिहान्यपेक्षया वा भङ्गत्रयमवबोद्धव्यमिति सूत्रतात्पर्यम्।।१८।

---

કહ્યું હતું ને પહેલાં ? સિદ્ધ દશા થઈ– પરમાત્મદશા થઈ તે અવિનાશી છે. એમ હોવા છતાં... છે (અંદર) ? '**આમ અવિનાશી હોવા છતાં...**' આહાહા ! સિદ્ધની પરમાત્મા દશા નમો સિદ્ધાણં એ સિદ્ધની દશા સિદ્ધપણે જે પ્રગટ થઈ, એ ઉત્પન્ન થઈ તેનો હવે વિનાશ નથી અને પૂર્વની જે અલ્પ જ્ઞાન દશા (અને વિભાવ) આદિ અશુદ્ધતા હતી તેનો નાશ થયો, હવે તેનો ઉત્પાદ નથી. એ રીતે પર્યાયનું અવિનાશીપણું હોવા છતાં (એટલે કે) સિદ્ધની દશાનું આ રીતે અવિનાશીપણું હોવા છતાં '**તેઓ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત છે.**' આહાહા ! એ દશા એની અવિનાશી છે. છતાં એને ઉત્પાદ વ્યય ધ્રુવ(પણું) લાગુ પડે છે. છે ? '**કારણકે શુદ્ધ પર્યાયની અપેક્ષાએ તેમને ઉત્પાદ છે, અશુદ્ધ પર્યાયની અપેક્ષાએ વ્યય છે. અને તે બન્નેના આધારભૂત આત્માપણાની અપેક્ષાએ ધ્રૌવ્ય છે.**' આહાહા !

એવી સિદ્ધની દશાનો પણ નિર્ણય કરે કે એની પર્યાય અવિનાશી હોવા છતાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત છે. આહાહા ! ધ્રુવ (સ્વરૂપ) અવિનાશી છે તેમાં ઉત્પાદ-વ્યય નથી. અહીંયા અવિનાશી પર્યાય છે છતાં એમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. આહાહા ! સમજાણું કાંઈ ? '**તે બન્નેના આધારભૂત આત્માપણાની અપેક્ષાએ ધ્રૌવ્ય છે.**' આહાહા ! એ ૧૭ ગાથા થઈ. આહાહા !

'**હવે ઉત્પાદ આદિ ત્રય. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય) સર્વ દ્રવ્યોને સાધારણ હોવાથી...**' આહાહા !

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે ઉત્પાદ આદિ ત્રય (ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય) સર્વ દ્રવ્યોને સાધારણ હોવાથી શુદ્ધ આત્માને (કેવળીભગવાનને અને સિદ્ધભગવાનને) પણ અવશ્યંભાવી છે એમ વ્યક્ત કરે છે :-

**ઉત્પાદ તેમ વિનાશ છે સૌ કોઈ વસ્તુમાત્રને,**
**વળી કોઈ પર્યયથી દરેક પદાર્થ છે સદ્ભૂત ખરે. ૧૮.**

**અન્વયાર્થ :- [उत्पादः]** કોઈ પર્યાયથી ઉત્પાદ **[विनाशः च]** અને કોઈ પર્યાયથી વિનાશ **[सर्वस्य]** સર્વ **[अर्थजातस्य]** પદાર્થમાત્રને **[विद्यते]** હોય છે; **[केन अपि पर्यायेण तु ]** વળી કોઈ પર્યાયથી **[अर्थः]** પદાર્થ **[सद्भूतः खलु भवति]** ખરેખર ધ્રુવ છે.

**ટીકા :-** જેમ ઉત્તમ સુવર્ણને બાજુબંધરૂપ પર્યાયથી ઉત્પત્તિ જોવામાં આવે છે, પૂર્વ અવસ્થારૂપે વર્તતા વીંટી વગેરે પર્યાયથી વિનાશ જોવામાં આવે છે અને પીળાશ વગેરે પર્યાયથી તો બન્નેમાં (બાજુબંધમાં ને વીંટીમાં ઉત્પત્તિ-વિનાશ નહિ પામતું હોવાથી ધ્રુવપણું જોવામાં આવે છે, તેમ સર્વ દ્રવ્યોને કોઈ પર્યાયથી ઉત્પાદ, કોઈ પર્યાયથી વિનાશ અને કોઈ પર્યાયથી ધ્રૌવ્ય હોય છે એમ જાણવું. આથી (એમ કહ્યું કે) શુદ્ધ આત્માને પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અસ્તિત્વ કે જે દ્રવ્યનું લક્ષણ છે તે અવશ્યંભાવી છે.

**ભાવાર્થ :-** દ્રવ્યનું લક્ષણ અસ્તિત્વ છે અને અસ્તિત્વ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે. માટે કોઈ પર્યાયથી ઉત્પાદ, કોઈ પર્યાયથી વિનાશ અને કોઈ પર્યાયથી ધ્રુવપણું દરેક પદાર્થને હોય છે.

અહીં પ્રશ્ન સંભવે છે કે : 'દ્રવ્યનું અસ્તિત્વ ઉત્પાદ વગેરે ત્રણથી કેમ કહ્યું ? એક ધ્રૌવ્યથી જ કહેવું જોઈએ; કારણ કે જે ધ્રુવ રહે તે સદા હયાત રહી શકે છે.' આ પ્રશ્નનું સમાધાન આ પ્રમાણે છે : જો પદાર્થ ધ્રુવ જ હોય તો માટી, સોનું, દૂધ વગેરે સમસ્ત પદાર્થો એક જ સાદા આકારે રહેવા જોઈએ; ઘડો, કુંડળ, દહીં વગેરે ભેદો કદી ન થવા જોઈએ. પરંતુ એમ તો બનતું નથી અર્થાત્ ભેદો તો જરૂર જોવામાં આવે છે. માટે પદાર્થ સર્વથા ધ્રુવ ન રહેતાં કોઈ અવસ્થાથી ઊપજે પણ છે અને કોઈ અવસ્થાથી નાશ પણ પામે છે. જો એમ ન માનવામાં આવે તો સંસારનો જ લોપ થાય.

---

સર્વ દ્રવ્યોનું દરેક દ્રવ્યનું ઉત્પત્તિ-વ્યય અને ધ્રૌવ્ય સાધારણ સ્વરૂપ હોવાથી, '**શુદ્ધ આત્માને (કેવળી ભગવાનને અને સિદ્ધ ભગવાનને) પણ અવશ્યભાવી છે.**' શું કીધું ? કે, '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્.**' (આવે) છે ને તત્ત્વાર્થ સૂત્રમાં ? દરેક દ્રવ્ય(માં) સમયે-સમયે જે પર્યાયો ઉત્પન્ન થવાની (હોય છે) તે ઉત્પન્ન થાય છે. પૂર્વની પર્યાયની વ્યય થાય છે અને બેયના આધારભૂત ધ્રુવ કાયમ રહે છે. આવો દરેક પદાર્થનો સ્વભાવ હોવાથી સિદ્ધભગવાનને પણ એ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અવશ્યભાવી લાગુ પડે છે. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! '**એમ વ્યક્ત કરે છે.**' એને ૧૮(ગાથા)માં પ્રગટ કરે છે.

**'उप्पादो य विणासो विज्जदि सव्वस्स अट्ठजादस्स।**
**पज्जाएण दु केणवि अट्ठो खलु होदि सब्भूदो।।१८।।'**

**'ઉત્પાદ તેમ વિનાશ છે સૌ કોઈ વસ્તુમાત્રને,**
**વળી કોઈ પર્યયથી દરેક પદાર્થ છે સદ્ભૂત ખરે. ૧૮.'**

અહીં ધ્રુવને પર્યાય કીધી. કેમકે ત્રણ થયા ને ! એ પર્યાયનયનો વિષય થયો. આહાહા ! ઝીણી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આમ દરેક દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય હોવાથી મુક્ત આત્માને પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અવશ્ય હોય છે. સ્થૂલતાથી જોઈએ તો, સિદ્ધપર્યાયનો ઉત્પાદ થયો, સંસારપર્યાયનો વ્યય થયો અને આત્માપણું ધ્રુવ રહ્યું - એ અપેક્ષાએ મુક્ત આત્માને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે. અથવા, મુક્ત આત્માનું જ્ઞાન જ્ઞેય પદાર્થોના આકારે થયા કરે છે તેથી સર્વ જ્ઞેય પદાર્થોમાં જે જે પ્રકારે ઉત્પાદાદિ થાય છે તે તે પ્રકાર જ્ઞાનમાં ઉત્પાદાદિ થયા કરે છે, માટે મુક્ત આત્માને સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય હોય છે. અથવા વધારે સૂક્ષ્મતાથી જોઈએ તો, અગુરુલઘુગુણમાં થતી ષટ્ગુણ હાનિવૃદ્ધિને લીધે મુક્ત આત્મામાં સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વર્તે છે. અહીં જેમ સિદ્ધભગવાનનાં ઉત્પાદાદિ કહ્યાં તેમ કેવળીભગવાનનાં પણ યથાયોગ્ય સમજી લેવાં. ૧૮.

---

વાત છે, ભાઈ ! આ તો પ્રવચનસાર છે. સમયસાર ગ્રંથ સૂક્ષ્મ છે. એમ આ પ્રવચનસાર જ્ઞાન પ્રધાન પણ સૂક્ષ્મ છે. આહાહા ! પ્રવચનસાર છે ને ! પ્ર + વચન = દિવ્યધ્વનિ. પ્ર + વચન = દિવ્યધ્વનિ. પ્ર = દિવ્ય, વચન = ધ્વનિ. ભગવાનની વાણી જે દિવ્ય ધ્વનિ (છે). તેમાંથી નીકળેલું આ પ્રવચનસાર છે. આહાહા !

ટીકા :- '**જેમ ઉત્તમ સુવર્ણને...**' 'ઉત્તમ સુવર્ણ' (કહ્યું). '**બાજુબંધરૂપ પર્યાયથી ઉત્પત્તિ...**' બાજુબંધ પર્યાય (એટલે) દાગીનો. '**જોવામાં આવે છે, પૂર્વ અવસ્થારૂપે વર્તતા વીંટી વગેરે પર્યાયથી વિનાશ જોવામાં આવે છે.**' એ સોનાની પૂર્વ અવસ્થા વીંટી હતી, એ વીટીંનો વ્યય થઈ અને બાજુબંધ - કડુ આદિ ઉત્પન્ન થાય છે. આહાહા ! '**વિનાશ જોવામાં આવે છે અને પીળાશ વગેરે પર્યાયથી તો બન્નેમાં (બાજુબંધમાં (એટલે કડામાં) વીંટીમાં ઉત્પત્તિ વિનાશ નહિ પામતું હોવાથી ધ્રુવપણું જોવામાં આવે છે.**' આહાહા ! લોકોને સમજાય એટલે દૃષ્ટાંત આપ્યો.

સોનું છે એ કડાની પર્યાયપણે ઊપજે છે અને વીંટીની પર્યાય પહેલા હતી તેનો વ્યય થાય છે અને બેયને આધારભૂત (એવું) પીળાશ - ચીકાશવાળું તત્ત્વ છે એ તો ધ્રુવ છે. આહાહા ! '**તેમ...**' (એટલે) આ દૃષ્ટાંતની પેઠે આહાહા ! '**સર્વ દ્રવ્યોને...**' (એટલે) દરેક પરમાણુ, દરેક આત્મા - નિગોદનો આત્મા હો કે સિદ્ધનો આત્મા હો, એક પરમાણુ છૂટો હો કે સ્કંધના પરમાણુ હો, પણ દરેક દ્રવ્યને કોઈ પર્યાયથી ઉત્પાદ (હોય છે). (અર્થાત્) તે-તે સમયની પર્યાય ઉત્પન્ન (થવાનો) કાળ છે તેથી તે ઉત્પાદ (હોય છે). આહાહા ! સર્વ દ્રવ્યોને તે સમયે તે પર્યાય (ઉત્પન્ન થવાનો) નિજ ક્ષણ - કાળ છે માટે ઉત્પન્ન થાય છે. આહાહા ! એનો કાળ છે ને ! કાળ કીધું ને ! દ્રવ્યનો (તે) કોઈ પર્યાય ઉત્પન્ન થાય, તે સમયે જ તેનો ઉત્પાદ થવાનો કાળ છે. તે વખતે તે ઉત્પાદ થાય છે. આહાહા ! '**કોઈ પર્યાયથી વિનાશ...**' થાય છે. પૂર્વની પર્યાયનો તે કાળે વિનાશ (થવાનો) સ્વભાવ છે માટે વિનાશ થાય છે. આહાહા ! '**અને કોઈ પર્યાયથી...**' ભાષા દેખો ! '**પર્યાયથી ધ્રૌવ્ય હોય છે.**' એમ ત્રણ લીધાં ને ! (એટલે એમ કહ્યું). છે તો દ્રવ્ય ધ્રુવ - પણ બે અંશ લીધાં અને ત્રીજો (ધ્રૌવ્ય) અંશ (છે) એટલે પર્યાય એમ (કહ્યું) સદ્ભૂત (એટલે) ટકતું - ટકતું, ધ્રુવ. આવી વાતુ છે ! ધ્રુવ કોઈ (અપેક્ષાએ) ભેદરૂપ છે. ઉત્પાદ ભેદરૂપ છે, વ્યય ભેદરૂપ છે. તેમ ધ્રુવપણ ત્રણ અંશની અપેક્ષાએ ભેદરૂપ - પર્યાય છે. એ ત્રણ પર્યાયનયનો વિષય છે.

પ્રવચનસાર જ્ઞેયઅધિકાર(ની) ૧૦૦મી ગાથામાં આવે છે. ઉત્પાદ-વ્યય, ધ્રુવ - ત્રણ પર્યાયનયનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિષય છે. આહાહા ! સમજાણું કાંઈ ? પછી ૧૦૧ ગાથામાં તો એમ આવે છે કે, જે દરેક દ્રવ્યમાં જે પર્યાય ઉત્પન્ન થઈ (તે) ઉત્પાદને ધ્રુવની અપેક્ષા નથી. તે ઉત્પાદને વ્યયની અપેક્ષા નથી. જે વ્યય થયો તેને ઉત્પાદની અપેક્ષા નથી. વ્યય થયો તેને ધ્રુવની અપેક્ષા નથી. ધ્રુવ છે તેને ઉત્પાદ-વ્યયની અપેક્ષા નથી. આવ્યું છે ત્યાં ૧૦૧ ગાથા(માં) ? આહાહા ! આવું તત્ત્વ છે !

સત્ છે એને કોઈ હેતુ ન હોય. ઉત્પાદ પણ સત્ છે, વ્યય પણ સત્ છે, ધ્રુવ પણ સત્ છે. '**ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્**' એ સત્ અંશ છે એને પણ હેતુ (નથી). અહેતુક છે. વ્યય પણ સત્ છે. સસલાના શીંગડા(ની) જેમ (અસત્) નથી. વ્યય પણ એક સત્ છે. આહાહા ! તેથી (પર્યાય) વ્યય થઈને દ્રવ્યમાં જાય છે. વ્યયપણું અસ્તિપણે હતું. અંદરમાં જાય છે ને ! એટલે હતું એ જાય કે ન હોય તે જાય ?

મુમુક્ષુ :- અંદર ગયું એટલે વ્યય ન રહ્યાં ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ વ્યય થયો એને અર્થ જ એ થયો કે એ દ્રવ્યમાં ગયું એ હતું એ ગયું ને કે નહોતું એ ગયું ? એમ (કહેવું છે). તેથી તેને સત્ કીધું છે. હતું એ ગયું. માટે વર્તમાનમાં વ્યય (રૂપ) છે. પણ ગયું છે એ અંદરમાં એટલે પરિણામિકભાવે થઈ ગયું. આહાહા ! ઝીણી વાત છે. સમજાણું કાંઈ ? ચાહે તો રાગનો ઉત્પાદ હો અને બીજે સમયે તેનો વ્યય થાવ - પણ એ ગયું ક્યાં ? અંદરમાં રાગ ગયો નથી. પણ તેની જેટલી લાયકાત હતી તેટલી યોગ્યતા અંદર ગઈ છે. ઝીણી વાતુ (છે) બાપુ !

મુમુક્ષુ :- વ્યય થાય છે એ દ્રવ્યમાં જાય છે કે ભાવાંતરરૂપે પરિણમીને નવો ઉત્પાદ થાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ (વ્યય) દ્રવ્યમાં જાય છે. એ વ્યય થઈને ઉત્પાદ થાય છે, એમ નહિ. (એટલે કે) એ વ્યય જે થયો તે ભાવાન્તરે ઉત્પાદ થાય છે, એમ નહિ.

મુમુક્ષુ :- વ્યય પર્યાયો નવી ભાવાન્તરરૂપે ઉત્પન્ન થાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- ના-ના, એમ નહિ. નવી પર્યાય બીજી (ઉત્પન્ન) થાય છે. જે વ્યય થઈ એ પર્યાય ભાવાન્તર (રૂપે) થાય એ પ્રશ્ન થઈ ગયો છે. અહીં તો ઘણી ચર્ચા થઈ ગઈ (છે). આહાહા ! જે (પર્યાય) ભાવાન્તર થઈ તે પર્યાય ઉત્પન્ન થઈ, એમ નથી. શું કીધું એ ?

જે વસ્તુમાં પર્યાય હતી તે વ્યય થઈ. એ વ્યય થઈને - એ પર્યાયપણે વ્યય થઈ ને પછી એ એને ઊપજી છે, એમ ભાવાન્તર નથી. એક ફેરે તો મોટી ચર્ચા થઈ હતી. એમ (ભાવાંતર) નથી, ભાઈ ! (પર્યાય) વ્યય થઈને દ્રવ્યમાં જાય છે. પાણીનું તરંગ જે ઉઠવું તે ઉત્પાદ થયો. પણ એ તરંગ ગયું ને બીજો તરંગ થયો તો એ (પહેલાનું તરંગ) ગયું ક્યાં ? (એ તરંગ) પાણીમાં ગયું છે. આહાહા !

મુમુક્ષુ :- નવા કર્મરૂપે પરિણમી ગયું !

પૂજ્ય ગુરુદેવશ્રી :- નવું કોઈ પરિણમ્યું નથી. એ પર્યાય પોતે જ. ભાવાન્તર પર્યાય થઈને ઉત્પન્ન થઈ છે, એમ નથી.

એ પર્યાય સત્ પણે ઉત્પન્ન થઈ છે એમ કહેવું (કેમકે) વસ્તુમાં હતી તેથી આવી અને (પર્યાય) અશુદ્ધપણે ઉત્પન્ન થઈ છે. એ જે અશુદ્ધ (પર્યાય) પહેલા નહોતી અને થઈ (છે). (એમ) બે પ્રકાર છે. પ્રવચનસારમાં (એમ લીધું છે). ભાઈ ! (છે). સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદ. આહાહા ! શૈલી તે શૈલી ! કોઈ ગજબ શૈલી છે ! જે પર્યાય ઉત્પન્ન થઈ એ સત્ તરીકે હતી તે (ઉત્પન્ન થઈ છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


(તેને સત્ ઉત્પાદ) એ અપેક્ષાથી (કહેવાય છે). એ (અશુદ્ધ પર્યાય) પૂર્વ નહોતી (અને) થઈ માટે અસત્ ઉત્પાદ (કહ્યું) અને એની એ પર્યાય અંદર હતી માટે થઈ એ સત્ ઉત્પાદ (કહેવાય). આહાહા ! અરે...! આવો ઉપદેશ હવે માણસને ક્યાં (બેસે) ? ઓલું તો સેવા કરો, વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, ભાષામાં સુધારો કરો એને ઈનામ આપો. (એમ કહેતા હોય તો) સમજાય તો ખરું ! એ તો બધું અજ્ઞાન છે. આહાહા ! ઝીણી વાત છે ભગવાન ! આહાહા !

અહીંયા ? શું કીધું ? '**પર્યાયથી વિનાશ અને કોઈ પર્યાયથી ધ્રૌવ્ય...**' એમ અહીંયા કહેવું છે ! કોઈ પર્યાયથી ધ્રુવ ! દ્રવ્યથી ધ્રુવ, એમ નહિ. (ઉત્પાદ-વ્યય) બે અંશ છે. એમ ત્રીજો (ધ્રૌવ્ય) અંશ ગણીને - ત્રણપણાને ગણીને પર્યાયનયનો વિષય સિદ્ધ કર્યો છે. આહાહા ! સમજાણું કાંઈ ? ૧૭મી ગાથાના સંસ્કૃતમાં છે, જુઓ ! જયસેનઆચાર્યની (ટીકામાં છે). '' ૧૭મી ગાથાની (ટીકા) પૂરી થતાં (આવે) છે. '' (એમ કહ્યું છે). આહાહા ! દ્રવ્યાર્થિકનયે ત્રિકાલી દ્રવ્ય છે. પણ ત્રણ પ્રકારના ભેદ પડ્યા એ અપેક્ષાએ પર્યાયાર્થિકનયે ત્રણ સંભવે છે. (એમ કહેવું છે). આહાહા ! '**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ.**' આહાહા ! વીતરાગ મારગ(માં) અત્યારે બહુ ફેરફાર થઈ ગયો ! આહાહા !

સવારમાં તો એમ આવ્યું હતું કે, પોતાની એક સમયની પર્યાય (પોતે) ઉપજાવે, બીજાની ન ઉપજાવે - બીજાની પર્યાયને પણ ઉપજાવે અને પોતાની પર્યાયને પણ ઉપજાવે - (એમ માનનાર) દ્વિક્રિયાવાદી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા ! (આત્મા) ભાષાની પર્યાયને પણ ઉપજાવે અને રાગને (પણ ઉપજાવે, એમ નથી). રાગ એ (ભાષાની) પર્યાયને અનુકૂળ નિમિત્ત છે. આહાહા ! ભાષાની એ પર્યાય થાય છે તે રાગને અનુરૂપ છે. નિમિત્ત તે અનુકૂળ છે (અને) ઉત્પન્ન થાય છે તે અનુરૂપ છે. છતાં તે-તે પર્યાયનો, તે બીજો પર્યાય કર્તા (છે), એમ નથી. આહાહા !

ઘડાની પર્યાયને કુંભારની (વિકલ્પની) પર્યાય અનુકૂળ છે અને કુંભારની (વિકલ્પરૂપ) પર્યાય ઘડો અનુરૂપ છે કારણકે એને (કુંભારને) જે વિકલ્પ છે તે રૂપે સામે (ઘડાની પર્યાય) પરિણમે છે. આહાહા ! આવી વાત છે. તે મારગને અનુરૂપ છે. (સમયસાર-૮૬મી) ગાથામાં અનુકૂળ - અનુરૂપ આવે છે. ભાઈ ! આહાહા ! વાત ભારે, ભાઈ ! માણસને નવરાશ ન મળે. માટે જે કહે તે હાંકે (રાખે) જે નારાયણ... જે નારાયણ... (કરતા) હાલ્યું જાય, એમનું એમ... ભાઈ ! મારગ કોઈ જુદી જાતનો છે, ભાઈ !

દરેક પર્યાય, તે-તે કાળે ઉત્પન્ન થવાનો કાળ (છે) તે થાય છે અને તે-તે પર્યાય ષટ્કારકથી ઉત્પન્ન થાય છે. આહાહા ! તે-તે પર્યાય તે કાળે જ ઉત્પન્ન થાય - આઘીપાછી નહિ. (પ્રવચનસાર) ૯૯ગાથામાં હારનો દાખલો આપ્યો છે ને ! જ્યાં મોતી છે ત્યાં જ મોતી (છે). આડું - અવળું આઘે-પાછે હોય નહિ. આહાહા ! એમ દ્રવ્યમાં જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાની તે જ (પર્યાય) ષટ્કારકનાં પરિણમનથી ઉત્પન્ન થાય છે. એ (પર્યાય) દ્રવ્યથી (ઉત્પન્ન) થઈ છે એમ ઉપચારથી કહેવામા આવે છે. એ સવારમાં કહ્યું હતું. આહાહા ! ભાઈ ! જેમ વસ્તુ છે તેમ તેનું જ્ઞાન બરાબર થવું જોઈએ. આઘુપાછું (કે) કાંઈ વિપરીત થાય તો અજ્ઞાન થશે. આહાહા ! અત્યારે તો ૧૦-૧૦ હજાર માણસોની મોટી સભા ભરે (એમાં એમ કહે) આમ કરો... આમ કરો... આમ કરો... કરો... કરો... કરો... એ (કહેનારા) મિથ્યાદૃષ્ટિ છે. ફલાણું કરો... આનું કરો... આનું કરો... ગરીબોને આહાર આપો, ભાષા જેની હોય તેને હિન્દીભાષા શીખવો. આહાહા ! અરે પ્રભુ ! બહુ આકરું કામ છે, ભાઈ ! વીતરાગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મારગ (કોઈ જુદી જાતનો છે). આહાહા !

બધી વાત કીધીને આમાં '**सव्वस्स अट्ठजायस्स**' ૧૮મી ગાથામાં બીજું પદ છે ને ! '**उप्पादो य विणासो विज्जदि सव्वस्स अट्ठजादस्स**' સર્વ પદાર્થની ઉત્પત્તિ માટે આ ત્રણ બોલ છે. છે ? '**पज्जाएण दु केणवि अट्ठो खलु होदि सब्भूदो**' દરેક પદાર્થને માટે (આ વાત છે). આહાહા ! '**अट्ठजायस्स**' જગત(ના) પદાર્થની જે કંઈ સ્થિતિ છે, એમાં દરેક સમયે ઉત્પાદ-વ્યય ને ધ્રુવ સ્વતંત્ર થાય છે. આહાહા ! બીજાને લઈ ને તો નહિ પણ એનો ઉત્પાદ એના ધ્રુવને લઈને (પણ) નહિ ! આ વાત (કેમ બેસે) ? એ ત્રણને ત્રણપણું (જે છે) એ પોતે પોતાને કારણે ત્રણપણું છે. આહાહા ! શબ્દ છે ને ! '**अट्ठजायस्स**' (અર્થાત્) દરેક પદાર્થ. એક પરમાણુ પણ (એમાં આવી જાય). આહાહા !

આ ભાષાની પર્યાય થાય છે, (તો) તે કાળે એ પરમાણુની ભાષાની પર્યાય ઉત્પન્ન (થવાનો) કાળ છે - નિજક્ષણ છે. (પ્રવચનસાર) ૧૦૨ગાથા(માં એમ કહેશે). સમજાય છે કાંઈ ? ભાષાના રજકણો છે. તેમાં શબ્દવર્ગણા (છે). એની ભાષાની આ પર્યાય થાય છે, એ પર્યાય તે કાળે પરમાણુમાં તે નિજક્ષણ (થઈ છે). ત્યાં ભાષાની પર્યાય (થવાનો) નિજ કાળ છે. આત્મા વિકલ્પ કરે કે હું બોલું માટે પર્યાય થઈ છે, એમ નથી. આહાહા ! આવી વાત છે, બાપા ! પ્રભુ ! પ્રભુનો મારગ (શૂરાનો છે). આહાહા !

'**વચનામૃત વીતરાગનાં પરમ શાંત રસમૂળ**

**ઔષધ જે ભવરોગનાં કાયરને પ્રતિકૂળ.**' આહાહા ! હીજડાને જેમ વીર્ય નથી તો પુત્ર ન થાય એમ કાયર જે અજ્ઞાની છે તેનાં વીર્યમાં તેને આત્મધર્મ ન થાય. આહાહા ! રાગનો કર્તા થાય છે તે અજ્ઞાની છે.

સવારમાં એ આવ્યું હતું ને ! એ રાગનો કર્તા હોવા છતાં, તે જ સમયે તે જ પ્રકારનું એટલું જ કર્મ બંધન થાય. (અર્થાત્) દયાનો ભાવ જે પ્રમાણે મંદ હોય (તો) તેમ શાતા બંધાય. તીવ્ર દયાનો (ભાવ) હોય તો તે (પ્રમાણે) બંધાય. છતાં તે કર્મની પર્યાયનો આ રાગ કર્તા નથી. અરે પ્રભુ ! એના ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એનામાં છે. આવું છે. ભાઈ ! છે ?

'**આથી એમ કહ્યું કે શુદ્ધ આત્માને પણ...**' પહેલા સુવર્ણનો દૃષ્ટાંત કહ્યો. પછી બધાં પદાર્થમાં આમ (છે એમ સિદ્ધ) થયું (અને) હવે સિદ્ધને પણ આ છે. (આમ) ત્રણ વાત સિદ્ધ કરી, આહાહા ! '**શુદ્ધ આત્માને પણ...**' 'પણ' (શબ્દ) છે ને ? પણ એટલે (પહેલા) બે (વાત કહી હતી) ને ! સોનામાં કડાની ઉત્પત્તિ વીંટીનો વ્યય અને સોનાપણાનું પીળાશપણાનું ધ્રુવ (રહ્યું). એમ દરેક પદાર્થમાં (નવી પર્યાયનો) ઉત્પાદ, પૂર્વની (પર્યાયનો) વ્યય અને (વસ્તુ તરીકે) ધ્રુવ (રહેવું). તેમ જ્યારે બધાં પદાર્થનું આવું સ્વરૂપ છે. તો સિદ્ધને પણ એવું સ્વરૂપ છે, એમ સિદ્ધ કરવું છે. આહાહા !

સિદ્ધ(ને) અવિનાશી કીધા. (કેમકે) એ તો એ (સિદ્ધ) પર્યાય થઈ તે પર્યાય નાશ નહિ થાય. તે કઈ રીતે (કહ્યું) કે, વિકાર ઉત્પન્ન થઈને (સિદ્ધપર્યાયનો નાશ નહિ થાય). પણ એ પર્યાય તો નાશ થઈ થાય છે અને નવી પર્યાય બીજે સમયે થાય છે. આહાહા ! નિયમસારમાં આવે છે ને ! ભાઈ ! '**जिवादीबहि - तच्चं हेय**' એ કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવાન છે માટે હેય છે (એમ કહ્યું). આહાહા ! એ કઈ અપેક્ષાએ ? કે, એક સમય રહે છે તે અપેક્ષાએ (નાશવાન કહ્યું). અને અહીંયા એને અવિનાશી કેમ કીધું ? કે એવી ને એવી પર્યાય કાયમ રહેશે. એમાં હવે વિકારની ઉત્પત્તિ નહિ થાય, એ માટે પર્યાયને અવિનાશી કીધી છે. આહાહા ! આવું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સાધારણ માણસને તો આ પકડવું કઠણ પડે. એ (એમ કહે) આમ કરો.. આમ કરો... આમ કરો... આહાહા ! દેશની સેવા કરો... આહાહા ! સાધર્મીઓને મદદ કરો ! સાધર્મીની સેવા કરો ! આહાહા ! આવું સમજાય તો ખરું ! એ તો અજ્ઞાન છે. એ તો મિથ્યાત્વની પ્રરૂપણા છે અને સાંભળનાર હા પાડે કે, તમારી વાત સાચી છે. એ (પણ) મિથ્યાદૃષ્ટિ છે. આહાહા ! શું થાય ?

(કહે છે). '**શુદ્ધ આત્માને પણ**' - (એટલે) એમ કે, ભલે તમે સોનાનો દૃષ્ટાંત દીધો તેમાં હો અને બીજી બધાં પદાર્થમાં પણ આવું હો. પણ શુદ્ધ આત્માને (પણ - આવું છે). સિદ્ધ ભગવાન પૂર્ણ પરમાનંદ ને પ્રાપ્ત થયા અને તમે એને અવિનાશી પર્યાય કીધી, એ શુદ્ધ આત્માને પણ... માટે 'પણ' લીધું છે. આહાહા !

ભાઈ ! આ તો ભગવાન(ની) કથા છે. બાપુ ! આ કોઈ વાર્તા - કથા નથી. આહાહા ! અરે..! ત્રણ લોકના નાથ પરમાત્માએ આ કહ્યું છે ! આહાહા ! અત્યારે પંચમકાળમાં એના વિરહ પડ્યાં. અને આ વાત રહી ગઈ. આહાહા ! એને સમજવા માટે, માનવા માટે ઘણો પ્રયત્ન જોશે. આહાહા ! અહીં તો કહે (છે) કે, હું પરની દયા પાળી શકું છું (એમ માનનાર) મિથ્યાદૃષ્ટિ છે. પરની (જીવવાની - ટકવાની) પર્યાય એનાથી થાય (છે). તેને કહે કે, હું એની દયા પાળું, હું એને જીવતો રાખું (છું), આહાહા ! એની જીવવાની - ટકવાની પર્યાય એને કારણે ઉત્પન્ન થઈને એ જીવે છે અને કહે છે કે, હું એને જીવાડી દઉં. (આવું માનનાર) મિથ્યાદૃષ્ટિ છે. આહાહા ! આકરું કામ બહુ ! દુનિયાની સાથે રહેવું અને દુનિયાથી જુદી માન્યતા (કરવી) ! આહાહા ! (અહીંયા કહે છે) કોઈની સાથે રહ્યો જ નથી. અનાદિથી એ પોતે પોતામાં જ ઉત્પાદ-વ્યય-ધ્રુવપણે રહ્યો છે. બસ ! આહાહા !

એ '**શુદ્ધ આત્માને પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અસ્તિત્વ...**' (અસ્તિત્વ) એટલે હયાતી. એ ત્રણનું હયાતીપણું કે જે દ્રવ્યનું લક્ષણ છે. '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્.**' તત્ત્વાર્થસૂત્ર (માં આવે છે). આહાહા ! આથી એમ કહ્યું કે '**શુદ્ધ આત્માને પણ...**' સુવર્ણનું દૃષ્ટાંત દઈને ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કર્યા. દરેક પદાર્થમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કર્યા. '**આથી (એમ કહ્યું કે) શુદ્ધ આત્માને પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અસ્તિત્વ (હોવાપણું) કે જે દ્રવ્યનું લક્ષણ છે તે અવશ્યભાવી છે.**' આહાહા ! સિદ્ધ ભગવાનને પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય (કે જે) દ્રવ્યનું લક્ષણ છે, તો ત્યાં પણ તે છે. કેવળજ્ઞાનની પર્યાય એક સમયની થઈ છે. એ બીજે સમયે બીજી થશે. એવી થશે પણ બીજી થશે અને પૂર્વની પર્યાયનો વ્યય થશે. અને ધ્રુવ (કાયમ) રહેશે. આવું ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય(પણું) સિદ્ધમાં પણ છે. આહાહા ! આવી વાર્તા અને આવો ઉપદેશ ! સત્ સ્વરૂપ આવું છે, ભાઈ ! સત્નું સત્પણું ઉત્પાદ-વ્યય-ધ્રુવથી છે. એ પરને લઈને ઉત્પાદ થાય તેમ નહિ. તેમ ઉત્પાદનો આઘો-પાછો કાળ હોય ત્યાં ઉત્પાદ થાય એમ પણ નહિ, આહાહા ! જે સમયે જે (પર્યાયનો) ઉત્પાદ છે. નિશ્ચયથી તે જ સમયે તે જ (ઉત્પાદ) થવાનો છે તે નિશ્ચય છે અને તે સમયે પૂર્વની અવસ્થાનો વ્યય તે નિશ્ચય છે અને તેના આધારભૂત ધ્રુવ પણ તે વખતે નિશ્ચય છે. એ ત્રણનું અસ્તિત્વપણું છે - એમ કીધું ને ! આહાહા ! ત્રણનું સત્પણું છે - ત્રણનું હોવાપણું છે. એ પોતપોતાના કારણે હોવાપણું છે. (અસ્તિત્વ) કે જે દ્રવ્યનું લક્ષણ છે. એ તો વસ્તુનું લક્ષણ છે. એ વસ્તુનું લક્ષણ કરવું હોય તો તેનું લક્ષણ આ છે. પરમાણુ ને આત્મા (બધાંનું લક્ષણ આ છે). આહાહા !

આ હોઠ હલે છે (એ) એના પર્યાય(નો) ઉત્પાદ છે અને (પહેલા) આમ હતો ને આમ થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એ પૂર્વની પર્યાયનો વ્યય છે અને વસ્તુ ધ્રુવપણે કાયમ છે. પર્યાયાર્થિક નયે એ ત્રણ (અંશ) એમાં વર્તે છે, એ આત્માને લઈને નહિ. આહાહા ! આત્મામાં ઈચ્છા આવી માટે (તેમ) થાય છે, એમ નહિ. આવી વાત છે. સમજાણું કાંઈ ? અત્યારે તો દુનિયા રાજી કેમ થાય એવી વ્યાખ્યા આપે તો દુનિયા ભેગી થાય ને પાંચ-દસ હજાર, વીસ હજાર (માણસો ભેગા થાય). એક બીજાનું આમ કરો, એક બીજાની મદદ કરો સાધર્મીઓ છે (માટે) સેવા કરો, આહાર ન હોય તો આહાર આપો, પાણી ન હોય તો પાણી આપો, કપડાં ન હોય તો કપડાં આપો, ગરીબોને રહેવાનું સ્થાન ન હોય તો સ્થાન બનાવી દેવું. લ્યો ! આવું (બોલે એટલે) કેવું સારું લાગે લોકોને ! ઓશિયાળા છે ને એવી વાતું કરે (એટલે સારું લાગે). પણ એ બધો મિથ્યાત્વ ભાવ છે. આહાહા !

મુમુક્ષુ :- આમાં તો પરોપકારનો લોપ થઈ જશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પરોપકાર કરી શકે છે કોણ ? પરોપકાર (એટલે) પોતે પર = પ્રધાન આત્મા - એનો ઉપકાર. (પર એટલે) પર (વસ્તુ) એમ નહિ. ભગવાન આત્મા 'પર' = (અર્થાત્) ઉત્કૃષ્ટ વસ્તુ છે. તેનો ઉપકાર ઉત્પાદ્‌થી કરે (એટલે) નિર્મળ પર્યાયનો ઉત્પાદ કરે તે ઉપકાર છે. આવી વાતુ છે ! આ ક્યાંય સાંભળવા મળે એવું નથી. અરેરે...! જગત ક્યાં પડ્યું છે ! અરેરે...! ચોરાસીના અવતારમાં ભાઈ ! ત્યાં કોઈ શરણ નથી. આહાહા ! મિથ્યાત્વને (અને) અજ્ઞાનનો સેવ્યા હશે (તો) એ મિથ્યા શ્રદ્ધાના ફળમાં વંટોળિયાનું તરણું ક્યાં જઈને પડશે ? જેની શ્રદ્ધામાં અનંત ભવનો ગર્ભ છે. આહાહા ! એ ક્યાં જઈને (અવતરશે ?) અજાણ્યે ક્ષેત્રે - અજાણ્યે કાળે અવતરશે. આહાહા ! એની એને ખબર નથી.

અહીંયા સત્ આવું છે. - એવું જેને અંદર બેસે, એને પરની અપેક્ષાથી મારો ઉત્પાદ થાય એ (વાત) છૂટી જાય. ઉત્પાદ તો મારો થાય છે તેમ હું બીજાનો પણ ઉત્પાદ કરી શકું, એ વાત છૂટી જાય. એવું પરાધીનપણું પર્યાયમાંથી છૂટી જાય. આહાહા ! અને એ ઉત્પાદ સ્વતંત્ર (થાય) છે. દ્રવ્યની પણ અપેક્ષા જેને નથી. (એવી શ્રદ્ધા ઉત્પન્ન થાય). આહાહા ! આવું છે !

ભાવાર્થ :- '**દ્રવ્યનું લક્ષણ અસ્તિત્વ છે.**' દ્રવ્યનું લક્ષણ સત્ - હોવાપણું (છે). દ્રવ્યનું લક્ષણ હોવાપણું (છે). '**અને અસ્તિત્વ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે.**' એ હોવાવાળું તત્ત્વ ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપે છે. આહાહા ! '**માટે કોઈ પર્યાયથી ઉત્પાદ...**' આમાંથી (લોકો) એમ કાઢે કે, ગમે તે પર્યાય થાય, આજ પર્યાય થાય એવો કોઈ નિયમ નહિ. '**કોઈ પર્યાયથી...**' એનો અર્થ (શું) ? (કે) '**તે કોઈ**' એટલે તે સમયની પર્યાયથી ઉત્પાદ.

મુમુક્ષુ :- થવાની હોય તે જ પર્યાય થાય, એમ નહિ. કોઈ પણ પર્યાય થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :- કોઈપણ પર્યાયનો અર્થ કે, તે સમયની જે પર્યાય છે તે કોઈપણ પર્યાય. આહાહા ! ૧૩મી સાલ, ૨૨ વરસ (પહેલાં) મોટી ચર્ચા થઈ હતી. ત્યાં (પંચાસ્તિકાયની) ૬૨મી ગાથા મૂકીને વાત કરી હતી કે, આત્મામાં જે વિકાર થાય છે - મિથ્યાત્વનો (કે) રાગ-દ્વેષનો, એ પોતે ષટ્‌કારકના પરિણમનથી થાય છે તેને દ્રવ્યની અપેક્ષા નથી. એને કર્મની અપેક્ષા તો નથી જ. પર કારકની અપેક્ષા નથી, એમ છે ને એમાં ! પણ તેને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી ! આહાહા ! એટલું બધું ત્યારે નહોતું કહ્યું કારણકે એ ભડકે. હજી પરથી (વિકાર) ન થાય (એમ કહ્યું તોય લોકો ભડક્યા. તો આ વાત તો બેસે જ કેવી રીતે) ? આહાહા ! ભાઈ ! ઝીણી વાત છે, બાપુ ! પણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સત્ય એની વસ્તુની સ્થિતિ કોઈ અલૌકિક છે !! આહાહા !

અહીં કહે છે, દ્રવ્યનું લક્ષણ હોવાપણું (છે). એ હોવાપણું ઉત્પાદ-વ્યય ને ધ્રુવરૂપ છે. **'માટે કોઈ પર્યાયથી...'** એટલે ? કોઈ પર્યાય એટલે ઘણી બધી પર્યાય જે છે એમાંથી જે પર્યાય થવાની તે પર્યાયથી ઉત્પન્ન થાય. **'કોઈ પર્યાયથી વિનાશ...'** કોઈ એટલે જે સમયના પર્યાયનો વિનાશ થવાનો છે, તે પર્યાયથી વિનાશ. **'અને કોઈ પર્યાયથી ધ્રુવપણું દરેક પદાર્થને હોય છે.'** આહાહા ! (અહીંયા પર્યાયથી એટલે ભેદથી).

ખરેખર તો અજ્ઞાની જીવ રાગનો કર્તા થઈને રાગ કરે તે વખતે કર્મ બંધાય. એ ક્રમબદ્ધ (પર્યાય)માં એ પરમાણુમાં એ રીતે પર્યાય થવાનો એનો સ્વકાળ છે. એમાં પણ ક્રમબદ્ધ છે કે નહિ ? આવી વાત છે. ભાઈ ! પરમાણુઓમાં પણ એ વખતે (ક્રમબદ્ધપર્યાય થાય છે). જેમ કે દયાનો ભાવ થયો. અને અજ્ઞાની એનો કર્તા થયો (તો) ત્યાં એને શાતા વેદનીયના પરમાણુઓ પરિણમે છે. તે વખતે ક્રમબદ્ધમાં તે પર્યાયપણે પરિણવાનો તે પરમાણુઓનો કાળ હતો. (માટે પરિણમ્યા છે). આને રાગ થયો અને એને અનુકૂળ હતું માટે તેને શાતાના પર્યાયપણે પરિણમવું પડ્યું, એમ નથી. આહાહા ! સમજાય છે ? આવી વાતુ હવે !

આમ કહેવું કે છ કારણે જ્ઞાનાવરણીય (કર્મ) બંધાય. અહીં કહે છે કે છ દોષનો કર્તા અજ્ઞાની થાય અને તે વખતે જ્ઞાનાવરણીય(કર્મ) બંધાય (તો) એ પર્યાયનો એ (જીવ) કર્તા નથી. આહાહા ! તે વખતે તે પરમાણુમાં જ્ઞાનાવરણીની પર્યાય થવાનો ક્રમબદ્ધમાં એના ઉત્પાદનો એ કાળ હતો. ગજબ વાતું છે, ભાઈ ! આહાહા ! છે ?

**'અહીં પ્રશ્ન સંભવે છે કે : દ્રવ્યનું અસ્તિત્વ ઉત્પાદ વગેરે ત્રણથી કેમ કહ્યું ? એક ધ્રૌવ્યથી જ કહેવું જોઈએ;...'** શું કહ્યું એ ? હોવાપણું તમે કહો છો અને ત્રણથી હોવાપણું કહ્યું ! હોવાપણું તો એક ધ્રૌવ્યથી જ હોવાપણું હોવું જોઈએ. સમજાણું કાંઈ ? દ્રવ્યનું હોવાપણું ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણથી કહ્યું. (પરંતુ) એક ધ્રૌવ્યથી જ કહેવું જોઈએ. હોવાપણું છે એ કાયમ રહે (એવા ધ્રૌવ્યની) અપેક્ષાએ કહેવું જોઈએ. (અને તમે) ઉત્પાદ-વ્યય થાય તેને (પણ) હોવાપણામાં નાખી દીધું ! પ્રશ્ન સમજાય છે ? **'કારણકે જે ધ્રુવ રહે તે સદા હયાત રહી શકે છે. આ પ્રશ્નનું સમાધાન આ પ્રમાણે છે :'** એ વિશેષ આવશે.

## (તા. ૨૨-૧-૧૯૭૯ – પ્રવચન નંબર-૧૬)

(પ્રવચનસાર) ૧૮(મી ગાથા ચાલે છે). એનો ભાવાર્થ ફરીને (લઈએ). **'દ્રવ્યનું લક્ષણ...'** દરેક દ્રવ્ય જે આત્મા અને પરમાણુ છે - તેનું લક્ષણ **'અસ્તિત્વ છે.'** **'સત્ દ્રવ્યં લક્ષણં'** તત્ત્વાર્થસૂત્રમાં (આવે) છે ને ? દ્રવ્ય એટલે વસ્તુ - આત્મા અને છ દ્રવ્ય વગેરે. તેમનું લક્ષણ સત્ છે. **'સત્ દ્રવ્યં લક્ષણં'** તત્ત્વાર્થસૂત્રનો સિદ્ધાંત છે. **'સત્ દ્રવ્યં લક્ષણં'** અને **'ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્.'** એ તત્ત્વાર્થસૂત્રનું સૂત્ર છે. 'અસ્તિત્વ' એટલે સત્. **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે.'** આહાહા ! **'માટે કોઈ પર્યાયથી ઉત્પાદ,'** થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


(એટલેકે) દરેક દ્રવ્યનો '**કોઈ પર્યાયથી**' એટલે અનંત પર્યાયમાંથી તે સમયે જે (પર્યાય) ઉત્પન્ન થવાની (હોય) તે પર્યાયથી ઉત્પન્ન થાય. '**કોઈ પર્યાયથી વિનાશ,**' (અર્થાત્) પૂર્વની પર્યાયથી નાશ થાય. '**અને કોઈ પર્યાયથી ધ્રુવપણું...**' (અહીંયા) પર્યાય એટલે એક અંશ છે એટલે (પર્યાય કહ્યું). એ કાલ આવ્યું હતું. '**ધ્રુવપણું દરેક પદાર્થને હોય છે.**' (અર્થાત્) આત્મા હો, પરમાણુ હો, આકાશ હો, કાળ હો, ધર્માસ્તિ-અધર્માસ્તિ હો, દરેકને એનું લક્ષણ અસ્તિત્વ - હોવાપણું છે. અને હોવાપણું ત્રણ પ્રકારે છે - ઉત્પાદ-વ્યય ને ધ્રુવ. નવી અવસ્થાથી ઉત્પન્ન થાય, પુરાણી (અવસ્થા) થી વ્યય થાય અને કાયમ રહેનારું ધ્રુવ.

'**અહીં પ્રશ્ન સંભવે છે.**' હવે અહીંયા પ્રશ્ન કરે છે. '**કે દ્રવ્યનું અસ્તિત્વ ઉત્પાદ વગેરે ત્રણથી કેમ કહ્યું ? એક ધ્રૌવ્યથી જ કહેવું જોઈએ**' (એટલે) દ્રવ્ય છે એ કાયમ રહેનારું સત્ છે. તો એનાથી ધ્રુવથી જ એને અસ્તિત્વ કહેવું જોઈએ. પણ ઉત્પાદ અને વ્યયથી (પણ) એનું અસ્તિત્વ (છે એમ) ભેગું કેમ નાખ્યું ? સમજાય છે કાંઈ ? વસ્તુ છે એને તમે અસ્તિત્વ એટલે સત્ કહ્યું અને સત્નું લક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ કહ્યું. તો એ ઉત્પાદ-વ્યય એક સમય રહે છે અને ધ્રુવ કાયમ રહે છે, તો કાયમ રહેનારાને અસ્તિત્વ કહીએ. ઉત્પાદ-વ્યયને અસ્તિત્વ કેમ કહો (છો) ? બરાબર છે ને ? પ્રશ્ન તો એને (સમજાવો જોઈએ ને) ! આહાહા !

'**અહીં પ્રશ્ન સંભવે છે કે, દ્રવ્યનું અસ્તિત્વ (હોવાપણું) ઉત્પાદ વગેરે ત્રણથી કેમ કહ્યું ?**' એમ કેમ કહ્યું તો ? હોવાપણું '**એક ધ્રૌવ્યથી જ કહેવું જોઈએ.**' હોવાપણું છે એ એક ધ્રુવથી જ કહેવું જોઈએ. વળી, ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ થઈને હોવાપણું એમ કેમ કહ્યું તમે ? '**કારણકે જે ધ્રુવ રહે તે સદા હયાત રહી શકે છે.**' જે ધ્રુવ રહે તે સત્પણે કાયમ રહી શકે છે. ઉત્પાદ-વ્યય છે એ કાયમ રહી શકતા નથી. છતાં તમે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણને હયાતીવાળા (કહ્યાં). ત્રણને સત્ કહ્યાં. આહાહા ! આવો મારગ (છે) !

'**આ પ્રશ્નનું સમાધાન આ પ્રમાણે છે : જો પદાર્થ ધ્રુવ જ હોય...**' (એટલે કે) જો કોઈપણ આત્મા અને પરમાણુ આદિ ધ્રુવ જ હોય તો અહીંયા માટીનો દાખલો આપ્યો (છે). '**માટી, સોનું દૂધ,...**' માટી ઘડા આદિ પર્યાયમાં બદલે છે. સોનું કડા-કુંડલમાં બદલે છે, દૂધ દહીં અને છાશમાં બદલે છે. એ '**માટી, સોનું, દૂધ - વગેરે સમસ્ત પદાર્થો એક જ સાદા આકારે રહેવો જોઈએ;**' જો ધ્રુવ જ સત્ હોય તો તે સોનું, માટી અને દૂધ એકરૂપ રહેવા જોઈએ. (પણ) એકરૂપ તો ભાસતું નથી. દૂધની અવસ્થા દહીં આદિ થાય (છે). સોનાની અવસ્થા કુંડલ-કડાં થાય (છે). માટીની અવસ્થા ઘડા ને કોડીયાં થાય છે. આહાહા !

'**સમસ્ત પદાર્થો એકજ સાદા આકારે રહેવા જોઈએ; ઘડો...**' (એટલે કે) માટીનો ઘડો (થવો). 'સોનાનું કુંડળ (થવું) દૂધનું દહીં (થવું) '**વગેરે ભેદો કદી ન થવા જોઈએ.**' જો ધ્રુવ એકલું સત્ રહેતું હોય તો માટીમાંથી ઘડો, સોનામાંથી કુંડળ અને દૂધમાંથી દહીં એવી દશાઓ થવી જોઈએ નહિ. ન્યાયથી (વાત કરે છે ને) ! '**પરંતુ એમ તો બનતું નથી અર્થાત્ ભેદો તો જરૂર જોવામાં આવે છે.**' માટી ધ્રુવ રહીને પણ ઘડા, કોડીયાં હાંડલાં વગેરે અવસ્થાઓ થતી તો જોવામાં આવે છે. એકરૂપ દશા તો દેખાતી નથી. '**માટી પદાર્થ સર્વથા ધ્રુવ ન રહેતાં...**' માટે આત્મા અને પરમાણુ આદિ પદાર્થ એકરૂપે ધ્રુવ સદા ન રહેતાં '**કોઈ અવસ્થાથી ઊપજે પણ છે.**' દૂધનું દહીં થાય, દહીંની છાશ થાય (અને)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પરમાણુ તો કાયમ (રહે) છે - ધ્રુવ (રહે) છે. પહેલાં ગોરસનો દાખલો આવી ગયો હતો.

**'ભેદો તો જરૂર જોવામાં આવે છે. માટે પદાર્થ સર્વથા ધ્રુવ ન રહેતાં કોઈ અવસ્થાથી ઊપજે પણ છે અને કોઈ અવસ્થાથી નાશ પણ પામે છે. જો એમ ન માનવામાં આવે તો સંસારનો જ લોપ થાય.'** (કેમ કે) સંસારની વિકૃત અવસ્થાનો નાશ થાય છે અને મોક્ષ અવસ્થાનો ઉત્પાદ થાય છે. (હવે જો) ધ્રુવ જ એકલું માનો તો આ (ઉત્પાદ-વ્યય) નહિ થાય. આહાહા ! સંસારની વિકૃત દશાનો નાશ થાય છે. અથવા દુઃખ દશાનો નાશ થાય છે. ભગવાન આનંદસ્વરૂપ ધ્રુવ કાયમ રહી ને દુઃખની અવસ્થાનો નાશ થાય છે (અને) આનંદની અવસ્થા ઉત્પન્ન થાય છે. આહાહા ! આ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ ન હોય તો એ વસ્તુ નહિ રહી શકે. એમ છે. છે ?

**'આમ દરેક દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય હોવાથી મુક્ત આત્માને પણ...'** હવે એમ કહે છે. સિદ્ધ તો એ કરવું છે ને ! આત્માની સિદ્ધ દશા થાય તેને પણ 'તેને પણ' એટલે ? બધાંને (આમ) થાય તો આને પણ - એમ (કહેવું છે). **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અવશ્ય હોય છે.'** પરમાત્મા સિદ્ધ થાય એને પણ સિદ્ધની પર્યાયનો ઉત્પાદ, સંસાર પર્યાયનો વ્યય અને ધ્રુવપણે કાયમ રહે છે. સિદ્ધને પણ એમ છે. આહાહા !

મુમુક્ષુ :- અસ્તિત્વ ગુણને લક્ષણ કેમ બતાવ્યું ? જે ગુણના કારણે (દ્રવ્યનો કદી ઉત્પાદ ન હોય અને દ્રવ્યનો કદી નાશ ન હોય) એમ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઉત્પાદ વિના વ્યય નહિ ને વ્યય વિના (ઉત્પાદ) નહિ - એ તો સિદ્ધ કરવું છે. બાકી ઉત્પાદને વ્યયની અપેક્ષા નથી એ અત્યારે સિદ્ધ નથી કરવું.

મુમુક્ષુ :- અસ્તિત્વગુણના લક્ષણ કેમ બતાવ્યું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ લક્ષણ આ છે - ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત.

મુમુક્ષુ :- જૈન સિદ્ધાંત પ્રવેશીકામાં તો એ બતાવ્યું કે, દ્રવ્યનો ક્યારેય નાશ ન થાય, દ્રવ્યનો ક્યારેય ઉત્પાદ ન થાય - તેને અસ્તિત્વગુણ કહેવાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :- દ્રવ્યનો કદી ઉત્પાદ હોય ? એ તો પર્યાયના ઉત્પાદની વાત છે. ધ્રુવનો કદી ઉત્પાદ હોય ? ધ્રુવની પર્યાયનો ઉત્પાદ હોય અને એની પર્યાયનો વ્યય હોય. દ્રવ્યનો ઉત્પાદ નથી. દ્રવ્યનો ઉત્પાદ અને દ્રવ્યનો વ્યય કે ' દી હોય ? (અહીંયા) દ્રવ્ય એટલે ઓલું ત્રિકાળી ધ્રુવ (છે) તે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્ત જે પ્રમાણનું દ્રવ્ય એમાં તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ હોય છે. આહાહા ! છે ?

**'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય હોવાથી મુક્ત આત્માને પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અવશ્ય હોય છે.'** આહાહા ! **'સ્થૂલતાથી જોઈએ તો...'** હવે ત્રણ પ્રકાર સિદ્ધ કરે છે. કોઈક માણસ વિરોધ કરતો હતો (કહેતો હતો કે) પર્યાય બદલે - એ બદલવું શું વળી ? બદલવું તો અનિત્ય છે. (અને) વસ્તુ તો કાયમ નિત્ય છે. આ વેદાંત માને છે ને !

રાજકોટ ૨૦૦૦ની સાલમાં એક બાવો આવ્યો હતો ને ! (એને એમ થયું કે) **'આ અધ્યાત્મની વાતો જૈનમાં ક્યાંથી ? આ તો કોણ મહારાજ છે ? આ જૈનમાં તો આ કરવું, આ વ્રત કરવાં એવી બધી ક્રિયા (નો ઉપદેશ આવે) આવું કહેનાર કોણ છે ? હાલ જોવા જાઉં !'** (અમારી પાસે) આવ્યો - આવ્યા એમાં વાત થઈ કહ્યું કે, 'ભાઈ ! જુઓ ! આત્મા છે એ કાયમ રહીને બદલે છે.' હેં ! બદલે છે ? અનિત્ય (છે) ? (આટલું કહ્યું તો) ભાગ્યો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તારણ સ્વામીનું છે ને ! એ મગજમાં આવ્યું હતું. એ કહે કે, હેં ! સિદ્ધને એવી પર્યાય લાગુ પડી ગઈ ? સિદ્ધ થાય એને પણ બધી પર્યાયનું લપ રહી ગયું ? એમ કહેતા હતાં. અરે ભગવાન ! આહાહા !

(અહીંયા કહે છે) **'સ્થૂલતાથી જોઈએ તો,'** (એટલે) સ્થૂળ લક્ષથી જોઈએ તો. **'સિદ્ધપર્યાયનો ઉત્પાદ થયો, સંસાર પર્યાયનો વ્યય થયો'** આ તો સ્થૂળતાથી વાત (કરી). (આમ તો) સિદ્ધ થયા પછી પણ એની પર્યાય પલટે છે, એ વાત મૂકી દે ને આ સ્થૂલતાથી - બહારથી જો, એમ કહે છે. નહીંતર તો સિદ્ધ પર્યાય થાય છે એ પર્યાય પણ પાછી પલટે છે. પણ અત્યારનું વર્તમાન તમને સ્થૂળતાથી સમજાવવું હોય તો (આમ કહીએ છીએ). એ સિદ્ધ થયા પછી પણ પર્યાય પલટે છે એ વાત તમને ઝટ ન બેસે તો અત્યારે સ્થૂળતાથી કહીએ. આહાહા ! (કહે છે). **'સિદ્ધપર્યાયનો ઉત્પાદ થયો, સંસાર પર્યાયનો વ્યય થયો અને આત્માપણું ધ્રુવ રહ્યું - એ અપેક્ષાએ મુક્ત આત્માને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે.'** આહાહા ! ઓલો તારણસ્વામીનો શિષ્ય કહે, 'હજી સિદ્ધને એ પર્યાયનું લાકડું રહી ગયું !' ગુજરી ગયા. અહીંયા આવતા હતા. અરેરે...!

મુમુક્ષુ :- શ્વેતાંબરમાં પણ કહેતા હતા કે, કૃતકૃત્ય થયા પછી પરિણમન કેવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- (એમ થાય કે) પૂર્ણ થઈ ગયા પછી પરિણમન (કેવું) ? પણ પૂર્ણ થઈ છે એ તો પર્યાય પૂર્ણ થઈ (છે). પૂર્ણ થઈ પણ એ પર્યાય થઈ. પર્યાય છે તે એની એક સમયની અવસ્થા છે. એ પર્યાય ભલે કેવળજ્ઞાન(ની હોય) પણ એક સમયમાં જશે. બીજે સમયે બીજું (આવશે). એવું (આવશે) પણ એ બીજું (આવશે). એવું જ પણ (આવશે). આહાહા ! આવું છે. (અત્યારે તો) તત્ત્વની વાતનો એવો ગોટો ઉડ્યો (છે) ! આહાહા !

(અહીંયા કહે છે કે) **'એ અપેક્ષાએ મુક્ત આત્માને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે.'** સ્થૂળ અપેક્ષાએ એક વાત કહી. એટલે કે સંસાર અવસ્થાનો વ્યય - અભાવ, દુઃખની દશાનો અભાવ (થવો) મોક્ષદશાની - આનંદની અવસ્થાનો ઉત્પાદ (થયો) (અને) વસ્તુપણે ધ્રુવ(પણું રહ્યું).

**'અથવા મુક્ત આત્માનું જ્ઞાન...'** લોકોને સમજાય એટલે (જ્ઞાનથી વાત કરે છે). **'મુક્ત આત્માનું જ્ઞાન જ્ઞેય પદાર્થોના આકાર થયા કરે છે.'** પોતાની જ્ઞાનની પર્યાયમાં (જ્ઞેયાકાર થયા કરે છે). જેવું જ્ઞેય છે ને, એવું જ અહીંયા પર્યાયમાં જ્ઞાન થાય છે. **'તેથી સર્વ જ્ઞેય પદાર્થોમાં જે જે પ્રકારે ઉત્પાદાદિ થા...'** જ્ઞેયો (એટલે કે) જાણવા યોગ્ય પદાર્થોમાં પણ જેવા જેવા ઉત્પાદ વ્યય થાય, એવું-એવું અહીંયા જ્ઞાન થાય. આહાહા ! જ્ઞાનનો સ્વભાવ પણ (એવો છે કે) પરમાં જેવો ઉત્પાદ-વ્યય થાય છે એવો અહીંયા જ્ઞાનની પર્યાયનો પલટો (થાય) છે. આહાહા ! (અર્થાત્) પહેલાં સમયમાં સામા (જીવની) દશા સંસાર અવસ્થા હતી એમ જાણી હતી. બીજે સમયે એની મોક્ષ અવસ્થા થઈ ત્યારે તે મોક્ષ અવસ્થા જાણી. જ્ઞાનમાં એ પર્યાય ફરી ગઈ. સમજાય છે કાંઈ ? પહેલા સમયમાં કેવળજ્ઞાનમાં જણાયું હતું કે, આ આત્મા અત્યારે મનુષ્યગતિમાં છે. બીજે સમયે એ સ્વર્ગમાં ગયો ત્યારે ત્યાં એમ જણાયું કે એ સ્વર્ગમાં છે. એટલો જ્ઞાનમાં પોતાને કારણે ઉત્પાદ થયો છે. આહાહા ! આવું ઝીણું ને આવું બધું (છે).

**'સર્વ જ્ઞેય પદાર્થોમાં જે જે પ્રકારે ઉત્પાદાદિ થાય છે તે તે પ્રકારે જ્ઞાનમાં ઉત્પાદાદિ થયા કરે છે. માટે મુક્ત આત્માને સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય હોય છે.'** આ (બીજી) વાત (કરી). એક સ્થૂળપણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथास्यात्मनः शुद्धोपयोगानुभावात्स्वयंभुवो भूतस्य कथमिन्द्रियैर्विना ज्ञानानन्दाविति संदेहमुदस्यति-

**पक्खीणघादिकम्मो अणंतवरवीरिओ अहियतेजो।**

**जादो अदिदिओ सो णाणं सोक्खं च परिणमदि।।१९।।**

**प्रक्षीणघातिकर्मा अनन्तवरवीर्योऽधिकतेजाः।**

**जातोऽतीन्द्रियः स ज्ञानं सौख्यं च परिणमति।।१९।।**

अयं खल्वात्मा शुद्धोपयोगसामर्थ्यात् प्रक्षीणघातिकर्मा, क्षायोपशमिकज्ञानदर्शनासंपृक्तत्वादतीन्द्रियो भूतः सन्निखिलान्तरायक्षयादनन्तवरवीर्यः, कृत्स्नज्ञानदर्शनावरणप्रलयादधिककेवलज्ञानदर्शनाभिधानतेजाः, समस्तमोहनीयाभावादत्यन्तनिर्विकारशुद्धचैतन्यस्वभावमात्मानमासादयन् स्वयमेव स्वपरप्रकाशकत्वलक्षणं ज्ञानमनाकुलत्वलक्षणं सौख्यं च भूत्वा परिणमते। एवमात्मनो ज्ञानानन्दौ स्वभाव एव। स्वभावस्य तु परानपेक्षत्वादिन्द्रियैर्विनाप्यात्मनो ज्ञानानन्दौ संभवतः।।१९।।

---

एवं सिद्धजीवे द्रव्यार्थिकनयेन नित्यत्वेऽपि विवक्षितपर्यायेणोत्पादव्ययध्रौव्यस्थापनरूपेण द्वितीयस्थले गाथाद्वयं गतम्। अथ तं पूर्वोक्तसर्वज्ञं ये मन्यन्ते ते सम्यग्दष्टयो भवन्ति, परम्परया मोक्षं च लभन्त इति प्रतिपादयति -

**तं सव्वट्ठवरिट्ठं इट्ठं अमरासुरप्पहाणेहिं।**

**ये सद्दहंति जीवा तेसिं दुक्खाणि खीयंति।।१।।**

**तं सव्वट्ठवरिट्ठं** तं सर्वार्थवरिष्ठं इट्ठं इष्टममिमतं। कैः। **अमरासुरप्पहाणेहिं** अमरासुरप्रधानैः। **ये सद्दहंति** ये श्रद्दधति रोचन्ते **जीवा** भव्यजीवाः। **ते सिं** तेषाम्। **दुक्खाणि** वीतरागपारमार्थिकसुखविलक्षणानि दुःखानि। **खीयंति** विनाशं गच्छन्ति, इति सूत्रार्थः।।१।। एवं निर्दोषिपरमात्मश्रद्धानान्मोक्षो भवतीति कथनरूपेण तृतीयस्थले गाथा गता।। अथास्यात्मनो निर्विकारस्वसंवेदनलक्षणशुद्धोपयोगप्रभावात्सर्वज्ञत्वे सतीन्द्रियैर्विना कथं ज्ञानानन्दाविति पृष्टे प्रत्युत्तरं ददाति - **पक्खीणघादिकम्मो** ज्ञानाद्यनन्तचतुष्टयस्वरूपपर-मात्मद्रव्यभावनालक्षणशुद्धोपयोगबलेन प्रक्षीणघातिकर्मा सन्। **अणंतवरवीरिओ** अनन्तवरवीर्यः। पुनरपि किंविशिष्टः। **अहियतेजो** अधिकतेजाः। अत्र तेजः शब्देन केवलज्ञानदर्शनद्वयं ग्राह्यम्। **जादो सो स** पूर्वोत्तलक्षण आत्मा जातः संजातः। कथंमूतः। **अणिंदियो** अनिन्द्रिय इन्द्रियविषयव्यापाररहितः।

---

કરી. હવે આ સૂક્ષ્મપણે (કહ્યું કે) જ્ઞાનમાં એક સમયમાં જ્ઞેયોના ઉત્પાદ-વ્યય જણાય છે, એમાં (સામેવાળા પદાર્થના) ઉત્પાદ-વ્યય ફર્યા (તો) અહીંયા જ્ઞાન પણ એવું જાણે છે. જ્ઞાનમાં પણ એવો પલટો પોતાના કારણે થાય છે.

(હવે) ત્રીજું (કહે છે). **'અથવા વધારે સૂક્ષ્મતાથી જોઈએ તો...'** (પહેલા) સ્થૂળતાથી કહ્યું હતું. (પછી) મધ્યમ અવસ્થાથી (વાત કરી). (એટલે કે) જ્ઞેય અને જ્ઞાનાકારથી કહ્યું. હવે **'વધારે સૂક્ષ્મતાથી જોઈએ તો, અગુરુલઘુગુણમાં થતી ષટ્ગુણ હાનિવૃદ્ધિને લીધે...'** આહાહા ! કેવળજ્ઞાનની પર્યાયમાં પણ ષટ્ગુણ હાનિવૃદ્ધિ થયા કરે છે. આહાહા ! **'અગુરુલઘુગુણમાં થતી ષટ્ગુણ હાનિવૃદ્ધિને લીધે મુક્ત આત્મામાં સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વર્તે છે.'** આ ત્રણ બોલ કહ્યાં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अनिन्द्रियः सन् किं करोति। **णाणं सोक्खं च परिणमदि** केवलज्ञानमनन्तसौख्यं च परिणमतीति। तथाहि - अनेन व्याख्यानेन किमुक्तं भवति, आत्मा तावन्निश्चयेनानन्तज्ञानसुखस्वभावोऽपि व्यवहारेण संसारावस्थायां कर्मप्रच्छादितज्ञानसुखः सन् पश्चादिन्द्रियाधारेण किमप्यल्पज्ञानं सुखं च परिणमति। यदा पुनर्निर्विकल्पस्वसंवित्तिबलेन कर्माभावो भवति तदा क्षयोपशमाभावादिन्द्रियाणि न सन्ति स्वकीयातीन्द्रियज्ञानं सुखं चानुभवति। ततः स्थितं इन्द्रियाभावेऽपि स्वकीयानन्तज्ञानं सुखं चानुभवति। तदपि कस्मात्। स्वभावस्य परापेक्षा नास्तीत्यभिप्रायः।।१९।।

---

હવે શુદ્ધોપયોગના પ્રભાવથી સ્વયંભૂ થયેલા આ (પૂર્વોક્ત) આત્માને ઇંદ્રિયો વિના કઈ રીતે જ્ઞાન અને આનંદ હોય એવા સંદેહનું નિરાકરણ કરે છે :-

**પ્રક્ષીણઘાતિકર્મ, અનહદવીર્ય, અધિકપ્રકાશ ને**
**ઇંદ્રિય-અતીત થયેલ આત્મા જ્ઞાનસૌખ્યે પરિણમે. ૧૯.**

**અન્વયાર્થ :- [प्रक्षीणघातिकर्मा ]** જેનાં ઘાતિકર્મો ક્ષય પામ્યાં છે, **[अतीन्द्रियः जातः]** જે અતીન્દ્રિય થયો છે, **[अनंतवरवीर्यः ]** અનંત જેનું ઉત્તમ વીર્ય છે અને **[अधिकतेजाः]** અધિક જેનું (કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ) તેજ છે **[सः]** એવો તે (સ્વયંભૂ આત્મા) **[ज्ञानं सौख्यं च]** જ્ઞાન અને સુખરૂપે **[परिणमति ]** પરિણમે છે.

**ટીકા :-** શુદ્ધોપયોગના સામર્થ્યથી જેનાં ઘાતિકર્મો ક્ષય પામ્યાં છે, ક્ષાયોપશમિક જ્ઞાન-દર્શન સાથે અસંપૃક્ત (સંપર્ક વિનાનો) હોવાથી જે અતીદ્રિય થયો છે, સમસ્ત અંતરાયનો ક્ષય થયો હોવાથી અનંત જેનું ઉત્તમ વીર્ય છે, સમસ્ત જ્ઞાનાવરણ અને દર્શનાવરણનો પ્રલય થયો હોવાથી અધિક જેનું કેવળજ્ઞાન અને કેવળદર્શન નામનું તેજ છે - એવો આ (સ્વયંભૂ) આત્મા, સમસ્ત મોહનીયના અભાવને લીધે અત્યંત નિર્વિકાર શુદ્ધ ચૈતન્યસ્વભાવવાળા આત્માને (- અત્યંત નિર્વિકાર શુદ્ધ ચૈતન્ય જેનો સ્વભાવ છે એવા આત્માને) અનુભવતો થકો સ્વયમેવ (પોતે જ) સ્વપરપ્રકાશકતા લક્ષણ જ્ઞાન અને અનાકુળતાલક્ષણ સુખ થઈને પરિણમે છે. આ રીતે આત્માનો, જ્ઞાન અને આનંદ સ્વભાવ જ છે. અને સ્વભાવ તો પરથી અનપેક્ષ હોવાથી ઈંદ્રિયો વિના પણ આત્માને જ્ઞાન અને આનંદ હોય છે.

**ભાવાર્થ :-** આત્માને જ્ઞાન અને સુખરૂપે પરિણમવામાં ઇંદ્રિયાદિ પર નિમિત્તોની જરૂર નથી; કારણ કે સ્વપરનું પ્રકાશકપણું જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવું જ્ઞાન અને અનાકુળપણું જેનું લક્ષણ છે એવું સુખ આત્માનો સ્વભાવ જ છે. ૧૯.

---

**'અહીં જેમ સિદ્ધભગવાનનાં ઉત્પાદાદિ કહ્યાં તેમ કેવળીભગવાનનાં પણ યથાયોગ્ય સમજી લેવાં.'** આ તો સિદ્ધ ભગવાનમાં (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય) ઉતાર્યા. એમ કેવળી ભગવાનમાં પણ - કેવળજ્ઞાનની પર્યાયની ઉત્પત્તિ, (પૂર્વની) ચાર કેવળજ્ઞાનમાં પણ લોકમાં જે ઘટના (બને તેના) જે રીતે ઉત્પાદ-વ્યય છે (તેને) તે (રીતે) જાણો. જે ઉત્પાદ-વ્યય(માં ફેરફાર થયા) હોય તેને તે રીતે અહીં (જ્ઞાનમાં) જાણે અને કેવળીને પણ સૂક્ષ્મ અગુરુલઘુ(ગુણને) લઈને કેવળીની પર્યાય પણ ષટ્ગુણ હાનિવૃદ્ધિપણે પરિણમન કરે છે. આવું છે ! લ્યો ! એ ૧૮ ગાથા (પૂરી) થઈ.

**'હવે શુદ્ધોપયોગના પ્રભાવથી...'** ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપે પ્રભુ છે એનો શુદ્ધ ઉપયોગ. એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

શુદ્ધનો વેપાર (એને શુદ્ધોપયોગ કહે છે). (એ) '**શુદ્ધ ઉપયોગના પ્રભાવથી સ્વયંભૂ થયેલા...**' (અર્થાત્) સ્વયં-પોતાથી ઉત્પાદપણે - સિદ્ધપણે થયેલા. આહાહા ! એવા '**આત્માને ઈન્દ્રિયો વિના કઈ રીતે જ્ઞાન અને આનંદ હોય....**' એને ઈન્દ્રિય વિના જ્ઞાન કેમ થયું ? એમ કહે છે. અહીંયા તો ઈન્દ્રિય હોય તો જ્ઞાન થાય, એમ (લોકો) કહે છે - '**આત્માને ઈન્દ્રિય વિના કઈ રીતે જ્ઞાન અને આનંદ હોય એવા સંદેહનું નિરાકરણ કરે છે :-**' આહાહા !

**'पक्खीणघादिकम्मो अणंतवरवीरिओ अहियतेजो।**
**जादो अदिदिओ सो णाणं सोक्खं च परिणमदि।।१९।।'**

**'પ્રક્ષીણઘાતિકર્મ, અનહદવીર્ય, અધિકપ્રકાશ ને**
**ઇંદ્રિય-અતીત થયેલ આત્મા જ્ઞાનસૌખ્યે પરિણમે. ૧૯.'**

આહાહા ! આ જ્ઞાન અધિકાર છે ને !

ટીકા :- '**શુદ્ધોઉપયોગના સામર્થ્યથી...**' એમ કહીને એમ કહ્યું કે, વ્યવહાર રત્નત્રય અને શુભઉપયોગના સામર્થ્યથી કેવળજ્ઞાન થાતું નથી. સમજાણું કાંઈ ? શુભ-અશુભ પરિણામ છે - અશુદ્ધ ઉપયોગ છે. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ-સ્તુતિ-વંદન-વિનય (આદિનો ભાવ હોય તોપણ) એ બધો વિકલ્પ અને અશુદ્ધ ઉપયોગ છે. આહાહા ! એ અશુદ્ધ ઉપયોગથી કેવળજ્ઞાન ન થાય. અશુદ્ધ ઉપયોગથી તો બંધન થાય. આહાહા !

'**શુદ્ધોપયોગના સામર્થ્યથી જેનાં ઘાતિકર્મો ક્ષય પામ્યાં છે.**' ઘાતિકર્મો ક્ષય પામ્યાં છે માટે કેવળજ્ઞાન થયું છે એમ ન લેતાં - આ બાજુમાં ભગવાન આત્મા દ્રવ્યે-ગુણે શુદ્ધ છે. તેના તરફનો શુદ્ધ ઉપયોગનો વેપાર કરતાં (ઘાતિકર્મો ક્ષય પામ્યાં છે). આહાહા ! એ '**શુદ્ધોપયોગના સામર્થ્યથી જેનાં ઘાતિકર્મો ક્ષય પામ્યાં છે.**' એ નિમિત્તથી કથન છે. બાકી સામર્થ્યથી તો કેવળજ્ઞાન થયું છે. એ પણ અપેક્ષિત કથન છે. શુદ્ધ ઉપયોગના સામર્થ્યથી (કેવળજ્ઞાન) થયું. એ પણ પૂર્વની શુદ્ધઉપયોગ(રૂપ) પર્યાય હતી. માટે પછી (પૂર્ણ પર્યાય) થઈ એ પણ અપેક્ષિત (કથન) છે. બાકી કેવળજ્ઞાનની પર્યાય પોતાથી વર્તમાન(માં) સ્વતંત્ર પરિણમન થઈ ને થઈ છે. હવે આટલા ભેદ ! આહાહા ! પણ અહીંયા સમજાવવું છે ને ! (એટલે એમ કહ્યું).

'**શુદ્ધોપયોગના સામર્થ્યથી જેના ઘાતિકર્મો ક્ષય પામ્યા છે, ક્ષાયોપશમિક જ્ઞાન-દર્શન સાથે અસંપૃક્ત (સંપર્ક વિનાનો) હોવાથી...**' અલ્પ જ્ઞાનમાં સંપર્કના સંબંધ વિનાનો હોવાથી આહાહા ! છે ? '**જે અતીન્દ્રિય થયો છે.**' ભગવાન આત્માનો પર્યાય અતીન્દ્રિય થયો છે. આહાહા ! '**સમસ્ત અંતરાયનો ક્ષય થયો હોવાથી અનંત જેનું ઉત્તમ વીર્ય છે,**' છે ને ? અનંત વીર્ય ! આહાહા ! શુદ્ધ ઉપયોગના સામર્થ્યથી સમસ્ત અંતરાયનો ક્ષય થયો હોવાથી આહાહા ! '**(સમસ્ત) અંતરાયનો ક્ષય થયો હોવાથી અનંત જેનું ઉત્તમવીર્ય છે,...**' અનંત...અનંત... પૂર્ણ આનંદ જ્ઞાન આદિ પર્યાયને રચે, એવું અનંત વીર્ય પ્રગટ થયું છે. આહાહા !

વળી, '**સમસ્ત જ્ઞાનાવરણી અને દર્શનાવરણનો પ્રલય થયો હોવાથી....**' ચાર (ઘાતિ) કર્મ લેવા છે ને ! એટલે પ્રક્ષીણઘાતી કર્મોનો નાશ થવાથી, એમ (કહ્યું). (અને) પહેલું કહ્યું, ને ક્ષાયોપશમિક જ્ઞાનનો અભાવ થવાથી અતીન્દ્રિય થયો છે. હવે (કહે છે), સમસ્ત અંતરાયનો ક્ષય થયો હોવાથી અનંત વીર્ય પ્રગટ્યું છે. હવે તે જ (કહેશે). અધિક તે જો (એટલે) - અધિક પ્રકાશ (પ્રગટ થયો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે). આહાહા ! **'સમસ્ત જ્ઞાનાવરણ અને દર્શનાવરણનો પ્રલય થયો હોવાથી...'** (અર્થાત્) નાશ થયો હોવાથી. પ્ર=વિશેષ લય = નાશ થયો હોવાથી. **'અધિક જેનું કેવળજ્ઞાન અને કેવળદર્શન નામનું તેજ છે.'** આહાહા ! 'એવો આ (સ્વયંભૂ)...' એવો જે ભગવાન આત્મા સ્વયં પોતે જ કેવળજ્ઞાન કેવળદર્શનપણે (અને) અતીન્દ્રિયપણે પરિણમ્યો છે. આહાહા ! અનંત અનંત વીર્યપણે સ્વયં પોતે પોતાથી પરિણમ્યો છે. આહાહા !

(કોઈકને તો) હજી સમયસાર નીરસ લાગે (છે). અરરર..! અરે પ્રભુ ! વિષયાનંદમાં બ્રહ્માનંદ માને એ . અરરર...! ગજબ વાત છે. ! શું થાય ? પ્રભુ ! અરે...! અત્યારે એની પર્યાયનો એ કાળ અજ્ઞાનથી છે. અરે...! એને દુઃખ થશે. આવો જ્યાં મિથ્યા અભ્યાસે છે ત્યાં (દુઃખ થશે). અરે...! કાંઈ પ્રાણી દુઃખી થાય એનો કાંઈ તિરસ્કાર થાય ? (એની તો) કરુણા થાય. આહાહા ! શ્રીમદ્દે કહ્યું છે ને ! **'કોઈ ક્રિયા જડ થઈ રહ્યાં, શુષ્ક જ્ઞાનમાં કોઈ, માને મારગ મોક્ષનો કરૂણા ઉપજે જોઈ.'** અરેરે...! શું કરે છે ? પ્રભુ ! દુનિયાને ઠગે છે. પણ તું ઠગાઈ જઈશ, પ્રભુ ! આહાહા ! (તું તને) પર્યાયે પર્યાયે ઠગે છે, બાપા ! ભાઈ ! આહાહા !

(અહીંયા કહે છે કે) **'એવો આ (સ્વયંભૂ) આત્મા, સમસ્ત મોહનીયના અભાવને લીધે અત્યારે નિર્વિકાર શુદ્ધ ચૈતન્ય સ્વભાવવાળા આત્માને...'** આહાહા ! સમસ્ત મોહનીના અભાવને લીધે. (કહ્યું એમાં) દર્શન (મોહનીય અને) ચારિત્ર(મોહનીય) બન્ને (આવી જાય છે). **'અનંત નિર્વિકાર શુદ્ધ ચૈતન્ય સ્વભાવ...'** (એટલે કે) જેવા નિર્વિકારી શુદ્ધ ચૈતન્ય સ્વભાવ સ્વભાવરૂપે છે, એવો જે પર્યાયરૂપે અત્યંત નિર્વિકારી શુદ્ધ સ્વભાવપણે પરિણમી ગયો. આહાહા !

**'અત્યંત નિર્વિકાર શુદ્ધ ચૈતન્ય જેનો સ્વભાવ છે એવા આત્માને અનુભવતો થકો...'** આહાહા ! અનંત જ્ઞાનનું તેજ છે, અનંત દર્શનનું તેજ છે; અનંત વીર્યનું સામર્થ્ય છે અને મોહના અભાવે શુદ્ધ ચૈતન્ય (જેનો) સ્વભાવ (છે). એવા આત્માને અનુભવતો થકો. **'સ્વયંમેવ (પોતે જ) સ્વપર પ્રકાશતા લક્ષણ...'** (સ્વયમેવ એટલે) પોતાને જ કારણે. **'સ્વપર પ્રકાશકતા લક્ષણ જ્ઞાન અને અનાકૂળતા લક્ષણ સુખ થઈને...'** આહાહા ! સ્વ-પર પ્રકાશકતા લક્ષણ જ્ઞાન છે. એવો પોતે સ્વપર પ્રકાશકતા જ્ઞાન (પણે) પરિણમતો અને અનાકુળ સુખ - આનંદપણે અનાકુળતા લક્ષણ આનંદ (છે). અતીન્દ્રિય આનંદ (છે). આહાહા ! એવા સુખ(રૂપ) થઈને પરિણમે છે. **'આ રીતે આત્માનો, જ્ઞાન અને આનંદ સ્વભાવ જ છે.'** આહાહા ! આ રીતે આત્માનો પર્યાયમાં જ્ઞાન ને આનંદ સ્વભાવ જ છે. **'અને સ્વભાવ તો પરથી અનપેક્ષ હોવાથી.'** (એટલે) સ્વભાવ છે તેને પરની અપેક્ષા - ઈન્દ્રિયોની અપેક્ષા છે જ નહિ. આહાહા ! અનપેક્ષ = સ્વતંત્ર, ઉદાસીન, અપેક્ષા વિનાનો. **'ઈન્દ્રિયો વિના પણ આત્માને જ્ઞાન અને આનંદ હોય છે.'** ઈન્દ્રિયો વિના પણ (આત્માને અનુભવ છે). અત્યારે પણ ઈન્દ્રિય છે માટે જ્ઞાન (થતું) નથી. ફકત ઈન્દ્રિય તો નિમિત્ત છે પણ નિમિત્તને આશ્રયે થાય છે. તે ઈન્દ્રિય જ્ઞાન છે અને ત્યાં (સિદ્ધ દશામાં) તો પૂર્ણ અનઈન્દ્રિય જ્ઞાન થઈ ગયું. આહાહા ! એવા અનઈન્દ્રિય જ્ઞાન ને આનંદને અનુભવતા (આત્માને) આહાહા ! **'ઈન્દ્રિયો વિના પણ આત્માને જ્ઞાન અને આનંદ હોય છે.'** એમ સિદ્ધ કરવું છે.

**'ભાવાર્થ :- આત્માને જ્ઞાન અને સુખરૂપે પરિણવામાં....'** ભગવાન આત્માને કેવળજ્ઞાનરૂપે થવામાં અને અતીન્દ્રિય આનંદ રૂપે પરિણમવામાં - થવામાં, 'ઈન્દ્રિયાદિ પર નિમિત્તોની જરૂર નથી.' આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथातीन्द्रियत्वादेव शुद्धात्मनः शारीरं सुखदुःखं नास्तीति विभावयति -

**सोक्खं वा पुण दुक्खं केवलणाणिस्स णत्थि देहगदं।**
**जम्हा अदिंदियत्तं जादं तम्हा दु तं णेयं ।।२०।।**
**सौख्यं वा पुनर्दुःखं केवलज्ञानिनो नास्ति देहगतम्।**
**यस्मादतीन्द्रियत्वं जातं तस्मात्तु तज्ज्ञेयम्।।२०।।**

यत एव शुद्धात्मनो जातवेदस इव कालायसगोलोत्कूलितपुद्गलाशेषविलासकल्पो नास्तीन्द्रियग्रामस्तत एव घोरघनघाताभिघातपरम्परास्थानीयं शरीरगतं सुखदुःखं न स्यात्।।२०।।

---

अथातीन्द्रियत्वादेव केवलिनः शरीराधारोद्भूतं भोजनादिसुखं क्षुधादिदुःखं च नास्तीति विचारयति - **सोक्खं वा पुण दुक्खं केवलणाणिस्स णत्थि** सुखं वा पुर्नदुःखं वा केवलज्ञानिनो नास्ति। कथंभूतम्। **देहगदं** देहगतं देहाधारिजिह्वेन्द्रियादिसमुत्पन्नं कवलाहारादिसुखम्, असातोदयजनितं क्षुधादिदुःखं च। कस्मान्नास्ति। **जम्हा अदिंदियत्तं जादं** यस्मान्मोहादिघातिकर्माभावे पञ्चेन्द्रियविषयव्यापाररहितत्वं जातम्। **तम्हा दु तं णेयं** तस्मादतीन्द्रियत्वाद्धेतोरतीन्द्रियमेव तज्ज्ञानं सुखं च ज्ञेयमिति। तद्यथा - लोहपिण्डसंसर्गाभावादग्निर्यथा घनघातपिट्टनं न लभते तथायमात्मापि लोहपिण्डस्थानीयेन्द्रियग्रामाभावात् सांसारिकसुखदुःखं नानुभवतीत्यर्थः। कश्चिदाह - केवलिनां भुक्तिरस्ति, औदारिकशरीरसद्भावात्। असद्वेद्यकर्मोदयसद्भावाद्वा। अस्मदादिवत्। परिहारमाह - तद्भगवतः शरीरमौदारिकं न भवति किंतु परमौदारिकम्। तथा चोक्तं - ``शुद्धस्फटिकसंकाशं तेजोमूर्तिमयं वपुः। जायते क्षीणदोषस्य सप्तधातुविवर्जितम्''।। यच्चोमक्तसद्वेद्योदयसद्भावात्तत्र परिहारमाह - यथा व्रीह्यादिबीजं जलसहकारिकारणसहितमङ्कुरादिकार्यं जनयति तथैवासद्वेद्यकर्म मोहनीयसहकारिकारणसहितं क्षुधादिकार्यमुत्पादयति। कस्मात्। `मोहस्स बलेन घाददे जीवं' इति वचनात्। यदि पुनर्मोहाभावेऽपि क्षुधादिपरीषहं जनयति तर्हि वधरोगादिपरीषहमपि जनयतु, न च

---

‘**સ્વયંભૂ (છે)**’ - પોતાથી જ અનંત જ્ઞાન અને આનંદપણે ભગવાન - સિદ્ધ પરિણમ્યા છે. આહાહા ! ‘**કારણકે સ્વપરનું પ્રકાશકપણું જેનું લક્ષણ છે.**’ એ તો જ્ઞાનનું લક્ષણ છે. એવું જે ‘**સ્વરૂપ છે એવું જ્ઞાન...**’ સ્વપરનું જાણવું જેનું લક્ષણ એટલે સ્વરૂપ (છે). એનું જે જ્ઞાન. ‘**અને અનાકુળપણું જેનું લક્ષણ છે એવું સુખ આત્માનો સ્વભાવ જ છે.**’ આહાહા ! (આત્મા કહેતાં) પર્યાયનો હોં ! આહાહા !

ત્રિકાળ અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનથી તો ભરેલો ભગવાન છે જ. પણ અહીંયા તો શુદ્ધ ઉપયોગના બળથી જે કહેવું છે ને ! (એ) પર્યાય (છે). એ પર્યાયમાં પણ એ તો આત્માનો સ્વભાવ છે. (અર્થાત્) અનંત જ્ઞાનપણું થવું અને અનંત આનંદપણે થવું એ તો આત્માનો સ્વભાવ છે. એનો કોઈ ઈન્દ્રિયોની કે મનની અપેક્ષા નથી. આહાહા ! એ ૧૯ (ગાથા પૂરી) થઈ.

હવે આ તકરારી વિષય છે. શ્વેતાંબર કહે છે ને ! કેવળીને ક્ષુધા હોય એથી આહાર લ્યે. ભગવતી સૂત્રમાં પાઠણાં આવે છે ને ! ભગવાન મહાવીરને રોગ થયો. એથી એક મુનિ રોવા માંડ્યાં. સિંહમુનિ હતા એ જંગલમાં રોવા માંડ્યાં. અરેરે...! ભગવાનનો હવે દેહ છૂટી જશે. (એટલે) ભગવાને એને બોલાવ્યા. (અને કહ્યું) ‘હે સિંહ હજી મારે તો ઘણાં વરસ રહેવું છે અને મને આ રોગ થયો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


तथा। तदपि कस्मात्। 'भुक्तयुपसर्गाभावात्' इति वचनात्। अन्यदपि दूषणमस्ति। यदि क्षुधाबाधास्ति तर्हि क्षुधाक्षीणशक्तेरनन्तवीर्यं नास्ति। तथैव क्षुधादुःखितस्यानन्तसुखमपि नास्ति। जिह्वेन्द्रियपरिच्छित्तिरूपमतिज्ञानपरिणतस्य केवलज्ञानमपि न संभवति। अथवा अन्यदपि कारणमस्ति। असद्वेद्योदयापेक्षया सद्वेद्योदयोऽनन्तगुणोऽस्ति। ततः कारणात् शर्कराराशिमध्ये निम्बकणिकावदसद्वेद्योदयो विद्यमानोऽपि न ज्ञायते। तथैवान्यदपि बाधकमस्ति - यथा प्रमत्तसंयतादितपोधनानां वेदोदये विद्यमानेऽपि मन्दमोहोदयत्वादखण्डब्रह्मचारिणां स्त्रीपरीषहबाधा नास्ति, यथैव च नवग्रैवेयकाद्यहमिन्द्रदेवानां वेदोदये विद्यमानेऽपि मन्दमोहोदयेन स्त्रीविषयबाधा नास्ति, तथा भगवत्यसद्वेद्योदये विद्यमानेऽपि निरवशेषमोहाभावात् क्षुधाबाधा नास्ति। यदि पुनरुच्यते भवद्भिः मिथ्यादृष्टयादिसयोगकेवलिपर्यन्तास्त्रयोदशगुणस्थानवर्तिनो जीवा आहारका भवन्तीत्याहारकमार्गणायामागमे भणितमास्ते, ततः कारणात् केवलिनामाहारोऽस्तीति। तदप्ययुक्तम्। ``णोकम्म-कम्महारो कवलाहारो य लेप्पमाहारो। ओजमणो वि य कमसो आहारो छव्विहो णेयो''।। इति गाथाकथितक्रमेण यद्यपि षट्प्रकार आहारो भवति तथापि नोकर्माहारापेक्षया केवलिनामाहारकत्वमवबोद्धव्यम्। न च कवलाहारापेक्षया। तथाहि - सूक्ष्माः सुरसाः सुगन्धा अन्यमनुजानामसंभविनः कवलाहारं विनापि किञ्चिदूनपूर्वकोटिपर्यन्तं शरीरस्थितिहेतवः सप्तधातुरहितपरमौदारिकशरीरनोकर्माहारयोग्या लाभान्तरायकर्मनिरवशेषक्षयात् प्रतिक्षणं

---

છે તો રેવતીને ત્યાં જા ! એણે મારે માટે બનાવેલ ખોરાક લઈશ નહિ પણ એના ઘોડા માટે બનાવ્યો છે એ ખોરાક લાવજે.' એ બધી વાતો કલ્પિત છે. અરે..! શું થાય ? શ્વેતાંબરની બધી કથન શૈલી આવી છે. આહાહા ! એનો અહીંયા નિષેધ કરે છે.

**'હવે અતીન્દ્રિયપણાને લીધે જ શુદ્ધ આત્માને (કેવળી ભગવાનને) શારીરિક સુખદુઃખ નથી.'** એને શરીરમાં અશાતાના ઉદયથી રોગ નથી. તેમ આહાર મળવાથી એને સુખ થાય, એ પણ નથી. આહાહા ! ભગવતીસૂત્રનું ૧૫મું અધ્યયન છે. એમાં એ બધી વાત છે. ભગવાનને રોગ થયો, ત્યાં બધાં રોયાં, ભગવાને બોલાવ્યા (અને કહ્યું) જાઓ આહાર લેવા જાઓ ! આહાર લાવ્યા, આહાર કર્યો, શરીર નીરોગ થઈ ગયું, બધાં દેવ-દેવીઓ-મનુષ્યો સંતુષ્ટ થઈ ગયાં ! અરેરે...! એવું ભગવાનને હોય નહિ. અત્યારે શ્વેતાંબર લોકોને આકરું પડે. આ ટીકામાં બહુ વાત (આવી) છે. આ ૨૦મી ગાથાની ટીકામાં ઘણું લખ્યું છે. કવળા આહાર એને હોય નહિ. ત્યારે (કોઈ કહે) એને આહાર લખ્યો છે ને ! શાસ્ત્રમાં કેવળીને આહાર (હોય એમ) લખ્યું છે ને ! આહારના છ પ્રકાર છે. કર્મ આહાર, નોકર્મ આહાર, (ઈત્યાદિ આવે છે). એ નોકર્મના જે પરમાણુ છે એ આવે છે. (તેને નોકર્મ આહાર કહે છે). આ કવળાહાર નથી અરે...! ભગવાન ! અનંત આનંદના નાથ એને વળી કવળાહાર કેવો ? એ ભગવતીસૂત્રમાં પાઠ છે અને તેમાં પણ ટીકામાં ત્યાં સુધી પાઠ છે. (કે) કુકડાનું માંસ (ખાધું) મીંદડીએ કુકડો મારી નાખ્યો (હતો) એનું માંસ લાવ્યાં હતાં. અહીંયા એક ભાઈ આવ્યાં હતાં (એને) પૂછ્યું હતું. 'આશું છે લખાણ ?' (એમણે કહ્યું) કે 'પૂર્વાચારનો મત છે.' ટીકામાં છે. પૂર્વાચારનો મત છે. ભગવાનને પણ (માંસનો આહાર હતો). અરરર...! ગજબ વાત છે ! એવો ટીકામાં પાઠ છે. ૧૭વાર તો શ્વેતાંબર ભગવતીસૂત્ર વાંચ્યું હતું. આહાહા ! (ટીકામાં એમ લખ્યું છે કે) મૂળ અર્થ લેવો. વૃદ્ધ આચાર્યનો એવો મત છે કે મૂળ અર્થ માંસ છે - એ લેવો. એવું લખ્યું છે. નીચે અર્થ છે. અહીંયા આપણે ભગવતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

पुद्गला आस्रवन्तीति नवकेवलिलब्धिव्याख्यानकाले भणितं तिष्ठति। ततो ज्ञायते नोकर्माहारापेक्षया केवलिनामाहारकत्वम्। अथ मतम् - भवदीयकल्पनया आहारानाहारकत्वं नोकर्माहारापेक्षया, न च कवलाहारापेक्षया चेति कथं ज्ञायते। नैवम्। ``एकं द्वौ त्रीन् वानाहारकः'' इति तत्त्वार्थे कथितमास्ते। अस्य सूत्रस्यार्थः कथ्यते - भवान्तरगमनकाले विग्रहगतौ शरीराभावे सति नूतनशरीरधार्णार्थं त्रयाणां शरीराणां षण्णां पर्याप्तीनां योग्यपुद्गलपिण्डग्रहणं नोकर्माहार उच्यते। स च विग्रहगतौ कर्माहारे विद्यमानेऽप्येकद्वित्रिसमयपर्यन्तं नास्ति। ततो नोकर्माहारापेक्षयाऽऽहारानाहार-कत्वमागमे ज्ञायते। यदि पुनः कवलाहारापेक्षया तर्हि भोजनकालं विहाय सर्वदैवानाहारक एव, समयत्रयनियमो न घटते। अथ मतम् - केवलिनां कवलाहारोऽस्ति मनुष्यत्वात् वर्तमानमनुष्यवत्। तदप्ययुक्तम्। तर्हि पूर्वकालपुरुषाणां सर्वज्ञत्वं नास्ति, रामरावणादिपुरुषाणां च विशेषसामर्थ्यं नास्ति वर्तमानमनुष्यवत्। न च तथा। किंच छद्मस्थतपोधना अपि सप्तधातुरहितपरमौदारिकशरीराभावे `छट्ठो त्ति पढमसण्णा' इति वचनात् प्रमत्तसंयतषष्ठगुणस्थानवर्तिनो यद्यप्याहारं गृह्णन्ति तथापि ज्ञानसंयमध्यानसिद्ध्यर्थं, न च देहममत्वार्थम्। उक्तं च - ``कायस्थित्यर्थमाहारः कायो ज्ञानार्थमिष्यते। ज्ञानं कर्मविनाशाय तन्नाशे परमं सुखम्''।। ``ण बलाउसाहणट्ठं ण सरीरस्स य चयट्ठ तेजट्ठं। णाणट्ठ संजमट्ठं झाणट्ठं चेव भुंजंति''।। तस्य भगवतो ज्ञानसंयमध्यानादिगुणाः स्वभावेनैव तिष्ठन्ति न चाहारबलेन। यदि पुनर्देहममत्वेनाहारं गृह्णाति तर्हि छद्मस्थेभ्योऽप्यसौ हीनः प्राप्नोति। अथोच्यते - तस्यातिशयविशेषात्प्रकटा भुक्तिर्नास्ति प्रच्छन्ना विद्यते। तर्हि परमौदारिकशरीरत्वाद्भुक्तिरेव नास्त्ययमेवातिशयः किं न भवति। तत्र तु प्रच्छन्नभुक्तौ मायास्थानं दैन्यवृत्तिः, अन्येऽपि पिण्डशुद्धिकथिता दोषा बहवो भवन्ति। ते चान्यत्र तर्कशास्त्रे ज्ञातव्याः। अत्र चाध्यात्मग्रन्थत्वान्नोच्यन्त इति। अयमत्र भावार्थः- इदं वस्तुस्वरूपमेव ज्ञातव्यमत्राग्रहो न कर्तव्यः। कस्मात्। दुराग्रहे सति रागद्वेषोत्पत्तिर्भवति ततश्च निर्विकारचिदानन्दैकस्वभावपरमात्मभावनाविघातो भवतीति।।२०।।

---

સૂત્ર છે નીચે અર્થમાં (લખ્યું) છે. (આગળ) વધી ગયા, બહુ આઘા ચાલ્યા ગયા. માર્ગ ફેરવી નાખ્યો ! માંસ તો સમકિત દ્રષ્ટિને ન હોય. આહાહા ! અરે...!

પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં તો એવી ગાથા લીધી છે. કે, સાધારણ પ્રાણી જેને માંસ, દારુ આદિ આઠ વ્યસનનો ત્યાગ નહોય (તો) એ સાંભળવાને લાયક નથી. ૭૪ ગાથા છે. માછલીમાં તેલ ને એ આવે છે ને ! આહાહા ! અત્યારે તો છોકરાઓને છૂટ આપે છે. જાઓ ઈંડાનું તેલ લ્યો ! તમને આરામ થાશે ! અહીંયા તો કહે છે કે જેને એવા માંસ, દારુ આદિનો ત્યાગ નથી. એ તો જૈન ધર્મને સાંભળવાને લાયક નથી. આહાહા ! એવી વાત છે. એને ઠેકાણે કેવળીને માંસનો (આહાર) સિદ્ધ કરવો ! પ્રભુ ! અરેરે...! કાળ બદલાઈ ગયો ! આહાહા ! છે ?

**'सोक्खं वा पुण दुक्खं केवलणाणिस्स णत्थि देहगदं।**
**जम्हा अदिंदियत्तं जादं तम्हा दु तं णेयं ।।२०।।'**

**'કંઈ દેહગત નથી સુખ કે નથી દુઃખ કેવળજ્ઞાનીને,**
**જેથી અતીંદ્રિયતા થઈ તે કારણે એ જાણજે. ૨૦.'**

આહાહા ! ટીકામાં જયસેન આચાર્યે ખૂબ લીધું છે. ખૂબ લીધું છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે અતીન્દ્રિયપણાને લીધે શુદ્ધ આત્માને (કેવળીભગવાનને) શારીરિક સુખ-દુઃખ નથી એમ વ્યક્ત કરે છે :-

**કંઈ દેહગત નથી સુખ કે નથી દુઃખ કેવળજ્ઞાનીને,**
**જેથી અતીંદ્રિયતા થઈ તે કારણે એ જાણજે. ૨૦.**

**અન્વયાર્થ :- [केवलज्ञानिनः]** કેવળજ્ઞાનીને **[देहगतं]** શરીર સંબંધી **[सौख्यं]** સુખ **[वा पुनः दुःखं]** કે દુઃખ **[नास्ति]** નથી. **[यस्मात् ]** કારણ કે **[अतीन्द्रियत्वं जातं ]** અતીન્દ્રિયપણું થયું છે **[तस्मात् तु तत् ज्ञेयम् ]** તેથી એમ જાણવું.

**ટીકા :-** જેમ અગ્નિને લોખંડના ગોળાના તપ્ત પુદ્ગલોનો સમસ્ત વિલાસ નથી (અર્થાત્ અગ્નિ તે લોખંડના ગોળાના પુદ્ગલોના વિલાસથી - તેમની ક્રિયાથી - ભિન્ન છે) તેમ શુદ્ધ આત્માને (અર્થાત્ કેવળજ્ઞાની ભગવાનને) ઇંદ્રિયસમૂહ નથી; તેથી જ જેમ અગ્નિને ઘોર ઘણના ઘાના મારની પરંપરા નથી (અર્થાત્ લોખંડના ગોળાના સંસર્ગનો અભાવ થતાં ઘણના ભયંકર ઉપરાછાપરી ઘાનો માર અગ્નિને પડતો નથી) તેમ શુદ્ધ આત્માને શરીરસંબંધી સુખદુઃખ નથી.

**ભાવાર્થ :-** કેવળી ભગવાનને શરીરસંબંધી ક્ષુધાદિદુઃખ કે ભોજનાદિસુખ હોતું નથી તેથી તેમને કવલાહાર હોતો નથી. ૨૦

---

'**ટીકા :- જેમ અગ્નિને લોખંડના ગોળાના તપ્ત પુદ્ગલોનો સમસ્ત વિલાસ નથી.**' (અર્થાત્) છૂટી અગ્નિને લોખંડનો ગોળાના તપ્ત પુદ્ગલોનો સમસ્ત વિલાસ નથી. '**(અર્થાત્) અગ્નિ તે લોખંડના ગોળાના પુદ્ગલોના વિલાસથી - તેમની ક્રિયાથી - ભિન્ન છે.**' અગ્નિ તદ્દ્ન ભિન્ન છે. આહાહા ! '**તેમ શુદ્ધ આત્માને (અર્થાત્) કેવળજ્ઞાની ભગવાનને) ઈન્દ્રિયસમૂહ નથી.**' આહાહા ! '**તેથી જ જેમ અગ્નિને ઘોર ઘણના ઘાના મારની પરંપરા નથી.**' આહાહા !

(એટલે કે) અગ્નિ છૂટી હોય એને ઘણના ઘા પડે ? (ન પડે). જો અગ્નિ લોઢામાં જાય તો ઘણ પડે. આહાહા ! આ ગાડાનાં પૈડાં કરે છે ને ! બહુ ઊનાં કરે ગાડાના પૈડાં લાલ (થઈ જાય). પછી ટીપે. એમ અગ્નિ લોઢામાં ગરી (પ્રવેશે) તો એને ઘણ પડે પણ એકલી અગ્નિ જુદી હોય એને ઘણ મારે ? આહાહા ! આહાહા !

એમ જેને ઈન્દ્રિયસમૂહ નથી, આહાહા ! '**(કેવળજ્ઞાની ભગવાનને) ઈન્દ્રિય સમૂહ નથી; તેથી જ જેમ અગ્નિને ઘોર ઘણનાં ઘાના મારની પરંપરા નથી.**' ઘોર ઘણના (ઘા) એક પછી એક પડે ને ! આહાહા !

અમારે ત્યાં પાલેજની દુકાનની પાછળ એક સુતાર હતો. એ વોરાનો સુતાર હતો. એ આવું બધું કરતો અને એ કરે ત્યારે અમે અંદર જોવા જતાં. અગ્નિ જો લોઢામાં ગઈ તો ઘોર ઘણના ઘા (પડે છે). (પણ જે) અગ્નિ જુદી છે એને મારની પરંપરા નથી. '**લોખંડના ગોળાના સંસર્ગનો અભાવ થતાં...**' એટલે કે, અગ્નિ લોખંડના ગોળામાં નહિ જતાં. '**ઘણના ભયંકર ઉપરાછાપરી ઘાનો માર અગ્નિને પડતો નથી.**' આહાહા ! '**તેમ શુદ્ધ આત્માને શરીરસંબંધી સુખદુઃખ નથી.**' આહાહા ! ભગવાનને શરીરમાં રોગ થાય (એ વાત જ કલ્પિત છે). પરમ ઔદારિક શરીર હોય એને રોગ હોય નહિ. આહાહા ! જો કે તીર્થંકર તો ત્યારથી (એમને) પરમ ઔદારિક શરીર હોય. આહાહા ! તીર્થંકર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જે છે એમને તો જન્મથી પરમ ઔદારિક શરીર (હોય છે). એને રોગ હોય નહિ. ક્ષુધા- આહાર હોય પણ એમને દુઃખ ન હોય, આહાહા ! આહાર લ્યે, પાણી લ્યે પણ એમને (એનું) કાંઈ સુખ દુઃખ નથી. પણ એને પહેલેથી રોગ નથી એમ કહેવું છે. એના શરીરમાં રોગ આવે, તાવ આવે. (એવું હોય નહિ). આહાહા ! એવું તો પરમ ઔદારિક શરીર છે ! અને કેવળી થાય ત્યારે તો પરમ ઔદારિક (શરીર થઈ જાય). બીજા અજ્ઞાની મનુષ્ય સાધારણ હોય અને કેવળ(જ્ઞાન) થાય તોપણ એનું શરીર પરમ ઔદારિક થઈ જાય. એ વાત શ્વેતાંબરમાં નથી. આહાહા ! આવી વાત છે.

યશોવિજયજી એ એના એક લખાણમાં લખ્યું છે કે, કેવળીને આહાર છે એ નક્કી કરજે. સંશય ન કરીશ કે કેવળીને આહાર હોય કે ન હોય. આહાહા ! યશોવિજયજીના ગ્રંથમાં છે. છેલ્લે (આવે) છે. એમ (લખ્યું છે કે) કેવળીને આહાર હોય કે ન હોય એવો સંદેહ ન કરીશ. કેવળીને આહાર હોય જ. આહાહા !

મુમુક્ષુ :- ક્ષુધા પરિષહ કહ્યો તો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એમાં ક્ષુધા પરિષહ કીધો છે - આમાં લખ્યો છે. એ પરિષહ છે પણ એ તો ક્યાં ? અંશ માત્ર અશાતાનો ઉદય છે. આખા દરિયાના પાણીમાં જેમ ચપટી રાખ હોય, (એના પ્રમાણમાં છે). એમ રાગ વ્યક્ત થાય એવો એનો અશાતાનો ઉદય હોય નહિ. જયસેન આચાર્યમાં જોયું ? આહાહા !

અહીં તો કહે છે, '**नवग्रैवेयकाद्यहमिन्द्रदेवानां वेदोदये विद्यमानेऽपिमन्दमोहोदयेन स्त्रीविषयबाधा**' - (અર્થાત્) ગ્રૈવયેકના દેવ અસંજમી (અસંયમી) છે, છતાં એને પુરુષનો વેદ (ઉદય) ઘણો મંદ છે. એને સ્ત્રી વિષયની બાધા નથી. આહાહા ! ગ્રૈવેયકને અસંયમી દેવને (સ્ત્રી વિષયની બાધા નથી). એ (જયસેનઆચાર્યદેવની) સંસ્કૃત ટીકામાં છે. સમજાણું ? આહાહા ! '**नवग्रैवयकाद्यहमिन्द्रदेवानां वेदोदये**' - (એટલે કે) એને (પુરુષ) વેદનોઉદય હોવા છતાં, '**विद्यमानेऽपिमन्दमोहोदयेन स्त्रीविषयबाधा, नास्ति, तथा भगवत्यसद्वेद्योदये विद्यमानेऽपि निरवशेष मोहाभावात् क्षुधाबाधा नास्ति।**' સંસ્કૃત ટીકા છે. તો બધું ઘણીવાર વંચાઈ ગયું છે. આહાહા ! ત્યારે કહે છે તેને આહાર કહ્યો છે ને ! '**आहारका भवन्तीत्याहारकमार्गणायामारगमे भणितामास्ते**' (અર્થાત્) આહાર કહ્યો છે ને ? '**ततः कारणात केवलिनामाहारऽस्तीति। तदप्ययुक्तम्। णोकम्म-कम्महारो कवलाहारो च लेप्पमाहारो। ओजमणो वि य कमसो आहारो छव्विहो णेयो।**' એમાં એને નોકર્મ આહાર હોય છે. '**न च कवलाहारापेक्षया**' - છે એમાં સંસ્કૃતમાં કવળનો આહાર હોય નહિ, ભાઈ ! આહાહા !

મોક્ષમાર્ગમાં કહ્યું હતું ને કે, આહાર આપણે લઈએ એમાં આમ પવન ખેંચવો પડે ત્યારે... ભગવાનને એ ક્યાં છે ? આહાહા ! બહુ ફેરફાર...! આહાર સંજ્ઞા છઠ્ઠા (ગુણસ્થાન) પછી નથી. છતાં નવમા (ગુણસ્થાન સુધી). વેદોદય હોય છે. છતાં તેને સ્ત્રીનો સંયોગ નથી. મંદ ઉદય છે. આહાહા ! તો ભગવાનને તો શાતાનો તીવ્ર ઉદય છે અને અશાતાનો ઉદય તો અનંતમાં ભાગે થોડો છે. આહાહા ! દરિયામાં અસંખ્ય યોજનના ઠંડા પાણીમાં જરી પાશેર ઉષ્ણ પાણી પડે એની ગણતરી શી ? આહાહા !

શ્વેતાંબરના ગ્રંથ - શાસ્ત્રો બધાં કલ્પિત કરેલાં છે. ભગવાનનાં કરેલાં નથી. અરે..! સમકિતિના કરેલાં નથી. લોકોને થોડું આકરું પડે ! સ્થાનકવાસી ને દેરાવાસીના બેયનાં શાસ્ત્રો (કલ્પિત છે). આ ૩૨ ઓલા ૪૫ માને (પણ) બેય કલ્પિત છે. આહાહા ! આમાં (જયસેનાચાર્યદેવની ટીકામાં)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ઘણું લખાણ છે.

અહીંયા કહે છે કે, અગ્નિને જેમ (ઘણના ઘા) નથી, '**તેમ શુદ્ધ આત્માને શરીર સંબંધી સુખદુઃખ નથી...**' (અર્થાત્) એને ક્ષુધાથી દુઃખ લાગે અને આહાર લઈને સુખ થાય, એવું (નથી). અરે..! સાતમા ગુણસ્થાનથી આહારનો વિકલ્પ જ નથી (તો કેવળજ્ઞાનીને આહારનો વિકલ્પ કેમ હોય) ? અને સાતમા ગુણસ્થાનથી વંદ્ય-વંદક ભાવ પણ નથી. (એટલે કે) 'હું ભગવાનને વંદન કરું ને હું વંદન કરનારો - એ તો છઠ્ઠા ગુણસ્થાન સુધી (હોય છે). એ આપણે પ્રવચનસાર પહેલી (ગાથામાં) આવી ગયું છે. હું કોણ (કે), સ્વસંવેદન કરનારો હું આત્મા ! જ્ઞાન દર્શન સંપન્ન (છું) ! તે હું ભગવાનને વંદન કરું (છું). તે તો વિકલ્પ છે. આહાહા ! એ વિકલ્પ પણ છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય. સાતમા (ગુણસ્થાન) પછી વંદ્ય-વંદકભાવ હોઈ શકે નહિ. આહાહા !

'**ભાવાર્થ :- કેવળી ભગવાનને શરીર સંબંધી ક્ષુધાદિ દુઃખ કે ભોજનાદિ સુખ હોતું નથી. તેથી તેમને કવલાહાર હોતો નથી.**' આહાહા ! (ઓલા તો એમ માને કે) ભગવાનને રોગ થયો ! લોહીખંડ ઝાડો (થયો). ભગવાનને લોહીખંડ લોહી પડ્યું. અરરર..! કેવી કલ્પના ! અરે...! (ભગવાનને) રોગ કેવા ! લોહીખંડ ઝાડો છ મહિના રહ્યો. એ બધી ખોટે ખોટી વાતું (છે) !

મલ્લીનાથને સ્ત્રી કરાવ્યાં. એ તદ્દન જૂઠી (વાત છે). તીર્થંકર કોઈ દિ' સ્ત્રી હોય નહિ. આહાહા ! સ્ત્રીને તીર્થંકરપણું કહેવું ! સ્ત્રીને મુક્તિ કહેવી ! સ્ત્રીને મુનિપણું આવે નહિ ને (તો મુક્તિ તો ક્યાંથી થાય ?) પાંચમું ગુણસ્થાન આવે. તે કોને ? કે, સમકિતિ હોય (એને). સંપ્રદાયના આગ્રહવાળા મિથ્યાદૃષ્ટિને તો સમકિત જ નથી. પણ જેને દિગંબર યથાર્થ સત્ સંપ્રદાય મળ્યો હોય અને એમાંથી આત્માની જેને શ્રદ્ધા થઈ હોય એને પછી પાંચમું (ગુણસ્થાન) આવે. પણ છઠ્ઠું ગુણસ્થાન એને (સમ્યક્દૃષ્ટિ સ્ત્રીને) આવે નહિ. સાધુ-સાધ્વીને છઠ્ઠું ગુણસ્થાન ત્રણકાળમાં છે નહિ. (આવું માનનારની) જૂઠી શ્રદ્ધા (છે) તદ્દન જૂઠો માર્ગ છે. આ તો માર્ગ બાપા ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો છે, ભાઈ ! બીજાને દુઃખ લાગે (પણ માર્ગ તો આ છે). આહાહા !

ભગવાન પરમાત્માને રોગ થાય અને સાધુ ને કહે કે, જા ! આહાર લઈ આવ અને એ આહાર જે લાવ્યા અને આહાર આપ્યો, એનો સંસાર પતીત થઈ ગયો ! એવું લખ્યું છે. એ ચર્ચા પણ ગોંડલમાં થઈ હતી. ભગવાનને આહાર હોય જ નહિ. એના ઠેકાણે (એમ કહે) રેવતી એ આહાર આપ્યો (અને એનો) સંસાર પતીત કર્યો. એટલે સંસારને ઘટાડી દીધો. આહાહા !


એવાં તો વિપાક(સૂત્ર)માં ૧૦ સૂત્ર છે. (આહાર આપનાર) મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની હતા પણ સાધુ સાચા હતાં. એ સાધુ આવ્યા અને એમણે આહારપાણી વોરાવ્યા. તેનું આખું વિપાક સૂત્ર બનાવ્યું છે. આહાર પાણી આપીને ૧૦મે વિપાકમાં પરીત સંસાર કર્યો. આખું વિપાક સૂત્ર જ કલ્પિત (છે). એ વાત સાચી નથી. સમજાણું કાંઈ ? આહાહા ! આવું છે.

ભગવાનને બે માતા-પિતા ત્રણકાળમાં હોય નહિ. એક બ્રાહ્મણ પિતા ને એક ક્ષત્રિય. સિદ્ધાર્થ પિતા ! બધી કલ્પિત વાતો ! શ્વેતાંબર શાસ્ત્રો અજ્ઞાનીએ કલ્પિત બનાવ્યાં છે. કેવળીના(કહેલા) નહિ - મુનિના નહિ - સમકિતનાં નહિ - અગ્રહિતમિથ્યાદૃષ્ટિના નહિ ! આવું છે, બાપુ !

(અહીં કહે છે) '**કેવળી ભગવાનને શરીર સંબંધી ક્ષુધાદિ દુઃખ કે ભોજનાદિ સુખ**' ભોજન, પાણી, આહાર, દવા એ સુખ '**હોતું નથી તેથી તેમને કવલાહાર હોતો નથી.**' વિશેષ કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com